- भारत के योजना आयोग ने ''राज्य में पर्यावरण नीतियों और कार्यक्रमों के कार्यान्वयन में सफल नमूने'' शीर्षक के अन्तर्गत, एक रिपोर्ट तैयार की है। गुजरात राज्य के लिए सह गर्व का विषय है कि पर्यावरण क्षेत्र में सबसे अधिक अच्छे घोषित किये गये १३ (तेरह) सफल मोडलों में से पाँच मोडल गुजरात राज्य के हैं।
- गुजरात प्रदूषण नियंत्रण बोर्ड द्वारा NIC के सहयोग से वेब बेइज़्ड सोफटवेर- एक्सजीएन (XGN) विकसित किया गया है। गुजरात प्रदूषण नियंत्रण बोर्ड को इस सोफटवेर के लिए राष्ट्रीय स्तर के कुल तीन पारितोषिक मिले हैं।
- बोर्ड द्वारा फोरेन्सिक सायन्स यूनिवर्सिटी के साथ संयुक्त रूप से एनवायरमेन्टल फोरेन्सिक सायन्स के क्षेत्र में अल्प तथा दीर्घकालीन पाठ्यक्रम शुरू किये गये है।
- पर्यावरण क्षेत्र में मानवबल निर्मित करने के लिए बोर्डने श्रम एवं रोज़गार विभाग के साथ समन्वय करके आइ.टी.आइ. स्तर के चार नये पाठ्यक्रम शुरु किये हैं।

***सूचना एवं प्रसारण***

गुजरात के नागरिक के सर्व समावेशक और सर्वांगीण विकास के लिए, राज्य सरकार ने अनेक योजनाएँ कार्यान्वित की हैं। इन योजनाओं / कार्यक्रमों की सूचना जनता तथा लाभार्थियों तक पहुँचाने की जिम्मेवारी भी मेरी सरकार द्वारा कारगर ढंग से ली जा रही है। लोक शिक्षा के लिए बढ़ते जा रहे सोशियल मीडिया के प्रभाव को ध्यान में लेकर मेरी सरकार द्वारा इन्टीग्रेटेड वेबसाईट का भी संचालन किया जा रहा है। प्रतिदिन अद्यतन की जा रही यह वेबसाइट द्वारा लोगों को सरकार की जानकारी सतत मिलती है। WAP वाली वेबसाईट द्वारा गुजरात के बारे में जानकारी अब मोबाईल फोन में भी पाई जा सकती है।

मुद्रित प्रकाशनों का भी एक कारगर माध्यम के रूप में उपयोग बढ़ाया जा रहा है। प्रति पखवारे में प्रसिद्ध हो रहे 'गुजरात' पाक्षिकने पाठकों में विशिष्ट पहचान तथा महत्त्व प्रस्थापित किया है। इस पाक्षिक की गुजरात बहार देश में तथा विदेशों में माँग रहेने पर '' ध गुजरात'' अंग्रेजी त्रैमासिक के स्वरूप में नियमित प्रकाशित किया जा रहा है।

***खेलकूद और सांस्कृतिक***

मेरी सरकार द्वारा खेल महाकुंभ आयोजन के कारण खिलाड़ियों को प्रोत्साहन देने के प्रयासों से खिलाड़ियोंने राष्ट्रीय और अन्तर्राष्ट्रीय क्षेत्र में उपलब्धि के नये शिखर हासिल

*क्रियाकलाप*

करने की शुरुआत की है, जैसा कि कु. लज्जा गोस्वामी तथा अंकिता रैनाने शुटींग और टेनीस में तथा नील कोन्ट्राकटर और माना पटेल ने तैराई में महत्त्वपूर्ण सिद्धियाँ हासिल की हैं। गुजरात के युवक और युवतियाँ खेलकूद क्षेत्र में सुव्यवस्थित कारकिर्दगी का निर्माण कर सकें इसके लिए स्थापित स्वर्णिम गुजरात स्पोर्टस यूनिवर्सिटी कार्यान्वित हुई है। स्वामी विवेकानंद की १५० (एक सौ पचास) वीं जन्म-जयंती मनाने के भागरूप १८००० (अठारह हज़ार) विवेकानंद युवक मंडलों तथा महिला मंडलों की स्थापना की गई है।

*न्याय व्यवस्था*

विचाराधीन अदालती मामलों के निबटारे के लिए विभिन्न ज़िलों में पूर्णकालीन २२ (बाईस) अतिरिकत ज़िला अदालतों की स्थापना की गई है।

अदालतों तथा निवासीय मकानों के लिए रु. ६०३ (छह सौ तीन) करोड़ की प्रशासनिक अनुमति दी गई है।

*आयोजन*

गुजरात राज्य की वर्ष २०१३-२०१४ की वार्षिक विकास योजना के लिए रु. ५९,००० (उनसठ हज़ार) करोड़ का प्रावधान किया गया है। इसमें पेयजल, स्वास्थ्य, प्राथमिक शिक्षा, आवास, पोषण और अनुसूचित जनजातियाँ, अनुसूचित जातियाँ और सामाजिक तथा आर्थिक दृष्टिसे पिछड़ी जातियाँ के विकास तथा महिला और बाल कल्याण वगैरह जैसी सामाजिक सेवाओं के शीर्ष में कुल प्रावधान के ४२ (बयालीस) प्रतिशत आबंटन किया गया है। पेयजल तथा किसानों के लिए सिंचाई का पानी मुहैया कराने के लिए सरदार सरोवर परियोजना के लिए रु. ९,००० (नौ हज़ार) करोड़ का प्रावधान रखा गया है। जो कुल प्रावधान का १५.२५ (पन्द्रह पॉइन्ट पच्चीस) प्रतिशत है। विकेन्द्रित ज़िला आयोजन के लिए रु. ६०९.७५ (छ सौ नौ पॉइन्ट पचहत्तर) तथा अपना तालुका वायब्रन्ट तालुका के लिए रु. ४०० (चार सौ) करोड़ से अधिक रकम की योजना समेत रु. १,०२९.७५ (एक हज़ार उनतीस पॉइन्ट पचहत्तर) करोड़ का प्रावधान किया गया है।

विविध क्षेत्रों में राज्य सरकार के कार्य की क़दरदानी पिछले वर्ष प्राप्त २६ (छब्बीस) एवार्ड सहित पिछले बारह वर्षों के दौरान कुल ३११ (तीन सौ ग्यारह) एवार्ड मिले हैं, जिनमें से माननीय प्रधान मंत्री की ओर से सात एवार्ड, भारत सरकार की ओर से ८२ (बयासी) एवार्ड तथा अन्तर्राष्ट्रीय संस्थाओं की ओर से २४ (चौबीस) एवार्ड मिले हैं।

*उपसंहार*

ज्ञान के प्रसार में दृढ विश्वास रखने वाली मेरी सरकार ने विविध क्षेत्रों में राष्ट्रीय एवं अन्तर्राष्ट्रीय शिविरो का आयोजन किया है। राष्ट्रीय शिक्षा समिट, २०१४, पशुधन और डेरी विकास पर अखिल भारत सम्मेलन, शहरी समिट, भारत में मेन्ग्रोव संरक्षण में अन्तर्राष्ट्रीय कार्यशाला, गुजरात वैश्विक कृषि समिट में राष्ट्रीय एवं अन्तर्राष्ट्रीय विशेषज्ञों ने बड़ी संख्या में भाग लेकर उनके ज्ञान एवं अनुसंधानों का लाभ देश की जनता को दिया है।

गुजरात के राज्यपाल के रूप में तेरहवीं गुजरात विधानसभा के सभी सम्माननीय सदस्यों को, इस सत्र के प्रारंभ में, इस सदन के ज़रिये संबोधन करने का मेरे लिए यह आनंद का अवसर है। आप सभी लोगों के प्रतिनिधियों ने तेरहवीं विधानसभा के सदन के सदस्य

के रूप में संसदीय लोकतन्त्र की परम्पराओं के अनुरूप कार्य किया है । भविष्य में भी गुजरात राज्य, विकास की अनेक नई सिद्धियाँ हासिल करके, समग्र देश और विश्व में ''सबका साथ सबका विकास'' मंत्र द्वारा पथदर्शक बने तथा विकास के पथ पर सारे देश को नेतृत्व देकर दिशानिर्देशन करे ऐसी अभिलाषा के साथ हार्दिक शुभकामनाएँ व्यक्त करती हूँ।

*जय जय गरवी गुजरात*
*जय हिंद*

---------

**માનનીય અધ્યક્ષ મહોદય તથા વિધાનસભાના માનનીય સદસ્યશ્રીઓ,**

તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રના મંગલ પ્રારંભે આપ સૌનું હૃદયપૂર્વક સ્વાગત કરૂં છું.

આપ સૌ સુવિદિત છો તેમ તા.૧૨/૧/૨૦૧૩થી આરંભાયેલી સ્વામી વિવેકાનંદના ૧૫૦મા જન્મ જયંતિ વર્ષની ઉજવણી તા.૧૧/૧/૨૦૧૪ના રોજ ભવ્ય રીતે પૂર્ણ કરવામાં આવી. મારી સરકારે આ ઉજવણી થકી ગુજરાતનું યુવાધન સ્વામી વિવેકાનંદના જીવનમાંથી પ્રેરણા લઇ સર્વાંગી વિકાસ પામે તેવા પ્રયાસો કર્યા છે. ભારતની વસ્તીના ૬૫ ટકા કરતાં પણ વધુ લોકો ૩૫ વર્ષથી નીચેની વયજુથના છે. ભારતને આ યુવાધનનો લાભ તો જ મળે જો આ વિપુલ યુવા શકિતને જ્ઞાન અને કૌશલ્યથી સજ્જ કરી દેશના વિકાસમાં રચનાત્મક અને ભાવાત્મક રીતે જોડી શકાય. તે માટે મારી સરકારે જ્ઞાન અને કૌશલ્ય નિર્માણની વિવિધ યોજનાઓ જેવી કે સ્કોપ, ઉમ્મીદ, કૌશલ્યવર્ધન કેન્દ્રો, મહિલા આઇ.ટી.આઇ. વિગેરે દ્વારા લાખો યુવાનોને તાલીમ બધ્ધ કર્યા છે. ૨ લાખ જેટલા યુવાનોને રોજગારી પ્રાપ્ત થઇ છે.

રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધી અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ આપણા રાજ્યે ભારતની સ્વાતંત્ર્ય ચળવળના આંદોલન દ્વારા દેશ અને અન્ય રાષ્ટ્રોને રાહ ચીંધ્યો છે. દેશની એકતા અને અખંડિતતા માટે શ્રી સરદાર સાહેબે કુશળતાપૂર્વક પ્રયાસો કર્યા હતા, તેથી તેઓનું નામ વિશ્વમાં લોહપુરૂષ તરીકે જાણીતું છે. તેઓની ૧૩૮મી જન્મજયંતિએ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા તરીકે સ્થાન પામનાર **'સ્ટેચ્યુ ઓફ યુનિટી'** નું ખાતમુહર્ત કરવામાં આવ્યું. આ પ્રતિમાની ઉંચાઇ કેવળ મીટર કે ફુટમાં નહીં, પરંતુ શૈક્ષણિક, ઐતિહાસિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક મૂલ્યોના સંદર્ભમાં પણ અધિક હશે. શ્રી સરદાર પટેલના ૬૩મા નિર્વાણદિને યોજાયેલા 'રન ફોર યુનિટી' કાર્યક્રમમાં ૧૧૦૦થી વધુ સ્થળોએ ૪૦ લાખથી વધુ લોકો દોડમાં જોડાયા, જે દેશની એકતા અને અખંડિતતાનો સંદેશો લઇ આખું હિન્દુસ્તાન દોડતું હોય તેવી શ્રેષ્ઠતમ અને ગૌરવપ્રદ ઘટના બની રહી. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' એ ઉકિતમાં દ્રઢ શ્રદ્ધા ધરાવનાર મારી સરકારે શ્રી સરદાર સાહેબના દેશની એકતા માટેના પ્રયાસોને જીવંત રાખવા પ્રયાસ કર્યો છે.

મારી સરકારે છેલ્લા એક દશકામાં વિકાસના વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર

કામગીરી બજાવી છે.

વર્ષ ૨૦૦૧–૦૨માં ₹ ૯,૦૦૦ કરોડનું ખેત ઉત્પાદન થતું હતું તે હવે ₹ ૧,૧૨,૦૦૦ કરોડનું થાય છે.

વર્ષ ૨૦૦૧–૦૨માં રાજયનું કુલ દુધ ઉત્પાદન ૫૮.૭૬ લાખ મેટ્રિક ટન હતું, જે હવે ૧૦૩.૧૫ લાખ મેટ્રિક ટન થાય છે.

વર્ષ ૨૦૦૦માં યુનિવર્સિટીઓની સંખ્યા પંદર હતી, જે હવે બાવન થઈ છે. સરકારી કોલેજો ૨૦ હતી તે હવે ૭૧ થઈ છે.

વર્ષ ૨૦૦૧–૦૨માં ₹ ૬,૭૩૨ કરોડની મહેસુલી ખાદ્યમાંથી રાજયને ₹ ૪,૬૦૨ કરોડની મહેસુલી પુરાંત સુધી લઈ જઈ શકાયું છે.

બાળ મૃત્યુ દર વર્ષ ૨૦૦૧માં ૬૦ હતો, જે ઘટીને ૩૮ થયો છે.

ધોરણ ૧ થી ૫ નો ડ્રોપઆઉટ રેટ વર્ષ ૨૦૦૧–૦૨માં ૨૦.૫૦ ટકાનો હતો, જે ઘટીને ૨.૦૭ ટકા થયો છે.

**વંચિતોનો વિકાસ**

- મારી સરકાર અનુસુચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગો પ્રત્યે સંવેદનશીલ છે અને તેઓના કલ્યાણ માટે કટિબધ્ધ છે, જે માટે વિવિધ યોજનાઓ ઘડવામાં આવી છે,

- **સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલઃ** પછાત વર્ગોના ઉચ્ચતર માધ્યમિક અને તેથી ઉપરની કક્ષાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે ₹ ૬૪૪ લાખના ખર્ચે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર ખાતે અતિ આધુનિક સરકારી છાત્રાલયોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે, જેમાં વોશીંગ મશીન, કોમ્પ્યુટર રૂમ, ઈન્ડોર સ્પોર્ટસ રૂમ, રીક્રીએશન રૂમ, પેન્ટ્રી વિગેરે સવલતો ઉપલબ્ધ હશે. રાજયના અન્ય સ્થળોએ પણ આવા છાત્રાલયો બાંધવામાં આવનાર છે, જે તમામ પૂર્ણ થયે કુલ ૧૩ હજાર વિદ્યાર્થીઓ અને ૧૩ હજાર વિદ્યાર્થીનીઓને સમાવી શકાશે.

- આ વર્ગોના કુલ ૨૨૨ વિદ્યાર્થીઓને નાણાકીય સહાયથી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે મોકલવામાં આવ્યા છે.

- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ–૯ માં ભણતી ૧,૮૫,૦૦૦ કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવામાં આવી છે.

- ૦ થી ૧૬ આંક સુધીના બીપીએલ કુટુંબોને આવાસની સુવિધા પુરી પાડવામાં આવી છે. ૧૭ થી ૨૦ આંક સુધીના બીપીએલ કુટુંબોને આવાસની સુવિધા પુરી પાડવાની શરૂઆત કરી છે.

- વનબંધુ કલ્યાણ યોજનાના પ્રથમ તબક્કામાં ₹ ૧૫૦૦૦ કરોડની જોગવાઇ સામે ₹ ૧૭૦૦૦ કરોડનો ખર્ચ થયો હતો, જેનાથી પ્રેરાઇને આ યોજનાના બીજા તબક્કામાં ₹ ૪૦૦૦૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે, જેના થકી આદિવાસી સમાજ વિકાસના પંથે આગળ વધી રહ્યો છે.

- વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન ખેડતા આદિવાસી

ભાઈઓને વર્ષ–૧૯૯૫થી વર્ષ–૨૦૧૩ સુધીમાં વ્યકિતગત રીતે ૧,૦૫,૮૧૩ દાવાઓ સરકારે મંજૂર કર્યા છે, અને તેના માટે ૧,૬૯,૯૮૨ એકર જમીનના અધિકારપત્રો એનાયત કર્યા છે. સામુહિક હેતુ, માળખાકીય સુવિધાઓ માટે ૪,૧૪૭ દાવાઓ મંજૂર કરી ૮,૦૪,૨૧૧ એકર જમીન ઉપયોગ માટે ફાળવી છે.

- ધોરણ–૧૨માં સારા પરિણામો મેળવીને આદિજાતિ વિદ્યાર્થીઓ મેડીકલ કોલેજોમાં પ્રવેશ મેળવી શકે તે માટે આદિજાતિ વિસ્તારોમાં તાલુકા મથકોએ પ્રોફેશનલ કોચીંગ સંસ્થાઓ મારફત કોચીંગ આપવાની જોગવાઈ કરી છે.
- કીડની, હદયરોગ અને કેન્સરના આદિજાતિના દર્દીઓને આવકની કોઈ મર્યાદા વગર સારવારના ખર્ચના ૫૦ ટકા જેટલી રાહત આપવામાં આવે છે.

**આરોગ્ય**

**તબીબી શિક્ષણ અને તબીબી સેવાઃ**

- મારી સરકારે રાજયમાં તાલીમ પામેલા નિષ્ણાત તબીબો પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેના પ્રયાસો કર્યા છે. વર્ષ ૨૦૦૧–૦૨માં ૧૦ મેડીકલ કોલેજો અને ૧૨૭૫ બેઠકો હતી, વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૯ મેડીકલ કોલેજો અને ૨૯૩૦ બેઠકો થઇ છે.
- કીડની, હદયરોગ અને કેન્સરના રૂ.૨ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબના દર્દીઓને સારવારના ખર્ચના ૫૦ ટકા જેટલી રાહત આપવામાં આવે છે.
- મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત ૧,૧૯,૫૧૭ લાભાર્થીઓ માટે કુલ ₹ ૪૧.૭૩ કરોડની રકમ ચૂકવી છે.
- શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ અંતર્ગત રાજયના ૧.૨૫ કરોડ બાળકોની તપાસ થાય છે. આવા બાળકોના ૨૦૧૭ હૃદયના, ૨૮૪ કીડનીના તથા ૧૧૪ કેન્સરના ઓપરેશનો કરવામાં આવ્યા છે.
- કીડની હોસ્પીટલ દ્વારા વર્ષ ૨૦૧૩માં કુલ ૪૦૦ કીડની પ્રત્યારોપણના ઓપરેશન કરવામાં આવ્યા છે, જે વિશ્વમાં કોઇ પણ હોસ્પીટલે એક વર્ષમાં કરેલા ઓપરેશનોમાં સૌથી વધુ છે.
- સીવીલ હોસ્પીટલ, અમદાવાદ એશિયા ખંડની સૌથી મોટી હોસ્પીટલ છે. રાજયની પ્રજાને આંતરાષ્ટ્રીય કક્ષાની આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે ₹ ૩૨૫ કરોડના ખર્ચે ૧૨૦૦ પથારી ધરાવતી અદ્યતન સુપર સ્પેશ્યાલીટી હોસ્પીટલ, હોસ્પીટલના દરેક વોર્ડનું આધુનિકરણ અને નવીનીકરણ, નવા ટ્રોમા સેન્ટરનું બાંધકામ તથા આંતરિક સુવિધાઓના બાંધકામનું આયોજન કર્યું હતું જે પૂર્ણતાના આરે છે.
- ગુજરાત પહેલુ રાજય છે કે જયાં શહેરી ગરીબો માટે આરોગ્યની પ્રાથમિક સેવાઓ આપવા અર્બન હેલ્થ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. શહેરી વિસ્તારમાં ૫૦,૦૦૦ની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર સ્થાપવામાંઆવ્યું છે.

**ખોરાક અને ઔષધ નિયમન:–**

ઓનલાઇન ઔષધ વેચાણ પરવાના સોફ્ટવેરને નેશનલ ઈ–ગવર્નન્સ એવોર્ડ મળ્યો છે.

ખોરાક અને ઔષધ સંબંધી ભેળસેળ અંગે ફરીયાદો રજૂ કરવા ટોલ ફ્રી ટેલીફોન સેવા અને વેબસાઇટ શરૂ કરવામાં આવી છે.

**કામદાર રાજય વીમા યોજના:**

યોજનાના તમામ પૂર્ણકાલીન દવાખાનાઓ /હોસ્પિટલોનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરાયું છે. તે અન્વયે વીમા લાભાર્થીઓના રજીસ્ટ્રેશન તેમજ ઓપીડી તપાસની કામગીરી ઓનલાઇન કરવામાં આવી છે. દેશમાં આ બાબતે ગુજરાત અગ્રેસર છે તથા આ કામગીરીની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ છે.

**શિક્ષણ**

**પ્રાથમિક શિક્ષણઃ**

મારી સરકારે હંમેશા પ્રાથમિક શિક્ષણ પર, તેમાંય ખાસ કરીને કન્યાઓના પ્રાથમિક શિક્ષણ પર ખાસ ભાર મૂકયો છે. શાળા–પ્રવેશને ઉત્સવનું સ્વરૂપ આપી શાળા નામાંકન દર ૯૯ ટકા સુધી પહોંચાડી શકાયો છે. શાળાઓમાં શિક્ષકોની અને માળખાગત સવલતો પૂરી પાડવાથી શાળા ડ્રોપ આઉટ દર હવે માત્ર ૨.૦૭ ટકા રહ્યો છે.

**માધ્યમિક શિક્ષણઃ**

પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓની આંકાક્ષાઓને બળ મળતાં તેઓમાં વધુ અભ્યાસ માટે ઉઘડેલી ભૂખને સંતોષવા માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે પણ ૧૮૬ જેટલી નવી શાળાઓના બાંધકામ માટે ₹ ૧૨૧ કરોડની જોગવાઇ કરી છે, જે પૈકી ૫૮ શાળાઓનું બાંધકામ પૂર્ણ થયું છે.

**ઉચ્ચ શિક્ષણઃ**

રાજયના દરેક સ્તરના લોકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે મારી સરકારે સુનિશ્ચિત કર્યું છે. વર્ષ ૨૦૦૦–૨૦૦૧માં ગુજરાતમાં ૧૫ યુનિવર્સિટીઓ હતી તે હવે ૫૨(બાવન) થઈ છે, ૨૦ સરકારી કોલેજો હતી તે હવે ૭૧ થઈ છે, અને ૩૧૯ અનુદાનિત કોલેજો હતી તે હવે ૩૫૬ થઈ છે. રાજયમાં ૬૦૫ સ્વનિર્ભર કોલેજો કાર્યરત છે, જે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાજ્યનો વિકાસ દર્શાવે છે.

**તાંત્રિક શિક્ષણઃ**

તાંત્રિક શિક્ષણમાં સંખ્યાકીય તેમજ ગુણાત્મક સુધારા થકી નોલેજ સોસાયટી તરફ ગુજરાતનું પ્રયાણ થાય તે માટે ચાલું વર્ષે સઘન પ્રયત્નો હાથ ધર્યા છે.

- વ્યારા, રાજપીપળા, કપડવંજ અને નવસારી ખાતે ૪ સરકારી પોલીટેકનિક

શરૂ કરવામાં આવી છે.

- ગાંધીનગર ખાતે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન ટેકનોલોજી શરૂ કરવામાં આવી છે.
- અમદાવાદ ખાતે ઈન્સ્ટીટયુટ ઓફ ઇન્ફાસ્ટ્રકચર ટેકનોલોજી, રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ શરુ કરવામાં આવી છે, જે ઇન્ફાસ્ટ્રકચર ક્ષેત્રે અદ્યતન નામાંકિત સંસ્થા તરીકે વિકસે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.
- રાજયમાં હાલમાં ૧૨૧ જેટલી ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજો કાર્યરત છે, જેમાં ૬૨,૯૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. ડીપ્લોમા કોલેજોની સંખ્યા પણ ૧૨૬ જેટલી છે, જેમાં પણ ૬૬,૮૫૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે.

**કર્મચારીગણ વ્યવસ્થાપન**

**૧૦ વર્ષીય આયોજિત ભરતીઃ**

આગામી દસ વર્ષ દરમિયાન રાજય સરકારની સેવાના અલગ અલગ ૨૯૩ સંવર્ગોમાં નિયમિત ભરતી થવા સાથે રાજયના દરેક વયજુથના યુવકોને આવી ભરતીઓમાં સમાન તક મળી રહે તેવા આશયથી આગામી દસ વર્ષ દરમિયાન થનાર ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં રાજયના યુવાનોને આગામી વર્ષમાં થનાર ભરતીની આગોતરી જાણ રહેશે. તે થકી હાલ શાળા કોલેજોમાં અભ્યાસ કરતા યુવાનો નોકરીના અપેક્ષિત ક્ષેત્ર મુજબ લાયકાત અને ભણતરનું અગાઉથી આયોજન કરી શકશે. વિવિધ તબક્કે જુદી જુદી કક્ષાએ મંજૂરીની આવશ્યકતા નિવારી એકસામટી આગામી દશ વર્ષની તમામ ભરતીની મંજૂરી આપવાથી વહીવટી ક્ષેત્રે કામ કરવાની એક જુદી જ રીતનું ઉદાહરણ પુરૂં પાડવામાં આવ્યું છે.

**પૂર્વ લાયકાત કસોટીઃ**

આ કસોટીથી રાજયના યુવાનોને વિવિધ સ્થળોએ લેવાતી આ પરીક્ષામાં ભાગ લઇ એ પરીક્ષામાં મેળવેલ ગુણાંકના આધારે રિક્રુટીંગ એજન્સીઓ દ્વારા યોજાતી વિવિધ પરિક્ષાઓમાં બેસવાનો અવકાશ મળશે તથા રાજય સરકારની વિવિધ સેવાઓમાં જોડાવાનો અવકાશ પ્રાપ્ત થશે. આ પરીક્ષામાં મેળવેલ ગુણાંક ત્રણ વર્ષ માટે માન્ય રહેશે, જેના થકી દરેક ભરતી પ્રક્રીયા માટે ઉમેદવારોનો સમય વ્યતીત થતો અટકાવવાની સાથે ભરતી પ્રક્રીયામાં ઝડપ અને વેગ લાવી શકાશે.

**માનવ સંશાધન વ્યવસ્થાપન પદ્ધતિ (HRMS):**

મારી સરકારે આઇ.ટી. આધારિત માનવ સંશાધન વ્યવસ્થાપન તંત્ર વિકસાવવાની કવાયત હાથ ધરી છે. આ પ્રકારની વ્યવસ્થાથી માત્ર કર્મચારીગણ વ્યવસ્થાપન ખુબજ ઝડપી અને કાર્યક્ષમ બનાવી શકાશે એટલુંજ નહીં, પરંતુ નિયમોના અમલીકરણમાં એકસૂત્રતા લાવી શકાશે. સાથે સાથે જે અધિકારી/કર્મચારીઓ આંતરિક કર્મચારીગણ વ્યવસ્થાપનમાં રોકાયેલા છે તેઓનો ઉપયોગ લોકોને જરૂરી સેવા પૂરી પાડવા માટે કરી શકાશે.

**શ્રમ અને રોજગાર**

- રાજયમાં ઔધોગિક શાંતિ જાળવવા મારી સરકાર કૃતનિશ્ચયી છે. વૈશ્વિક ઔધોગિક મંદી હોવા છતાં શ્રમ તંત્રના હકારાત્મક પ્રયાસોના પરિણામ સ્વરૂપ રાજયમાં ઔધોગિક શાંતિ અને સુમેળભર્યું વાતાવરણ જાળવવામાં

ગુજરાત રાજય દેશમાં અગ્રતા ક્રમ ધરાવે છે.

- ગુજરાતના અસંગઠીત શ્રમયોગીઓ પૈકી કોઇનું અકસ્માતથી અવસાન થાય કે અપંગતા આવે તો તેવા કિસ્સામાં સામાજિક સુરક્ષા કવચ પુરું પાડવાના હેતુથી શરૂ કરવામાં આવેલી શ્રમિક સુરક્ષા અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ છેલ્લા ૧ વર્ષમાં ₹ ૪.૨૫ કરોડના વીમા સહાયના લાભો મંજૂર કરવામાં આવ્યા છે. આ જુથ વીમા યોજનાના પ્રીમીયમની સંપૂર્ણ રકમ શ્રમયોગીઓ વતી ગુજરાત શ્રમ યોગી કલ્યાણ બોર્ડ ચૂકવે છે.

- સંરક્ષણ દળોમાં યુવાનો વધુ ને વધુ જોડાય તે માટે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે રાજ્યમાં **૨૦** ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવેકાનંદ સ્પોર્ટસ સંકુલ ઉભાં કરવામાં આવ્યાં છે. તાલીમાર્થીઓના સ્વવિકાસ તથા માનસિક સુસજ્ઞતા માટે **૫** વિવેકાનંદ લાઇબ્રેરી ફોર સેલ્ફ ડેવલપમેન્ટ શરૂ કરવામાં આવી છે.

- રાજયનો યુવાવર્ગ કોમ્પ્યુટર તથા ઇન્ફરમેશન ટેકનોલોજીની પ્રાથમિક જાણકારી મેળવી પ્રમાણપત્ર મેળવે તે માટે મારી સરકારની **'eMPOWER'** યોજના અંતર્ગત રાજયની **કુલ ૬૫૮** સંસ્થાઓ ખાતે તાલીમ આપવાની સુવિધા ઉપલબ્ધ કરી છે.

- ચાલુ નાણાકીય વર્ષે રાજયની **૪૧** રોજગાર કચેરીઓ દ્વારા ૨ લાખ જેટલા યુવક–યુવતીઓને રોજગારી આપવામાં આવી છે. ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા પ્રકાશિત થતા અહેવાલ અનુસાર રોજગાર કચેરીઓ મારફતે રોજગારી આપવામાં ગુજરાત રાજય વર્ષ ૨૦૦૨થી સમગ્ર દેશમાં સતત પ્રથમ ક્રમે રહ્યું છે.

- સમગ્ર દેશમાં ૧૦૦૦ વ્યકિતએ ૨૯ વ્યકિતના બેરોજગારીના દર સામે ગુજરાતમાં આ દર માત્ર ૭ વ્યકિતનો છે.

- સમગ્ર દેશમાં અનુસૂચિત જનજાતિના ૧૮૮૭૦ ઉમેદવારોને મળેલ રોજગારી સામે ગુજરાત રાજયમાં અનુસૂચિત જનજાતિના ૧૩૯૦૦ ઉમેદવારોને રોજગારી મળી છે, જે દેશના રોજગારી મળી હોય તેવા કુલ ઉમેદવારોના ૭૪ ટકા છે.

**મહિલા અને બાળ વિકાસ**

સ્વસ્થ, સુશિક્ષિત, સુરક્ષિત અને સ્વનિર્ભર મહિલા એ મારી સરકારનો ધ્યેય રહ્યો છે. બેટી બચાવો જન અભિયાન થકી દીકરીઓનો જન્મદર વધારવા પ્રયાસ થયો છે. સ્થાનિક સ્વરાજયમાં મહિલાઓના સમર્થ પ્રતિનિધિત્વ અર્થે મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરનારું ગુજરાત દેશમાં અગ્રેસર રાજય છે.

- માતા અને બાળ મૃત્યુ દર ઘટાડવાના સઘન પગલા રૂપે ચિરંજીવી યોજના, ઈ–મમતા અને માતૃવંદના જેવી કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે, જે થકી વર્ષ ૨૦૦૧માં માતા મૃત્યુદર પ્રતિ એક લાખ જીવીત જન્મે ૨૦૨ હતો તે ઘટીને ૧૪૮ થયો છે.
- રાજયની મહિલાઓ રાજકીય ક્ષેત્રે જાગૃત થઈ છે. ૨૦૧૨ની વિધાનસભા ચુંટણીમાં મહિલા મતદારોનું ૭૦ ટકા જેટલું ઐતિહાસિક મતદાન તેનું પ્રમાણ

છે.

- રાજયમાં અગાઉ હોસ્પિટલોમાં થતી પ્રસૂતિનું પ્રમાણ ૪૭ ટકા હતું, તે હવે વધીને ૯૫ ટકા થયું છે.
- બાલસખા યોજના અંતર્ગત અંદાજે ૩ લાખ નવજાત શિશુઓને બાળરોગ નિષ્ણાતો દ્ધારા સારવાર આપવામાં આવી છે.
- સમગ્ર દેશમાં માત્ર ગુજરાતમાં ૬૩ જેટલી નારી અદાલતો કાર્યરત છે. નવી ૨૯ નારી અદાલતો શરૂ કરવામાં આવનાર છે.
- મહિલાઓને તાત્કાલિક સલાહ આપવા માટે ટોલ ફ્રી નંબરની વ્યવસ્થા કરવામાં આવી છે.
- સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ૪૪.૫૫ લાખના લક્ષ્યાંકની સામે ૪૦.૭૬ લાખ લાભાર્થીઓને આવરી લઇ ૯૧ ટકા સિદ્ધિ મેળવવામાં આવી છે.
- દૂધ સંજીવની યોજના હેઠળ રાજયના ૬ પછાત જિલ્લાઓના ૧૦ ઘટકોમાં ૩ થી ૬ વર્ષના બાળકોને પેશ્ચ્યુરાઇઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવાની શરૂઆત કરવામાં આવી છે.
- આંગણવાડીના ૩ થી ૬ વર્ષની વયજુથના બાળકોને ₹ ૧૦ની મર્યાદામાં ફળો પુરા પાડવામાં આવે છે.
- રાજયના આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાન માટે આંગણવાડી કેન્દ્ર દીઠ કરવામાં આવતી જોગવાઈ વધારીને ₹ ૫.૫૦ લાખ કરવામાં આવી છે. આ રીતે દર વર્ષે ૫૦ હજાર આંગણવાડીઓ માટે ₹ ૨૭૫ કરોડ જેટલી જોગવાઈ કરવામાં આવે છે. તેના પરિણામે ૯૫ ટકા જેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં ચાલે છે.

**પાણી પુરવઠો**

- રાજ્યના વિકાસ માટેનું મહત્વનું ચાલકબળ એવા પીવાના પાણીની મુશ્કેલીઓ કાયમી ધોરણે દૂર કરવા મારી સરકારે વિવિધ યોજનાઓ હાથ ધરીને ગુજરાતની જનતાને પીવાના પાણીની સમસ્યાથી મહદ્અંશે મુક્તિ અપાવી છે.

- લાંબાગાળાના આયોજન તરીકે રાજય વ્યાપી વોટર ગ્રીડનું આયોજન કરી પાણી પુરવઠા યોજનાઓને ભૂગર્ભ જળ ઉપર અવલંબિત ન રાખતાં સરફેસ સોર્સ આધારીત યોજનામાં તબદીલ કરવાની અનેરી સિદ્દિ મેળવી છે.

- સરદાર સરોવર કેનાલ અને પાણીના અન્ય પ્રાપ્તિ સ્થાનો આધારીત પાણી પુરવઠા યોજનાઓ હેઠળ ૨૭૦૦ કી.મી મુખ્ય પાઇપલાઇન તથા ૧૨૧૦૦૦ કી.મી. ડિસ્ટ્રીબ્યુશન પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક પૂર્ણ કરી, વિશ્વમાં સૌથી મોટા એવા રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્ધારા રાજયના ૧૧૫૦૦ ગામો અને ૧૩૧ શહેરોની ૩.૯૫ કરોડ માનવ વસ્તી, કે જે રાજયની કુલ વસ્તીના ૭૮ ટકા છે, તેને પીવાના પાણીનો લાભ આપવામાં આવ્યો છે.

- સરદાર સરોવર કેનાલ આધારિત સ્વર્ણિમ ગુજરાત સૌરાષ્ટ્ર–કચ્છ પાણી પુરવઠા ગ્રીડ અંતર્ગત ૪૬૮ કી.મી. લંબાઈની મુખ્ય પાઇપ લાઇનના અંદાજીત રકમ

₹ ૩૦૬૦ કરોડના કામો પૂર્ણ થયા છે.

- રાજયના ગ્રામ્ય વિસ્તારના ૬૬ લાખ કુટુંબ પૈકી ૫૨(બાવન) લાખ કુટુંબોને ઘરમાં પાણીના કનેકશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આદિવાસી વિસ્તારોમાં ૧૫ લાખ કુટુંબ પૈકી ૮ લાખ કુટુંબોને ઘરમાં પાણીના કનેકશનની સુવિધા આપવામાં આવી છે.

- પંચાયતી રાજ્ય સંસ્થાઓને પીવાના પાણીના વ્યવસ્થાપનમાં સક્ષમ બનાવવા ગામોની આંતરિક પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ, સંચાલન અને નિભાવણીની કામગીરી લોકભાગીદારી દ્વારા કરવામાં આવી રહી છે, જેની નોંધ સમગ્ર રાષ્ટ્રમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં લેવાઇ રહી છે.

**જળસંપત્તિ**

વરસાદ એ પરમાત્માનો પ્રસાદ છે. "Per Drop, More Crop" એ ઉકિતને અનુસરી વરસાદના પાણીના દરેક ટીપાનો વપરાશ/સંગ્રહ થાય તે જરૂરી છે. પાણીની કાયમી અછત અને બારમાસી નદીઓનો અભાવ ધરાવતા ગુજરાત રાજયએ જળસંચય ક્ષેત્રે કરેલી કામગીરીને લીધે રાજયના વોટર ટેબલ ઉંચા આવ્યા છે, જે સિદ્ધિને રાષ્ટ્રીય કક્ષાએ બિરદાવવામાં આવી છે. વરસાદી પાણીના બચાવ માટે સમાજસેવી સંસ્થાઓની મદદ લઇ જનજાગૃતિ લાવવામાં આવી છે. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૨૯૮૧ નાના ચેકડેમો, ૫૮૧ મોટા ચેકડેમો પૂર્ણ થયા છે, જયારે ૭૨૮ નાના ચેકડેમો અને ૮ મોટા ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે, જે પૂર્ણ થતાં ત્રેવીસ હજાર હેકટર જમીનને સિંચાઇ હેઠળ આવરી લઇ નવપલ્લવિત કરી શકાશે.

મારી સરકાર દ્વારા ૧૫૦૪ થી વધુ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે, જેનાથી વધુ ૪૫૦૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળશે. એપ્રિલ–૨૦૦૫થી શરૂ કરવામાં આવેલા ભારત નિર્માણ અભિયાન અંતર્ગત ૪૦ લાખ હેકટર વિસ્તાર સિચાઇ હેઠળ લાવવાના કેન્દ્ર સરકારના ધ્યેય પૈકીનો ૮,૯૩,૦૦૦ હેકટર વિસ્તાર ગુજરાતમાં સિંચાઈ હેઠળ આવરી લેવાયો છે, જે માટે ₹ ૨૯૧૯૬ કરોડનો ખર્ચ થયો છે. સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો જોડવાની ૧ કિ.મી.ની મર્યાદામાં વધારો કરી ૨ કિ.મી. કરતાં વધુ ૧૫૬ તળાવો ભરી શકાશે. સિંચાઇ યોજનાઓની પાણીની મૂળ સંગ્રહ શકિત જળવાઇ રહે તે માટે મારી સરકાર દ્વારા ૬ મોટી, ૬૯ મધ્યમ અને ૫૧૬ નાની સિંચાઇ યોજનાઓ ઉપરાંત હયાત તળાવોની અને ચેકડેમોની ડીસિલ્ટીંગની કામગીરી મોટા પ્રમાણમાં હાથ ધરવામાં આવી, જેના થકી ૨૧૨.૯૬ કરોડ ઘન ફુટ કાંપ દૂર કરવામાં આવ્યો છે.

**સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજનાઃ (સૌની યોજના)**

સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફત સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જિલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની ₹ ૧૦,૮૬૦ કરોડની મહત્વાકાંક્ષી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ પાઇપ લાઇન યોજનાના પ્રથમ તબકકાની કામગીરી હાથ ધરાઇ છે. આ યોજનાથી ૧૦.૨૩ લાખ એકર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

મારી સરકારે ઉમરગામથી અંબાજી સુધીની આદિવાસી પટીના વિસ્તારોને સિંચાઈનો લાભ આપવા માટે બંધો, તળાવો, અને ચેકડેમો પાઈપલાઇન દ્વારા ભરવા

₹ ૨૫૦૦ કરોડના અંદાજીત ખર્ચની યોજના મંજૂર કરી છે.

સિંચાઇ યોજનાઓના જળ વ્યવસ્થાપનમાં રાજય સરકારે ખેડૂતોને સામેલ કર્યા છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનની કામગીરી વધુને વધુ ખેડૂત પિયત મંડળીઓને સોંપવામાં આવે તે માટે મારી સરકાર સતત પ્રયત્નશીલ છે. ચાલુ વર્ષે આવરી લેવાયેલ ૩૦ હજાર હેકટર વિસ્તાર સહીત ૪ લાખ ૬૮ હજાર હેકટર વિસ્તાર સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ આવરી લીધો છે.

**સૂક્ષ્મ સિંચાઇ યોજનાઃ**

આ યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતો દ્વારા સૂક્ષ્મ સિંચાઇ અપનાવી તેના ઉપયોગથી વૈજ્ઞાનિક પદ્ધતિથી જળ વ્યવસ્થાપન કરી વધુ ઉત્પાદન મેળવી ગુજરાતમાં બીજી હરિત ક્રાંતિ લાવવાનો છે. અત્યાર સુધીમાં ૭ લાખ હેકટર જેટલો વિસ્તાર આ યોજના હેઠળ આવરી લેવાયો છે.

**સરદાર સરોવર યોજના**

બહુહેતુક સરદાર સરોવર યોજનાને વહેલી તકે પૂર્ણ કરવા મારી સરકાર કટિબધ્ધ છે. ડેમની પ્રવર્તમાન ઉંચાઇ મુજબ ઉપલબ્ધ પાણીનો સિંચાઇ, ઘરગથ્થું વપરાશ, ઉદ્યોગ તેમજ જળવિદ્યુત ઉત્પાદન માટે સક્ષમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

સરદાર સરોવર યોજનાના ૧૪૫૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતાના બંને પાવર હાઉસ થકી ચાલુ વર્ષે નવેમ્બર–૨૦૧૩ સુધીમાં ઉત્પાદન થયેલ કુલ ૪૫૮ કરોડ વીજ યુનિટ સહિત અત્યાર સુધીમાં કુલ ૩૧૨૬ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયું છે, જેનાથી રાષ્ટ્રને આશરે ₹ ૧૨૫૦૦ કરોડની આવક થયેલી ગણી શકાય.

યોજનાની મુખ્ય નહેર, શાખા નહેરો, પ્રશાખાઓ, પ્રપ્રશાખાઓ સહિત કુલ ૨૩૩૬૫ કી.મી.નું કેનાલ નેટવર્ક નવેમ્બર–૨૦૧૩ સુધીમાં પૂર્ણ થયું છે, જેનાથી ૭.૮૫ લાખ હેકટર સિંચાઇ વિસ્તારને વિકસિત કરવામાં આવ્યો છે. હાલ ₹ ૮૪૦૦ કરોડના ૨૦૮ કામો પ્રગતિમાં છે, જે પૂર્ણ થયે વધુ ૮.૩૨ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇ ક્ષમતા ઉપલબ્ધ થશે.

યોજનાનો ઝડપથી અમલ થઇ શકે તે હેતુથી મારી સરકારે ઉદાર વલણ અપનાવી જંત્રી આધારિત કિંમતે સંમતિ એવોર્ડથી સંપાદિત થનાર જમીન માલિક/ખેડૂતોને વળતર આપવાનું નક્કી કર્યું હતું, જે થકી સંપાદિત કરવાની થતી કુલ ૫૩૦૦૦ હેકટર જમીન પૈકી ૫૦૦૦૦ હેકટર જમીન સંપાદન કરવામાં આવી છે.

**પુનર્વસનઃ**

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્ત કુટુંબોના પુન:સ્થાપન અને પુન:વસવાટની કામગીરી પુર્ણ કરવામાં આવી છે, જે અંગે પુનઃવસવાટ અને પુનઃસ્થાપન સબગ્રુપ દ્વારા સંમતિ દર્શાવવામાં આવી છે.

**કૃષિ અને પશુપાલન**

- વર્ષ ૨૦૦૫થી કૃષિ મહોત્સવનું સફળ આયોજન અને અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. કૃષિ મહોત્સવના માધ્યમ થી ગુજરાતના કિસાનોને વૈજ્ઞાનિક ખેતી થકી વધુ ઉત્પાદન માટે પ્રેરિત કરી શકાયા છે.
- મારી સરકારે કૃષિ યુનિવર્સિટીઓમાં થતા સંશોધનોની જાણકારી ખેડૂતોને મળે તે માટે 'લેબ ટુ લેન્ડ' નો અભિગમ અપનાવ્યો છે. રાજયમાં આવેલા

૧૪ જેટલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો મારફત ખેડૂતોને લાંબા અને ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવે છે.

- રાજ્યનો માઈક્રોન્યુટ્રીયન્ટ સ્ટેટસ દર્શાવતો નક્શો બનાવવાની કામગીરી હાથ ધરી જરૂરિયાત મુજબના માઈક્રોન્યુટ્રીયન્ટ ઉપયોગ કરવાનું માર્ગદર્શન મળી રહે તે આશયથી રાજ્યની ૪૬૩૦ ગ્રામ પંચાયતોને સોઈલ ફર્ટીલીટી મેપ આપવામાં આવ્યા છે.
- જીરૂ, વરિયાળી તથા ધાણા જેવા મસાલા પાકો ના ઉત્પાદનમાં રાજ્ય અગ્રેસર રહ્યું છે. વરીયાળીના ઉત્પાદનમાં ગુજરાત વિશ્વમાં પ્રથમ નંબરે છે. એરંડા તથા કપાસના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.
- સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા દ્વારા દિવેલા, મસાલા પાકો, કઠોળ, બટાટા, ઈસબગુલ, ખારેક, બોર, આમળા તથા અન્ય ઔષધિય પાકો અંગે પ્રથમ હરોળનું સંશોધન થયું છે.
- આણંદ કૃષિ યુનિવર્સિટીને સરકારી અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે કુલ ૯ એવોર્ડ મળ્યા છે. આ યુનિવર્સિટીની Agriculture Technology Forecast Centre માટે પસંદગી કરવામાં આવી છે.
- જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ગુજરાત કપાસ ૧૦૧ અને ગુજરાત શેરડી ૫ ની જાતો વાવેતર માટે બહાર પાડી છે.
- રાજ્યમાં ખેતીની જમીનમાં ઘટાડો થઈ રહ્યો છે એવા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે ત્યારે હું એ હકીકત તરફ ધ્યાન દોરૂં છું કે વર્ષ ૨૦૦૧–૦૨માં ખેતી હેઠળની જમીન ૯૮.૭૭ લાખ હેકટર હતી, જે હવે ૧૦૨.૬૯ લાખ હેકટર થઈ છે, જે અંદાજીત ૪ ટકાનો વધારો સુચવે છે.
- ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરવામાં ૮ લાખ હેકટર જમીન સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

**પશુપાલન અને ડેરી વિકાસઃ**

- પશુઓ અને પશુપાલકો પ્રત્યે સંવેદનશીલ એવી મારી સરકારે ૩૪ હજારથી વધુ પશુ મેળાઓનું આયોજન કરી ૧ કરોડ પશુઓને સારવાર આપી છે તથા ૩ કરોડ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે, જેનાથી પશુઓમાં થતા ૧૨૨ જેટલા રોગો પૈકી ૧૦૦ કરતા પણ વધુ રોગો નાબુદ કરી શકાયા છે.
- દૂધ ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાતમાંથી દૂધ ટ્રેન મારફતે દિલ્હી તથા કાનપુર પહોંચાડવામાં આવે છે. રાજ્યમાંથી દૂધના પરીવહનના વધુ સાનુકુળ વ્યવસ્થાપન માટે ચેરમનશ્રી, રેલ્વે બોર્ડને વધુ ટેન્કરો માટે વિનંતી કરી છે.
- બનાસ ડેરી એક દિવસમાં ૩૫ લાખ લીટર કરતાં પણ વધુ દૂધ એકઠું

કરવાની ક્ષમતા ધરાવે છે, જે સમગ્ર એશિયામાં સૌથી વધુ છે.

- નવરચિત જિલ્લાઓ બાદ કરતાં તમામ જિલ્લાઓમાં દૂધ ઉત્પાદન સહકારી સંઘ સ્થપાયા છે.
- દેશમાં પ્રથમ વખત લીમખેડા ખાતે પશુ વિજ્ઞાન કેન્દ્ર અને વેજલપુર ખાતે ડેરી વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે.

**સહકાર**

રાજ્યમાં આશરે ૬૯,૦૦૦ સહકારી મંડળીઓ કાર્યરત છે. આ તમામ સહકારી મંડળીઓ આર્થિક પ્રવૃત્તિઓમાં, સવિશેષ કરીને ગ્રામ્ય કક્ષાએ નોંધપાત્ર અસરકારકતા ધરાવે છે.

**મત્સ્યોદ્યોગ**

- રાજયમાંથી આ વર્ષે ₹ ૨૯૩૦ કરોડની કિંમતની માછલી તથા માછલી આધારિત પેદાશોની નિકાસ કરવામાં આવી છે.
- એલ.ઇ.ડી.ટીવીની મદદથી તાલીમ કેન્દ્રો ખાતે ઓડીયો વીઝયુઅલ માધ્યમથી માછીમારોને તાલીમ આપવાની, કુદરતી આફતો વખતે દરિયામાં ન જવા અને દરિયામાં ગયેલ માછીમારોને હવામાન ખાતાની અને અન્ય જરૂરી આગાહીઓ/ચેતવણીઓથી તાત્કાલીક વાકેફ કરવાની કાર્યવાહી અદ્યતન અને ઝડપી બનાવી શકાઇ છે.
- દેશમાં સૌપ્રથમ ગુજરાત રાજ્યમાં બોટ મુવમેન્ટની ટોકન પદ્ધતિ શરૂ કરવામાં આવી છે.
- રાજ્યના ૨.૧૮ લાખ સક્રિય માછીમારોને જૂથ અકસ્માત વીમા યોજના તળે આવરી લઇ વીમાનું રક્ષણ પુરૂં પાડવામાં આવ્યું છે.
- પાકિસ્તાનમાં બંદી બનાવેલા માછીમારોના કુટુંબોને જીવન નિર્વાહ માટે પ્રતિ દિન ₹ ૫૦ લેખે નિર્વાહભથ્થું ચુકવવામાં આવતું હતું તેમાં વધારો કરીને ₹ ૧૫૦ કરવામાં આવ્યું છે. આ વર્ષે આવા ૩૨૭ માછીમાર કુટુંબોને ₹ ૧૦૩.૪૮ લાખ નિર્વાહભથ્થુ ચુકવવામાં આવ્યું છે.
- ૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી કરતી યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ પર વેચાણવેરા રાહત યોજના તળે ૫૩૦૦૦ જેટલા લાભાર્થીઓને ₹ ૨૬૦૦ લાખની ડીઝલ વેટ રાહત ચુકવવામાં આવી છે.

**નાગરિક પુરવઠો**

સંતુલિત અને પોષક આહાર થકી લોકોનું સ્વાસ્થ્ય જાળવવા મારી સરકાર કટિબદ્ધ છે. ગોઇટર જેવા રોગોની સામે રક્ષણ મળી રહે તે હેતુથી બીપીએલ અને અંત્યોદય કેટેગરીના રેશનકાર્ડ ધારકોને પ્રતિમાસ ૧ કિલોગ્રામના બદલે ૨ કિલોગ્રામ આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવે છે.

રાહત દરના અનાજનું ડાયવર્ઝન અટકે તથા વિસ્તરણ વ્યવસ્થામાં પારદર્શિતા વધે તે માટે હવે ગોડાઉન પરથી દર માસે રાહત દરના દુકાન સુધી અનાજના જથ્થાની ડીલીવરી દુકાનના સંચાલકોને બદલે મારી સરકાર દ્વારા કરવામાં આવે છે.

જુના રેશનકાર્ડની સામે નવા ૮૪.૩૭ લાખ, એટલે કે ૭૯ ટકા બાયોમેટ્રીક

બેઈઝ્ડ બારકોડેડ રેશનકાર્ડ વિતરણ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

**પંચાયતી રાજ**

**આવાસ: "વિકાસ ભી, ઈમાન ભી ઔર ગરીબોકા સમ્માન ભી"**

એ સૂત્રને વરેલી મારી સરકારે આવાસની વિવિધ યોજનાઓ હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં ગરીબોને ૧૮ લાખ કરતાં પણ વધુ પાકાં મકાનો પૂરાં પાડ્યાં છે.

**ગરીબ કલ્યાણ મેળાઃ**

રાજ્ય સરકારની વ્યકિતલક્ષી સહાયની વિવિધ વિભાગોની યોજનાઓના લાભ સીધે સીધા લાભાર્થીઓને મળી રહે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦થી ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવે છે. અત્યાર સુધી આવા ૧૦૯૦ ગરીબ કલ્યાણ મેળાઓમાં કુલ ૮૧.૫૮ લાખ લાભાર્થીઓને ₹ ૧૨૧૦૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

**તીર્થગામ-પાવનગામઃ**

આ યોજનાઓ અંતર્ગત તીર્થગામ-પાવનગામ જાહેર થયેલ ગામોને ₹ ૨૧ કરોડ ૨૪ લાખનું અનુદાન આપવામાં આવ્યુ છે.

**પંચવટી યોજનાઃ**

અત્યાર સુધી બાગબગીચા એ શહેરોનો ઈજારો હતો, પરંતુ મારી સરકારે પંચવટી યોજના શરૂ કરીને ૫૫૮૨ ગામોને ₹ ૫૫.૮૨ કરોડની સહાય કરી છે, જેનાથી ગામડાઓને આનંદ પ્રમોદના સાધનો ઉપલબ્ધ થવાની સાથે પર્યાવરણની જાળવણી થઈ છે.

**સમરસ ગ્રામ પંચાયત યોજનાઃ**

વાદ નહીં, વિવાદ નહીં, પરંતુ સંવાદ દ્વારા એક સાથે બેસીને નિર્ણય લેવાય તે ભાવનાથી શરૂ થયેલ સમરસ ગ્રામ પંચાયત યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૦૭૯૩ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઇ છે, જે પૈકી ૩૬૨ ગ્રામ પંચાયતો મહીલા સમરસ તરીકે જાહેર થઇ છે. બીજીવાર સમરસ ગ્રામ પંચાયત જાહેર થતાં પ્રથમ વખતની પ્રોત્સાહક અનુદાનની રકમમાં ૨૫ ટકા વધારાનું અનુદાન તેમજ સી.સી રોડ જેવી વધારાની માળખાગત સુવિધા અને ત્રીજીવાર સમરસ જાહેર થતાં બીજીવારના પ્રોત્સાહક અનુદાનમાં ૨૫ ટકા વધારાનું અનુદાન તેમજ ગામમાં સોલાર સ્ટ્રીટ લાઇટની વધારાની માળખાગત સુવિધા આપવામાં આવે છે.

**ગ્રામ વિકાસ**

આજે જયારે એવો અપપ્રચાર થઈ રહ્યો છે કે રાજ્ય સરકારે ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી જ નથી, ત્યારે હું એ હકીકત તરફ ધ્યાન દોરું છું કે ઇન્દીરા આવાસ યોજના અંતર્ગત રાજયને ફાળવેલા ૧,૦૭,૮૮૦ આવાસોના લક્ષ્યાંકમાંથી ૯૮,૮૨૭ એટલે કે ૯૧.૬૦ ટકા આવાસોની દરખાસ્તો કેન્દ્ર સરકારને મોકલી આપી છે.

મારી સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકા માટે સ્વરોજગારીનું નિર્માણ, જળવ્યવસ્થાપન, ઘર વિહોણા ગરીબ કુટુંબો માટે આવાસનું સર્જન તથા સંપૂર્ણ સ્વચ્છતા દ્વારા નિર્મળ ગામની વ્યવસ્થાના કાયમી સર્જન માટે કટિબદ્ધ છે. આ વર્ષે

ડીસેમ્બર–૨૦૧૩ સુધીમાં ૯૬૦૦૦ કુટુંબો માટેના વ્યકિતગત શૌચાલય નિર્માણ માટે સહાય આપવામાં આવી છે.

વોટરશેડ ડેવલપમેન્ટની વિવિધ યોજનાઓ હેઠળ ચાલુ વર્ષે ₹ ૫૭૨.૪૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ₹ ૨૩૩.૦૬ કરોડના અધિક ભંડોળની માંગણી કરવામાં આવી છે. ગુજરાતના વોટરશેડ પ્રોગ્રામની સફળતાની પ્રશંસા માનનીય વડાપ્રધાનશ્રીએ કરી છે. એકસેલન્સ ઈન પબ્લીક એડમીનીસ્ટ્રેશન માટેનો વડાપ્રધાનશ્રીનો એવોર્ડ તથા નેશનલ ઈ–ગવર્નન્સ એવોર્ડ પણ મળ્યા છે. વોટરશેડ મેનેજમેન્ટના ગુજરાત મોડલને કેન્દ્ર સરકાર દ્વારા 'થીંકીંગ આઉટ ઓફ બોક્ષ' પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે ગુજરાતના વોટરશેડ પ્રોગ્રામની ડોકયુમેન્ટ્રી પણ પ્રસારિત કરી છે.

**શહેરી વિકાસ**

- નગરપાલિકાઓના નવા નગર સેવા સદન માટે કક્ષા મુજબ ₹ ૧ કરોડ અથવા ૨ કરોડની સહાય આપવામાં આવે છે.
- રાજ્યની બધી જ નગરપાલિકાઓના નાગરિકોને પીવાનું શુધ્ધ પાણી પુરૂ પાડવા માટે ₹ ૧૬૩૦ કરોડની કિમતની ૧૫૭ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે, જે પૈકી ૮૦ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે અને ૬૪ યોજનાઓમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. પીવાના પાણીની તમામ પરિયોજનાઓ ડીસેમ્બર–૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- રાજ્યની બધી જ **નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરની વ્યવસ્થા** ઉપલબ્ધ કરાવવાના આયોજનના ભાગરૂપે ₹ ૪૭૫૦ કરોડની અંદાજીત કિમતની ૧૫૯ નગરપાલિકાઓની યોજનાઓ મંજૂર કરવામાં આવી છે, જે પૈકી ૧૦૮ શહેરોમાં કામગીરી પ્રગતિમાં છે, જયારે અન્ય શહેરો માટે કામગીરી પ્લાનીંગ/ટેન્ડરીંગના તબક્કે છે.
- **નિર્મળ ગુજરાત યોજના** હેઠળ રાજ્યના શહેરોમાં શૌચાલયની સુવિધાથી વંચિત કુટુંબો માટે ₹ ૧૯૧ કરોડની સહાય આપી **કુલ ૪,૨૮,૦૦૦ શૌચાલયો** બનાવવામાં આવ્યા છે. આવતા ૨ વર્ષમાં શૌચાલયોના કામ પૂર્ણ કરવાનું આયોજન છે. આ યોજના હેઠળ સહાયની રકમ ₹ ૬૦૦૦ થી વધારી ₹ ૮૦૦૦ કરવામાં આવી છે.
- મુખ્ય મંત્રી આવાસ યોજના અંતર્ગત એફોર્ડેબલ હાઉસીંગનું કામ સમગ્ર રાજયમાં મિશન મોડમાં ચાલી રહ્યું છે. જયાં ઝુપડુ ત્યાં મકાન તેવી સ્લમ પોલિસી અમલમાં મુકી છે. તે ઉપરાંત ૧ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા આર્થિક રીતે નબળા પરિવારો માટે, ₹ ૨.૫ લાખથી ઓછી વાર્ષિક આવકવાળા લો–ઈન્કમ ગ્રુપના પરિવારો માટે તેમજ ₹ ૨.૫ લાખથી વધુ વાર્ષિક આવક હોય તેવા મિડીયમ ઈન્કમ ગ્રુપના પરિવારો માટે એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમ અંતર્ગત વ્યાજ રાહતના મકાનોની યોજના અમલમાં મુકી છે. આ યોજના દ્વારા ૧ લાખથી વધુ મકાનો લાભાર્થીઓને ફાળવી દેવામાં આવ્યા છે, ૧.૫ લાખ મકાનો બની રહ્યા છે અને વધુ ૫૦ હજાર મકાનોના નિર્માણની કામગીરી આયોજનના તબક્કે છે.

**માર્ગ અને મકાન** રાજ્ય સરકાર દ્વારા દેશમાં શ્રેષ્ઠ રોડ નેટવર્ક ધરાવતાં રાજયોમાં સ્થાન ધરાવતાં રાજ્યના રોડ નેટવર્કને વધુ સારું બનાવવા ₹ ૪૦૩૫ કરોડનું રોકાણ કર્યું છે. આદિજાતિ વિસ્તારનાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા પરાંને પાકા રસ્તાથી જોડવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના વિઝન ડોક્યુમેન્ટમાં જણાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં નાણાં મંજુર કરવામાં આવનાર છે, તેની રાહ જોયા વગર આવાં પરાંને જોડવાની કામગીરી રાજ્ય સરકારનાં ફંડમાંથી શરૂ કરી દીધી છે.

- ૨૫ મોટા પુલો પુર્ણ કર્યા છે, ૩૬ મોટા પુલોનાં કામ પ્રગતિમાં છે તથા ૧૭ નવા પુલો હવે શરૂ થનાર છે.
- ભરૂચ પાસે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપરના પુલ ઉપર ભારે ટ્રાફિકની સમસ્યા નિવારવા ગોલ્ડન બ્રીજની બાજુમાં નવા ૪ માર્ગીય પુલ માટે તજજ્ઞ દ્વારા સર્વે, ઈન્વેસ્ટીગેશન, અંદાજો વિગેરેની કામગીરી પ્રગતિમાં છે.
- વર્ષ દરમિયાન ૪ રેલ્વે ઓવર બ્રીજ પૂર્ણ કરવામાં આવ્યા છે તથા ૧૮ રેલવે ઓવર બ્રીજની કામગીરી પ્રગતિમાં છે.
- નવા જાહેર થયેલા ૭ જિલ્લા અને ૨૩ તાલુકા માટે સેવા સદન તથા રહેણાંકના મકાનો માટે ₹ ૫૮૭ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવી છે અને આનુષાંગિક કામગીરી પ્રગતિમાં છે.
- ગાંધીનગરના ઝુંપડાવાસીઓનાં પુનર્વસન માટે ૮૦૦૦ ફ્લેટની કામગીરી ₹ ૫૨ કરોડના ખર્ચે પૂર્ણ કરી છે.

**વાહન વ્યવહાર** ગુજરાત રાજ્યના વિકાસમાં મોટર વાહનતંત્ર અગત્યનો ભાગ ભજવે છે. રાજ્યની મહેસુલી આવકમાં પણ મોટર વાહનતંત્રનો મોટો ફાળો રહેલો છે.

- આર.ટી.ઓ કચેરીઓના આધુનિકરણના ભાગરૂપે તમામ આર.ટી.ઓ કચેરીઓમાં જાહેર જનતાને વધારે સારી સુવિધા માટે ઈ–ગવર્નન્સનો દ્રષ્ટીકોણ અમલમાં મૂક્યો છે. કચેરીમાં આવતી તમામ જનતાને સારી સુવિધા આપવા માટે એકબારી પધ્ધતિનો અમલ તમામ આર.ટી.ઓ કચેરીઓમાં શરૂ કરવામાં આવ્યો છે.
- રાજ્યમાં આવેલી ચેકપોસ્ટોના કોમ્પ્યુટરાઇઝેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે.

**પરિવહન સેવાઃ**

- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યના ૯૮ ટકા ગામડાઓને પરિવહનની સેવા પુરી પાડવામાં આવી રહી છે. જેનો વપરાશ પૂર્ણ થઈ ગયો છે તેવી જૂની બસો પાછી ખેંચી લઈને ૧૧૦૩૧ નવી બસો મુસાફર જનતાની સેવામાં મુકવામાં આવી છે. આદિજાતિ વિસ્તારના અંતરિયાળ ભાગોમાં પરિવહન સેવા પુરી પાડવાના હેતુથી ૩૫૩ મીની બસો સંચાલનમાં મુકવામાં આવી છે. મુસાફરો એસ.ટી.ની બસોમાં પણ ઈન્ટરનેટ દ્વારા કોઈ પણ સ્થળે ટિકિટ બુકીંગ કરાવી શકે તે માટે "ઓનલાઈન પેસેન્જર રીઝર્વેશન (ઈ–ટિકિટીંગ) સીસ્ટમ" અમલમાં મુકવામાં આવી છે. આ વર્ષે ૩ લાખ ગ્રામીણ કન્યાઓને અભ્યાસ માટે આવવા–જવા વિનામૂલ્યે એસ.ટી.

બસની સુવિધા આપવામાં આવી છે.

**બંદરો**

ચાલુ નાણાંકીય વર્ષે નવેમ્બર–૨૦૧૩ સુધીમાં રાજ્યના દરિયાકાંઠે આવેલ બંદરો પરથી ૨૦૫ મીલીયન ટન માલ–સામાનની હેરફેર થઇ છે, જે ગત વર્ષે આ સમયગાળાની સાપેક્ષમાં ૧૩ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. વધુમાં આ સમયગાળામાં આવકમાં ૭૧ ટકાનો વધારો નોંધાયો છે, જ્યારે ખર્ચમાં ૨૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

**કાયદો અને વ્યવસ્થા**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિણામલક્ષી કામગીરી અર્થે ૧૭ નવા પોલીસ સ્ટેશનોની રચના કરવામાં આવી છે. રાજ્યમાં મહીલાઓની સુરક્ષા સારી રીતે જળવાય તેમજ મહિલાઓને લગતી ફરિયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં મહિલા સેલની રચના અર્થે ૧૦૭૮ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. વધુમાં ૩૧ મહિલા પોલીસ સ્ટેશનો કાર્યરત કરાયાં છે. શહેરી વિસ્તારમાં ટ્રાફિકના નિયમન માટે રાજ્યના ચાર શહેરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ માટે કોન્સ્ટેબલ સંવર્ગની કુલ–૧૦૦૦ નવી જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. ગુજરાત પોલીસ દળમાં પહેલા ૬૫૭૮૦ જવાનો હતા, જયારે આજે ૯૨૫૪૫ જવાનો છે.

**ઈ–ગુજકોપ :**

રાજ્યમાં બનતા ગુના અને ગુનેગારોની માહિતીનો ડેટા બેઈઝ તૈયાર કરવા તથા નાગરિકોને ગુણવત્તાયુકત પોલીસ સેવાઓ પુરી પાડવા ઈ–ગુજકોપ જેવા મહત્વાકાંક્ષી પ્રોજેકટનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ટેકનોલોજી અપગ્રેડેશન થકી પ્રજાની શાંતિ અને સલામતી સુનિશ્ચિત કરવા અર્થે Crime and Criminal Tracking Network and System માટે ₹ ૧૫૦ કરોડ કરતાં વધારે નાણાનું આયોજન કરવામાં આવ્યું હતુ, જે પ્રોજેકટ માટે ગુજરાત રાજ્યને ભારત સરકારના ગૃહ વિભાગ દ્વારા આગળ પડતા રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**સુરક્ષા સેતુ સોસાયટી :**

પોલીસ પ્રજાભિમુખ થાય, પ્રજા અને પોલીસ વચ્ચે પારદર્શિતાથી એક સુરક્ષા સેતુ બને, પોલીસની કામગીરી વધુ પ્રજાલક્ષી અને અસરકારક બને તે માટે સુરક્ષાસેતુ સોસાયટીની રચના કરવામાં આવી છે. પ્રજા અને પોલીસ વચ્ચેનો સેતુ વધુ સુદઢ બને તે માટે **૨૩૭૬૭** પોલીસ મિત્રોની સેવા લેવાઈ રહી છે.

**પોલીસ આવાસઃ**

પોલીસ કર્મચારીઓને સુઘડ આવાસો પુરા પાડવા મારી સરકાર કટિબધ્ધ છે. અત્યાર સુધીમાં ૨૮૦૦૦ જેટલા નવાં રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ પર લેવામાં આવ્યું છે, જે પૈકી ₹ ૧૦૦૪ કરોડના ખર્ચે ૨૫૦૦૦ જેટલા મકાનોનું બાંધકામ પૂર્ણ થયું છે. મારી સરકારે માજી સૈનિકો માટેનું અતિથિગૃહ ‘ગૌરવ સેનાની ભવન’નું પણ નિર્માણ કર્યું છે.

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઃ**

ગુનેગારો આધુનિક પદ્ધતિથી ગુનાખોરી આચરતા થયા છે ત્યારે ફોરેન્સિક સાયન્સ વિભાગ સુરક્ષા કર્મીઓની તપાસ મદદમાં આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરે તે જરૂરી છે. મારી સરકારે આ વિભાગને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ કર્યો છે. વધુમાં, સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત જ એક માત્ર એવું રાજ્ય છે, જયાં ગુના સંશોધન ક્ષેત્રમાં યુનિવર્સિટી કક્ષાનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, જયાં વિદ્યાર્થીઓ સાયબર સિક્યોરીટી, કલીનીકલ સાયકોલોજી જેવા વિષયોનો વિસ્તૃત અભ્યાસ કરી રહ્યા છે.

**ઉર્જા ક્ષેત્ર**

- **રાજ્યને સસ્તા દરે ગેસની ફાળવણી :**

  ગુજરાત રાજ્યને દિલ્હી અને મુંબઇના સમકક્ષ ભાવે એડમિનિસ્ટર્ડ પ્રાઇઝ મિકેનીઝમ ગેસ પુરો નહીં પાડીને કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહેલા અન્યાય સામે કરવામાં આવેલ અનેક રજુઆતોનો કોઇ હકારાત્મક પ્રતિભાવ નહીં મળતાં રાજ્યની સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાએ નામદાર વડી અદાલતમાં પીટીશન કરી હતી, જેના રાજય તરફી ચુકાદાથી ગુજરાત રાજ્યને દિલ્હી અને મુંબઇના ભાવે ગેસ ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો હતો. આ ચૂકાદા સામે કેન્દ્ર સરકારે નામદાર સર્વોચ્ચ અદાલતમાં કરેલ અપીલ રદબાતલ કરવામાં આવી છે. આમ હવે ગુજરાત રાજ્યને કેટલાક જથ્થામાં એ.પી.એમ. ગેસ ઉપલબ્ધ થયો છે અને રાજ્યમાં ગેસના ભાવ ઘટ્યા છે. પ્રજાહિત અને લોક સુખાકારીની દ્રષ્ટિએ આ રાજયની એક મહત્વની સિદ્ધિ છે.

- કેન્દ્ર સરકારના ઓઇલ અને નેચરલ ગેસ કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારને મળતી ઓઇલ અને ગેસ પરની રોયલ્ટીના નિયમોના અમલમાં ફેરફાર કરીને આ રોયલ્ટી વળતર બાદની કિંમત ઉપર ચુકવવાનો નિર્ણય લીધો હતો, જેના પરિણામે રાજ્ય સરકારની ઓઇલ અને ગેસની રોયલ્ટીની આવકમાં ઘટાડો થયો હતો, જેની રાજ્યના આવકના સ્ત્રોત ઉપર નકારાત્મક અસર થતી હતી. તે રીતે રાજયએ ₹ ૮૨૯૪ કરોડની આવક ગુમાવી છે. આ પ્રશ્ને રાજ્યની રજુઆતોનો હકારાત્મક પ્રતિભાવ ન મળતાં રાજ્ય સરકારે નામદાર વડી અદાલતમાં કરેલ પીટીશનનો રાજ્યની તરફેણમાં ચુકાદો આવ્યો છે, જે પણ રાજ્ય સરકાર માટે એક મહત્વની સિદ્ધિ છે.

- રાજયમાં કૃષિ ક્ષેત્રે હરિત ક્રાન્તિ અને દુધ ઉત્પાદન ક્ષેત્રે શ્વેત ક્રાન્તિ થયા પછી મારી સરકારના દુરંદેશીભર્યા અભિગમને કારણે ગુજરાતે ઉર્જા ક્ષેત્રે કેસરી ક્રાન્તિ કરી છે. ગુજરાત ભારતનું એનર્જી હબ બનવા જઈ રહ્યું છે. ગુજરાતની હયાત વીજક્ષમતા ૨૨૨૫૭ મેગાવોટના વિક્રમી આંકને સ્પર્શી ગઈ છે. વીજ વિતરણની ગુણવત્તા સુધારવા અનેક નવા સબસ્ટેશનો ઉભા કરવામાં આવ્યા છે. ડાર્ક જોન હેઠળ આવતા વિસ્તારો અને આદિજાતિ વિસ્તારો સહિત રાજયના તમામ ખેડુતોને યોગ્ય વોલ્ટેજથી કૃષિ વપરાશ માટે વીજ પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે. ચાલુ વર્ષે ડાર્ક જોન સહિત કુલ ૪૯૩૦૧ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા છે. સમાજના તમામ જાતિના આર્થિક રીતે નબળા વર્ગોને નિઃશુલ્ક વીજ જોડાણો પુરા પાડવા માટે અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓ હેઠળ ૭૦ હજાર જેટલા ગૃહ

વપરાશ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

- **બિન પરંપરાગત ઉર્જા :**

  રાજયમાં સ્વચ્છ અને હરિયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પુરું પાડવા રાજય સરકારે સૌર વિદ્યુત નીતિ ૨૦૦૯ જાહેર કરી છે, જેના કારણે ૮૫૭ મેગાવોટ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત થયા છે. પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૩૨૩૦ મેગાવોટ થઈ છે.

**નાણાકીય વહીવટ**

મારી સરકારે GST બાબતે હંમેશા સકારાત્મક દ્રષ્ટિકોણ અપનાવ્યો છે. મારી સરકારનો મુદ્દો માત્ર એટલો જ રહયો છે કે GST માટે ઈન્ફર્મેશન ટેકનોલોજી આધારિત નેટવર્ક સ્થાપવામાં આવે તો જ રાજયો GST નો સુચારૂ અમલ કરવા સક્ષમ બની શકે. બંધારણમાં GST સંદર્ભે નોંધપાત્ર ફેરફાર કરવામાં આવી રહયો હોય ત્યારે ભારત જેવા મહાન સંવૈધાનિક અને લોકતાંત્રિક દેશમાં સમવાય તંત્રની ગરીમા જાળવી રાજયોની આવક પર થનાર અસરના પ્રશ્ને રાજયોને વિશ્વાસમાં લેવામાં આવે તે યોગ્ય રહે.

**વેરાકીય આવકઃ**

- કરચોરી અટકાવવા વાણિજ્યિક વેરા તંત્ર દ્વારા સઘન કામગીરી કરવામાં આવે છે. તેની વેરાકીય આવક પર સઘન અસર થઇ છે.
- તા.૨૭/૭/૨૦૧૨ના રોજ નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો રાજ્ય સરકારની તરફેણમાં આવતા એસ્સાર ઓઇલ લિ દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ તા.૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં ₹ ૩૪૨૯ કરોડ ભરપાઇ કરેલ છે.
- ગુજરાત સરકારને વેલ્યુએડેડ ટેક્ષ ઈન્ફર્મેશન સિસ્ટમ માટે Enterprises Driving Growth and Excellence through IT સંસ્થા દ્વારા Silver Edge Award 2013 એનાયત કરવામાં આવ્યો છે.

**કેન્દ્રિય વેચાણવેરાનું વળતરઃ**

- કેન્દ્રિય વેચાણવેરાનો દર ભારત સરકાર દ્વારા ૪ ટકા થી ઘટાડી ૨ ટકા કરવામાં આવ્યો છે. તે પેટે રાજય સરકારને વળતરની ₹ ૪૬૯૧ કરોડની રકમ ચૂકવવાની બાકી છે, જેને કારણે રાજય સરકારને મોટું આર્થિક નુકશાન થઈ રહ્યું છે, જેની રાજયના વિકાસ કાર્યો ઉપર અસર થઈ છે.

**પેન્શનઃ**

- દરેક પેન્શનર્સ પોતાની બધી જ વિગતો ઓનલાઈન જોઈ શકે તે માટે **પેન્શન પોર્ટલ** કાર્યરત કરવામાં આવેલ છે.

**જુથ વીમા યોજનાઃ**

- ગુજરાત સામૂહિક જનતા જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ માટે ૩ કરોડ ૪૮ લાખ લાભાર્થીઓને, એટલે કે રાજયના ૫૦ ટકાથી વધુ નાગરિકોને આવરી લેવામાં આવ્યા છે.

**ઉદ્યોગ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટને પરિણામે ગુજરાત ઔદ્યોગિક મુડી રોકાણ માટેનું લક્ષ્ય બન્યું છે. પારદર્શક ઔદ્યોગિક નીતિને પરિણામે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ દરમિયાન ગુજરાતમાં મુડી રોકાણ માટે મળેલી દરખાસ્તોમાંથી મોટાભાગની કાર્યાન્વિત થઈ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ₹ ૨,૪૩,૬૪૬ કરોડનું મુડી રોકાણ ધરાવતા ૫,૯૫૩ પ્રોજેકટ કાર્યાન્વિત થયા છે, જયારે ₹ ૮,૪૫,૩૩૧ કરોડનું મુડી રોકાણ ધરાવતા ૩,૪૬૧ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

**મેન્યુફેકચરીંગ પોલીસીઃ**

મેન્યુફેકચરીંગ ક્ષેત્ર દ્વારા મોટા પ્રમાણમાં રોજગારી ઉભી થાય છે, જેનો રાજયના જીડીપીમાં ૨૭ ટકા જેટલો ફાળો છે, જે વધારીને વર્ષ ૨૦૧૭ સુધીમાં ૩૨ ટકા સુધી લઇ જવાનું મારી સરકારનું ધ્યેય છે. તે ધ્યાને લઇ મેન્યુફેકચરીંગ પોલીસી જાહેર કરવામાં આવી છે. નવી મેન્યુફેકચરીંગ પોલીસીમાં ઓટો અને ઓટો કમ્પોનન્ટ્સ, સોલાર એન્ડ વીન્ડ પાવર ઇકવીપમેન્ટ મેન્યુફેકચરીંગ, સ્પેશ્યાલીટી અને ફાઇન કેમીકલ્સ, ઇલેકટ્રોનિક સીસ્ટમ ડીઝાઇન એન્ડ મેન્યુફેકચરીંગ તેમજ ફુડ અને એગ્રો બીઝનેશને આવરી લેવામાં આવ્યા છે.

**ટેક્ષટાઈલ ઉદ્યોગ:**

ગુજરાત દેશનું કાપડ ઉદ્યોગનું અગ્ર રાજ્ય રહ્યું છે. મારી સરકારે ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી ફાર્મ–ફાઈબર–ફેબ્રીક્સ–ફેશનની મૂલ્ય શ્રુખંલાને સંગીન બનાવવા માટેના સંકલિત અભિગમ સાથે જાહેર કરી છે. ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે રાજય સરકારે વિવિધ પ્રોત્સાહન યોજનાઓ જાહેર કરી છે. જેમાં વ્યાજ સહાય, વેટ માફી, ટેકનિકલ ટેક્ષટાઈલ સહાય વિગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હયાત એકમોને એનર્જી કન્ઝર્વેશન, વોટર કન્ઝર્વેશન અને પર્યાવરણ અનુપાલન માટે સહાય તથા ટેકનોલોજી એકવીઝીશન અને અપગ્રેડેશન માટે સહાય આપવામાં આવે છે. પાવરલૂમ ક્ષેત્રને તાલીમ સહાય ઉપરાંત ટેક્ષટાઈલ અને એપરલ પાર્ક સ્થાપિત કરવા માટે સહાય આપવામાં આવે છે.

**ગ્લોબલ ઇકોનોમીક હબનો વિકાસઃ**

રાજયના આર્થિક વિકાસને મજબુત કરવા મારી સરકારે ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ ઘડયો છે. આ એકટ રાજયમાં ગ્લોબલ ઇકોનોમીક હબની સ્થાપના કરવા, વિકસાવવા અને તેનું નિયમન કરવાના ઉદ્ધેશથી તૈયાર કરાયો છે. મારી સરકારનો ઉદ્ધેશ મોટા કદના સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો વિકાસ વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રકચર અને આધુનિક નાગરિક સુવિધા સાથે કરવાનો છે. મારી સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૭ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન નોટીફાઇ કરાયા છે.

- ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન
- પેટ્રોલીયમ અને પેટ્રોકેમીકલ્સ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન
- અલિયાબેટ એન્ટરટેનમેન્ટ એન્ડ ઇકો ડેવલપમેન્ટ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ

રીજીયન

- સાંતલપુર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન
- હાલોલ – સાવલી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન
- નવલખી સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન
- માંડલ – બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન

**સ્માર્ટ સીટીઝનો વિકાસ:**

દિલ્હી–મુંબઇ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરના વિકાસના ભાગરૂપે મારી સરકાર દ્વારા સ્માર્ટ સીટીઝના વિકાસનો નવતર અભિગમ ઘડવામાં આવ્યો છે. પ્રથમ તબક્કે પાયલોટ પ્રોજેક્ટ તરીકે (૧) સાણંદ, (૨) ચાંગોદર અને (૩) દહેજ વિચારણા હેઠળ છે. આ સીટીઝના ફીઝીબીલીટી અભ્યાસો પૂર્ણ કરાયા છે. જાપાનીઝ કંપનીના સહયોગથી આ સ્થળોના સ્માર્ટ સીટીઝ તરીકે વિકાસ માટેની કાર્યવાહી હાથ ધરી છે.

**સૂક્ષ્મ/લઘુ/મધ્યમ ઔદ્યોગિક એકમોઃ**

રાજયના ઔદ્યોગિક વિકાસમાં આ ઔદ્યોગિક એકમોનો મહત્વનો ફાળો છે. રાજયએ સૂક્ષ્મ, લઘુ, મધ્યમ ઔદ્યોગિક એકમોના એકટનો અમલ કર્યો છે, જે અમલમાં આવ્યા બાદ ૧૧ લાખ જેટલી રોજગારી સાથે ૪૮ હજાર કરોડના મૂડી રોકાણવાળા ૧ લાખ ૫૯ હજાર સૂક્ષ્મ/લઘુ/મધ્યમ ઔદ્યોગિક એકમો કાર્યાન્વિત થયા છે.

**મીઠા ઉદ્યોગઃ**

દેશના મીઠાના ઉત્પાદનમાં રાજયનો હિસ્સો ૭૭ ટકા જેટલો છે. આ ઉદ્યોગ માટે આવશ્યક આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તેમજ અગરીયાઓ, મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા મજુરો અને તેમના કુટુંબીજનોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ મંજુર કરવામાં આવી છે. તે માટે આ વર્ષે ₹ ૧૭ કરોડ જેટલો ખર્ચ થયો છે.

**કુટિર અને ગ્રામોદ્યોગઃ**

સ્વરોજગારીની તકો ઉભી કરવા મારી સરકાર દ્વારા વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

બાજપેયી બેંકેબલ યોજના હેઠળ નવેમ્બર–૨૦૧૩ સુધીમાં ૧૭૦૦૦ જેટલા લાભાર્થીઓને ₹ ૧૫૭ કરોડની લોન અને ₹ ૨૮ કરોડની સબસીડી ચૂકવવામાં આવી છે.

માનવકલ્યાણ ટુલકીટ યોજના હેઠળ નવેમ્બર–૧૩ સુધીમાં કુલ ૭૦૦૦૦ ટુલકીટ ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓને આપવામાં આવી છે.

કુલ ૧૧૦૦૦ લાભાર્થીઓને જુદા જુદા ટેકનીકલ ટ્રેડમાં કૌશલ્ય નિર્માણ તાલીમ આપવામાં આવી છે.

કુટીર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે ૧ લાખ ૪૩ હજાર પૂરક રોજગારીનું નિર્માણ

કરવામાં આવ્યું છે.

**ખનિજોઃ**

મારી સરકારે બ્લોક નોટીફિકેશન થકી માઈનીંગ વિસ્તારની પારદર્શી અને ઝડપી ફાળવણી કરી છે. ખનિજ ક્ષેત્રે ઇ–ગવર્નન્સના ભાગરૂપ ઇ–પેમેન્ટ, ઇ–રોયલ્ટી અને ઇ–રિટર્ન ની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી માટે ઇ–ગવર્નન્સ ક્ષેત્રનો ભારત સરકારના એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મસ એન્ડ પબ્લીક ગ્રીવન્સીસ ડીપાર્ટમેન્ટનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. અંબાજી અને ધ્રાંગધ્રા ખાતે આર્ટીજન પાર્ક શરૂ કરવામાં આવ્યા છે, જેમાં ડાયમેન્શન સ્ટોન જેવા કે ગ્રેનાઇટ, માર્બલ, સેન્ડ વિગેરેના કારીગરોને તાલીમ આપવાની સુવિધા છે. કારીગરોને રોજગારી મળે અને શિલ્પ કળા વિકસિત થાય તેવા દ્વિપાંખીયા વ્યુહ સાથે આ આર્ટીઝન પાર્ક સ્થાપવામાં આવ્યા છે. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ પ્રયોગશાળાને એન.એ.બી.એલ.ની માન્યતા મળે તે અર્થે ગાંધીનગર નજીક પ્રયોગશાળાનું નવું મકાન બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**પ્રવાસન**

રાજયના પ્રવાસે આવતા લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહયો છે. ગુજરાત ટુરીઝમ ઓપોર્ચ્યુનિટી કંપની (ગુજટોપ) દ્વારા પીપીપી મોડ ઉપર ૩૯ પ્રોજેકટના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સાપુતારાના સર્વાંગી વિકાસ અને વધુ પ્રવાસીઓને આકર્ષવા માટે મોન્સુન ફેસ્ટીવલ યોજવામાં આવ્યો હતો, જે આદિવાસી સંસ્કૃતિ તેમજ હસ્તકલાને લીધે પ્રવાસીઓમાં ખૂબ જ લોકપ્રિય થયો હતો. પેરાગ્લાઈડીંગ ઈવેન્ટમાં પણ પ્રવાસીઓએ વ્યાપક પ્રમાણમાં ભાગ લીધો હતો. તીથલ તેમજ માંડવી(કચ્છ) ખાતે બીચ ફેસ્ટીવલની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પણ રણોત્સવનો પ્રવાસીઓએ મોટા પાયે લાભ લીધો હતો. ‘કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા’ની ઉકિત દેશ–વિદેશના પ્રવાસીઓએ સ્વીકારી છે. આ ઉત્સવો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ એટલા લોકપ્રિય થયા છે કે પ્રવાસીઓ તરફથી આ ઉત્સવોના સમયગાળામાં વધારો કરવા માગણીઓ થઈ છે. ગુજરાતના પ્રવાસે આવતા પ્રવાસીઓની સંખ્યા ર.૫૪ કરોડ જેટલી થઈ છે. દેશમાં પ્રવાસન ક્ષેત્રનો વિકાસ દર ૭ ટકા છે, જયારે ગુજરાતમાં આ દર ૧૪ ટકા છે.

ગુજરાતમાં આવેલ વિવિધ મંદિરો કે જ્યાં દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં જાય છે, તે દ્વારકા, ડાકોર, શામળાજી, સિધ્ધપુર, બિન્દુ સરોવર, બહુચરાજી, ચોટીલા વિગેરેના વિકાસની કામગીરી પૂર્ણતાને આરે છે.

ભારત વર્ષમાં ૫૧ આદ્ય શકિતપીઠનો અનેરો મહિમા છે. જેમાં લાખો શ્રદ્ધાળુઓ આસ્થા ધરાવે છે. આ આદ્યશકિતના એક જન્મમાં એક સ્થાને અને એક સાથે દર્શન કરવાનો અવસર માત્ર ગુજરાતની પવિત્ર ધરા અંબાજી ધામમાં ગબ્બરની ગોખમાં ત્રણ કીલોમીટરના પરિક્રમા પથમાં નવનિર્માણ કરવામાં આવી છે. આ રાજય સરકારનો એક સ્વપ્નશીલ પ્રોજેકટ છે. જે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગુજરાત સરકાર અને આરાસુરી અંબાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા પરિપૂર્ણ કરવામાં આવ્યો છે, જે માત્ર ભારત વર્ષના જ નહીં, પરંતુ વિશ્વના શ્રદ્ધાળુઓમાં આસ્થાનું સ્થાન બની

રહેશે. આ નવનિર્માણ માટે અંદાજીત ₹ ૬૦ કરોડ ઉપરનો ખર્ચ થયો છે.

ઉપરાંત, અંબાજી યાત્રાધામ સંકુલમાં આદ્યશકિતના અનુષાંગિક ધાર્મિક ગ્રંથોના સંદર્ભથી થ્રીડી ફીલ્મ તૈયાર કરવામાં આવી છે અને તે પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહયું છે.

તેમજ, એડવેન્ચર સ્પોર્ટસના ભાગરૂપે હિલિયમ બલુન, એ.ટી.વી.ટી તેમજ રોપવે જેવી વિશિષ્ટ એડવેન્ચર સ્પોર્ટસ પણ શરૂ કરવામાં આવ્યું છે. જે અંબાજી ધામમાં લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

પ્રવાસન ક્ષેત્રે મારી સરકારે જે આયોજન કર્યું છે તેને કારણે મહામહિમ રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે વર્ષ ૨૦૧૩માં ત્રણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

(૧) Award of Excellence- Best Tourism Film

(૨) Most Innovative use of Information Technology

(૩) Best State/UT-Comprehensive Development of Tourism

પ્રવાસન ક્ષેત્રના વિકાસ થકી રાજયમાં નોંધપાત્ર પ્રમાણમાં રોજગારી પેદા થઈ છે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

ઈ–ગવર્નન્સના અમલીકરણ, આંતરમાળખાંકીય સુવિધાઓ, તેને અંતર્ગત નીતિઓ અને પરિયોજનાઓ સંદર્ભે ગુજરાત દેશના આગળ પડતાં રાજ્યોમાંનું એક બન્યું છે. અમલીકરણ એજન્સીઓએ ગુજરાતને સૌથી વધુ ઈ–પ્રીપેર્ડ રાજ્યો પૈકીનું એક ગણ્યું છે. મારી સરકારે પ્રેરણાદાયી અને વિકાસલક્ષી નીતિઓ ઇ–ગવર્નન્સને ઉત્તેજન આપવા માટે ઘડી છે.

- રાજયના નાગરિકો માન. મુખ્યમંત્રીશ્રીને સરળતાથી સીધી જ રજૂઆત કરી શકે તે માટે અમલમાં મુકાયેલા ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ ‘‘સ્વાગત’’ અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં રાજયકક્ષાના ‘‘સ્વાગત’’ કાર્યક્રમમાં કુલ ૧,૪૧૯ ફરિયાદો મળી છે, જે પૈકીની ૯૨ ટકા ફરિયાદોનો ઉકેલ આવ્યો છે, જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કુલ ૬૩,૫૧૬ ફરિયાદો મળી છે, જે પૈકીની ૯૯ ટકા ફરિયાદોનો ઉકેલ આવ્યો છે, તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કુલ ૧,૬૯,૫૯૧ ફરિયાદો મળી છે, જે પૈકીની ૯૮ ટકા ફરિયાદોનો ઉકેલ આવ્યો છે, ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં કુલ ૯૭,૮૭૮ ફરિયાદો મળી છે, જે પૈકીની ૭૯ ટકા ફરિયાદોનો ઉકેલ આવ્યો છે.
- ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટરે તાજેતરમાં આઇ. ટી. સીકયુરીટી અને તેની સ્ટાન્ડર્ડ પ્રક્રિયાઓ સંબંધમાં ISO-20000 અને ISO-27001 મેળવ્યા છે.
- ઈ–ગવર્નન્સને સઘન બનાવવાના ભાગરૂપે મારી સરકારે G-SWAN નેટવર્ક સ્થાપ્યું છે, જે ૩૩ જિલ્લાઓના ૨૪૯ તાલુકામાં ૪૪૦૦ કચેરીઓ અને ૬૦૦૦૦ વપરાશકર્તાઓને આવરી લે છે.
- આઇ.ટી. અને ઈ–ગવર્નન્સ ક્ષેત્રે રાજય સરકારને અત્યાર સુધીમાં ૧૧૭

એવોર્ડઝ મળ્યા છે.

- ઈ–તાલ (ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેકશન એગ્રીગેશન એન્ડ એનાલિસીસ લેયર) વેબ પોર્ટલ પર ગત વર્ષે ૪૦ કરોડ જેટલા ટ્રાન્ઝેક્શન્સ નોંધાયા હતા, જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે.
- ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટીએ એના પ્રથમ ચરણનો વિકાસ પૂર્ણ કર્યો છે અને હવે બીજા તબક્કામાં ઇન્ફર્મેશન ટેકનોલોજી, બાયોટેકનોલોજી, નેનો ટેકનોલોજી, રોબોટીક્સ તથા ઉદ્યોગો તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીના અગ્રેસર ક્ષેત્રો સંબંધી સવિશેષ થીમ પેવેલિયનો આકાર પામી રહ્યાં છે.
- મારી સરકારે નવતર શોધની શકયતાઓ જાણવા અને વિકસાવવા ગુજરાત સ્ટેટ ઈનોવેશન કાઉન્સીલની રચના કરી છે, કે જે રાજયમાં બહુલક્ષી સંતુલિત વિકાસના ઉદ્દીપક તરીકે કામ કરશે.
- રાજયની ભૂંકપ સંશોધન સંસ્થા ભૂંકપ ક્ષેત્રે સંશોધન કરતી ભારતની એક માત્ર સંસ્થા છે.

**મહેસૂલી વહીવટ**

મારી સરકાર દ્વારા સત્તાના વિકેન્દ્રીકરણના ભાગરૂપે નવા ૭ જિલ્લા અને ૨૩ તાલુકાઓની રચના કરીને તથા આ નવા રચાયેલા જિલ્લા/તાલુકાઓમાં જરૂરી સ્ટાફની નિમણૂંક કરીને નજીકના સ્થળે સરકારી યોજનાઓનો લાભ મળે તથા પ્રદેશ/વિસ્તારનો સમુચિત વિકાસ થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડૂતોના હિતમાં મહેસૂલી કાયદાઓનું સરળીકરણ કરીને અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ખેડૂતો સાથે થતી છેતરપિંડી નિવારવા નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી થાય તે માટે જનસેવા કેન્દ્રો/ઈ.જમીન/ઈ–સ્ટેમ્પીંગ/ફોટો–ફિંગર પ્રીન્ટ કેપ્ચરીંગ જેવા અભિગમો અપનાવ્યા છે. ગામ નમૂના નં.૭/૧૨ ઓનલાઇન કરાયા છે.

**વન અને પર્યાવરણ**

ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં આર્થિક વિકાસ અને પર્યાવરણીય સંતુલનની જાળવણીમાં લોકોનો સહકાર મળી રહે તે જરૂરી છે. તે માટેના આયોજનના ભાગરૂપે ૩૩૪૪ જીએફએમ કમીટી, ૮૧૧ સામાજીક વનીકરણના વિકાસની કમીટી, ઈકો ડેવલપમેન્ટ કમીટીઓ અને ૩૩૬૫ સ્વસહાય જુથોનું ગઠન કરવામાં આવ્યું છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારવાળા ગામોમાં સ્થાનિક લોકો માટે આજીવિકા વૃધ્ધિ માટેના કામો હાથ ધર્યા છે.

- મારી સરકારના સિંહોના રક્ષણ અને પોષણ માટેના વિશેષ પ્રયાસોના કારણે સિંહોની સંખ્યા વધીને ૪૧૧ થઈ છે.
- વર્ષ ૨૦૦૪થી શરૂ કરીને દર વર્ષે ગુજરાતના પવિત્ર યાત્રાધામોમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરી વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.
- રાજયમાં વિકાસના કામોમાં વૃક્ષો કાપવાને બદલે ખાસ મશીનો દ્વારા મોટા વૃક્ષોનું ટ્રાન્સપ્લાન્ટીંગ કરવામાં રાજયને સફળતા મળી છે, જેથી વૃક્ષોને બચાવી શકાયા છે.
- રાજયમાં વૃક્ષોની સંખ્યા વધીને ૩૦ કરોડ ૧૦ લાખ જેટલી થઈ છે.
- સમગ્ર દેશમાં વન બહારના વૃક્ષોના વાવેતરમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે છે.

**પ્રદુષણ નિયંત્રણઃ**

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ મારફત પર્યાવરણના રક્ષણ અને અસરકારક પ્રદુષણ નિયંત્રણ, નિયમન અને વ્યવસ્થાપન માટે મારી સરકાર સતત પ્રયત્નશીલ છે.

- ભારતના આયોજન પંચે ''રાજયમાં પર્યાવરણ નીતિઓ અને કાર્યક્રમોના અમલીકરણમાં સફળ નમૂનાઓ'' શિર્ષક હેઠળ એક અહેવાલ તૈયાર કર્યો છે. ગુજરાત રાજય માટે એ ગર્વનો વિષય છે કે પર્યાવરણ ક્ષેત્રે સૌથી સારા જાહેર કરાયેલા ૧૩ સફળ મૉડેલ્સ પૈકી પાંચ મૉડેલ્સ ગુજરાત રાજયના છે.
- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા NICના સહયોગથી વેબ બેઈઝ્ડ સોફ્ટવેર–એક્સ્જીએન (XGN) વિકસાવવામાં આવ્યું છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને આ સોફ્ટવેર માટે રાષ્ટ્રીય કક્ષાના કુલ ૩ પારિતોષિકો મળ્યા છે.
- બોર્ડ દ્વારા ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સાથે સંયુક્ત રીતે એન્વાયરમેન્ટલ ફૉરેન્સિક સાયન્સના ક્ષેત્રે ટૂંકા તથા લાંબા ગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.
- બોર્ડે પર્યાવરણ ક્ષેત્રે માનવબળ નિર્માણ કરવા શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકલન કરી આઈ.ટી.આઈ. કક્ષાના ચાર નવા અભ્યાસક્રમો શરૂ કર્યા છે.

**માહિતી અને પ્રસારણ**

ગુજરાતના નાગરિકોના સર્વ સમાવેષક અને સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ/કાર્યક્રમોની માહિતી પ્રજા તથા લાભાર્થીઓ સુધી પહોંચાડવાની જવાબદારી પણ મારી સરકાર દ્વારા અસરકારક રીતે થઇ રહી છે. લોકશિક્ષણ માટે વધતા જતા સોશિયલ મીડિયાના પ્રભાવને ધ્યાને લઇ મારી સરકાર દ્વારા ઇન્ટીગ્રેટેડ વેબસાઇટનું પણ સંચાલન કરવામાં આવી રહયું છે. રોજેરોજ અપડેટ કરાઇ રહેલી આ વેબસાઇટ દ્વારા લોકોને સરકારની કામગીરીની માહિતી સતત મળે છે. WAP ધરાવતી વેબસાઇટ દ્વારા ગુજરાત અંગેની માહિતી હવે મોબાઇલ ફોનમાં પણ મેળવી શકાય છે.

મુદ્રિત પ્રકાશનોનો પણ એક અસરકારક માધ્યમ તરીકે ઉપયોગ વધારાવામાં આવી રહયો છે. દર પખવાડીયે પ્રસિદ્દ્ય થતા 'ગુજરાત' પાક્ષિકે વાંચકોમાં આગવી ઓળખ અને મહત્વ પ્રસ્થાપિત કર્યું છે. આ પાક્ષિકની ગુજરાત બહાર દેશમાં અને વિદેશોમાં માંગ ઉઠતાં 'ધ ગુજરાત' અંગ્રેજી ત્રિમાસિક સ્વરૂપે નિયમિત પ્રકાશિત કરવામાં આવી રહયું છે.

**રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ**

મારી સરકારના ખેલ મહાકુંભના આયોજન થકી રમતવીરોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોથી ખેલાડીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સિદ્ધીના નવા શિખરો સર કરવાની શરૂઆત કરી છે, જેમ કે કુ.લજ્જા ગોસ્વામી અને અંકીતા રૈનાએ શુટીંગ અને ટેનીસમાં તથા નીલ કોન્ટ્રાકટર અને માના પટેલે સ્વીમીંગમાં નોંધપાત્ર સિદ્ધીઓ હાંસલ કરી છે. ગુજરાતના યુવકો તથા યુવતીઓ રમગગમત ક્ષેત્રે પદ્ધતિસર કારકીર્દી ઘડી શકે તે માટે સ્થપાયેલી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી કાર્યાન્વિત થઇ છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની

ઉજવણીના ભાગરૂપે ૧૮૦૦૦ વિવેકાનંદ યુવા મંડળો તથા મહિલા મંડળોની સ્થાપના થઇ છે.

**ન્યાય વ્યવસ્થા**

- પડતર અદાલતી કેસોના નિકાલ માટે જુદા જુદા જિલ્લાઓમાં પૂર્ણ સમયની ૨૨ એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે.
- અદાલતોના તથા રહેણાંકના મકાનો માટે ₹ ૬૦૩ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવી છે.

**આયોજન**

ગુજરાત રાજયની વર્ષ ૨૦૧૩–૧૪ની વાર્ષિક વિકાસ યોજના માટે ₹ ૫૯,૦૦૦ કરોડની જોગવાઇ રાખવામાં આવી છે. તે પૈકી પીવાનું પાણી, આરોગ્ય, પ્રાથમિક શિક્ષણ, આવાસન, પોષણ અને અનુ.જનજાતિ, અનુ.જાતિ, સામાજીક અને આર્થિક રીતે પછાત જાતિઓના વિકાસ તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિગેરે જેવી સામાજિક સેવાઓના સદરે કુલ જોગવાઇના ૪૨ ટકા જેટલી ફાળવણી કરવામાં આવી છે. પીવાનું પાણી તથા ખેડુતો માટે સિંચાઈનું પાણી પુરું પાડવા માટે સરદાર સરોવર પરિયોજના માટે ₹ ૯,૦૦૦ કરોડની જોગવાઇ રાખવામાં આવી છે, જે કુલ જોગવાઇના ૧૫.૨૫ ટકા છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન માટે ₹ ૬૦૯.૭૫ કરોડ, તેમજ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો માટે ₹ ૪૦૦ કરોડથી વધુ રકમની યોજના સહિત ₹ ૧,૦૨૯.૭૫ કરોડની જોગવાઇ ફાળવવામાં આવી છે.

વિવિધ ક્ષેત્રે રાજય સરકારની કામગીરીની કદરરૂપે ગત વર્ષે મળેલા ૨૬ એવોર્ડ સહિત છેલ્લા ૧૨ વર્ષ દરમ્યાન કુલ ૩૧૧ એવોર્ડ મળ્યા છે, જે પૈકી માન. વડાપ્રધાનશ્રી તરફથી ૭ એવોર્ડ, ભારત સરકાર તરફથી ૮૨ એવોર્ડ, તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી ૨૪ એવોર્ડ મળ્યા છે.

**ઉપસંહાર**

જ્ઞાનના પ્રસારમાં દઢ વિશ્વાસ ધરાવતી મારી સરકારે વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિબિરો યોજી છે. રાષ્ટ્રીય શિક્ષણ સમિટ–૨૦૧૪, ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ ઓન લાઈવસ્ટોક એન્ડ ડેરી ડેવલપમેન્ટ, અર્બન સમિટ, ઈન્ટર નેશનલ વર્કશોપ ઓન મેન્ગ્રોવ કન્ઝર્વેશન ઈન ઈન્ડીયા, ગુજરાત ગ્લોબલ એગ્રી સમિટમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ મોટી સંખ્યામાં ભાગ લઈ તેઓના જ્ઞાન અને સંશોધનોનો લાભ દેશની જનતાને આપ્યો છે.

ગુજરાતના રાજયપાલ તરીકે તેરમી ગુજરાત વિધાનસભાના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને આ સત્રના પ્રારંભમાં આ ગૃહ મારફતે સંબોધન કરવાનો મારા માટે આ આનંદનો અવસર છે. આપ સૌ પ્રજાના પ્રતિનિધિઓએ તેરમી વિધાનસભા ગૃહના સભ્ય તરીકે સંસદીય લોકશાહીની પ્રણાલીકાઓને અનુરૂપ કામગીરી બજાવી છે. ભવિષ્યમાં પણ ગુજરાત રાજય વિકાસની અનેક નવી સિધ્દિઓ હાંસલ કરી સમગ્ર દેશ અને વિશ્વમાં **'સૌનો સાથ સૌનો વિકાસ'** મંત્ર દ્વારા પથદર્શક બને તેમજ વિકાસના માર્ગે સમગ્ર દેશને નેતૃત્વ પુરૂં પાડી દિશાસૂચન કરે તેવી અભિલાષા સાથે અંત:કરણથી શુભકામનાઓ પાઠવું છું.

**જય જય ગરવી ગુજરાત**

**જય હિન્દ**

# રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ (રજૂઆત)

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

''અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ''

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ ચૌહાણે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# શોકદર્શક ઉલ્લેખો

ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી વાઘજીભાઇ ધરમશીભાઇ પટેલના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી વાઘજીભાઇ ધરમશીભાઇ પટેલનું તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ૬૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૩જી માર્ચ, ૧૯૪૭ના રોજ કચ્છ જિલ્લાના રાપર મુકામે થયો હતો. તેઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે તેરમી ગુજરાત વિધાનસભામાં રાપર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન પ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત રાજયના પૂર્વ મંત્રી શ્રી મોતીભાઇ માવજીભાઇ ચાવડાના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી મોતીભાઇ માવજીભાઇ ચાવડાનું તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૧૩ના રોજ ૮૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ચાવડાનો જન્મ ૨૯મી ઓકટોબર, ૧૯૩૨ના રોજ અમદાવાદ જીલ્લાના ધંધુકા તાલુકાના બરવાળા ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ચાવડા સમાજસેવા અને ખેતીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ચાવડાએ સાતમી ગુજરાત વિધાનસભામાં બાવળા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ તા. ૧૦–૧૨–૮૯ થી તા. ૩–૩–૧૯૯૦ દરમ્યાન ગુજરાત સરકારમાં કુટીર ઉદ્યોગ, સમાજ કલ્યાણ, સમાજ સુરક્ષા, નશાબંધી અને આબકારી વિભાગના મંત્રી પદે રહીને સુંદર કામગીરી કરેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ ગરીબોના ઉત્કર્ષ સાથે સંકળાયેલ એક ઉત્તમ સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવરના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : નનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવરનું તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી રહેવરનો જન્મ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૨૮ના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રૂપાલ મુકામે થયો હતો. તેઓશ્રી સમાજસેવાના કામ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી રહેવરે પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં બાયડ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનપ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માણેકભાઇ સોમાભાઇ તડવીના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માણેકભાઇ સોમાભાઇ તડવીનું તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી તડવીનો જન્મ ૧લી જૂન, ૧૯૪૦ના રોજ છોટાઉદેપુર મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું અને તેઓશ્રી સમાજસેવાના કાર્ય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી તડવી ત્રીજી ગુજરાત વિધાનસભામાં જેતપુર મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા અને પ્રજાકીય પ્રશ્નોના ઉકેલમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બુધાજી જીતાજી ચૌહાણના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બુધાજી જીતાજી ચૌહાણનું તારીખ ૧૯મી ઓકટોબર, ૨૦૧૩ના રોજ ૭૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણનો જન્મ ૬ઠ્ઠી મે, ૧૯૩૪ના રોજ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના લાડુજીના મુવાડા ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણે વર્નાકયુલર ફાઇનલ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના કામ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણે ચોથી, પાંચમી, છઠ્ઠી તેમજ સાતમી ગુજરાત વિધાનસભામાં કપડવંજ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શંભુભાઇ વલ્લભભાઇ પટેલના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શંભુભાઇ વલ્લભભાઇ પટેલનું તારીખ ૧લી ઓકટોબર, ૨૦૧૩ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧લી ફેબ્રુઆરી, ૧૯૨૩ના રોજ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના પલોલ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવાના કામ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં સુરત શહેર(ઉત્તર) મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન પ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જેશીંગભાઇ ડુંગરીયાભાઇ વસાવાના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જેશીંગભાઇ ડુંગરીયાભાઇ વસાવાનું તારીખ ૨૧મી ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ ૭૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી વસાવાનો જન્મ ૧૮મી એપ્રિલ, ૧૯૪૧ના રોજ સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ધાણાવડ મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના કામ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી વસાવાએ છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં માંગરોળ મત વિસ્તારના ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું અને પ્રજાહિતના કાર્યો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઉમદા કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. કુમુદિનીબેન ગજેન્દ્રભાઇ પંચોલીના અવસાન અંગે.

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. કુમુદિનીબેન ગજેન્દ્રભાઇ પંચોલીનું તા.૧૫મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડો. કુમુદિનીબેનનો જન્મ તા.૨૬મી જુન, ૧૯૩૯ના રોજ સુરેન્દ્રનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. (ઓનર્સ) તથા બી.પી.એન.એ. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. તેઓશ્રી તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ ડો. કુમુદિનીબેને સાતમી ગુજરાત વિધાનસભામાં ભૂજ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને સક્રિય ધારાસભ્ય તરીકે લોકહિતના કામો કરીને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પરસોત્તમભાઇ નાનજીભાઇ ભોજાણીના અવસાન અંગે.

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પરસોત્તમભાઇ નાનજીભાઇ ભોજાણીનું તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ૬૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ભોજાણીનો જન્મ તા. ૭મી નવેમ્બર, ૧૯૫૧ના રોજ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના બાદનપર ગામે થયો હતો. તેઓશ્રીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને કૃષિ તેમજ ઉદ્યોગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ભોજાણીએ અગિયારમી ગુજરાત વિધાનસભામાં જોડિયા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રી જીવનના અંતિમ વર્ષોમાં જામનગર એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન તરીકે અમૂલ્ય સેવાઓ આપી રહ્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ.વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ નવ જેટલા મિત્રો, જે હમણાં જ સ્વર્ગવાસી થયા છે, એમના અવસાન અંગે દિલસોજી વ્યક્ત કરી છે, એમાં હું મારો સૂર પૂરાવું છું.

સ્વ.શ્રી વાઘજીભાઇ પટેલ ગયા સત્રમાં આપણી વચ્ચે હતા. રાપર મત વિસ્તારમાંથી પહેલી વખતે ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા. તેઓ સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા હતા. તેઓ સાદા કહી શકાય, સાચા કહી શકાય તેવા કાર્યકર હતા. સ્વાભાવિક છે કે હવે તેઓ આપણી વચ્ચે નથી એટલે દુઃખ થાય.

સ્વ.શ્રી મોતીભાઇ ચાવડા, અમદાવાદ જિલ્લાના દલિત સમાજના સાચા બોલા અને આખા બોલા કાર્યકર હતા. થોડા વખત માટે તેઓ મંત્રી પણ બનેલા. તેમણે મંત્રી નહીં બનું ત્યાં સુધી જૂતા નહીં પહેરું એવી પ્રતિજ્ઞા કરેલી અને ભગવાને એમની સામું જોયેલું અને તેઓ મંત્રી બનેલા. તેઓ જેનું કોઇ ન હોય તેવા માણસો માટેના દલિત સમાજના લડવૈયા હતા.

સ્વ. શ્રી લાલસિંહજી રહેવર. સ્વતંત્ર પાર્ટીથી રાજકારણમાં તેમના જીવનની શરૂઆત થયેલી. એક મિલ માલિક પાસે સ્વતંત્ર પાર્ટીના આગેવાનો એમને સ્વતંત્ર પાર્ટીના ઉમેદવાર બનાવવા ગયા હતા. ત્યારે એ મિલ માલિકે ના પાડી અને એમણે કહ્યું કે, આ મારા જ માણસ છે, એમને ઉમેદવાર બનાવો અને એ અચાનક જ બાયડ જેવા આર્થિક, સામાજિક પછાત કહી શકાય તેવા વિસ્તારમાંથી સ્વતંત્ર પાર્ટીમાંથી ઉમેદવારી કરેલી. સારી રીતે જાહેર જીવનમાં બહુ સામાન્ય કહી શકાય તેવા અને કોઇપણ જાતની ઔપચારિકતા સિવાય, આપને પણ મળવું હોય તો સીધા અંદર આવે એવા, આખા બોલા, સાચા બોલા અને નિરાભિમાની એવા ધારાસભ્ય હતા. બાયડમાં સારી એવી સેવા એમણે કરી હતી. ગરીબ સમાજના વિદ્યાર્થીઓને ભણાવવા માટેની હોસ્ટેલ, શાળા વગેરેમાં છેલ્લે સુધી કાર્યરત હતા.

સ્વ. શ્રી માણેકભાઇ તડવી, સ્વભાવે સારા એવા, આદિવાસી સમાજના કાર્યકર્તા હતા અને હું માનું છું ત્યાં સુધી સ્પીકર જે હતા એમના વિસ્તારમાંથી ધારાસભામાં હતા.

સ્વ.શ્રી બુધાજી જીતાજી ચૌહાણ મારા ખ્યાલથી આર્થિક, સામાજિક પછાત વર્ગ બોર્ડના ચેરમેન હતા અને હું માનું છું ત્યાં સુધી કપડવંજ મારા જ ક્ષેત્રમાંથી સામાન્ય કહી શકાય એવા સામાન્ય પરિવારમાંથી તેઓ આવતા હતા. ભણતર મળ્યું, ન મળ્યું તો પણ લોકસેવામાં સંસ્થા કોંગ્રેસના માધ્યમથી જાહેર જીવનમાં આવ્યા હતા અને હું માનું છું ત્યાં સુધી ત્રણેક વખત એ વિધાનસભામાં રહ્યા અને ખૂબ જ નિરાભિમાની અને છેલ્લે સુધી પોતાના વતનને ન ભૂલતાં લાલુજીના મુવાડામાં નિવૃત્તિ પછીનો સમય ત્યાં ગાળેલો અને તેઓ પણ આપણી વચ્ચે રહ્યા નથી.

સ્વ.શ્રી શંભુભાઇ વલ્લભભાઇ પટેલ, ખેડા જિલ્લાના, પણ સુરતને કાર્યક્ષેત્ર બનાવેલું. કાર્યક્ષેત્રમાં

ફક્ત ધારાસભ્ય તરીકે નહીં પણ બેંકીંગ ક્ષેત્રમાં તેમની સેવાઓ આજે પણ બોલે છે. તેઓની તબિયત નાદુરસ્ત હોવા છતાં પણ બધાની વચ્ચે સક્રિય રહીને એ છેલ્લા શ્વાસ સુધી જાહેર જીવનમાં રહેલા અને બેંકીંગ માળખાની ચિંતા કરેલી. સ્વ.શ્રી જેશીંગભાઇ ડુંગરીયાભાઇ વસાવા, એ પણ આદિવાસી સમાજના સારા એવા કાર્યકર્તા હતા. એ પણ બહુ નાની વયમાં આપણા વચ્ચેથી અવસાન પામ્યા છે. ડો. કુમુદિનીબેન સુરેન્દ્રનગર જિલ્લાના વતની અને મેડિકલ પ્રેકટીશનર, ભુજમાંથી વિધાનસભામાં હતા. મહિલા કાર્યકર્તાઓ જાહેર જીવનમાં ઓછા આવે છે. એમાં હિંમતવાળા અને છતાં પણ બધાની વચ્ચે હળીભળી જાય એવા કુમુદિનીબેન પંચોલી, એ પણ આજે આપણા વચ્ચે નથી. સ્વ.શ્રી પરસોત્તમભાઇ નાનજીભાઇ ભોજાણી હમણા થોડા દિવસ પહેલા તો હરતા ફરતા હતા. જાડાના ચેરમેન હતા. સારા એવા કાર્યકર્તા હતા. ધ્રોળ જોડીયામાંથી વિધાનસભામાં હતા. એ પણ આપણી વચ્ચે નથી. હું માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી છે, એમાં મારો સૂર પૂરાવી આપના માધ્યમથી આખા હાઉસ તરફથી આપ એમને દિલસોજી વ્યકત કરશો, એમના આત્માને મોક્ષ મળે, કુટુંબને હિંમત મળે, એવી મારા તરફથી દિલસોજી વ્યકત કરશો.

શ્રી પરબતભાઇ સ. પટેલ (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે, તેમાં આદરણીય સ્વ શ્રી વાઘજીભાઇ કે જે ગત ટર્મમાં જ આપણી વચ્ચે વિધાનસભાના સભ્ય હતા. વાઘજીભાઇની ખૂબ નાની ઉંમર, એટલે કે ૬૬ વર્ષની ઉંમર હતી. ૨૬ વર્ષની ઉંમરે એ વિધુર થયેલા, એમના પત્નીનું અવસાન થયેલ હતું. એક દીકરો અને બે દીકરી. આ બન્ને માટે પુનઃ લગ્ન નથી કરવા એવું નકકી કર્યુ અને એમણે એમનું જીવન એ રીતે પસાર કર્યું, અત્યારે દીકરો બોમ્બે રહે છે. સમાજને પણ એ રીતે સમર્પીત હતા. નાના નાના બધા જ કામોમાં, ગ્રામ પંચાયતમાં સરપંચ, તાલુકા સંઘ, માર્કેટ કમિટી, એના સભ્યથી લઇને એના ચેરમેન તરીકેની પણ એમની ઉત્તમ સેવાઓ અને રાપર સત્તા વિકાસ મંડળના ચેરમેન તરીકે પણ એમણે કામગીરી કરી, પણ આ બધામાં રહીને સમાજ જીવનમાં સમાજની વાડીમાં રહેવાનું, સુવાનું પણ ત્યાં. અડધી રાતે કોઇપણ માણસ જગાડે તો એના નાના મોટા કોઇ પણ ટાંપા, દવાખાનાનું કામ હોય, રેશન કાર્ડ કઢાવવાનું હોય, તાલુકા પંચાયત કે બી.પી.એલ. લાભાર્થી બધા જ કામોમાં એ સક્રિય રસ લઇને લોકો વચ્ચેની એક એમની એવી છાપ કે હરતી ફરતી ઓફિસ એટલે વાઘજીભાઇ. ખેડૂતોના પ્રશ્નોમાં એટલો જ ઉંડો રસ લે. એક એક વસ્તુનું નોલેજ કે નાના માણસના નાના ટાંપા માટે જેટલી જરૂરિયાત પડે એવા બધા જ પ્રશ્નો ઉકેલવાની શકિત, સહકારનો માણસ ખેડૂતપુત્ર, ખેતી જાતે કરતો હોવાને લીધે રેવન્યુનો તો એટલો બધો એમને અભ્યાસ કે જે કંઇ પ્રશ્નો વર્ષોથી પડયા હતા, આમાં રહીને ટાંપુ કરતા હતા, પણ ધારાસભ્ય થયા પછી પહેલી જ વખત વર્ષો જૂનો જમીન માપણીનો જે ખેડૂતોનો પ્રશ્ન હતો એ પ્રશ્નની આપણા મહેસૂલ મંત્રી આદરણીય આનંદીબેન જોડે રજૂઆત કરી, જે વાત ગળે ઉતારી અને આખા જિલ્લાનો વર્ષો જૂનો પ્રશ્ન જે એમની રજૂઆતથી ઉકલ્યો. કોઠાસુઝ એવી, રજૂઆત કરવાની અને કયાંય પણ સાચી વાત કરતા જે માણસ ડરે નહી, વચ્ચે જયારે હું આખા વિસ્તારના પ્રવાસમાં ગયો એ વખતે એ ધારાસભ્ય નહોતા, કયાંય પણ લોકોને એમ હોય કે વાઘજીભાઇ એટલે હરતી ફરતી ઓફિસ અને આખા જિલ્લામાં એમનું નામ એવું કે સેવાભાવી માણસ, સાદો ખેડૂત માણસ. અત્યારે જયારે એમનું અવસાન થયું ત્યારે ૯–૦૦ વાગે તો એક દુકાનનું લોકાર્પણ કરવા ગયા હતા. અને જે બનાવ બન્યો એના માત્ર દસ જ મિનિટમાં એમનું અવસાન થયું. સમગ્ર રાપર વિસ્તાર અને ભચાઉ જ નહીં આખા જિલ્લામાં એક ભેખધારી માણસ તરીકે સમાજ જીવનમાં ખૂબ ખોટ પડી છે. એમનો સમાજ એમ કહે છે કે આવો માણસ અમને મળશે નહીં. જાહેર જીવનમાં એક જબરજસ્ત ખોટ પડી છે.

એમના પરિવારજનો પર જે અચાનક દુઃખ આવી પડયું છે એ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે. બીજા પણ જે ધારાસભ્યશ્રીઓ છે. જેમાં સ્વ. મોતીભાઇની સાથે હું પણ ૧૯૮૫ થી ૧૯૯૦ આ જ ધારાસભામાં હતો, સાથે સાથે સ્વ. લાલસિંહજી રહેવર સાથેના પણ સંબંધો હતા. સ્વ. માણેકભાઇ સોમાભાઇ તડવી, સ્વ.શ્રી બુધાજી જીતાજી ચૌહાણ, આ જ સભાગૃહમાં એમની સાથે મને પણ કામ કરવાની તક મળી હતી. સ્વ. શંભુભાઇ, સ્વ. જેશીંગભાઇ ડુંગરીયાભાઇ વસાવા અને સ્વ. ડો. કુમુદિનીબેન એ પણ આ જ સભાગૃહમાં ૧૯૮૫ થી ૧૯૯૦ અમારી સાથે હતા અને સ્વ.શ્રી પરસોત્તમભાઇ

નાનજીભાઇ ભોજાણી, આદરણીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે, તેમાં હું મારો સૂર પૂરાવુ છું. અને સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે, જે પરિવારજનો પર દુઃખ આવી પડયું છે એ સહન કરવાની શકિત આપે એ જ અભ્યર્થના.

**શ્રી વાસણભાઇ ગો. આહિર(ભા.જ.પ.) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા ખૂબ દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય સ્વ.શ્રી વાઘજીભાઇ ધરમશીભાઇ પટેલ ૩૦મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ ૬૬ વર્ષની વયે દુઃખદ અવસાન પામ્યા છે. જે દિવસે વાઘજીભાઇનું અવસાન થયું તે દિવસે સવારે ૯ વાગ્યે તેઓ એક દુકાનના ઉદ્‌ઘાટનમાં ગયા હતા. ઉદ્‌ઘાટન કર્યા પછી ઓટલા ઉપર નીચે બેઠા હતા અને એમને અચાનક છાતીમાં દુઃખાવો થયો અને આપણા સૌની વચ્ચેથી રજા લઇ ગયા. માનનીય વાઘજીભાઇ માટે જેટલા શબ્દો કહીએ એટલા ઓછા છે. એ પારકી છઠ્ઠીએ જાગવાવાળા માણસ હતા. સિમ્પલ લીવીંગ અને હાર્ડ વર્કીંગ સાથે એમનું સહકારી ક્ષેત્રમાં ખૂબ મોટું યોગદાન કચ્છ જિલ્લામાં રહ્યું હતું. શૈક્ષણિક સંસ્થાઓ સાથે ખૂબ નજીકથી જોડાયેલા હતા. એક તપસ્વી તરીકે આખા વિસ્તારમાં એમણે લોકપ્રિયતા હાંસલ કરી હતી. સ્વ. વાઘજીભાઇ શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત રાપર ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન પણ રહ્યા હતા અને એ વખતે એમણે ખૂબ સુંદર કામગીરી કરી હતી. સમગ્ર રાજયને આવા એક કર્મઠ કાર્યકર્તાની ખોટ પડી છે તે આપણે સૌ જાણીએ છીએ. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યો છે. પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે. આપના માધ્યમથી એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

એવા જ બાકીના માનનીય સભ્યશ્રીઓ જે સ્વર્ગવાસ પામ્યા છે, એવા આદરણીય મોતીભાઇ, લાલસિંહભાઇ, માણેકભાઇ, બુધાજી ચૌહાણ, શંભુભાઇ પટેલ, જેશીંગભાઇ વસાવા, કુમુદિનીબેન પંચોલી અને પરસોત્તમભાઇ ભોજાણી આ સર્વેના કુટુંબીજનોને આપના મારફત દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી તારાચંદ જ. છેડા(ભા.જ.પ.) :** માનનીય અધ્યક્ષશ્રી, અમારા કચ્છ જિલ્લાના રાપર વિસ્તારના વર્તમાન ધારાસભ્ય આદરણીય વાઘજીભાઇનું દુઃખદ અવસાન થયું છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા કરતાં કરતાં તેઓનું અવસાન થયું. એક નખશીખ પ્રમાણિક અને નિષ્ઠાવાન સમાજ સેવક તરીકે વર્ષોથી એમણે રાપર અને સમગ્ર વાગડમાં ખૂબ જ લોકચાહના મેળવી હતી. સિમ્પલ લીવીંગ અને કોઇપણ આડંબર વગરના અને નાનામાં નાના માણસ સાથે પણ જનજનના મન સુધી ઉતરી અને એમણે વાગડ અને કચ્છ વિસ્તારની સેવા કરી અને એ કરતાં કરતાં એમનું અવસાન થયું. એનાથી સમગ્ર કચ્છનું જાહેર જીવન રાંક બન્યું છે, એમ કહેતાં પણ હું અચકાતો નથી. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે અને એમના પરિવારજનો ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમની સાથે બીજા ૯ જણાનો જે શોક પ્રસ્તાવ રજૂ કર્યો છે, એમાં હું મારો સૂર પુરાવુ છું અને આપના મારફતે એમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(ભા.રા.કોં) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મુખ્યમંત્રીશ્રી જે ૯ જેટલા માજી માનનીય ધારાસભ્યશ્રીઓ, માજી મંત્રીશ્રીઓ માટે શોક દર્શક ઠરાવ લઇને આવ્યા છે અને તેમાં વિરોધ પક્ષના નેતાશ્રીએ જે સૂર પૂરાવ્યો છે, એમાં હું પણ મારો સૂર પૂરાવવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના સભ્ય માનનીય વાઘજીભાઇ ધરમશીભાઇ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મોતીભાઇ માવજીભાઇ ચાવડા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર, સ્વ.શ્રી માણેકભાઇ સોમાભાઇ તડવી, સ્વ.શ્રી બુધાજી જીતાજી ચૌહાણ, સ્વ.શ્રી શંભુભાઇ વલ્લભભાઇ પટેલ, સ્વ.શ્રી જેશીંગભાઇ ડુંગરીયાભાઇ વસાવા, સ્વ. ડો. કુમુદિનીબેન ગજેન્દ્રભાઇ પંચોલી અને સ્વ.શ્રી પરસોત્તમભાઇ નાનજીભાઇ ભોજાણી, આ નવ જેટલા સ્વર્ગસ્થ માનનીય ધારાસભ્યશ્રીઓ ૬૬ થી ૯૦ વર્ષની વય વચ્ચે આ ગુજરાતની ધરતી છોડીને ગયા એ તમામ માનનીય ધારાસભ્યશ્રીઓના જીવન શિક્ષણ માટે, સહકારી પ્રવૃત્તિ માટે, ખેતીવાડીના ક્ષેત્ર માટે, સામાજિક–આર્થિક પ્રવૃત્તિ માટે અને તાલુકાના ગામોના વિકાસ માટે આખી જિંદગી એ પોતે લોકોના ભલા માટે કામ કર્યુ. પરંતુ કેટલાક એવા ધારાસભ્યો મેં જોયા છે. માણેકભાઇ સોમાભાઇ તડવી, જે પાવીજેતપુર

તાલુકા મતવિસ્તારના ધારાસભ્ય તરીકે કામ કરતા એક સામાન્ય ગરીબવર્ગના માનવી તડવીને એક નાની સરખી દુકાન હતી, સાઇકલનું પંચર કરીને અને જૂના કપડા વેચવાનું કામ કરતા કરતા એ માણસ પોતાના કુટુંબને જીવડાવતો. એવા એક ધારાસભ્ય નથી. ગુજરાતમાં બીજા અનેક ધારાસભ્યો હજુ જીવે છે, પણ જે ધારાસભ્યોની પાસે આજની તારીખે જીવવા માટે કોઇ એવી સુવિધા નથી. પાંચેક ધારાસભ્યોને દર મહિને કેટલીક પાર્ટીઓ તરફથી પણ ૫૦૦૦/– રૂપિયા મહિને મળે છે, એવું કામ પણ જે તે પાર્ટીઓ કરી રહી છે એવી ગરીબ પરિસ્થિતિમાં જીવનારા ધારાસભ્યો આજે પણ ગુજરાતની ધરતી પર મોજુદ છે. જે લોકોને આ જન્મ મળ્યો છે એ લોકો આવતીકાલે આ દુનિયા છોડીને જતા રહેવાના છે. કોઇ આજીવન જીવવાના નથી. કોઇ એમ કહેવાનું નથી કે હું આખી જિંદગી જીવીશ. જે જીવ્યાં છે, જેણે જન્મ લીધો છે, એનું મૃત્યુ નક્કી જ છે, પણ જે ધારાસભ્યો આ રાજ્ય માટે સતત આખી જિંદગી જેણે મહેનત કરી છે, તેવા ધારાસભ્યોએ રાજ્ય માટે જે કામ કર્યું છે, તેવા જે જે ધારાસભ્યો ગયા છે, તેમના આત્માને ભગવાન ખૂબ સૂખ–શાંતિ, સમૃદ્ધિ આપે અને તેમના કુટુંબ ઉપર આવી પડેલ આફતને સહન કરવાની ભગવાન શકિત આપે. આજે જે માનનીય મુખ્યમંત્રી અને વિરોધપક્ષના નેતા જે શોકદર્શક ઠરાવ લાવ્યાં છે એમાં મારો પણ સૂર પુરાવું છું.

શ્રી છબીલભાઇ ના. પટેલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, જે આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતા માનનીય શંકરસિંહ બાપુ જે શોકદર્શક ઠરાવ લાવ્યાં છે, એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

વાઘજીભાઇ કચ્છના આ વખતના અમારાં સાથી ધારાસભ્ય હતા. અમારા શહેર સંકલનની મિટીંગ થાય અને એની અંદર એક ગ્રાસરૂટથી નાના ખેડૂત માટે તકલીફ હોય ત્યારે કાયદામાં બેસતું હોય કે ના બેસતું હોય, તેનો ઓછો ખ્યાલ આવે પણ જબરજસ્ત હાથ પછાડીને કહેતા. આ ગરીબ માણસનું કામ છે. આ કરવું જોઇએ. ક્યારેક એમ કહે કે, આ કાયદામાં બેસતું નથી, તો કાયદો એવો બનાવો, આવી એક વાત કરનાર વ્યકિત વાઘજીભાઇ આપણી વચ્ચે નથી એનું દુઃખ છે. ૨૨ વર્ષની ઉંમરે કોઇ જ્યારે એમના ધર્મપત્ની મૃત્યુ પામે અને ઘરમાં નાના છોકરા હોય અને છતાં એમ કહે કે આખી જિંદગી છોકરાઓ માટે મારે લગ્ન નથી કરવા. એટલે આવું સાદું જીવન જીવતાં વાઘજીભાઇ ખરેખર આપણી વચ્ચે નથી એનું ખરેખર મને દુઃખ છે અને વ્યકિતગત એમ કહું કે, ગાડી લઇને પણ આવતા તો ડ્રાઇવર પણ પોતે અને ધારાસભ્ય પણ પોતે, ક્યારેય ડ્રાઇવર નહિ. એવું સાદું જીવન અને તેમના ઘરે હું હમણાં ગયો હતો, તો એકદમ નાનું સામાન્ય ઘર, એટલે આવી સાદાઇથી જીવતો સહકારી આગેવાન સહકારી લેવલે જ્યારે એમને કાંઇ હોય તો રાપરનું નામ હોય તો વાઘજીભાઇનું નામ આવે જ અને એમાં પણ ખેડૂતોના પ્રશ્નોને લઇને જે વ્યક્તિ નથી એનો આજે શોક સંદેશો લઇને આવ્યા છે તેનું દુઃખ છે.

બીજા અમારા કચ્છના કુમુદિનીબેન પંચોલી. તેઓ પણ ભૂજમાં ધારાસભ્ય તરીકે રહી ચૂક્યા છે. એ પણ હસમુખા સ્વભાવના, ક્યારેય પણ હળી મળીને જવું. એ પણ આજે આપણી વચ્ચે નથી. એની સાથે આટલા બધા સભ્યો જે સ્વર્ગલોક પામ્યાં છે, એમના શોકદર્શક ઉલ્લેખ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યાં છે, એમાં હું મારો સૂર પુરાવુ છું.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા, માનનીય મુખ્યમંત્રીશ્રી નવ જેટલા પૂર્વ સ્વર્ગસ્થ સભ્યોના શોકદર્શક ઠરાવો લઇને આવ્યા છે અને વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ બાપુએ સમર્થન આપ્યું છે, એમાં મારો પણ સૂર પુરાવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ નવ સભ્યો પૈકી મારા જિલ્લાના પૂર્વ ધારાસભ્ય સ્વ. શ્રી જેશીંગભાઇ વસાવા માટે મારા વિચારો રજૂ કરીશ. સ્વ. જેશીંગભાઇનો જન્મ ૧૮મી એપ્રિલ, ૧૯૪૧ના રોજ ઉંડાણના એક ધાણાવડ ગામે થયો હતો. એમનું ૭૩ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે. સ્વ. જેશીંગભાઇએ આ ગૃહમાં બે વખત પ્રતિનિધિત્વ કર્યું છે અને એમનું જીવન એકદમ સાદગીભર્યું એમણે વીતાવ્યું છે અને જીવનપર્યન્ત સામાજિક પ્રવૃત્તિઓ સાથે હંમેશા એ જોતરાયેલા રહીને ઉંડાણના વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં સામાજિક ઉન્નતિ માટેનો એમનો હંમેશા ઉત્સાહ જોવા મળ્યો છે અને એમણે એવો ખાસ કદાચ શુભપ્રસંગ, લગ્નપ્રસંગે જવાનું ચૂકે પણ દુઃખદ પ્રસંગ કે મરણ પ્રસંગે કયારેય પણ એમના વિસ્તારમાં એ

જવાનું ચૂકતા ન હતા, ચાહે એ નાના ઘરે પ્રસંગ, દુ:ખદ અવસાન થયું હોય કે પછી કોઇના પણ ઘરે, એટલે એ રીતે એમણે સામાજિક લાગણી આદિવાસી સમાજ સાથે તમામ સમાજની લાગણી એમણે પ્રાપ્ત કરેલી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ઉમરપાડા તાલુકો જે છે, એ ખૂબ જ અતિપછાત અને બેકવર્ડ તાલુકો કહેવાય છે, એ વિસ્તારમાં શિક્ષણ માટેની કોઇપણ સંસ્થાઓ ન હતી, એવા દિવસોમાં એમણે નાનછલ પ્રદેશ આદિવાસી કેળવણી મંડળની સ્થાપના કરી અને એમના થકી એમણે આશ્રમશાળાઓ, છાત્રાલયો, ઉત્તર બુનિયાદી અને હાઇસ્કૂલ જેવી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરીને આ વિસ્તારમાં જાગેલી શિક્ષણની ભૂખને સંતોષવા માટેના એમણે ભગીરથ પ્રયાસો કર્યા છે અને એમના પ્રયાસો આજે એ સંસ્થાઓ થકી હજ્જારો વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવ્યું છે અને આજે તેઓ પગભર થયા છે.

એમનું યોગદાન સહકારી સંસ્થાઓ પાછળ પણ એટલું જ રહ્યું છે. એમણે જિલ્લામાં સુરત જિલ્લા સહકારી બેન્ક, મને એમની સાથે સાથી ડિકેરટર તરીકે પણ સેવા કરવાની તક મળી છે. એ સાથે સુરત જિલ્લા સહકારી સંઘમાં પણ એમણે ડિરેકટર તરીકે પ્રતિનિધિત્વ કર્યું છે અને સુરત અને તાપી જિલ્લાની ખૂબ મોટી, આદિવાસીઓની જીવાદોરી સમાન, એવી ખૂબ મોટી એવી સુરત જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ, એમાં પણ એમણે ખૂબ લાંબા સમય સુધી ડિરેકટર તરીકેની સેવા બજાવી છે અને સાથે એમણે તાલુકા કક્ષાની જે ઘાણાવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી, એમની પણ એમણે પોતે સ્થાપના કરી છે, એ પોતે આદ્યસ્થાપક છે અને ખેડૂતોના ઉપયોગ માટે એવી ભિલવાડ વિભાગ મોટા કદની સેવા સહકારી મંડળીની સ્થાપના પણ એમણે પોતે કરી છે અને એ રીતે આ સહકારી સંસ્થાઓમાં એમનું ખૂબ જ મોટું યોગદાન એમણે આપેલું છે.

સ્વ. જેશીંગભાઇએ આ રીતે જીવનપર્યંત સહકારી, શૈક્ષણિક, સામાજિક અને રાજકીય સેવાનું એક સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે. એમના જવાથી આદિવાસી સમાજને તો ખોટ પડી છે, ખાસ કરીને વસાવા સમાજ અને સમસ્ત આદિવાસી સમાજને એમના જવાથી મોટી ખોટ પડી છે એ કયારેય પૂરી શકાય એવી નથી. તેમના નિધનથી અમારો આદિવાસી સમાજ ઉંડા શોકની લાગણી અનુભવે છે અને આજના પ્રસંગે એમના આત્માને પ્રભુ પરમાત્મા ચિર શાંતિ અર્પે અને એમના પરિવાર ઉપર આવી પડેલી આફત સહન કરવાની પ્રભુ શકિત આપે એટલા જ મારા બે શબ્દો સાથે મારી શાકાંજલિ અર્પું છું, જય પરમાત્મા.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ જેને ટેકો આપ્યો છે, એ શોક પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

ગુજરાત વિધાનસભાના સભ્ય સ્વર્ગસ્થશ્રી વાઘજીભાઇ ધરમશીભાઇ પટેલ જેઓ આપણી વચ્ચે હતા. એમની સાથે છેલ્લા એક વર્ષથી મેં કામ કર્યું છે. વાઘજીભાઇ એક સજ્જન વ્યકિત હતા. ખેડૂતો માટે ખૂબ ઉત્સાહ અને ખંતપૂર્વક કામ કરનારા વ્યકિત હતા. સ્વર્ગસ્થ શ્રી મોતીભાઇ માવજીભાઇ ચાવડા જે ઉઘાડપગા મોતીભાઇ તરીકે ખ્યાતનામ હતા, અદના કાર્યકર, નાના માણસના પ્રશ્નને વાચા આપવી, અદના માણસોને ન્યાય મળે એના માટે કામ કરવું. એના માટે સતત કાર્યરત એવા મોતીભાઇ ચાવડાના નિધનથી પણ આપણને ખોટ પડી છે. અમારા જોડીયા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય સ્વર્ગસ્થ પરસોત્તમભાઇ ભોજાણી કે જેઓ અમારા જોડીયા તાલુકાના બાદનપર ગામના વતની હતા. તેઓ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી ૧૧ મી ગુજરાત વિધાનસભામાં ચૂંટાયા હતા. આ પરસોત્તમભાઇ એવી વ્યકિત હતા કે જેઓ હંમેશા પારકાના દુઃખે દુઃખી અને પારકાના સુખે સુખી થતા. અમારા વિસ્તારના એક જબરજસ્ત દાતા તરીકે પણ એમની ખ્યાતિ હતી. દુષ્કાળના વર્ષો હોય, પોતાના ખર્ચે કેટલ કેમ્પો ખોલી અને હજારો ગાયો અને પશુઓને નિભાવવાનું કામ પણ આ પરસોત્તમભાઇએ કર્યું છે. ગરીબ માણસો હોય, એને દવાના પૈસા આપે, કોઇપણ માણસને જરૂરિયાત પડે ત્યારે આ પરસોત્તમભાઇ મદદ કરતા. સ્પષ્ટવકતા હતા, હંમેશા ગમે તેને મોઢા ઉપર સાચું કહી દેતા. મેં તો એમની સાથે પણ કામ કર્યું છે, સામે પણ કામ કર્યું છે અને અમે બંને

સામસામા ચૂંટણી પણ લડયા છીએ, પણ આજની તારીખ, જયાં સુધી ગુજરી ગયા ત્યાં સુધી મારે કોઇ તકલીફ  હોય કે મારે કોઇ માર્ગદર્શન જોઇતું હોય તો હું પરસોત્તમભાઇ ઉપર ભરોસો કરતો અને એની પાસે જઇને માર્ગદર્શન માગતો, એવા તટસ્થ વ્યકિત હતા. આવી વ્યકિતનું જયારે અમારા વિસ્તારમાંથી નિધન થયું છે, ત્યારે અમારા વિસ્તારને તો ખોટ પડી છે, અમારા પાટીદાર સમાજને પણ ખોટ પડી છે અને ગુજરાતના જાહેર જીવનને પણ બહુ મોટી ખોટ પડી છે, ત્યારે પરમકૃપાળુ પરમાત્માને આપણે પ્રાર્થના કરીએ કે સદ્ગતના આત્માને ચિર શાંતિ આપે, જયાં હોય ત્યાં એમનો આત્મા સુખી રહે, એમના કુટુંબ ઉપર જે આફત આવી પડી છે એ જીરવવાની પરમાત્મા એમને શકિત આપે અને આપના માધ્યમથી એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : પક્ષના નેતા માનનીયશ્રી નરેન્દ્રભાઇએ જે શોક પ્રસ્તાવો રજૂ કર્યા છે અને વિપક્ષના નેતા માનનીયશ્રી શંકરસિંહભાઇ વાઘેલાએ તેમને અનુમોદન આપ્યું છે અને ત્યારબાદ અનેક સભ્યોએ જુદીજુદી વ્યકિતઓના જીવન ઉપર એક કાર્યકર તરીકે વ્યકિત કેવા હતા એનો જે પ્રભાવ પાડયો છે એ જોતાં આપણે અહીંયા જોઇશું કે મોટાભાગના લોકો ઓછા ભણેલા હતા, પણ પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવા માટે એ માણસ કાયમ વિધાનસભામાં પોતાની રજૂઆત કરતા હતા. મને સાતમી વિધાનસભા બાદનો અનુભવ છે લગભગ મોટાભાગના જે સદ્ગત ધારાસભ્યો છે, એમનો અંગત પરિચય પણ હતો. આજે ઓછું ભણેલા, એટલું જ નહીં ઓછી આવક ધરાવે જેના કારણે એની પાસે કોઇ મોટર કે એવા સાધનો હોઇ શકે નહીં. અમુક સભ્યો તો ઉઘાડા પગે, પગમાં જોડા પણ ન પહેરે, બસનો ઉપયોગ કરીને આવતા. મને ખ્યાલ છે કે ૧૯૮૫ની સાલમાં, અમે વિધાનસભાના સભ્યોના જે કવાર્ટર્સ છે ત્યાંથી અહીંયા આવતા તો આખી બસ ભરાઇ જાય. બસને બીજી વાર જવું પડે, એટલાં સાધનો વગરના ધારાસભ્યશ્રીઓ અહીંયા જે હિંમતથી અને મકકમતાપૂર્વક પોતાની રજૂઆતો કરતા હતા, એ ખરેખર મારા અને તમારા જેવાએ પ્રેરણા લેવાની જરૂર છે. ઓછી આવક, ઓછાં સાધનો, પરંતુ લોકોનાં કામ કરવાં માટે જે માનસિક રીતે ખૂબ તૈયાર હોય એવા દિવંગત તમામ ધારાસભ્યશ્રીઓને હું પણ મારા વતી શોકાંજલિ અર્પણ કરું છું. પરમકૃપાળું પરમાત્મા એમને મોક્ષ ગતિ પ્રદાન કરે અને આપ સૌ આ ગૃહના તમામ સભ્યશ્રીઓ આ સદ્ગતના આત્માને મોક્ષ ગતિ પ્રદાન થાય તે માટે બે મિનિટ ઊભા રહી મૌન પાળીશું.

( બે મિનિટ મૌન બાદ )

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

**શ્રી ગણપતભાઇ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી)** :  વર્તમાન ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી વાઘજીભાઇ ધરમશીભાઇ પટેલનું અવસાન થયેલ હોઇ, આપણી પ્રણાલિકા મુજબ સભાગૃહનું આજનું બાકીનું કામકાજ મુલતવી રાખવા માટે હું પ્રસ્તાવ રજૂ કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિરોધ પક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ સાહેબ જે દરખાસ્ત લઇને આવ્યા છે, તેને હું ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહનું આજનું બાકીનું કામકાજ મુલતવી રાખવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૨૨ કલાકે પૂરૂં થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ શુક્રવાર, તા.૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ સવારના ૮-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪**
**ફાલ્ગુન ૨, ૧૯૩૫ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### અમદાવાદ જિલ્લામાં બિયારણની ચકાસણીનાં લીધેલ નમૂના

૬૮૪૮ **ડૉ. નિર્મલાબેન સુ. વાઘવાણી (નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) કુલ ૩૬૫ નમૂનાઓ. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) પ્રમાણિત ૩૬૪ નમૂનાઓ,<br>બિન પ્રમાણિત ૧ નમૂનો. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિન પ્રમાણિત ૧ નમૂના અંગે કોર્ટ કેસ કરેલ છે. |

**ડૉ. નિર્મલાબેન સુ. વાઘવાણી :** માનનીય અધ્યક્ષશ્રી, આજે નવા વર્ષમાં બોલવા માટે ઊભી થઇ છું તો આપશ્રીને અને બધાને નવા વર્ષની ઘણી ઘણી શુભેચ્છાઓ પાઠવું છું. બિયારણની ચકાસણી માટે રાજયમાં અને અમદાવાદ જિલ્લામાં કઇ કઇ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે? બિયારણની ગુણવત્તા જાળવવા માટેની જોગવાઇ કયા નિયમોમાં કરવામાં આવી છે અને બિયારણના નમૂના હેઠળ દંડની શી જોગવાઇ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : રાજયમાં બિયારણના નમૂનાની ચકાસણી માટે ગાંધીનગર, જુનાગઢ અને નવસારી ખાતે બિયારણની ચકાસણીની પ્રયોગશાળા આવેલી છે. રાજયમાં બિયારણની ગુણવત્તા જાળવવા માટેની જોગવાઇ બિયારણ અધિનિયમ ૧૯૬૭, બિયારણ નિયમો ૧૯૬૮ અને બિયારણ નિયંત્રણ હુકમો ૧૯૮૩ અંતર્ગત કરવામાં આવી છે. બિયારણ કાયદાના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુના અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૭ મુજબ સીઝ કન્ટ્રોલ ઓર્ડર ૧૯૮૬,૧૯૮૩ની કોઇપણ કલમના ભંગ બદલ એક વર્ષની સજા અને દંડની જોગવાઇ થઇ શકે છે.કોઇપણ ઇસમ બિયારણ અધિનિયમ કે નિયમોની જોગવાઇનો ભંગ કરે તો પ્રથમ ગુના માટે ૫૦૦ રૂપિયા દંડ સુધીની અને બીજી વાર કરે તો એક હજારનો દંડ અને છ માસની સજાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : મારે એ જાણવું છે કે અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બિયારણની ચકાસણી માટે કુલ કેટલા નમૂના લેવામાં આવ્યા અને તે પૈકી કેટલા પ્રમાણિત થયા અને જે નમૂના બિન પ્રમાણિત થયા એના કારણો કયા કયા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બિયારણની ચકાસણી માટે કુલ ૩૬૫ નમૂના લેવામાં આવ્યા જે પૈકી પ્રમાણિત અને બિનપ્રમાણિત નમૂનાની વિગત જણાવું તો સન ૨૦૧૨માં લેવામાં આવેલ નમૂના ૧૩૬ અને પ્રમાણિત ૧૩૬. સન ૨૦૧૩માં લેવામાં આવેલા નમૂના ૨૨૯ જેમાથી પ્રમાણિત ૨૨૮, એક અપ્રમાણિત અને જીનેટિકલી.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : બિયારણની ગુણવત્તા માટે એક અંતર્ગત લીધેલ નમૂનાના પરિણામ માપવાની પદ્ધતિ શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : કાયદા અંતર્ગત બિયારણના નમૂના લેવાની કાર્યશૈલી. જેની પાસેથી નમૂનો લેવાનો ધારેલો હોય તેવી વ્યકિતને આ ઇરાદાની જાણ ત્યાં જ અને તે વખતે લેખિત નોટિસ દ્વારા કરવામાં આવે છે. ત્રણ નમૂના લેવામાં આવે છે. એમાં એક નમૂનો એ જ વ્યકિતને આપવામાં આવે છે, બીજો પ્રયોગશાળામાં મોકલવાનો હોય છે અને ત્રીજો જરૂર જણાય તો રીએનાલીસીસ માટે મધ્યસ્થ બિયારણ પ્રયોગશાળાને મોકલવામાં આવે છે. બીજ ચકાસણી પ્રયોગશાળાને સદર નમૂનો મળ્યેથી ૩૦ દિવસમાં પૃથ્થકરણ કરીને તેનું રીઝલ્ટ મોકલવાનું રહેશે. બિયારણ પૃથ્થકરણનો રિપોર્ટ મળ્યેથી નમૂનો નિયમ સ્ટાન્ડર્ડ મુજબ ન જણાય તો બિયારણનો નમૂનો જયાંથી લીધેલ હોય એને તથા તેના વિક્રેતા, ઉત્પાદક વગેરેને નોટિસ આપી જાણ કરવાની રહેશે. આ અંગેની કોર્ટ કેસ દરખાસ્ત સંબંધી ખેતી ઇન્સ્પેકટરે તૈયાર કરીને તેમની કચેરી મારફત ખેતી નિયામકશ્રીને રજૂ કરવાનો રહેશે. કોર્ટ કેસ દરમિયાન મળ્યેથી કરેલ વિગતોની ચકાસણી કરી તેની સામે કોર્ટ કેસ કે અન્ય કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : બિયારણ ખોટું આવે એના લીધે ખેડૂતોનો આખોને આખો પાક ખરાબ થઇ જાય છે. એની સામે દંડની રકમ ફકત એક હજાર રૂપિયા છે તો એ દંડની રકમ વધારવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : જે કાયદાની કોર્ટ કેસની જોગવાઇ છે અને કોર્ટમાં એક વર્ષ સુધીની સજાની પણ જોગવાઇ છે. માત્ર ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાના દંડથી અટકતું નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા :માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે આ બિનપ્રમાણિત બિયારણ વેચવામાં આવ્યું છે તે કેટલા ખેડૂતોને વેચવામાં આવ્યું અને જે ખેડૂતોને આ બિયારણ વેચવાથી પાક નિષ્ફળ ગયો છે એવા ખેડૂતોને સરકાર દ્વારા વળતર ચૂકવવામાં આવેલ છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પ્રશ્નોત્તરી બહારનો છે. જો અલગ નોટિસ આપશે તો તેનો જવાબ આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : તમારી પાસે જવાબ હોય તો આપો.

### જામનગર, ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકાના સન ૨૦૧૨ માં ખરીફ પાકોને વાવેતર / ઉત્પાદનના આંકડા વીમા કંપનીને મોકલવા બાબત

૭૪૦૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામનગર, જોડીયા, ધ્રોલ અને કાલાવડ તાલુકાઓના સને ૨૦૧૨ના ખરીફ મગફળી તથા કપાસ પાકના પાક વીમાના દાવાની ગણતરી માટે રાજ્ય સરકારે એગ્રીકલ્ચર વીમા કંપનીને મોકલેલ વાવેતર વિસ્તારના આંકડાઓમાં વિસંગતતા હોવાને કારણે ખેડૂતોને પાક વીમાની રકમ ઓછી ચૂકવાઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) કેન્દ્ર સરકાર દ્વારા એરીયા રીડકશન ફેકટરને ધ્યાને લઈ ગણત્રી કરી દાવાઓની ચૂકવણી કરવામાં આવેલ હોવાથી ખેડૂતોને પાક વિમાની રકમ ઓછી ચૂકવાઈ છે. |
| (૨) જો હા, તો વીમા કંપનીને પાકના વાવતેર વિસ્તારના વિસંગતતા ભરેલા આંકડા મોકલવા માટે રાજ્યકક્ષાએ કોને જવાબદાર ગણવામાં આવ્યા છે અને તેની સામે શાં પગલાં લેવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ખેડૂતોને વીમા કંપની તરફથી પાક વીમાની રકમ ઓછી ચૂકવાયેલ છે તે મળવાપાત્ર ૧૦૦ ટકા ચૂકવાય તે માટે સરકાર શા પગલાં ભરવા માંગે છે ? | (૩) રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને એવી વિનંતી કરેલ હતી કે જે ખેડૂતોએ પાક વિમાનું પ્રિમિયમ ભરેલ હોય તેવા દરેક ખેડૂતના વિમાના દાવાની ધોરણસરની ચકાસણી કરી તેને મળવાપાત્ર રકમ મંજૂર કરવી જોઈએ. તે માટે જરૂરી નાણા ઉપલબ્ધ કરાવવાની પણ રાજ્ય સરકારશ્રી દ્વારા |

તૈયારી દર્શાવવામાં આવેલ હતી. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારની સદરહુ રજુઆત ગ્રાહ્ય ન રાખી એરીયા રીડકશન ફેકટરને ધ્યાને લઈ ગણત્રી કરી દાવાઓની ચૂકવણી કરવા નિણર્ય કરવામાં આવેલ હતો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ વિગત જણાવી છે, તેમાં તેમણે સ્વીકાર કર્યો છે કે કેન્દ્ર સરકાર દ્વારા એરીયા રીડકશન ફેકટરને ધ્યાને લઈ ગણત્રી કરી દાવાઓની ચૂકવણી કરવામાં આવેલ હોવાથી ખેડૂતોને પાક વિમાની રકમ ઓછી ચૂકવાઈ છે. આ એરીયા રીડકશન ફેકટર એ ખરેખર પાક ધિરાણના આંકડા અને વાવેતરના આંકડા વચ્ચેનો તફાવત છે. મારો પ્રશ્ન એ છે કે ખરીફ ૨૦૧૨માં ખેડૂતોનો મગફળી અને કપાસનો પાક નિષ્ફળ ગયો હતો એ હકીકત છે. સરકારે સત્તાવાર દુષ્કાળ જાહેર કર્યો હતો એ પણ હકીકત છે. ધિરાણ લેતા ખેડૂતોના આંકડા..

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન પૂછો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : પ્રશ્ન ઉપર જ આવું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર નથી આવતા, તમે બાકીની વાત કરો છો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : આ જે એરીયા રીડકશન ફેકટર છે તેના કારણે ખેડૂતોને વીમાની રકમ ઓછી મળી છે. એરીયા રીડકશન ફેકટર જે વાસ્તવિક વાવેતરના આંકડા દર્શાવવા જોઇએ એ આંકડા દર્શાવ્યા નથી તેના કારણે ઉપસ્થિત થયું છે અને તેના માટે જવાબદાર તાલુકા કક્ષાએ ટી.ડી.ઓથી માંડીને ખેતી નિયામક..

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકાર નથી, રાજય સરકાર છે એમ કહો છો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : ના, ના, સાહેબ, આમાં પાકના આંકડા મોકલવાની જવાબદારી રાજય સરકારની હોય છે. રાજય સરકારના ટી.ડી.ઓ. અને ખેતી નિયામક વાવેતરના આંકડા મોકલે છે અને એના કારણે આ પરિસ્થિતિ ઉભી થઇ છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું, કારણ કે આના માટે સર્વપક્ષીય ડેલીગેશન પણ મળ્યું હતું. તેને અમે કહ્યું હતું કે આમાં કયાંય ભૂલ રહી ગઇ હોય તો તમે તેને સુધારવા માટેની કાર્યવાહી કરો. ફરીથી કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલો. અમે પણ એમાં રજૂઆત કરીશું, પણ આમાં ખેડૂતોને મોટો અન્યાય થયો છે. એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ એરીયા રીડકશન ફેકટરમાં જે જવાબદાર છે એ લોકો સામે તમે કોઇ પગલાં લઇને આ અનિયમિતતા થઇ છે, આ ભૂલ રહી ગઇ છે તેના કારણે ખેડૂતોને પાક વીમાની રકમની ચૂકવણીમાં થયેલો અન્યાય દૂર કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : રીડકશન ફેકટરનું કારણ એમ કહે છે કે મૂળ જે વાવેતર છે એ જ ઓછું બતાવ્યું છે. એટલે ઉત્પાદન ઓછું બતાવે, એ જ વાત છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વીમા કંપની સાથે સરકારની જે શરતો છે એ શરતોમાં કોઇપણ જગ્યાએ આપણે આંકડા મોકલવા અને આંકડાના આધારે વીમો નક્કી કરવો એવી કોઇપણ જોગવાઇ નથી. રાજય સરકાર અથવા તો ટી.ડી.ઓ દ્વારા જે આંકડા મોકલવામાં આવે છે એ લગભગ નવેમ્બર-ડિસેમ્બરમાં મોકલવામાં આવે છે. આખા વર્ષમાં પાકની પરિસ્થિતિ શું હોય છે તે બતાવવા માટે હોય છે. ખરીફ-૨૦૦૨માં પરિસ્થિતિ એ નિર્માણ થઇ હતી કે શરૂઆતમાં વરસાદ થયો ત્યારે વાવેતર થઇ ગયું. તેના પછી વચ્ચેના બે મહિનામાં વરસાદ ન થયો અને છેલ્લે સપ્ટેમ્બરમાં વરસાદ થયો. તો આ વચ્ચેના ગાળામાં પાક છે તે નાશ પામ્યો હતો. ટી.ડી.ઓ. તરફથી જે આંકડા મોકલવામાં આવ્યા હતા તે નવેમ્બર-૨૦૧૨માં મોકલવામાં આવ્યા હતા. એ આંકડા મોકલેલા છે તેમાં પણ બે ખાનાઓ છે. જયાં પિયત થયેલ હતું ત્યાં મગફળી બચી ગઇ હતી. જયાં પિયત નહોતું ત્યાં મગફળી નાશ પામી હતી. એટલે અમે જે આંકડા મોકલાવેલા છે તે મગફળીના બધા આંકડા છે તે પિયત વિસ્તારના છે. તેના પછી સપ્ટેમ્બરમાં જે વરસાદ થયો અને પછી જે જુવારનું વાવેતર થયું હતું તેના પણ આંકડાઓ છે. આ રીતે બે આંકડાઓ અલગ અલગ છે. આ આંકડાઓ અને વીમા કંપની સાથે કોઇ કનસર્ન નથી. જયારે કેન્દ્ર સરકારે નક્કી કર્યું કે એરીયા

રીડકશન મુજબ છે. વીમાના દાવાઓ ચૂકવવા, ત્યારે આપણે એને એન.ઓ.સી. પણ નહોતું આપ્યું. એની સામે વાંધો પણ લીધો હતો. કેન્દ્ર સરકારના માનનીય કૃષિમંત્રીશ્રીને મેં પોતે પણ કાગળ લખ્યો હતો અને અમે એમ કહ્યું હતું કે ખેડૂતોએ જે પ્રમાણે વીમો લીધેલ છે, એ પ્રમાણેની શરતો છે તે મુજબ વીમાની રકમ ચૂકવવામાં આવે તેવી રાજ્ય સરકારે માગણી કરેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વર્ષ ૨૦૧૨ના ખરીફ મગફળીના આખરી વાવેતરના આંકડા ખેતી નિયામક કચેરીએ ક્યા માસમાં વીમા કંપનીને મોકલવાના થતા હતા અને ક્યારે મોકલવામાં આવ્યા?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડા ૩૧મી જાન્યુઆરી સુધીમાં મોકલવાના થતા હતા અને ખેતી નિયામક કચેરીએ ૨૯મી જાન્યુઆરીએ મોકલી આપેલ છે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનામાં ક્યા પાકોને આવરી લેવામાં આવે છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી,ખરીફ ઋતુના ૧૪ પાકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ડાંગર, બાજરી, મકાઇ...

અધ્યક્ષશ્રી : બસ, બસ. ફક્ત મગફળીની જ વાત છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાની જોગવાઇ હેઠળ સ્કિમના પ્રબંધન અને નિયમ-૩ તથા પાક વીમાના દાવા નક્કી કરવા તડજોડની પદ્ધતિ બાબતે શું જોગવાઇ છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા નં.૭ની અંદર આ તડજોડની પદ્ધતિ નક્કી કરેલ છે. પાક વીમાના દાવાની ગણતરી રાજ્ય સરકાર પાસેથી નિર્ધારીત સમય મર્યાદામાં મેળવવામાં આવે છે. પાક માટેના આંકડા અને ધિરાણ આપનાર સંસ્થા દ્વારા અપાયેલ નોટિફાઇડ પાક હેઠળના વાવેતર વિસ્તારના ડિક્લેરેશનની માહિતીના આધારે કરવાની રહે છે. પાક વીમાના દાવાની ચૂકવણી માટેનું જરૂરી ફંડ વીમા કંપનીની વીમો ધારણ કરવાની મર્યાદા ઉપરની રકમની ચૂકવણી સરકારશ્રીએ અને કેન્દ્ર સરકાર દ્વારા જે આપવામાં આવતો ૫૦:૫૦ ટકા હિસ્સો અને દાવાની ચૂકવણીની વિગતવાર માહિતી સાથે દરેક નોડલ બેંકને તે મોકલવામાં આવે છે. ધિરાણ આપનાર સંસ્થાને આ ડેટા દ્વારા ચેક આપવામાં આવે છે અને ધિરાણ આપનાર સંસ્થા દ્વારા ખેડૂતોને તે રકમ આપવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાવેતરના આંકડા વિશે સાચી માહિતી ન મળવાનું મૂળ કારણ એ છે કે, પહેલાં જે પાણી પત્રક અને આનાવારી કરવામાં આવતી તે કેટલાક સમયથી બંધ કરવામાં આવી છે અને એના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. મારો પ્રશ્ન એ છે કે, સરકાર ભૂતકાળમાં જે આનાવારી અને પાણી પત્રક કરવામાં આવતું હતું તે કરવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છે એ રેવન્યૂ ડિપાર્ટમેન્ટનો છે. પાણી પત્રક અને વીમા કંપનીના દાવાને એકબીજા સાથે કન્સર્ન જ નથી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ એટલા માટે પૂછવામાં આવે છે કે, જે તે વિસ્તારમાં એનું સોલ્યૂશન થાય. પ્રશ્ન ખૂબ સીધો છે અને સરકારે પણ સ્વીકાર કર્યો છે કે, ખેડૂતને પાક વીમાની રકમ ઓછી ચૂકવાય છે. તો મારો સવાલ સરકારને એ છે કે, એરીયા રીડક્શન ફેક્ટર હેઠળ દરેક તાલુકામાંથી ચાર હજાર હેક્ટરનો વીમો ખેડૂતોએ ઉતાર્યો હોય અને એરીયા રીડક્શન ફેક્ટરની જવાબદારી ટી.ડી.ઓ.થી માંડીને નિયામકની હોય છે. આ બન્નેના સંકલનના અભાવે આ ખેડૂતોને પાક વીમો નથી મળ્યો. તો સીધો સવાલ માનનીય સભ્યશ્રીનો છે કે, આ બાકી રહેલા ખેડૂતોને પાક વીમાની રકમ કેટલા દિવસમાં ચૂકવવામાં આવશે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં પણ કહ્યું હતું કે, જ્યારે ખેડૂત ધિરાણ લે છે ત્યારે તેનો સીધો જ વીમો ઉતરી જાય છે. જે લોકો ધિરાણ ન લેતા હોય અને વીમો ઉતારવો હોય તો પ્રિમિયમ ભરીને વીમો લઇ શકે છે. એટલે આ સીધો સંબંધ છે. બેંકમાંથી તમે લીધેલું ધિરાણ અને વીમા

કંપની સાથેનો એ સંબંધ છે. એરીયા રીડક્શન જે ફેક્ટર છે એની અંદર આ લગાવવા માટેની કોઇ જોગવાઇ નથી. છતાંપણ જ્યારે આ પરિસ્થિતિ નિર્માણ થઇ ત્યારે વિભાગ દ્વારા અને મારા દ્વારા કહેવામાં આવ્યું હતું કે અમારા ભાગના ૫૦ ટકા પૈસા ચૂકવવાના થાય એ સોએ સો ટકા ચૂકવવા માટે અમે તૈયાર છીએ.એની એરીયા રીડકશન ફેકટરના ચૂકવણા માટેની જયારે રાજય સરકાર પાસે પરમીશન માગી હતી ત્યારે પણ અમે ના પાડી હતી કે ના, અમે એરીયા રીડકશન ફેકટર મુજબ આ ચૂકવવામાં મંજૂરી નથી આપતા. એની એન.ઓ.સી. પણ નથી આપતા અને ખેડૂતોને સો એ સો ટકા આ વીમો ચૂકવાવો જોઇએ, એટલે મારે માનનીય સભ્યશ્રીઓને કહેવાનું છે કે આપની સરકારમાં કેન્દ્રમાં કહો કે હજી પણ બાકીના જે પૈસા છે (અંતરાય) એ ૫૦ ટકા ચૂકવવા તૈયાર હોય તો રાજય સરકાર પોતાના હિસ્સાના ૫૦ ટકા ચૂકવવા માટે તૈયાર છે એવું અમે લેખિત એમને આપેલ છે અને અમારી એની તૈયારી છે.

**અમદાવાદ જિલ્લાનાં તળાવો ઉંડા કરવા અને તેનાં ખર્ચ બાબત**

* ૬૮૧૨ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા ઉતારવામાં આવ્યા, | (૧) ૨૬૨ તળાવો ઉંડા કરવામાં આવ્યા. |
| (૨) તે પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) વર્ષ ૨૦૧૨ માં રૂ.૮૭૧.૩૭ લાખ અને વર્ષ ૨૦૧૩ માં રૂ.૫૯૭.૭૬ લાખ. |
| (૩) તે દ્વારા જળ સંગ્રહ શકિતમાં કેટલો વધારો થયો, અને | (૩) ૮૦.૦૯ મીલીયન ઘનફુટ. |
| (૪) કેટલા વિસ્તારને પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મળશે? | (૪) ૧૨૬૬૮ હેકટર. |

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા અને તેમાં તાલુકાવાર બે વર્ષની અંદર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લો મહદઅંશે એમાં ભાલ વિસ્તાર અને એના પરિણામે ભૂગર્ભના જળ ખારા છે એટલે અમદાવાદ જિલ્લામાં જે હયાત તળાવો છે એ તળાવો ઊંડા કરી અને પાણીની ક્ષમતા વધારવાનું કામ રાજય સરકારે કર્યુ છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે અમદાવાદ જિલ્લાની અંદર જે ૨૬૨ તળાવો ઊંડા કરવામાં આવ્યા એમાં કયા તાલુકાની અંદર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા તો એની વિગત એ છે કે દેત્રોજ તાલુકાના ૮૫, વિરમગામ તાલુકાના ૪૭, માંડલ તાલુકાના ૪૫, સાણંદ તાલુકાના ૧૩, ધોળકા તાલુકાના ૧૫, ધંધુકા તાલુકાના ૧૭, રાણપુર તાલુકાના ૩, બરવાળા તાલુકાના ૨, દસક્રોઇ તાલુકાના ૨૨, બાવળા તાલુકાના ૧૩ એમ કુલ મળીને ૨૬૨ તળાવો જે ઊંડા કરવામાં આવ્યા છે અને આમાં ૨૬૨ તળાવોમાં ૧૪.૬૯ કરોડ રૂપિયાનો ખર્ચો છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ તળાવો ઊંડા કરવાની જે રાજય સરકારની યોજના છે એ ફાયદાકારક રહી છે અને જેનાથી પાણીનો સંગ્રહ ખૂબ જ મોટા પાયે વધ્યો છે અને જે કલ્પના છે રાજયના મુખ્યમંત્રીની કે દુષ્કાળ પડે પણ દુષ્કાળ નડે નહીં એ કલ્પના જે સાકાર થઇ છે ત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ તળાવ ઊંડા કરવા માગતી હોય એના માટે સરકારે જી.આર. બહાર પાડયો છે કે એની માટી ખેડૂતો પોતે લઇ જાય તો એ જી.આર. દ્વારા જો કોઇ સ્વૈચ્છિક સંસ્થાઓ આવુ કામ કરવા માગતી હશે તો સરકાર આ બાબતમાં શું મદદરૂપ થશે?

અધ્યક્ષશ્રી : આમાંથી તો ઉત્પન્ન નથી થતો પણ જવાબ આપવાની તમારી ઇચ્છા હોય તો આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે. સરકારના

બે મોડલ છે. આમાં એક સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની ૯૦–૧૦ની સ્કીમ અને એમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને ટેન્ડર દ્વારા આપવામાં આવે છેઅને એની જે માટી નીકળે એ ખેડૂતોને કોઇપણ જાતની રોયલ્ટી ચૂકવ્યા વગર એના ખેતરની અંદર નાખવા દેવામાં આવે છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો મંત્રીશ્રીને સવાલ એ છે કે તળાવો ઊંડા કરવા અંગે કઇ કઇ પાર્ટીઓને કોન્ટ્રાકટ આપવામાં આવ્યા અને આ કોન્ટ્રાકટમાં કેટલી ભ્રષ્ટાચારની ફરિયાદો મળી અને એમાં રાજય સરકારે શું શું પગલા ભર્યા?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની અંદર તળાવો ઊંડા કરવાનું કામ ખૂબ સારી રીતે અને સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે તેમ છતાં જયારે સભ્યશ્રીની ફરિયાદની વાત છે, તો અમદાવાદ જિલ્લામાંથી ત્રણ ફરિયાદો આવી છે. એમાં શ્રી સજ્જનસિંહ ચુડાસમાની ૧૧–૨–૧૩ અને ૨૩–૩–૧૩ અને શ્રી કાંતિભાઇ પી. પટેલની ૨–૭–૧૩ આમ કુલ ત્રણ ફરિયાદો મળી એ ત્રણે ત્રણ ફરિયાદોની થોડી તપાસ કરવામાં આવી છે. એમાં આક્ષેપોમાં કોઇ તથ્ય જણાયેલ નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું અને મંત્રીશ્રીએ કહ્યું કે અમદાવાદ જિલ્લાની અંદર ૨૬૨ તળાવ ઊંડા કરવામાં આવ્યા. સારી વાત છે ૨૬૨ તળાવો ઊંડા કરવામાં આવે એ. પણ આ જી.એલ.ડી.સી. દ્વારા તળાવો ઊંડા કરવાની કામગીરી ચાલે છે ત્યારે ચોમાસું શરૂ થાય પછી તળાવોનું કામ ચાલું થાય છે અને થોડો વરસાદ પડે એટલે આખું બિલ બની જાય છે. કામ ૧૦ ટકા થાય છે અને ૯૦ ટકા ખોટા બિલ બની જાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એમને પ્રશ્ન પૂછવાનો અધિકાર છે.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** આ પ્રકારની કોઇ ફરિયાદ અમારી સમક્ષ આવી નથી. માનનીય સભ્યશ્રી જો કોઇ ધ્યાન દોરશે તો તપાસ કરીશું.

### સુજલામ–સુફલામ યોજનામાં સંપાદિત જમીન મિલકતનું કાંકરેજ તાલુકાના બુકોલી ગામના ઈસમોને વળતર

* ૭૬૫૬ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુજલામ–સુફલામ યોજનામાં સંપાદન થયેલ જમીનમાં આવેલ કૂવા–બોર તથા મકાનના વળતર અન્વયે કાંકરેજ તાલુકાના બુકોલી ગામના કેટલા ઈસમોને વળતર ચૂકવવાનું બાકી છે, | (૧) પાંચ. |
| (૨) આ વળતર ચૂકવવાની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં તેનું વળતર ચૂકવવામાં આવશે, અને | (૨) સરકારશ્રી કક્ષાએ સક્રિય વિચારણા હેઠળ છે અને બનતી ત્વરાએ વળતર ચૂકવવામાં આવશે. |
| (૩) વળતર ચૂકવવામાં અતિ વિલંબ બદલ જવાબદારો સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ ? | (૩) વળતર ચૂકવવામાં વિલંબ બદલ તપાસ હાથ ધરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

**શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સુજલામ–સુફલામ યોજનામાં ખેડૂતોને વળતર ચૂકવવા માટેનો છે. આ જમીન કયા વર્ષમાં સંપાદન કરવામાં આવી હતી? સરકારે ખાતરી આપી છે કે ચૂકવીશું પણ અત્યારના ભાવે કે જૂના ભાવે ચૂકવાશે? ખેડૂતોને તાજી જંત્રીમાં કેટલો ફરક આવે છે? કયા ભાવે વળતર આપશો? (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કરમશીભાઇ, તમે શાંતિ રાખો. બેસી જાઓ. પ્રશ્ન પૂછવો હોય ત્યારે પૂછજો. તમને મન ફાવે ત્યારે ઊભા ન થવાય. બધા શાંતિથી બેસી જાઓ.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન છે કે અત્યારની જંત્રી પ્રમાણે વળતર ચૂકવવાનું છે કે કેમ? તો આ કોઇ જમીનના વળતરનો પ્રશ્ન નથી. કૂવા, બોર અને મકાનનો પ્રશ્ન છે

અને ૨૦૧૦માં જે બાકી રહી ગયેલા એવા બુકોલી ગામના લોકો માટેનો પ્રશ્ન છે. એ વખતે જે ભાવ હતો એ ભાવ પ્રમાણે ચૂકવવાનો પ્રશ્ન છે અને એ પ્રમાણે વળતર ચૂકવાઇ ગયેલ છે.

**શ્રી કેશાજી શિ. ચૌહાણ :** હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બુકોલી ગામે સંપાદિત થયેલ બોર, કૂવા અને મકાનોની વિગતો શું છે?

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** બુકોલી ગામમાં મુકેશભાઇ રાણાભાઇ એને મકાનના વળતર અને બોરના કૂવાનું વળતર છે. ભીમજીભાઇ એદાજીભાઇ, ઠાકોર હેમજીભાઇ ધનજીભાઇ, ચેનજીભાઇ મોતીભાઇ અને ગીતાબેન રૂડાભાઇ એમ પાંચ સભ્યોના મકાનના અને બોરના વળતર આપવાનો પ્રશ્ન છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ હતો કે આ જમીન સંપાદન ક્યારે થયું અને માનનીય મંત્રીશ્રીએ જવાબ ના આપ્યો. જે સંપાદન થઇ અને આજની તારીખે વળતર આપવામાં મોડું થયું છે એમાં સમય ગયો છે એટલે મોટો તફાવત છે જેના કારણે અન્યાય થયો છે એ અન્યાય દૂર કરી વળતર આપવા માગો છો કે કેમ?

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** સભ્યશ્રીનો પ્રશ્ન એકદમ પર્ટિક્યુલર પોતાના ગામ પૂરતો છે કે તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુજલામ–સુફલામ યોજનામાં સંપાદન થયેલ જમીનમાં આવેલ બોર, કૂવા અને મકાનોના વળતર અન્વયે કાંકરેજ તાલુકાના બુકોલી ગામના કેટલા ઇસમોને વળતર ચૂકવવામાં આવ્યું? આ જમીનનો પ્રશ્ન નથી, બોર, કૂવા અને મકાનનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી :** આ વળતરનો સવાલ સ્પષ્ટ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** સંપાદન ક્યારે થયું એટલો જવાબ જોઇએ છે.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** સંપાદન થયું એ પ્રશ્ન જ નથી. આ બુકોલી ગામના બોર, કૂવાના વળતર આપ ક્યારે આપશો એ જ પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી :** એમનો હેતુ એ છે કે કેટલા ઇસમોને વળતર ચૂકવવાનું બાકી છે. સંપાદન થઇ ગઇ એ સવાલ પૂછનાર જાણે છે. વળતર કેટલું બાકી છે એ પ્રશ્ન છે. ધારશીભાઇ, શું પ્રશ્ન છે?

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : મારો પ્રશ્ન એ છે કે ૧૦ વર્ષ સુધી ખેડૂતો રખડ્યાં છે ત્યારે એમનું હવે ઠેકાણે પડ્યું છે. ૨૦૦૨ થી આ ચાલે છે. સરકારને વિનંતી છે કે આમાં કોઇ પગલા લેવા માગો છો કે કેમ? (અંતરાય)

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમ કહે છે કે વળતર ચૂકવવાનું બાકી છે, એ કેટલા સમયથી બાકી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં આ વળતર ચૂકવવાનું બાકી રહ્યું હતું અને એ વળતર ચૂકવાઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, વળતર ચૂકવાઇ ગયું. (અંતરાય) સાંભળો, ૨૦૧૦માં જે ચોપડે વળતર બોલતું હતું એ કેટલા વર્ષ પહેલાનું છે એ નહિ, ૨૦૧૦માં બોલતું હતું એ અત્યારે ૨૦૧૩માં ચૂકવાઇ ગયું. (અંતરાય) એક મિનિટ, ચાલો. ભાઇ, પ્રશ્ન પૂછવા દો. પ્રશ્નોત્તરીમાં ચર્ચા નહિ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ સીધો સવાલ છે કે, ૨૦૦૨માં નોટિફિકેશન … (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ( અંતરાય ) કાંઇ વાંધો નહિ પણ હવે રોકડી કરી દીધી ને, પૈસા ચૂકવી દીધાને તો પછી શું? બોલો તમારું.

શ્રી સી. કે. રાઉલજી : આ ૧૨ વર્ષ પહેલાનો પ્રશ્ન છે. (અંતરાય) મતલબ કે, કોઇપણ જમીન સંપાદન (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, શાંતિ રાખો.

શ્રી સી. કે. રાઉલજી : આ નોટિફિકેશન નંબર – ૪ અને ૬ જાહેરનામું બહાર પડ્યાં પછી જમીન સંપાદન મિલકત કે મકાનનું થતું હોય. બેઝિકલી આ ૨૦૦૨ની અંદર નોટિફિકેશન બહાર પાડ્યું અને જમીન સંપાદન થયું તો આજે ૧૨ વર્ષનો સમયગાળો થયો. અત્યાર સુધી વળતર ચૂકવાયું નથી તો આ ૧૨ વર્ષના

સમયગાળામાં ૨૦૦૨ની અંદર જંત્રી ૫૦૦૦ રૂપિયે એકર હતી અને આજે છે તો ૫૦ લાખની આજુબાજુની છે તો વળતરના પ્રશ્ને આ બેનો ડિફરન્સ આ પ્રમાણેનું ચાલુ બજાર કિંમતે ચૂકવવા માગે છે કે કેમ? આ સીધો સવાલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, એક મિનિટ. અંદરોઅંદર વાત નહિ. સાંભળો, જમીનના ભાવ છે એનું જ્યારે વળતર કરવાનું હતું ત્યારે જંત્રીનો ભાવ અને આજે વળતર ચૂકવ્યું ત્યારે જંત્રીનો ભાવ વચ્ચે ડિફરન્સ છે, તો એ ચૂકવવા માગો છો કે નહિ? એમ જ છે ને?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીનના વળતરનો પ્રશ્ન જ નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળો ને. એક મિનિટ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જમીનના વળતરનો જ્યારે પ્રશ્ન જ નથી ત્યારે જંત્રીના ભાવનો પ્રશ્ન જ ઊભો થતો નથી. (અંતરાય ) આ છે કૂવા, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, સાંભળો, પહેલા પ્રશ્ન વાંચો. ફલાણાભાઇની જમીનની અંદર આવેલા કૂવા અને બોરના વળતર જ છે, જમીનનું વળતર નહિ. હવે તે દિવસે કૂવાની કિંમત અને બોરની કિંમત ઓછી હોય અને આજે વધુ હોય તો એ ડિફરન્સ સરકાર ચૂકવવા માગે છે કે નહિ? એમ જ છે ને તમારો સવાલ? જમીનના બદલે બોર અને કૂવા. ભાઇ, ધારશીભાઇને પૂછશો તો બીજું જ નીકળશે. એના કરતા રહેવા દ્યો ને.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ કૂવા અને બોરની જંત્રી હોતી જ નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, કૂવા અને બોરની જંત્રી નથી.

શ્રી સી. કે. રાઉલજી : મકાનની જંત્રી હોય છે. ખબર ના હોય તો મકાનની જંત્રી હોય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એના મકાનની જંત્રી હોય છે? જમીનની જંત્રી હોય છે. મકાનની નહિ. (અંતરાય) એક મિનિટ, એમાં ત્રણ વસ્તુ છે, એમાં કૂવા અને બોરની જંત્રી ના હોય તો મકાનની જંત્રી હોય છે. એ પ્રમાણે વળતર ચૂકવવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : મકાનની જંત્રી હોતી નથી. જમીનની માત્ર આકારણી હોય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહભાઇ..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એક સામાન્ય ગરીબ ખેડૂત, એને થોડું વધારે મળે, આજના ભાવે મળે. કૂવો કે મકાન જ્યાં હોય, જમીન ઉપર હોય હવામાં તો હોય નહિ. એટલે જમીનની જંત્રી કે કૂવાને બધાને આપે છે?

અધ્યક્ષશ્રી : એ જ કહું છું, તમારે કૂવા અને બોરનું વળતર તમે જે ચૂકવી દીધું એની અંદર નથી, પણ જે મકાનની તે દિવસની કિંમત અને આજની કિંમત હોય એ બે વચ્ચેનો ડિફરન્સ છે એ તમે કરવા માગો છો કે નહિ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : ઓ.કે. તપાસ કરી જોશે. પ્રશ્ન ક્રમાંક – ૫. ઇશ્વરભાઇ પટેલ.

**વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં પીવાના પાણીની અછત નિવારવા બાબત**

* ૬૮૯૮ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં પીવાના પાણીની અછતને નિવારવા છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી ? | તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમ્યાન વલસાડ જિલ્લાનાં ધરમપુર અને કપરાડા તાલુકામાં ઉનાળા દરમ્યાન અમુક ગામ/પરામાં ઉદ્ભવેલ પીવાનાં પાણીની તંગી નિવારવા ૨૬ વ્યકિતગત યોજના, (પાઈપ/સાદા |

કુવા), ૨૦ સ્વજલધારા પાઈપ યોજના, ૫૫ મીની યોજના, ૯૪૪ હેન્ડપંપ તથા આંશિક સમય પૂરતા ૩૨ ગામોમાં ટેન્કર દ્વારા પીવાનું પાણી પુરું પાડવાની કાર્યવાહી કરવામાં આવેલ.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ધરમપુર અને કપરાડા તાલુકામાં સો ઇંચથી વધારે વરસાદ પડે છે છતાં મે અને જુન માસમાં પીવાના પાણીની ખૂબ મુશ્કેલી રહે છે, એના કાયમી ઉકેલ માટે મહારાષ્ટ્ર રાજ્યમાં બનતા મહારાષ્ટ્ર પેટર્નના તળાવો ખૂબ જ સફળ રહેલ છે, એ તળાવોમાં બારે માસ પાણી ભરેલું રહે છે તો આપણા રાજ્યમાં એવા તળાવો બનાવવા માગો છે કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, કપરાડા તાલુકામાં આવેલ મધુવન ડેમમાં ભરપૂર પાણી છે પરંતુ વધારાનું પાણી જુન માસ દરમિયાન દરિયામાં છોડી દેવામાં આવે છે તો એ પાણી ધરમપુર અને કપરાડા તાલુકામાં આપવા માગો છો કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, અને મારો ત્રીજો પ્રશ્ન કે, કપરાડા તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી નિવારવા મધુવન ડેમ જળાશય આધારિત ૮૨ ગામોને આવરી લેતી અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાને ક્યારે મંજૂરી આપવા માગો છો ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પ્રશ્ન છે એ છેલ્લા બે વર્ષમાં પીવાના પાણી માટે સરકારે શું શું પ્રયાસો કર્યા એના માટેનો છે, તળાવો માટેનો આમાં કયાંય પ્રશ્ન નથી. મારે સભ્યશ્રીને જણાવવું છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીનું એક ધ્યેય છે કે, દરેક લોકોને શુદ્ધ અને ચોખ્ખું પાણી પૂરતા પ્રમાણમાં મળે અને એના માટે આજે અમે સૌ સતત કામગીરી કરતા રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું થોડા આંકડા આપીશ તો ખ્યાલ આવશે કે, ૨૦૦૧ની અંદર ધરમપુર તાલુકામાં શું પરિસ્થિતિ હતી પીવાના પાણી માટેની? ત્યાં માત્ર ૧,૮૯૭ બોર હતા, પાણી પુરવઠાની યોજના માત્ર એક જ હતી અને સાદા કૂવા ૭૫ હતા, આ ૨૦૦૧ની પરિસ્થિતિ છે. આજે ૨૦૧૪ની સ્થિતિએ અમે ત્યાં ૨,૧૪૧ હેન્ડ પંપો, એક પણ ત્યાં મીની યોજના ન હતી. એની જગ્યાએ ૩૨૦ મીની યોજનાઓ, જુથ યોજના એકેય નહતી એની જગ્યાએ એક જુથ યોજના, વ્યક્તિગત પાણી પુરવઠા યોજના ૭૬, સ્વ જલધારા યોજના ૧૬૩ અને ૩૫ ગામોમાં ૧,૮૬૪ ટાંકા અમે ધરમપુરમાં બનાવેલા છે. એજ રીતે કપરાડામાં પણ આ જ પરિસ્થિતિ હતી. ૨૦૦૧ પહેલાં ત્યાં ૨,૧૫૬ જ માત્ર હેન્ડ પંપો હતા અને બે વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાઓ હતી અને સાદા કૂવા ૬૭ હતા, આજે ૨૦૧૪ની પરિસ્થિતિએ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે ત્રણ સવાલો પૂછ્યા છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : છેલ્લા બે વર્ષમાં અમે ૧,૯૧૯ હેન્ડ પંપો નવા કરેલા છે, ૨૬૩ મીની યોજનાઓ, બે જુથ યોજનાઓ, ૭૬ વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાઓ, સ્વ જલધારા યોજના નીચે ૧૦૨ યોજનાઓ, ૬૩ ગામોમાં ૭,૬૦૦ ટાંકાઓ કરવામાં આવ્યા છે અને સાદા કૂવા ૪૮૫.

અધ્યક્ષશ્રી : બાબુભાઇ, એમનો સવાલ એ હતો કે, એક તળાવ કે એક યોજના છે એના બદલે બીજી યોજનામાંથી તમે પાણી આપવા માગો છો કે કેમ ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ના, માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન છે એ, ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં પીવાના પાણીની અછતને નિવારવા છેલ્લા બે વર્ષમાં સરકારે કરેલી કામગીરી..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન છે એ ઉપરાંત એમણે પૂછ્યો છે, આમાં નથી. શી કાર્યવાહી કરી ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : એટલે સરકારે પૂરતી કામગીરી કરેલી છે. આપે જે પીવાના પાણીની મુશ્કેલી ન પડે એના માટે તળાવો માટેની જે વાત કરેલી છે એમાં એનું સૂચન છે અને એમાં પોઝિટિવલી અમે વિચારીશું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કપરાડા અને ધરમપુર તાલુકામાં મીની અને મોટી યોજના હાલે કેટલી છે અને કેટલી ચાલુ છે અને કેટલી બંધ છે.

અધ્યક્ષશ્રી : એ તો આમાં ન આવે, આ પ્રશ્ન લિમિટેડ છે, પીવાના પાણી, ધરમપુર અને કપરાડા તાલુકો.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : સાહેબ, પાણીના પ્રશ્નની તો વાત છે તો બીજું શું પૂછું? (અંતરાય)

અધ્યક્ષશ્રી : કપરાડા અને ધરમપુરની અંદર કેટલી યોજનાઓ છે? એ જ છે ને? એક મિનિટ ફરીથી પૂછો.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : કપરાડા અને ધરમપુર તાલુકામાં મીની યોજના કેટલી અને મોટી યોજના કેટલી અને એમાં ચાલુ કેટલી અને બંધ કેટલી અને એની સાથે મધુવન ડેમ આધારિત અસ્ટોલ જુથ પાણી પુરવઠાનું સરવે ચાલે છે એ કેટલા સમયમાં પૂરું કરવા માગો છો?

અધ્યક્ષશ્રી : કપરાડા અને ધરમપુર તાલુકામાં કેટલી યોજનાઓ છે, એમાં મીની કેટલી, મોટી કેટલી, કેટલી બંધ છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ધમરપુરની અંદર ૩૨૦ મીની યોજનાઓ છે, કપરાડામાં ૨૮૩ મીની યોજનાઓ છે. જુથ યોજનાઓ ધરમપુરમાં એક છે અને કપરાડાની અંદર બે છે. વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાઓ ધરમપુરમાં ૭૬ છે અને કપરાડામાં પણ ૭૬ છે. સ્વ જલધારા યોજના નીચે ૧૬૩ યોજનાઓ ધરમપુરમાં છે અને ૧૦૨ યોજનાઓ કપરાડામાં છે. બાકી માનનીય સભ્યશ્રીએ કીધું કે જે અસ્ટોલ જુથ યોજના છે એની સરવેની કામગીરી ચાલુ છે. શકય તેટલી વહેલી કામગીરી કરી અને આ યોજના વહેલી કાર્યાન્વિત થાય એ માટે આ સરકાર પ્રયત્ન કરશે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં કેટલા ગામોમાં ટેન્કરથી પાણી પૂરૂં પાડવામાં આવ્યું અને ટેન્કર દ્વારા પાણી પૂરૂં પાડવામાં ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો મળી?

અધ્યક્ષશ્રી : આમાં કયાં છે ભ્રષ્ટાચારનું? પહેલાનો જવાબ આપો. ભ્રષ્ટાચારનું રહેવા દો. ટેન્કર કેટલા ચાલુ છે એ કહો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ઉનાળાના છેલ્લા દિવસોમાં માત્ર દસ જ દિવસ ૩૨ ટેન્કરો અને ૧૦૩૮ ફેરા નાખેલા છે. માત્ર દસ જ દિવસ.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇનો પ્રશ્ન બહુ સાચો છે. ધરમપુર અને કપરાડા એ ડુંગર પ્રદેશના ગામો છે અને દર વર્ષે ત્યાં પાણીની સમસ્યા ઉભી થાય છે. મારું સૂચન સરકારશ્રીને છે કે ડુંગર પ્રદેશના કોતરો છે અને વન વિભાગ દ્વારા કોતરોને બાંધીને તલાવડીરૂપે કરવાની જે યોજના છે એને વધારે આ પ્રમાણેના કોતરો બાંધવામાં આવે તો કાયમી પાણીનો સંગ્રહ રહે અને એનાથી પાણીનો પ્રશ્ન કાયમ માટે હલ થઇ શકે તો સરકાર આ નવી યોજના વિચારવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે. ટેકનિકલી અમે તપાસ કરી લઇશું. શકય હશે તો જોઇ લઇશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ કીધું છે કે અમે ૩૨ ગામોની અંદર ટેન્કરથી પાણી પૂરૂં પાડીએ છીએ. મારે એ કહેવું છે કે સમગ્ર ગુજરાતની અંદર એક મોટી જાહેરાત થાય છે (અંતરાય) કે સમગ્ર ગુજરાત ટેન્કર વિના પાણી પૂરૂં પાડે છે તો મારું કહેવાનું છે એ કે આ ૩૨ ગામોમાં પાણી ટેન્કરથી પૂરૂં પાડવાનું બંધ કરીને કોઇ યોજના કરવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ટેન્કરો કાયમ માટે નથી ચાલતા. ઉનાળાના છેલ્લા દિવસોની અંદર માત્ર આઠ દિવસ પૂરતા જ આ ટેન્કરો ચાલ્યા હતા. એમાં ધરમપુરની અંદર છ ટેન્કરો અને કપરાડામાં ૨૬ ટેન્કરો કુલ ૩૨ ટેન્કરો છે. એનાથી ૧૧૩૮ ફેરા જ નાખવામાં આવ્યા હતા એના પછી ટેન્કરોથી પાણી આપવાની જરૂરિયાત ઉભી થઇ નથી.

**ઉકાઈ–કાકરાપાર યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંતર્ગત રજીસ્ટર્ડ મંડળીઓ અને તેનાં એમ.ઓ.યુ. બાબત**

* ૬૮૧૮ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉકાઈ–કાકરાપાર યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંતર્ગત તા.૩૧મી ડિસેમ્બર–ર૦૧૩ અંતિત કેટલી મંડળી રજીસ્ટર્ડ થઈ, | (૧) પર૩ |
| (ર) તે પૈકીની કેટલી મંડળીઓના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને | (ર) ૪૩પ |
| (૩) કેટલા વિસ્તારને આનાથી સિંચાઈનો લાભ મળશે ? | (૩) ૧,૮૬,પ૧૪ હેક્ટર. |

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારશ્રી દ્વારા પીયત મંડળીઓને કયા લાભો આપવામાં આવે છે અને મંડળી કાર્યરત થવાથી કયા લાભો થયેલ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના વિકાસનો જે પાયો નાખ્યો એ પંચશકિત પૈકીની બે શકિત, જળ શકિત અને જન શકિત આ સહભાગી જળ સિંચાઇ વ્યવસ્થા એ જન શકિતનો એક નમુનો છે અને આ જન શકિતના સહયોગથી જે પીયત થતું હતું એ પીયત પહેલા સરકાર હસ્તક હતું. ખેડૂતો ઉપર વિશ્વાસ મૂકી અને પીયત મંડળીઓ રચવામાં આવી અને સંપૂર્ણ જે પીયતની વ્યવસ્થાઓ છે એ ખેડૂત હસ્તક આપવામાં આવી અને એમાં જે વ્યવસ્થા છે એ સરકારશ્રી દ્વારા મંડળીના વિસ્તારની નહેર પુનરોદ્ધારના કામો માટે ૯૦:૧૦ ના ધોરણે નહેરો કરાવી મરામત કરાવવામાં આવે છે. માઇનોર નહેરની પીયત મંડળીઓને કુલ પ૦ ટકા વળતર મળે છે. જે પૈકી ૩૦ ટકા રકમ નહેરની મરામત જાળવણી માટે આપવામાં આવે છે જયારે ર૦ ટકા રકમ વહીવટી ખર્ચ માટે આપવામાં આવે છે અને મંડળીઓ કાર્યરત થાય પછી પાણીની બચત થાય છે, છેવાડાના વિસ્તારને સમયસર પાણી મળે છે તથા ખેડૂતોમાં પાણી મળવા બાબતનો વિશ્વાસ પેદા થાય છે તેમજ મંડળી દ્વારા જ કેનાલ પરના કામો હાથ ધરાતા કામોમાં મારાપણાનો ભાવ પેદા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહમાં જણાવતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર પ૦ ટકા વળતર તરત આપવામાં આવે છે જયારે બીજા રાજયોની અંદર સો ટકા પહેલા ખેડૂતો પાસેથી લે છે અને પછી રીબેટ આપવામાં આવે છે. આટલું આ ગુજરાતની અંદર ખેડૂતોના હિતમાં કામ થાય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પીયત મંડળીની રચના માટે સરકારે કયા કયા ધોરણો નકકી કરેલ છે?

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પીયત મંડળીને નક્કી કરવા માટે જે ધોરણો નક્કી કરવામાં આવ્યા છે, એમાં નહેર ઉપરના કુલ ખાતેદાર નહેર ઉપરના કુલ સિંચાઇ વિસ્તાર પૈકીના ઓછામાં ઓછા પ૧ ટકા ખેડૂતો તથા પ૧ ટકા સિંચાઇ વિસ્તાર હોવો આવશ્યક છે. મંડળીની રચના વખતે માઇનોર નહેરની શરૂઆતનો વિસ્તાર, મધ્ય ભાગ તથા છેવાડાના વિસ્તારમાં સપ્રમાણ પ્રતિનિધિત્વ મળે તેવી તકેદારી રાખવામાં આવે છે. પરિણામે સમગ્ર કમાન્ડ વિસ્તારમાં સપ્રમાણ પાણીની વહેંચણી થઇ શકે.

**શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે પીયત મંડળીની સિંચાઇના બિલો સીઝનવાર અને કેટલી સમય મર્યાદામાં ભરવાના થાય છે. રચના થયેલ પીયત મંડળીના વાર્ષિક હિસાબોના ચકાસણીની શું વ્યવસ્થા છે?

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી** : ખરીફ સીઝનનું બિલ ૩૦ એપ્રિલ, રવિ સીઝનનું બિલ ૩૧મી જુલાઇ અને ઉનાળુ સીઝનનું બિલ ૩૦મી નવેમ્બર સુધીમાં ભરવાના હોય છે. બીજો પ્રશ્ન છે એમાં રચના થયેલ પીયત મંડળીના વાર્ષિક હિસાબોનું ઓડિટ રજિસ્ટર્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવે છે. જેમાં જિલ્લા

રજિસ્ટ્રાર નીચે નોંધાયેલ મંડળીનું ઓડિટ ઓડિટર દ્વારા કરવામાં આવે છે અને અધિક્ષક ઇજનેર હેઠળ નોંધાયેલ મંડળીનું ઓડિટ રજિસ્ટર્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવે છે.

**શ્રી છબીલભાઇ ના. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ પીયત મંડળી એમાં એવું છે કે કચ્છની અંદર પીયત મંડળી બનાવી એ એક જ ખેડૂતે બધી સહી કરી પીયત મંડળી બનાવી નાખી હવે શું કરે છે કે તળાવ બનાવ્યું. હવે અત્યારે એ પોતાના એક જ ખેતરમાં આખે આખું પાણી પાય છે. બાકી કોઇને નહિ, લખપત તાલુકો હોવાના કારણે મેં વારંવાર ફરિયાદ કરી આ તમે પાણી કમસેકમ પાણી ઢોરને પીવા માટે...

**અધ્યક્ષશ્રી :** આ કપરાડાનો પ્રશ્ન છે. કચ્છ અને કપરાડા જુદુ છે.

**શ્રી છબીલભાઇ ના. પટેલ :** પીયત મંડળીમાં આવી ગેરરીતિ થાય છે, એના માટેનો પ્રશ્ન છે. પીયત મંડળી આ એક જ ખેડૂત પોતાના ખેતરમાં પાણી પાય છે.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** માનાનીય અધ્યક્ષશ્રી, જયાં એક જ ખેડૂત પીયત પાતો હોય તેને મંડળી કહી શકાય જ નહીં. વધારે ખેડૂતો ભેગા થઇ સામુહિક રીતે જે પીયત કરતા હોય તો એને જ મંડળી કહી શકાય. આ પ્રકારની ફરિયાદ સરકાર પાસે હજુ સુધી આવી નથી.

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ :** પહેલા મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે અમારી કાકરાપાર યોજના ૨૬૦ કરોડનાં કામો જે ૭૮ દિવસનાં બદલે ૭૫ દિવસમાં પૂરાં કર્યાં છે. મારો પ્રશ્ન એ છે કે મંડળીની રચના બાદ આ કાર્ય વિસ્તારોમાં કામ હાથ ધરવા માટે શું જોગવાઇ છે અને બીજો પ્રશ્ન વિભાગ દ્વારા મંત્રીના વિસ્તારની નહેરોમાં કયા પ્રકારનાં કામો કરવામાં આવે છે. ત્રીજો પ્રશ્ન મંડળીને મળતા ૩૦ ટકા વળતરમાંથી કયા પ્રકારનાં કામો કરવામાં આવે છે?

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** આ આખી યોજના તે સહભાગીની ફિલોસોફી ઉપર ચાલે છે. ત્યારે વિભાગ અને ખેડૂતો સાથે મળી અને મંડળીની રચના બાદ મંડળીના હોદ્દેદારો તથા વિભાગના તાંત્રિક સ્ટાફ દ્વારા માઇનોર નહેરની સંયુકત મુલાકાત લઇ હાથ ધરવાના થતાં અગત્યનાં કામોની કામની યાદી તૈયાર કરવામાં આવે છે. જો મંડળી સહમત હોય તો ૯૦, ૧૦ ની લોકભાગીદારી ધોરણે મંડળી દ્વારા જાતે કામ હાથ ધરવાના થાય છે. જો મંડળી સહમત ન હોય તો વિભાગ દ્વારા મંડળીના વિસ્તારની નહેરો ઉપર સ્ટ્રકચરનાં, લાઇનિંગનાં તેમજ નહેરને નુકસાન થયેલ હોય તો તેવાં કામો કરી આપવામાં આવે છે. મંડળી દ્વારા તેમના વિસ્તારમાં સામાન્ય મરામત તથા નીભાવણીનાં કામો જેવાં કે જંગલ કટિંગ, નહેર ઉપરનાં રોડની મરામત, ડીસિલ્ટિંગની કામગીરી કરવામાં આવે છે.

**નાના માછીમારોની રોજી રોટી માટેની યોજના**

* ૬૮૫૧ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના માછીમારોની રોજીરોટી માટે મત્સ્યોદ્યોગમાં કઈ યોજના અમલમાં છે, | (૧) નાના માછીમારોની રોજીરોટી માટે પગડીયા માછીમારોને સાયકલ, ઈન્સ્યુલેટેડ બોક્ષ, જાળ અને વજનકાંટા ખરીદી ઉપર સહાય આપવા તથા ૪ ઈંચ ઉપરની મેશ સાઈઝની ગીલનેટ જાળની ખરીદી ઉપર સહાય આપવા તથા દરીયાઈ સાધનો પુરા પાડવાની યોજના અમલમાં છે. |
| (૨) આ યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ નીચેની વિગતે સહાય આપવામાં આવે છે.<br>**૧. પગડીયા માછીમારોને સહાયઃ**<br>સાયકલ રૂા.૩૦૦૦/–, ઈન્સ્યુલેટેડબોક્ષ રૂા.૧૫૦૦/–, જાળ રૂા.૩૦૦૦–, વજનકાંટો રૂા.૫૦૦/–, કુલ મળીને યુનીટ કિંમત રૂા.૮૦૦૦/– ના ૯૦ ટકા લેખે રૂા.૭૨૦૦/– ની મહત્તમ સહાય આપવામાં આવે છે.<br>**૨. ૪ ઈંચ ઉપરની મેશ સાઈઝની ગીલનેટ જાળની** |

**ખરીદી ઉપર સહાયઃ**

આ યોજના તળે ૪ ઇંચથી ઉપરની મેશ સાઈઝની ગીલનેટના રૂ।.૧.૦૦ લાખની ખરીદીની સામે ૨૫ ટકા લેખે મહત્તમ રૂ।.૨૫,૦૦૦/– સહાય મળવાપાત્ર છે.

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર આ યોજનામાં કેટલો ખર્ચ થયો ?

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર આ યોજનામાં નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

**૧. પગડીયા માછીમારોને સહાયઃ**

| વર્ષ | લાભાર્થી સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૩૯૨ | રૂ।.૭૦.૭૭ લાખ |
| ૨૦૧૩–૧૪ | ૯૬૩ | રૂ।.૬૬.૩૯ લાખ (તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ |

**૨. ૪ ઈંચ ઉપરની મેશ સાઈઝની ગીલનેટની ખરીદી ઉપર સહાયઃ**

| વર્ષ | લાભાર્થી સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૫૯ | રૂ।.૧૨.૫૬ લાખ |
| ૨૦૧૩–૧૪ | ૧૩૧ | રૂ।.૩૦.૧૫ લાખ (તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ |

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા વર્ષ ૨૦૧૨–૧૩ તથા ૨૦૧૩–૧૪ માં પગડિયા માછીમારોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ ની અંદર ૧૫ જિલ્લાની અંદર વિવિધ કક્ષાએ સહાય ચૂકવવામાં આવી છે. અમરેલી જિલ્લામાં ૭૮ પગડીયાઓને ૨૦૧૨–૧૩માં ૩.૫૧ લાખની સહાય ચૂકવવામાં આવી. ૨૦૧૩–૧૪ની અંદર ૭૧ પગડીયાઓને ૫.૫૧ લાખની સહાય ચૂકવવામાં આવી. જામનગર જિલ્લાની અંદર ૨૫૯ માછીમારોને ૧૧.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી. જુનાગઢ જિલ્લાની અંદર ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૬૪ લાભાર્થીઓને ૭.૯૯ લાખની સહાય ચૂકવવામાં આવી. તેવી જ રીતે જુનાગઢ જિલ્લાની અંદર ૨૦૧૩–૧૪ની અંદર ૧૫૪ માછીમારોને ૧૧.૦૯ લાખની સહાય આપવામાં આવી. પોરબંદર જિલ્લાની અંદર ૩૦ માછીમારોને ૧.૬૬ લાખની સહાય આપવામાં આવી. ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૨૭ માછીમારોને સહાય આપવામાં આવી અને તેની પાછળ ૧.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. નવસારી જિલ્લાની અંદર ૨૦૧૨–૧૩ની અંદર ૫૫(પંચાવન) પગડીયા માછીમારોને સહાય આપવામાં આવી અને તેમાં ૨.૨૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ૨૦૧૩–૧૪ની અંદર ૩૯ માછીમારોને સહાય કરવામાં આવી અને તેમાં ૨.૮૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. વલસાડ જિલ્લામાં ૧૦૪ માછીમારોને સહાય કરવામાં આવી અને તેની પાછળ ૬.૦૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. તે જ રીતે ૨૦૧૩–૧૪ના વર્ષમાં વલસાડ જિલ્લામાં ૫૦ પગડીયા માછીમારોને સહાય કરવામાં આવી અને તેની પાછળ ૩.૬૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. સુરત જિલ્લામાં ૩૮ પગડીયાઓને ૧૭૧ લાખની સહાય કરવામાં આવી. ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૫૦ પગડીયા માછીમારોને ૩.૬૦ લાખની સહાય કરવામાં આવી. કચ્છ જિલ્લામાં ૧૩૭ પગડીયા માછીમારોને ૨૦૧૨–૧૩ના વર્ષની અંદર ૬.૯૨ લાખની સહાય કરવામાં આવી અને ૨૦૧૩–૧૪ ના વર્ષની અંદર ૧૫૦ લાભાર્થીઓને લાભ આપીને ૧૦.૮૦ લાખની સહાય કરવામાં આવી.

ભાવનગર જિલ્લામાં ૨૦૧૨–૧૩ના વર્ષની અંદર ૧૦૯ પગડીયા માછીમારોને ૪.૯૧ લાખની સહાય કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૮૫ પગડીયા માછીમારોને ૪.૬૬ લાખની સહાય કરવામાં આવી. ૨૦૧૩–૧૪ની અંદર રાજકોટ જિલ્લામાં ૧૦૦ માછીમારોને ૭.૨૦ લાખની સહાય કરવામાં આવી.

અધ્યક્ષશ્રી :આવી ગયું છે બધું.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ૧૫ જિલ્લાઓની માહિતી છે.

**સુરત જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય**

* ૬૮૭૬ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સુરત જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂા.૪૩.૩૦ લાખ. |
| (૨) જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી ? | (૨) બજાર સમિતિ, બારડોલી રૂા.૮.૫૦ લાખ અને બજાર સમિતિ, મહુવા રૂા.૩૪.૮૦ લાખની સહાય ચૂકવવામાં આવી. |

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સુરત જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી અને જિલ્લામાં કઇ કઇ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩–૧૪ની અંદર બારડોલી બજાર સમિતિના ખેડૂતોને ગોડાઉનો માટે ૮.૫૦ લાખ, મહુવા બજાર સિમિતને શોપ કમ ગોડાઉન માટે ૩૪.૮૦ લાખ આમ કુલ ૪૩.૩૦ લાખની સુરત જિલ્લાની આ બે એ.પી.એમ.સી.ને સહાય ચૂકવવામાં આવેલી છે. સુરત જિલ્લાની બાકીની અન્ય બજાર સમિતિઓ છે તેમની આ યોજના નીચે કોઇ માગણી હતી નહીં.

**ખેડા જિલ્લામાંથી ગૌમાંસનો જથ્થો પકડવા બાબત**

* ૬૯૪૮ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં ગૌમાંસનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | પકડાયેલ ગૌમાંસનો જથ્થો કિ.ગ્રા. |
|---|---|---|
| ૧. | નડીયાદ | ૧૦૦૦ |
| ૨. | ઠાસરા | ૦૦૦૦ |
| ૩. | માતર | ૧૩૫૦ |
| ૪. | કપડવંજ | ૦૦૦૦ |
| ૫. | કઠલાલ | ૦૯૫૫ |
| ૬. | મહેમદાવાદ | ૦૦૦૦ |
| ૭. | ખેડા | ૦૦૦૦ |
| ૮. | મહુધા | ૦૦૦૦ |
| ૯. | બાલાસિનોર | ૦૨૦૦ |
| ૧૦. | વિરપુર | ૦૦૦૦ |

(૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરી કઈ કઈ કલમો હેઠળ કેસો કરવામાં આવ્યા ?

(૨) કુલ–૨૭ ઇસમોની ધરપકડ કરી, ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ ની કલમ–૫, ૬(ખ), ૧,૨,૩,૪ તથા પ્રાણી ક્રુરતા અધિનિયમ–૧૯૬૦ ની

કલમ–૧૧ એ.એલ. હેઠળ કુલ–૯ કેસો કરવામાં આવેલ છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જે મને માહિતી આપવામાં આવી છે તે પ્રમાણે કુલ ૨૭ ઇસમોની ધરપકડ કરી ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ.૫,૬ (ખ), ૧,૨,૩,૪ તથા પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ની કલમ.૧૧ એ.એલ.હેઠળ કુલ–૯ કેસો કરવામાં આવ્યા છે. ખેડા જિલ્લાની અંદર ચાર તાલુકાની અંદર ૩૩૦૫ કિલો ગૌમાંસ પકડાયું છે. એક વર્ષની અંદર આટલું પકડાયું છે. ગુજરાતની અંદર છેલ્લા પાંચ વર્ષની અંદર ૧૦ લાખ કિલો ગૌમાંસ પકડાયું છે.

અધ્યક્ષશ્રી : તે આંકડા કયાંથી કાઢયા છે તમે? આ ઓથેન્ટીક આંકડા છે તમારી પાસે? આમાં આપેલા છે તેનો સરવાળો એટલો નથી થતો. તમે જે કંઇ સવાલ પૂછો તે ઓથેન્ટીક પૂછો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન અગત્યનો છે. ગુજરાતની અંદર પશુપાલકોને એક ભયસ્થાન એટલા માટે ઊભું થયું છે કે રાત્રે પોતાના ઘરના આંગણે બાંધેલા પશુ રાત્રે ટ્રકો અને ટેમ્પામાં ઉઠાવી જાય છે.

અધ્યક્ષશ્રી : તમારો સવાલ પૂછો રામસિંહભાઇ. વર્ણન નહીં. લેકચર નહીં. તમારો સવાલ સીધો પૂછો. તમે બે જ વસ્તુ આમાં પૂછી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે, ગુજરાતની અંદર દરરોજ આવા પશુઓ ઉઠાવી જઇને એનું કટિંગ થાય છે અને એનું ગૌમાંસ બહાર જાય છે, એવા સંજોગોની અંદર સરકાર સાથે રબારી અને ભરવાડ અને બીજા મિત્રોની વારંવાર મિટિંગો કરેલી કે, સખતમાં સખત કાયદો કરીને બંધ કરો, છતાંય અત્યાર સુધી કશું કરવામાં આવ્યું નથી અને હજારો પ્રાણીઓનું દરરોજ કટિંગ થાય છે, ત્યારે મારે પૂછવું છે કે, કેન્દ્ર સરકારે વારંવાર સરકારને લખાણ આપ્યું છે છતાં પણ ગુજરાતમાં...

અધ્યક્ષશ્રીઃ એક મિનિટ, તમારો સવાલ જ તમે નથી પૂછતા, માનનીય સભ્યશ્રી, તમે જે સવાલ પૂછ્યો છે. ભાઇ, શાંતિ રાખો. તમારો સવાલ સીધો પૂછો, તમે કેન્દ્ર સરકારની વાત કરો છો, ભરવાડો અને રબારીની વાત કરો છો. ભાઇ, એક મિનિટ, તમે સીધો સવાલ પૂછો. આમાં તમારા બે સવાલ છે, એમાંથી ઉત્પન્ન થતો પેટા સવાલ પૂછો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું સીધો પ્રશ્ન એટલો જ પૂછું છું કે, બીજાં બાર રાજયોની અંદર જયારે બોર્ડની રચના થઇ હોય ત્યારે ગુજરાતમાં કસાઇ લોબીને ખુશ કરવા માટે એનીમલ વેલ્ફર બોર્ડની રચના કરવામાં નથી આવતી. અત્યાર સુધી બીજાં રાજયોની અંદર જો બોર્ડ હોય તો....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમારો સવાલ છે એ ખેડા જિલ્લાનો છે. એને આખા રાજયનો સવાલ બનાવશો નહીં. તમારો સવાલ એ છે કે, ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં ગૌમાંસનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો? તમે ખેડા જિલ્લાનું પૂછો, બીજા જિલ્લાનું નહીં. ખેડા જિલ્લાનું પૂછો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એનીમલ વેલ્ફર બોર્ડની રચના કરવા માગે છે કે નહીં એની ખાતરી મને આપે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એક મિનિટ, ભાઇ, સાંભળો, તમે શાંતિ રાખો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય આખા ગુજરાતનો એમ.એલ.એ. હોય છે. એ ગુજરાતનો વિધાનસભાનો સભ્ય છે, ખેડા જિલ્લા તો એક પ્રતીક છે. આખા ગુજરાતમાં ગોમાંસ રોજ પકડાય છે...

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય સભ્યશ્રીઓ, બેસો, આ ફકત ખેડા જિલ્લા પૂરતો જ સવાલ છે, એના વિશે તમારે જે પૂછવું હોય તે પૂછો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પણ આખા ગુજરાતમાં..

અધ્યક્ષશ્રી : નહીં, એ નીતિ બનાવે તો આખા ગુજરાતની થાય અને આખા હિન્દુસ્તાનની થાય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ગૌમાંસ પકડાતું નથી, સાહેબ? ડીસાની બોર્ડર ઉપરથી રોજ પકડાય છે.

અધ્યક્ષશ્રી : એટલા માટે એ વિષય જયારે આવે ત્યારે એ વિષય ઉપર બોલજો. આ પ્રશ્ન ફકત ખેડા જિલ્લા પૂરતો છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, રોજ ગાયોની કતલ થાય છે, ખેડા જિલ્લો એ તો એક નિમિત્ત છે, આખા ગુજરાતમાં આ સવાલ નથી આજે? આ સવાલ છે આજે...

અધ્યક્ષશ્રી : નહીં, આખા ગુજરાતનો સવાલ નથી. એક મિનિટ, દરેક સવાલની અંદર આખા ગુજરાતનું પૂછો,નહીં, એ નહીં થાય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાત રાજયનો ધારાસભ્ય છે..

અધ્યક્ષશ્રી : કોઇ સવાલ નથી, એવી ગેરકાયદેસર રીતે કાર્યવાહી ચાલશે નહીં, જે સવાલ પૂછ્યો હોય એમાંથી લિમિટેડ જ પેટા પ્રશ્ન પૂછી શકો. આખા રાજયનો ન પૂછી શકાય, અને એનો સવાલ જ નથી પૂછતા, એ પોતાનું વર્ણન જ અત્યાર સુધી કરે છે, તમારો સવાલ પૂછો, બેસો, બધાય, હવે તમે બધા સભ્યશ્રીઓ બેસો, હવે, ભાઇ, બધા બેસો, તમારો સવાલ પૂછો, તમારો પ્રશ્ન ન હોય તો હું ફરીથી વાંચી સંભળાવું. તમે પ્રશ્ન પૂછો છો કાંઇ અને પેટા સવાલ પૂછો છો બીજો, તમે આમાંથી ઉત્પન્ન થતો પેટા સવાલ પૂછી શકો અને એ પણ ફકત ખેડા જિલ્લા માટે જ.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ પ્રશ્ન પૂછું છું.

અધ્યક્ષશ્રી : પૂછો, એક જ સવાલ. ભાઇ, શાંતિ રાખો, એક જ સવાલ પૂછો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નની બાબતમાં વારંવાર ફરિયાદો ઉભી થઇ છે, કેસ થયા છે, તો મારો એક જ પ્રશ્ન છે કે, ગુજરાત સરકાર સ્ટેટ એનીમલ વેલ્ફેર બોર્ડની રચના કરવા માગે છે કે કેમ? એની ખાતરી આપવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ખેડા જિલ્લા વિશે હોય તો કહો, આખા ગુજરાતનો નહીં. એક મિનિટ, સાંભળો, જવાબ તો સાંભળો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ખેડા જિલ્લાની વાત છે ત્યારે સરકાર ગૌવંશ અને પશુઓના સંરક્ષણ, એના સંવર્ધન માટે હંમેશાં કૃતનિશ્ચયી છે, અને આ જે કંઇ પશુઓના સંદર્ભમાં વાતચીત થાય છે, એમાં ગૌવંશની હત્યા રોકવા માટે, પશુઓ સામે ક્રુરતા રોકવા માટે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪માં સુધારો કરીને સજાના ધોરણોમાં વધારો કરવામાં આવ્યો છે, વાહનો પકડાય તો એને છ મહિના સુધી એ ડીટેઇન થાય એવા પ્રકારની વ્યવસ્થા એટલા માટે કરવામાં આવી છે કે આ વિષય પ્રત્યે ગંભીરતા સરકાર લઇ રહી છે, અને માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય સભ્યશ્રી સમગ્ર દેશની અને રાજયની વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે, કેન્દ્ર સરકાર કિસાનોને અન્યાય કરી રહી છે, કપાસ ઉપર ડ્યૂટી લગાવીને અને ગૌમાંસની દેશની બહાર નિકાસ થાય એટલા માટે સબસિડી આપી રહી છે એ અટકાવોને પહેલા ! દેશમાં જ્યારે આ પ્રકારની સ્થિતિ હોય ત્યારે એને અટકાવોને પહેલા. ગુજરાત સરકાર બિલકુલ કૃતનિશ્ચયી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ અંદરો અંદર વાત નહીં.(અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું માનું છું ત્યાં સુધી માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ, તમારા લોકો જ અવાજ કરે છે ત્યાંથી બોલે છે. તમે પ્રશ્ન પૂછો, બેસી જાવ બધાય. (અંતરાય) બેઠા બેઠા કોઇ કોમેન્ટ કરે નહીં, પ્રશ્ન પૂછવા દો. હીરાભાઇ પ્લીઝ, (અંતરાય) હીરાભાઇ તમારે બહાર જવાની ઇચ્છા છે? બેઠા બેઠા શેના માટે સૂત્રો પોકારો છો? બેસો તમે, તમે બેસો. માનનીય શંકરસિંહ પ્રશ્ન પૂછો. તમારા જ સભ્ય અવાજ કરે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકીય પ્રશ્ન નથી, આ ખેડા જિલ્લાનો પ્રશ્ન નથી કે રાજકીય પ્રશ્ન નથી. એમની છાતી ઉપર હાથ રાખીને આ મિત્રો કહે ગૌ પ્રેમી હોય તો ગુજરાતમાં રોજ ગાયોના વાછરડાની કતલ થાય છે, અનધિકૃત રીતે ગાયોના વાછરડાની અને ગાયોની કતલ સરેઆમ ગુજરાતમાં ઠેર ઠેર થાય છે એમાંથી કેટલા કેસ પકડાયા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ખેડા જિલ્લાની જ વાત છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ, હું ગુજરાતમાં વિધાનસભાનો સભ્ય છું, જિલ્લા પંચાયતનો સભ્ય નથી. નહીં ચાલે આ, નથી સાંભળવું મારે આપનું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં ચાલે. શંકરસિંહ, કોઇ દિવસ ન હોય આખા ગુજરાતનો પ્રશ્ન ન હોય આમાં. તમારે પહેલા પ્રશ્ન પૂછતી વખતે ગુજરાતના પ્રશ્ન પૂછોને તમને કોણ ના પાડે છે ? તમને કોણ કહે છે કે ખેડાનો જ પૂછો? આખા ગુજરાતનો પ્રશ્ન પહેલા પૂછો તો તમને પેટા પ્રશ્નમાં આખા ગુજરાતનો પ્રશ્ન પૂછવાનો હક્ક છે. ખેડાનો પ્રશ્ન પૂછો અને પછી પેટા પ્રશ્નમાં આખા ગુજરાતનો પ્રશ્ન પૂછો તો એ ન ચાલે. (અંતરાય) પ્રશ્નમાંથી જ પેટા પ્રશ્ન પૂછાય. (અંતરાય) શાંતિ રાખો. સુરત જિલ્લાનો કપરાડાનો પ્રશ્ન હોય તો કપરાડા વિશે જ પૂછાય. એમાં ભાદર ડેમનો ન પૂછાય. (અંતરાય) બેસો તમે, બેસો તમે, પૂંજાભાઇ બેસો તમે. પૂંજાભાઇ તમને લાસ્ટ વોર્નિંગ આપું છું બેસો તમે. જો ભાઇ, આ હાઉસની પ્રણાલિકા રહી છે કે જે..(અંતરાય) હવે સાંભળોને કાં તમે અહીં બેસી જાવ. વળી વચ્ચે વાત કરો છો? એક મિનિટ જે પ્રશ્ન પૂછ્યો હોય એનો જ પેટા પ્રશ્ન પૂછી શકાય, આખા ગુજરાતને લગતા પ્રશ્ન પૂછવાની દરેકને છૂટ છે પણ એ પ્રમાણે આખા રાજયને લગતો પ્રશ્ન હોવો જોઇએ, પ્રશ્ન તમે જિલ્લાનો પૂછો અને પેટા પ્રશ્ન આખા ગુજરાતનો પૂછો, એવું નહીં ચાલે એટલા જ માટે હું કહું છું કે જે પ્રશ્ન પૂછ્યો હોય એમાંથી ઉપજતો પેટા પ્રશ્ન જ પૂછાય એમાં આખા રાજયનો સવાલ ન આવે. (અંતરાય) તમારે પ્રશ્ન પૂછવો હોય તો બોલો તમે. એક મિનિટ, એક મિનિટ. તમારે બોલવું હોય તો તમે બોલો. પ્રશ્ન પૂછો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ જિલ્લા પંચાયતનું ગૃહ નથી. ગુજરાતના વિધાનસભાના સભ્યને ગુજરાતના કોઇપણ ખૂણાના કોઇપણ પ્રશ્ન પૂછવાનો એને અધિકાર છે અને પ્રણાલિકા હોય તો પ્રણાલિકા બહાર જઇને પણ માનનીય અધ્યક્ષશ્રીને મારી વિનંતી છે આ એક સર્વવ્યાપી પ્રશ્ન છે. ટેકનિકલ ખેડા જિલ્લાનો પ્રશ્ન ભલે હોય પણ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, એક મિનિટ. હું હજુ ફરીથી કહું છું કે જે પ્રશ્ન પૂછ્યો હોય એ એક જિલ્લાનો કે એક તાલુકાનો પૂછ્યો હોય તો એક તાલુકાને જ લાગુ પડે છે અને જિલ્લાનો હોય તો જિલ્લાને લાગુ પડે છે અને આખા ગુજરાતનો જો આ પ્રશ્ન હોત તો આખા ગુજરાતને લાગુ પડે. પણ તમે કોઇ એક જિલ્લાનો પ્રશ્ન પૂછીને પછી આખા રાજયની વિગત માગો તે કોઇ દિવસ સંભવ ન હોઇ શકે.

**પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### મોરબી રોડ પર બેડી નજીક રાજકોટના નવા માર્કેટીંગ યાર્ડના બાંધકામમાં ગેરરીતિ

* ૭૬૪૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ મોરબી રોડ પર બેડી નજીક નિર્માણ થઈ રહેલા રાજકોટના નવા માર્કેટીંગ યાર્ડના બાંધકામમાં નાણાકીય ગેર વહીવટ થયાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) ના, જી. અલબત્ત આ બાબતે (પાંચ) ફરીયાદો મળેલ છે. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા આ ગેરરીતિ અન્વયે તપાસ કરવા ક્યા પગલાંઓ લીધા ? | (૨) જે અન્વયે પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

## રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાદરા તાલુકામાં મંજૂર કરેલ યોજનાઓ

* ૬૮૭૧ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે પાદરા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૧ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂા.૨૩૯.૦૨ લાખ. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પાણીના બોર

* ૬૮૬૮ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં પાણીના કેટલા નવા બોર કરવામાં આવેલ છે, અને | (૧) ૨૧૪ બોર કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા બોર કાર્યરત કરવામાં આવેલ છે ? | (૨) ૧૯૫ બોર કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

## આણંદ જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૭૬૨૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં પોલીસ સ્ટેશનદીઠ ચોરી–લૂંટ–ખૂન–બળાત્કાર અને દારુ–જુગારના કેટલા ગુન્હા નોંધાયા, અને | (૧) *પત્રક–૧ મુજબ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા ગુનાઓમાં ગુન્હેગારોને પકડવામાં આવ્યા અને કેટલા ગુન્હેગારો નાસતા ફરે છે ? | (૨) *પત્રક–૨ મુજબ. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## જામનગર જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

* ૬૮૭૭ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ જામનગર જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) બજાર સમિતિ, જામનગરને રૂા.૨૪૨.૧૮ લાખ અને બજાર સમિતિ, ભાટીયાને રૂા.૧૭૩.૯૩ લાખ કુલ મળી, રૂા.૪૧૬.૧૧ લાખ ચૂકવેલ છે. |
| (૨) જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવાની બાકી છે ? | (૨) બજાર સમિતિ, ભાટીયાને રૂા.૧૨૭.૮૫ લાખની સહાય ગ્રાન્ટના અભાવે બાકી રહેલ છે. |

---------

### નર્મદા વિભાગને આદિજાતિ વિકાસ વિભાગમાંથી શેર મૂડી ફાળાપેટે મળેલી રકમ બાબત

* ૭૩૬૮ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં નર્મદા વિભાગને આદિજાતિ વિકાસ વિભાગમાંથી શેર મૂડી ફાળા પેટે કેટલી રકમ મળી,

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં નર્મદા પ્રભાગ હેઠળના સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ને આદિજાતિ વિકાસ વિભાગમાંથી શેર મૂડી ફાળા પેટે નીચે મુજબની રકમ મળેલ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૭૦૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ (તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં) | ૧૫૦ |

**પ્રશ્ન** (૨) આ રકમ ક્યા હેતુ માટે વાપરવાની હતી,

**જવાબ** (૨) આ રકમ સરદાર સરોવર નર્મદા યોજનાના વિવિધ ઘટકો, નહેર માળખા તેમજ પ્રભાવિત આદિજાતિ કુટુંબોના પુનઃ સ્થાપન અને પુનઃ વસવાટ માટે વાપરવાની હોય છે.

**પ્રશ્ન** (૩) તે રકમ પૈકી તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલી રકમ ક્યા કામો માટે વાપરવામાં આવી, અને

**જવાબ** (૩) નર્મદા યોજનાના પિયત વિસ્તાર (કમાન્ડ એરીયા) માં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાનો, નર્મદા જળવિવાદ પંચના ચૂકાદા–૧૯૭૯ મુજબ સમાવેશ થયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રશ્ન** (૪) ઉકત સ્થિતિએ કેટલી રકમ વપરાયા વગરની પડી રહી ?

**જવાબ** (૪) ઉકત સ્થિતિએ નર્મદા પ્રભાગ પાસે કોઈપણ રકમ વપરાયા વગરની પડી રહેલ નથી.

---------

### નવસારી જિલ્લામાં ટ્રાયબલ વિસ્તારોમાં હેન્ડપંપ અને બોરનું શારકામ

* ૬૮૬૬ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪ માં નવસારી જિલ્લાના ટ્રાયબલ એરીયામાં કેટલા બોર અને કેટલા હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ** (૧) ૮૦૦ બોર–હેન્ડપંપ.

**પ્રશ્ન** (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા બોર અને હેન્ડપંપનું શારકામ પૂર્ણ કરી કાર્યરત કરેલ છે ?

**જવાબ** (૨) શારેલ ૪૮૮ બોર પૈકી સફળ ૪૮૬ બોરમાંથી ૩૫૫ બોર કાર્યરત કરેલ છે.

---------

### રાજ્યમાં બંધ પડેલ ઔદ્યોગિક એકમોનાં સર્વે બાબત

* ૭૦૬૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ ઉદ્યોગ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરી દ્વારા રાજ્યમાં કેટલા ઔદ્યોગિક એકમો બંધ પડયા છે તેનો સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવ્યો, અને

(૨) આ સર્વે અન્વયે રાજ્યમાં કેટલા ઔદ્યોગિક એકમો બંધ પડેલા જણાયા ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક એકમોનો સર્વે છેલ્લે તા.૨–૧૦–૨૦૦૬ થી તા.૩૧–૩–૨૦૧૨ના સમયગાળા દરમિયાન નોંધણી થયેલ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો માટે કરેલ છે.

આ સર્વે રીપોર્ટ મુજબ ૫.૨૪ ટકા એકમો બંધ મલેલ છે.

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**નર્મદા યોજનાનાં તબક્કા–૧ હેઠળ નર્મદા અને વડોદરા જિલ્લાના ગામોને સિંચાઈ માટે પાણી**

* ૬૮૮૨ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના તબક્કા–૧ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ નર્મદા અને વડોદરા જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોની જમીનને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે, અને

(૨) બાકી રહેતી જમીનને કેટલા સમયમાં સિંચાઈ માટે પિયતનું પાણી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નર્મદા યોજનાના તબક્કા–૧ હેઠળ નર્મદા અને વડોદરા જિલ્લાના નીચે મુજબના તાલુકાઓના ગામોની જમીનને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પિયતનો લાભ મેળવતા ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નર્મદા | નાંદોદ | ૩૨ |
| ૨ | નર્મદા | તિલકવાડા | ૯૩ |
| | | **કુલ** | **૧૨૫** |
| ૧ | વડોદરા | ડભોઈ | ૮૬ |
| ૨ | વડોદરા | કરજણ | ૮૧ |
| ૩ | વડોદરા | સિનોર | ૨૭ |
| ૪ | વડોદરા | વડોદરા | ૬૮ |
| ૫ | વડોદરા | વાઘોડિયા | ૭૩ |
| ૬ | વડોદરા | પાદરા | ૭૧ |
| ૭ | વડોદરા | સાવલી | ૯૩ |
| | | **કુલ** | **૪૯૯** |

(૨) નર્મદા અને વડોદરા જિલ્લાની નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારની બાકી રહેતી ૮૨ ગામોની જમીનને ડીસેમ્બર–૨૦૧૪ સુધીમાં સિંચાઈ માટે પિયતનું પાણી આપવાનું આયોજન છે.

---------

**કઠલાલ તાલુકાની ફાગવેલ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ પીવાનું પાણી**

* ૭૮૯૧ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કઠલાલ તાલુકાની ફાગવેલ જુથ પાણી પુરવઠા યોજના ક્યારે મંજૂર કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, અને કેટલા સમયમાં પૂર્ણ થશે, અને

(૩) આ યોજનાથી પીવાનું પાણી કેટલા ગામોને મળશે?

**જવાબ**

(૧) તા.૨૨–૧–૧૩ ના વહીવટી મંજૂર મળેલ છે.

(૨) યોજનાની કામગીરી ટેન્ડરના તબક્કે છે. ટેન્ડર મંજૂર થયેથી યોજનાના કામો ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) યોજના દ્વારા ૧૯ ગામો અને ૧૧૬ પરાં મળીને કુલ ૧૩૫ ગામ–પરાંઓને પીવાનું પાણી આપવાનું આયોજન છે.

---------

**સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોટા અને મધ્યમ કક્ષાનાં ડેમો બાંધવા બાબત**

* ૭૬૭૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરકાર દ્વારા કેટલા મોટા અને મધ્યમ કક્ષાના ડેમો બાંધવા માટે મંજૂરી આપી કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, | (૧) મધ્યમ કક્ષાનો એક ડેમ બાંધવા માટે મંજૂરી આપી અને રૂ઼ા.૩૦.૦૦ લાખ ફાળવવામાં આવ્યા. |
| (૨) ઉકત સ્થિતિએ મંજૂર થયેલ ડેમો પૈકી કેટલા ડેમો બાંધવાના કામ શરૂ કરવામાં આવ્યા, અને<br>(૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે ? | (૨) અને (૩) જમીન સંપાદન તબક્કે છે. |

---------

**કચ્છ જિલ્લામાં પશુઓનું રસીકરણ**

* ૬૮૬૦ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ– જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | ૨૧,૯૨,૧૪૨ |

---------

**પંચમહાલ જિલ્લામાં પશુ આરોગ્ય સારવાર કેમ્પ**

* ૬૮૬૩ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૬૭૭ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧,૨૫,૫૫૯ |

---------

**ગાંધીનગર જિલ્લામાં બળાત્કારના કિસ્સા**

* ૭૯૪૮ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૧૩ માં બળાત્કારની કેટલી ઘટનાઓ બની, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૧૩ માં બળાત્કારની કુલ ૨૨ ઘટનાઓ બનેલ છે. |
| (૨) આ ગુનામાં સંડોવાયેલા કુલ કેટલા ઈસમોની તા.૧–૧–૨૦૧૪ સુધીમાં ધરપકડ થઈ ? | (૨) તમામ ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે. અને કુલ ૩૧ સંડોવાયેલ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે. |

---------

**રાજ્ય હસ્તકના બંદરો ઉપર ક્રુડ ઓઈલની હેરાફેરી માટે એસ.બી.એમ.**

* ૮૦૦૮ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય હસ્તકના બંદરો પર ક્રુડ ઓઈલની હેરફેર કરવા માટે કેટલા સીંગલ બાયોઈંગ મુવીંગ (એસ.બી.એમ.) ઉપલબ્ધ છે, | (૧) ૭ સીંગલ બોય મુરીંગ (એસ.બી.એમ.) |

| | |
|---|---|
| (૨) નવા એસ.બી.એમ. સ્થાપવા માટે કોઈ આયોજન કરેલ છે, અને | (૨) હાલના તબક્કે કોઈ આયોજન નથી. |
| (૩) જો હા, તો તે બાબતે ઉકત સ્થિતિએ શું પ્રગતિ થયેલ છે ? | (૩) લાગુ પડતું નથી. |

---------

**સુરત જિલ્લામાં પશુ આરોગ્ય સારવાર કેમ્પ**

* ૬૮૬૨ **શ્રી કિશોરભાઈ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૫૧૩ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૮૬,૫૫૮ |

---------

**જામનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩માં પશુ આરોગ્ય મેળા**

* ૬૮૫૬ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં જામનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૮૩ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧,૬૦,૦૧૪ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૬૨,૨૪૬ |

---------

**લખપત–અબડાસા અને નખત્રાણા તાલુકામાં નિષ્ફળ ગયેલ પાણી પુરવઠા યોજનાઓ**

* ૭૮૫૪ **શ્રી છબીલભાઈ ના. પટેલ(અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧–૨૦૧૪ની સ્થિતિએ લખપત–અબડાસા અને નખત્રાણા તાલુકામાં કઈ કઈ જુથ પાણી પુરવઠા યોજના અને સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ નિષ્ફળ ગઈ છે, અને | (૧) કોઈ પાણી પુરવઠા યોજના નિષ્ફળ ગઈ નથી. |
| (૨) ઉકત નિષ્ફળ ગયેલ યોજનાઓના સ્થાને શી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાપી કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવા જતાં, પોલીસ દ્વારા મહિલાઓ પર લાઠીચાર્જ**

* ૭૯૦૩ **શ્રી પરભુભાઈ વસાવા(માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૯–૧–૧૪ના રોજ તાપી કલેકટર કચેરીએ આવેદન પત્ર આપવા જતા સાદા ડ્રેસમાં પોલીસો દ્વારા મહીલાઓને બેફામ લાઠીચાર્જ કરી ઘાયલ કરેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ટોળાને વિખેરવા માટે તદ્દન જરૂરી હળવો બળ પ્રયોગ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તે સમયે કેટલી મહીલાઓ ઘાયલ થઈ અને જવાબદાર પોલીસો સામે સરકારે શાં પગલાં લીધા | (૨) કાયદાકીય જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. |

?

---------

## સાબરમતી જેલમાં પ્રતિબંધિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ

* ૭૫૩૦ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરમતી જેલમાંથી પ્રતિબંધિત કેટલી કેવા કેવા પ્રકારની વસ્તુઓ કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પકડાઇ, અને

(૨) જેલમાં થતી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા છેલ્લાં બે વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | પકડાયેલ પ્રતિબંધિત વસ્તુઓ | પકડાયેલ પ્રતિબંધિત વસ્તુની વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨ | ૨૬૪ | મોબાઈલ ફોન, તમાકુ, બીડી, સીગારેટ, પતરાની પટ્ટી, બ્લેડનો ટુકડો, ચલણી નાણું વગેરે |
| ૨ | ૨૦૧૩ | ૧૭૨ | |

(૨) બે વર્ષમાં સ્કેનીંગ મશીન, ડોરફ્રેમ મેટલ ડીટેક્ટર તથા હેન્ડ હેલ્ડ મેટલ ડીટેક્ટર, મોબાઈલ ફોન ડીટેક્ટર તથા સી.સી.ટી.વી. જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરેલ છે. આ ઉપરાંત ઝડતી સ્કવોડ, ખાસ સ્કવોડ તથા એન્ટીસેબોટેજ સ્કવોડ દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવે છે.

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પીવાના પાણી માટેની યોજનાઓ

* ૭૯૪૨ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની તકલીફ કાયમી ધોરણે દૂર થાય તેવી કઈ કઈ યોજના અમલમાં છે અને તે ક્યા ક્યા તાલુકાનાં કેટલા ગામોને આ યોજનાનો લાભ મળે છે, અને

(૨) આ યોજનાઓથી વંચિત રહેલ ગામોને સરકાર પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય તે મુજબની કાર્યવાહી કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) સામેલ પરિશિષ્ટ મુજબ.

(૨) હા, જી.

અરવલ્લી જિલ્લાના ૭૭ ગામોના કામ પ્રગતિમાં છે. ૪૨૬ ગામો માટે એસ.કે. ૨,૩,૪ જૂથ યોજનાનું આયોજન કરેલ છે.

સાબરકાંઠા જિલ્લાના ૮ ગામોના કામ પ્રગતિમાં છે. ૬૦ ગામોની યોજનાનું આયોજન કરેલ છે.

### પરિશિષ્ટ

| અ.નં. | તાલુકો | જુથ યોજનાનું નામ | સમાવિષ્ટ ગામ | વ્યકિતગત યોજનાની સંખ્યા |
|---|---|---|---|---|
| | | **સાબરકાંઠા જિલ્લો–** | | |
| ૧ | ઈડર | ફલાસણ–ઉમેદપુરા જુથ પાણી પુરવઠા યોજના | ૨૪ | ૭ |
| | | ગુહાઈ જુથ પાણી પુરવઠા યોજના | ૪૬ | |
| | | જાલીયા–ઉમેદગઢ જુથ પાણી પુરવઠા યોજના | ૨૬ | |
| | | દાવડ–લાલપુર જુથ પાણી પુરવઠા યોજના | ૧૮ | |

| અ.નં. | તાલુકો | જુથ યોજનાનું નામ | સમાવિષ્ટ ગામ | વ્યકિતગત યોજનાની સંખ્યા |
|---|---|---|---|---|
| | | વણજ–દેવીનગર જુથ પાણી પુરવઠા યોજના | ૦૫ | |
| | | હાથરવા–ડોભાડા ભાગ–૨ જુથ પાણી પુરવઠા યોજના | ૦૭ | |
| ૨ | ખેડબ્રહ્મા | હાથરવા–ડોભાડા ભાગ–૧ જુથ પાણી પુરવઠા યોજના | ૦૨ | ૨૧ |
| | | ખેડબ્રહ્મા જુથ પાણી પુરવઠા યોજના | ૧૪ | |
| ૩ | વડાલી | વણજ–દેવીનગર જુથ પાણી પુરવઠા યોજના | ૧૪ | ૦૦ |
| | | ફલાસણ–ઉમેદપુરા જુથ પાણી પુરવઠા યોજના | ૧ | |
| | | હાથરવા–ડોભાડા ભાગ–૨ જુથ પાણી પુરવઠા યોજના | ૨૩ | |
| | | ગુહાઈ જુથ પાણી પુરવઠા યોજના | ૧ | |
| | | હાથરવા–ડોભાડા ભાગ–૧ જુથ પાણી પુરવઠા યોજના | ૧૭ | |
| ૪ | હિંમતનગર | એસ.કે.–૧ જુથ પાણી પુરવઠા યોજના | ૧૩૨ | ૦૦ |
| ૫ | પ્રાંતિજ | એસ.કે.–૧ જુથ પાણી પુરવઠા યોજના | ૬૪ | ૦૦ |
| ૬ | તલોદ | એસ.કે.–૧ જુથ પાણી પુરવઠા યોજના | ૭૩ | ૦૦ |
| ૭ | પોસીના | – | – | ૦૩ |
| ૮ | વિજયનગર | – | – | ૧૨ |
| | **કુલ** | **જુથ યોજનાની સંખ્યા–૯** | **૪૬૭** | **૪૩** |
| | | **અરવલ્લી જિલ્લો –** | | |
| ૧ | બાયડ | ગાબટ સાંઠબા જુથ પાણી પુરવઠા યોજના | ૧૮ | ૫૯ |
| | | આમોદરા જુથ પાણી પુરવઠા યોજના | ૧૬ | |
| | | બાયડ–માલપુર જુથ પાણી પુરવઠા યોજના | ૧૧ | |
| | | એસ.કે–૧ જુથ પાણી પુરવઠા યોજના | ૦૨ | |
| ૨ | ધનસુરા | બાયડ–માલપુર જુથ પાણી પુરવઠા યોજના | ૩૬ | ૨૭ |
| | | માજુમ જુથ પાણી પુરવઠા યોજના | ૦૯ | |
| ૩ | માલપુર | બાયડ–માલપુર જુથ પાણી પુરવઠા યોજના | ૦૭ | ૪૪ |
| ૪ | ભિલોડા | મેશ્વો જુથ પાણી પુરવઠા યોજના | ૨૩ | ૩૦ |
| | | હાથમતી જુથ પાણી પુરવઠા યોજના | ૩૦ | |
| | | લુસડીયા જુથ પાણી પુરવઠા યોજના | ૧૦ | |
| | | એસ.કે.–૧ જુથ પાણી પુરવઠા યોજના | ૦૧ | |
| ૫ | મોડાસા | માજુમ જુથ પાણી પુરવઠા યોજના | ૨૨ | ૭૪ |
| ૬ | મેઘરજ | – | – | ૩૦ |
| | **કુલ** | **જુથ યોજનાની સંખ્યા–૭** | **૧૮૫** | **૨૬૪** |

---------

**ભાવનગર જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૭૭૬૪ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૩૨. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨,૬૦,૩૩૮. |

---------

### નર્મદા બંધની ઉંચાઈ વધારવાથી, અસરગ્રસ્તોનું પુનઃવસવાટ કરવા બાબત

* ૭૨૧૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નર્મદા બંધની ઉંચાઈ વધારવા અને દરવાજા મૂકવા માટે કુલ કેટલા લોકોનું પુનઃવસવાટ કરવામાં આવ્યું,

(૨) ઉકત સ્થિતિએ કેટલા લોકોના પુનઃવસનના કામો બાકી છે, અને

(૩) ક્યા કારણોસર આ કામો બાકી છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) કુલ–૩૩ (તેત્રીસ) અસરગ્રસ્તોનો પુનઃવસવાટ કરવામાં આવ્યો છે.

(૨) કોઈ નહિં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી

* ૬૮૩૩ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૯૦૪.

---------

### મહિસાગર જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૭૫૧૭ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાદીઠ ખૂન, લૂંટ, ચોરી અને બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉકત સ્થિતિએ ગુનાખોરીને ડામવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધાં, અને

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ.

| વર્ષ | તા.૧–૧–૨૦૧૨ થી તા.૩૧–૧૨–૨૦૧૨ દરમ્યાન બનેલ બનાવો | | | | તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ દરમ્યાન બનેલ બનાવો | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **તાલુકો** | **ખૂન** | **લૂંટ** | **ચોરી** | **બળાત્કાર** | **ખૂન** | **લૂંટ** | **ચોરી** | **બળાત્કાર** |
| લુણાવાડા | ૩ | ૦ | ૨૧ | ૦ | ૫ | ૦ | ૧૫ | ૧ |
| ખાનપુર | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૦ | ૬ | ૦ |
| કડાણા | ૨ | ૦ | ૫ | ૧ | ૨ | ૦ | ૩ | ૦ |
| સંતરામપુર | ૬ | ૧ | ૯ | ૧ | ૮ | ૨ | ૮ | ૩ |
| બાલાશિનોર | ૧ | ૦ | ૬ | ૧ | ૪ | ૦ | ૪ | ૧ |
| વિરપુર | ૦ | ૩ | ૫ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ડીટવાસ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ |

(૨) પત્રક–૨ મુજબ

મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા માટે જિલ્લામાં તમામ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી દ્વારા નાઈટ પેટ્રોલીંગ આવરી લેતી સ્કીમો તૈયાર કરી ગ્રુપ મોબાઈલ પેટ્રોલીંગ, વીલેજ પેટ્રોલીંગ, હાઈવે પેટ્રોલીંગ, ક્રોસ પેટ્રોલીંગ

વિગેરે રાખવામાં આવેલ છે. તેમજ મિલ્કત વિરૂધ્ધના ગુનામાં પકડાયેલ ઈસમોના એમ.સી.આર. કાર્ડ ચેક કરવામાં આવે છે. તદ્ઉપરાંત જાણીતા ગુનેગાર, શક પડતા ઈસમો તથા શક પડતા વાહનોને ચેક કરવામાં આવે છે. તેમજ આવા ગુના વધુ બનતા હોય તે વિસ્તારનું સર્વે કરી તે વિસ્તારમાં સખ્ત પેટ્રોલીંગ રાખવામાં આવે છે. તેમજ વણશોધાયેલ ગુનાઓની દિશા સુચક તપાસો કરવા જણાવવામાં આવે છે. તથા શરીર સંબંધી ગુનાઓ અટકાવવા માટે પોલીસ સ્ટેશન ખાતે ઝઘડા તકરારોની અરજીઓ તથા ફરીયાદો પર અસરકારક અટકાયતી પગલાં લેવામાં આવે છે. તેમજ આવા ગુનાઓના આરોપીઓને સત્વરે પકડવાની કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવે છે.

(૩) કેટલા ગુનેગારોને ક્યા ગુનાઓ હેઠળ પકડવામાં આવ્યા ?

(૩) પત્રક–૩ મુજબ.

| વર્ષ | તા.૧–૧–૨૦૧૨ થી તા.૩૧–૧૨–૨૦૧૨ દરમ્યાન પકડાયેલા ગુનેગારો | | | | તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ દરમ્યાન પકડાયેલા ગુનેગારો | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **તાલુકો** | **ખૂન** | **લૂંટ** | **ચોરી** | **બળાત્કાર** | **ખૂન** | **લૂંટ** | **ચોરી** | **બળાત્કાર** |
| લુણાવાડા | ૬ | ૦ | ૨૩ | ૦ | ૧૩ | ૦ | ૨૧ | ૧ |
| ખાનપુર | ૨ | ૦ | ૧૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| કડાણા | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ |
| સંતરામપુર | ૫ | ૧ | ૨ | ૧ | ૫ | ૧ | ૨ | ૩ |
| બાલાશિનોર | ૧ | ૦ | ૨ | ૧ | ૬ | ૦ | ૨ | ૧ |
| વિરપુર | ૦ | ૧૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડીટવાસ | ૦ | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૧ | ૦ |

---------

## નર્મદા જિલ્લામાં પશુ આરોગ્ય સારવાર કેમ્પ

* ૬૮૫૫ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૨૩૮.

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

(૨) ૪૯,૩૨૦.

---------

## દાંતીવાડા અને સીપુ જળાશય યોજનાના કેચમેન્ટ વિસ્તારના ખેડૂતોને સિંચાઈ સવલત બાબત

* ૭૪૯૭ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ દાંતીવાડા અને સીપુ જળાશય યોજનાના કેચમેન્ટ વિસ્તારના ખેડૂતોને સિંચાઈની સવલતોથી વંચિત છે તે હકીકતથી સરકાર વાકેફ

(૧) હા, જી.

| | |
|---|---|
| છે કે કેમ, | |
| (૨) જો હા, તો આ ખેડૂતોને સવલત આપવા માટે સરકાર દ્વારા કોઈ યોજના બનાવી છે કે કેમ, | (૨) અને (૩) અલગથી કોઈ યોજના નથી. પરંતુ જળ સંચયના કામોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે, અને | |
| (૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) પ્રશ્ન રહેતો નથી. |

---------

### વડોદરા જિલ્લામાં પશુઓનું રસીકરણ

* ૬૮૫૯ **શ્રી જયંતિભાઈ સ. રાઠવા(જેતપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | ૪૪,૦૦,૩૫૭. |

---------

### મહેસાણા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

* ૬૮૭૩ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂા.૬૪,૭૪ લાખ. |
| (૨) જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવાની બાકી છે ? | (૨) બજાર સમિતિ, વિસનગરને રૂા.૩૨૪.૭૦ લાખ ગ્રાન્ટના અભાવે ચૂકવવાની બાકી છે. |

---------

### વડોદરા જિલ્લામાં બજાર સમિતિઓને આધુનિક સગવડો માટે સહાય

* ૬૮૮૧ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં બજાર સમિતિઓને આધુનિક સગવડો ઉભી કરવા માટે સહાય પૂરી પાડવાની યોજના અન્વયે વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂા.૩૭.૩૦ લાખ. |
| (૨) જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી ? | (૨) બજાર સમિતિ, પાવી જેતપુર. |

---------

### જૂનાગઢ જિલ્લામાં ડેમ તથા સ્થાનિક જળસ્ત્રોત આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ

* ૬૮૪૬ **શ્રી અરવિંદભાઈ કે. લાડાણી(કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ડેમ તથા સ્થાનિક જળસ્ત્રોત આધારિત કેટલા | (૧) ૧૧ જુથ યોજનાઓ નીચેની વિગતે<br>ડેમ આધારીત ૭ જુથ યોજનાઓ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યાન્વિત છે, અને | સ્થાનિક જળ સ્ત્રોત આધારીત ૪ જુથ યોજનાઓ |
| (૨) આ યોજનાઓ દ્વારા કેટલા ગામોને પીવાનું શુધ્ધ પાણી પૂરૂ પાડવામાં આવે છે ? | (૨) જુથ યોજનાઓમાં સમાવિષ્ટ ૨૬૨ ગામો પૈકી હાલ ૭૨ ગામોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. બાકીના ૧૯૦ ગામોને પાઈપ નેટવર્કથી જોડાયેલા છે. પરંતુ હાલ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવતા હોય, સ્વેચ્છાએ પાણી લેતા નથી જેને જરૂરીયાત/માંગણી મુજબ પાણી પુરૂ પાડી શકાશે. |

---------

## ખેડા જિલ્લામાં ગેરકાયદે દારૂનું વેચાણ કરતાં ઈસમો સામે કાર્યવાહી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર હત્યા, ઘરફોડ, લૂંટ, વાહનચોરી, અપહરણ, ચેઈન સ્નેચીંગ અને ચોરીના કુલ કેટલા બનાવો બન્યા, | (૧) * પત્રકઃ ૧ મુજબ |
| (૨) તે પૈકી કેટલા ગુનાઓ ડીટિકટ થયા અને કેટલા ગુનાઓ ડીટિકટ કરવાના બાકી છે, અને | (૨) * પત્રકઃ ૨ મુજબ |
| (૩) તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે? | (૩) * પત્રકઃ ૩ મુજબ |

( * પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મોરબી રોડ પર બેડી નજીક રાજકોટના નવા માર્કેટીંગ યાર્ડના બાંધકામમાં નાણાકીય ગેરરીતિ બાબત**

* ૬૯૨૩ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મોરબી રોડ પર બેડી નજીક નિર્માણ થઇ રહેલા રાજકોટના નવા માર્કેટીંગ યાર્ડના બાંધકામમાં નાણાકીય ગેરરીતીઓ થયાની કેટલી ફરીયાદો સરકારને છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૧) ૫–(પાંચ) ફરીયાદ મળેલ છે. |
| (૨) ઉક્ત ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ? | (૨) મળેલ ફરિયાદો અન્વયે પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ અંતર્ગત જુદા ૨૦૧૧–જુદા ક્ષેત્રોમાં એમ. ઓ. યુ.**

* ૮૦૪૩ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧ અંતર્ગત કેટલા એમ.ઓ.યુ. થયેલ, અને | (૧) કુલ ૮૩૮૦ એમ.ઓ.યુ. થયેલ હતા. |
| (૨) કેટલા અપેક્ષીત રોકાણ માટે એમ.ઓ.યુ. થયેલ છે? | (૨) કુલ રૂા. ૨૦૮૩૧૮૨.૭૨ કરોડ અપેક્ષિત મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. થયેલ હતા. |

---------

**નવસારી જિલ્લામાં ખૂનના બનાવો**

* ૭૨૯૦ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ખૂનના કેટલા બનાવો નોંધાયા, | (૧) પત્રકઃ ૧ મુજબ |
| (૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરી, અને | (૨) પત્રકઃ ૨ મુજબ |
| (૩) આવા બનાવો અટકાવવા સરકારે શાં પગલાં લીધા ? | (૩) ખૂનના ગુનાઓ અટકાવવા ખાસ કરીને પો.સ્ટે.માં આવતી અરજીઓ, નોન કોગ્ની. ફરીયાદો, જમીન, સ્ત્રી, |

પૈસાઓ બાબતની મળતાં તેની તપાસ કરી જરૂરી સુલેહશાંતીનો ભંગ ન થાય તે માટે જરૂરી સી.આર.પી.સી.ક. ૧૦૭ મુજબ અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે. તેમજ શરીર સબંધીના ગુનાઓમાં આરોપીઓને સત્વરે અટક કરી તેઓ જામીન ઉપર મુક્ત થતાં સી.આર.પી.સી.ક. ૧૦૭, ૧૧૦ મુજબના અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે.

**પત્રક – ૧**

| વર્ષ | તાલુકાનું નામ | ખૂનના કેટલા બનાવો બન્યા |
|---|---|---|
| તા. ૧–૧–૧૩ થી તા. ૩૧–૧૨–૧૩ | નવસારી | ૫ |
| | જલાલપોર | ૨ |
| | ગણદેવી | ૬ |
| | ચીખલી | ૧ |
| | વાંસદા | ૦ |

**પત્રક – ૨**

| વર્ષ | તાલુકાનું નામ | કેટલા ઇસમોની ધરપકડ કરી |
|---|---|---|
| તા. ૧–૧–૧૩ થી તા. ૩૧–૧૨–૧૩ | નવસારી | ૫ |
| | જલાલપોર | ૧ |
| | ગણદેવી | ૪ |
| | ચીખલી | ૦ |
| | વાંસદા | ૦ |

---------

**ભરૂચ જિલ્લામાં બજાર સમિતિઓને આધુનિક સગવડો માટે સહાય**

* ૬૮૧૩ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૦–૧૧–૨૦૧૩ સુધીમાં બજાર સમિતિઓને આધુનિક સગવડો ઊભી કરવા માટે સહાય પૂરી પાડવાની યોજના અન્વયે ભરૂચ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) શૂન્ય. |
| (૨) જિલ્લામાં કઇ કઇ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં રીચાર્જ કુવાઓ**

* ૭૧૮૭ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ભુગર્ભજળની સપાટી ઉંચી લાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલા રીચાર્જ કુવાઓ બનાવવામાં આવ્યા ? | ૧૯ |

---------

## ભાવનગર જિલ્લામાં બિયારણના નમૂનાની ચકાસણી

* ૭૭૩૮ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) કુલ ૬૧૮ નમૂનાઓ. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) પ્રમાણિત ૬૧૨ નમૂનાઓ<br>બિનપ્રમાણિત ૬ નમૂના. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિનપ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૨ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં લીધેલ છે. |

---------

## રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ વાઘોડિયા તાલુકામાં મંજૂર કરેલ યોજનાઓ

* ૬૮૭૨ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વાઘોડિયા તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૪ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| એચ(બી)–૬૦૭૮૨૧૬ (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે? | (૨) રૂા. ૨૧૬.૭૫ લાખ. |

---------

## જુનાગઢ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૬૮૯૩ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) કુલ ૨૭૨ તળાવો ઉંડા કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ તળાવો ઉંડા ઉતારવા માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) વર્ષ–૨૦૧૨ દરમ્યાન રૂા. ૬૧૪.૭૯ લાખ તથા વર્ષ–૨૦૧૩ દરમ્યાન રૂા. ૯૪૫.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) આ તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને | (૩) કુલ ૨૧૮.૩૦ મી.ઘ. ફુટ જળસંગ્રહ શક્તિમાં વધારો થયેલ છે. |
| (૪) કેટલા વધારાના વિસ્તારને સિંચાઇનો લાભ મળ્યો? | (૪) કુલ ૧૧૯૨૦ હેક્ટર વિસ્તારમાં વધારાની આડકતરી સિંચાઇનો લાભ મળેલ છે. |

---------

## સુરત પોલીસ દ્વારા ભાગેડુ જાહેર કરાયેલ વ્યક્તિઓ

* ૭૫૫૯ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુરત પોલીસ દ્વારા છેલ્લા એક વર્ષમાં કઇ વ્યક્તિઓને ભાગેડુ જાહેર કરાઇ હતી, અને | (૧) *પત્રક – મુજબ |
| (૨) આ દરેક ભાગેડુ વ્યક્તિઓની શોધ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ ભાગેડુ વ્યક્તિઓની શોધ માટે કોઇ અલાયદા ખર્ચની જોગવાઇ કરવામાં આવતી નથી. |

(*પત્રક સિચવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વડોદરા જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂનાની ચકાસણી

* ૭૭૩૯ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) કુલ ૨૦૩૮ નમુનાઓ લેવામાં આવ્યા. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | (૨) ૨૦૨૭ નમુના પ્રમાણિત થયા<br>૧૧ નમુના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) ૦૧ સામે કોર્ટ કેસ કરેલ છે.<br>૦૮ સામે વહીવટી પગલાં લીધેલ છે.<br>૦૨ સામે કાર્યવાહીમાં છે. |

---------

## પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલ માછીમારોનાં કુટુંબોના જીવન નિર્વાહ માટે સહાય

* ૬૮૫૪ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની પરિસ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબનો જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા,તો કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) પાકિસ્તાન સત્તાવાળા દ્વારા રાજ્યના માછીમાર જે તારીખથી પકડાય તે તારીખથી પાકિસ્તાન જેલમાંથી છુટીને વતન પરત આવે તે તારીખ સુધી રાજ્ય સરકાર દ્વારા પકડાયેલ માછીમારના કુટુંબીજનોને દૈનિક આર્થિક સહાય પેટે રૂ।.૧૫૦/– ચુકવવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર આ યોજનામાં કેટલો ખર્ચ થયો ? | (૩) નીચે દર્શાવ્યા મુજબની વિગતે ખર્ચ થયેલ છે. |

| | વર્ષ | ખર્ચ |
|---|---|---|
| ૧ | તા.૧–૧–૧૨ થી તા.૩૧–૧૨–૧૨ સુધી | રૂ।.૫૦,૭૯,૮૦૦/– |
| ૨ | તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩ સુધી | રૂ।.૧૬૭,૧૨,૮૫૦/– |

---------

**અમદાવાદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

* ૭૭૪૪ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૫૭ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૧૦૪ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ. ૮૨,૦૦,૦૦૦/–. |

---------

**ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કાંસની લંબાઇ અને તેની સફાઇ બાબત**

* ૬૮૨૧ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી લંબાઇની કાંસ આવેલી છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લંબાઇમાં સફાઇ કરવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ કાંસ સફાઇ કરવા વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૬૫ કિ.મી., કલોલ તાલુકામાં ૮૩ કિ.મી. અને દહેગામ તાલુકામાં ૫૭ કિ.મી. એમ કુલ ૨૦૫ કિ.મી. લંબાઇના કાંસ આવેલ છે.

(૨)

| ક્રમ | વર્ષ | સફાઇ કરેલ કાંસની લંબાઇ કિ.મી.માં |
|---|---|---|
| ૧ | ૨૦૧૨ | ૧૫૦.૦૦ |
| ૨ | ૨૦૧૩ | ૧૫૪.૫૦ |

(૩) વર્ષ ૨૦૧૨ – રૂ. ૧૭.૪૯ લાખ.
વર્ષ ૨૦૧૩ – રૂ. ૧૧.૮૩ લાખ.

---------

**મહેસાણા જિલ્લામાં સિંચાઇનો લાભ આપવા બાબત**

* ૭૯૧૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનને સિંચાઇનો લાભ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ સિંચાઇનો લાભ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | કુલ (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | સતલાસણા | ૪૯૦ |
| ૨ | ખેરાલુ | ૫૧૭૪ |
| ૩ | વડનગર | ૧૨૧૩૫ |
| ૪ | વિસનગર | ૧૫૨૩૨ |
| ૫ | વિજાપુર | ૫૪૮૭ |

| | | |
|---|---|---|
| ૬ | ઊંઝા | ૯૬૧૮ |
| ૭ | મહેસાણા | ૨૯૨૫ |
| ૮ | બેચરાજી | ૨૮૯૯ |
| ૯ | કડી | ૧૬૭૭૬ |
| | **કુલઃ** | **૭૦૭૩૫** |

(૨) તે અન્વયે તાલુકાવાર બાકી રહેલી જમીનોની કેટલા સમયમાં સિંચાઇ હેઠળ આવરી લેવાનું આયોજન છે ?

(૨) બાકી રહેલ જમીનોને તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ શક્ય તે રીતે તબક્કાવાર સિંચાઇ હેઠળ આવરી લેવાનું આયોજન છે.

---------

**એજ્યુસેટના ઉપયોગથી શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ**

* ૮૦૨૭ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં એજ્યુસેટના ઉપયોગ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કેટલા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવેલ છે ? | (૨) ૧૧ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું કુલ ૧૯૨૭ કલાક જેટલુ પ્રસારણ કરવામાં આવેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લાની દેવપુરા વોટર વર્કસ યોજના**

* ૭૩૭૧ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાની દેવપુરા વોટર વર્કસ યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા.૨૭–૦૩–૨૦૦૯ ના રોજ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) માહે જુલાઇ–૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં આ યોજના કઇ સ્થિતિએ છે, અને | (૩) યોજનાને લગતા ૭૦% કામો પૂર્ણ કરેલ છે. |
| (૪) આ યોજનાથી વાવ ભાભર અને સૂઇગામ તાલુકાના કેટલા ગામોને લાભ મળનાર છે ? | (૪) વાવ તાલુકાના ૫૫ ગામો, ભાભર તાલુકાનું ૧ ગામ અને સૂઇગામ તાલુકાના ૪૪ ગામો મળી કુલ ૧૦૦ ગામોને લાભ મળનાર છે. |

---------

**બાયસેગ સંસ્થા દ્વારા એજ્યુસેટના ઉપયોગથી શૈક્ષણિક કાર્યક્રમોનુ પ્રસારણ**

* ૮૦૨૬ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં બાયસેગ સંસ્થાના એજ્યુસેટના ઉપયોગ દ્વારા ૨૦૧૩–૧૪ ના નાણાકીય વર્ષ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કેટલા, શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવેલ છે, અને | (૧) ૧૧ જેટલી સંસ્થાઓના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું કુલ ૧૯૨૭ કલાક જેટલું પ્રસારણ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ થયો છે ? | (૨) એપ્રિલ–૨૦૧૩ થી ડિસે–૨૦૧૩ સુધી અંદાજીત |

ખર્ચ રૂ.૪૯,૯૭,૫૦૦ (અંકે રૂપિયા ઓગણ પચ્ચાસ લાખ સત્તાણુ હજાર પાંચસો) ખર્ચ થયેલ છે.

---------

**રાજ્ય તકેદારીની બેઠકો બાબત**

* ૭૯૮૫ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૩ ની સ્થિતિએ રાજ્ય તકેદારીના અધ્યક્ષ કોણ છે, અને | (૧) ગુજરાત તકેદારી આયોગમાં અધ્યક્ષનો હોદ્દો નથી. તા.૩૧–૧૨–૧૩ ની સ્થિતિએ શ્રી એ.કે. જોતિ તકેદારી આયુક્ત તરીકે છે. |
| (૨) છેલ્લા ત્રણ વર્ષમાં તેની કેટલી બેઠકો યોજવામાં આવી ? | (૨) ૪૧. |

---------

**રાજ્યમાં બંધ પડેલ ઔદ્યોગિક એકમોના સર્વે બાબત**

* ૭૩૯૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૩ ની સ્થિતિએ ઉદ્યોગ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરી દ્વારા રાજ્યમાં કુલ કેટલા ઔદ્યોગિક એકમો બંધ પડેલા છે તેનો સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવ્યો, અને<br>(૨) આ સર્વે અન્વયે કેટલા ઔદ્યોગિક એકમો બંધ પડેલા જણાયા ? | (૧) અને (૨)<br>રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક એકમોનો સર્વે છેલ્લે તા.૦૨–૧૦–૨૦૦૬ થી તા.૩૧–૦૩–૨૦૧૨ ના સમયગાળા દરમિયાન નોંધણી થયેલ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો માટે કરેલ છે.<br>આ સર્વે રીપોર્ટ મુજબ ૫.૨૪% એકમો બંધ મળેલ છે. |

---------

**સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના લાજપોર–કનસાડ ગામે મીંઢોળા નદીનાં કાંઠાનું ધોવાણ અટકાવવા બાબત**

* ૬૮૧૭ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના લોજપોર–કનસાડ ગામે મીંઢોળા નદીના કાંઠાનું ધોવાણ અટકાવવા સરકાર દ્વારા કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામની સ્થિતિ શી છે, | (૨) રૂ.૧૩૬.૦૦ લાખના ખર્ચે ૮૦ મીટર લંબાઇમાં પૂર સંરક્ષણ દિવાલની કામગીરી જૂન–૨૦૧૨ માં પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ ૩૨૦ મીટર લંબાઇમાં રૂ.૪૬૩.૦૪ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ કામથી કેટલી વસ્તીને લાભ થશે ? | (૩) ૧૭,૦૦૦. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી**

* ૬૮૩૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) ૧૮૭૦ |

---------

**કચ્છ જિલ્લામાં મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓને ઉંડી ઉતારવાની કામગીરી તથા ખર્ચ બાબત**

* ૬૮૨૩ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૩ સુધીમાં કેટલી મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓને કાંપ કાઢી ઉંડી ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી અને, | (૧) ૧૦ મધ્યમ સિંચાઈ યોજનાઓ અને ૧૧૩ નાની સિંચાઈ યોજનાઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૫૭૮.૭૨ લાખ |

---------

**તાપી જિલ્લામાં લૂંટ, ધાડ, અપહરણ, બળાત્કાર, ચોરીના બનાવો**

* ૬૯૧૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ધાડ, અપહરણ, બળાત્કાર અને ચોરીના કેટલા બનાવો છેલ્લા છ માસમાં નોંધાયા તથા તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી અને | (૧) પત્રકઃ ૧ અને પત્રકઃ ૨ મુજબ |
| (૨) આવા બનાવો અટકાવવા સરકારે શાં પગલાં લીધા? | (૨) પત્રકઃ ૩ મુજબ |

**પત્રકઃ ૧**

**બનાવોની સંખ્યા**

| તાલુકાનું નામ | તા. ૧/૭/૨૦૧૩ થી તા. ૩૧/૧૨/૨૦૧૩ | | | | |
|---|---|---|---|---|---|
| | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ચોરી |
| વ્યારા | ૦ | ૦ | ૪ | ૩ | ૨૭ |
| વાલોડ | ૦ | ૦ | ૨ | ૦ | ૬ |
| સોનગઢ | ૦ | ૦ | ૧ | ૧ | ૧૬ |
| ઉચ્છલ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ |
| નિઝર | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |

**પત્રકઃ ૨**

**ધરપકડ કરેલ આરોપીની સંખ્યા**

| તાલુકાનું નામ | તા. ૧/૭/૨૦૧૩ થી તા. ૩૧/૧૨/૧૩ |
|---|---|

| | લૂંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ચોરી |
|---|---|---|---|---|---|
| વ્યારા | ૦ | ૦ | ૪ | ૪ | ૧૪ |
| વાલોડ | ૦ | ૦ | ૨ | ૦ | ૯ |
| સોનગઢ | ૦ | ૦ | ૦ | ૩ | ૭ |
| ઉચ્છલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નિઝર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પત્રકઃ ૩**

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરફથી અવાર–નવાર કોમ્બીંગ નાઈટનું આયોજન કરી શરીર સંબંધી/મિલકત સંબંધી બનાવો ન બને તે માટે સુચનાઓ આપવામાં આવે છે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વિકાસ માટે ગ્રાન્ટની રકમ

* ૭૨૭૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વિકાસ માટે કેટલી રકમની ગ્રાન્ટ કયા હેતુ માટે ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ હેતુ મુજબ થયો છે કે કેમ,

(૩) જો હા, તો કયા કામો માટે કેટલી રકમ ખર્ચાઈ છે,

(૪) જો ના, તો કઈ બજાર સમિતિમાં કેટલી રકમ વપરાયા વગરની જમા છે, અને

(૫) રકમ નહીં વાપરવાના શા કારણો છો?

**જવાબ**

(૧) બજાર સમિતિઓને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ આધુનિક સગવડો ઉભી કરવા માટે રૂ઼ા. ૪૮૫.૦૩ લાખ સહાય પેટે ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) હા, જી.

(૩)

| | | | |
|---|---|---|---|
| ૧. | આર.સી.સી. પેવીગ | રૂ઼ા. | ૩૦,૨૬,૨૦૨ |
| ૨. | સુપર વિઝન ફી | રૂ઼ા. | ૪,૨૫,૬૧૭ |
| ૩. | દુકાનો (શોપ્સ) | રૂ઼ા. | ૮,૧૨,૨૧૨ |
| ૪. | વેજીટેબલ રીટેઈલ શોપ્સ | રૂ઼ા. | ૯,૦૫,૭૦૧ |
| ૫. | ઓકશન શેડ | રૂ઼ા. | ૧૧,૮૮,૫૩૬ |
| ૬. | ફાર્મર્સ રેસ્ટહાઉસ | રૂ઼ા. | ૧૧,૯૮,૩૨૩ |

(૪) અને (૫)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ બજાર સમિતિ, નસવાડી, બોડેલી, પાવી જેતપુર અને કવાંટમાં બાંધકામ પેટે રૂ઼ા. ૪,૦૯,૪૬,૪૦૯નો ખર્ચ કરવાનો બાકી છે. આ કામોની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે અને બાંધકામ હાથ ધર્યેથી ખર્ચ કરવામાં આવશે.

---------

## જામનગર જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના

* ૭૪૦૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનામાં તમામ ગામોને જોડીને પાણી આપવાની યોજના તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૩ની સ્થિતિએ બનાવી

**જવાબ**

(૧) હા, જી.

છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાના કયા કયા ગામોને પાણી પુરૂં પાડવામાં આવે છે, અને

(૨) *પરિશિષ્ટ મુજબ ૨૧૯ ગામો

(૩) બાકી રહેલા ગામોને કયાં સુધીમાં પાણી પુરૂં પાડવામાં આવનાર છે?

(૩) તબક્કાવાર માહે ૯/૨૦૧૪ સુધીમાં

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લામાં સંજીવની યોજના અંતર્ગત ખેડૂતોને લાભ**

* ૭૭૪૨ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંજીવની યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલાં ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે, અને

(૧) કુલ ૩૭૯ ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે.

(૨) આ યોજના હેઠળ તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે?

(૨) કુલ ૧૦૧૧.૭૬ હેકટર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે.

---------

**બુકોલી ગામ પાસેથી સુજલામ-સુફલામ કેનાલનું પાણી બનાસ નદીમાં નાખવા બાબત**

* ૭૬૫૮ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ સુજલામ-સુફલામ કેનાલમાંથી બુકોલી ગામ પાસેથી સુજલામ-સુફલામનું પાણી બનાસ નદીમાં નાંખી નદીને જીવંત રાખવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૧) સુજલામ-સુફલામનું પાણી બનાસ નદીમાં નાખવા બુકોલી ગામ પાસેથી ૨૦૦૦ કયુસેકની ક્ષમતાના એસ્કેપનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) કેટલા સમયમાં આ પાણી નદીમાં ઠાલવવામાં આવશે?

(૨) વધારાનું પાણી ઉપલબ્ધ હોય ત્યારે બનાસ નદીમાં પાણી ઠાલવવામાં આવે છે.

---------

**વલસાડ જિલ્લામાં કૃષિ મહોત્સવ અંતર્ગત પશુપાલન કીટસનું વિતરણ**

* ૬૮૯૯ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કૃષિ મહોત્સવ અંતર્ગત કેટલી પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું,

(૧)

| તાલુકાનું નામ (વલસાડ જિલ્લો) | કૃષિ મહોત્સવ ૨૦૧૨ | કૃષિ મહોત્સવ ૨૦૧૩ |
|---|---|---|
| વલસાડ | ૪૮૦ | ૫૦૦ |
| પાલડી | ૪૨૦ | ૪૦૫ |
| ઉમરગામ | ૨૬૫ | ૨૮૦ |
| ધરમપુર | ૫૪૦ | ૫૫૦ |
| કપરાડા | ૬૪૦ | ૬૬૦ |

(૨) તે અન્વયે એક કીટ દીઠ કેટલો ખર્ચ થયો, અને

(૨) વર્ષ-૨૦૧૨-રૂપિયા ૨૪૦
વર્ષ-૨૦૧૩-રૂપિયા ૨૫૦

(૩) આ કીટમાં કઈ કઈ વસ્તુઓ આપવામાં આવી?

(૩) વર્ષ–૨૦૧૨–ઘાસચારા બીયારણ
જુવાર એસએસજી ૭.૦ કિ.ગ્રા.
વર્ષ–૨૦૧૩–ઘાસચારા બીયારણ
જુવાર એસએસજી ૭.૦ કિ.ગ્રા.

---------

### તાપી જિલ્લામાં જંતુનાશક દવાનાં નમૂનાની ચકાસણી

* ૭૭૪૧ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન–પ્રમાણિત થયા, અને

(૩) બિન પ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) કુલ ૮૯ નમૂનાઓ

(૨) પ્રમાણિત ૮૬ નમૂનાઓ
બિનપ્રમાણિત ૩ નમૂનાઓ

(૩) બિનપ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૧ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૧ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૧ | કાર્યવાહીમાં |

---------

### સુરત જિલ્લામાં ટોમેટાનાં પાક માટે સહાય

* ૭૭૪૯ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ટામેટા પાકના નવા વાવેતર માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ આ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક પણ નહીં.

---------

### મચ્છુ–૧ અને ૨ ને નર્મદા કેનાલમાંથી ભરવા બાબત

* ૭૮૩૫ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) :** તા.૩–૧૦–૧૩ના રોજ સભાગૃહમાં રજૂ કરેલ *૬૭૭૭ (અગ્રતા–૧૧૬)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલમાંથી મચ્છુ–૧ અને ૨ ને તા.૩૧–૧૨–૨૦૧૩ સુધી ભરવામાં આવશે. તે જણાવ્યુ હતું તે હકીકત ખરી છે,

**જવાબ**

(૧) મચ્છુ–૧ માટે ના જી.
મચ્છુ–૨ માટે હા જી.

(૨) જો હા, તો પાણી ન છોડવાના કારણો શા છે, અને

(૨) જંગલ ખાતાની જમીન, કોર્ટ કેસના કારણે પાણી છોડી શકાયેલ નથી, અને આ વર્ષે ડેમ વરસાદી પાણીથી ભરાયેલ છે.

(૩) કેટલા સમયમાં પાણી છોડવામાં આવશે ?

(૩) સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના (સૌની યોજના) અંતર્ગત વર્ષ–૨૦૧૬–૧૭માં કામ પૂર્ણ કરી મચ્છુ–૧ માં અને,
મોરબી શાખા નહેરનું બાંધકામ વર્ષ–૨૦૧૪–૧૫માં કામ પૂર્ણ કરી મચ્છુ–૨ માં પાણી છોડવાનું આયોજન છે.

---------

## વડોદરા જિલ્લામાં પ્લગ નર્સરીની સ્થાપના માટે સહાય

* ૭૭૪૬ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્લગ નર્સરીની સ્થાપના માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત સ્થિતિએ વડોદરા જિલ્લામાં પ્લગ નર્સરીની સંખ્યા કેટલી છે ? | (૩) ૨૪ |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩ માં પશુ આરોગ્ય મેળા

* ૭૭૫૩ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૭૪ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૪૪,૨૨૮ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૨૦,૩૬૦ |

---------

## આણંદ અને ખેડા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના

* ૭૬૨૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૦૧–૨૦૧૪ની સ્થિતિએ આણંદ–ખેડા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના અર્થે છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ મળી અને તે સંદર્ભમાં શી કાર્યવાહી કરવામાં આવી, | (૧) આણંદ જિલ્લા માટે એક માંગણી મળેલ છે તે સંદર્ભમાં આણંદ જિલ્લામાં ૩ (ત્રણ) જૂથ પાણી પુરવઠા યોજનાના નકશા અંદાજો બનાવવામાં આવેલ છે. ખેડા જિલ્લા માટે કોઇ માંગણી મળેલ નથી. |
| (૨) આણંદ અને ખેડા જિલ્લામાં કઇ કઇ જૂથ પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવી, અને | (૨) ખેડા જિલ્લાની ફાગવેલ જૂથ પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ મંજૂર યોજનાની કામગીરી કયા તબક્કામાં છે? | (૩) યોજના ટેન્ડરના તબક્કે છે. |

---------

### જામનગર જિલ્લાની ઉંડ નદી પર જીવાપર ખાતે ચેકડેમ બાંધવા બાબત

* ૭૭૨૦ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જામનગર જિલ્લાની ઉંડ નદી પર જીવાપર ખાતે ચેકડેમ બાંધવાની કામગીરી કયા તબક્કે છે, | (૧) પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને | (૨) જૂન ૨૦૧૪ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇ લાભ મળશે ? | (૩) ૪૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. |

---------

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં જૂથ પાણીની પુરવઠા યોજનાની કામગીરી

* ૭૩૭૦ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં જૂથ પાણી પુરવઠા યોજના એસ. કે.૪ ભાગ–૨ની કામગીરી કયા તબક્કે છે, | (૧) ટેન્ડર મંજૂરીના તબક્કે છે. |
| (૨) આ યોજનાની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવી હતી, અને | (૨) તા.૦૫–૦૩–૨૦૧૧ ના રોજ |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર મંજૂર થયે ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

### નવસારી જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂનાની ચકાસણી

* ૭૭૪૦ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) કુલ ૯૨૮ નમૂનાઓ લેવામાં આવ્યા |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા નમૂનાઓ બિન પ્રમાણિત થયા, અને | (૨) ૯૨૩ નમૂના પ્રમાણિત થયા તથા ૫ નમૂના બિન પ્રમાણિત થયા |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) ૦૪ સામે વહીવટી પગલાં લીધેલ છે.<br>૦૧ સામે કાર્યવાહીમાં છે. |

---------

### કરજણ તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અન્વયે યોજનાઓ

* ૭૭૨૯ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે કરજણ તાલુકામાં | (૧) ૧૨ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |

તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? (૨) રૂા. ૧૨૦.૬૧ લાખ.

---------

**સાબરકાંઠાના મેશ્વો–માઝુમ અને વાત્રક ડેમો ભરવાની કાર્યવાહી**

* ૭૮૯૩ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૨૦–૧–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા અને મહિસાગર જિલ્લામાં અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈનથી સાબરકાંઠાના મેશ્વો–માઝુમ–વાત્રક ડેમો ભરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) પૂર્ણતાને આરે છે. |
| (૨) આ યોજના શરૂથી વચ્ચે આવતા વિસ્તારના તળાવો–કોતરો–ચેકડેમો નદીમાં ભરવાનું આયોજન છે કે કેમ ? | (૨) હા, જી. વચ્ચે આવતા વિસ્તારના તળાવો સરકારશ્રીની હાલની નીતિ મુજબ ભરવાનું આયોજન છે. |

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં દરિયામાં નાની જેટીઓ બાંધવા બાબત**

* ૭૬૭૯ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં દરિયાકાંઠે મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો ના, તો કેટલી નાની જેટીઓ બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે તથા આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો નાના બંદરો ઉપર ફિશરીઝ માટે નાની જેટીઓ નહીં બાંધવાના કારણો શા છે ? | |

---------

**કચ્છ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૭૭૬૩ **ડાં. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૫૫ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૪,૩૦,૧૩૧ |

---------

**પંચમહાલ જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩માં પશુપાલન કીટસનું વિતરણ**

* ૭૭૫૬ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં પંચમહાલ જિલ્લામાં કેટલી પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬૦૯૫ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૧૨૧૯ |

---------

**રાજ્યમાં ખાનગી ક્ષેત્રે નવા બંદરો, ટર્મિનલો, કેપ્ટીવ જેટીઓ અને ખાનગી જેટીઓ વિકસાવવા બાબત**

* ૮૦૩૫ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩માં ખાનગી ક્ષેત્રે કેટલા નવા બંદરો, ટર્મિનલો, કેપ્ટીવ જેટીઓ અને ખાનગી જેટીઓ વિકસાવવામાં આવી, અને | (૧) **વર્ષ ૨૦૧૨ માં**<br>૧. નવા બંદરો અને ટર્મિનલો ૩<br>૨. કેપ્ટીવ જેટીઓ ૧<br>૩. ખાનગી જેટીઓ ૦<br>**વર્ષ ૨૦૧૩ માં**<br>૧. નવા બંદરો અને ટર્મિનલો ૪<br>૨. કેપ્ટીવ જેટીઓ ૨<br>૩. ખાનગી જેટીઓ ૦ |
| (૨) ઉક્ત સમયગાળામાં તે માટે કેટલું ખાનગી મૂડીરોકાણ થયું ? | (૨) આશરે રૂા.૪૧૧૪/– કરોડ. |

એચબી–૬૦૦–૧૪

---------

**જામનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક મકાનો**

* ૭૭૩૬ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ સુધીમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| નાણાકીય વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૯૭ |
| ૨૦૧૨–૧૩ | ૩૮ |
| ૨૦૧૩–૧૪ | ૦૩ |
| **કુલઃ** | **૧૩૮** |

(૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨)

| નાણાકીય વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૫૪૧.૬૯ |
| ૨૦૧૨–૧૩ | ૨૫૯.૩૧ |
| ૨૦૧૩–૧૪ | ૯૧.૬૦ |
| **કુલઃ** | **૮૯૨.૬૦** |

--------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

### સુરત શહેર અને જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૭૯૦૫ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેર અને જિલ્લામાં તાલુકાવાર ખૂન–લૂંટ–ધાડ–બળાત્કાર અને ચોરીના કેટલા બનાવો નોંધાયા, અને

(૧) **પત્રક–૧ અને ૨** મુજબ.

(૨) તે અન્વયે કેટલા ગુન્હેગારોની ઘરપકડ કરી ?

(૨) **પત્રક–૩ અને ૪** મુજબ.

**પત્રક–૧**

| **વર્ષ** | **તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ દરમ્યાન સુરત શહેરમાં બનેલ બનાવો** | | | | |
|---|---|---|---|---|---|
| સુરત શહેર | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી |
| **કુલઃ** | ૯૯ | ૫૬ | ૧૪ | ૭૬ | ૧૫૭૦ |

**પત્રક–૨**

| **વર્ષ** | **તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ દરમ્યાન સુરત ગ્રામ્યમાં બનેલ બનાવો** | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી |
| ઓલપાડ | ૫ | ૩ | ૩ | ૩ | ૨૮ |
| કામરેજ | ૧૨ | ૧૦ | ૬ | ૬ | ૧૦૨ |
| માંગરોલ | ૭ | ૨ | ૪ | ૦ | ૧૧૭ |
| ઉમરપાડા | ૧ | ૦ | ૦ | ૪ | ૬ |
| બારડોલી | ૧ | ૨ | ૧ | ૦ | ૯૦ |
| પલસાણા | ૧૫ | ૪ | ૨ | ૭ | ૯૩ |
| મહુવા | ૨ | ૧ | ૦ | ૧ | ૧૦ |
| માંડવી | ૩ | ૦ | ૦ | ૧ | ૪૯ |

**પત્રક–૩**

| **વર્ષ** | **તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ દરમ્યાન સુરત શહેરમાં બનેલ બનાવો અન્વયે કરેલ ઘરપકડ** | | | | |
|---|---|---|---|---|---|
| સુરત શહેર | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી |
| **કુલઃ** | ૨૧૫ | ૧૧૪ | ૮૭ | ૧૦૯ | ૧૧૯૯ |

**પત્રક–૪**

| **વર્ષ** | **તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ દરમ્યાન સુરત ગ્રામ્યમાં બનેલ બનાવો અન્વયે કરેલ ઘરપકડ** | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી |
| ઓલપાડ | ૧૪ | ૦ | ૧ | ૩ | ૨૨ |
| કામરેજ | ૧૧ | ૧૫ | ૧૩ | ૧૪ | ૭૧ |
| માંગરોલ | ૭ | ૪ | ૩૯ | ૦ | ૮૪ |
| ઉમરપાડા | ૧ | ૦ | ૦ | ૪ | ૦ |
| બારડોલી | ૧ | ૦ | ૦ | ૦ | ૩૯ |
| પલસાણા | ૧૪ | ૧૧ | ૫ | ૧૨ | ૩૭ |
| મહુવા | ૨ | ૦ | ૦ | ૧ | ૧૪ |
| માંડવી | ૩ | ૦ | ૦ | ૨ | ૨૩ |

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સિંચાઇ સુવિધા

* ૭૯૪૩ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં સિંચાઇની સુવિધા નહિવત છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો તાલુકાવાર કુલ કેટલી જમીન પિયત અને બીન પીયત હેઠળ છે,

(૩) તાલુકાવાર સિંચાઇ સુવિધા વધારવા કોઇ મોટી કે મધ્યમ ડેમો બનાવવા સરકારે કોઇ જરૂરી કાર્યવાહી કરેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં આ તાલુકાઓને આવરી લેવામાં આવશે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં ઉભી કરવામાં આવેલ સિંચાઇ સુવિધા પત્રક મુજબ છે.

(૨) **પત્રક** માં વિગતો આવરી લીધેલ છે.

(૩) અને (૪)
તાંત્રિક પાસા તથા જંગલની જમીન/ડુબાણમાં આવતા વિસ્તાર વગેરેને ધ્યાને લઇ વિચારણા કરવામાં આવશે.

### b પત્રક

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મોટી–મધ્યમ યોજનાઓ | અન્ય યોજનાઓ | મોટા ચેકડેમો | નાના ચેકડેમો | નાની સિંચાઇ | કુલ સિંચાઇ વિસ્તાર (હેક્ટરમાં) | કુલ ખેડાણલાયક વિસ્તાર (હેક્ટરમાં) | બાકી રહેતો વિસ્તાર (હેક્ટરમાં) (કો.૯–કો.૮) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૨૮૭૯ | ૩૬૬૪ | ૩૯૦ | ૩૮૩૫ | ૨૦૭૧ | ૧૨૮૩૯ | ૩૭૪૬૦ | ૨૪૬૨૧ |
| | વડાલી | ૧૦૩૫ | ૭૫૫૦ | – | ૫૧૭૦ | ૨૩૪ | ૧૩૯૮૯ | ૨૭૧૩૫ | ૧૩૧૪૬ |
| | વિજયનગર | ૧૫૬૧ | ૧૯૦૬ | – | ૧૬૯૨ | ૭૭૦ | ૫૯૨૯ | ૧૩૦૧૦ | ૭૦૮૧ |
| | ઇડર | ૯૧૯૭ | ૫૯૫૦ | ૬૦ | ૫૬૪૫ | ૭૭૦ | ૨૧૬૨૨ | ૬૭૨૮૧ | ૪૫૬૫૯ |
| | હિંમતનગર | ૧૫૮૪૦ | ૫૦૦ | ૩૮૫ | ૭૧૭૦ | ૯૬૬ | ૨૫૮૬૧ | ૬૪૪૫૫ | ૩૮૫૯૪ |
| | પ્રાંતિજ | ૭૭૮૧ | – | ૮૪૫ | ૧૯૩૫ | – | ૧૦૫૬૧ | ૩૯૬૦૮ | ૨૯૦૪૭ |
| | તલોદ | ૨૩૨૫ | – | ૨૦૮ | ૩૭૬૦ | ૨૪૦ | ૬૫૩૩ | ૩૯૩૨૦ | ૩૨૭૮૭ |
| | **કુલઃ** | | | | | | **૯૭,૩૩૪** | **૨,૮૮,૨૬૯** | **૧,૯૦,૯૩૫** |
| અરવલ્લી | ભિલોડા | ૭૭૨ | ૧૮૭૯ | ૪૪૫ | ૪૩૬૦ | ૨૦૭૫ | ૯૫૩૧ | ૪૦૦૩૩ | ૩૦૫૦૨ |
| | મોડાસા | ૮૮૩૨ | – | ૫૦ | ૫૮૦૮ | ૪૨૭ | ૧૫૧૧૭ | ૩૯૨૯૬ | ૨૪૧૭૯ |
| | મેઘરજ | ૧૨૩૫ | ૪૨૪૦ | ૯૨૫ | ૨૭૦૦ | ૧૨૯૬ | ૧૦૨૯૬ | ૩૭૪૪૫ | ૨૭૩૪૯ |
| | માલપુર | ૧૬૫૫ | – | – | ૨૮૯૬ | ૫૦૬ | ૪૫૫૧ | ૨૧૮૮૮ | ૧૭૩૩૭ |
| | ધનસુરા | ૫૭૮૬ | – | ૧૧૫૦ | ૨૪૮૦ | – | ૯૪૧૬ | ૩૧૭૧૪ | ૨૨૨૯૮ |
| | બાયડ | ૧૭૫૭૭ | – | ૬૦૦ | ૪૧૦૦ | ૯૫૫ | ૨૩૨૩૨ | ૨૯૫૫૭ | ૬૩૨૫ |
| | **કુલઃ** | | | | | | **૬૨,૧૪૩** | **૧,૯૯,૯૩૩** | **૧,૩૭,૭૯૦** |

---------

## રાજકોટ જિલ્લામાં ગણોદ ગામ પાસે ભાદર નદી પર ચેકડેમ બનાવવા બાબત

* ૭૭૨૧ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ગણોદ ગામ પાસે ભાદર નદી પર મોટા ચેકડેમ બનાવવાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

(૨) આ કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને

(૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ?

(૨) જુન-૨૦૧૪માં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ૫૨૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

---------

**મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બામરોડા ગામની સુજલામ-સુફલામ યોજનાના લીકેજથી નુકસાન**

* ૭૫૧૮ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બામરોડા ગામ પાસેથી પસાર થતી સુજલામ-સુફલામ યોજનાની કેનાલમાંથી પાણીના લીકેજના કારણે જમીનો તેમજ આ કેનાલની નીચે આવેલા રહેણાંકના મકાનોને નુકસાન થાય છે તથા જમીનમાં પાક લઇ શકાતો નથી તે સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકાર કેનાલમાંથી લીકેજ થતા પાણીનો યોગ્ય રીતે થાય તે માટે કોઇ પ્રબંધ કેટલા સમયથી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બામરોડા ગામ પાસેથી પસાર થતી સુજલામ સુફલામ યોજનાની કેનાલમાંથી પાણીના લીકેજના કારણે જમીનને અંશતઃ નુકસાન થાય છે પરંતુ રહેણાંકના મકાનોને કોઇ નુકસાન થતુ નથી.

(૨) કેનાલમાંથી લીકેજના પાણીનો નિકાલ કામચલાઉ રીતે ત્રણ માસમાં પૂર્ણ કરવામાં આવશે જ્યારે લીકેજ કાયમી બંધ કરવાના કામના ટેન્ડર મેળવવામાં આવેલ છે અને વર્ષ ૧૪-૧૫ માં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લાનાં જળાશયો નર્મદાના પાણીથી ભરવા બાબત**

* ૭૪૯૮ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા જળાશયો નર્મદા આધારિત ભરવાનું સરકારે તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૩ની સ્થિતિએ આયોજન કરેલ છે,

(૨) આ જળાશયો તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ભરવામાં આવ્યા,

(૩) ભરવામાં ન આવ્યા હોય તો તેના શા કારણો છે, અને

(૪) ક્યાં સુધી ભરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) દાંતીવાડા અને સીપુ જળાશયો.

(૨) કામો પ્રગતિ હેઠળ છે.

(૩) (૧) સેકશન-૧ ચાંગાથી રામપુરા (ખીમાણા) સુધીની પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ કરી સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ સુધી પાણી નાખવામાં આવેલ છે.
(૨) સેકશન-૨ રામપુરા (ખીમાણા) થી ભડથ સુધીની કામગીરી પણ પૂર્ણ થયેલ છે. જેની ટેસ્ટીંગની કામગીરી તા.૨૮-૨-૨૦૧૪ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.
(૩) સેકશન-૩ માં આશરે ૧૭૦૦ મીટર લંબાઇમાં વન વિભાગની મંજૂરી મળ્યેથી આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

(૪) જૂન-૨૦૧૪ સુધીમાં.

---------

## મહેસાણા જિલ્લામાં પીવાના પાણી માટે પાતાળ કુવાનું શારકામ

* ૭૭૨૩ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં પીવાના પાણીની તંગી હળવી કરવા તા. ૧–૪–૨૦૧૩થી તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધી કેટલા ઉંડા પાતાળકુવાના શારકામનું આયોજન કરવામાં આવેલ હતું, અને | (૧) ૫૪ પાતાળકૂવાના શારકામનું આયોજન કરવામાં આવેલ હતું. |
| (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૩ અંતિત કેટલા ઉંડા પાતાળકૂવાનું શારકામ પૂર્ણ કરેલ છે? | (૨) ૫૪ પાતાળકૂવાનું શારકામ પૂર્ણ કરેલ છે. |

---------

## ભરૂચ જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩માં ખેડૂતોને કૃષિ કિટસ

* ૭૭૪૫ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલા કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬૫૯૭ ખેડૂતોને ૬૫૯૭ કૃષિ કીટ્સ તથા ૩૩૦૫ ખેડૂતોને ૩૩૦૫ પશુપાલન કીટસનું વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૧,૮૦,૩૨,૦૯૪/– |

---------

## ખેડા જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા યોજનાઓ

* ૭૨૨૯ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાલુકાવાર કેટલી પાણી પુરવઠાની યોજનાઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) ૧૫ જુથ પાણી પુરવઠા યોજનાઓ નીચેની વિગતે કાર્યરત છે.

| અનુ. | તાલુકો | કાર્યરત જુથ પાણી પુરવઠા યોજનાઓ |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧ |
| ૨ | કપડવંજ/ કઠલાલ/ઠાસરા/ બાલાસિનોર | ૪ |
| ૩ | કઠલાલ | ૧ |
| ૪ | ખેડા | ૧ |
| ૫ | મહેમદાવાદ | ૧ |
| ૬ | મહુધા/ મહેમદાવાદ/ કઠલાલ | ૨ |
| ૭ | માતર | ૧ |
| ૮ | ઠાસરા | ૨ |
| ૯ | વિરપુર | ૧ |
| ૧૦ | માતર/ સોજીત્રા/ તારાપુર | ૧ |

| | |
|---|---|
| (૨) આ મહેમદાવાદ તાલુકામાં કેટલી પાણી પુરવઠાની યોજનાઓ કાર્યરત છે, અને તે દ્વારા કેટલા ગામોને આ યોજનાઓનો લાભ મળે છે, અને | (૨) મહેમદાવાદ તાલુકામાં ૨ (બે) જુથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે. જેમાં ૨૧ ગામ/૪૭ પરાઓનો સમાવેશ થયેલ છે. જે પૈકી ૧૧ ગામ/૩૩ પરા પાણી મેળવે છે. બાકીના ૧૦ ગામ/૧૪ પરાઓને માંગણી થયે પાણી પુરવઠો આપી શકાશે. |
| (૩) ઉક્ત સ્થિતિએ પાણી પુરવઠા માટે સુઢા અને વણસોલ ગામ માટે કેવા પ્રકારનું આયોજન કરવામાં આવેલ? | (૩) સુંઢા તથા વણસોલ ગામોને મહેમદાવાદ જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૨ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. |

---------

## આણંદ જિલ્લામાં પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્ય ચકાસણી

* ૭૭૩૨ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ પોલીસ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે? | (૨) ૨૬૬૬ |

---------

## વલસાડ જિલ્લામાં દરિયાઇ ધોવાણ અટકાવવા સંરક્ષણાત્મક દિવાલ

* ૭૭૧૭ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં દરિયાઇ ધોવાણ અટકાવવા સંરક્ષણાત્મક દિવાલના કેટલાં કામો મંજૂર થયેલ છે, | (૧) ૧૩ કામો. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલાં કામો શરૂ કરવામાં આવેલ છે, | (૨) ૧૩ કામો. |
| (૩) આ કામથી કેટલા હેકટર જમીનનું ધોવાણ થતુ અટકશે, અને | (૩) ૧૫૦૦ હેકટર. |
| (૪) આ કામોથી કેટલી વસ્તીને લાભ થશે? | (૪) ૪૪,૪૦૦. |

---------

## ભાવનગર જિલ્લામાં પશુઓનું રસીકરણ

* ૭૭૫૯ **ડાં. ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | ૨૨,૨૮,૩૬૭ |

---------

**ગાંધીનગર જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય**

* ૭૭૭૧ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ–૨૦૧૩–૧૪માં તા. ૩૦–૧૧–૨૦૧૩ સુધીમાં કિશાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂા. ૫૫.૬૨ લાખ. |
| (૨) આ જિલ્લામાં કઇ કઇ બજાર સમિતઓને સહાય ચુકવવાની બાકી છે? | (૨) બજાર સમિતિ માણસાને રૂ. ૮.૬૦ લાખ. |

---------

**રાજુલા તાલુકાની ધાતરવાડી–૧ સિંચાઇ યોજનાની કેનાલો પાકી બનાવવા બાબત**

* ૭૭૯૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજુલા તાલુકાની ધાતરવાડી–૧ સિંચાઇ યોજનાની કેનાલો પાકી બનાવવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ પાછળ કેટલી રકમનો ખર્ચ થશે, અને | (૨) રૂા. ૩૧૯,૯૮ લાખ. |
| (૩) આ કામગીરી વહેલી તકે પૂર્ણ કરાવવા શું આયોજન છે? | (૩) તાંત્રિક અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી વહેલાસર કામ હાથ ધરવાનું આયોજન છે. |

---------

**ભરૂચ જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩માં પશુપાલન કીટસનું વિતરણ**

* ૭૭૫૫ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહેત્સવ–૨૦૧૩માં ભરૂચ જિલ્લામાં કેટલી પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૩૦૫ (પશુપાલન કીટ) |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૬૬૧ |

---------

**ભાવનગર જિલ્લામાં ક્ષાર નિવારણ માટે જશપરા ખાતે બંધારા બાંધવાનું કામ**

* ૭૭૧૯ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ક્ષાર નિવારણ યોજના હેઠળ જશપરા ખાતે બંધારા બાંધવાનું કામ કેટલું પૂર્ણ થયેલ છે, અને | (૧) ૬૦ ટકા પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને | (૨) એપ્રિલ–૨૦૧૪ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેનાથી કેટલી જમીનને લાભ મળશે ? | (૩) ૫૨૦ હેકટર જમીનને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ મળશે. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

### મેશ્વો નદી પર ચેકડેમો બાંધવા બાબત

* ૭૩૧૨ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ મેશ્વો નદી પર સીરીઝ ચેકડેમો બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ મેશ્વો નદી પર પાંચ બૃહદ ચેકડેમના કામો પૂર્ણ કરેલ છે, જ્યારે બે ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૨) કેટલા સમયમાં તે પૂર્ણ થશે? | (૨) પ્રગતિ હેઠળના બે ચેકડેમો શકય તેટલા વહેલા પૂર્ણ કરવામાં આવશે. |

---------

### વડોદરા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અન્વયે યોજનાઓ

* ૭૭૩૦ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરીક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા તાલુકામાં તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૩ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે. | (૨) રૂા. ૧૬૭.૦૯ લાખ. |

---------

### અમદાવાદ શહેર અને જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિ

* ૭૬૨૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર વાહન ચોરી અને ચેઈન સ્નેચીંગના કુલ કેટલા બનાવો બન્યા, | (૧) *પત્રક–૧ અને ૨ મુજબ |
| (૨) તે પૈકી કેટલા ગુનાઓ ડીટેકટ થયા અને કેટલા ગુનાઓ ડીટેકટ કરવાના બાકી છે, અને | (૨) *પત્રક–૩ અને ૪ મુજબ |
| (૩) તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે? | (૩) *પત્રક–૫ અને ૬ મુજબ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### રાજકોટ જિલ્લામાં કિશાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

* ૭૭૬૯ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૧) રૂા. ૫૯.૭૭ લાખ. |

અને

| | |
|---|---|
| (૨) આ જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચુકવવાની બાકી છે? | (૨) બજાર સમિતિ રાજકોટને રૂ।. ૧૩.૭૫ લાખ અને બજાર સમિતિ જેતપુર રૂ।. ૧૧.૩૫ લાખ. |

---------

**ગુજરાતમાં એલ.એન.જી. ટર્મિનલ**

* ૮૦૩૬ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ કેટલા એલ.એન.જી. ટર્મિનલ કાર્યાન્વિત છે, અને | (૧) ૨ (બે) |
| (૨) તે સિવાય બીજા કોઈ નવા એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાનું આયોજન છે કે કેમ? | (૨) હા, જી. |

---------

**નર્મદા જિલ્લામાં બજાર સમિતિઓને આધુનિક સગવડો માટે સહાય**

* ૭૭૭૨ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં બજાર સમિતિઓને આધુનિક સગવડો ઉભી કરવા માટે સહાય પૂરી પાડવાની યોજના અન્વયે નર્મદા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને ૦૦–૧૬ | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી? | (૨) શૂન્ય |

---------

**જૂનાગઢ જિલ્લામાં પૂર નિયંત્રણના કામો**

* ૭૭૧૨ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પૂર નિયંત્રણના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) ૮૦ |
| (૨) તેની પાછળ કેટલો કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૪૫૦.૭૫ લાખ |

---------

**રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક મકાનો**

* ૭૭૩૭ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ સુધીમાં પોલીસ ખાતાના | (૧) |

| નાણાકીય વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૪૪ |

કેટલા રહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૮ |
| ૨૦૧૩–૧૪ | ૦૬ |
| **કુલઃ** | **૧૯૮** |

(૨) આ કામો પાછળ તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨)

| **નાણાકીય વર્ષ** | **ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૮૩૦.૧૭ |
| ૨૦૧૨–૧૩ | ૨૭૨.૯૨ |
| ૨૦૧૩–૧૪ | ૬૮.૫૦ |
| **કુલઃ** | **૧૧૭૧.૫૯** |

---------

## દાહોદ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૭૫૮૪ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ દાહોદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં ચોરી–લૂંટ મારામારીના કેટલા કેસો નોંધાયા,

(૧)

| **તા. ૧/૧/૨૦૧૩ થી તા. ૩૧/૧૨/૨૦૧૩** | **ચોરીઓ તમામ** | **લૂંટ** | **મારામારી** |
|---|---|---|---|

(૨) તે અન્વયે કેટલાની ધરપકડો કરવામાં આવી, અને

(૨)

| **તા. ૧/૧/૨૦૧૩ થી તા. ૩૧/૧૨/૨૦૧૩** | **ચોરીઓ તમામ** | **લૂંટ** | **મારામારી** |
|---|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ દાહોદ શહેરમાં કાયદો વ્યવસ્થાની જાળવણી સંગીન બનાવવા સરકારે શાં પગલાં લીધા?

(૩) દાહોદ જિલ્લામાં મિલ્કત સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા અસરકારક નાઈટ રાઉન્ડ/નાઈટ પેટ્રોલીંગ તેમજ ક્રોસ પેટ્રોલીંગ રાખવામાં આવેલ છે. તેમજ દિવસના પણ જિલ્લાની કયુ.આર.ટી. મોબાઈલથી રોડ ઉપર પેટ્રોલીંગ રાખવામાં આવે છે. તેમજ અંતરિયાળ વિસ્તારમાં ટાંડા, ગાંગરડી મુકામે ઘોડેશ્વાર પાર્ટી કાર્યરત છે. શકમંદ ઈસમો એક કરી જરૂરી અટકાયતી પગલા લેવામાં આવે છે.

શરીર સંબંધી મારામારીના બનાવો અંકુશ હેઠળ રાખવા જે તે વખતે આરોપીઓની ધરપકડ કરી જામીન મુક્ત થયેથી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

---------

## વલસાડ તાલુકામાં દરિયાઈ કાંઠા વિસ્તારનું ધોવાણ અટકાવવા સંરક્ષણાત્મક દિવાલ બનાવવા બાબત

* ૭૭૦૯ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં દરિયાઈ કાંઠા વિસ્તારમાં દરિયાઈ ધોવાણ અટકાવવા માટે સંરક્ષણાત્મક દિવાલનું બાંધકામનું કોઈ આયોજન સરકાર દ્વારા થયેલ છે તે વાત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે,

(૨) કુલ છ કામો પ્રગતિ હેઠળ છે.

| | |
|---|---|
| (૩) આ કામથી કેટલા હેક્ટર જમીનનું ધોવાણ થતુ અટકશે, અને | (૩) ૧૨૬૦ હેક્ટર. |
| (૪) આ કામોથી કેટલી વસ્તીને લાભ થશે? | (૪) ૨૨,૦૦૦. |

---------

**જામનગર જિલ્લામાં નવા બંદરની જેટીની મરામત**

* ૭૭૭૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં નવા બંદરની જેટી જર્જરિત હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જેટીની મરામત માટે સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કયાં સુધીમાં ઉક્ત જેટીનું કામ, કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય**

* ૭૭૬૬ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ. ૯૭.૫૦ લાખ. |
| (૨) આ જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચુકવવાની બાકી છે? | (૨) શૂન્ય. |

---------

**પાલીતાણા તાલુકાના આદપુર ગામે તળાવની કામગીરી**

* ૭૫૯૫ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ પાલીતાણા તાલુકાના મોજે આદપુર ગામે જમીન સંપાદન કર્યા સિવાય નાની સિંચાઈ માટેનું તળાવ ઓછા ખર્ચે થઈ શકે તેમ છે તેવી કેટલી અરજીઓ સરકારને છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૧) છેલ્લા એક વર્ષમાં કોઈ અરજી મળેલ નથી. |
| (૨) મળેલ અરજીઓ અન્વયે આ તળાવનું કામ કરવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં બજાર સમિતિઓને આધુનિક સગવડો માટે સહાય**

* ૭૭૭૪ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ–૨૦૧૩–૧૪માં તા.૩૦–૧૧–૨૦૧૩ સુધીમાં બજાર સમિતિઓને આધુનિક સગવડો ઊભી કરવા માટે સહાય પૂરી પાડવાની યોજના અન્વયે અમરેલી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂા. ૨૪.૦૦ લાખ. |
| (૨) ઉક્ત જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી? | (૨) બજાર સમિતિ બાબરા. |

---------

**બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં નર્મદા યોજનાની નહેરોના કામ**

* ૭૬૯૦ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તથા દાંતા તાલુકામાં નર્મદા યોજનાની શાખા, વિશાખા તથા માઈનોર નહેરોના કેટલા કામો પ્રગતિમાં છે, | (૧) (૨) અને (૩) નર્મદા યોજનાના પિયત વિસ્તાર (કમાન્ડ એરીયા)માં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તથા દાંતા તાલુકાનો, નર્મદા જળવિવાદ પંચના ચૂકાદા–૧૯૭૯ મુજબ સમાવેશ થતો ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને | |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. | |

---------

**દાહોદ જિલ્લામાં સુજલામ–સુફલામ યોજના હેઠળના કામો**

* ૬૯૩૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સુજલામ–સુફલામ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના કેટલા કામો મંજુર થયા, | (૧) તા.૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સુજલામ–સુફલામ યોજના હેઠળ ૭૦૮૭ લાખની અંદાજીત કિમતના ૯૭૩ ચેકડેમોના કામો મંજુર થયા. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને | (૨) મંજુર થયેલ કામો પૈકી ૩૬૩ ચેકડેમના કામો પૂર્ણ થયા છે. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે? | (૩) ૬ કામો પ્રગતિ હેઠળ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં પશુઓનું રસીકરણ**

* ૭૭૫૭ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | ૨૦,૮૪,૪૩૬ |

---------

## ધોળકા તાલુકાના નદી કિનારાનાં ગામોને પુરથી નુકશાન અટકાવવા બાબત

* ૭૭૩૧ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આવેલ ધોળકા તાલુકાના નદી કિનારાના ગામોને પુરથી નુકશાન અટકાવવા માટે સરકાર તરફથી કોઈ આયોજન થયેલ છે તે વાત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો શું આયોજન થયેલ છે, અને | (૨) નદી કિનારાના ગામોને પુરથી થતા નુકશાન અટકાવવાના ૦૬ કામો હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) તે અંગે શાં પગલાં લેવાયેલ છે ? | (૩) તે પૈકી ૦૨ કામો પૂર્ણ, ૦૧ કામ પ્રગતિમાં, ૦૨ કામો ટેન્ડર તબક્કે અને ૦૧ કામ આલેખન હેઠળ છે. |

---------

## સાણંદ શહેરને નર્મદાનું પાણી

* ૭૯૭૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાણંદ શહેરમાંથી પસાર થતી નર્મદા કેનાલ ક્યારે બનાવવામાં આવી, | (૧) સાણંદ શહેરની પૂર્વ બાજુએ ધોળકા શાખા નહેર પસાર થાય છે. તેમજ ધોળકા શાખા નહેરનું સંપૂર્ણ બાંધકામ વર્ષ ૨૦૦૪ માં પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ કેનાલમાંથી સાણંદ શહેરને પાણી અપાય છે, અને | (૨) ધોળકા શાખા નહેરમાંથી પાણી પૂરવઠા વિભાગ દ્વારા અંદાજે રોજનું સરેરાશ ૮ એમ.એલ.ડી. પાણી સાણંદ શહેરને પુરૂ પાડવામાં આવે છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેનાલના સફાઈ ખર્ચ પેટે કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં ખર્ચ કરવામાં આવી ? | (૩) ધોળકા શાખા નહેર માટે વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ દરમ્યાન સફાઈ ખર્ચ પેટે અનુક્રમે રૂ.૪.૫૦ લાખ અને રૂ.૬.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

## મોરબી જિલ્લામાં જીજુડાથી નાના દહિંસરમાં સ્પ્રેડીંગ કેનાલ

* ૭૭૧૮ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના જીજુડાથી નાના દહિંસર સુધીના સ્પ્રેડીંગ કેનાલ બનાવવાનું કામ મંજૂર કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, | (૨) તા.૨૦–૧૨–૨૦૧૩ ના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) આ કામ ક્યારે શરુ થશે, અને | (૩) તાંત્રિક અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામ, વહેલાસર શરૂ કરવાનું આયોજન છે. |
| (૪) તેનાથી કેટલી જમીનને લાભ મળશે ? | (૪) આશરે ૨૩૦૦ હેક્ટર જમીનને સીધો તેમજ આડતરો સિંચાઈનો લાભ મળશે. |

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતોની રસ્તાની જમીનો ખાનગી વ્યક્તિઓને સોંપવા બાબત**

* ૭૮૦૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની કઇ કઇ ઔદ્યોગિક વસાહતોની રસ્તાની જમીનોના વપરાશી હક્ક ખાનગી વ્યક્તિઓને સોંપવા માટે તથા આ પ્રક્રિયામાં સરકારના પ્રવર્તમાન નિયમોના ભંગ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) એક પણ નહિ. |
| (૨) નિયમોના ભંગ કરી કરવામાં આવેલ નિર્ણયો અંગે સરકાર ફેર વિચારણા કરવા માંગે છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વેરાવળ શહેરમાં હાર્બરમાં ડ્રેઝીંગનું કામ**

* ૭૫૩૪ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વેરાવળ શહેરમાં આવેલ ફીશરીઝ હાર્બરમાં છેલ્લા કેટલા વર્ષોથી ડ્રેઝીંગનું કામ હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) વેરાવળ શહેરમાં આવેલ ફીશરીઝ હાર્બરમાં વર્ષ ૧૯૮૨–૮૩ થી શરૂ કરી જરૂરીયાત મુજબ અલગ અલગ વર્ષમાં ડ્રેઝીંગનું કામ હાથ ધરવામાં આવેલ છે. છેલ્લે વેરાવળ મત્સ્યબંદર ખાતે માર્ચ–૨૦૧૩માં ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ડ્રેઝીંગની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) ડ્રેઝીંગના કામની ઉત્તરોત્તર પ્રગતિ માટે ભાવિ આયોજન શું છે? | (૨) ડ્રેઝીંગની જરૂરીયાત મુજબ કામગીરી હાથ ધરવામાં આવે છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય**

* ૭૭૬૫ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાંકીય વર્ષ–૨૦૧૩–૧૪માં તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી અને | (૧) રૂા.૧૬.૬૩ લાખ. |
| (૨) આ જિલ્લામાં કઈ કઇ બજાર સમિતિઓને સહાય ચૂકવવાની બાકી છે? | (૨) (અ) બજાર સમિતિ પાલનપુર રૂા.૩૯.૯૫ લાખ<br>(બ) બજાર સમિતિ વાવને રૂા.૭૧.૦૬ લાખ. |

---------

**પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ચેકડેમો**

* ૭૩૪૫ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પ્રાંતિજ અને તલોદ તાલુકામાં કુલ કેટલા ચકડેમો છે, | (૧) ૧૦૨૯ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ચેકડેમો તૂટેલી હાલતમાં છે, અને | (૨) ૧ |
| (૩) તૂટેલા ચેકડેમના પુર્નનિર્માણ માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) ૧ ચેકડેમની પુર્નનિર્માણની કામગીરી આયોજન હેઠળ છે. |

---------

**કચ્છ જિલ્લામાં ચેકડેમો**

* ૭૭૧૧ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મોટી નદી ઉપર ચેકડેમો બનાવવામાં આવ્યા, અને | (૧) ૧૦૯ |
| (૨) આ ચેકડેમો પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ।. ૫,૧૩૬.૭૪ લાખ. |

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે ચેકડેમ**

* ૭૮૨૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના બંધ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) ઉક્ત યોજના હેઠળ ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેટલા ચેકડેમોની દરખાસ્તો મળી, | (૨) અમરેલી જિલ્લામાં કોઇપણ દરખાસ્ત મળેલ નથી. જ્યારે ભાવનગર જિલ્લામાં એક દરખાસ્ત મળેલ છે. |
| (૩) તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર અને નામંજુર કરવામાં આવી, અને | (૩) ઉક્ત દરખાસ્ત તાંત્રિક દ્રષ્ટિએ સક્ષમ ન હોય, નામંજુર કરવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે તેને ક્યારે મંજૂરી આપવામાં આવશે ? | (૪) ઉક્ત સ્થિતિએ કોઇ દરખાસ્ત પડતર નથી. |

---------

**બોટાદ તાલુકાની ગોમા સિંચાઈ યોજનાની નહેરનું આધુનિકરણ**

* ૭૭૧૦ **ડૉ. ડી. ટી. માણીયા (બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બોટાદ જિલ્લાના બોટાદ તાલુકામાં આવેલી ગોમા સિંચાઈ યોજનામાં નહેર આધુનિકરણનું શું આયોજન છે, | (૧) નહેરોના આધુનિકરણની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૨) આ માટે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | (૨) આશરે રૂ।.૬.૩૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. |
| (૩) કેટલા વધારાના વિસ્તારને સિંચાઈનો લાભ મળ્યો? | (૩) હયાત ૨૫૦૦ હેક્ટર સિંચાઈ વ્યવસ્થા છે તે વધુ સુદ્રઢ બનશે. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં સ્વજલ ધારા યોજના હેઠળ ગ્રામ પંચાયતોની માંગણી**

* ૭૬૩૬ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોની માંગણીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજુર થઇ, અને

(૩) નામંજુર થવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સ્વજલધારા યોજના રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ કુલ ૧૬૪ ગ્રામ પંચાયતોની માંગણીઓ આવેલ છે તાલુકાવાર નીચેની વિગતે.

| **તાલુકા** | **ગ્રામ પંચાયતની યોજના અંતર્ગત આવેલ માંગણીની સંખ્યા** |
|---|---|
| દાંતા | ૯ |
| અમીરગઢ | ૯ |
| ભાભર | ૮ |
| દિયોદર | ૭ |
| દાંતીવાડા | ૯ |
| વાવ | ૯ |
| ધાનેરા | ૧૨ |
| થરાદ | ૧૨ |
| પાલનપુર | ૧૭ |
| કાંકરેજ | ૨૧ |
| વડગામ | ૨૪ |
| ડીસા | ૨૭ |
| **કુલ** | **૧૬૪** |

(૨) તમામ ૧૬૪ ગ્રામ પંચાયતોની માંગણીઓ મંજૂર થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખંભાળીયા તાલુકાના ખેડૂતોને કપાસ પાક વિમાની બાકી રકમ**

* ૮૦૦૯ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ માં જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાના ખેડૂતોને કપાસના પાકના વિમા દાવાની રકમ ચૂકવાયેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રકમ ન ચૂકવવાના કારણો શા છે, અને

(૩) તે રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) યોજનાની ગાઈડલાઈન મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ માં જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં કપાસ પાક માટેની હેક્ટર દીઠ ઉપજ તેની નિયત કરેલ થ્રેસહોલ્ડ ઉપજ કરતાં વધુ નોંધાયેલ હોઇ ખંભાળીયા તાલુકામાં કપાસ પાક માટે પાક વિમાના દાવાઓ મંજુર થવાપાત્ર ન હતા.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ શહેરમાં ખાનગી ફાયરીંગના બનાવો**

* ૭૫૬૬ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ખાનગી ફાયરીંગના કેટલા બનાવો નોંધાયા, | (૧) ૧૫ બનાવો નોંધાયા છે. |
| (૨) તે અન્વયે કેટલા ઇસમોના મૃત્યુ થયા, અને | (૨) તે અન્વયે પાંચ ઇસમોના મૃત્યુ થયેલ છે. |
| (૩) ખાનગી ફાયરીંગ પ્રકરણમાં કેટલા ઇસમોની ધરપકડ કરી અને કેટલાની બાકી છે? | (૩) ૪૧ ઇસમોની ધરપકડ કરી અને ૪ ઇસમોની ધરપકડ કરવાની બાકી છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં આદુ અને હળદર પાકનો વાવેતર માટે સહાય**

* ૭૭૫૦ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદુ અને હળદર પાકના વાવેતર માટે સરકાર દ્ધારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨–૧૩ માં પંચમહાલ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) કુલ ૨૪૮૫ લાભાર્થીઓને રૂ.૧૮૮.૨૭ લાખ. |

---------

**વલસાડ જિલ્લામાં હેન્ડપંપના બોર**

* ૭૭૨૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૧–૪–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં હેન્ડપંપના કેટલા બોર કરવાનું આયોજન હતું, | (૧) ૮૮૧ બોર કરવાનું આયોજન હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૩ અંતિત કેટલા હેન્ડપંપના બોરનું શારકામ પૂર્ણ કરેલ છે, અને | (૨) ૮૨૮ બોરનું શારકામ પૂર્ણ કરેલ છે. |
| (૩) તે પૈકી કેટલા બોર કાર્યરત કરેલ છે ? | (૩) ૪૪૭ બોર કાર્યરત કરેલ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ**

* ૭૬૭૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં તા.૩૧–૧૨–૧૩ સુધીમાં ટ્રેક્ટર સહાય માટેની કેટલી અરજીઓ તાલુકાવાર મળી,

**જવાબ**

(૧) કુલ ૧૨૨૧ અરજીઓ મળી.
તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૧૮ |
| ૨ | પ્રાંતિજ | ૬૯ |
| ૩ | ઈડર | ૨૩૨ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૬૫ |
| ૫ | વિજયનગર | ૧૩ |

| | | |
|---|---|---|
| ૬ | ભીલોડા | ૩૫ |
| ૭ | મેઘરજ | ૩૫ |
| ૮ | મોડાસા | ૮૦ |
| ૯ | માલપુર | ૫૦ |
| ૧૦ | બાયડ | ૧૩૧ |
| ૧૧ | તલોદ | ૬૪ |
| ૧૨ | ધનસુરા | ૬૬ |
| ૧૩ | વડાલી | ૧૬૩ |
| | **કુલ** | **૧૨૨૧** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલાને સહાય ચૂકવવામાં આવી,

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં અગાઉના વર્ષોની અરજીઓ પૈકી ૬૭૬ અરજીઓને સહાય માટે મંજૂર કરવામાં આવી અને તે પૈકી ૩૦૫ અરજીઓને સહાય ચૂકવવામાં આવી. જેથી ચાલુ વર્ષે મળેલ કોઈ અરજી મંજૂર કરી શકાયેલ નથી.

(૩) સહાય ચૂકવવાની બાકી હોય તો તેના શા કારણો છે અને ક્યાં સુધીમાં સહાય ચૂકવી દેવામાં આવશે, અને

(૪) કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) અને (૪) બાકી રહેતી અરજીઓના કિસ્સામાં ઉપલબ્ધ નાણાકીય જોગવાઈને અનુલક્ષીને વહેલામાં વહેલી તકે ચકાસણી હાથ ધરી યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

---------

## સુરત જિલ્લામાં પશુઓનું રસીકરણ

* ૭૭૫૮ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ?

૨૦,૭૭,૯૬૨.

---------

## ભરૂચ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

* ૭૭૬૭ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૧) રૂ.૯૨.૫૭ લાખ.

(૨) આ જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવાની બાકી છે ?

(૨) બજાર સમિતિ ભરૂચને રૂ.૧૨૫.૫૮ લાખ.

---------

## પંચમહાલ જિલ્લામાંથી ગૌમાંસનો જથ્થો પકડવા બાબત

* ૬૯૩૬ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૨૦-૧-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં ગૌમાંસનો કેટલો જથ્થો

(૧) ૧૭ ટન.

પકડવામાં આવ્યો,અને

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી ક્યા કાયદાની કઈ કલમો હેઠળ કેસો કરવામાં આવ્યા ?

(૨) ૫ ઈસમોની ધરપકડ કરી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ની કલમ-૬ખ (૧), (૨), (૩), ૮(૪) ઈ.પી.કો.કલમ-૪૨૯, ૧૧૪, ૨૭૯ અને ૩૩૭ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ તથા ગુજરાત એનીમલ પ્રિવેન્સન એકટ-૧૯૫૪ ની કલમ-૫,૯,૧૦ તથા ગુજરાત એનીમલ પ્રિવેન્સન એકટ-૨૦૧૧ ની સુધારા કલમ-૬(ક), ૮ મુજબ કેસો કરવામાં આવ્યા.

---------

## આણંદ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય

* ૭૭૪૩ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને

(૧) કુલ-૨૮૫૫ ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી.

(૨) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) કુલ રૂપિયા ૪૨,૭૦,૮૬૨- ની સહાય ચૂકવવામાં આવી.

---------

## સંખેડા-બોડેલી અને નસવાડી તાલુકામાં નર્મદા યોજના હેઠળ જમીનનું પિયત

* ૭૩૨૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતએ સંખેડા-બોડેલી અને નસવાડી તાલુકામાં નર્મદા યોજના હેઠળ કેટલી બ્રાન્ચ કેનાલ કેટલી માઈનોર કેનાલ અને કેટલી સબમાઈનોર કેનાલો કાર્યરત છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતએ નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવિષ્ટ સંખેડા-બોડેલી અને નસવાડી તાલુકાની નર્મદા યોજનાની કાર્યરત બ્રાન્ચ કેનાલ, માઈનોર કેનાલ અને સબ માઈનોર કેનાલોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત નહેરોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | બ્રાન્ચ કેનાલ | માઈનોર કેનાલ | સબ માઈનોર કેનાલ |
| ૧. | સંખેડા-બોડેલી | ૩ | ૮૨ | ૫૨૪ |
| ૨. | નસવાડી | ૨ | ૧૭ | ૧૭૬ |

(૨) આ કેનાલોથી કેટલા હેક્ટર પિયત કરવાનું આયોજન હતું અને ઉકત સ્થિતિએ કેટલા હેક્ટર પિયત થાય છે, અને

(૨) આ કેનાલોથી સિંચાઈ વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન સંખેડા-બોડેલી તાલુકામાં ૨૧૨૮૯ હેક્ટર (૫૨૬૦૫ એકર) વિસ્તારમાં પિયત કરવાનું આયોજન હતું. જે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સંખેડા-બોડેલી તાલુકામાં ૧૫૮૪ (૩૯૧૪ એકર) હેક્ટર વિસ્તારમાં સિંચાઈની નોંધણી કરવામાં આવેલ છે.

(૩) પિયતથી વંચિત જમીનને આ યોજના અંતર્ગત ક્યારે લાભ મળશે ?

(૩) બાકી રહેલ સંખેડા-બોડેલી અને નસવાડી તાલુકાની નર્મદા કમાન્ડની પિયતથી વંચિત જમીનને ડીસેમ્બર-૨૦૧૫ સુધીમાં સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

---------

**નવસારી જિલ્લાની વાંસદા તાલુકાની ઝુજ સિંચાઈ યોજનામાંથી સિંચાઈ માટે પાણી**

* ૭૨૯૧ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લાની વાંસદા તાલુકાની ઝુજ યોજનામાંથી કેટલા હેકટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન થયેલ છે, | (૧) ૨૦૪૦ હેકટર. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલા હેકટરમાં પાણી અપાય છે, અને | (૨) ૧૨૨૭ હેકટર. |
| (૩) બાકી રહેતા વિસ્તારને સિંચાઈ માટે ક્યારે પાણી આપવામાં આવશે ? | (૩) પાક પધ્ધતિમાં બદલાવ આવવાથી ખેડૂતો બારમાસી અને વધારે પાણીનો વપરાશવાળા ડાંગર, શેરડી જેવા પાકો લે છે. તેથી પાણીની ઘટ પડે છે. ખેડૂતો મૂળ મંજૂર થયેલ પાક પધ્ધતિ મુજબ વાવેતર અપનાવે તો મૂળ વિસ્તાર જેટલા વિસ્તારને પાણી આપી શકાય. આમ છતાં નહેર સુધારણાના તબક્કાવાર કામો હાથ ધરી ક્રમશઃ બાકી રહેતા વિસ્તારમાં તબક્કાવાર સિંચાઈનું પાણી આપવામાં આવશે. |

---------

**ભરૂચ જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩માં પશુ આરોગ્ય મેળા**

* ૭૭૫૧ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં ભરૂચ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૩૫. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨૩,૮૬૩. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૮૭,૩૧૭. |

---------

**વિજાપુર તાલુકામાં ફલુ–આગલોડ થી ગઢડા જતી કેનાલના કામ**

* ૭૧૮૮ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ વિજાપુર તાલુકાના ફલુથી આગલોડ થઇ ગઢડા જતી કેનાલના કામ ક્યારે મંજુર થયા હતા, | (૧) તા.૮–૧–૧૯૯૯. |
| (૨) આ મંજુર કામની ઉક્ત સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) કામ હાથ ધરેલ નથી. |
| (૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે. | (૩) છેવાડાના વિસ્તાર માટે પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત થયા બાદ નહેરની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |

---------

### વડોદરા જિલ્લામાં પશુ સારવાર કેમ્પ

* ૭૭૬૧ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૫૦૯. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧,૧૦,૩૧૫. |

---------

### જુનાગઢ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ

* ૭૭૬૦ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૭૩૪. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૪,૩૫,૬૬૨. |

---------

### સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે દલિતો પર થયેલા પોલીસ ફાયરીંગની ઘટના અંગે રચાયેલા તપાસપંચના અહેવાલ બાબત

* ૭૫૬૦ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ દ્વારા દલિતો પર થયેલા ફાયરીંગની ઘટનાની તપાસ અર્થે રચાયેલ તપાસપંચનો અહેવાલ તા.૨૦–૦૧–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને ક્યારે મળેલ છે, અને | (૧) તા.૧–૫–૨૦૧૩ ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગને મળેલ છે. |
| (૨) મળેલ અહેવાલ પૈકી સરકારે ક્યારે શી કાર્યવાહી કરી? | (૨) મળેલ તપાસ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

---------

### વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩ માં વિદેશી દેશો તથા રાજ્યોએ લીધેલ ભાગ

* ૮૦૪૦ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૩માં કેટલા વિદેશી દેશોએ ભાગ લીધેલ હતો, | (૧) ૧૨૧ વિદેશી દેશોએ. |
| (૨) કેટલા વિદેશી ડેલીગેટસોએ ભાગ લીધો હતો, અને<br>એસબી–૬૦૦–૧૯ | (૨) અને (૩)<br>૨૦૨૭ વિદેશી ડેલીગેટસો અને ૨૫ રાજ્યોએ. |
| (૩) દેશના કેટલા રાજ્યોએ ભાગ લીધો હતો | |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**ઔદ્યોગિક નીતિ–૨૦૦૯ અન્વયે ક્રીટીકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજના**

* ૮૦૩૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઔદ્યોગિક નીતિ–૨૦૦૯ અન્વયે ક્રીટીકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ કઇ કઇ સવલતો આપવામાં આવે છે,

**જવાબ**

(૧) ક્રીટીકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ સહાય માટે લાયક (e l i gi b l e ) પ્રવૃત્તિઓ

(૧) ઔદ્યોગિક એસ્ટેટ, ઔદ્યોગિક જૂથો (કલસ્ટર) અથવા કોઇ પણ ઔદ્યોગિક વિસ્તારમાં જરૂરી પૂર્વ જરૂરી સવલતો જેમ કે,

(ક) ઔદ્યોગિક એસ્ટેટ/વિસ્તારથી હવાઇ મથક, બંદર અથવા ધોરીમાર્ગને જોડતો માર્ગ
(ખ) માર્ગ/રેલવે પર ઓવરબ્રીજ
(ગ) હાલના રસ્તાઓની કક્ષા ઉંચી લઇ જવી/રસ્તા પહોળા કરવા.
(ઘ) બાયપાસ માર્ગનું બાંધકામ.
(ચ) અર્થ સ્ટેશનની સ્થાપના/સંદેશા વ્યવહારની સવલતની સ્થાપના.
(છ) જળ વિતરણ માળખુ અને સંલગ્ન સવલતો.
(જ) ગેસ/વીજળી/ઊર્જા વિતરણ માળખુ અને સંલગ્ન સવલતો.
(ઝ) વખાર સવલતો અને સંલગ્ન સવલતો ઉભી કરવી.
(ટ) સુવિધા કેન્દ્ર, ઉત્પાદન વિકાસ કેન્દ્ર, તાલીમ કેન્દ્ર ચકાસણી કેન્દ્ર, સંશોધન અને વિકાસ સંસ્થા અને/અથવા સામાન્ય સુવિધા કેન્દ્ર.
(ઠ) ઉદ્યોગ માટે મુકરર કરેલ વિસ્તારમાં જરૂરી અન્ય કોઇ પણ આંતર માળખાકીય સુવિધા સવલતો.

(૨) વધારાની પૂર્વ જરૂરી સવલતો જેમ કે,

(ક) પાણીમાંથી ક્ષાર તત્ત્વ ઘટાડવા માટેનો પ્લાન્ટ.
(ખ) પરિવહન નગર/પરિવહન સવલતો/પરિવહન કેન્દ્ર (હબ).
(ગ) જળ સંપત્તિમાં વૃદ્ધિ.
(ઘ) નેટવર્કીંગ સુવિધા.
(ચ) ટ્રોમા કેર સેન્ટર.
(છ) પ્રાપ્તિ સ્થાન કેન્દ્ર (રિસોર્સ સેન્ટર).
(જ) મનોરંજન કેન્દ્ર.
(ઝ) ધંધા સહાય સેવાઓ (બિઝનેશ સપોર્ટ સર્વીસ)
(ટ) વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો દ્વારા વિકસતી પરિયોજનાઓ.
(ઠ) હોસ્પિટલો, શાળાઓ અને કોલેજો વગેરે જેવી સામાજિક આંતર માળખાકીય સુવિધા સવલતો માટે કૂલ પરિયોજના ખર્ચના ૧૦% ખર્ચ સહાય માટે પાત્ર ગણવામાં આવશે.

(૩) ઔદ્યોગિક સંસ્થાઓ અથવા નોટીફાઇડ વિસ્તાર ઓથોરિટી અથવા ખાસ હેતુ સાધન દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ સિવાયનાં ઔદ્યોગિક એસ્ટેટમાં આંતર માળખાકીય સુવિધા સવલતોની કક્ષા ઉંચી

| | |
|---|---|
| | લઇ જવા માટે સહાય મળશે. |
| | (૪) કોઇ પણ વ્યાવસાયિક સંસ્થા પરામર્શક પેઢીને સોંપેલ કોઇ પણ ઉદ્યોગો/ઔદ્યોગિક વિસ્તાર/ ઔદ્યોગિક વિકાસ પ્રવૃત્તિઓ માટે ઉદ્યોગ કમિશનર દ્વારા હાથ ધરાનાર ખાસ અભ્યાસોને યોજના હેઠળ ગણતરીમાં લઇ શકાશે અને આવા અભ્યાસ સિવાયનો ખર્ચ મળવા પાત્ર થશે. |
| (૨) તા.૩૧-૧૨-૧૩ ની સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) ૬૧. |
| (૩) કેટલી રકમના પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા ? | (૩) રૂા.૫૭૯૦૩.૬૯/- લાખ. |

---------

## ગાંધીનગર જિલ્લામાં પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્ય ચકાસણી

* ૭૭૩૩ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે ? | (૨) ૧૦૦૧. |

---------

## મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં દેશી/વિદેશી દારૂના વેચાણ

* ૭૯૧૬ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર દેશી/વિદેશી દારૂના વેચાણના સ્થળોએ અને જુગાર ધામો ઉપર કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) **પત્રક-૧** સામેલ છે. |
| (૨) તે પૈકી દેશી અને વિદેશી દારૂનો કેટલી રકમનો કેટલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો, અને | (૨) દેશી દારૂનો રૂ.૧,૪૪,૧૬૭૦ ની રકમનો કૂલ ૬૮,૮૩૨ લીટરનો જથ્થો તથા વિદેશી દારૂનો રૂ.૭૮,૨૬,૫૨૨૬ ની રકમનો કૂલ ૩,૬૮,૦૯૭ બોટલનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે કેટલા લોકોની ધરપકડ કરી તેમની સામે શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૩) દારૂના ગેરકાયદેસર વેચાણ સંદર્ભે ૧૩૨૦૮ લોકોની તથા જુગારની પ્રવૃત્તિ સંદર્ભે ૭૬૯૮ લોકોની ધરપકડ કરી, પ્રોહિબિશન-૯૩ હેઠળની, પાસા, તડીપાર તથા સી.આર. પી.સી. કલમ-૧૧૦ જી હેઠળની વગેરે કાર્યવાહી કરાયેલ છે. |

**પત્રક–૧**

**મહેસાણા (તા.૦૧–૦૧–૧૨ થી તા.૩૧–૧૨–૧૨)**

| તાલુકાનું નામ | દેશી દારૂના કેટલા દરોડા પાડવામાં આવ્યા | વિદેશી દારૂના કેટલા દરોડા પાડવામાં આવ્યા | કેટલા જુગારધામો ઉપર દરોડા પાડવામાં આવ્યા |
|---|---|---|---|
| મહેસાણા | ૮૫૫ | ૧૪૨ | ૮૩ |
| કડી | ૪૨૦ | ૫૩ | ૯૮ |
| બેચરાજી | ૯૧ | ૧૭ | ૮ |
| વિસનગર | ૨૯૪ | ૩૮ | ૫૮ |
| વિજાપુર | ૨૫૩ | ૧૯ | ૧૨ |
| ખેરાલુ | ૮૯ | ૧૧ | ૮ |
| ઉંઝા | ૨૬૩ | ૨૮ | ૪૩ |
| વડનગર | ૧૦૭ | ૨૨ | ૧૭ |
| સતલાસણા | ૬૧ | ૦૭ | ૩ |

**મહેસાણા (તા.૦૧–૦૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩)**

| | | | |
|---|---|---|---|
| મહેસાણા | ૧૦૦૭ | ૧૦૩ | ૧૨૮ |
| કડી | ૪૭૮ | ૪૭ | ૧૨૮ |
| બેચરાજી | ૧૨૯ | ૩૮ | ૨૦ |
| વિસનગર | ૪૯૫ | ૪૩ | ૬૦ |
| વિજાપુર | ૪૦૫ | ૨૭ | ૩૫ |
| ખેરાલુ | ૧૩૫ | ૧૯ | ૧૨ |
| ઉંઝા | ૩૯૩ | ૩૫ | ૫૯ |
| વડનગર | ૧૬૦ | ૧૬ | ૧૩ |
| સતલાસણા | ૮૨ | ૧૫ | ૦૫ |

**અમદાવાદ ગ્રામ્ય (તા.૦૧–૦૧–૧૨ થી તા.૩૧–૧૨–૧૨)**

| | | | |
|---|---|---|---|
| દશક્રોઈ | ૧૧૪૫ | ૬૬ | ૫૭ |
| સીટી | ૦ | ૦ | ૦ |
| સાણંદ | ૬૨૮ | ૫૨ | ૩૪ |
| ધોળકા | ૧૦૩૦ | ૮૦ | ૧૦૪ |
| બાવળા | ૮૩૬ | ૪૩ | ૫૯ |
| ધંધુકા | ૪૬૭ | ૧૮ | ૫૭ |
| બરવાળા | ૧૪૦ | ૧૨ | ૧૨ |
| રાણપુર | ૪૪ | ૧૦ | ૧૭ |
| વિરમગામ | ૨૮૨ | ૩૧ | ૫૪ |
| માંડલ | ૧૨૭ | ૧૯ | ૧૦ |
| દેત્રોજ | ૧૪૭ | ૧૪ | ૧૩ |

**અમદાવાદ ગ્રામ્ય (તા.૦૧–૦૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩)**

| | | | |
|---|---|---|---|
| દશક્રોઈ | ૧૧૧૮ | ૯૪ | ૧૦૧ |
| સીટી | ૦ | ૦ | ૦ |
| સાણંદ | ૮૩૮ | ૭૯ | ૬૨ |
| ધોળકા | ૯૭૬ | ૭૫ | ૭૬ |
| બાવળા | ૪૮૬ | ૫૨ | ૬૦ |
| ધંધુકા | ૩૯૩ | ૨૩ | ૭૧ |
| બરવાળા | ૭૯ | ૧૨ | ૧૫ |
| રાણપુર | ૫૨ | ૧૫ | ૩૧ |
| વિરમગામ | ૪૦૭ | ૩૭ | ૯૨ |

| | | | |
|---|---|---|---|
| માંડલ | ૧૪૯ | ૧૮ | ૨૫ |
| દેત્રોજ | ૧૬૦ | ૧૨ | ૩૧ |

---------

**રાજ્ય સરકાર દ્વારા તીર્થસ્થાનના વિકાસ માટેનું આયોજન**

* ૮૦૫૧ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (યાત્રાધામ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દ્વારકા તીર્થસ્થાન વિકાસ અર્થે રાજ્ય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઇ આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દ્વારકા તીર્થસ્થાનના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**પેકેજ–૧** દ્વારકા ખાતે ટ્રાફિક અને ક્રાઉન મેનેજમેન્ટ, બ્યુટીફીકેશન ઓફ એપ્રોચ રોડ, ડેવલપમેન્ટ ઓફ પાર્કીંગ પ્લોટ અને પબ્લીક યુટીલીટીની કામગીરી.

**પેકેજ–૨** દ્વારકા ખાતે પરીક્રમા પથનો વિકાસ, નવા ગોમતીઘાટની કામગીરી તથા જુના ગોમતીઘાટના રીપેરીંગની કીમગીરી.

**પેકેજ–૩** દ્વારકા ખાતે સમુદ્રનારાયણ ટેમ્પલથી ગાયત્રી શકિતપીઠ સુધીના બીચ ડેવલપમેન્ટની કામગીરી જેમાં પાર્કીંગ એરીયા, કમ્પાઉન્ડ વોલ ટોયલેટ બ્લોક, ચેન્જ રૂમ, પીવાના પાણીની વ્યવસ્થા વિગેરેની કામગીરી.

**પેકેજ–૪** દ્વારકા ખાતે રૂક્ષ્મણી ટેમ્પલ પરિસર અને રાવળા તળાવ ખાતે પ્રવાસન સુવિધાની કામગીરી.

--------

**વાવ અને રાધનપુર વિસ્તારની જમીનને નર્મદા કેનાલ આધારિત સિંચાઇનો લાભ**

* ૭૩૭૨ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલ આધારિત સિંચાઇ યોજના અંતર્ગત વાવ અને રાધનપુર તાલુકાની કેટલી જમીનને સિંચાઇનો લાભ મળશે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે,

(૩) તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કેનાલોના કામ ક્યા ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) નર્મદા કેનાલ આધારિત સિંચાઇ યોજના અંતર્ગત વાવ તાલુકાની ૯૯,૭૫૧ હેક્ટર અને રાધનપુર તાલુકાની ૩૫,૪૫૧ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળશે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં નર્મદા યોજનાની નહેરોના કામોમાં વાવ તાલુકામાં રૂ.૨૪૬.૩૮ કરોડ તથા રાધનપુર તાલુકામાં રૂ.૬૨.૩૩ કરોડનો ખર્ચ થયેલ છે.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં વાવ તાલુકામાં નહેરોના કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઇ (કિ.મી.) | પૂર્ણ થયેલ લંબાઇ (કિ.મી.) | બાકી રહેતી લંબાઇ (કિ.મી.) |
|---|---|---|---|
| શાખા નહેરો | ૫૯.૦૨ | ૫૯.૦૨ | ૦.૦૦ |
| વિશાખા | ૨૮૭.૧૦ | ૧૫૧.૫૦ | ૧૩૫.૬૦ |
| પ્રશાખા | ૬૭૦.૦૭ | ૩૪૮.૫૦ | ૩૨૧.૫૭ |

તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં રાધનપુર તાલુકામાં નહેરોના કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઇ (કિ.મી.) | પૂર્ણ થયેલ લંબાઇ (કિ.મી.) | બાકી રહેતી લંબાઇ (કિ.મી.) |
|---|---|---|---|
| શાખા નહેરો | ૧૬.૨૭૫ | ૧૬.૨૭૫ | ૦.૦૦ |
| પેટા શાખા | ૨૫.૮૬ | ૨૩.૦૦ | ૨.૮૬ |
| વિશાખા | ૯૯.૪૨ | ૨૮.૦૦ | ૭૧.૪૨ |
| પ્રશાખા | ૨૩૧.૩૦ | ૦.૦૦ | ૨૩૧.૩૦ |

(૪) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

(૪) આ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં દેશી-વિદેશી દારૂ અને જુગારધામ પર દરોડા

* ૭૪૦૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૩ની સ્થિતિએ ગીર સોમનાથ તથા જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર દેશી-વિદેશી દારૂના વેચાણ અને જુગારધામો ઉપર છેલ્લા બે વર્ષમાં કેટલા દરોડાઓ વર્ષવાર પાડવામાં આવ્યા,

(૧) પત્રક મુજબ

(૨) તે અન્વયે કેટલો જથ્થો, રકમ અને સાધનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૨) દેશી દારૂનો કુલ ૫૩૮૧૨ લીટરનો તથા વિદેશી દારૂનો કુલ ૧૦૦૬૧૮૪૦ બોટલનો જથ્થો અને તે અન્વયે ૭૬૯ સાધનો જપ્ત કરવામાં આવેલ છે. જ્યારે જુગારધામ પરથી કુલ રૂ઼ા.૧૯૭૦૪૭૮૫/- ની રકમ તથા ૧૬૬૧ સાધનો જપ્ત કરવામાં આવેલ છે.

(૩) આ ગેરકાયદેસર કૃત્યમાં સંડોવાયેલ કેટલા લોકો સામે શાં પગલાં ભરવામાં આવ્યા, અને કેટલા લોકો સામે પગલાં ભરવાનાં બાકી છે ?

(૩) આ ગેરકાયદેસર કૃત્ય સંદર્ભે ૫૨૮૩ વિરૂધ્ધ પ્રોહીબીશન-૯૩ હેઠળની, ૧૭૪ વિરૂધ્ધ પાસાની, ૧૯ વિરૂધ્ધ તડીપારની તથા ૪૬૧૪ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ-૧૧૦જી હેઠળની કાર્યવાહી કરાયેલ છે. જ્યારે ૧૨૨૧ વિરૂધ્ધ પગલાં ભરવાના બાકી છે.

### પત્રક

### ગીર સોમનાથ જિલ્લો

| વર્ષ | તાલુકા | દેશી દારૂ | વિદેશી દારૂ | જુગાર |
|---|---|---|---|---|
| તા.૧-૧-૨૦૧૨ થી તા.૩૧-૧૨-૨૦૧૨ | વેરાવળ | ૨૯૬ | ૫૮ | ૫૮ |
| | સુત્રાપાડા | ૧૩૦ | ૧૧ | ૦૯ |
| | તાલાળા | ૮૩ | ૨૫ | ૨૨ |
| | કોડીનાર | ૩૨૫ | ૮૦ | ૧૨ |
| | ઉના | ૩૭૯ | ૪૨૦ | ૪૯ |

| | | | | |
|---|---|---|---|---|
| તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | વેરાવળ | ૨૯૫ | ૬૪ | ૬૬ |
| | સુત્રાપાડા | ૧૪૧ | ૧૪ | ૦૬ |
| | તાલાળા | ૨૩૩ | ૧૦ | ૨૩ |
| | કોડીનાર | ૨૪૦ | ૭૪ | ૧૫ |
| | ઉના | ૨૦૮ | ૩૩૫ | ૫૩ |

**જૂનાગઢ જિલ્લો**

| વર્ષ | તાલુકા | દેશી દારૂ | વિદેશી દારૂ | જુગાર |
|---|---|---|---|---|
| તા.૧–૧–૨૦૧૨ થી તા.૩૧–૧૨–૨૦૧૨ | જૂનાગઢ | ૫૫૫ | ૮૪ | ૧૬૯ |
| | વિસાવદર | ૫૫ | ૧૦ | ૧૨ |
| | ભેંસાણ | ૪૫ | ૦૪ | ૧૮ |
| | મેંદરડા | ૭૧ | ૦૩ | ૧૮ |
| | કેશોદ | ૧૩૭ | ૧૦ | ૪૦ |
| | વંથલી | ૪૧ | ૦૬ | ૧૯ |
| | માણાવદર | ૧૦૫ | ૧૫ | ૪૪ |
| | માંગરોળ | ૧૩૨ | ૧૨ | ૩૪ |
| | માળીયા | ૧૮૬ | ૧૨ | ૩૦ |
| તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | જૂનાગઢ | ૬૪૬ | ૮૯ | ૧૭૩ |
| | વિસાવદર | ૪૯ | ૧૩ | ૨૬ |
| | ભેંસાણ | ૬૩ | ૦૦ | ૧૬ |
| | મેંદરડા | ૭૬ | ૧૫ | ૩૯ |
| | કેશોદ | ૧૬૩ | ૧૬ | ૪૧ |
| | વંથલી | ૬૩ | ૨૨ | ૪૧ |
| | માણાવદર | ૧૦૮ | ૧૬ | ૪૩ |
| | માંગરોળ | ૧૬૯ | ૩૧ | ૫૮ |
| | માળીયા | ૨૪૭ | ૧૨ | ૩૧ |

---------

**ચોર્યાસી તાલુકાનાં ડુમસ–સુલતાનાબાદ ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવા બાબત**

* ૭૭૧૫ **શ્રી રાજેન્દ્રભાઈ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ડુમસ–સુલતાનાબાદ ખાતે દરિયાઇ ધોવાણ અટકાવવાની યોજના તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ સ્થિતિએ છે,

(૨) આ કામથી કેટલી વસ્તીને લાભ થશે,

(૩) આ કામથી કેટલા હેક્ટર જમીનનું ધોવાણ થતુ અટકશે, અને

(૪) આ કામો કયાં સુધીમાં પૂરૂં કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૪૪૦ મી. લંબાઈમાં હંગામી ધોરણે રક્ષણાત્મક કામગીરી રૂ.૯૩,૫૪,૩૩૦/– ના ખર્ચે ફેબ્રુઆરી ૨૦૧૨ માં પૂર્ણ કરવામં આવેલ છે.

કુલ ૨૦૩૦ મી. લંબાઈમાં રૂ.૨૬૬૩.૩૬ લાખની ટેન્ડર કિંમતની દરિયાઈ ધોવાણ અટકાવવાની સંરક્ષણાત્મક દીવાલની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) ૨૫,૦૦૦

(૩) ૨૫૦૦ હેક્ટર

(૪) માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**દાહોદ જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૩માં પશુ આરોગ્ય મેળા**

* ૭૭૫૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩માં દાહોદ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૭૫ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૩૧,૭૬૭ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૬૮,૪૦૭ |

---------

**કચ્છ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય**

* ૭૭૭૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) શૂન્ય |
| (૨) આ જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવાની બાકી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કૃષિ-ઉદ્યોગ અને રહેણાંક પ્રજાને આપવામાં આવતાં નર્મદાના પાણીના ભાવ બાબત**

* ૬૯૧૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં નર્મદાના જળ આપવા અન્વયે કૃષિ, ઉદ્યોગ અને રહેણાંકના હેતુસર શા ભાવે પાણી આપવામાં આવે છે?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં નર્મદાના જળ આપવા અન્વયે કૃષિ, ઉદ્યોગ અને રહેણાંકના હેતુસર નીચે મુજબના દરથી પાણી આપવામાં આવે છે.

| ક્રમ | હેતુ | પાણીનો દર |
|---|---|---|
| ૧ | **કૃષિ વિષયક હેતુ માટેઃ-** | |
| | ● ખરીફ, રવિ, ઉનાળું તથા બે મોસમી પાકો માટે | રૂ.૧૬૦/- પ્રતિ પાણ, પ્રતિ હેક્ટર |
| | ● બારમાસી પાકો માટે | રૂ.૩૦૦/- પ્રતિ પાણ, પ્રતિ હેક્ટર |
| | ● ઉદવહન સિંચાઈના દરો ખેડૂતો દ્વારા સ્વખર્ચે કરવામાં આવે ત્યારે | વહેણ સિંચાઈ દરના ૧/૩ (ત્રીજા ભાગના રહેશે. |
| | ● સરકારશ્રી દ્વારા ઉદવહન કરી પાણી આપવામાં આવે ત્યારે | રૂ.૩૨૮/- પ્રતિ પાણ, પ્રતિ હેક્ટર |
| ૨ | **ઉદ્યોગના હેતુ માટેઃ-** | રૂ. ૧૬.૧૧ પ્રતિ |

| | | |
|---|---|---|
| | | ૧૦૦૦ લિટર |
| ૩ | **રહેણાંકના હેતુ માટેઃ-** | રૂ. ૧.૯૫ પ્રતિ ૧૦૦૦ લિટર |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં રાસાયણિક ખાતરોની ફાળવણી**

* ૭૨૭૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં માસવાર રાસાયણિક ખાતરો યુરીયા, ડી.એ.પી.પોટાસની કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૨) ફાળવેલ જથ્થા પૈકી કેટલું ખાતર જે તે તાલુકા સ્થળે કયારે પહોંચાડવામાં આવ્યું ?

**જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લો સરકારશ્રીનાં તા.૧૩-૦૮-૨૦૧૩ નાં ગેઝેટથી અસ્તિતવમાં આવેલ હોઈ, તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં માસવાર રાસાયણિક ખાતરો યુરીયા, ડી.એ.પી. પોટાશની અલગથી ફાળવણી કરવામાં આવેલ નથી. પરંતુ, પુર્વેનાં વડોદરા જિલ્લા માટે ફાળવેલ રાસાયણિક ખાતરો યુરીયા, ડી.એ.પી.પોટાશનાં જથ્થામાં છોટા ઉદેપુર જિલ્લા માટે રાસાયણિક ખાતરોની ફાળવણીનો સમાવેશ કરવામાં આવેલ છે. જેની માસવાર ફાળવણી ***પત્રક-૧** મુજબ કરવામાં આવેલ છે.

(૨) તાલુકા સ્થળે માસવાર/તાલુકાવાર પહોંચાડવામાં આવેલ ખાતરના જથ્થાની વિગતો ***પત્રક-૨, *પત્રક-૩, *પત્રક-૪, *પત્રક-૫ અને *પત્રક-૬** મુજબ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**જામનગર જિલ્લાની આજી-૪ અને વાગડીયા સિંચાઈ યોજનાના આનુસાંગિક કામો**

* ૭૪૦૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની આજી-૪ તથા વાગડીયા સિંચાઈ યોજનાના કયા કયા આનુષંગિક કામો તા.૩૧ ડીસેમ્બર ૨૦૧૩ ની સ્થિતિએ બાકી છે,

(૨) કામો બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) આ કામો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) **આજી-૪**

તારાણા પીઠડ એમ.ડી.આર.રોડ, તથા નહેરના આશરે ૧૨ ટકા કામો બાકી છે.

**વાગડીયા સિંચાઈ યોજના**

મુખ્ય બંધનું બાકી રહેતુ કામ, બ્રીજ ઓન રીવર શુકલી, બ્રીજ ઓન ડાઉન સ્ટ્રીમ, પુનઃવસવાટના જાહેર સુવિધાના કામો, અને નહેરના કામો.

(૨) **આજી-૪**

જમીન સંપાદન તથા સ્થાનિક લોકોના અસહકારના કારણે કામો અધુરા છે.

**વાગડીયા સિંચાઈ યોજના**

વાગડીયા ગામનાં આંશીક પુનઃવસવાટ માટે જમીન ઉપલબ્ધ ન થવાથી ડેમ સંલગ્ન કામો અધુરા છે. નહેર માટે લોક વિરોધ છે.

(૩) **આજી-૪**

બાકી તમામ કામો એક વર્ષમાં પૂર્ણ કરવાનું

આયોજન છે.

**વાગડીયા સિંચાઈ યોજના**

પૂનઃવસવાટ માટે જમીન ઉપલબ્ધ થયે એક વર્ષમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કામરેજ તાલુકામાં નર્મદા કેનાલમાંથી પંપીંગ દ્વારા ખેડૂતોને પાણી**

* ૭૬૫૯ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કામરેજ તાલુકામાં નર્મદા કેનાલમાંતી પૂર્વ દિશામાં પંપીંગ કરીને અન્ય કેનાલો દ્વારા ખેડૂતોને પાણી આપવાની કામગીરી કયા તબક્કે છે?

**જવાબ**

નર્મદા જળવિવાદ પંચના ચૂકાદા-૧૯૭૯ મુજબ નર્મદા યોજનાના પિયત વિસ્તાર (કમાન્ડ એરીયા)માં કામરેજ તાલુકા (જિલ્લા સુરત) નો સમાવેશ થયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં લૂંટ, ધાડ, ખૂન, અપહરણ અને ચોરીના બનાવો**

* ૬૯૦૧ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ધાડ, ખૂન, અપહરણ અને ચોરીના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી, અને

(૩) આવા બનાવો અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) પત્રક-૩ મુજબ

**પત્રક-૧**

| તાલુકાનું નામ | તા. ૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | | | | |
|---|---|---|---|---|---|
| | લૂંટ | ધાડ | ખૂન | અપહરણ | ચોરી |
| વલસાડ | ૧૨ | ૨ | ૬ | ૧૮ | ૧૨૨ |
| પારડી | ૨ | ૨ | ૨ | ૯ | ૩૯ |
| વાપી | ૧૩ | ૦ | ૭ | ૨૨ | ૧૮૬ |
| ઉમરગામ | ૬ | ૨ | ૭ | ૨૧ | ૭૩ |
| ધરમપુર | ૦ | ૦ | ૨ | ૨ | ૨૧ |
| કપરાડા | ૦ | ૦ | ૦ | ૧ | ૯ |

**પત્રક-૨**

| તાલુકાનું નામ | તા. ૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | | | | |
|---|---|---|---|---|---|
| | લૂંટ | ધાડ | ખૂન | અપહરણ | ચોરી |
| વલસાડ | ૨૫ | ૭ | ૪ | ૯ | ૩૦ |
| પારડી | ૪ | ૮ | ૧ | ૧૪ | ૨૬ |
| વાપી | ૯ | ૦ | ૧૪ | ૯ | ૬૩ |
| ઉમરગામ | ૧૪ | ૯ | ૧૭ | ૧૦ | ૩૩ |
| ધરમપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૬ |
| કપરાડા | ૦ | ૦ | ૦ | ૬ | ૧૧ |

**પત્રક-૩**

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરફથી અવાર–નવાર કોમ્બીંગ નાઈટનું આયોજન કરી શરીર સંબંધી/મિલ્કત સંબંધી બનાવો ન બને તે માટે સુચનાઓ આપવામાં આવે છે.

---------

**ખેડા જિલ્લાનાં, નર્મદા કેનાલમાં જમણાકાંઠાના ખેડૂતોને નર્મદાનું પાણી આપવાની કાર્યવાહી**

* ૬૯૪૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલની જમણાકાંઠાના ખેડૂતોને પાણી આપવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) તે કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) :

નર્મદા જળવિવાદ પંચના ચૂકાદા–૧૯૭૯ મુજબ નર્મદા યોજનાના પિયત વિસ્તાર (કમાન્ડ એરીયા) માં ખેડા જિલ્લામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરના જમણાકાંઠાના વિસ્તારનો સમાવેશ થતો નથી.

---------

**રાજ્ય સરકાર દ્વારા દ્વારકા તીર્થસ્થાનના વિકાસ માટેનું આયોજન**

* ૮૦૫૨ **શ્રી ચીમનભાઈ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (યાત્રાધામ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દ્વારકા તીર્થસ્થાન વિકાસ અર્થે રાજય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દ્વારકા તીર્થસ્થાનના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

પેકેજ – ૧ દ્વારકા ખાતે ટ્રાફિક અને ક્રાઉન મેનેજમેન્ટ, બ્યુટીફીકેશન ઓફ એપ્રોચ રોડ, ડેવલોપમેન્ટ ઓફ પાર્કીંગ પ્લોટ અને પબ્લીક યુટીલીટીની કામગીરી.

પેકેજ – ૨ દ્વારકા ખાતે પરીક્રમા પથનો વિકાસ, નવા ગોમતીઘાટની કામગીરી તથા જુના ગોમતીઘાટના રીપેરીંગની કામગીરી.

પેકેજ – ૩ દ્વારકા ખાતે સમુદ્રનારાયણ ટેમ્પલથી ગાયત્રી શકિતપીઠ સુધીના બીચ ડેવલપમેન્ટની કામગીરી જેમાં પાર્કીંગ એરીયા, કમ્પાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક, ચેન્જ રૂમ, પીવાના પાણીની વ્યવસ્થા વિગેરેની કામગીરી.

પેકેજ – ૪ દ્વારકા ખાતે રૂક્ષ્મણી ટેમ્પલ પરિસર અને રાવળા તળાવ ખાતે પ્રવાસન સુવિધાની કામગીરી.

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ ચેકડેમ**

* ૭૫૧૯ **પ્રો. હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા ચેકડેમના કામ પૂર્ણ થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ અનુક્રમે ૩૪૧ અને ૧૨૮ ચેકડેમ બનાવવામાં આવ્યા.

(૨) ઉકત સ્થિતિએ લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં અનુક્રમે ૩૪૧ અને ૧૨૮ ચેકડેમના કામ પૂર્ણ થયેલ છે.

(૩) કામ પૂર્ણ થયેલ ન હોય તો ક્યા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ કામો માટે કેટલી રકમ ચૂકવેલ છે, અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

(૪) લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં અનુક્રમે રૂ.૧૫૩૯.૩૧ લાખ અને રૂ.૫૫૬ લાખની રકમ ચૂકવાયેલ છે અને અનુક્રમે રૂ.૧૩ લાખ અને રૂ.૬૦ લાખની રકમ ચૂકવવાની બાકી છે.

---------

## મહેસાણા જિલ્લામાં પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી

* ૭૭૩૪ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

(૨) ૧૪૮૨

---------

## ખેડા જિલ્લાની કાંસની સફાઈ બાબત

* ૭૨૩૦ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાલુકાવાર ક્યા કાચ સિંચાઈ કેનાલોમાં કાંસો છે,

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતએ આ સાથેના પત્રક મુજબની સિંચાઈ કેનાલોમાં કાંસો છે.

(૨) આ કાંસોની સફાઈ કરવામાં આવી છે કે કેમ,

(૨) જરૂરીયાત મુજબ કાંસોની સફાઈ કરવામાં આવી છે.

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા ૧ વર્ષમાં થયેલ ખર્ચની વિગતો પત્રક મુજબ છે.

(૪) જે કાંસોનું કામ બાકી છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) જરૂરીયાત મુજબના કાંસોની સાફ–સફાઈની કામગીરી આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પ ત્ર ક

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકો | કાંસોની સંખ્યા | નહેરનું નામ | થયેલ ખર્ચ રૂપિયા લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડા | ઠાસરા | ૧૬ | મહી મુખ્ય નહેર, નડીઆદ શાખા, શાહપુરા વિશાખા, ઉમરેઠ વિશાખા, રાણીયા વિશાખા, વણોતી માઈનોર, સુરેલી માઈનોર, ભાટપુરા માઈનોર, ઢુણાદરા માઈનોર અને તેની પ્રશાખાઓ. | ૨૪.૪૬ |
| ૨ | | નડીઆદ | ૪૦ | નડીઆદ સાખા, ઉત્તરસંડા વિશાખા, પણસોરા વિશાખા, સુરાશામળ વિશાખા, ડભાણ માઈનોર, નડીઆદ વિશાખા, માતર શાખા, ટુંડેલ સબ માઈનોર, પીપળાતા માઈનોર અને તેની પ્રશાખાઓ. | ૫૨.૨૮ |
| ૩ | | માતર | ૩૪ | માતર શાખા, સંધાણા માઈનોર, ડભાણ માઈનોર, રઘવાણા માઈનોર, પલાણા માઈનોર, ત્રાજ વિશાખા, માતર માઈનોર, લિંબાસી બ્રાન્ચ, લિંબાસી વિશાખા, ખાંધલી સબ માઈનોર, ચાનોર માઈનોર, ઈન્દ્રવર્ણા, હાડેવા માઈનોર, રણાસર સબ માઈનોર, | ૭૨.૮૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | મીલરામપુરા માઈનોર, વિરોજા માઈનોર, પુનાજ માઈનોર, લિંબાસી માઈનોર, ન્યુ લિંબાસી માઈનોર, વસ્તાણા માઈનોર અને તેની પ્રશાખાઓ. | |
| ૪ | | મહુધા | ૦૧ | ખુમારવાડ વિશાખા | ૦.૦૦ |
| ૫ | | ખેડા | ૦૩ | મેશ્વો મેઈન કેનાલ, કાજીપુરા બ્રાન્ચ કેનાલ, ખારી બ્રાન્ચ કેનાલ, ગલકી ફીડર, ગોબલજ ફીડર. | ૦.૦૦ |
| | | **કુલ** | **૯૪** | | **૧૪૯.૬૨** |

---------

**અમરેલી જિલ્લામાં પોલીસ ઈન્સ્પેકટરની ખાલી જગ્યાઓ**

* ૭૭૯૫ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતએ અમરેલી જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટરની જગ્યા ખાલી છે,

(૨) તે ક્યા ક્યા પોલીસ સ્ટેશન છે,

(૩) આ જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૪) ખાલી જગ્યા ભરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) પાંચ પોલીસ સ્ટેશનમાં.

(૨) અને (૩)

૧. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન તા.૨-૭-૨૦૧૩થી
૨. જાફરાબાદ પોલીસ સ્ટેશન તા.૧-૧૨-૨૦૧૩ થી
૩. રાજુલા પોલીસ સ્ટેશન તા.૨૯-૮-૨૦૧૩ થી
૪. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન તા.૫-૧-૨૦૧૩ થી
૫. મહિલા પોલીસ સ્ટેશન તા.૧-૧-૨૦૧૩ થી

(૪) હાલની સ્થિતિએ ૨ જગ્યાઓ ખાલી છે, જે વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે.

---------

**અરવલ્લી જિલ્લામાં વરસાદી પાણીથી નુકશાન સામે પ્રોટેકશન દિવાલ બનાવવા બાબત**

* ૭૩૧૩ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં વરસાદી પાણીના કારણે ખેડૂતોની જમીનોનું ધોવાણ અને મકાનોનું નુકશાન થતું અટકાવવા માટે પ્રોટેકશન દિવાલ બનાવવાના કેટલા કામો મંજૂર થયા,

(૨) તે અન્વયે કેટલા કામો શરુ થયાં, અને

(૩) બાકી કામો ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ૨૦

(૨) ૧૫

(૩) શક્ય તેટલા વહેલા.

---------

### રાજકોટ જિલ્લામાં પાણીના નવા બોર

* ૭૭૨૪ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતએ પાણીના કેટલા નવા બોર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૯૫ નવા બોર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા બોર કાર્યરત કરવામાં આવેલ છે ? | (૨) ૩૫૩ બોર કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

### દાહોદ શહેર અને જિલ્લામાં એગ્રો સર્વિસ સેન્ટરો પર દરોડા

* ૭૫૮૫ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતએ છેલ્લા એક વર્ષમાં દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર આવેલ એગ્રો સર્વિસ સેન્ટરોમાં ખેતી માટેની જંતુનાશક દવાઓ અને નકલી બિયારણોના વેચાણ અન્વયે કેટલા દરોડાઓ પાડી કેટલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો, અને | (૧) કુલ ૨૦ દરોડાઓ પાડવામાં આવ્યા અને ખેતી માટેની જંતુનાશક દવાઓ અને નકલી બિયારણોનો કોઈ જથ્થો મળી આવેલ નથી. |
| (૨) જવાબદારો સામે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### વલસાડ અને ડાંગ જિલ્લામાં ખેડૂતોને કાજુની ખેતી માટે સહાય

* ૭૭૪૮ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨–૧૩માં કાજુ પાકના વાવેતર માટે સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સહાય યોજના અંતર્ગત વલસાડ અને ડાંગ જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલા આદિવાસી અને અન્ય ખેડૂતોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) વલસાડ અને ડાંગ જિલ્લામાં અનુક્રમે ૮૪૪ અને ૭૦૦ આદિવાસી ખેડૂતોને અનુક્રમે કુલ ` ૬૯.૨૫ લાખ અને ` ૨૫.૫૦ લાખ સહાય ચૂકવવામાં આવી. અન્ય ખેડૂતોને કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી. |

---------

### જામનગર અને દેવભૂમિ–દ્વારકા જિલ્લાને સિંચાઈ માટે નર્મદાનું પાણી

* ૭૭૮૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ–દ્વારકા જિલ્લાને નર્મદાની સિંચાઈ યોજનાનો લાભ આપવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) અને (૨) નર્મદા જળ વિવાદપંચના ચુકાદા–૧૯૭૯ મુજબ નર્મદા યોજના પિયત વિસ્તાર (કમાન્ડ એરીયા)માં જામનગર અને |

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાઓને કયારથી નર્મદાનું પાણી ખેડૂતોને સિંચાઈ માટે ઉપલબ્ધ થશે?

દેવભૂમિ–દ્વારકા જિલ્લાનો સમાવેશ થતો ન હોવાથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર જિલ્લામાં મત્સ્યોદ્યોગના વિકાસ બાબત**

* ૭૫૯૬ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મત્સ્યોદ્યોગ વિકસાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં કયા કયા પ્રકારની કામગીરી હાથ ધરી અને તે માટે કેટલો ખર્ચ કર્યો?

**જવાબ**

છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) મત્સ્યબીજ ઉછેર તથા સંગ્રહની કામગીરી
(૨) માછીમારોને બોટ/જાળ રાહત દરે પુરા પાડવા
(૩) માછીમારોને મચ્છીની સરળતાથી હેરાફેરી કરવા માટે પ્લાસ્ટીક ક્રેટ રાહત દરે પૂરા પાડવા
(૪) રાષ્ટ્રીય સલામતી અને બોટોની આવન–જાવનના નિયંત્રણ માટે સુરક્ષા ગાર્ડ રાખવા.
(૫) જિલ્લાના ગામ તળાવોમાં મત્સ્યોદ્યોગનો વિકાસ કરવા માટે લાભાર્થીઓને તાલીમ આપવી
(૬) પગડીયા માછીમારોને પગભર થવા મત્સ્ય સાધનોની ખરીદી ઉપર ૯૦ ટકા સહાય.
(૭) માછીમારોને વધુ જાણકારી માટે શીબીરો/મેળાઓ યોજવા
(૮) જિલ્લાના માછીમાર લાભાર્થીઓને વધુ જાણકારી સબબ રાજ્ય બહાર પ્રવાસ.
(૯) તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ મત્સ્યોદ્યોગ વિકાસ પાછળ રૂા. ૫૦.૨૨ લાખનો ખર્ચ થયેલ છે. તથા તા.૩૦–૧૨–૨૦૧૩ સુધીમાં કુલ મત્સ્યોદ્યોગ વિકાસ પાછળ રૂા. ૪૩.૮૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**અમીરગઢ અને દાંતા તાલુકાના ડેમ નર્મદા પાણીથી ભરવા બાબત**

* ૭૬૯૨ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકાના ડેમો નર્મદા આધારીત પાણીથી ભરવા માટે કોઈ યોજના બનાવી છે કે કેમ, | (૧) કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયાં કયાં ડેમો ભરવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીના ડેમોને કયારે ભરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ અંતર્ગત પ્રોજેક્ટોનું અમલીકરણ**

* ૮૦૪૧ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ અંતર્ગત કેટલા પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે, અને | (૧) ૧૧૩૫ પ્રોજેક્ટ |
| (૨) તેમાં કેટલું અપેક્ષીત મૂડી રોકાણ હતું? | (૨) અપેક્ષિત મુડીરોકાણ રૂ. ૩૨૦૪૦૮.૮૭ કરોડ હતું. |

---------

**સાણંદ અને બાવળા તાલુકાના ફતેવાડી વિસ્તારના ગામોને નર્મદા કમાન્ડ વિસ્તારમાં લેવા બાબત**

* ૭૯૭૯ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તથા બાવળા તાલુકાના ફતેવાડી વિસ્તારના ગામોને નર્મદા કમાન્ડ વિસ્તારમાં લેવા સરકારે છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરી, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે? | (૧) અને (૨)<br>હાલની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તથા બાવળા તાલુકાના ફતેવાડી વિસ્તારના ગામોને નર્મદા કમાન્ડ વિસ્તારમાં ભેળવવાની કોઈ જ બાબત કે દરખાસ્ત વિચારણા હેઠળ નથી. |

---------

**રાજ્યમાં પશુ ચિકિત્સક અધિકારી વર્ગ-૨ની નિમણૂંક બાબત**

* ૭૮૦૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કૂલ કેટલી જગ્યાઓ ઉપર છેલ્લા એક વર્ષમાં નિમણૂંકો આપવામાં આવી, | (૧) ૨૩૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ઉક્ત સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે. | (૨) ૨૨૬ |
| (૩) આ ખાલી જગ્યાઓ ઉપર ક્યારે નિમણૂંક કરવામાં આવશે? | (૩) ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી. |

---------

**તલોદ તાલુકાની નર્મદા પાઈપ લાઈનથી ગામોનાં તળાવો ભરવા બાબત**

* ૭૩૪૬ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ તલોદ તાલુકામાંથી પસાર થતી નર્મદા પાઈપલાઈનથી ગોરા, આંજણા દાદરડી-લવારી ગામના તળાવો ભરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) સર્વેક્ષણ અને આલેખનના તબક્કે |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ થશે? | (૨) મંજૂરી મળ્યેથી છ માસમાં |

---------

## અમરેલી અને ભાવનગર જિલ્લામાં દેશી/વિદેશી દારૂનું વેચાણ

* ૭૮૨૩ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં દેશી અને વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે તે હકીકત સાચી છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર જિલ્લાવાર કુલ કેટલાં કેસો નોંધાયા, | (૧) અને (૨)<br>તા.૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં દેશી અને વિદેશી દારૂના વેચાણ અંગે નીચે મુજબના કેસ નોંધાયેલ છે. |

| **અમરેલી** | | **ભાવનગર** | |
|---|---|---|---|
| **વર્ષ** | **કેસો નોંધાયા** | **વર્ષ** | **કેસો નોંધાયા** |
| તા.૧/૨/૧૨ થી ૩૧/૧/૧૩ | ૧૭૬૮ | તા.૧/૨/૧૨ થી ૩૧/૧/૧૩ | ૪૦૭૩ |
| તા.૧/૨/૧૩ થી ૩૧/૧/૧૪ | ૨૧૩૩ | તા.૧/૨/૧૩ થી ૩૧/૧/૧૪ | ૩૮૧૩ |

| | |
|---|---|
| (૩) જિલ્લાવાર કુલ કેટલો જથ્થો દેશી અને વિદેશી દારૂનો પકડયો અને નાશ કર્યો તેની કિંમત શું હતી, અને | (૩) **પત્રક મુજબ** |
| (૪) દારૂબંધીનો કાયમ માટે કડક અમલ થાય તે માટે સરકારે કોઈ નક્કર પગલા લેવા માંગે છે કે કેમ અને જો હા, તો કેવા પગલાં? | (૪) આવી ગેરકાનૂની પ્રવૃત્તિ રોકવા માટે જિલ્લા ખાતે અવાર–નવાર પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો વિરૂધ્ધ પ્રોહી–૯૩, હદપારી અને પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે. |

***પત્રક**

| **જિલ્લાવાર** | **દેશી દારૂ** | | | | **વિદેશી દારૂ** | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **પકડાયેલ જથ્થો** | **કિંમત** | **નાશ કરેલ જથ્થો** | **કિંમત** | **પકડાયેલ જથ્થો** | **કિંમત** | **નાશ કરેલ જથ્થો** | **કિંમત** |
| અમરેલી | ૩૪૪૨૬ | ૧૦૮૮૮૪૫ | ૪૮૧૭૩ | ૫૨૩૫૯૪ | ૪૮૯૬૩ | ૧૪૨૨૯૮૫૪ | ૩૪૦૨૭ | ૫૩૮૭૪૨૮ |
| ભાવનગર | ૩૨૦૮૮૨ | ૧૧૩૪૦૨૦ | ૩૭૦૮૦ | ૭૮૨૬૯૦ | ૩૦૧૨૯ | ૮૫૯૬૧૮૭ | ૧૧૯૫ | ૨૧૬૦૦૦ |

## ભાવનગર જિલ્લામાં બજાર સમિતિઓને આધુનિક સગવડો માટે સહાય

* ૭૭૭૩ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ–૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં બજાર સમિતિઓને આધુનિક સગવડો ઉભી કરવા માટે સહાય પૂરી પાડવાની યોજના અન્વયે ભાવનગર | (૧) શૂન્ય |

જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) ઉક્ત જિલ્લામાં કઈ કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી? — (૨) શૂન્ય

---------

**હિંમતનગરથી પસાર થતી હાથમતી કેનાલ ઉપર દુકાનો બનાવવા બાબત**

* ૭૬૩૭ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ હિંમતનગર વચ્ચેથી પસાર થતી હાથમતી કેનાલ ઉપર દુકાનો બનાવવામાં આવેલ છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ દુકાનો સરકારે બનાવેલ છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લાના ટ્રાયબલ એરીયામાં બોર અને હેન્ડપંપના બોર શારવાનું કામ**

* ૮૦૩૩ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩–૧૪ તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ટ્રાયબલ એરીયામાં કેટલા બોર અને કેટલા હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૮૮૧ બોર/હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બોર તથા હેન્ડપંપના બોર શારવાના બાકી છે, અને | (૨) ૫૩ બોર/હેન્ડપંપ શારવાના બાકી છે. |
| એચ(બી)-૬૦ (૩) બાકી રહેલ કામગીરી પૂર્ણ કરવા માટે કેટલું ખર્ચ થવાનો અંદાજ છે ? | (૩) રૂા. ૨૬.૫૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં લૂંટ,, ખૂન, ધાડ, બળાત્કાર અને ચોરીના બનાવો**

* ૬૯૩૭ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ખૂન, ધાડ, બળાત્કાર અને ચોરીના કેટલા બનાવો નોંધાયા, અને | (૧) પત્રકઃ ૧ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ આવા ગુન્હામાં સંડોવાયેલ કેટલા ઇસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ? | (૧) પત્રકઃ ૨ અને<br>પત્રકઃ ૩ મુજબ |

પત્રકઃ૧

બનાવોની સંખ્યા

| તાલુકાનું નામ | તા. ૨૧–૧–૨૦૧૩ થી તા. ૨૦–૧–૨૦૧૪ | | | | |
|---|---|---|---|---|---|
| | લૂંટ | ખૂન | ધાડ | બળાત્કાર | ચોરી |
| ગોધરા | ૧ | ૧૦ | ૪ | ૧ | ૯૩ |
| શહેરા | ૧ | ૭ | ૧ | ૨ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મોરવા | ૦ | ૩ | ૨ | ૨ | ૫ |
| હાલોલ | ૧ | ૫ | ૦ | ૧ | ૮૯ |
| કાલોલ | ૧ | ૬ | ૦ | ૫ | ૩૧ |
| ઘોઘંબા | ૨ | ૭ | ૫ | ૪ | ૨૧ |
| જાંબુઘોડા | ૦ | ૧ | ૦ | ૩ | ૯ |

પત્રકઃ૨

ધરપકડ કરેલ આરોપીની સંખ્યા

| તાલુકાનું નામ | તા. ૨૧-૧-૨૦૧૩ થી તા. ૨૦-૧-૨૦૧૪ | | | | |
|---|---|---|---|---|---|
| | લૂંટ | ખૂન | ધાડ | બળાત્કાર | ચોરી |
| ગોધરા | ૧ | ૧૯ | ૨૫ | ૧ | ૫૬ |
| શહેરા | ૦ | ૧૨ | ૫ | ૩ | ૯ |
| મોરવા | ૦ | ૫ | ૪ | ૩ | ૦ |
| હાલોલ | ૬ | ૬ | ૦ | ૧ | ૬૩ |
| કાલોલ | ૩ | ૨૪ | ૦ | ૮ | ૨૩ |
| ઘોઘંબા | ૫ | ૯ | ૧૮ | ૧૨ | ૨ |
| જાંબુઘોડા | ૦ | ૧ | ૦ | ૭ | ૨ |

પત્રકઃ૩

ધરપકડ કરવાની બાકી આરોપીની સંખ્યા

| તાલુકાનું નામ | તા. ૨૧-૧-૨૦૧૩ થી તા. ૨૦-૧-૨૦૧૪ | | | | |
|---|---|---|---|---|---|
| | લૂંટ | ખૂન | ધાડ | બળાત્કાર | ચોરી |
| ગોધરા | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| શહેરા | ૨ | ૧ | ૬ | ૩ | ૦ |
| મોરવા | ૦ | ૦ | ૮ | ૧ | ૦ |
| હાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ |
| કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ |
| ઘોઘંબા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં જૂથ પાણીની પુરવઠા યોજના

* ૭૩૨૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી-કવાંટ-સંખેડા-બોડેલી અને પાવી જેતપુર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં કેટલી જુથ પાણી પુરવઠા યોજનાઓ વર્ષવાર મંજૂર કરી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઇ કઇ યોજનાના કામો કાર્યરત છે, અને

(૩) આ યોજનાઓ કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) ત્રણ જૂથ યોજના મંજૂર કરેલ છે.

(૨) અને (૩) આ કાર્યરત યોજનાઓ નીચેની વિગતે પૂર્ણ કરવાનું આયોજન છે.

| ક્રમ | જૂથ યોજના | તાલુકો | પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|---|
| ૧ | સંખેડા | સંખેડા | માર્ચ-૨૦૧૪ |

| | ભાગ–૨ | | સુધીમાં |
|---|---|---|---|
| ૨ | નસવાડી | નસવાડી | જૂન–૨૦૧૪ સુધીમાં |
| ૩ | હાફેશ્વર | કવાંટ પાવી–જેતપુર | જાન્યુ. ૨૦૧૫ સુધીમાં |

---------

**મહેસાણા જિલ્લામાં તળાવો મંજૂર કરવા બાબત**

* ૭૧૮૯ **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા તળાવો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મંજૂર કરેલ તળાવો.

| ક્રમ | તાલુકો | ૨૦૧૨ | ૨૦૧૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વિસનગર | ૧૫ | ૮ | ૨૩ |
| ૨ | ગોઝારીયા | ૫ | ૬ | ૧૧ |
| ૩ | મહેસાણા | ૧૬ | ૧૨ | ૨૮ |
| ૪ | જોટાણા | ૫ | ૪ | ૯ |
| ૫ | ઉંઝા | ૭ | ૧૪ | ૨૧ |
| ૬ | બેચરાજી | ૧૪ | ૧૨ | ૨૬ |
| ૭ | વડનગર | ૮ | ૯ | ૧૭ |
| ૮ | કડી | ૬ | ૧૩ | ૧૯ |
| ૯ | સતલાસણા | ૩ | ૩ | ૬ |
| ૧૦ | ખેરાલુ | ૧૩ | ૯ | ૨૨ |
| ૧૧ | વિજાપુર | ૨૦ | ૭ | ૨૭ |
| | **કુલ** | **૧૧૨** | **૯૭** | **૨૦૯** |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા તળાવોના કામ પૂર્ણ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તળાવોના પૂર્ણ થયેલ કામો.

| ક્રમ | તાલુકો | ૨૦૧૨ | ૨૦૧૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વિસનગર | ૧૫ | ૮ | ૨૩ |
| ૨ | ગોઝારીયા | ૫ | ૫ | ૧૦ |
| ૩ | મહેસાણા | ૧૬ | ૧૧ | ૨૭ |
| ૪ | જોટાણા | ૫ | ૨ | ૭ |
| ૫ | ઉંઝા | ૭ | ૧૪ | ૨૧ |
| ૬ | બેચરાજી | ૧૪ | ૧૦ | ૨૪ |
| ૭ | વડનગર | ૮ | ૯ | ૧૭ |
| ૮ | કડી | ૬ | ૧૩ | ૧૯ |
| ૯ | સતલાસણા | ૧ | ૪ | ૫ |
| ૧૦ | ખેરાલુ | ૧૩ | ૬ | ૧૯ |
| ૧૧ | વિજાપુર | ૧૬ | ૨ | ૧૮ |
| | **કુલ** | **૧૦૬** | **૮૪** | **૧૯૦** |

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩) તે પાછળ થયેલ ખર્ચ

| ક્રમ | તાલુકો | ૨૦૧૨ | ૨૦૧૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વિસનગર | ૧૦૧.૧ | ૫૫.૩૨ | ૧૫૬.૩૨ |
| ૨ | ગોઝારીયા | ૪૭.૧૩ | ૪૨.૭૯ | ૮૯.૯૨ |
| ૩ | મહેસાણા | ૭૬.૦૦ | ૭૭.૦૮ | ૧૫૩.૦૮ |
| ૪ | જોટાણા | ૧૭.૧૩ | ૧૬.૫૭ | ૩૩.૭ |
| ૫ | ઉંઝા | ૫૫.૧ | ૧૦૧.૬૮ | ૧૫૬.૭૮ |
| ૬ | બેચરાજી | ૫૩.૧૫ | ૭૫.૦૧ | ૧૨૮.૧૬ |
| ૭ | વડનગર | ૩૮.૧૩ | ૫૫.૯૮ | ૯૪.૧૧ |
| ૮ | કડી | ૧૬.૪૬ | ૧૦૮.૭૩ | ૧૨૫.૧૯ |
| ૯ | સતલાસણા | ૬.૬૩ | ૧૭.૩૬ | ૨૩.૯૯ |
| ૧૦ | ખેરાલુ | ૭૯.૬૯ | ૪૪.૦૧ | ૧૨૩.૭ |
| ૧૧ | વિજાપુર | ૯૪.૩૮ | ૭.૭ | ૧૦૨.૦૮ |
| | **કુલ** | **૫૮૪.૯** | **૬૦૨.૧૩** | **૧૧૮૭.૦૩** |

---------

**રાજ્ય સરકાર દ્વારા સોમનાથ તીર્થસ્થાનના વિકાસ માટે આયોજન**

* ૮૦૫૬ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (યાત્રાધામ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોમનાથ તીર્થસ્થાન વિકાસ અર્થે રાજ્ય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) સોમનાથ ખાતે દેવ મ્યુઝીયમ બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં મ્યુઝીયમ બિલ્ડીંગ સીવાય પાર્કીંગ પ્લાઝા, કાફેટેરિયા, રીસર્ચ સેન્ટર, ટોયલેટ બ્લોક વગેરે બનાવવાની કામગીરીનો સમાવેશ થાય છે. |

---------

**રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિની બેઠક બાબત**

* ૭૫૬૧ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્ય કક્ષાની મહીલા સુરક્ષા સમિતિની બેઠક છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે મળી, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ આ મહીલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ અને સભ્યો કોણ કોણ છે ? | (૧) અને (૨) કોઇ બેઠક મળેલ ન હતી. પરંતુ ગૃહ વિભાગના તા. ૯–૧૨–૨૦૧૩ના ઠરાવ થી પૂર્ણ કક્ષાની રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિની રચના થયા બાદ તા. ૦૭–૦૧–૨૦૧૪ ના રોજ આ સમિતિની બેઠક મળેલ. આ સમિતિના અધ્યક્ષ અને સભ્યોની વિગત આ સાથે સામેલ *પત્રક મુજબ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં સિંચાઇ સુવિધા

* ૭૯૧૭ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી, વિજાપુર અને બહુચરાજી તાલુકા અને અમદાવાદ જિલ્લાના દેત્રોજ, માંડલ અને વિરમગામ તાલુકાના કયા કયા ગામોને નહેર મારફતે સિંચાઇ સુવિધા પૂરી પાડવાનું સરકારનું આયોજન છે, અને

(૨) કેટલા સમયમાં સુવિધા પૂરી પાડવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ત્રણ તાલુકાના ૧૨૨ ગામોના ૬૦.૧૬૩ હેકટર વિસ્તાર અને અમદાવાદ જિલ્લાના ત્રણ તાલુકાના ૧૪૦ ગામોના ૧,૦૪,૬૦૪ હેકટર વિસ્તારને નહેર મારફતે સિંચાઇની સુવિધા આપવાનું આયોજન છે.
ઉપરોક્ત ગામોની યાદી *પત્રક–૧ થી સામેલ છે.

| જિલ્લો | તાલુકો | ગામની સંખ્યા | વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|---|
| મહેસાણા | કડી | ૮૬ | ૩૮,૯૬૧ |
| | વિજાપુર | ૦૦ | ૦૦ |
| | બહુચરાજી | ૩૬ | ૨૧,૨૦૨ |
| અમદાવાદ | દેત્રોજ | ૪૬ | ૨૩,૨૫૬ |
| | માંડલ | ૩૮ | ૩૮,૭૯૨ |
| | વિરમગામ | ૫૬ | ૪૩,૫૫૬ |

(૨) વહેલીતકે પૂરી પાડવાનું આયોજન છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૬ અન્વયે પ્રસ્તાવ રજૂ કરું છું કે–"આ સભાગૃહ વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરે છે."

અધ્યક્ષશ્રી: માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ રજૂ કરવા માંગે છે તે આ પ્રમાણે છે. "આ સભાગૃહ વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરે છે." માનનીય સભ્યશ્રીને તેમનો પ્રસ્તાવ રજૂ કરવાની અનુમતિ આપવાની તરફેણમાં જે સભ્યો હોય તે તેઓની જગ્યાએ ઊભા થાય,

એક મિનિટ, એક મિનિટ, તમામ સભ્યશ્રીઓ બેસો, (થોડીવાર બાદ) ૧૭ કરતાં વધુ સભ્યો ઊભાં થયાં છે, એટલે **માનનીય સભ્યશ્રીને તેમનો પ્રસ્તાવ રજૂ કરવાની અનુમતિ આપવામાં આવે છે.** નેકસ્ટ

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)
## તલાટીઓની પરીક્ષા માટે થયેલ અવ્યવસ્થા તથા ગેરરીતિ અંગે

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) :માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા તલાટીઓની ભરતી માટે પરીક્ષાઓ યોજાઇ હતી. જેમાં અંદાજે આઠ લાખ જેટલા બેરોજગારોએ પરીક્ષા માટે ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ આવા ઉમેદવારોને પરીક્ષા આપવાના કેન્દ્રો અંગેની માહિતી ખોટી મળી હતી. તેમજ સમયસર પણ મળી ન હતી. આથી આવા અસંખ્ય ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત રહી જવા પામ્યા છે. તદુપરાંત આ પરીક્ષામાં પાસ કરાવી આપવાના બહાને એજન્ટો દ્વારા ઉમેદવારો પાસેથી કરોડો રૂપિયા પણ ઉઘરાવવામાં આવ્યા હતા. આવા સંજોગોમાં સાચા અને જરૂરિયાતવાળા ઉમેદવારોને અન્યાય થઇ રહ્યો છે. આથી પરીક્ષા આપવાથી વંચિત રહેલા ઉમેદવારો પુનઃ પરીક્ષા આપી શકે તથા કરોડો રૂપિયા ઉઘરાવતા એજન્ટો સામે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રી) :** માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં યોજાયેલી તલાટીઓની ભરતીની પરીક્ષા સંદર્ભે ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રો અંગેની માહિતી ખોટી મળી હતી તેમજ સમયસર મળી ન હતી તેને લીધે અસંખ્ય ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત રહી જવા પામ્યા છે તેવી વિગતો આપવામાં આવી છે. આ પરીક્ષામાં પાસ કરાવી આપવાના બહાને એજન્ટો દ્વારા કરોડો રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા. આ સંજોગોમાં સાચા અને જરૂરિયાત વાળા ઉમેદવારોને અન્યાય થયો હોઈ પરીક્ષા આપવાથી વંચિત રહેલ ઉમેદવારો પુનઃ પરીક્ષા આપી શકે અને એજન્ટો સામે સરકાર દ્વારા લીધેલ પગલાની વિગતો માંગેલ છે. આ અંગે વિગતો નીચે મુજબ છે.

**(૧) ભરતી સમિતિની રચનાઃ**

મહેસૂલી તલાટી સંવર્ગને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ક્ષેત્રાધિકારમાંથી બહાર લાવી આ અંગેની ભરતી મહેસૂલ વિભાગની ભરતી સમિતિ દ્વારા ઓએમઆર પદ્ધતિથી કરવાની મંજૂરી સામાન્ય વહીવટ વિભાગે તા.૦૪/૧૨/૨૦૧૩ ના ઠરાવથી આપી હતી. તે અન્વયે મહેસૂલ વિભાગે તા.૧૧/૧૨/૨૦૧૩ ના ઠરાવથી નીચે મુજબની ભરતી સમિતિની રચના કરી હતી.

| | |
|---|---|
| ૧. મહેસૂલ તપાસણી કમિશનર અને સચિવ | અધ્યક્ષ |
| ૨. કલેકટરશ્રી, અમદાવાદ | સભ્ય |
| ૩. કલેકટરશ્રી, ગાંધીનગર | સભ્ય |
| ૪. સંયુકત સચિવ (સેવા) | સભ્ય સચિવ |

**(૨) ભરતી અંગેની જાહેરાતઃ**

મહેસૂલી તલાટી સંવર્ગની મોટા પ્રમાણમાં ખાલી જગ્યાઓ ધ્યાને લઈને ઝડપથી ભરતી કરી શકાય તે અર્થે તા.૧૩/૦૧/૨૦૧૪ ના રોજ ભરતી સમિતિની પ્રથમ બેઠક મળી હતી. જેમાં જાહેરાત અને અરજીપત્રનો મુસદ્દો, ફીનુ ધોરણ વિગેરે અંગે વિચારણા કરેલ અને સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા વિચારણા કરીને પરીક્ષા લેવાની કામગીરી ઓએમઆર પદ્ધતિથી પરીક્ષા લેવાનો બહોળો અનુભવ ધરાવતા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીને સોંપવા નિર્ણય કરવામાં આવ્યો હતો અને પરીક્ષા ફી લેવા માટેની વ્યવસ્થા પોસ્ટ ઓફિસ મારફતે કરવાનો નિર્ણય લીધેલ. આ અન્વયે તા.૧૬/૦૧/૨૦૧૪ થી તા.૩૦/૦૧/૨૦૧૪ સુધીમાં O J A S વેબસાઈટ પર ઓનલાઈન અરજીઓ માંગવામાં આવેલ. કુલ ૮,૪૯,૦૬૮ ઉમેદવારો પૈકી ૭,૫૩,૭૦૩ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા. અત્રે એ બાબત ધ્યાને દોરવાની કે આ પરીક્ષા પદ્ધતિમાં ઉમેદવારને કોલલેટર મોકલવાના હોતા નથી પરંતુ ઉમેદવારે જાતે પોતાના કોલલેટર ડાઉનલોડ કરવાના હોય છે. આટલી મોટી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષામાં બેઠા જે દર્શાવે છે કે કોલલેટર સંદર્ભે ઉમેદવારોને કોઈ તકલીફ પડી નથી. આટલા ટૂંકા ગાળામાં સાડા આઠ લાખ ઉમેદવારોની બેઠક વ્યવસ્થાનું આયોજન મહેસૂલ વિભાગના પરીક્ષા તંત્રએ કર્યુ એ નોંધનીય બાબત છે. સામાન્ય રીતે આ કામગીરી એક માસ ઉપરાંતનો

સમય લે તેવી છે. બેઠક વ્યવસ્થા સંદર્ભે પણ જ્યાં જ્યાં કોઈ સુધારા જરૂરી જણાયા તેવા સુધારાઓ તુરત જ કરવામાં આવ્યા છે અને ઉમેદવારોને કોઈ તકલીફ ન પડે તેનું ખાસ ધ્યાન રાખેલ છે.

## (૩) યુનિવર્સલ એન્જીન્યરીંગ કોલેજની બેઠક વ્યવસ્થામાં થયેલ ફેરફારઃ

યુનિવર્સલ એન્જીનીયરીંગ કોલેજ, સહજાનંદ કોમ્પલેક્ષ કેન્દ્ર ખાતે કુલ ૩૧ બ્લોકમાં ૯૩૦ ઉમેદવારો માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ આ કોલેજનુ સરનામુ બદલાયેલ હોવાથી OJAS વેબસાઈટ પર મુ.પો.મોટી ભોયણ, વડસર–કલોલ રોડ ના સરનામા સાથેના કોલલેટર જનરેટ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી અને જીટીયુ દ્વારા તા.૧૪/૦૨/૨૦૧૪ અને ત્યારબાદ ફરી ૨ વાર સંબંધિત ઉમેદવારોને એસએમએસ મારફત બદલાયેલ સરનામાની જાણ કરવામાં આવી હતી. આ ઉપરાંત OJAS વેબસાઈટ દ્વારા પણ તા.૧૫ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ જે ઉમેદવારોએ કોલ લેટર ડાઉનલોડ ન કરેલ હોય તેને કરી લેવા એસએમએસ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સલ એન્જીનીયરીંગ કોલેજ સંસ્થા દ્વારા પણ સહજાનંદ કોમપ્લેક્ષ કેન્દ્ર, ઈસનપુર ખાતે બદલાયેલ સરનામા અંગેનું બોર્ડ ૪ દિવસ અગાઉથી મુકી દેવામાં આવ્યુ હતું. આમ, આ સંસ્થાના બદલાયેલ સરનામાંની જાણ ઉમેદવારને થાય તે માટે પૂરતો પ્રયત્ન કરવામાં આવ્યો હતો આ ભરતી અંગેની જાહેરાતના ફકરા–૧૧ માં સ્પષ્ટ દર્શાવેલ છે કે ઉમેદવારે અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવેલ છે, તે નંબર ચાલુ જ રાખવો અને તે નંબર પર સમિતિ તરફથી પરીક્ષા લક્ષી સૂચનાઓ એસએમએસથી મોકલવામાં આવશે. મહેસૂલ વિભાગના પરીક્ષા એકમમાં ઉમેદવારો તરફથી પરીક્ષા કેન્દ્ર સંદર્ભે કોઈ પૂછપરછ કરવામાં આવતી ત્યારે પણ આ અંગે પૂરતી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

આ સિવાય રાજ્યના અન્ય કોઈ સ્થળે બેઠક વ્યવસ્થા સંદર્ભે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થયા નથી. આથી, મહેસૂલી તલાટી સંવર્ગની પુનઃપરીક્ષા લેવાનો પ્રશ્ન રહેતો નથી.

## (૪) પરીક્ષામાં ગેરરીતિ ન થાય તે અંગેની કાળજીઃ

મહેસૂલ વિભાગે આ પરીક્ષા ચુસ્ત રીતે લેવાય અને તેમા કોઈ ગેરરીતિ કે અવ્યવસ્થા ન થાય તે અર્થે તા.૦૩/૦૨/૨૦૧૪ અને તા.૧૫/૦૨/૨૦૧૪ ના રોજ અગ્ર સચિવશ્રી(મહેસૂલ) અને મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી દ્વારા વિડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી અને આ બેઠકોમાં પ્રશ્નપત્ર અને ઓએમઆર શીટની સલામતી માટે લેવાની કાળજી સંદર્ભે સૂચનાઓ આપવામાં આવી હતી. તમામ જીલ્લા મથકે સ્ટ્રોંગરૂમ બનાવી તેને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા અને આ સ્ટ્રોંગરૂમની જવાબદારી પ્રાંત અધિકારી અને સબડીવીઝનલ મેજીસ્ટ્રેટને સોપવા તથા સંપૂર્ણ પોલીસ પ્રોટેક્શન આપવા જણાવ્યુ હતુ અને સ્ટ્રોંગરૂમમાંથી પરીક્ષા કેન્દ્ર સુધી પ્રશ્નપત્ર લઈ જવામાં આવે ત્યારે જવાબદાર અધિકારી નિયુક્ત કરી પોલીસ પ્રોટેક્શનમાં જ આ પ્રશ્નપત્ર લઈ જવામાં આવે તેવુ આયોજન કરેલ. જીટીયુ દ્વારા પણ ટેમ્પરપ્રુફ સીલબંધ કવરમાં આ પ્રશ્નપત્રો પેક કરવામાં આવેલા. સમગ્ર રાજ્યમાંથી આ અંગે રીપોર્ટ મેળવેલ છે અને કોઈ જગ્યાએ પ્રશ્નપત્રના પેકેટ સાથે ચેડા કરવામાં આવેલ નથી. પ્રશ્નપત્ર લીક થયેલ હોય તેવી કોઈ ફરિયાદ, રજૂઆત કે મીડીયામાં અહેવાલ આવેલ નથી.

## (૫) પ્રશ્નપત્રની ગુપ્તતાની કાળજીઃ

પરીક્ષા સમિતિએ જુદા જુદા વિષયના વિદ્વાનો પાસેથી પ્રશ્નો તૈયાર કરી મેળવ્યા હતા અને તેની પ્રશ્ન બેન્ક બનાવીને તેમાથી સંપુર્ણ ગોપનીયતા જાળવીને પેપર તૈયાર કરવામાં આવ્યુ હતુ જે સીલબંધ કવરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના સીનીયર અધિકારીને આપવામાં આવેલ. જીટીયુએ પણ ઈન્ડીયન બેન્કીગ એસોસિએશન એમ્પેનલ થયેલ એજન્સીમાં પ્રીન્ટીગ અર્થે સીલબંધ કવરમાં મોકલી પ્રશ્નપત્ર છપાવ્યા

હતા. આ પ્રશ્નપત્રો A , B , C , D , E , F મુજબના કુલ ૬ તૈયાર કરવામાં આવેલ અને પરીક્ષા કેન્દ્રમાં ખાસ પ્રકારે ઉમેદવારોને બેસાડીને પરીક્ષા લેવામાં આવી હતી જેથી કરીને આજુબાજુના ઉમેદવાર દ્વારા પણ ચોરી કરી ન શકાય.

ગાંધીનગરમાં ટ્યુશન ક્લાસના સંચાલક દ્વારા ઉમેદવારોને ભરમાવી કરોડોની રકમ ભેગી કરેલ તે સંદર્ભે ગાંધીનગર એલસીબી દ્વારા પાડેલ દરોડા સંદર્ભે તા.૧૫/૦૨/૨૦૧૪ ની રાત્રે જ્યારે આ બાબતની જાણ મહેસૂલ વિભાગને કરવામાં આવી ત્યારે પણ જો આ સ્થળેથી પ્રશ્નપત્ર મળ્યું હોય તો પૂરતી ચકાસણી કર્યા બાદ સમગ્ર પરીક્ષા રદ કરવાની મહેસૂલ વિભાગની તૈયારી હતી. પરંતુ પોલીસ અધિકારીશ્રીએ સંપુર્ણ તપાસ કર્યા બાદ આવુ કોઈ પ્રશ્નપત્ર તે સ્થળેથી મળેલ નથી તેવી સ્પષ્ટ વિગતો આપી ત્યાર બાદ જ આ પરીક્ષા ચાલુ રાખવામાં આવેલ છે. આ બાબત દર્શાવે છે કે ઉમેદવારો પાસેથી પૈસા પડાવનાર તત્વો કે જે ગાંધીનગર ખાતે કાર્યરત છે તેને પણ પ્રશ્નપત્ર મળી શક્યુ નથી અને માત્ર ખોટા વચનો આપીને ઉમેદવારોને ભરમાવી નાણાં પડાવેલ છે.

**(૬) ગેરરીતિ અટકાવવાના ખાસ પ્રયત્નોઃ**

ઓએમઆર પદ્ધતિથી લેવાતી પરીક્ષામાં ઉમેદવાર ઓએમઆર શીટમાં જરૂરી જવાબના માર્કીંગ કરે પછી તેમા કોઈ તબક્કે ખોટી રીતે ફેરફાર કરીને ઉમેદવારોને ગેરલાભ કરાવવાની શક્યતા રહેલી છે. આવી શક્યતા નિવારવા માટે નેગેટીવ માર્કીંગની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી હતી. ખોટા જવાબ, છેકછાકવાળા કે એકથી વધુ આપેલા જવાબ માટે ૦.૨૫ ગુણ કાપી લેવાની જોગવાઈ ઉપરાંત જો કોઈ ઉમેદવાર ઓએમઆર શીટમાં પ્રશ્ન છોડી દે એટલે કે બ્લેન્ક રાખે તો તેના પણ ૦.૨૫ માર્ક કાપી લેવાની ખાસ જોગવાઈ આ પરીક્ષામાં રાખવામાં આવી છે. જેને લીધે આવી ગેરરીતિ અટકાવી શકાય.

જીલ્લા કક્ષાએ કલેક્ટરશ્રી, પ્રાંત અધિકારીશ્રી અને મામલતદારશ્રીઓએ સતત આકસ્મિક ચકાસણી કરીને પરીક્ષા ચુસ્ત બંદોબસ્ત વચ્ચે લીધેલ છે. પરીક્ષા સ્થળની નજીક ૧૪૪ ની કલમ લાગુ પાડેલ છે અને ઝેરોક્ષ પર પ્રતિબંધ મુકેલ છે. આ ઉપરાંત ફ્લાઈંગ સ્કવોડની રચના પણ કરેલ છે.

સામાન્ય વર્ગ પાસેથી એવી વિગતો મળતી હતી કે, કેટલાક લેભાગુ તત્વો દ્વારા ઉમેદવારોને લલચાવી પાસ કરી દેવાની વાતો કરી નાણાં પડાવવામાં આવી રહ્યા છે. આવા તત્વોથી ચેતવા અને જો કોઈ વ્યક્તિ નાણાકીય માંગણી કરે તો એન્ટી કરપ્શન બ્યુરોને જાણ કરવા તા.૨૦/૦૧/૨૦૧૪ અને તા.૧૩/૦૨/૨૦૧૪ ના રોજ આપેલ અને તમામ વર્તમાનપત્રોએ અને ટેલિવિઝન પર પણ ઉમેદવારોને ચેતતા રહેવાની મહેસૂલ વિભાગની અખબારી યાદીને વ્યાપક પ્રસિદ્ધિ આપી હતી.

**(૭) ઓએમઆર શીટના સ્કેનીગની ચુસ્ત વ્યવસ્થાઃ**

ઉમેદવારોએ ઓએમઆર શીટમાં જવાબ આપી તૈયાર કરેલ ઓએમઆર શીટમાં પછીના તબક્કે પણ કોઈ ગેરરીતિ ન થાય તે અર્થે મહેસૂલ વિભાગે કલેક્ટરશ્રી, ગાંધીનગરના નિયંત્રણ હેઠળ ખાસ કંટ્રોલ રૂમ ઉભો કરેલ છે અને સીસીટીવી કેમેરા, પોલીસ બંદોબસ્ત તથા ઉચ્ચ મહેસૂલી અધિકારીઓની અંગત દેખરેખ હેઠળ ઓએમઆર શીટના સ્કેનિગની કામગીરી ચાલી રહી છે. જેમાં કોઈ તબક્કે ગેરરીતિને અવકાશ નથી. ઓએમઆર શીટ પર ઉમેદવારની ઓળખ છૂપાય તે અર્થે ઉમેદવાર દ્વારા જ તેના નામ અને નંબર પર ખાખી હોલો બ્લોક સ્ટીકર લગાવી દેવામાં આવે છે અને પછી જ ઓએમઆર શીટ કલેક્ટ કરવામાં આવે છે જે ટેમ્પરપ્રુફ સીલબંધ કવરમાં ગાંધીનગરમાં કંટ્રોલરૂમ સુધી પહોચાડવામાં આવે છે. આથી, સ્કેનીગ સમયે પણ ક્યા ઉમેદવારની ઓએમઆર શીટ છે તે જાણી શકાતી નથી.

આમ, મહેસૂલ વિભાગે મહેસૂલી તલાટીની સમગ્ર ભરતી પ્રક્રિયા ખૂબ જ પારદર્શક રીતે કરેલ છે. જરૂરી વ્યવસ્થા પણ ખૂબ જ ટૂંકા સમયમાં ઉત્તમ કક્ષાની પુરી પાડેલ છે. આ બાબત માનનીય સભાગૃહના ધ્યાને મૂકવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : ૧૧૬માં ફક્ત બે જ સવાલ પૂછાય, તમારે જેને નક્કી કરવા હોય તેને નક્કી કરી લેજો. (અંતરાય) નહિ ૧૧૬ વાંચી જજો ફરીથી, એટલે પછી એમ ના થાય કે મારો વારો ના આવ્યો. બોલો. એક મિનિટ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી સવાલ જ પૂછું છું. માનનીય મુખ્યમંત્રી દેશમાં ફરીને કોંગ્રેસ સામે ભ્રષ્ટાચારની જયારે વાત કરતા હોય ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય). તમે બેસો. હું કહું છું. તમારો પ્રશ્ન શું છે તે વાંચ્યો છે ને તમે? આમાં મુખ્યમંત્રી દેશમાં ફરે એની વાત આવે છે? આ હાઉસની અંદર સવાલ માટે કોઇએ કોઇ પ્રસ્તાવના બાંધવાની જરૂર નથી, જવાબ આપતી વખતે પણ કોઇએ કોઇ પ્રસ્તાવના બાંધવાની જરૂર નથી. સવાલ સીધો પૂછો અને જવાબ પણ સીધો જ આપો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કેન્દ્ર સરકારની વાત ના કરી ? અમને પણ બોલવાનો અધિકાર છે અને માનનીય અધ્યક્ષશ્રી, હું ખોટી વાત કયાં કરું છું.

અધ્યક્ષશ્રી : તો એ વખતે તમારે કહેવું હતું ને? આ હાઉસ શાંતિથી ચાલે. આ તમારી ૧૧૬ની નોટિસ છે. તેની અંદર પ્રસ્તાવના બાંધ્યા વગર તમે જે આ આપ્યું, તેનું તેમણે લેખિત નિવેદન આપ્યું છે, નિવેદન વહેંચ્યા પ્રમાણે છે . આમાંથી તમારે સવાલ ઊભો થતો હોય તો તમે સીધો સવાલ પૂછો. સવાલ પૂછવા માટે કોઇ પ્રસ્તાવના બાંધવાની જરૂર નથી. અને તે જ રીતે જવાબ આપવામાં પણ કોઇ પ્રસ્તાવના બાંધવાની જરૂર નથી. આ રાજય સરકાર છે કેન્દ્ર સરકાર નથી એટલે રાજયને લગતી જ બધાય વાત કરજો. (અંતરાય). એક મિનિટ હું કહું છું ફરીથી (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જયારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના જે અધિકાર હોય એ અધિકારમાંથી આ તલાટીઓની જે ભરતીનું કૌભાંડ બહાર આવ્યું તો એને મહેસૂલ વિભાગમાં સમિતિ બનાવીને સોંપવાનું મુખ્ય કારણ શું? મારો આ સવાલ નંબર ૧ થયો. સવાલ નંબર–૨, કે આ જે પરીક્ષાઓ થઇ તેમાં કરોડો રૂપિયાનો જે ભ્રષ્ટાચાર બહાર આવ્યો, જે વ્યકિતનું નામ બહાર આવ્યું તે વ્યકિત કઇ રાજકીય પાર્ટી સાથે જોડાયેલી છે ? અને સવાલ નંબર–૩..

અધ્યક્ષશ્રી : બે જ સવાલ આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : આ અંગેની તપાસ...

અધ્યક્ષશ્રી : તો આ તમારામાં ત્રણેય આવી ગયા.

શ્રી શૈલેષ મ. પરમાર : સીબીઆઇ દ્વારા તપાસ કરવા માગે છે કે કેમ ? અને આમાં કોઇ મંત્રી કે તેના કોઇ સબંધીઓ આમાં જોડાયેલાં છે કે કેમ ?

અધ્યક્ષશ્રી : ત્રણ સવાલ આવી ગયા.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જુદા જુદા વિભાગોને ભરતી કરવા માટે જી.એ.ડી.ની સૂચના અનુસાર મંજૂરીઓ આપી એ જ રીતે મહેસૂલ વિભાગને પણ તલાટીઓની ભરતી કરવા માટેની મંજૂરી આપી. મહેસૂલ વિભાગે પોતે જે વ્યવસ્થાઓ ઊભી કરી તેમાં મહેસૂલ વિભાગે કોઇ પરીક્ષા લીધી નથી. જી.ટી.યુ.ને આપણે પરીક્ષા લેવા માટે તેમને ઓર્ડર આપવામાં આવ્યો. એટલે સમગ્ર પરીક્ષા લેવાની વ્યવસ્થા જી.ટી.યુ.એ કરેલી છે. અગાઉ પણ આવી પરીક્ષાઓ તેમણે લીધી છે અને કોઇપણ પ્રકારની ગેરરીતિઓ કયાંય પણ થઇ નથી. ઓજસ વેબસાઇટ પર ઓનલાઇન અરજીઓ માંગવામાં આવેલી અને તે રીતે ૮,૫૯,૦૦૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા. તેમાંથી ૭,૫૩,૭૦૩ ઉમેદવારોએ પરીક્ષા આપી. આ

પદ્ધતિ એવી છે કે જેમાં ઉમેદવારે પોતે જ કોલ લેટર એમાંથી ડાઉનલોડ કરી લેવાના હોય છે. જી.ટી.યુ.એ આવા કોઇ કોલલેટર મોકલવાના હોતા નથી અને એ રીતે ઉમેદવારોએ પોતે આ કામ કરી લીધુ છે.

બીજુ, જે ભાઇએ વાત કરી કે ચંપાવત કરીને આમાં પકડાયા છે એ કોઇ ભારતીય જનતા પાર્ટીના સામાન્ય સદસ્ય પણ નથી .(અંતરાય).

અધ્યક્ષશ્રી : ભાઇ, જવાબ આપે તે સાંભળોને, તમારી પાસે પહોંચ હોય તો બતાવજો. શાંતિ રાખો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : અને તેમની જે ધરપકડો કરવામાં આવી છે અને તેમની પાસેથી ૨૪ જેટલાં ફોર્મ મળી આવ્યાં અને તેમની તિજોરીમાંથી ૧ કરોડ ૩૦ લાખ ૬૩ હજાર ૨૯૦ રૂપિયા પકડવામાં આવ્યા છે. આ રાજય સરકારે જ પકડાવ્યા છે, મહેસૂલ વિભાગે જ તેમની ધરપકડ કરવાનો ઓર્ડર આપ્યો હતો અને તે રીતે કરવામાં આવ્યું છે. અને એમને રિમાન્ડ આપવામાં આવ્યા છે અને આજે પણ એક દિવસના રિમાન્ડ વધારવામાં આવ્યા છે અને બીજા જે રીતેશ નાયક પકડાયા છે તેમને પણ આજ સાંજ સુધીમાં સસ્પેન્ડ કરી દેવામાં આવશે. એટલે આટલાં પગલાં લેવામાં આવ્યાં છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, મારી વિનંતી એ છે કે ભૂતકાળમાં પણ ૧૧૬ ની નોટિસમાં....

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, આમાં એટલા માટે મારે કહેવું છે કે પછી અરધો અરધો કલાક આની ચર્ચા ચાલશે. તમે એક પ્રશ્ન પૂછી લો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે જવાબ આપ્યો કે સરકાર સંપૂર્ણ પારદર્શકતાથી જઇ રહી છે. આ વ્યકિત એ કોઇ પાર્ટીના સભ્ય નથી. તો મારે માત્ર સરકારને કહેવું છે કે જયારે લોકોમાં આની આટલી બધી ચર્ચા થઇ રહી છે અને જાહેરમાં ચર્ચા થઇ રહી છે ત્યારે માનનીય શૈલેષભાઇએ જે સવાલ કર્યો છે એને હું દોહરાવું છું કે જો સરકાર શુદ્ધ અને તટસ્થ રીતે ચાલતી હોય તો સી.બી.આઇ.ને આની તપાસ સોંપવા માગે છે કેમ? (અંતરાય)

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધયક્ષશ્રી, આ આખીય પરીક્ષા એ કોઇ સામાન્ય પરીક્ષા નથી. આ જે પરીક્ષા પદ્ધતિ ઊભી કરવામાં આવી છે એની જાણકારી આપની પાસે હોવી જોઇએ જેથી આપને લાગશે કે આમાં સી.બી.આઇ.ની તપાસનો પ્રશ્ન જ આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૩ હજાર પ્રશ્નો કાઢવામાં આવ્યા અને એ ૩ હજાર પ્રશ્નોમાંથી એક જ વ્યકિતને સોંપ્યું કે જેમણે એમાંથી માત્ર ૧૦૦ જ પ્રશ્નો સિલેકટ કરીને એ ૧૦૦ પ્રશ્નોની યાદી સીધી જ પેક કવરમાં જી.ટી.યુ.ને મોકલી આપવામાં આવી. એટલે આમાં મહેસૂલ વિભાગનો એકપણ વ્યકિત એમાં સંકળાયેલો નથી. એમાંથી એક પેપર ત્યાં ગયું અને ત્યાં ગયા પછી જે બેંકો માટેની ભરતીની પરીક્ષા લેવા માટેની કંપની છે એ રીતે જી.ટી.યુ.ને આ પરીક્ષાનો વિષય સોંપી દીધો છે. એમણે ૬ પ્રકારના પેપરો તૈયાર કર્યા એ,બી,સી.,ડી.ઇ અને એફ એવા ૬ પ્રકારના પ્રશ્નપેપરો તૈયાર કર્યા અને એક આખું મેનેજમેન્ટ કરીને આપ્યું કે એક વર્ગમાં માત્ર ૩૦ જ ઉમેદવાર પરીક્ષા આપશે અને આ ૩૦ ઉમેદવારોની વચ્ચે આ ૬ પ્રકારના પેપરો આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : તમે સી.બી.આઇ.ને આની તપાસ સોંપવા માગો છો કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : અમારી તપાસ પારદર્શક અને તટસ્થ રીતે ચાલી રહી છે એટલે આની તપાસ સી.બી.આઇ.ને સોંપવાની કોઇ જ આવશ્યકતા નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ, એક મિનિટ (અંતરાય) અરે ભાઇ, ખાતો નથી અને ખાવા દેતો નથી. તો તો પછી આ સી.બી.આઇ.ની ડેફિનેશન એટલે કે સી.બી.આઇ. એટલે કોણ એ ખબર પડશે. એટલા માટે હવે તમે શાંતિ રાખો. માનનીય પૂંજાભાઇ, તમારો જે સવાલ હોય તે પૂછો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ, તમે સીધો જ સવાલ પૂછો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : (xxxxxx) (અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ, આ જે મંત્રીશ્રીએ આપેલ નિવેદન છે અને તેમણે આપેલ જવાબ છે એ બેમાંથી જે પ્રશ્ન ઉભો થતો હોય એ પ્રશ્ન પૂછો.મૂળ નિવેદન છે, ૧૧૬ ની નોટિસ છે એના વિશે પ્રશ્ન પૂછો. આમાં ગૌણ સેવા પસંદગી મંડળની પદ્ધતિનો સવાલ ન આવે. માનનીય શૈલેષભાઇએ પૂછેલા પ્રશ્ન અને તેના જવાબ ઉપરથી પેટા પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તે જ પ્રશ્ન પૂછી શકાય છે. માનનીય પૂંજાભાઇ અત્યાર સુધી તમે જે બોલ્યા છો તે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે (xxxxxx)

અધ્યક્ષશ્રી : તમામ સભ્યશ્રીઓને હું ફરીથી કહું છું કે રેકર્ડ ઉપર હોય તે જ સવાલ પૂછે અને તેનો જ જવાબ આપી શકાય. આ તમે જે બોલ્યા છો તે હું રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું. અને જે શૈલેષભાઇએ પ્રશ્ન કર્યો છે તેના ઉપર જ (અંતરાય) તમે બેસો, માનનીય નીતિનભાઇ, માનનીય ગણપતભાઇ, તમે બેસો. (અંતરાય) માનનીય પુંજાભાઇ, હું ફરીથી કહું છું કે તમે જે બોલ્યા છો તે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. તમારે ફકત એક જ સવાલ પૂછવાનો છે, તમારા તરફથી ફકત બે જ સવાલ પૂછવાના હતા, છતાં મેં ત્રીજા પ્રશ્નની તક આપી, જો આવું થશે તો ભવિષ્યમાં હું ત્રીજા સવાલની તક નહીં આપું, ટૂંકો સવાલ પૂછો તમે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેના સંદર્ભમાં જ સવાલ પૂછું છું, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ ચંપાવત ભાજપના સભ્ય નથી પણ હકીકતમાં આ ચંપાવત ભાજપના સભ્ય છે. તેના ટેકેદાર છે અને તેમના દ્વારા આ •(xxxxxx) કર્યું છે.

અધ્યક્ષશ્રી : તમે બેસો, માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આરોપી છે તે ભારતીય જનતા પાર્ટીના કોઇ સામાન્ય સભ્ય પણ નથી કે સક્રીય સભ્ય પણ નથી. કોંગ્રેસ આનો ખોટો પ્રચાર કરે છે.

(આ તબકકે માનનીય સભ્ય શ્રી શૈલેષભાઇ પરમારે પોતાના હાથમાં કોઇક કાગળ ઊંચો કરીને પ્રદર્શન કર્યું.)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, તમારે બહાર જાવું છે? પ્રદર્શન કરવાની કોઇ જરૂર નથી. જો પ્રદર્શન કરવું હોય તો મારે તમને બહાર કાઢવાની ફરજ પડશે. બેસી જાઓ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ ભાજપના સભ્ય છે કે નહીં તે મહત્વનું નથી. ગરીબ અને બેકાર લોકોના કરોડો રૂપિયા ''મારે પાર્ટી ફંડ આપવાનું છે'' તેમ કહીને ઉઘરાવ્યા છે તે હકીકત છે કે નહીં? ભ્રષ્ટાચારની અને આદર્શની વાતો કરવાવાળા એ તો કહે કે આ ભ્રષ્ટાચાર થયો છે કે નહીં?

**અધ્યક્ષશ્રી :** તમારો હક્ક ન જાય એટલે ૧૧૬ની નોટિસ હોય છે, એમાં નિવેદન પણ આપવામાં આવે છે. આપણે એના નિયમો લખ્યા છે. એની અંદર એક અથવા તો બે જ સવાલ પૂછવા દેવાના હોય છે, તેમ છતાં માનનીય બલવંતસિંહજીએ કહ્યું, એટલે ત્રીજો સવાલ પૂછવા દીધો છે. આ હાઉસમાં જે કંઇ ચર્ચા થાય છે. એ તમામ પ્રજાના હિતમાં જ થતી હોય છે. એમાં અહિતની વાત જ આવતી નથી. આપણે ત્યાં નિયમોની મર્યાદા છે. એમાં રહીને જ આ હાઉસમાં કાર્યવાહી થશે.

**(આ તબક્કે કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ગુજરાત પ્રવાસ વિકાસ કંપની લિમિટેડનો અહેવાલ**

શ્રી સૌરભભાઇ પટેલ ( પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસ વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ**

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ**

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી રમણલાલ વોરા (રમત ગમતમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ અને સન ૨૦૧૦-૨૦૧૧નો ઓડિટ અહેવાલ તથા આ ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો અહેવાલ**

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગમંત્રીશ્રી) : માનનય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત રાજય નાણાકીય નિગમનો અહેવાલ**

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**આણંદ કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ**

શ્રી બાબુભાઇ બોખીરીયા **(** કૃષિ અને સહકારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદનો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**નાણા વિભાગની અધિસૂચના**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની

(૧)તા.૪–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક– (જીએચએન–૨૧) વીએટી/૨૦૧૩/ એસસીએચ–૨ (૪૫)(૨૧)–ઠ

(૨)તા.૪–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક– (જીએચએન–૨૨) વીએટી/૨૦૧૩/ એસસીએચ–૨ (૨૮ક) (૨૨)–ઠ

(૩) તા. ૮–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૨૩) વીએઆર–૨૦૧૩(૩૩)–ઠ

(૪)તા. ૧૧–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૨૪) વીએટી–૨૦૧૩/ એસ.૪૦(૧)(૮)–ઠ

(૫)તા. ૨–૧૧–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૨૭) વીએટી–૨૦૧૩/ એસ.૫(૨)(૪૦)–ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શિક્ષણ વિભાગનું જાહેરનામુ**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગના સન ૨૦૦૭ના ગુજરાત પ્રોફેશનલ ટેકનીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઇન્સ્ટીટયુશન્સ એકટ અન્વયેના તા. ૧–૨–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/ ૦૩/૨૦૧૪/પીવીએસ/ ૧૦૨૦૧૩/૬૩૧/એસ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામુ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા. ૨૨–૦૮–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–જીએચટી/૨૦૧૩/૧૨) એમએનઆર/૧૦૨૦૧૩/ ૧૫૯૬/ એ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સુરત સર્કલમાં ગેરકાયદેસર વૃક્ષ છેદન અંગેનો તપાસ અહેવાલ**

શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સુરત સર્કલમાં ગેરકાયદેસર વૃક્ષછેદન અંગેના ઇન્વેસ્ટીગેશન કેસ નં.૧/૧૯૯૭ અંગે લોકાયુકત, ગુજરાત રાજયનો તપાસ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**તપાસ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અનુમતિ મળેલ વિધેયક વિધાનસભાના મેજ ઉપર મૂકવું**

**સચિવશ્રીઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું અગીયારમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને મહામહિમ રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક–૨૦ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**સભ્યશ્રીના રાજીનામા અંગે જાહેરાત(નિયમ–૨૬૯)**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડ ૯૬–લાઠી એ તા. ૨૭–૧–૨૦૧૪, શ્રી કેશુભાઇ પટેલ ૮૭–વિસાવદર એ તા. ૧૩–૨–૨૦૧૪, શ્રી જશાભાઇ બારડ ૯૦– સોમનાથ એ તા. ૧૯–૨–૨૦૧૪ અને શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા ૨૭– હિંમતનગર એ તા. ૨૦–૨–૨૦૧૪ના રોજ સભ્યપદેથી રાજીનામા મને આપેલ છે, જેનો મેં સ્વીકાર કરેલ છે.

નાણાકીય તથા બિન નાણાકીય સમિતિઓની મુદત વધારવા તેમજ ખાલી પડેલ બેઠકો પર સભ્યોની ચૂંટણી અંગેના કાર્યક્રમની જાહેરાત

અધ્યક્ષશ્રી : ગૃહના બન્ને પક્ષના દંડકોએ મને આપેલ સંમતિ મુજબ આ સભાગૃહની સન ૨૦૧૩–૧૪ના વર્ષ માટેની ચૂંટાયેલી/નિમાયેલી બધી જ સમિતિઓની મુદત આગામી સત્ર સુધી લંબાવવામાં આવે છે. વધુમાં, હાલની નાણાકીય સમિતિઓ પૈકી જાહેર હિસાબ સમિતિમાં ચાર, જાહેર સાહસો માટેની

સમિતિમાં બે અને પંચાયતી રાજ સમિતિમાં એક, એમ કુલ મળીને સાત જગ્યાઓ ખાલી પડેલ છે. ઉક્ત ખાલી જગ્યાઓ પર ચૂંટણી માટે હું નીચે મુજબ કાર્યક્રમ ઠરાવું છું.

| | | |
|---|---|---|
| ૧ | નામ નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય... | શનિવાર, તા. ૧/૩/૨૦૧૪ સાંજના ૬–૦૦ વાગ્યા સુધી |
| ૨ | નામ નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ... | સોમવાર,તા. ૩/૦૩/૨૦૧૪ સાંજના ૫.૩૦ વાગ્યે ઉ.સ.શ્રી એમ.એમ. પરીખની ચેમ્બરમાં |
| ૩ | નામ નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ અને સમય... | બુધવાર,તા.૦૫/૦૩/૨૦૧૪ સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૪ | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ... | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમ્યાન વિધાનસભાના મકાનમાં પહેલાં માળે આવેલી સમિતિ શાખા–૧માંથી મળી શકશે.

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

શ્રીમતી વિભાવરીબેન  વિ. દવે (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રીમતી વિભાવરીબેન  વિ. દવે( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,  હું સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેના ખર્ચનું પુરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

**ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

## અંદાજપત્રની રજૂઆત

સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : **માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતના વિકાસલક્ષી વ્યૂહના અમલીકરણનો ગત એક દાયકાનો અનુભવ એવું કહે છે કે, પ્રજા અને પ્રશાસનની વચ્ચે વિશ્વાસ અને વિકાસનો એક મજબૂત સેતુ રચાયો છે. **પ્રજાએ અમારામાં**

**વિશ્વાસ મૂક્યો અને ઉત્તરોત્તર તેમનો વિશ્વાસ મજબૂત થતો ગયો,** અમને વધુ બળ આપતો ગયો. તેના જવાબમાં પ્રશાસને ગુજરાતની પ્રજાને વિકાસનો નવો માર્ગ ચીંધ્યો અને ઉત્તરોત્તર ગુજરાતને વિકાસપથ પર અગ્રેસર બનાવ્યું. કોઇ એકાદ ક્ષેત્ર કે એકાદ વર્ગ પૂરતો નહિ, પરંતુ જેમાં તમામ ક્ષેત્રોનો સર્વાંગી વિકાસ થાય અને સમાજનો પ્રત્યેક વર્ગ વિકાસના સુફળ મેળવે તેવું **સર્વસમાવેશક આયોજન** ગુજરાતે સાકાર કરી બતાવ્યું. ગત એક દાયકાના અથાગ અને અવિરત પુરુષાર્થના પરિણામે વિવિધ હકીકતો અને તથ્યોથી આ વાતને પુષ્ટિ મળી છે.

ભારતની આગવી સંઘીય પ્રકારની અર્થવ્યવસ્થાના એક ભાગ રૂપે કેન્દ્ર અને રાજ્યોની આર્થિક નીતિઓ પરસ્પર પૂરક બની રહે છે. કેન્દ્ર સરકારે જ્યારે લેખાનુદાન રજૂ કરવાનો નિર્ણય કરેલ છે, ત્યારે ગુજરાતની આર્થિક બાબતોની આગામી રણનીતિ પણ કેન્દ્રમાં બનનારી નવી સરકારના અભિગમ અને દિશાને ધ્યાને રાખી નિયત કરવામાં આવે તે વધુ વ્યવહારૂ જણાય છે. આ પ્રકારે સાતત્યપૂર્ણ આયોજનના હેતુને સિદ્ધ કરવા માટે અમે **૩૧મી જુલાઈ, ૨૦૧૪** સુધીના વચગાળાના સમય માટે લેખાનુદાન (Vote on Account) લેવા માટે નિર્ણય કર્યો છે. સભાગૃહના હવે પછીના સત્રમાં ફેરફાર કરેલું વિગતવાર અંદાજપત્ર (Modified Budget) રજૂ કરવામાં આવશે ત્યારે **૨૦૧૪-૧૫**ના આયોજન અને આયોજન બહારની તમામ નવી બાબતોનો પણ સમાવેશ કરવામાં આવશે.

વિધાનસભા ગૃહ દર વર્ષે વાર્ષિક અંદાજપત્ર પસાર કરે છે. રાજય સરકારનો વિકાસનો વ્યૂહ અને લાંબાગાળાની નીતિ દરેક વર્ષના અંદાજપત્રમાં પ્રતિબિંબિત થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે **સેન્ટર ફોર બજેટ એન્ડ ગવર્નન્સ એકાઉન્ટેબીલીટી** દ્વારા રાજ્યોના અંદાજપત્રમાં જોવા મળતી પારદર્શિતા અંગે **સન ૨૦૧૦**માં એક અભ્યાસ હાથ ધરવામાં આવેલ, જેમાં અંદાજપત્રની સમયબદ્ધતા, સંપૂર્ણતા, સરળતા જેવી બાબતો ધ્યાને લેવામાં આવી છે. આ અભ્યાસના અંતે **ગુજરાતના અંદાજપત્રોને પારદર્શિતા બાબતે દેશમાં સૌથી ઊંચો સ્કોર** આપવામાં આવેલ છે.

દરેક વર્ષે રજૂ થતું અંદાજપત્ર રાજયના વિકાસની સફળ યાત્રાનું એક સોપાન દર્શાવે છે. આમ, વાર્ષિક અંદાજપત્ર રાજયની સતત ચાલતી વિકાસ પ્રક્રિયામાં મહત્વનો ફાળો પ્રદાન કરતું હોય છે. છેલ્લા દાયકા દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ અમારી સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્રો અને તેના થકી રાજયમાં હાંસલ કરવામાં આવેલ વિકાસ અને સિદ્ધિઓ ઉપર એક દ્રષ્ટિપાત કરીએ તો આ બાબત સ્પષ્ટપણે ફલિત થાય છે.

- ગુજરાતનું કુલ ઘરેલુ ઉત્પાદન જે વર્ષ **૨૦૦૦-૨૦૦૧**ના વર્ષમાં **` ૧,૧૧,૧૩૯ કરોડ** જેટલું હતું. તે વર્ષ **૨૦૧૨-૧૩**માં વધીને **` ૬,૭૦,૦૧૬ કરોડ** સુધી પહોંચ્યું છે.
- સન **૨00૩-૦૪** થી **૨૦૧૨-૧૩**ના વર્ષોમાં ગુજરાતનું કુલ ઘરેલુ ઉત્પાદન (GSDP) **૨૦૦૪-૦૫**ના ભાવો મુજબ **૧૦.૧૭ ટકા**ના વાર્ષિક સરેરાશ દરે વધ્યું છે, જે દેશના મોટા રાજયોની સરખામણીએ સૌથી ઊંચો વૃદ્ધિ દર છે. આ જ સમયગાળા દરમ્યાન સમગ્ર દેશનો વાર્ષિક સરેરાશ વૃદ્ધિ દર **૭.૮ ટકા** હતો.
- **વર્ષ ૨૦૧૨-૧૩** દરમિયાન દેશની માથાદીઠ આવક જ્યારે **` ૬૭,૮૩૯** હતી, ત્યારે ગુજરાતની માથાદીઠ આવક તેનાથી ઘણી વધારે એટલે કે **` ૯૬,૯૭૬** અંદાજવામાં આવેલ છે, જે સમગ્ર દેશ કરતાં **૪૩** ટકા વધારે છે. **૨૦૧૧-૧૨**ની સરખામણીમાં **૨૦૧૨-૧૩** સુધીમાં જ્યારે દેશની

માથાદીઠ આવક **૯.૭ ટકા**ના દરે વધી છે, ત્યારે ગુજરાતની માથાદીઠ આવક **૧૧.૨ ટકા**ના દરે વધી છે.

- ગુજરાતના આર્થિક વિકાસ થકી ભારતનો આર્થિક વિકાસ– એ આપણું ધ્યેય છે. દેશના વિકાસમાં ગુજરાતનું યોગદાન ઉલ્લેખનીય છે તે વાતથી આપણે સૌ સુવિદિત છીએ. આપણા માટે ગૌરવની વાત એ છે કે રાજ્યના આવા યોગદાનમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે.

છેલ્લા દાયકામાં ગુજરાતનું અર્થતંત્ર દેશના અર્થતંત્ર કરતાં વધુ ઝડપથી વિકાસ પામેલ છે. ગુજરાતમાં દેશની વસ્તીના **પાંચ ટકા** લોકો રહે છે. દેશના કુલ ભૌગોલિક વિસ્તારનો **છ ટકા** ભાગ ગુજરાત ધરાવે છે. દેશના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં (જીડીપી) ગુજરાતનો ફાળો જે અગાઉ **વર્ષ ૨૦૦૦–૦૧** માં **૫.૮ ટકા** હતો, તે વધીને **વર્ષ ૨૦૧૧–૧૨** માં **૭.૩૨ ટકા** થયેલ છે. આમ, ગુજરાત સાચા અર્થમાં ભારતના આર્થિક વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે.

**કૃષિ**

ગુજરાતે પ્રસ્થાપિત કરેલી **વિકાસની વ્યૂહરચના**ની સૌથી મહત્વની બાબત છે, સંતુલિત વિકાસ–તમામ ક્ષેત્રોનો વિકાસ. ગુજરાત ઔદ્યોગિક વિકાસના સંદર્ભે જાણીતું છે જ, પણ સાથે રાજયે કૃષિ ક્ષેત્રે એક દાયકામાં આમૂલ પરિવર્તનો કર્યા છે. ગુજરાત રાજય વર્ષોથી અછત – અર્ધઅછતની પરિસ્થિતિ વચ્ચે પસાર થતું રહેલ છે. કેન્દ્ર સરકારના જળ સંસાધન મંત્રાલય હસ્તકના સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ દ્વારા પ્રકાશિત આંકડાઓ મુજબ દેશની વાર્ષિક માથાદીઠ ભૂગર્ભ જળની ઉપલબ્ધી **૩૨૭** કયુબીક મીટર છે. તેની સામે ગુજરાતની વાર્ષિક માથાદીઠ ભૂગર્ભ જળની ઉપલબ્ધી **૨૮૭** કયુબીક મીટર જેટલી જ છે. આ સંજોગોમાં જળવ્યવસ્થાપન રાજયના વિકાસ માટે એક ખૂબ જરૂરી અને અગત્યનું પરિબળ બની રહેલ છે. આવા કુદરતી પડકારની સ્થિતિમાંથી રાજયને કાયમી ધોરણે બહાર લાવવા અમારી સરકારે જે ઇચ્છાશકિત અને કાર્યદક્ષતા બતાવેલ છે, તેના ભાગરૂપે જળવ્યવસ્થાપનને કેન્દ્રમાં રાખીને કૃષિ વિકાસમાં એક નવતર અભિગમ અપનાવવામાં આવેલ છે.

છેલ્લા દાયકા દરમ્યાન ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની ઉંચાઇ **૯૫ મીટર**થી વધારીને **૧૨૧.૯૨ મીટર** સુધી લઇ જવા ઉપરાંત નહેરોના કામોને વેગવાન બનાવ્યા છે. નર્મદા મુખ્ય કેનાલનું **૪૫૮ કિલોમીટર**નું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. વધુમાં **૩૮** પૈકી **૩૭** બ્રાન્ચ કેનાલના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. **૨૫૮૫ કિલોમીટર**ની બ્રાન્ચ કેનાલના કામો પૈકી **૨૨૬૩ કિલોમીટર**ના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે **માર્ચ, ૨૦૦૧** સુધીમાં સરદાર સરોવર (નર્મદા) યોજના પેટે **` ૮૬૯૨.૧૫ કરોડ**નો ખર્ચ થયેલ હતો. ગુજરાતની જીવાદોરી સમાન આ યોજનાના મહત્તમ લાભો વેળાસર પ્રજાજનોને અને રાજ્યને મળતાં થાય તે માટે દ્રઢ નિર્ધાર સાથે પૂરતા નાણાકીય સંસાધનો મળી રહે તેની પણ અમે ચિંતા સેવી છે. **સન ૨૦૦૧ થી ૨૦૧૩ના અંત સુધીમાં આ મહત્વાકાંક્ષી યોજના માટે કુલ ` ૨૦૧૭૮.૭૧ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.**

- જળ સંસાધનોના અસરકારક ઉપયોગ માટે આપણે દસ વર્ષમાં હજારોની સંખ્યામાં ચેકડેમો, ખેત તલાવડીઓ, ટેરેસ તલાવડીઓ, વગેરે દ્વારા જળ સંચયનું મોટું અભિયાન સફળ બનાવેલ છે. આ બધા પ્રયત્નોથી છેલ્લા દસ વર્ષમાં આપણે વધારાના કુલ **૧૫ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇ હેઠળ લાવી શક્યા છીએ** તેમજ **પાણીની સંગ્રહ ક્ષમતામાં ૩૭,૯૭૮ લાખ ઘનમીટરનો વધારો** કરી શક્યા છીએ.
- રાજયનો એકદંર સિંચાઇ વિસ્તાર વર્ષ **૨૦૦૦–૨૦૦૧** દરમ્યાન **૩૩.૪ લાખ** હેકટર હતો, જે વધીને વર્ષ **૨૦૦૭–૦૮** દરમ્યાન **૫૬.૧ લાખ** હેકટર થયેલ છે, જે **૬૮** ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. જયારે આ જ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય કક્ષાએ એકંદર સિંચાઇ વિસ્તારમાં માત્ર **૧૫.૫** ટકાનો વધારો થયેલ છે.
- સમગ્ર દેશમાં વર્ષ **૨૦૦૧–૦૨** થી **૨૦૧૧–૧૨** માં કૃષિ ક્ષેત્રે સરેરાશ વૃદ્ધિ દર **૩.૩** ટકા રહેલ છે, જયારે ગુજરાતમાં આ જ સમયગાળા દરમ્યાન કૃષિ ક્ષેત્રે **૧૧.૧૧** ટકા નો અભુતપૂર્વ વૃદ્ધિ દર જોવા મળેલ છે. પરિણામે **૨૦૦૦–૦૧** માં દેશના કૃષિ વિકાસમાં ગુજરાતનું યોગદાન **૩.૬** ટકા હતું, જ્યારે **૨૦૧૧–૧૨**માં ગુજરાતના ખેડૂતોએ રાષ્ટ્રના કૃષિ અર્થતંત્રમાં **૮.૮** ટકાનું યોગદાન આપેલ છે.
- સિંચાઇના વિસ્તરણની સાથોસાથ વૈજ્ઞાનિક ઢબે ખેતી થાય અને ખેતી વધુ ફળદાયી અને લાભદાયી બને તે માટે ઉચ્ચ ગુણવત્તાયુકત બિયારણની પૂરતી માત્રામાં ઉપલબ્ધી, ટપક સિંચાઇ અને ગ્રીન હાઉસ, નેટ હાઉસ, પોલીહાઉસ માટે સહાય જેવી અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.
- ગુજરાતના કૃષિ ક્ષેત્રના અભૂતપૂર્વ વિકાસમાં સિંચાઇના વિસ્તરણ ઉપરાંત ખેડૂતોને પૂરતા પ્રમાણમાં મળતા વીજળીના પુરવઠાનું પણ યોગદાન રહેલ છે. **૧૯૬૦–૬૧** થી **૨૦૦૦–૨૦૦૧** સુધીના કુલ **૪૦** વર્ષોના લાંબા ગાળા દરમિયાન વાર્ષિક સરેરાશ અંદાજે **૧૭ હજાર** કૃષિ વિષયક વીજજોડાણો આપવામાં આવતા હતા, જેની સામે **૨૦૦૧–૦૨** થી **૨૦૧૩–૧૪**ના વર્ષો દરમિયાન અમારી સરકારે વાર્ષિક સરેરાશ લગભગ **૩૮ હજાર** કૃષિ વિષયક વીજજોડાણો આપેલ છે. તેમાં પણ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન અંદાજે વાર્ષિક સરેરાશ **૮૦ હજાર** કૃષિ વિષયક વીજજોડાણો આપવામાં આવેલ છે. આમ, ફક્ત છેલ્લા ત્રણ વર્ષમાં જ આશરે **`૩,૬૨૪ કરોડ**ના ખર્ચે કુલ **૨ લાખ ૩૯ હજાર ૧૯૧** કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવેલ છે. ખેડૂતોના સશક્તિકરણ માટે આ એક મહત્વની સિદ્ધિ લેખાય.
- તાજેતરમાં સંપન્ન થયેલ **વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટ, ૨૦૧૩** અન્વયે દેશમાં પ્રથમવાર કોઇ એક સ્થળે કોઇ એક પ્લેટફોર્મ પર સમગ્ર દેશના પ્રગતિશીલ ખેડૂતો એકત્ર થયા. આ સમિટમાં પ્રગતિશીલ ખેડૂતોના અનુભવોની પરસ્પર આપ–લે થઈ.

આધુનિકતા સાથે પરંપરાગત તેમજ વૈજ્ઞાનિક અભિગમ સાથે સૂઝબૂઝના સમન્વય દ્વારા દેશના કૃષિ ઉત્પાદનમાં આમૂલ પરિવર્તન થઈ શકે છે, તેવું ગુજરાતે કરી બતાવ્યું છે**. દેશના ૫૪૩ જિલ્લાઓમાંથી ૪૫૦૦ કિસાન પ્રતિનિધિઓ અને ૧૨ દેશોમાંથી આવેલા વિદેશી ડેલીગેશન**એ સંમેલનમાં ભાગ લીધો. ગુજરાત અને ભારતના કૃષિ ક્ષેત્રના ઉજ્જવળ ભાવિનો માર્ગ આવા આયોજનોમાંથી જ મળશે.

**ગુણવત્તાયુક્ત જીવનધોરણ (Quality of Life)**

ગુજરાત રાજ્યે છેલ્લા દસ–બાર વર્ષમાં વીજળી, પાણી અને સડક જેવી માળખાકીય સુવિધાઓ પ્રત્યે ધ્યાન તો આપેલ છે, એટલું જ નહિ પરંતુ આ પ્રકારની આંતર–માળખાકીય સગવડો માત્ર મોટા શહેરો સુધી સીમિત ન રહે અને ગામે–ગામ અને ઘેર–ઘેર પહોંચે તેવી વ્યૂહરચના અપનાવેલ છે.

**રાજ્યની સ્થાપિત વીજક્ષમતા સને ૨૦૦૧–૦૨ માં ઉપલબ્ધ ૮૭૫૬ મેગાવોટથી વધીને વર્ષ ૨૦૧૨–૧૩ માં ૨૨,૨૫૭ મેગાવોટ** થઇ છે. કેન્દ્રીય ઊર્જા મંત્રાલયની સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટીના **૨૦૧૧–૧૨**ના આંકડા મુજબ દેશના માથાદીઠ **૮૮૩.૬** યુનિટ વીજવપરાશની સામે ગુજરાતનો માથાદીઠ વીજવપરાશ **૧૬૬૩.૨** યુનિટ જેટલો થાય છે. ઊર્જા ક્ષેત્રે સબળ મૂડીરોકાણ કરી ગુજરાતના **૧૮૦૩૧** ગામડાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

ગુજરાતના રસ્તાઓ પણ દેશભરમાં વખણાય છે. સમયની માંગ પ્રમાણે આપણે ગુજરાતના વધુને વધુ માર્ગોને છ–માર્ગીય (સિક્સ–લેન) અને ચાર–માર્ગીય (ફોર–લેન) બનાવવા પર વિશેષ ધ્યાન આપ્યું છે. સન **૨૦૦૧**માં રાજ્યમાં છ–માર્ગીય (સિક્સ– લેન) અને ચાર–માર્ગીય (ફોર–લેન)ના **૩૯૪** કિલોમીટરની લંબાઇના માર્ગો હતા, જેમાં અભૂતપૂર્વ વધારા સાથે વર્ષ **૨૦૧૩**માં **૧૪૩૨** કિલોમીટરની લંબાઇના સિક્સ–લેન અને ફોર–લેન માર્ગો ઉપલબ્ધ છે.

આપણે ગત એક દાયકામાં **માર્ગોના નિર્માણ અર્થે લગભગ ` ૨૧ હજાર કરોડથી વધુ માતબર રકમનો ખર્ચ** કર્યો છે. પરંતુ અમારા માટે તેના કરતાં વધુ મહત્વની વાત એ છે કે, ગુજરાતના **૯૦** ટકા રસ્તા પાકા રસ્તા છે, જયારે રાષ્ટ્રીય સ્તરે હજુ પણ પાકા રસ્તાઓનું પ્રમાણ **૬૩** ટકા છે.

આનાથી આગળ વાત કરીએ તો ભૂતકાળમાં રાજયમાં મોટા ભાગના રસ્તાઓનો વિકાસ ઉત્તર–દક્ષિણ દિશામાં થતો હતો અને પરિણામે વિકાસના ફળ પણ રાજયના સીમિત વિસ્તારોને પ્રાપ્ત થતા હતા. અમારી સરકારે આ મુદ્દે પણ નવતર અભિગમ અપનાવ્યો. ઉત્તર–દક્ષિણ દિશાની સાથે આપણે રસ્તાઓનો પૂર્વ–પશ્ચિમ દિશામાં વિકાસ કરવાનું આયોજનબદ્ધ રીતે શરૂ કર્યું. પરિણામે વર્ષોથી પછાત રહેલ આદિવાસી વિસ્તારો અને સાગર કિનારાના વિસ્તારો ગોલ્ડન કોરીડોર કહેવાતા વિકસીત વિસ્તાર સાથે સંકલિત રીતે જોડાઇ ગયા છે. આમ, રસ્તાઓનો માળખાકીય વિકાસ અમારા માટે ડામર, કપચીનો વિષય નથી, પરંતુ

રાજયના તમામ પ્રજાજનોને વિકાસની તક ઉપલબ્ધ કરાવવાનું સબળ માધ્યમ છે.

તે જ રીતે સાગર કિનારે આવેલા બંદરોને રાજયમાં બનનાર ફ્રેટ કોરીડોર અને તેની આજુબાજુ વિકાસ પામતા ઔદ્યોગિક વિકાસ સાથે જોડીને દેશના લગભગ **૨૫** ટકા ક્ષેત્રફળને આયાત–નિકાસનું માધ્યમ પુરું પાડીને દેશની અર્થવ્યવસ્થામાં એક મોટું યોગદાન ગુજરાતના રસ્તાઓના માળખાએ પૂરું પાડેલ છે. રસ્તાઓનું માળખું માત્ર ઔદ્યોગિકરણ અને તેની સાથે જોડેલ વાહન વ્યવહાર પૂરતું સીમિત નથી. ગુજરાતના **૨૫૦** થી પણ ઓછી વસતી ધરાવતા આદિવાસી પરા–પેટા પરાઓને પાકા રસ્તાથી જોડવાનું કામ અમારી સરકારે હાથ ધરેલ છે. જયારે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ હજુ પણ આ કાર્ય વર્ષ **૨૦૨૦–૨૧** સુધી હાથ ધરી શકાય તેવી શકયતા નથી તેવું ભારત સરકારે સ્વીકારેલ છે.

પાણીની ઉપલબ્ધી રાજ્યના વિકાસનું અગત્યનું ચાલકબળ છે. ગુજરાત સરકારે રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ અંતર્ગત અત્યાર સુધી ૨૭૦૦ કિલોમીટર જેટલી બલ્ક લાઈનો, ૧ લાખ ૨૦ હજાર કિલોમીટરથી વધુ વિતરણ પાઈપલાઈનો, ૨૩,૭૦૦ જેટલી ટાંકી અને ભૂગર્ભે સંપ તેમજ ૧૮૧ જેટલા શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવ્યા છે. વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૩ સુધીના સમયગાળામાં પાણી પુરવઠા ક્ષેત્રે લગભગ ` ૧૪,૫૦૦ કરોડની જંગી રકમનો ખર્ચ અગાઉના બે દાયકાના કુલ ખર્ચ કરતાં લગભગ પાંચ ગણો છે. ડુંગરાળ વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોમાં વર્ષ ૨૦૦૧માં માત્ર ૩૨૩ મીની પાઈપ યોજના હતી, જે આજની સ્થિતિએ ૭,૮૪૫ જેટલી છે. રાષ્ટ્રીય સ્તરે દર ૨૫૦ ની વસતી સામે એક હેન્ડ પમ્પના ધોરણો સામે ગુજરાત રાજ્યમાં દર ૫૦ ની વસતી સામે એક હેન્ડ પમ્પનું ધોરણ અપનાવવામાં આવેલ છે. સાથે રાજ્યમાં નળ જોડાણનું પ્રમાણ ૨૦૦૨ થી ૨૦૧૩ સુધીમાં ૨૭ ટકાથી વધીને ૭૮ ટકા થયેલ છે, જે રાષ્ટ્રીય પ્રમાણથી લગભગ બમણું છે.

આમ, વીજળી, રસ્તા અને પાણી જેવી આંતર–માળખાકીય સુવિધાઓના વિકાસને ગુજરાત રાજય દ્વારા **સર્વ સમાવેશક વિકાસના એક માધ્યમ તરીકે સફળતાપૂર્વક પ્રયોજવામાં આવેલ છે.** તેના થકી **આંતર માળખાકીય વિકાસ, જીવનધોરણની ગુણવત્તામાં સુધારો** તેમજ **સર્વ સમાવેશક વિકાસ** એવા ત્રણેય હેતુ ખૂબ ઉત્કૃષ્ટ રીતે સિદ્ધ કરવામાં આવેલ છે.

**સામાજિક ક્ષેત્રોનો વિકાસ**

આર્થિક વિકાસની સાથે રાજય સરકારે છેલ્લા દાયકામાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, જનકલ્યાણ અને યુવકોને તાલીમ પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું છે. સમાજ અને સરકારમાં આ બાબતે ધ્યાન કેન્દ્રિત થાય અને તેનું મહત્વ વધે તે હેતુથી સરકારે **ફલેગશીપ યોજનાઓ, મિશન મોડ ઈનીશીયેટીવ** જેવા વિશેષ આયોજનો અમલી કરેલ છે. કન્વર્જન્સ એપ્રોચ અપનાવવામાં આવે તે હેતુથી રાજય સરકારે ત્રણ અગત્યની **ફલેગશીપ**

**યોજનાઓ** શરૂ કરેલ છે. આદિવાસી વિસ્તારોમાં કૃષિ, ઉદ્યોગ, રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય જેવા તમામ ક્ષેત્રોને આવરી લઇને **વનબંધુ કલ્યાણ યોજના** શરૂ કરીને સફળતાપૂર્વક પ્રથમ ચરણ પૂર્ણ કરી બીજા ચરણમાં **વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ માટે ` ૪૦ હજાર કરોડ**ની જોગવાઇ સાથે આ યોજનાને આગળ ધપાવવામાં આવેલ છે. તે જ રીતે સાગર કિનારે રહેતાં સાગરખેડૂ સમુદાયના વિકાસ માટે **સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના ` ૧૧ હજાર કરોડ**ની માતબર રકમ સાથે પ્રથમ વખત ગુજરાતમાં **૨૦૦૭ થી ૨૦૧૨** દરમિયાન હાથ ધરવામાં આવેલ છે. તેના બીજા તબક્કામાં **વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ માટે અંદાજે ` ૨૧ હજાર કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે રાજયના તટવર્તી **૪૦** તાલુકાઓમાં રસ્તા, વીજળી, પીવાનું પાણી, કૃષિ વિકાસ, શિક્ષણ, આરોગ્ય, વગેરે ક્ષેત્રોમાં અનેક યોજનાઓ કાર્યરત કરવામાં આવેલ છે. ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં વધતી વસ્તીને ધ્યાને લઇ વર્ષ **૨૦૦૭–૨૦૧૨** માટે **રૂ.૧૩,૦૦૦** કરોડના આયોજન સાથે **શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના** કાર્યરત કરવામાં આવેલ, જેમાં શહેરી વિસ્તારમાં વસતા ગરીબ પરિવારોને આવશ્યક પાયાની સુવિધાઓ અને રોજગારી માટે તાલીમ જેવા જરૂરી લાભો પૂરા પાડવામાં રાજય સરકારે ગૌરવપ્રદ સફળતા મેળવેલ છે. **વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭** સુધીના સમયગાળા માટે **શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના** હેઠળ **` ૨૫ હજાર કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે.

આ સિવાય શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે રાજયવ્યાપી અભિયાન થકી માનવ વિકાસને લગતા જૂના પ્રશ્નોના નિરાકરણને લક્ષમાં રાખીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ કાર્યક્રમો અમલમાં મૂકેલ છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ ખૂબ જરૂરી હોઇ આ યોજનાઓમાં લોકભાગીદારી માટે અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ અને બાળકોને આ પ્રકારના કાર્યક્રમોમાં જોડવા માટેના સબળ પ્રયાસો કર્યા છે.

**શૈક્ષણિક ક્ષેત્ર**

- રાજય સરકારે શિક્ષણ ક્ષેત્રે ઘનિષ્ટ પ્રયાસો કર્યા છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાની યોજના જેવા અનેક નવીનતાયુક્ત કાર્યક્રમો થકી **રાજયનો સાક્ષરતા દર છેલ્લા દસકામાં ૬૯.૧૪ ટકા થી વધીને ૭૮.૦૩ ટકા થયેલ છે. મહિલા સાક્ષરતા દર ૫૭.૮૦ ટકા થી વધીને ૬૯.૬૮ ટકા થયેલ છે**, જે આપણી નોંધપાત્ર સિદ્ધિ છે.
- વિશેષ બાબત એ છે કે **૧૯૯૧** થી **૨૦૦૧** ના દાયકામાં રાજ્યના સ્ત્રી સાક્ષરતા દરમાં માત્ર **૮.૯** ટકાનો વધારો થયેલ, જેની સામે **૨૦૦૧** થી **૨૦૧૧** ની વસ્તી ગણતરીમાં સ્ત્રી સાક્ષરતા દરમાં **૧૨.૯૩** ટકાનો વધારો થયેલ છે. ડાંગ જેવા આદિજાતિ જીલ્લામાં આ એક દસકમાં સ્ત્રી સાક્ષરતા દરમાં **૨૦** ટકાની વૃદ્ધિ થયેલ છે.
- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ધોરણ એક થી પાંચ માં ડ્રોપ આઉટનો દર

**૨૦૦૧–૦૨** માં **૨૦.૫૦** ટકા હતો, રાજ્ય સરકારના અથાગ પ્રયાસો થકી તે નોંધપાત્ર રીતે ઘટીને **૨૦૧૨–૧૩** માં **૨.૦૪** ટકા થયેલ છે.

- માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા વર્ષ **૨૦૦૧** થી **૨૦૧૩** સુધીમાં તેઓને મળેલ ભેટ–સોગાતોની લગભગ **૧૫,૭૦૦** જેટલી ચીજવસ્તુઓ તોશાખાનામાં જમા કરાવવામાં આવી છે. આ ચીજવસ્તુઓની ઉપજ કન્યા કેળવણી નિધિમાં જમા કરાવવામાં આવેલ છે. **મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ**ના માધ્યમથી **૫૫,૦૦૦** થી વધુ દીકરીઓને પુરસ્કાર, લેપટોપ, ટેબ્લેટ જેવા વિવિધ સ્વરૂપે **` ૨૫ કરોડ**થી વધુની સહાય આપવામાં આવી છે.
- શાળાઓની ભૌતિક સુવિધાઓમાં તો આપણે જાણે એક યુગ બદલી નાખ્યો છે. છેલ્લા એકાદ દસકામાં **૭૨,૦૦૦** જેટલા વર્ગખંડો, **૩૨,૦૦૦**થી વધુ સેનીટિશનની સુવિધાઓ, આશરે **૨૬૦૦** શાળાઓમાં પાણીની સુવિધા અને લગભગ **૨૦,૬૦૦** કમ્પાઉન્ડ વોલ જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.
- શિક્ષણનું પાયાનું સ્તર સુધરે અને રાજ્યના યુવાધનને સન્માનજનક રોજગારી મળે તે હેતુથી સન **૨૦૦૧–૦૨** થી **૨૦૧૩–૧૪** દરમિયાન આશરે **૯૫ હજારથી વધુ વિદ્યાસહાયકોની ભરતી** કરવામાં આવી છે.

**આરોગ્ય ક્ષેત્ર**

આરોગ્યક્ષેત્રે ગુજરાત આજે વિશ્વમાં મેડીકલ ટુરીઝમ ક્ષેત્રે નામના ધરાવતું થયું છે. એક તરફ દેશ–વિદેશમાંથી લોકો ઉત્તમ કક્ષાની સારવાર મેળવવા માટે આપણા આંગણે આવતા થયા છે, જેનાથી વિવિધ સ્વરૂપે રોજગારી અને આવકના સ્ત્રોતો ઊભા થયા છે, તો બીજી તરફ રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળી રહે તેવા આયોજનો આપણે કર્યા છે. છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી ઉત્તમ સેવાઓ પહોંચાડવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા પુરવાર કરવા માટે ફકત એક જ હકીકત પૂરતી છે, કે સને **૨૦૦૭–૦૮**ના વર્ષની સરખામણીએ સને **૨૦૧૩–૧૪**ના વર્ષમાં આપણે આરોગ્ય ક્ષેત્રે ફાળવાતા બજેટમાં **૪૦૦** ટકાનો અભૂતપૂર્વ વધારો કર્યો છે.

- તબીબી શિક્ષણ ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષમાં મેડીકલ કોલેજોની સંખ્યા **૧૧** થી વધારી **૧૯** કરવામાં આવી છે. એટલે કે મેડીકલ કોલેજોની જે બેઠક ક્ષમતા **૧૪૫૫** હતી તે આજે **૧૦૦** ટકાના વધારા સાથે **૨૯૩૦** થઇ છે.
- પેરા–મેડીકલની શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા **૨૦૦૭**માં **૫૧** હતી, જે સને **૨૦૧૨–૧૩**માં **૧૭૩** થઇ છે. **૯૨૫** બેઠક ક્ષમતા સામે આજે **૫૭૩૫** બેઠકો છે.
- આજે ગુજરાતમાં **૭,૨૭૪** સબ–સેન્ટર્સ, **૧,૧૬૮** PHC, **૩૦૦** CHC, **૩૦** સબ– ડીસ્ટ્રીકટ હોસ્પિટલ અને **૧૯** મેડીકલ કોલેજ અને શૈક્ષણિક હોસ્પિટલ, **૧૧૮** મોબાઇલ હેલ્થ યુનિટનું વિસ્તૃત માળખું ઉપલબ્ધ છે.

- વર્ષ **૨૦૦૧** ના આંકડા પ્રમાણે ગુજરાતમાં જન્મ સમયે પ્રતિ એક હજાર દીકરાઓ સામે **૮૩૭** દીકરીઓનું પ્રમાણ જોવા મળતું હતું. તે દેશના સરેરાશ રેશિયો **૮૯૪** ની સરખામણીએ ઘણું નીચું હતું. તે આપણા સૌ માટે ચિંતાનો વિષય હતો. રાજય સરકારે વ્યાપક જનજાગૃતિ લાવવા જનભાગીદારી સાથે **બેટી બચાવો અભિયાન** દ્વારા લોકોમાં મનોપરિવર્તનનું એક વિશેષ કાર્ય ઉપાડેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, કેન્દ્ર સરકારની એસ.આર.એસ. મોજણીના વર્ષ **૨૦૧૧**ના આંકડાઓ મુજબ હવે ગુજરાતમાં જન્મ સમયે એક હજાર દીકરાઓ સામે **૯૦૯** દીકરીઓનું પ્રમાણ નોંધવામાં આવેલ છે. આપણે દીકરીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો લાવી શકયા છીએ એટલું જ નહીં, પરંતુ પ્રથમ વખત ગુજરાત દીકરીઓની સંખ્યાનો રાષ્ટ્રીય સરેરાશ રેશિયો **૯૦૬** છે, તેનાથી આગળ નીકળી ગયું છે. આ નોંધપાત્ર સફળતા માટે હું ગુજરાતના દરેક જાગૃત નાગરિકને આપણા **બેટી બચાવો અભિયાન**માં જોડાવા બદલ અભિનંદન આપું છું. આવતા વર્ષોમાં દીકરીઓની સંખ્યાના પ્રમાણમાં હજુ સુધારો લાવવા માટે રાજય સરકારે ઉપાડેલ **બેટી વધાવો અભિયાન**માં ઉત્સાહ સાથે સમાજનો દરેક વર્ગ જોડાય તેવા રાજય સરકારના પ્રયાસો રહેશે, તેવી પ્રતિબદ્ધતા પણ વ્યકત કરું છું.
- માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરને ઘટાડવામાં વંચિત સમુદાયોને સંસ્થાકિય પ્રસૂતિની સગવડ પૂરી પાડવામાં **ચિરંજીવી યોજના** દ્વારા આપણે એક નવી ભાત પાડી છે. જેના થકી જાન્યુઆરી, **૨૦૧૪** સુધીમાં લગભગ **૯ લાખ ૨૦ હજાર** પ્રસૂતિઓ થઇ છે. સુરક્ષિત પ્રસૂતિના ધ્યેયને સિદ્ધ કરવામાં આ એક મોટી સિદ્ધિ લેખાય. આ જ કારણ છે કે, ચિરંજીવી યોજનાને સિંગાપોરનો **એશિયન ઇનોવેશન એવોર્ડ** અને સને **૨૦૦૯** નો **પ્રાઇમ મીનીસ્ટર્સ એવોર્ડ ફોર એડમીનીસ્ટ્રેટીવ એકસેલન્સ** મળ્યો છે.
- માતા મૃત્યદર (MMR) **૧૯૯૯–૨૦૦૧**માં **૨૦૨** હતો, જે સને **૨૦૧૦–૧૨**માં ઘટીને **૧૨૨** થયેલ છે.
- તે જ પ્રમાણે સન **૨૦૦૩**માં જે બાળ મૃત્યુ દર (I MR) પ્રત્યેક **૧૦૦૦** ની સામે **૫૭** નો હતો. તેને સને **૨૦૧૨**માં **૩૮** સુધી ઘટાડવામાં સફળતા મળી છે. **૨૦૧૫** સુધીમાં આ દર **૨૯** સુધી થવાની સંભાવના છે.
- ગરીબીની રેખા હેઠળ જીવતા કુટુંબમાં દુર્ભાગ્યવશ પરિવારના કોઇ સભ્યને જો હૃદય, કિડની કે કેન્સર જેવી જીવલેણ બીમારીનો ભોગ બનવું પડે તો આવા પરિવાર ઉપર આભ તૂટી પડતું હોય છે. નાણાના અભાવે સારવાર થઇ શકતી નથી અને એક આખું કુટુંબ નિરાધાર બની જાય છે. આવા કપરા સંજોગોમાં સરકાર તેમનો આધાર બને તેવા ઉમદા હેતુથી આપણે **મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના** લાવ્યા. આ યોજના

હેઠળ બી.પી.એલ. કુટુંબોને કેન્સર, હૃદય રોગ, કિડનીને લગતી ગંભીર બીમારીની સારવાર અર્થે વર્ષે રૂપિયા બે લાખ સુધીની સહાય સરકાર આપે છે. ગૃહને જણાવતાં મને ગૌરવ થાય છે કે, **સપ્ટેમ્બર, ૨૦૧૨** થી આપણે આ યોજના અમલમાં મૂકી ત્યારથી આપણે **૨૦,૦૦૦** થી વધુ ગરીબ દર્દીઓને સુપર સ્પેશ્યાલીટી કક્ષાની સારવાર આપી છે.

- આંગણવાડીના બાળકોથી લઈને ઉચ્ચ શિક્ષણ મેળવતા **એક કરોડ**થી વધુ વિદ્યાર્થીઓને **શાળા આરોગ્ય કાર્યક્રમ**ના છત્ર હેઠળ પ્રતિ વર્ષ આવરી લેવામાં આવે છે અને સામાન્ય કે ગંભીર બીમારીમાં રાજ્ય સરકારના ખર્ચે સારવાર પૂરી પાડવામાં આવે છે.
- રાજ્યના તમામ **૧૨** આદિજાતિ જીલ્લાઓમાંથી સીકલ સેલ એનીમીયાને નાબૂદ કરવાના આપણા પ્રયત્નો સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છે. આપણા આ કાર્યક્રમને ભારત સરકારનો **પ્રાઈમ મીનીસ્ટર્સ એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન પબ્લીક એડમીનીસ્ટ્રેશન** મળ્યો છે.
- રાજ્યના તમામ નાગરિકોને તાત્કાલિક તબીબી સારવાર મળી રહે તે માટે **૧૦૮**ની સેવા દ્વારા અત્યાર સુધીમાં અંદાજે **૪૨** લાખ ઇમરજન્સી સેવાઓ પૂરી પાડવામાં આવી છે. તેમાંથી **સવા ચૌદ લાખ** જેટલી પ્રસૂતા માતાઓને સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સેવાઓના પરિણામે લગભગ **ત્રણ લાખ**થી વધુ નાગરિકોનું અમૂલ્ય જીવન સમયસરની સારવાર આપી બચાવી શક્યા છીએ.

**પોષણ**

સન **૨૦૦૧** થી સંકલિત બાળવિકાસ સેવા યોજનાને આપણે એક છત્ર હેઠળ લાવીને રાજ્યના છ વર્ષથી નાના બાળકો, સગર્ભા–ધાત્રી માતાઓ અને કિશોરીઓમાં પોષણનું સ્તર સુધારવા માટે સઘન અને પરિણામલક્ષી આયોજનો હાથ ધર્યા છે.

- આજે રાજ્યમાં **૫૧,૮૦૦** થી વધુ આંગણવાડીઓ અને **૩૩૬** ઘટકો કાર્યરત છે, જેમાં લગભગ **૯૪,૬૦૦** કાર્યકરો અને તેડાગર બહેનો સેવારત છે. આ વિસ્તૃત માળખાના માધ્યમથી પ્રતિદિન **૪૭** લાખ લાભાર્થિઓને આવરી લેવામાં આવે છે.

- લગભગ **૧૭** લાખ **૪૩** હજારથી વધુ સગર્ભા–ધાત્રી માતાઓ તથા કિશોરીઓને માર્ગદર્શન અને પોષણક્ષમ આહાર પૂરો પાડવામાં આવે છે. આંગણવાડીઓ દ્વારા આશરે **૩૧** લાખ બાળકોનું પાલન–પોષણ કરવામાં આવે છે.

- આજે **૩૧,૪૦૦** થી વધુ આંગણવાડીઓને પોતાનું મકાન છે. સરકાર તરફથી આંગણવાડીઓના વીજળીકરણ ઉપરાંત રાંધણગેસનું જોડાણ, બે ગેસ સીલીન્ડર, ગેસની સગડી, ઇડલી કુકર, વોટર પ્યોરીફાયર, ઇલેક્ટ્રોનીક વજનકાંટા જેવા તમામ જરૂરી સાધનો પૂરા પાડવામાં આવે

છે.

- બાળકો, કિશોરીઓ તથા સગર્ભા માતાઓને વિટામીન, આયર્ન, કેલ્શીયમ, રીબોફ્લેવીન, નીયાસિન અને ફોલિક એસીડ જેવા આઠ સક્ષમ પોષક તત્વો મળી રહે તેવું “ રેડી ટુ કુક” (Ready to Cook) હોમ રેશન આપવામાં આવે છે. તદુપરાંત, બાલભોગ કેન્ડી, ફ્લેવર્ડ મીલ્ક, રાબ, લાડુ કે સુખડી, દૂધ સંજીવની થકી દૂધ જેવા અનેકવિધ પ્રયત્નો થકી પોષણના લક્ષ્યો સિદ્ધ થયા છે.

- આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોને સરકારે વીમા સુરક્ષા પૂરી પાડી છે, તો સાથોસાથ માતા યશોદા પુરસ્કાર સ્વરૂપે તેમની સેવાઓને સન્માનવામાં આવે છે.

**કૌશલ્યવર્ધન**

રાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં વિકાસ માટે કુશળ માનવ સંસાધનનું આગવું મહત્વ છે. ભારત આજે વિશ્વના સૌથી યુવા દેશ તરીકે ઓળખાય છે, ત્યારે ભારતના આ યુવાધનને, ડેમોગ્રાફીક ડીવીડન્ડને, કુશળ માનવ સંસાધનમાં પરિવર્તિત કરવું જરૂરી બની જાય છે. યુવા પેઢીને આર્થિક વિકાસમાં જોડવા માટે યુવાનોના કૌશલ્યવર્ધનનું મહત્વ સમજીને ગુજરાતે દેશને દિશાદર્શક બને તેવું કાર્ય કરેલ છે.

ગુજરાતમાં દેશના બીજા રાજયોની જેમ વર્ષોથી આઇ.ટી.આઇ. કાર્યાન્વિત છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષમા આઇ.ટી.આઇ. ના આધુનિકીકરણ સાથે આઇ.ટી.આઇ. માં ચાલતા તાલીમ કાર્યક્રમોને ઉદ્યોગો સાથે જોડીને તાલીમ કાર્યક્રમોને ઉદ્યોગોની માંગને અનુરૂપ (Industry Responsive) બનાવવામાં આવેલ છે. સાથે ક્ષતિરહિત ઉત્પાદન (Zero Defect Manufacturing), ઉચ્ચ કૌશલ્યયુક્ત રોજગારો (Highly Skilled Jobs) જેવી સંકલ્પનાને કેન્દ્રમાં રાખીને **સેન્ટર ઓફ એકસેલન્સ** કાર્યરત કરવામાં આવેલ છે. તેનાથી પણ આગળ વધીને યુવાનોને તેમના નજીકના સ્થળે તાલીમ લેવાનો અવસર મળે તે હેતુથી રાજયભરમાં **૩૩૫ કૌશલ્યવર્ધન કેન્દ્રો** શરૂ કરવામાં આવેલ છે. જયારે આઇ.ટી.આઇ.ની તાલીમ ક્ષમતા **૧,૧૧,૯૭૨** છે, ત્યારે આ નવરચિત કૌશલ્યવર્ધન કેન્દ્રો દ્વારા છેલ્લા માત્ર ચાર વર્ષમાં આપણે લગભગ **૧૦** લાખ **૩૦** હજાર યુવા–યુવતીઓને તાલીમ આપવામાં સફળ થઇ શકયા છીએ. તેમાં મહિલા તાલીમાર્થિઓની સંખ્યા લગભગ **૬,૨૮,૨૧૧** જેટલી એટલે કે **૬૧** ટકા જેટલી થાય છે. કૌશલ્યવર્ધન કેન્દ્ર કોઇપણ ગામની **૧૫** કિલોમીટરની ત્રિજયામાં મળી રહે તેવા આયોજન સાથે કૌશલ્યવર્ધન કેન્દ્રોનું વિકેન્દ્રીકરણ કરીને ગામેગામના યુવાનો સુધી

આ સરકારી યોજનાનો લાભ પહોંચાડી શકયા છીએ. કેન્દ્ર સરકાર દ્ધારા આ યોજનાને વર્ષ **૨૦૧૧–૧૨** માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે અને અન્ય રાજયોને આ પદ્ધતિને અનુસરવા માટે અનુરોધ પણ કરવામાં આવેલ છે. **ગુજરાતે દેશને દિશાસૂચક એવી યોજના પૂરી પાડી છે** અને દેશની યુવા પેઢીને એક નવી ક્ષિતિજ ઉઘાડી આપી છે, તે આપણા સૌ માટે ગૌરવ અને આનંદની વાત છે.

ગુજરાતની યુવાપેઢી વૈશ્વિક તકો માટે સજ્જ થાય તે માટે છેલ્લા એક દાયકામાં **૩૦** થી વધુ વૈવિધ્યસભર અને વ્યવસાયલક્ષી યુનિવર્સિટીઓની આપણે સ્થાપના કરી અને થોડા જ સમયમાં વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પૂરું પાડી શક્યા છીએ. સાથે આપણે અંગ્રેજી ભાષાની સજ્જતા માટે **સ્કોપ (SCOPE)** અને કોમ્પ્યુટરની સજ્જતા માટે **એમ્પાવર (eMPOWER)** ના કાર્યક્રમો પણ અમલમાં મૂક્યા છે.

આમ, રાજ્યના યુવાવર્ગને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે અમલમાં મૂકેલ વિવિધ કાર્યક્રમો થકી રાજ્યની યુવાશક્તિને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત મોખરે રહ્યું છે. કેન્દ્ર સરકારના રાજ્ય નમૂના મોજણી (NSS) ના **ઓલ ઈન્ડીયા સરવે ઓન એમ્પ્લોયમેન્ટ એન્ડ અનએમ્પ્લોયમેન્ટ ઈન ઈન્ડીયા**ના અદ્યતન આંકડા જે જૂન **૨૦૧૩**માં પ્રસિદ્ધ થયેલ છે, તે મુજબ **ગુજરાત રાજ્યનો બેરોજગારીનો દર સમગ્ર રાષ્ટ્રમાં ઓછામાં ઓછો રહેવા પામેલ છે.** રાષ્ટ્રીય કક્ષાએ બેરોજગારીનો દર **૨.૨** ટકા રહેલ છે, જ્યારે ગુજરાતમાં આ દર માત્ર **૦.૫** ટકા રહેલ છે.

સરકારે ખાનગી ક્ષેત્રોમાં પણ રાજ્યના યુવાધનને રોજગારી અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી શકાય તે માટે **ઔદ્યોગિક ભરતી મેળા**નો એક નવતર અભિગમ અપનાવ્યો અને ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ અને રોજગાર વાંચ્છુ યુવાનોને એક મંચ પર ભેગા કર્યા. આ પ્રકારના નવતર અભિગમ થકી ગત ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં રાજ્યવ્યાપી **૩૦૫૬ ભરતી મેળા** યોજી આશરે **સાડા ત્રણ લાખથી વધુ યુવાનોને રોજગારી** પૂરી પાડવામાં આપણે સફળ થયા છીએ. તદુપરાંત, રાજય સરકારમાં, રાજયના જાહેર સાહસોમાં તથા અનુદાનિત સંસ્થાઓમાં વર્ષ **૨૦૦૧–૦૨** થી **૨૦૧૩–૧૪** દરમિયાન **બે લાખ ત્રાણું હજાર**થી વધુ રોજગારી પૂરી પાડવામાં આવી છે.

**વનબંધુ કલ્યાણ યોજના**

ગુજરાત રાજ્યની સ્થાપના પછી પ્રથમવાર વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ અન્વયે **૨૦૦૭** થી **૨૦૧૨** સુધીના ગાળામાં આપણે **`૧૫ હજાર કરોડના આયોજનની સામે ` ૧૭ હજાર કરોડના ખર્ચે આદિવાસી પ્રજાના કલ્યાણ માટે કાર્યો કર્યા**. આ સફળતાથી પ્રેરાઈને **વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ ના પાંચ વર્ષ માટે ` ૪૦ હજાર કરોડની માતબર રકમના પેકેજનું આયોજન** કરવામાં આવ્યું છે. આ એક છત્ર હેઠળ શિક્ષણ, આરોગ્ય, આવાસ, તાલીમ, પીવાનું પાણી, સિંચાઇ, તમામ પ્રાથમિક સુવિધાઓ અને સારું જીવનધોરણ જેવા તમામ વિષયો

આવરી લેવામાં આવ્યા છે.

- લાઈવલીહુડ પ્રોગ્રામ હેઠળ કૃષિ વિષયક બાબતોમાં **છ લાખથી વધુ લોકોને લાભો** પહોંચાડવામાં આવ્યા છે. **૧,૧૧,૫૦૦ મેટ્રીક ટન ખાતર** પૂરું પાડવામાં આવ્યું છે અને **ડેરી વિકાસ પ્રોજેકટમાં આશરે ૫૯,૦૦૦ લોકોને સહાય** પૂરી પાડવામાં આવી છે.
- કૌશલ્યવર્ધન માટેના વિવિધ આયોજનો થકી લગભગ **૫૮,૬૦૦ આદિવાસી યુવાનોને તાલીમ** આપવામાં આવી છે.
- ગુણવત્તાયુકત શિક્ષણ માટે **૧૯** એકલવ્ય મોડેલ શાળા, કન્યાઓ માટેની **૩૫** નિવાસી શાળા, **૧૨** મોડેલ શાળાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. તદુપરાંત **૯૫** વિજ્ઞાન પ્રવાહની શાળાઓ, **૧૧** સામાન્ય પ્રવાહની શાળાઓ અને **૧૮** સરકારી તથા **૩૭** ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજો પણ આદિજાતિ વિસ્તારોમાં ઊભી કરવામાં આવી છે.
- ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે **૩૩** નવી આઈ.ટી.આઈ., **૩** ઈજનેરી કોલેજો, **૪** કૃષિ પોલિટેકનિક, **૨** સાયન્સ કોલેજ, **૩** નર્સીંગ કોલેજ, ફીઝીયોથેરાપી, કૃષિ ઈજનેરી અને વેટરનરી કોલેજોની પણ સ્થાપના કરવામાં આવી છે.
- **૩૪,૯૦૦ થી વધુ અનુસૂચિત જનજાતિના કુટુંબોને પ્લોટ** ફાળવવામાં આવ્યા છે અને આશરે **સવા ત્રણ લાખ આવાસવિહોણા અનુસૂચિત જનજાતિના કુટુંબોને મકાન બનાવવા માટે સહાય** આપવામાં આવી છે.
- આરોગ્ય ક્ષેત્રે ચિરંજીવી યોજના, બાળસખા યોજના, વીમા કવચ, પ્રાથમિક આરોગ્યની તપાસ, સીકલ સેલને લગતા આયોજનો–આ તમામના **લાભાર્થીઓની સંખ્યા આશરે ૫૫ લાખ** થાય છે.
- **આદિજાતિ ક્ષેત્રોના ૮.૪૬ લાખ હેકટર વિસ્તાર માટે આજે સિંચાઈ વ્યવસ્થા ઉપલબ્ધ** છે, જે કુલ વિસ્તારનો **૫૧** ટકા ભાગ થાય છે.

**વંચિતોનો વિકાસ**

- માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ **સમાજ કલ્યાણની વિવિધ યોજનાઓ**નો પરિણામલક્ષી અમલ કરીને સમાજના વંચિત વર્ગોને વધુમાં વધુ સહાય પહોંચાડવામાં આપણે સફળ રહ્યા છીએ. રાજય સરકાર વંચિત સમુદાયોના પરિવારોના ઉત્કર્ષ માટે શિક્ષણને એક મૂળભૂત અને મહત્વના પરિબળ તરીકે ઓળખે છે. અનુસૂચિત જાતિ અને બક્ષી પંચ જાતિનો વિદ્યાર્થી વર્ગ શિક્ષણ ક્ષેત્રે આગળ આવે અને તેઓને શિક્ષણના જરુરી તમામ અવસરો પ્રાપ્ત થાય તે હેતુથી રાજય સરકાર સમાજકલ્યાણ ક્ષેત્રે શિક્ષણની વિવિધ યોજનાઓ ચલાવી રહેલ છે. દર વર્ષે અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓને દર વર્ષે આપવામાં આવેલ શિષ્યવૃત્તિની રકમ છેલ્લા દસ વર્ષમાં **`૯૫૬.૮૮**

**કરોડ** જેટલી થાય છે. જેમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે લગભગ **૮૩ લાખ** શિષ્યવૃત્તિ અને બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે લગભગ **૪ કરોડ**થી વધુ શિષ્યવૃત્તિ છેલ્લા દસ વર્ષમાં આપણે આપી શકયા છીએ.

**સર્વગ્રાહી શહેરી વિકાસ**

ગુજરાતના અપ્રતિમ આર્થિક અને ઔદ્યોગિક વિકાસની સાથે ગુજરાતના શહેરોના વિકાસના એક નવા યુગના મંડાણ થયા છે. રાજયની **૪૨.૬** ટકા વસતી શહેરોમાં વસે છે. આમ, ગુજરાતનો શહેરીકરણનો દર રાષ્ટ્રના સરેરાશ **૩૧.૧૬** ટકાના દર કરતાં ઘણો વધારે છે અને સન **૨૦૩૦** સુધીમાં આ દર **૬૬** ટકા થવાની ધારણા છે. આ પડકારને અવસરમાં પલટવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોને ધ્યાનમાં રાખી આપણે દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજન હાથ ધર્યું છે. તેના પરિણામે જ આજે ગુજરાતના કેટલાક મોટા શહેરો દેશના સૌથી વધુ આકર્ષક શહેર બન્યા છે.

- વર્ષ **૨૦૦૫** ને શહેરી વિકાસ વર્ષ જાહેર કરી વૈશ્વિક કક્ષાના ધોરણે આપણા શહેરોનો વિકાસ કરવાના આયોજનનો પાયો નાખ્યો છે. બી.આર.ટી.એસ., રિવરફ્રન્ટ, સ્માર્ટ સિટી જેવા અનેકવિધ આયોજનો આપણી સજ્જતાને વધારી રહ્યા છે.
- શહેરોના વિકાસને લગતી યોજનાઓમાં ગરીબ અને મધ્યવર્ગને તેમના માટે અને તેમના થકી વિકાસ કરી શકાય છે, તેવો વિશ્વાસ થાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ **રિવરફ્રન્ટ** પૂરું પાડે છે. રિવરફ્રન્ટના માધ્યમથી અમદાવાદ શહેરમાં વર્ષોથી નદી કાંઠે ચાલતી આવેલી પારંપરિક ગુજરી બજારને એક આધુનિક અને સુવિધાયુક્ત વ્યવસ્થામાં પરિવર્તિત કરવામાં આવેલ છે. પર્યાવરણના જતનની સાથે વૈશ્વિક કક્ષાના પ્રોજેક્ટ પાર પાડી શકાય છે તેની રિવરફ્રન્ટ યોજના એક સાબિતી છે.
- સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કુલ **૧૬૮** કુંડીઓ સાથે **૧૭૨** ધોબીઓ માટે નવા ધોબી સંકુલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તેઓને તે જ જગ્યાએ આધુનિક ધોબીઘાટ બનાવીને આપનાર દેશનું આ પ્રથમ રાજ્ય છે.
- આવા વિચારશીલ આયોજનથી શહેરી વિસ્તારોમાં જમીન જેવા મર્યાદિત સંસાધનોને આર્થિક હેતુસર પ્રયોજવાની નવી રાહ મળે છે, તો બીજી તરફ શહેરી ગરીબોના કલ્યાણના લાંબા ગાળાના કાર્યો પણ પાર પાડી શકાય છે.
- **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** અંતર્ગત વર્ષ **૨૦૧૨** થી **૨૦૧૭** સુધીના પાંચ વર્ષમાં ગુજરાતના શહેરોના વિવિધ કાર્યો અર્થે **`૧૫,૦૦૦ કરોડ**ના આયોજનો હાથ ધરાનાર છે.
- રાજ્ય સરકારે **ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના** અમલમાં મૂકી છે અને ઝૂંપડપટ્ટીના જ વિસ્તારમાં જ સુવિધાયુક્ત પાકા મકાનો બનાવવાની શરૂઆત કરવામાં આવેલ છે.

- આ સિવાય ગરીબ અને મધ્યમ વર્ગના શહેરી અને ગ્રામીણ પરિવારો પૈકી **૧** લાખ કરતાં ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારો તેમજ **૧** લાખથી **૨.૫** લાખ ની આવક ધરાવતા પરિવારોને પોસાય તેવી કિંમતે પાકા મકાન પૂરા પાડવા **મુખ્યમંત્રી ગૃહ યોજના** હેઠળ જરૂરી નીતિઓ જાહેર કરીને કામનો આરંભ કરવામાં આવેલ છે.

**ઔદ્યોગિક વિકાસ (VGGIS)**

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના માધ્યમથી ઉદ્યોગોને ગુજરાતમાં રોકાણ માટે આકર્ષવામાં આપણને અપ્રતિમ સફળતા મળી છે. જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ ઉત્પાદન ક્ષેત્રનું યોગદાન ફક્ત **૧૮** ટકા છે, ત્યારે ગુજરાતના અર્થતંત્રમાં ઉત્પાદન ક્ષેત્રનો ફાળો **૨૭** ટકાથી વધીને **૩૨** ટકા થવાની દિશામાં આગળ ધપી રહ્યો છે. ગુજરાતે મોટા ઉદ્યોગોના વિકાસની સાથોસાથ રાજ્યમાં લઘુઉદ્યોગોનો પણ વિકાસ થાય તે બાબતને પ્રાધાન્ય આપ્યું છે. **ડીસેમ્બર, ૨૦૦૧** સુધીમાં રાજ્યમાં નોંધાયેલા લઘુઉદ્યોગ એકમોની સંખ્યા **૨.૬૭ લાખ** હતી. જ્યારે **૨૦૧૩** અંતિત સ્થિતિએ રાજ્યમાં કુલ **૪.૮૫ લાખ** લઘુઉદ્યોગો **(MSME)** નોંધાયેલ છે, જેનું કુલ મૂડીરોકાણ અંદાજે **` ૭૭ હજાર કરોડ**થી વધુ થાય છે. તેના માધ્યમથી આશરે **૧૮ લાખ ૭૭ હજાર**થી વધુ રોજગારીનું નિર્માણ થયેલ છે.

**પ્રવાસન**

રાજ્ય સરકારે પ્રવાસન ક્ષેત્રના મહત્વને ધ્યાને લઈ તેના વિકાસને અભૂતપૂર્વ પ્રાધાન્ય આપેલ છે. વર્ષ **૨૦૦૯–૧૦** થી **૨૦૧૩–૧૪** ના પાંચ વર્ષ દરમિયાન પ્રવાસન ક્ષેત્ર માટે લગભગ **`૧૨૩૫ કરોડ** ફાળવવામાં આવેલ છે. છેલ્લા આઠ વર્ષમાં પ્રવાસન અંગેની **૪૧** પરિયોજનાઓ પૂર્ણ કરવામાં આવેલ છે. રાજ્યમાં ઉજવાતા મેળા અને ઉત્સવોના આયોજન તથા પ્રચાર–પ્રસાર થકી ગુજરાતના આગવા ધાર્મિક સ્થળો, પ્રવાસન ધામો, કલા અને સંસ્કૃતિ, હસ્તકલા અને સ્થાપત્યોને વૈશ્વિક ઓળખ મળી છે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે આજે નવો પ્રાણસંચાર થયો છે અને તેના પરિણામે **૨૦૦૨** થી **૨૦૧૨** સુધીમાં રાજ્યના લગભગ **૧૦ કરોડ ૩૦ લાખ** પ્રવાસીઓ, અન્ય રાજ્યોના લગભગ બે કરોડ છયાંસી લાખ પ્રવાસીઓ અને આશરે **૨૨ લાખ** એન.આર.આઈ. અને વિદેશી પ્રવાસીઓએ ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી છે.

**ઈ–ગવર્નન્સ**

ગુડ ગવર્નન્સની સાથે ટેકનોલોજીનો સમન્વય કરી ઈ–ગવર્નન્સ દ્વારા છેવાડાના નાગરિકને રહેણાંકની નજીક જ ઝડપથી, સરળતાથી અને નહિવત ખર્ચે સરકારી સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા જવાબદારીપૂર્વક ઊભી કરી પારદર્શી વહીવટના ધ્યેયો સિદ્ધ કર્યા છે.

જી–સ્વાન નેટવર્ક આજે ગુજરાતની ધોરી નસ બની ગયું છે, જેના માધ્યમથી **૨૬** જીલ્લા, **૨૨૫** તાલુકા અને **૧૪,૦૦૦** ગામડા એકસમાન

નેટવર્કથી કામ કરતા થયા છે. **ઈ–ધરા** યોજના હેઠળ આપણે ઓગસ્ટ, **૨૦૦૪**થી જમીનનો કબજો અને ખેતી હક્ક અંગેના દસ્તાવેજો ઓન–લાઈન કર્યા છે. આજે કોઈપણ ગ્રામ પંચાયત અથવા મામલતદાર કચેરીમાંથી આ દસ્તાવેજોની નકલ મળી રહે છે. ગુજરાત આજે વિકાસલક્ષી આયોજનોમાં સ્પેસ ટેકનોલોજી અને જીઓ–ઈન્ફોર્મેટીક્સનો મહત્તમ ઉપયોગ કરે છે.

રાજ્ય સરકારની આગવી પહેલ એટલે **સ્વાગત કાર્યક્રમ,** જે આજે ગુજરાતના કોઈપણ વિસ્તારમાં રહેતા કોઈપણ વર્ગના નાગરિક અને મુખ્યમંત્રીશ્રી વચ્ચેનો સેતુ બની ગયો છે. પ્રજાના પ્રશ્નોના ત્વરિત નિકાલ ઉપરાંત તેમના પ્રશ્નો દિન–પ્રતિદિન ઓછા થતા જાય તેવા ધ્યેય સાથે નીતિ અને કાર્યપદ્ધતિ બન્નેને અનુલક્ષીને આધુનિક ટેકનોલોજીને આપણે સીધી લોકકલ્યાણ અર્થે પ્રયોજી છે અને સ્વાગત કાર્યક્રમ દ્વારા ફરિયાદોનો સંતોષકારક નિકાલ કરવામાં સફળતા મળી છે.

**રાજ્યના જાહેર સાહસો**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વ હેઠળ રાજ્યના જાહેર સાહસોની કાર્યક્ષમતામાં ગુણાત્મક પરિવર્તન આવેલ છે. જાહેર સાહસોની છાપ લોકમાનસ પર સામાન્યતઃ ખોટ કરતા સરકારી એકમો તરીકેની હોય છે, જેને ગુજરાતે ભૂંસી નાંખી છે. **૨૦૦૧–૦૨**માં રાજ્યના બધા જાહેર સાહસો સાથે મળીને **`૨૭૦૨** કરોડનું ચોખ્ખું નુકસાન કરતા હતા, તેની સામે **૨૦૧૨–૧૩**માં હવે જાહેર સાહસો **` ૪૦૪૧** કરોડનો ચોખ્ખો નફો કરે છે. વર્ષ **૨૦૧૨–૧૩** સુધીમાં **૮૧** જાહેર સાહસોમાં રાજ્ય સરકારે **કુલ ` ૯૭,૪૭૨ કરોડનું રોકાણ** કરેલ છે અને તેના થકી **૧,૧૨,૦૦૦ જેટલી રોજગારી** ઊભી કરી છે. વર્ષ **૨૦૧૨–૧૩**ના **રાજ્યના કુલ ઘરેલુ ઉત્પાદનમાં રાજ્યના જાહેર સાહસોનો ફાળો ૧૩.૦૯ ટકા** જેટલો થાય છે. પડકારોને અવસરમાં બદલવાની ગુજરાતની આવડતનો આ વધુ એક નમૂનો છે.

ગત એક દાયકાના અત્રે રજૂ કરેલ વિહંગાવલોકનથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના ગૌરવને આપણે **સૌના સાથ સૌના વિકાસ** થકી ઉજાળ્યું છે. આજે ગુજરાત ભારતનો એક ભૌગોલિક પ્રદેશ માત્ર નહિ, પરંતુ એક **સક્ષમ અને વિકાસશીલ શાસનવ્યવસ્થાનું પ્રતીક** બન્યું છે. આવા સર્વસમાવેષક વિકાસને વેગ આપવા માટે જરૂરી નાણાકીય સંસાધનો અને વ્યવસ્થાપન પૂરું પાડતા અંદાજપત્ર રજૂ કરી આ વિકાસગાથાને આગળ ધપાવવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે.

રાજ્ય સરકારના વર્ષ ૨૦૧૨–૧૩ના હિસાબો, વર્ષ ૨૦૧૩–૧૪ના સુધારેલ અંદાજો અને વર્ષ ૨૦૧૪–૧૫ માટે લેખાનુદાનના અંદાજ મુજબ નીચે પ્રમાણેની એકંદર ખાધ–પૂરાંત દર્શાવે છે. આ ત્રણે બાબતના પત્રકો આ સાથે રજૂ કરેલ છે.

**વર્ષ ૨૦૧૨–૧૩નો હિસાબ**

વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન ચોખ્ખી લેવડ દેવડ મુજબ ` ૨૮૧.૨૮ કરોડ ની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. પરંતુ, ૨૦૧૨–૧૩ના વર્ષ માટેના હિસાબ (ચોખ્ખી લેવડ દેવડ) ` ૧૦૪.૦૯ કરોડની ખાધ દર્શાવે છે.

(` કરોડમાં)

| | | **૨૦૧૨–૧૩ ના સુધારેલા અંદાજ** | **૨૦૧૨–૧૩ ના હિસાબ** |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલી આવક | ૭૫૭૯૦.૭૫ | ૭૫૨૨૮.૫૩ |
| | મહેસૂલી ખર્ચ | ૭૧૮૯૩.૭૬ | ૬૯૬૫૮.૪૯ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૩૮૯૬.૯૯ | (+) ૫૫૭૦.૦૪ |
| | મૂડીની આવક | ૨૨૩૩૧.૭૮ | ૧૯૫૪૪.૦૯ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૨૮૮૪૭.૪૯ | ૨૮૬૪૫.૩૦ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–) ૬૫૧૫.૭૧ | (–) ૯૧૦૧.૨૧ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું ) | (–) ૨૬૧૮.૭૨ | (–) ૩૫૩૧.૧૭ |
| (૨) | આકસ્મિક ફંડ ( ચોખ્ખું ) | –– | (+) ૮૦.૫૦ |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+) ૨૯૦૦.૦૦ | (+) ૩૩૪૬.૫૮ |
| | સરવાળો: ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩) | (+)૨૮૧.૨૮ | (–) ૧૦૪.૦૯ |

**વર્ષ ૨૦૧૩–૧૪ ના સુધારેલા અંદાજ**

વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ચોખ્ખી લેવડ દેવડ મુજબ ` ૭૯૬.૪૫ કરોડ ની પુરાંત રહેશે તેવી ધારણા અંદાજીત હતી. ૨૦૧૩–૧૪ના સુધારેલા અંદાજ મુજબ ` ૫૧૧.૦૪ કરોડ (ચોખ્ખી લેવડ દેવડ) ની પૂરાંત રહેવાની ધારણા છે.

(` કરોડમાં)

| | | **૨૦૧૩–૧૪ ના અંદાજ** | **૨૦૧૩–૧૪ ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલી આવક | ૮૫૭૫૨.૦૪ | ૮૫૦૦૦.૦૦ |
| | મહેસૂલી ખર્ચ | ૮૧૧૫૦.૪૩ | ૭૫૫૮૧.૫૩ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૪૬૦૧.૬૧ | (+) ૯૪૧૮.૪૭ |
| | મૂડીની આવક | ૨૬૨૩૧.૬૪ | ૨૦૨૧૧.૨૭ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૧૫૩૬.૮૦ | ૩૨૧૧૮.૭૦ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–) ૫૩૦૫.૧૬ | (–) ૧૧૯૦૭.૪૩ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું ) | (–) ૭૦૩.૫૫ | (–) ૨૪૮૮.૯૬ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું ) | _ | – |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+) ૧૫૦૦.૦૦ | (+) ૩૦૦૦.૦૦ |
| | સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩) | (+) ૭૯૬.૪૫ | (+) ૫૧૧.૦૪ |

**વર્ષ ૨૦૧૪–૧૫ નો અંદાજ**

વર્ષ ૨૦૧૪–૧૫ ના અંદાજ નીચે પ્રમાણે ` ૭૩૨.૫૩ કરોડ ની એકંદર પુરાંત દર્શાવે છે.

(` કરોડમાં)

| | | ૨૦૧૪–૧૫ ના અંદાજ |
|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | |
| | મહેસૂલી આવક | ૯૫૪૩૯.૭૩ |
| | મહેસૂલી ખર્ચ | ૮૭૭૪૨.૩૮ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૭૬૯૭.૩૫ |
| | મૂડીની આવક | ૨૧૨૮૭.૩૫ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૧૦૫૨.૧૭ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–) ૯૭૬૪.૮૨ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું ) | (–) ૨૦૬૭.૪૭ |

| | | |
|---|---|---|
| (૨) | આકસ્મિક ફંડ ( ચોખ્ખું ) | – |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+) ૨૮૦૦.૦૦ |
| | સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩) | (+) ૭૩૨.૫૩ |

આ વર્ષ માટેની માંગણીઓ વિચારવા માટે પૂરતો સમય ન હોવાથી ૩૧મી જુલાઈ, **૨૦૧૪** સુધીના ચાર મહિનાની મુદત માટે લેખાનુદાનની દરખાસ્ત માનનીય સભાગૃહ સમક્ષ હવે પછી રજૂ કરીશ. જ્યારે ફેરફાર કરેલ અંદાજપત્ર રજૂ થશે ત્યારે આખા વર્ષ માટેની માંગણીઓની ચર્ચા કરવાની ગૃહને તક મળશે.

માનનીય સભાગૃહ સમક્ષ હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૧૪–૨૦૧૫નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ સવારના ૧૧.૧૧ વાગ્યે પૂરૂં થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે પ્રથમ બેઠક માટે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૪**
**ફાલ્ગુન ૫, ૧૯૩૫ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને જાણ કરી છે. મારો ઝીરો અવર્સનો મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : કાયદામાં કોઇ જોગવાઇ નથી. (અંતરાય) તમે સાંભળો તો ખરા. બધા સભ્યોને વિધાનસભાના નિયમોની બૂક આપવામાં આવેલી છે. તેમાં ઝીરો અવર્સનો મુદ્દો હોય તો બતાવો! (અંતરાય) ભૂતકાળની પ્રણાલિકા હોય તો પણ પ્રશ્નોત્તરી પછી હોય. અરે, ભાઇ તમને કોણે બોલવાનું કહ્યું છે? આપે રજૂઆત કરી છે. તમે શાંતિ રાખો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આટલો ગંભીર મુદ્દો છે..

અધ્યક્ષશ્રી : તમે વાત કરી દો પછી હું કહું. તમારા સભ્યને તો બોલવા દો. આટલી ઓપોર્ચ્યુનીટી આપું છું ને.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, •(xxxxxx)

અધ્યક્ષશ્રી : તમે મુદ્દો કહો. તમારે ઝીરો અવર્સ બાબતનું કહેવું હોય તો એ કહો. તમારે એના ફેક્ટમાં ઉતરવાની જરૂર નથી. જો કોઇ મુદ્દો હોય તો કહો..

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) આટલી ગંભીર બાબત હોય અને આપ ચર્ચા ન આપો.

અધ્યક્ષશ્રી : તમે નિયમ વાંચી લો, પછી વાત કરો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આવી ગંભીર બાબત હોય ત્યારે અનેકવાર મંજૂરી આપી છે. શિક્ષિત બેકાર યુવાનો સાથે અન્યાય થઇ રહ્યો હોય..

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઇ પટેલે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે–

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો:–

‘‘ અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

માનનીય શંકરસિંહ..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીને એલાઉ કરવા કે ન કરવા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

એ આપનો હક્ક છે, પ્રણાલિકા ડેવલપ કરવી કે ન કરવી. પરંતુ આ અતિ મહત્વનો મુદ્દો છે. •(xxxxxx) આપ (xxxxxx) અને પ્રજાનું કલ્યાણ થાય એવું કરો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ઝીરો અવર્સ દાખલ કરવી હોય તો આ નિયમમાં ક્યાંય છે નહીં. તમે બોલી લો. (અંતરાય) તમે અહીં આવી જાઓ. એક મિનિટ. તમે શિસ્તમાં રહો. વાત વિપક્ષના નેતા કરે છે, તો પણ તમારે વચ્ચે બોલવાનું? માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, નિયમની અંદર ઝીરો અવર્સની કોઇ જોગવાઇ નથી. છતાં ભૂતકાળમાં જે પ્રણાલિકા હતી એ મુજબ પહેલાં ઝીરો અવર્સ ઉપસ્થિત કરવા દેતા હતા, પણ પહેલાં સંબંધિત મંત્રીશ્રીની સંમતિ લેવામાં આવતી, ત્યારપછી અધ્યક્ષ સંમતિ આપે પછી ઝીરો અવર્સ રજૂ થાય આ પ્રણાલિકા ભૂતકાળમાં હતી. અત્યારે જે રજૂઆત કરે છે, અત્યારે એ માટેનો સમય નથી. પ્રશ્નોત્તરીના સમય બાદ જો મંત્રીશ્રીએ એને મંજૂરી આપી હશે તો જ મારે મારો ડીસ્ક્રીશનરી પાવર વાપરવાનો છે, નહીંતર વાપરવાનો નથી. આ પ્રણાલિકા હતી ઝીરો અવર્સની અને છતાં ઝીરો અવર્સ કરવું હોય તો હજી હું કહુ છું જયારે નિયમોની અંદર સુધારા થાય ત્યારે પાર્લામેન્ટમાં ઝીરો અવર્સ છે એવું તમે નિયમની અંદર દાખલ કરાવી દો, તો મને કોઇ વાંધો નથી. હું નિયમથી બંધાયેલી વ્યકિત છું. નિયમ મુજબ અને પ્રણાલિકા મુજબ ચાલવું. નિયમ પછી પણ નિયમમાં ન હોય અને પ્રણાલિકા મુજબ તમને જે તે વિભાગના મંત્રીશ્રી મંજૂરી આપે તો મારે ડીસ્ક્રીશનરી પાવર તરીકે કહેવાનું છે કે આ મુદ્દો ચર્ચા કરવા દેવો કે નહીં. પણ આ પ્રશ્ન પ્રશ્નોત્તરી બાદ ઊભો થાય અને જે તે ખાતાના મંત્રીશ્રીએ એને અનુમોદન આપ્યું હોય (અંતરાય) એ ના જ આપે ને. અહીં નહીં, પાર્લામેન્ટમાં પણ એમ જ છે. આપણે મંજૂરી વગરનો એક મુદ્દો ચર્ચા થઇ હોય એવું બતાવો. અરે, એ ના જ આપે. મને ખબર છે. ના આપે. એ તો આજે અહીં બેઠા છે, ભૂતકાળમાં વર્ષો સુધી અહીં પણ બેઠા છે. એમનો વારો પણ નહોતો આવતો. મારે એ ચર્ચામાં નથી ચડવું. અત્યારે આ જે બાબત છે એની અંદર આપણે ચર્ચા કરીએ. આપના સુધારાઓ રજૂ કરો.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એમના શબ્દો તો રેકર્ડ પરથી દૂર કરો.

અધ્યક્ષશ્રી : મેં મારું રૂલીંગ આપી દીધું છે તમારે જે કહેવાનું હોય એ પ્રશ્નોત્તરી પછી કહેવાની વાત હોય.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી તો એટલી જ વિનંતી છે કે આ ગંભીર બાબત છે. પ્રશ્નોત્તરી પછી તક આપવામાં આવે એટલી જ મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : ગંભીર બાબત હોય તો જે તે ખાતાના મંત્રીશ્રીની મંજૂરી લેજો અને એ સંમતિ આપે પછી મને કહેજો. હું મારો ડીસ્ક્રીશનરી પાવર વાપરીશ. (અંતરાય) તમે ઝીરો અવર્સ વિશે વાંચો જૂઓ, હું તમને ઝીરો અવર્સની પ્રણાલિકા જ કહુ છું. હું તમારા કોઇ અધિકારનો ભંગ કરતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, રેકર્ડ ઉપરથી શબ્દો તો દૂર કરવા પડેને. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પંકજભાઇ, એ હું જોઇ લઇશ. રેકર્ડ ઉપરથી દૂર કરવા જેવા હશે તો હું દૂર કરી દઇશ. કયા શબ્દો બિનપાર્લામેન્ટરી હશે કે નિયમની વિરુદ્ધનું હશે તો હું જોઇ લઉ છું.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારા

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૨ રજૂ કરું છું કે, ગુજરાતની હયાત વીજ ક્ષમતા ૨૨૨૫૭ મેગાવોટને પહોંચી હોવા છતાં, ગ્રામ્ય વિસ્તારોના સીમપરાઓમાં વીજ જોડાણો આપવાના આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૩ રજૂ કરું છું કે, રાજયમાં ૨૨૨૫૭ મેગાવોટના વીજ ઉત્પાદન છતાં પ્રતિક્ષાયાદીમાં રહેલ ખેડૂતોને વીજ જોડાણો આપવા બાબતનો કોઇ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મંગળભાઇ ગં. ગાવિત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૫ રજૂ કરું છું કે, કામદાર રાજય વીમા યોજનાના દવાખાના તથા હોસ્પિટલોનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું હોવા છતાં પૂરતો સ્ટાફ–દવાઓની અછત નિવારવા અને દર્દીઓને પ્રાથમિક સુવિધાઓ સરળતાથી મળી રહે તેવા આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૬ રજૂ કરું છું કે, શાળા પ્રવેશને ઉત્સવનું સ્વરુપ આપી નામાંકન દર ૯૯ ટકા સુધી પહોંચાડી શકાયો છે છતાં ઓરડાઓની ઘટ–શિક્ષકોની ઘટ અને તેના કારણે અભ્યાસ ઉપર પડતી વિપરીત અસરોનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૭ રજૂ કરું છું કે, પછાત વર્ગના કુલ ૨૨૨ વિદ્યાર્થીઓને નાણાકીય સહાયથી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે મોકલવામાં આવ્યા પરંતુ કયા કયા વર્ષે મોકલવામાં આવ્યા તેનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૮ રજૂ કરું છું કે, રાજયમાં સન ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૧૯ મેડિકલ કોલેજો અને ૨૯૩૦ બેઠકો ઉપલબ્ધ થવા છતાં તેની સામે પૂરતો શૈક્ષણિક સ્ટાફ ઉપલબ્ધ થાય તેવા આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૯ રજૂ કરું છું કે, ફીકસ પગાર મેળવતા કર્મચારીઓને પૂર્ણ પગાર આપવા માટે સંબોધનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ધારશીભાઇ લ. ખાનપૂરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું કે, ખોરાક અને ઔષધ સંબંધી ભેળસેળ માટે ફરિયાદો રજૂ કરવા ટોલ ફ્રી ટેલીફોન સેવા અને વેબસાઇટ શરૂ થયા બાદ કેટલી ફરિયાદો મળી અને જવાબદારો સામે શાં પગલાં લીધાં તેનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું કે, ગુજરાત રાજય કુલ દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે છતાં રાજયની જનતાને વાજબી ભાવે દૂધ મળી રહે તેવા કોઇ આયોજનનો ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મણીલાલ જે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું કે, વર્ષ ૨૦૦૧–૦૨માં રાજયમાં ૯૦૦૦ કરોડના ખેત ઉત્પાદન સામે હવે ૧,૧૨,૦૦૦ કરોડનું ખેત ઉત્પાદન થયું છે, છતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તેવા આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું કે, એસ્સાર ઓઇલ લી. પાસેથી ૩૪૨૯ કરોડ ભરપાઇ થયા છે, પરંતુ હજુ કેટલી રકમ સરકારે વસૂલવાની બાકી છે તે બાબતનો ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું કે, રાજય સરકારની સેવાના અલગ અલગ ૨૯૩ સંવર્ગોમાં નિયમિત ભરતી બાબતે આવી ભરતી ફીકસ પગાર કે

કરાર આધારિત થશે તેનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજેસિંહભાઇ પા. પણદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું કે, પૂર્વ લાયકાત કસોટી માટે યુવાનો માટે યોજવામાં આવતી વિવિધ પરીક્ષાઓમાં યુવાનોને પરીક્ષાના સ્થળ સમય બાબતમાં કોઇ મુશ્કેલી ન પડે તે માટે કોઇ સુદ્રઢ આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું કે, એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ અંતર્ગત વ્યાજ રાહતના મકાનોની યોજના અમલમાં મૂકી છે પરંતુ તેની ખરેખર કિંમત કેટલી છે અને બજાર ભાવથી કેટલી ઓછી છે તેનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કરમશીભાઇ વિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું કે, રાજયની બધી જ નગરપાલિકાઓના નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ૧૫૭ જેટલી યોજનાઓ મંજૂર કરી છે, છતાં આમજનતાને પૂરતા પ્રેશરથી પાણી મળતું નથી અને હયાત જૂની પાઇપ લાઇનો બદલવામાં આવતી નથી તે બાબતનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૨ રજૂ કરું છું કે, સરદાર સરોવર યોજનાના ડેમની પ્રવર્તમાન ઊંચાઇ મુજબ પાણી સિંચાઇ અને ઘરવપરાશ અને ઉદ્યોગોને સરળતાથી અને જરૂરિયાત મુજબનું વાજબી દરે મળી રહે તેવા કોઇ આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૨૩ રજૂ કરું છું કે, તીર્થગામ-પાવનગામ યોજના અંતર્ગત રાજ્યના કયા કયા ગામોને કયા કયા વર્ષે તીર્થગામ-પાવનગામ યોજના અંતર્ગત અનુદાન આપવામાં આવ્યું તે બાબતનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૨૭ રજૂ કરું છું કે, માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ૧૮૬ જેટલી નવી શાળાઓના બાંધકામ અન્વયે ૫૮ જેટલી શાળાઓનું બાંધકામ પૂર્ણ થયેલ છે, પરંતુ બાકી રહેતી શાળાઓનું બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ થશે તેના આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૩૦ રજૂ કરું છું કે, સરદાર સરોવર યોજનાની નહેર-પ્રશાખાઓ સહિત કેટલી કેનાલોના કામો હજુ બાકી છે અને બાકીના કામો કેટલા સમયમાં પૂર્ણ થશે તે બાબતનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નિરંજન પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૩૧ રજૂ કરું છું કે, સરદાર સરોવર યોજના દ્વારા અત્યાર સુધીમાં ૩૧૨૬ કરોડ વીજ યુનિટ ઉત્પાદન થયું છે અને રાષ્ટ્રને ૧૨૫૦૦ કરોડની આવક થઇ છે, પરંતુ રાજ્યને કેટલી વીજળી મળી અને રાજ્યને કેટલી આવક થઇ તેનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પુનાભાઇ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૩૩ રજૂ કરું છું કે, આદિવાસી વિસ્તારોમાં ૧૫ લાખ કુટુંબો પૈકી ૮ લાખ ઘરોમાં પાણી કનેકશન સુવિધાઓ અપાઇ છે, પરંતુ બાકી રહેતા પરિવારોને કેટલા સમયમાં આ સુવિધાઓ અપાશે તે બાબતનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જવાહરભાઇ પે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૩૪ રજૂ કરું છું કે, રાજ્યમાં ચાલતી આંગણવાડીઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો કેટ-કેટલો હિસ્સો છે તેનો પ્રવચનમાં ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૩૫ રજૂ કરું છું કે, ચાલુ નાણાકીય વર્ષમાં રાજ્યની ૪૧ રોજગાર કચેરીઓ દ્વારા બે લાખ જેટલા યુવાનોને રોજગારી આપવામાં આવી, પરંતુ આ રોજગાર કચેરીઓમાં કુલ કેટલા બેરોજગારો નોંધાયેલ છે તેનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક: ૩૬ રજૂ કરું છું કે, રાજ્યમાં વીજ ઉત્પાદન ૨૨૨૫૭ મેગાવોટને પહોંચી હોવા છતાં, પેટાપરામાં વીજ જોડાણો આપવાના આયોજનનો કોઇ ઉલ્લેખ નથી.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આનંદ અને ગૌરવનો અવસર છે. મહામહીમ રાજ્યપાલશ્રીએ આ સન્માનનીય ગૃહને સંબોધન કર્યું તે બદલ આભાર પ્રસ્તાવ મૂકવાની તક ગુજરાતની ધરતીના પનોતા પુત્ર અને આ દેશના રાષ્ટ્રનાયકે મારા જેવા ગ્રામીણ પ્રતિનિધિને આપી છે ત્યારે હું એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીએ સંબોધનના અંતિમ ચરણમાં જે શુભકામનાઓ પાઠવી છે તે વાતથી હું મારી વાતની શરૂઆત કરું છું. મહામહીમ રાજ્યપાલશ્રીએ ગુજરાતને શુભકામનાઓ પાઠવી કે આ ગુજરાતની ધરતી સૌના સાથ, સૌના વિકાસની રાજનીતિ સાથે સમગ્ર દેશમાં પથદર્શક બની દિશાસૂચન કરે. ગુજરાત બહુ નાનું રાજ્ય છે. ગુજરાત દેશમાં માત્ર ૫ ટકા વસતિ ધરાવે છે. ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર દેશના માત્ર ૬ ટકા છે. પણ આ ગુજરાતનું પ્રદાન આ દેશના ઘરગથ્થું ઉત્પાદનમાં જે વર્ષ ૨૦૦૧-૦૨માં માંડ ૫ ટકા હતું તે આજે વધીને ૭.૩૨ ટકા થયું છે. આ ગુજરાત આખા દેશનું ગ્રોથ એન્જિન બની ગયું છે ત્યારે ગુજરાતના વિકાસ મોડેલની ચર્ચા વિદ્વાનો કરે છે. એ ચર્ચાઓ કરે છે ત્યારે અન્ય રાજ્યના લોકો પણ ગુજરાતના આ વિકાસના મોડેલને પોતાના રાજ્યમાં કેવી રીતે અમલમાં મૂકાવી શકાય એની મથામણો કરે છે. ગુજરાતના ઘોડાપુર વિકાસમાં થોડીક ખામીઓ પણ હશે. ખામીઓ મારા વિપક્ષના મિત્રો બતાવશે, કારણ કે લોકશાહી માટે આ ખામીઓને બતાવી લોક પ્રતિનિધિઓ પોતાની ભૂમિકા અદા કરે તે અત્યંત જરૂરી હોય છે. પણ ગુજરાતના મુખ્યમંત્રીએ સમગ્ર રાજ્ય અને દેશની રાજનીતિની દિશા બદલી નાખી છે એમ મારે જણાવવું છે. આ જ ગુજરાતમાં પહેલાં જ્ઞાતિવાદ, કોમવાદ અને જાતિવાદની ચર્ચાઓ થતી હતી પણ જ્યારથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગુજરાતનું સૂકાન સંભાળ્યું છે ત્યારથી માત્ર ગુજરાતના વિકાસ અને વિકાસની ખામીઓની વાતો થાય છે. ખામીઓ હશે પણ વિકાસના નામે ચર્ચાઓ થાય એવું આ પ્રથમ રાજ્ય છે અને માટે જ ભૂતકાળમાં ગુજરાતમાં જે વોટબેન્કની રાજનીતિ હતી, તૃષ્ટિકરણની રાજનીતિ હતી તે હવે નથી. હમણાં ગઇકાલે જ લોકાયુક્તનો રિપોર્ટ ટેબલ ઉપર મૂકાયો ત્યારે મેં વાંચ્યો. ૧૯૮૩-૧૯૮૫ના ગાળામાં વ્યારાના ઘનિષ્ઠ જંગલોમાં મોટાપાયે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલતી હતી. •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : દેવુસિંહભાઇ, જે કાંઇ પ્રવચનમાં હોય એ વિશે જ બોલો. ગવર્નરશ્રીએ જે પ્રવચન રજૂ કર્યું છે એને ટેકો આપો. ગવર્નરશ્રીએ એમાં વ્યારાના જંગલોની વાત કરી છે?

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : (xxxxxx) એ વિષેની વાત છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે જે કાંઇ પ્રવચન બહારની વાત કરશો પછી અહીંથી જે પ્રવચન બહારની વાત થાય એ સાંભળવાની ત્રેવડ રાખજો, ત્યારે વાંધો ના લેતા. મહેરબાની કરીને પ્રવચનમાં જે મુદ્દા કહ્યાં છે તેની આપે તારીફ જ કરવાની છે. આપ રજૂ કરનાર છો.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, રાજનીતિની દિશાની (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બોલો..

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તો માત્ર લોકાયુક્ત અને ગુજરાતમાં માનનીય નરેન્દ્રભાઇ મોદીનો સ્વચ્છ વહિવટ છે એની તુલનાત્મક રજૂઆત રાજ્યપાલના પ્રવચનની સાથે કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ ભાઇ, નરેન્દ્રભાઇના વહિવટની તુલનાત્મક વાત કરે તો તુલનાત્મકમાં બીજાની ટીકા ના થાય એના વખાણ કરે ને એકલાના નામ લઇને. બીજા ખરાબ છે, એટલે અમે સારા એવું કમ્પેરિઝન ના થાય. દેવુસિંહભાઇ ચાલુ કરો. (અંતરાય) એક મિનિટ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : રેકર્ડ ઉપરથી આ શબ્દો દૂર થાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, જે હશે એ કાઢી નાંખીશું. જોઇ લેશો પટેલભાઇ, પ્રવચન બહારની વાત હોય એ કાઢી જ નાખજો.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની રાજનીતિની વાત થતી હતી એના સંદર્ભમાં હું વાત કરતો હતો. તૃષ્ટિકરણની રાજનીતિ ચાલતી હતી. “એક વૃક્ષ કાપો, એક મત આપો” ના સૂત્રો સાથે આ ગુજરાતની રાજનીતિ થયેલી છે. ભૂતકાળના શાસકોએ આ ગુજરાતને માર્ગદર્શન આપ્યું, ગુજરાતની પ્રજાએ એમાં ફાળો આપ્યો એ સૌનો હિસ્સો છે એમ કહેવું છે, પણ આજે દેશની અને દુનિયાની નજર ગુજરાત ઉપર કેમ પડી? તો વિશેષતઃ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે રીતે ગુજરાતની દિશા નક્કી કરી, જે રીતે ગુજરાતની વિકાસની ગતિ વધારી, જે રીતે લક્ષ્ય નક્કી કર્યા, જે રીતે પરિણામો આપ્યાં અને કઠોર માંપદંડો સાથે ગુજરાતને આજે જે કક્ષાએ લાવ્યાં છે ત્યારે ગુજરાત ઉપર સારા દેશની નજર પડી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભમાં મારે કહેવું છે કે, ભૂતકાળમાં ગુજરાતને અને ગુજરાતના શાસકોને બદનામ કરવા માટે અનેકવાર પ્રયત્નો થયા. વિવિધ સંગઠનો બન્યાં, જાતજાતના-ભાતભાતના સંગઠનો બન્યાં અને •(xxxxxx) એવા કર્મશીલના ટોળા આ ગુજરાતની ધરતી ઉપર ઊતરી પડ્યા અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સામે કાદવ ઉછાળવા લાગ્યાં. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી, હું ગુજરાતની ધરતીને નમન કરું છું. ગુજરાતને વંદન કરું છું કે આવી કોઇ વાતોમાં આવ્યાં વગર સતત ૧૨-૧૨ વર્ષથી ગુજરાતની પ્રજા શ્રી નરેન્દ્રભાઇ મોદીની પડખે ઊભી છે. ગુજરાતના લોકોને પ્રલોભનો આપવામાં આવ્યાં, ગુજરાતમાં કલર ટી.વી. આપ્યાં, ગુજરાતમાં ઘરનું ઘર આપવા આવ્યાં પણ ગુજરાતની પ્રજા કોઇ લાલચ અને પ્રલોભનમાં આવ્યા વગર સતત શ્રી નરેન્દ્રભાઇ મોદીની પડખે ઊભી રહી છે. અનેક સંકટો અને સંઘર્ષો આવ્યાં ત્યારે મને એક શ્લોક યાદ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ મોદી નીતિ નિપૂણ છે અને એ નીતિ નિપૂણ કેવા હોય એની વ્યાખ્યાં આ શ્લોકમાં છે.

“નિન્દનતુ નીતિ નિપુણાઃ,
યદિ વા સ્તુળન્તિ,
લક્ષ્મી સમાવિસ્તુ ગચ્છંતુ
વા યથેષ્ઠમ્,
અદ્યૈવ વા મરણસ્તુ
યુગા કરેડ પિવા,
ન્યાયાત્ પથ પ્વિચામન્તિ
પદં ન ધીરાઃ”.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

( તાલીઓ પાડવાના અવાજો)

અધ્યક્ષશ્રી : આમાં કોણ સમજ્યું છે કે તાલીઓ પાડો છો?

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : હું સમજાવું છું ને?

અધ્યક્ષશ્રી : હા, કહો. હવે તાલીઓ પાડે તો વાંધો નહિ.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : અર્થાત્ નીતિ નિપુણ, લોકો નિંદા કરે કે પ્રશંસા, લક્ષ્મી આવે કે જાય, મૃત્યુ આજે જ આવે કે યુગોનું જીવન રહે, કોઇ પણ સ્થિતિ હોય ધૈર્યવાન ન્યાય ઉપરથી વિચલિત થતાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, ધીરજ એ શકિતનું બીજું નામ છે. ધૈર્યવાન જ શક્તિશાળી છે અને એ ધૈર્યને ગુમાવ્યા વગર માનનીય મુખ્યમંત્રી મા–ભારતીની સેવા કરે છે. આ મા–ભારતીને પરમ વૈભવે લઇ જવાની મથામણો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બહુરત્ન વસુંધરા ગુજરાત છે. આ મુખ્યમંત્રીશ્રી સામાન્ય પરિવારમાં જન્મ્યા છે, એક ગરીબ કુટુંબમાં જન્મ લીધો છે છતાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રીતે રાષ્ટ્ર માટે જીવન ખપાવવાની તૈયારી બતાવી છે ત્યારે આ ગુજરાતની ધરતીએ જ એને બળ પૂરું પાડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈતિહાસ સાક્ષી છે, જયારે રાષ્ટ્રની અસ્મિતા સામે પડકારો ઊભા થયા છે, જયારે ઘનઘોર અંધકાર છવાયું છે ત્યારે ભારતના પશ્ચિમમાં આવેલા ગુજરાતે આશાનું કિરણ પાથર્યું છે. આજ કિરણ માત્ર ગુજરાતની ધરતીમાં ફેલાયું છે. આ દેશમાં સ્વતંત્રતા પછી પરિવર્તનની બે વાર લહેર ઊઠી છે. પ્રથમ લહેર ઉઠી, આ દેશના કલંક સમાન ગાળો ૧૯૭૫ થી ૧૯૭૭નો કટોકટીનો ગાળો. આ કલંકિત ગાળામાં આ દેશના સત્તા લાલચુ લોકોએ તમામ વિરોધપક્ષોને, તમામ ધાર્મિક સંગઠનોને, તમામ સામાજિક સંગઠનોને, તમામ મિડિયાના પત્રકારોને સત્તાની લાલચ માટે જેલમાં પૂરી દીધા હતા. ત્યારે લોકનાયક જયપ્રકાશ નારાયણની આગેવાનીમાં એક પ્રચંડ આંદોલન આ દેશમાં ઊભું થયું અને એ આંદોલનને પ્રાણ પૂરનાર ગુજરાતની ધરતી હતી. દ્વિતિય પરિવર્તનની લહેર ઊભી છે આ પરિવર્તનની લહેર દેશને ગુલામીની માનસિકતામાંથી મુક્ત કરાવવાની લહેર છે. (અંતરાય) •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક જ મિનિટ, એને સાંભળો તો ખરા ? (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ વડાપ્રધાન માટેની જે વાત કરે છે એ યોગ્ય નથી અને એને રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કોઇનું નામ લીધું હોય (અંતરાય)

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : કોઇનું નામ નથી લીધું, કોઇનું નામ નથી લીધું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, જોઇ લઉ, નામ લીધું હોય અથવા તો એવા પ્રકારનું વર્ણન કર્યું હોય (અંતરાય) તમે સાંભળો, એક મિનિટ સમય કાંઇ નથી બગડતો હવે, કોઇ નામ લીધું હોય અથવા તો એવા પ્રકારનું વર્ણન કર્યું હોય, જેના આધારે પ્રતિપાદિત થાય કે આ જ વ્યક્તિ છે. એવું હશે તો પટેલભાઇ, જોઇને કાઢી નાખજો. ચાલો. હવે તમે ગુજરાત ઉપર આવો ને, આખા હિન્દુસ્તાન ઉપર આવી ગયા, કટોકટીથી.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : હા, ગુજરાત ઉપર જ આવું છું. દેશને દિશા આપનાર ગુજરાત છે. આ ગુજરાતના નેતૃત્વએ, ગુજરાતની ધરતીએ દેશને નેતૃત્વ આપ્યું છે, દેશને અંધકારમાંથી બહાર કાઢ્યો છે એ ગુજરાતની જ વાત કરું છું. (અંતરાય) માનનીય મુખ્યમંત્રીશ્રી કહે છે કે, કેટલાક લોકો ઇન્ટેલીજન્ટ (અંતરાય)

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં, પાછા અહીંથી બોલે ત્યારે સાંભળવા બેસજો, બહાર ન નીકળી જતા.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : ઇન્ટેલીજન્ટ બનવા માટે કેટલાક લોકો આખી જિંદગી ખર્ચી નાખે છે અને માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, કેટલાક લોકો જન્મથી જ ગુજરાતી હોય છે. ગુજરાત અને ગુજરાતની વાત કરું ત્યારે આ ગુજરાતમાં પૂજ્ય બાપૂ, એક પાતળી લાકડી

અધ્યક્ષશ્રી : તમારે બે મિનિટ છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : પંદર મિનિટ આપી છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : પંદર મિનિટ આપી છે બરાબર, ૮.૪૦એ ચાલુ કર્યું. આમાં લખેલું હું વાંચું છું. તમે વગર લખેલું વાંચો છો, હું આમાં લખેલું વાંચું છું.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય બાપૂ, હાથમાં લાકડી રાખીને, લાકડી ઉપાડયા વગર અંગ્રેજોને બસો વર્ષના શાસન કરતા લોકોને કાઢી મૂક્યા તે ગુજરાતી છે, તે ગુજરાત છે. ૫૬૨ રજવાડા એને શામ, દામ, દંડથી તલાવર ઉપાડ્યા વગર અખંડ ભારતનું નિર્માણ કરે તે સરદાર સાહેબ ગુજરાતી છે તે ગુજરાત છે. એક નાનકડી સાયકલ અને એક સોડા એશની ગુણી લઇને આખા નિરમાનું સામ્રાજ્ય કરે તે કરસનભાઇ ગુજરાતી છે, તે ગુજરાત છે. એક પેટ્રોલ પંપનો એટેન્ડન્ટ, એક ડિઝલ પૂરનાર એટેન્ડન્ટ, એક વિશ્વની નંબર વન કંપની બનાવવાનું સ્વપ્ન સેવે અને રિલાયન્સની કંપની બનાવે એ ધીરુભાઇ ગુજરાતી છે, એ ગુજરાત છે. એક ગામડાંમાં એક પછાત મહિલા એક ભેંસ રાખે અને એ ભેંસ અને વિધવાની મહેનતને એક કરીને અમૂલ નામનું સામ્રાજય દેશ અને દુનિયામાં પેદા કરે એ ત્રિભુવનકાકા ગુજરાતી છે. એ ત્રિભુવનકાકા ગુજરાતી છે. એ સવાયા કરોડ કુરિયન છે.

અધ્યક્ષશ્રી : ઋષિકેશભાઇ,

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : છેલ્લી વાત.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, ઋષિકેશભાઇ,

શ્રી પંકજ દેસાઇ (દંડકશ્રી): સાહેબ, એમને વધારે સમય આપો. એક મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : બીજામાંથી ઓછી કરી નાખીશ. મને તો છેક સુધી બોલે, તો પણ વાંધો નથી.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : ભગવાન કૃષ્ણએ પણ ભગવાન થવું હતું તો દ્વારિકાનગરીની સ્થાપના ગુજરાતમાં કરી અને કૌરવોની કુટિલતા સામે કુરુક્ષેત્રના મેદાનમાં 'યુદ્ધ એ જ કલ્યાણ'નો નારો પણ ગુજરાતની ધરતી ઉપરથી આપવામાં આવ્યો. ભગવાન સ્વામીનારાયણ સ્વરૂપે પ્રગટ થવું હતું તો સહજાનંદ સ્વામીએ પણ ગુજરાતમાં આવવું પડયું હતું એ આ ગુજરાતની ધરતી છે. ગુજરાતની ધરતી બહુ રત્ન વસુંધરા છે ત્યારે મારે નરેન્દ્રભાઇ મોદીસાહેબે જે ઇન્દ્રધનુષી સાત રંગ આ રાષ્ટ્રના સાત રંગોને વિકાસની દિશામાં કેવી રીતે લઇ જાય એનું વિઝન આપ્યું છે.

આપે સમય કાપી નાખ્યો છે. મારે અંતિમ વાત કહેવી છે કે આ ભારતીય સમાજ ઉદાર છે. આ ભારતીય સમાજ ગરીબીમાં એક માછીમાર મુસલમાનનો દીકરો છાપા વેચીને ભણે, એક રૂઢિચુસ્ત બ્રાહ્મણને ત્યાં મિત્રતા કેળવે અને પોતાની પ્રતિભા અને લાયકાતના જોરે વૈજ્ઞાનિક બને, આ દેશના રાષ્ટ્રપતિ બની શકે છે એ ડો. અબ્દુલ કલામ છે. જયારે ગરીબીમાં જન્મેલા આ દેશની પ્રજા માટે આખું જીવન ખપાવી દેનારા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ જયારે વડાપ્રધાન થવા જઇ રહ્યાં છે ત્યારે મારે કહેવું છે અંતિમ ક્ષણોમાં

સાબરમતી કા જલ મિલાદો યમુનાજી કે પાનીમેં,
છલે જા ચુકેં હૈં હમ બહુત બેગમ ગુલામ પરિપાટીસે,
ગુજરાતકા સિંહનાદ હો અબ દિલ્હી કે મૈદાનોમેં,
અબ શાસક આયેગા સરદાર પટેલકી માટીસે

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીએ ગુજરાતની પ્રજાને આ ગૃહમાંથી ગૃહના માધ્યમથી સરકારે કરેલા કામો ગુજરાતના સર્વાંગી વિકાસની વાતો ઉદ્‌બોધનમાં કરેલી છે જેને પ્રસ્તાવના સ્વરૂપે દેવુસિંહભાઇએ જે મૂકી છે એ વાતમાં હું ચર્ચા કરવા અને એને ટેકો આપવા માટે ઊભો થયો છું. સમગ્ર દેશમાં ૧૫૦ મી જન્મજયંતિ સ્વામી વિવેકાનંદજીની ઉજવાઇ રહી હોય ત્યારે અને સ્વામીજીએ ૨૧મી સદીની વાત, ૨૧મી સદીનું ભારત એ દુનિયાનું જમાદાર હશે. દુનિયાની અંદર એક મહાશકિત બનશે અને યુવાનો ઉપર જયારે તેમણે વિશ્વાસ મૂકયો હોય ત્યારે આ યુવાનોને સ્ટ્રેન્ધનીંગ કરવા માટે, આ યુવાનોના હાથમાં શકિત મૂકવા માટે માનનીય નરેન્દ્રભાઇએ અથાગ પ્રયત્નો કર્યા છે. આ સરકારે જે પ્રયત્નો કર્યા છે એના પરિણામે આજે ગુજરાતનો યુવાન સશકત બન્યો છે. એના હાથમાં કામ છે. પરંતુ આ કામ મૂકવા માટે નરેન્દ્રભાઇએ જુદી જુદી યોજનાઓ જેવી કે એમની આવડત અને સ્કીલ અનુસાર ભારતના

શકિતશાળી રાષ્ટ્રોના નિર્માણ માટે સ્કીલ ડેવલપમેન્ટના વિવિધ કાર્યક્રમો જેવા કે સ્કોપ, કે.વી.કે. ઉમ્મીદ, મહિલા આઇ.ટી.આઇ. દ્વારા સશકત કર્યા છે. બહેનોને પણ અલગ આઇ.ટી.આઇ. આપી, બહેનોને પણ જુદાજુદા કાર્યક્રમો, સખી મંડળો દ્વારા બહેનો પણ જયારે સમાજનો પચાસ ટકા હિસ્સો હોય, સમાજમાં એનું પચાસ ટકા યોગદાન હોય ત્યારે મહિલા પણ સશકત થાય, યુવાન પણ સશકત થાય, ખેડૂતો પણ સશકત થાય એના કાર્યક્રમો આપેલા છે અને પરિણામે આજે જે ગુજરાતનો સર્વાંગી વિકાસ છેવાડાના માનવીથી છેક ટોચનો માણસ દરેકનો વિકાસ અને ટોચ ઉપર જયારે માણસનો વિકાસ થતો હોય, ઉદ્યોગોનો વિકાસ થતો હોય, વેપારીઓનો વિકાસ થતો હોય ત્યારે એ લાભ સ્વાભાવિક રીતે નીચે સુધી ઉતરતો હોય છે અને છેવાડાના માનવીને પણ આ લાભ મળતો હોય છે. એટલું જ નહીં, યુવાનોને સારી રોજગારી મળે એના માટે કૌશલ્ય રથ દ્વારા આવનાર સમયમાં નાના પરામાં પણ ટ્રેનીંગ આપવાનું કામ, કૌશલ્ય રથ નાના નાના ગામમાં જાય ત્યાં જઇ અને નાના કાર્યક્રમો, નાના નાના પ્રોગ્રામો દ્વારા આ યુવાનોને સશકત કરવાનું કામ આવતા સમયમાં સરકાર દ્વારા થવાનું છે. ગુજરાતની અંદર કેટલાય કારીગરો, અનસ્કીલ, સ્કીલ કારીગરો જયારે કામ કરતા હોય, કોઇ કારપેન્ટર હોય, કોઇ કડીયો હોય, કોઇ ઇલેકટ્રીશીયન હોય, સારું કામ કરતો હોય પરંતુ સમાજમાં એની પ્રતિષ્ઠા થાય, એની ડીગ્નીટી વધે.અને સમાજમાં એને માનભેર, મોભાભેર સ્થાન મળે એના માટે તેને સર્ટિફિકેટ આપવાનું નક્કી કર્યુ છે.

કે.વી.કે. સેન્ટરોની સંખ્યા. હાલમાં ૧૬૫ કૌશલ્ય વર્ધક કેન્દ્રો છે. ગુજરાતના યુવાનોનું કૌશલ્ય વધે, બહેનોનું કૌંશલ્ય વધે તે માટેના કે.વી.કે. કેન્દ્રો વધારીને ૩૬૫ કરવાનું નક્કી કર્યુ છે. દરેક કે.વી.કે. અને આઇ.ટી.આઇ. સેન્ટરોને ઇ–કનેકિટવિટી સાથે જોડીને અને સાથે સાથે ઘરે બેઠા ભણાવાતા કોર્સિસ, ત્યાં મૂકવામાં આવતા ટીચર દ્વારા શીખવાડવામાં આવતા કાર્યક્રમો પણ ઘરે બેઠા ભણી શકાય તેના માટેનું આયોજન આ સરકાર કરે છે. આવતા સમયની અંદર મોટી ઇન્ડસ્ટ્રીઝ, ઉદ્યોગકારો હોય એની જ જમીન ઉપર ત્યાં સ્કૂલ, કોલેજો બને. ઉદ્યોગોને લગતા આવતા સમયમાં ત્યાં સ્ટાફ રોકવામાં આવે અને ઉદ્યોગો તરફથી તેમને જોઇતા ભણેલા યુવાનો તૈયાર કરવાનું કામ આગામી સમયમાં આ સરકારે કરવાનું છે, ત્યારે બહારના દેશમાં યુવાનો જઇને કામ કરતાં હોય, બહારના દેશમાં કામ કરતાં યુવાનો તત્પર હોય ત્યારે ગુજરાતે નવી પહેલ કરી છે. ગુજરાતે નક્કી કર્યુ છે કે બહાર જવા માગતા યુવાનો માટે એને માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે. એને દુનિયાની અંદર કયાં તક પડેલી છે કે કયાં રોજગારી ઉત્પન્ન થાય અને એમને રોજગારી મળી શકે, તેવી રોજગારી માટેની માહિતી આ યુવાનોને પહોંચે તેને માટે આ સરકાર પ્રયત્ન કરી રહી છે. અત્યારે બહારના દેશમાં કામ કરવા માટે એજન્ટો ઠેર ઠેર છે. યુવાનો છેતરાતા હોય, તેમના પાસપોર્ટ જપ્ત થતા હોય, બહારના લોકો તેમને કેદ કરતા હોય, યુવાનોનું બ્લેકમેઇલિંગ કરીને ઓછા પગારમાં નોકરી કરાવતા હોય, ત્યારે કયાંય ગુજરાતનો યુવાન છેતરાય નહિ, કયાંય ગુજરાતનો યુવાન બહાર જઇને બંદી બને નહિ. નિયમિત રીતે આ હુંડિયામણ, વિદેશી હુંડિયામણ દેશમાં આવે અને દેશની તિજોરી છલકાય એ માટેના પ્રયત્નો આ સરકાર અને નરેન્દ્રભાઇ મોદીના દૂરવિઝન, દુરંદેશી વિઝનથી મૂકવામાં આવ્યું છે, ત્યારે દરેક હાથમાં શક્તિ, ઉન્નત્તિની વાતો. કેવળ આ સૂત્રો લખવાથી શક્ય ન બને, તેના માટે નક્કર આયોજન કરવું પડે. આજે દેશમાં કુલ ૭ર ટકા જેટલી રોજગારી ગુજરાતમાં મળતી હોય, ત્યારે યુવાનોના હાથમાં શક્તિ આપવાનું કામ નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે. સરકારી નોકરીઓમાં ક્રમશઃ ક્રમબદ્ધ રીતે આગામી સમયમાં આનું આયોજન કરી સરકાર બધી ખાલી જગ્યાઓ પૂરવા માગે છે. રાજનીતિ નહિ, કાજનીતિ. મોટી મોટી વાતો કરવાની. વર્ષોથી આ દેશમાં પ્રણાલિ છે. ગરીબીને હટાવો, પણ ગરીબો હટી જાય. હમણા નવું લાવ્યા છે. રાજનીતિ નહિ કાજનીતિ. અરે કાજનીતિ ગુજરાતે બતાવી છે.

અધ્યક્ષશ્રી : આપ ગવર્નરના પ્રવચન ઉપર આવો ને. આપ છેક દિલ્હી સુધી પહોંચી જાવ છો. રાજનીતિ અને કાજનીતિ. આ લિમિટ રાખો. આ દિવાલ, એની અંદરની વાત કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આપની વાત સાચી છે. આપણે દિલ્હી સુધી પહોંચવાનું છે એ દિવસો બહુ દૂર નથી. ગુજરાતના ખેડૂતો સન ૨૦૦૧ માં ૯૦૦૦ કરોડનું ઘરભેગું કરતા હતા. ખૂબ મજૂરી, મહેનત કરીને ૯૦૦૦ કરોડ રૂપિયા ૨૦૦૧ માં ઘરભેગું કરતા હતા, એ જ ખેડૂત આજે ૧,૧૨,૦૦૦ કરોડ રૂપિયા ઘરભેગું

કરતા થયા છે. પરિણામે આજે ખુશાલી ગુજરાતની અંદર દેખાય છે. તમે રસ્તા ઉપર નીકળતા હોય તો ચારેબાજુ જૂઓ તો લીલાછમ ખેતર અને ખેડૂતોના ઘરના નળિયા જૂઓ તો પહેલાં ત્યાં પતરા હતા અને આજે પાકા ધાબાવાળા મકાનો થયા છે. આ એમને એમ થતા નથી. એને માટે કૃષિ યજ્ઞ આદરવો પડે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેની વાત કરવી પડે. ૨, ૫ એચ.પી. ની વાતો પણ પૂરી થઇ છે. તમારી વર્ષોની માગણી હતી.

ટેકનોલોજી અને વિજ્ઞાનથી ખેડૂતોને જોડવા પડે. ધરતીની ચિંતા કરવી પડે. ખેતરો માટે પાણી, સિંચાઇની ચિંતા કરવી પડે. યુનિવર્સિટીમાં ખેત સંશોધન થાય. વર્ષો પહેલાં આ યુનિવર્સિટી પૂરતી સીમિત રહેતી હતી. આ વૈજ્ઞાનિકોને ધોમધખતા તડકામાં બહાર જઇ વૈશાખી મહિનામાં ખેડૂતોને સમજણ આપવાનું કામ આ સરકારે અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં, પરંતુ સાથે પદાધિકારીઓ જાય, અધિકારીઓ જાય, લોકોની વચ્ચે બેસે અને ખેડૂતોને લગતા પ્રશ્નો ત્યાં પૂછાય અને તેના સમાધાનકારી જવાબો ત્યાંથી મળે તેવું આયોજન આ સરકારમાં થયું છે. આખા દેશમાં કદાચ પહેલી વખત ખેડૂતોની ચિંતા આ સરકારમાં થઇ છે. શરૂઆતના ૪૦ વર્ષમાં સરેરાશ ૧૭ હજાર કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવતા હતા અને આ છેલ્લા બાર વર્ષમાં સરેરાશ ૩૮ હજાર કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા છે. આખા દેશના ખેડૂતો એક જ પ્લેટફોર્મ ઉપર ભેગા થાય, તેમના અનુભવો અહીંયો શેર કરે, ગુજરાતનો ખેડૂત તેમની સાથે વાતચીત કરે, વૈજ્ઞાનિકો હોય તેવું આયોજન કરી દેશમાં પ્રથમ વખત ગુજરાતના ખેડૂતોની ચિંતા કરી અને સાથોસાથ દેશના ખેડૂતોની ચિંતા કરવાનું કામ આ સરકારે કર્યુ છે. વાઇબ્રન્ટ ગ્લોબલ એગ્રીકલ્ચરલ સમિટ યોજીને ગુજરાતની તર્જ ઉપર આખો દેશ અને જયાં આગળ તમે કામ કરી શકયા નથી તેવી જગ્યાના ખેડૂતોને બોલાવીને ગુજરાતના વિકાસ અને અનુભવનો લાભ આપવામાં આવ્યો છે ત્યારે ખેડૂતો માટે ૩૮૦ કિલોમીટર જેટલી સુજલામ્ સુફલામ્ કેનાલ દ્વારા ધરતીને સુજલામ્ સુફલામ્ બનાવી છે. શરૂઆતના ૪૦ વર્ષમાં નર્મદા બંધની ઊંચાઇ કેવળ ૯૫ મીટર જેટલી જ થઇ હતી અને છેલ્લા ૧૩ વર્ષની અંદર આજે એ તબક્કો ૧૨૨ મીટર પહોંચ્યો છે. ઘણા બધા અંતરાયો, ઘણાબધા વિઘ્નો નાંખવાની કોશિશ કરી પરંતુ જે દ્રઢ નિર્ધાર અને નર્મદા એ રાજનીતિનો ભાગ નહીં પરંતુ કાજનીતિનો ભાગ બને તેના માટે આ સરકારે પ્રયત્નો કર્યા છે. આ ૧૨૨ મીટરની ઊંચાઇ તે ખરા અર્થમાં ખેતરો સુધી નર્મદાના નીર પહોંચી શકે તેટલી ઊંચાઇ થઇ છે અને આ પ્રકારનો ભગીરથ પ્રયાસ આ સરકારમાં થયો છે. પરંતુ મુખ્ય નહેર ૪૫૮ કિલોમીટરની પૂર્ણ કરવામાં આવી છે. ૩૭ બ્રાન્ચ કેનાલો પૂર્ણ થઇ છે. માઇનોર સબ માઇનોરનું કામ ચાલુ છે. ખેડૂતોની જમીન કન્સર્ન એવોર્ડથી લેવામાં આવી, તેમની સાથે વાતચીત, વાર્તા, વિમર્શ અને વિચાર કરીને નવી બનાવેલી જંતરીના ભાવે જમીન સંપાદિત કરવામાં આવી છે અને તેમાં પણ ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કોઇ ખેડૂતને અસંતોષ ન રહે, કોર્ટમાં કેસ ન જાય તે રીતની વાત આ સરકાર જયારે કરતી હોય ત્યારે પેપર ઉપર નર્મદા બંધની ઊંચાઇ કરવા માટેના બધા અંતરાયો દૂર થયા છે. કોઇ તકલીફ નથી. ટ્રીબ્યુનલ અને વિસ્થાપિતોની વાત આજે પૂરી થઇ છે ત્યારે મુખ્યમંત્રીએ વારંવાર વડાપ્રધાનને વાત કરી છે. (સમયસૂચક ઘંટડી) ત્યારે હજુ સુધી તમે પેપરોમાં અભિનંદન કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ સરકારને આપી ચૂકયા છો. આજે પણ આટલી વારંવારની વિનંતીઓ છતાં પણ કાગળ લાવી શકયા નથી. આ રાજનીતિ કરવાનું ગુજરાતમાં બંધ થાય તો ગુજરાત અત્યારે જે પ્રગતિ ઉપર છે અને આના માટે મારે કહેવું છે કે ૨૦૦૪ થી ૨૦૧૦ સુધી ઉપર વિપક્ષની સરકાર હતી અને અહી ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી ત્યારે કેવળ અન્યાયો કરવામાં તમે કંઇ બાકી રાખ્યું નથી. આટલા અન્યાયો છતાં પણ ગુજરાત જે પ્રગતિ, જે વિકાસ કરી રહ્યું છે ત્યારે હવે તમારો સમય પૂરો થયો છે. આ અભિનંદન તમે પેપરમાં આપ્યા હતા. હવે ૨૦૧૪માં જુન પછી આ અભિનંદન આ ગૃહમાંથી નરેન્દ્રભાઇને આપો તેવી તમારી પાસે અપેક્ષા રાખું છું.

નર્મદા બંધમાં હાલમાં જે વીજળી પેદા થાય છે તે ૧૨૨ મીટરની ઊંચાઇએ જે પેદા કરે છે તેમાં ૧૩૮ મીટરની હાઇટ થાય તો અનેકગણી વીજળી તેમાંથી પેદા થઇ શકે તેમ છે. બીજા રાજયોને તેનો લાભ મળે છે

પણ ગુજરાતને મળતો લાભ બીજા રાજયોના ભોગે ન મળે •(xxxxxx) અત્યાર સુધી થતા રહ્યા છે. ગુજરાતે ૨૪ કલાક વીજળીની સુવિધા સાથેનું સ્વાવલંબીપણું સ્વબળે હાંસલ કરેલ છે. ગુજરાતને વીજળી કેમ કરીને મોંઘી પડે (xxxxxx) તમે કંઇ બાકી રાખ્યું નથી. દૂરથી કોલસો આપો, ગેસના ભાવો મુંબઇ દિલ્હીમાં મળે તેના કરતાં પણ વધારે ભાવો ગુજરાત પાસેથી લેવાય. આ તો ભલુ થજો હાઇકોર્ટનું કે તેણે કહ્યું કે દિલ્હી મુંબઇના ભાવે ગુજરાતને તમે આ ગેસ આપો, આ અન્યાય દૂર કરો. પરિણામે આજે તમને ફરજ પડી છે અને આ ફરજ પડી છે તેના કારણે પી.એન.જી. અને સી.એન.જી. ગેસ સસ્તો મળતો થયો છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભાર માનું છું કે, આપે માનનીય રાજયપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ ઉપર સરકારની બીજી સાઇડ વ્યકત કરવા માટેની તક આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારને યાદશક્તિનો પ્રોબ્લેમ હોય એવું મને લાગે છે, કારણ કે ૨૦૧૩માં અને ૨૦૧૪માં માનનીય રાજયપાલશ્રીના જે મુદ્દા હતા એ જ મુદ્દા, ૨૦૧૩માં જે મુદ્દા હતા એ જ મુદ્દા ૨૦૧૪માં પણ લીધા છે, એમાં વંચિતોનો વિકાસ, પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, કર્મચારીગણ, મહિલા અને બાળ વિકાસ, પાણી પુરવઠો, જળ સંપત્તિ અને બાકીના અનેક મુદ્દા કાયદો અને વ્યવસ્થા, કલ્પસર યોજના, સરદાર સરોવર, કૃષિ, પશુપાલન, મસ્ત્યોદ્યોગ, વાહન વ્યવહાર, ઉર્જા, નાણાકીય વહીવટ અને પ્રવાસન આટલા મુદ્દા ૨૦૧૩માં પણ હતા, એક વર્ષ વીતી ગયું, ૨૦૧૪માં પણ આ સરકાર ૨૦૧૩માં જયાં હતી ત્યાં જ છે, એ એનો અર્થ થાય.

બીજું, બજેટ આવવાનું હોય છે માનનીય રાજયપાલશ્રીના પ્રસ્તાવ પછી. એ બજેટમાં પણ જે મુદ્દા માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં હતા એ જ મુદ્દા બજેટમાં, એમાં સરદાર સરોવરની યોજનાની સિદ્ધિ, નહેરોની વાત કરી એ, વીજક્ષમતામાં થયેલા વધારાની બાબત, શિક્ષણ ક્ષેત્ર, કૃષિ, એ જ વાત, વાયબ્રન્ટ ગુજરાત, જો બજેટ તમારે મૂકવાનું હોય તો હું માનું છું ત્યાં સુધી માનનીય રાજયપાલશ્રીના ભાષણમાં એ મુદ્દા લેવાની જરૂર નહીં, અને જો રાજયપાલશ્રીના ભાષણમાં એ મુદ્દા લીધા હોય તો બજેટમાં એ મુદ્દા મૂકવાની જરૂર નહીં, બધુ પુનરાવર્તન છે. એનો અર્થ છે કે શબ્દોની માયાજાળમાં લોકો પૂરું નહીં વાંચતા હોય, ગયું બજેટ યા ગયું માનનીય રાજયપાલશ્રીનું ભાષણ કોઇએ નહીં વાંચ્યું હોય, માટે એની એ વાત આમાં નાખો, લોકોને મૂર્ખા બનાવો. એના સિવાય આમાં કોઇ સિદ્ધિ નથી થઇ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ધારાસભ્યની વાત નથી કરી, એક મિનિટ.

શ્રી ગણપતભાઇ વે. વસાવા( વૈધાનિક અને સંસદીય બાબતો) : માનનીય અધ્યક્ષશ્રી, લોકોને મૂર્ખા બનાવવા એ શબ્દો ભૂતકાળમાં અસંસદીયમાં મૂકેલા છે.

અધ્યક્ષશ્રી : વિધાનસભાના સભ્યશ્રીઓ માટે હોય, (અંતરાય) સાંભળો,આ હાઉસમાં લોકોની બનાવટ કરે છે, લોકો સાથે છેતરપીંડી કરે છે, આવા શબ્દો જનરલ તો વપરાતા હોય છે નીતિમાં, પણ કોઇ ધારાસભ્યશ્રીને લાગુ પડે છે, એનું અપમાન થાય એવા ન હોય, (અંતરાય) નહીં હોય, એવા હોય તો મને બતાવજો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનના બીજા જ મુદ્દામાં, સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત કરી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને અખંડ ભારતના શિલ્પી, હું માનું છું ત્યાં સુધી સરદાર સાહેબ ખંડિત ભારતના શિલ્પી હતા, અખંડ ભારતના નહીં અને અખંડ ભારત શબ્દ મૂકવાનું કયું તર્ક– લોજીક હશે એ મને ખબર નથી. સ્ટેચ્યુ ઓફ યુનિટી કદાચ એમને સ્ટેચ્યુ ઓફ લીબર્ટી અમેરિકામાં છે એની કોપી કરવાનું મન થયું હશે, યુનિટી ન હોય ત્યાં યુનિટી ફોકસ થાય, આ દેશમાં, ગુજરાતમાં બધે યુનિટી છે એટલે યુનિટીનો શબ્દ ખાલી ભાવ લાવવા માટે સરદાર સાહેબના આટલા વર્ષે, એનડીએ સરકાર હતી સરદાર સાહેબની પ્રતિમા એક કિલોમીટર લાંબી બનાવી શકત, આ સરકાર પંદર–સોળ વર્ષથી ગુજરાતમાં છે, તો લોકસભાની ચૂંટણી સામે છે ત્યારે સરદાર સાહેબ કેમ યાદ આવ્યા? જે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સરદાર સાહેબના સ્ટેચ્યુ ઉપર પગ મૂકીને ભાજપના કાર્યકર્તા પોસ્ટર મૂકતા હોય એની શરમ નથી આવતી અને સાહેબ, આ જ પાર્ટી સરદાર પટેલ.. (અંતરાય) એ જયારે..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, અરે ભાઇ, તમે બેસો, તમે બેસો હું તમને કહું છું, ભૂતકાળની અંદર છાપામાં, એક મિનિટ, માનનીય ભૂપેન્દ્રસિંહ, અરે, ખોટી વાત નહીં, હકીકત છે, કોઇને ખ્યાલ નથી, એક મિનિટ, એના સ્ટેચ્યુ ઉપર પગ મૂકીને પોસ્ટર લગાડતા હતા. આ છાપામાં પણ ફોટા આવ્યા હતા, એની વાત કરે છે. સ્ટેચ્યુ ઉપર પગ મૂક્યો હતો, એની વાત કરે છે. બાકી સરદાર પટેલની વાત નથી. બેસો. એમને બોલવા દો. (અંતરાય) ભાઇ, ખોટું બોલતા હોય તો ભલે બોલે, આપણામાંથી બધા સાચું બોલે છે અને એનામાંથી બોલે એ ખોટું બોલે છે એવો ભાવ રાખો નહીં. જો ભાઇ, ગવર્નરના પ્રવચનમાં પોલિટિકલ થોડું આવવાનું જ છે અને આ એટલા માટે થઇને..(અંતરાય) નહીં ભૂપેન્દ્રસિંહજી, બેસો તમે, તમે બેસો, હું કહું છું. ભૂપેન્દ્રસિંહજી, તમે બેસો. એમને બોલવા દો. ગણપતભાઇ આપ તો વૈધાનિક બાબતોના મંત્રી છો અને જે વસ્તુ છાપામાં ફોટા સહિત આવી ગઇ છે કે પોસ્ટર ચોંટાડતા હતા, ત્યારે સ્ટેચ્યુ માથે પગ મૂકીને કરતા હતા. એની જ વાત કરે છે તેઓ. હવે ચલાવો આગળ તમે, (અંતરાય) તાળીઓ પાડવાની જરૂર નથી તમારે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદ્દો આમને જે સરદાર સાહેબ ઉપર પ્રેમ ઉભરાયો છે, એ સરદાર વલ્લભભાઇ પટેલ ગુજરાતમાં અમદાવાદ સૌથી મહત્વનું એરપોર્ટ. આપણે એને ઇન્ટરનેશનલ એરપોર્ટ બન્યું ત્યારે આ આંતરરાષ્ટ્રીય હવાઇ મથકનું નામ સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ નક્કી કર્યું. દેવગૌડા સાહેબ પી.એમ. હતા અને આણંદ આવ્યા હતા ત્યારે મેં વિનંતી કરી અને કહ્યું કે આવું કાંઇક નામ આપી શકાય તો સારું. એમણે હા પાડી, એ પોતે આ એરપોર્ટ ખુલ્લું મુકવા માટે અમદાવાદ એરપોર્ટ ઉપર હાજર રહ્યાં. આ મિત્રોએ કાળા વાવટા ફરકાવીને સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટનો વિરોધ કર્યો. અહીં મંત્રીમંડળમાં પણ કેટલાક સભ્યો એમાંથી બેઠાં છે. હું સાક્ષી છું. મારી સામે રહીને કહ્યું કે આવું નામ ગુજરાતમાં નહીં હોવું જોઇએ. આ પ્રેમ એમનો એ વખતે ક્યાં ગયો હતો? એટલું મારે એમને કહેવું છે. એટલું જ નહીં સાહેબ, સરદાર સાહેબના નામે ભંગાર ભેગું કરવાનું ચાલ્યું હતું, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, બોલવા દો, વચ્ચે કોમેન્ટ કરો નહીં. (અંતરાય) એક મિનિટ. ભાઇ, એ તમે જવાબ આપજો. સરદાર સાહેબનું એરપોર્ટનું જે નામકરણ હતું, તે દિવસે કાળા વાવટા ફરકાવ્યા હતા એ નામ સામે વાંધો ન હતો, સરદાર સાહેબ સામે વાંધો ન હતો, એ તમે તમારા પ્રવચનમાં કહેજો. એ કાર્યક્રમ વખતે કાળા ઝંડા બતાવ્યા હતા, એ એમ નથી કે સરદાર સાહેબની સામે આ કાળા વાવટા હતા, એ કોંગ્રેસના કાર્યક્રમ સામે હતા. એ રજૂઆત કરજો ને તમે. (અંતરાય) એક મિનિટ, એક મિનિટ. વચ્ચે ડિસ્ટર્બ કરો નહીં. જેટલી ખલેલ પહોંચાડશો, એટલો ટાઇમ વધુ મળશે એમને.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે સરદાર પટેલના નામે આખા દેશમાંથી ભંગાર ભેગો કરવાનું શરૂ કર્યું છે. હું માનું છું ત્યાં સુધી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ તમે બેસો, તમે કોઇ વચ્ચે ઊભા થતા નહીં. તમારો કોઇ આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર થતો નથી. અને વચ્ચે કોઇએ ઊભા થવાય નહીં. બેસો તમે, તમે બેસો કહું છું. કેમ વારંવાર ઊભા થઇ જાવ છો બધા? તેઓ વિપક્ષના નેતા છે એમને સાંભળવાની આપણી માનસિક તૈયારી હોવી જોઇએ અને જો તમારામાં તાકાત હોય તો એમનાથી સવાયો જવાબ આપજો એમને. આપણે બોલવા દો એમને, આમાં તો થોડુંક પોલિટિકલ આવવાનું જ છે અને મેં તમને પણ નથી રોક્યા. આ ગુજરાતને બદલે આખા હિન્દુસ્તાનની વાત કરી હતી, તો પણ નથી રોક્યા. એમને બોલવા દો તમે. તમે જવાબ આપજો ને તમે. તમારી પાસે પૂરતો સમય છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સરદાર વલ્લભભાઇના સ્ટેચ્યુ માટે આખા દેશમાંથી ભંગાર ભેગો કરવાનું આયોજન ! ક્યો તર્ક છે આમાં? કોઇ એવું મને બતાવો કે બિહાર કે તામિલનાડુમાંથી ભંગાર લાવીને કેટલો ખર્ચ કર્યો અને એ ભંગારમાંથી કઇ પ્રતિમા બનવાની હતી? એ તો કોઇ મને સમજાવે કોને ભોટ બનાવી રહ્યા છે આ બધાય કે ભંગાર ભેગું કરો આખા દેશમાંથી અને એમાંથી જ

સરદાર સાહેબની પ્રતિમા બનાવો એ હું માનું છું ત્યાંસુધી આ માનસિક વિકૃતિનો સવાલ છે, આવું કોઇ આયોજન હોઈ ના શકે. લોકોને ગુમરાહ કરવા સિવાયનું આમાં કંઇ છે નહિ. આ મિત્રો ભૂલી ગયા છે કે એમણે એમના ચુંટણી ઢંઢેરા– ઇલેકશન ઢંઢેરો ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨ જરા વાંચો. તમે ખેડૂતોને ૧૪ કલાક વિજળી આપવાનું વચન આપેલું. ખંભાતના અખાતને કલ્પસર નામના મીઠા પાણીમાં ફેરવવું. ૨૦૧૦ સુધીમાં શાખા, પ્રશાખાઓ સહિત નર્મદા કેનાલના કામો પૂર્ણ કરવા. દરેક શહેરો અને ગામને પીવાનું પાણી પૂરું પાડવું. નળ પૂરાં પાડવા. આ બધું એમના ઢંઢેરામાં લખેલું હતું. આમાંની વાત પૈકી દરવાજાની વાત ઉપર હું આવું છું. દરવાજાને અને ખેડૂતોને સિંચાઇ અને પીવાના પાણીને કોઇ સંબંધ નથી. દરવાજા એ તો ટેકનિકલ છે. દરવાજા અને પાણી ઉપર હું આવું છું. તમે કહેતા હો તો સીધી નર્મદાની જ વાત કરું. પછી બીજી વાત કરીશ. કાયદો અને વ્યવસ્થા અને ભ્રષ્ટાચારની બધી જ વાત છે, જેમાં ગુજરાત ખદબદી રહ્યું છે અને હમણાં કલ્યાણસિંહ કલ્યાણ કરવા માટે આવી ગયા અને એ ભ્રષ્ટાચારનો ઉત્તમ નમૂનો છે, બેકારો સાથે બહુ મોટી મશ્કરી કરી છે. એ ભ્રષ્ટાચાર કહેવાય.

આ જે મુદ્દાઓ છે તે પૈકી હું અમુક જ મુદ્દા લઇશ. એમાં ભારતીય જનતા પાર્ટી કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે. તમે એક દિવસ જાગો અમે પાંચ વરસ જાગીશું, લોકો બાર વરસથી જાગે છે, રોજ ગુજરાતના મોટા શહેરોમાં ખૂન, બળાત્કાર, અત્યાચાર, અછોડા તોડવા, દોરા તોડવા, મારામારીના બનાવો બની રહ્યાં છે. આ રોજનું બની ગયું છે અને એટલું જ નહિ જે સરકારની માનસિકતા દર વરસે, દર મહિને એક એક એન્કાઉન્ટર કરવું, એ એન્કાઉન્ટરમાં માઇનોરિટી, મુસલમાનો જ હોવા જોઇએ અને આટલા એન્કાઉન્ટર થયાં પછી જે પોલીસવાળા જેલમાં ગયા અને એ જેલમાં ગયા ત્યારથી એન્કાઉન્ટર બંધ છે, એનો અર્થ એવો કે આયોજનબદ્ધ રીતે ગુજરાતની પોલીસ જેલમાં કેમ જાય તે જોવાનું અને આજે પણ આટલા બધા વરસોથી જેલમાં સડી રહ્યા છે, એમાંથી એક અધિકારીએ પત્ર લખ્યો કે હું આમને ભગવાન માનતો હતો અને એ શેતાન નીકળ્યા અને મારી હાલત આજે આ થઇ છે. આ હાલત છે ગુજરાતની.

જેલમાં બનેલું સુરંગ પ્રકરણ. ૨૦૦ મીટરની સુરંગ જેલમાં થાય, ગુજરાતની છાતી ઉપર રોજ સરકારી મંત્રીઓ ત્યાં થઇને જતા હોય અને ૨૦૦ મીટર સુધી આખી સુરંગ ખોદાય, જેલમાંથી ત્રાસવાદીઓ બહાર નીકળી જાય, આ કાયદો અને વ્યવસ્થા ગુજરાતમાં છે એવું હું માનું છું. પૂરતી પોલીસ નથી, પોલીસમાં અપૂરતો સ્ટાફ છે. જે મિત્રો ભર્યા છે તે બધા રોજમદાર ભર્યા છે, બિહાર જેવા બિહાર રાજ્યમાં ૬૫ માણસે એક પોલીસ છે, યુ.પી.માં ૯૪ માણસે એક પોલીસ છે, ગુજરાતમાં દર ૧૧૭૨ માણસોએ એક પોલીસ છે, જો આટલો સ્ટાફ પૂરો ન હોય અને ૨૦ ટકા સ્ટાફ ઓછો હોય, પછી પ્રજાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે નહિ તો શું થાય? એ રીતે રાજ્યના ૩૪ જેટલા વરિષ્ઠ અધિકારીઓ નકલી એન્કાઉન્ટરના ગુનામાં અંદર છે, આજે રાજ્યની સૌથી મોટી સુરક્ષાની વાત કરવાવાળી સાબરમતી જેલ જેની હાલત મેં આપને કીધું એવી છે અત્યારે. હવે હું નર્મદાની વાત કરીશ. •(xxxxxx) ગુજરાત સરકારે ..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું કહો છો?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ગુજરાત સરકારે (xxxxxx) આ શબ્દ યોગ્ય નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું કદાચ બધાને ગુમરાહ કરવાની વાત કહીશ. લોકોને ગુમરાહ કરવાની વાત સાહેબ, કે અમે એકવીસ નદીઓને નર્મદાથી જોડી. જો ગંગા નદીમાંથી હું ૧૦૦ લિટર પાણી લાવીને એક એક લોટો ગુજરાતની બધી નદીઓ અને તળાવોમાં નાંખું તો મેં ગુજરાતની નદીઓને ગંગાથી જોડી એવું કહેવાય? આ નર્મદાનું પાણી આવવા છતાં આજે પણ નદીઓ અને તળાવો સૂકા છે. આજે પણ એમને એમ છે. આજે પણ એક બહુ મોટી લોકોને ગુમરાહ કરવાની વાત કે, નર્મદાને આટલી બધી નદીઓથી અમે જોડી. ના, નદીઓ આજે પણ સૂકી છે, તળાવો આજે પણ સૂકા છે. આ નર્મદા ૨૦૦૧માં નથી બની. એ પહેલાં નર્મદા બનેલી. ૧૯૬૦થી ચાલી આવે છે અને હમણાં સૌની યોજનાની જે (xxxxxx) સૌરાષ્ટ્રમાં થઇ રહી છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : લોકોને ગુમરાહ કરવાની વાત જે થઇ રહી છે એ ભા.જ.પ.ના ૧૮ વરસના શાસનમાં ૧૨૧.૯૨ મીટરની ઊંચાઇએ જે પહોંચાડી. સૌરાષ્ટ્ર કચ્છમાં જે હતું અને તે બધાયમાં એક કાર્યક્રમ રાખેલો ભારતીય જનતા પાર્ટીએ લગભગ ૨૦મી મે, ૨૦૦૨માં. આપ નર્મદાના તે વખતે અધ્યક્ષ હતા. તે વખતે તેમણે જે જાહેર ભાષણો કરેલા કે સૌરાષ્ટ્રમાં પાણીના કારણે હિજરત કરવાના દિવસો ગયા. સાહેબ, ગયા વર્ષે હું સૌરાષ્ટ્રમાં ગયો હતો, વરસાદ મોડો આવ્યો હતો અને લોકોએ પોતાના બળદ છૂટ્ટા મૂકીને, ઉચાળા ભરીને એક ગામમાંથી બીજા ગામમાં જવાની તૈયારી કરેલી. રાજકોટમાં, જામનગરમાં પાણી નહોતું મળતું , શહેરોમાં પાણી નહોતું મળતું. ટેન્કર રાજ્યથી મુકત ગુજરાત ટેન્કરોના આશ્રયે લોકોને પીવાના પાણીની વ્યવસ્થા કરવી પડેલી. એ જે ભાષણ હતું ૨૦૦૨માં તે વખતે નરોત્તમભાઇ પટેલ મંત્રી હતા. એમણે કહેલું કે આ ૫૦૦ કરોડનું કામ છ માસમાં પૂરું થઇ ગયું છે અને ૩૦૦ કરોડના કામ પાણી પુરવઠા વિભાગે હાથ ધર્યા છે. ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, ૨૦૦૩ જૂન પછી માળીયા કેનાલમાંથી ૪૬ હજાર હેકટરમાંથી સૌરાષ્ટ્રની ૨૭ ટકા જમીનની સિંચાઇ સુવિધામાં વધારો થશે. આજે સાહેબ લગભગ ૭૦ ટકા એમને એમ પડેલું છે ૨૦૦૨ અને ૨૦૧૪માં આપ ગણો કેટલાં વર્ષો થઇ ગયા. હું માનું છું ત્યાં સુધી આટલી હદ સુધી નમામી દેવી નર્મદે, નમામી દેવી નર્મદે અને એમને એમ લોકોને ગુમરાહ કરવાનું કામ કર્યુ છે. એટલે ૨૦૧૨માં અને ૨૦૧૩માં આ ગુજરાતમાં ટેન્કર રાજય અસ્તિત્વમાં હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ શાખાઓ, પેટા શાખાઓ, માઇનોર ૭૫ હજાર કિલોમીટરની લંબાઇની નહેર ગુંથણીમાં ઉભી કરવાની હતી. હાલનું તંત્ર, આજે પણ, આટલા વર્ષો પછી પણ દસ હજાર કિલોમીટરનું કામ થયું છે. બાકીના ૬૦-૬૫ હજાર કિલામીટર કયાં ગયા? કયારે પૂરું કરશો? આટલું જરા ગુજરાતની જનતાને બતાવો તો સારું, હું આપનો આભારી થઇશ કે આ અમારી નર્મદા પ્રત્યે તમને કેટલો પ્રેમ છે તે તેમાંથી દેખાશે.

અધ્યક્ષશ્રી : ત્રણ મિનિટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી પાંચેક મિનિટ લઇશ. આ દરવાજાથી સાહેબ વીજળી પેદા થવાની છે અને વીજળી જે છે તે ૧૬ ટકા ગુજરાતને મળવાની છે, બાકીની બીજા રાજયોને જવાની છે. વીજળી વધારે છે, એવી જાહેરાતો ઢોલ પીટી પીટીને થતી હોય તો વીજળી માટે જયારે દરવાજા ઉભાં થતાં હોય ત્યારે થશે, ટેકનિકલ વસ્તુ છે, તે ગમે ત્યારે થશે. ભારત સરકાર જવાબદાર નથી. નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી તેમાં છે. એ દરવાજા મૂકયા વગર આજે પાણીનો વેસ્ટ કેટલો છે તે જરા હું આપના ધ્યાન ઉપર લાવીશ. ૨૦૦૮-૦૯માં મુખ્ય નહેરમાંથી છોડેલું પાણી ૪૮૮૮.૨ એમસીએમ ૩.૯૬ એમએએફ, સિંચાઇ માટે છોડેલું ૩૪૮૦.૦૫ એમસીએમ ૨.૮૨ એમએએફ પીવાના પાણી માટે છોડેલું ૮૭૧.૫૪ એમસીએમ અને ૦.૭૦ એમએએફ. આ દર વર્ષે સાહેબ જે પાણી સિંચાઇ માટે અને પીવા માટે છોડયું તે વિગતમાં હું ટેબલ ઉપર આપીશ. એટલે તેમાં બહુ સમય નથી લેતો, પણ સાહેબ તેમણે જે પાણી વધ્યું,તમે છોડયું ૪૮૮૮.૨, ૨૦૦૮- ૨૦૦૯માં ૬૭૮૯, ૨૦૧૦-૧૧માં ૪૫૫૫, ૨૦૧૧-૧૨માં ૭૫૧૨.૨૮ અને ૨૦૧૨-૧૩માં ૮૪૬૯.૭૨. આ પાણી છોડયું સિંચાઇમાં અને પીવાના પાણીમાં જે ગયું તેમાં સાહેબ ટોટલ જે વધ્યું, જે ઘટ ગઇ, તે ૨૦૦૮-૦૯માં ૫૩૬.૬૧ એમસીએમ અને ૦.૪૪ એમએએફ આ પાણી કયાં ગયું? ૨૦૦૯-૧૦માં ૧૨૮૨.૮૧ એમસીએમ અને ૧.૦૪ એમએએફ આ પાણી કયાં ગયું? ૨૦૧૦-૧૧માં ૨૦૪૫.૨ એમસીએમ અને ૧.૬૬ એમએએફ આ પાણી કયાં ગયું? ૨૦૧૧-૧૨માં ૩૮૬૦.૩ એમસીએમ અને ૩.૧૩ એમએએફ આ પાણી કયાં ગયું? ૨૦૧૨-૧૩માં ૩૫૮૩.૧૮ આ પાણી કયાં ગયું? દર વર્ષે સાહેબ ૨૦૧૦-૧૧માં ૪૫ ટકા પાણી ગુમ, ૨૦૧૧-૧૨માં ૫૦ ટકા પાણી ગુમ અને ૨૦૧૨-૧૩માં ૬૦ ટકા પાણી ગુમ, તો આ પાણી ગયું કયાં? તમે બધું પાણી વેડફી નાંખ્યુ છે, તમને નર્મદાની વાત કરવાનો કોઇ અધિકાર નથી. આ કરોડો રૂપિયાનું પાણી આ રીતે વેડફાતું હોય તો હું માનું છું ત્યાં સુધી નર્મદાના પાણીને સાબરમતીમાં હોડકા ફેરવવા માટેનું આયોજન ના હોઇ શકે. લોકોની વાહવાહ

થાય, બધું થાય, પણ કરોડો રૂપિયાનું પાણી બરબાદ થાય છે, તેની ચિંતા તેમણે કરવી જોઇએ એવું હું માનું છું.

બહુ સમય નહીં લઉં, બીજા ઘણા મુદ્દાઓ છે જે બજેટ વખતે લઇ લઇશ, પણ આ બધી વાતમાં પ્રજાને ગુમરાહ કર્યા સિવાય હકીકત હોય તે જ લોકો સમક્ષ કહે, સરદાર સાહેબની વાત હોય, સરદાર સરોવરની વાત હોય કે કાયદો અને વ્યવસ્થાની વાત હોય, પણ આજે ૬ લાખ ખેડૂતોને વીજળીના કનેકશન આપવાના બાકી હોય, તો પછી વીજળી ગઇ કયાં? ૧૬ રૂપિયે વીજળી ખરીદવામાં આવે અને ઘરમાં ૩ રૂપિયે મળતી હોય તો આ વાહ વાહ કેમ કરો છો? મધ્યપ્રદેશે ટેન્ડર બહાર પાડયા છે, તે સાડા આઠ રૂપિયામાં છે તો આ વહાલા દવલાની નીતિ હોય અને સોલાર અને બાકીની વાતોમાં વાહ વાહ કરવાની વાત છે તે બંધ કરે, ખેડૂતો આજે આપઘાત કરી રહ્યા છે, ૬ લાખ ખેડૂતોને વીજળીના કનેકશન વગર ટળવળવું પડે છે, અને વાહ વાહ કરવાની? ખાનગી વીજળીનું પ્રમાણ વધતું જાય છે તેની સામે ધુવારણ બંધ કર્યું છે અને બીજા બધા બંધ થઇ રહ્યા છે, ગેસ પૂરતો મળતો નથી, અને ખાનગી લોકોને કમાવી આપવા માટે વીજળીનું જે આયોજન થઇ રહ્યું છે એમાં હું માનું છું ત્યાં સુધી આ ખાનગી વીજળી જે વર્ષો પહેલા બહુ ઓછી હતી આજે ખાનગી વીજળીનું પ્રમાણ આપણે ત્યાં લગભગ ૬૩ ટકા થઇ ગયું છે, એટલે આ પ્રાઇવેટ કોન્ટ્રીબ્યુશન ૬.૩૩ અને સ્ટેટનું કોન્ટ્રીબ્યુશન ફકત ૨૦ ટકા છે અને સેન્ટ્રલનું ૧૭ પરસન્ટ, એટલે આ રીતે વીજળીમાં વાતો કરે છે એ લોકોને ગુમરાહ કરવાની વાત છે. લગભગ ખાનગીમાં જયારે પીક અવર્સ હોય છે ત્યારે ખાનગી વીજળી ખરીદવામાં આવે છે અને ૪૫૦ કરોડ રૂપિયાનો માર અદાણી અને ટાટાની મોંઘા ભાવની વીજળી ખરીદવાથી લોકો ઉપર પડે છે. રૂટીનમાં ૨.૩૫ છે, ટાટાને ૨.૨૬ છે, તે ઇન્ક્રીઝ થાય જયારે એફ.પી.ટી.એ. ના આધારે ત્યારે લગભગ ૧૫૦ અને ૨૯૮ એમ ૪૫૦ કરોડ રૂપિયાનો ગુજરાતની જનતા પર માર પડે છે. તેની સામે ખેડૂતો વીજળી વગર મરે છે અને પ્રજાને ૫૦૦ કરોડનો માર આ સરકાર આપી રહી છે. સાચા આંકડા હોય તો બહાર કહેજો તો લોકો વાહ વાહ કરશે. ખોટું હોય તો અમારી વાત સાંભળીને અમને પણ કહેશે કે આ વાત સાચી છે. ધન્યવાદ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ (અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન બદલ આભાર માનવા માટે ભાઇશ્રી દેવુસિંહભાઇએ પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમાં મારો સૂર પૂરાવવા માટે ઊભો થયો છું.

થોડી વાર પહેલા માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે સાબરમતી નદીમાં હોડકા ફેરવવા માટે નર્મદાનો ઉપયોગ થાય છે. મારે એમને કહેવું છે કે પ્રાઇમ મિનિસ્ટરે પોતે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટને પ્રાઇમ મિનિસ્ટરનો નેશનલ એવોર્ડ ફોર બેસ્ટ કન્સેપ્ટ એન્ડ ડીઝાઇન એવોર્ડ આપવામાં આવ્યો છે. એટલે ભારત સરકાર હોડકા ચલાવવા માટે એવોર્ડ આપતી હોય તેવું તો બની જ ન શકે ને? મને લાગે છે કે કોઇ પણ વાત આપણે આ ગૃહમાં જયારે રજૂ કરીએ ત્યારે મારી વિનંતી છે કે આપણે •(xxxxxx) ગુમરાહ, માનસિક વિકૃતિ, આ બધી વાતોના બદલે ગુજરાતનો જે વિકાસ થયો છે, સર્વાંગી વિકાસ, એમાં ખાસ કરીને શહેરી વિકાસના ક્ષેત્રે જે વિકાસ કરવામાં આવ્યો છે એ અંગેની મારે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૦-૨૦૦૧ માં શહેરી વિકાસ વિભાગનું બજેટ ફકત અને ફકત ૧૫૩ કરોડ હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિને કારણે ૨૦૧૩માં આ બજેટ ૬૬૫૦ કરોડની જોગવાઇવાળું કરવામાં આવ્યું છે, આ બનાવટ નથી આ ખરેખર વિકાસ છે. સારા સુશાસનના કારણે આટલી માતબર રકમ રાજય સરકારે શહેરી વિકાસ માટે ફાળવી છે. ૨૦૦૯-૨૦૧૦ થી પાંચ વર્ષ માટે રાજયના જયારે ૫૦ વર્ષ પૂરા થયા ત્યારે સ્વર્ણિમ્ જયંતિ મુખ્યમંત્રી શહેરી યોજના માટે ૭૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી. મને કહેતા આનંદ થાય છે કે સાત હજાર કરોડથી વધારે ખર્ચ કરવામાં આવ્યો છે અને હવે આગામી પાંચ વર્ષ માટે ૧૫ હજાર કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. કોંગ્રેસ સરકાર અગાઉ હતી, ત્યારની વાત કરું તો હમણાં લોકાયુકતનો રિપોર્ટ આવ્યો છે. કેવા પ્રકારની કામગીરી થતી હતી એ એના ઉપરથી ખ્યાલ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આવશે. ખૂબ શરમજનક કામગીરી થતી હતી.(અંતરાય) આ કામગીરી માટે ૧૭ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે એ ખૂબ આનંદની વાત છે. આજે ગુજરાતની અંદર ૪૩ મહાનગરપાલિકાને નવા સદન મેળવવા માટે ૨૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે. મહાનગરપાલિકાઓ માટે ૬૬ હજાર કરોડના ૧૩,૫૦૦ કામો મંજૂર કરવામાં આવ્યા અને મોટા ભાગના કામો પ્રગતિમાં છે અને પૂર્ણ થવામાં છે. કોંગ્રેસની સરકારે અગાઉ કયારેય નગરપાલિકાની ચિંતા નહોતી કરી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ ૧૫૯ નગરપાલિકાઓ માટે ૯૭૮ કરોડ રૂપિયા ૬૩૦૦ કામો માટે મંજૂર કરેલા છે.

થોડીવાર પહેલા પીવાના પાણીની વાત કરવામાં આવી. મને કહેતા આનંદ થાય છે કે ૧૫૭ જેટલા પ્રોજેકટો નગરપાલિકા વિસ્તારમાં મંજૂર કરવામાં આવ્યા છે. ૮૦ ટકા પ્રોજેકટો પૂરા થઇ ગયા છે અને ૬૪ પ્રોજેકટો ચાલુ છે. ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં તમામ કામો પૂર્ણ કરવામાં આવશે એ પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે. આઠ મહાનગરપાલિકા માટે ૨૫૦૦ કરોડનો ખર્ચ ફકત પીવાના પાણી માટે કરવામાં આવ્યો છે. ગટર વ્યવસ્થા માટેની વાત કરવા માગું છું. ભૂર્ગભ ગટર વ્યવસ્થા આજે દેશના મોટા મોટા શહેરમાં પણ ઉપલબ્ધ નથી. જયારે ગુજરાતની અંદર ૪૨૫૦ કરોડના ખર્ચે ૧૫૯ જેટલા પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા છે. ૧૦૮ જેટલા પ્રોજેકટ પ્રગતિમાં છે અને ચાલુ વરસે ૫૦૦ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. નગરપાલિકાઓ નમૂનારૂપ શહેરો બને એ માટે ૯૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૪૭૦૦ થી વધારે કામો મંજૂર કરવામાં આવ્યા છે. શહેરો સ્વચ્છ બને, સફાઇદાર રહે એ માટે વ્યકિતગત શૌચાલય માટે છ હજાર રૂપિયા આપવામાં આવતા હતા એના બદલે આઠ હજારની સહાય કરવામાં આવી છે. આઠ હજાર રૂપિયા એટલે સૌથી વધારે રકમ શૌચાલય માટે ગુજરાતમાં ફાળવવામાં આવી છે. ૪ લાખ ૨૮ હજાર કુટુંબોને ૧૯૧ કરોડ રૂપિયાની સહાય ફાળવવામાં આવેલી છે. ૧૭૦૦ જેટલા પે એન્ડ યુઝ ટોઇલેટ બનાવવામાં આવેલ છે. નગરપાલિકા વિસ્તારની અંદર ગેસ અને વિદ્યુત આધારિત કૈલાસધામ સ્મશાન માટેની યોજના દાખલ કરવામાં આવેલી છે. શહેરોની અંદર પ્રવાહી, ઘન કચરાના નિકાલ માટે ૫૦ જેટલા શહેરો પસંદ કરવામાં આવ્યા છે અને જાહેર ખાનગી પાર્ટનરશીપની અંદર એનો અમલ કરવામાં આવશે. ઘન કચરાના નિકાલ માટે ૮૮ કરોડના ખર્ચે ૭૦ હજારથી વધારે સાધનોનું વિતરણ મ્યુનિસિપાલિટીમાં કરવામાં આવેલ છે. ૮૫ નગરપાલિકાની અંદર ૪૦ કરોડના ખર્ચે વર્મીકમ્પોઝ પ્લાન્ટોનું બાંધકામ કરવામાં આવેલ છે. આ સરકાર ગરીબો માટેની છે. ગરીબોના કલ્યાણને વરેલી છે અને અગાઉની કોંગ્રેસ સરકારની માફક ફકત વાતો નથી કરતી. ૧૩ હજાર કરોડ રૂપિયા ગરીબ સમૃદ્ધિ યોજના માટે ફાળવવામાં આવ્યા અને ૧૩ હજારની સામે ૧૩૪૮૯ કરોડનો ખર્ચો કરવામાં આવ્યો છે. આગામી પાંચ વરસમાં ૨૫ હજાર કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. ગરીબોને માળખાકીય સુવિધા મળે, સ્વચ્છ વાતાવરણ મળે, રોજગારી મળે અને ઘરનું ઘર મળે એના માટે આ યોજના દાખલ કરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે બેઝિક સર્વિસીસ માટે ૨૭ પ્રોજેકટો માટે ૨૦૬૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અને રૂ.૧,૧૩,૪૮૮/- મંજૂર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગની કામગીરી છે એના માટે રાજ્ય સરકારને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ૫૦થી પણ વધારે એવોર્ડ આપવામાં આવેલ છે. ગીફ્ટ સીટી હોય, બી.આર.ટી.એસ. હોય, ટવીન સીટી હોય, સેટેલાઇટ સીટી હોય આ તમામ કન્સેપ્ટ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપેલા છે. આજે નવા પ્રોજેક્ટની વાત થઇ રહી છે. શિક્ષણકારો પણ એના ઉપર રિસર્ચ કરી રહ્યા છે. મેં ગઇકાલે જ વાંચ્યું કે સૌથી વધારે લેખકો બાયોગ્રાફી લખવા જઇ રહ્યા છે. ગુજરાતનો એવો નમુનારૂપ વિકાસ થઇ રહ્યો છે કે, આવનારા દિવસોમાં કોંગ્રેસ શાસિત રાજ્યના આગેવાનો અને નેતાઓ ગુજરાત આવીને શહેરોનો વિકાસ કેવી રીતે થઇ શકે તેનો અભ્યાસ કરશે. આમ ગુજરાતનો શ્રેષ્ઠ વિકાસ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આનંદીબેન પટેલને હું અભિનંદન આપું છું અને રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પરમ મિત્ર દેવુસિંહ જે પ્રમાણે કહેતા હતા કે, ગુજરાતનો ગુજરાતી કેવો હોવો જોઇએ? આજે હું ગુજરાતી હોવાના નાતે મને ગૌરવ છે. હું ગુજરાતી છું એનું સૌથી મોટું ગૌરવ એ છે કે, સમગ્ર વિશ્વમાં જોઇએ તો એમ કહેવાય છે કે, ગુજરાતી બોલે તો કદાપિ ફરે નહીં એનું નામ ગુજરાતી છે. વિશ્વની દરેક જગ્યાએ ગુજરાતી જતાં હોય, છ કરોડ ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કરતા આગેવાનો જતાં હોય અને ગુજરાત માટે આવું બોલે? અને કદાચ સાચું બોલે તો અમને પણ ઘેર બેઠાં બેઠાં ગૌરવ થાય. ગુજરાતની છ કરોડની જનતા આજે વિચારે છે કે, ક્યાં ગાંધીજી હતા, ક્યાં સરદાર વલ્લભભાઇ પટેલ હતા અને આજે ગુજરાતની શું દશા આવી છે કે, ગુજરાતના નામે કેવું બોલે છે! કેટલું •(xxxxxx) બોલે છે! એના કારણે સમગ્ર ગુજરાતને નીચું જોવાનું આવે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આજે ગુજરાતની પરંપરામાં, ગુજરાતના લોકોને કેટલું મોટું નુકસાન થઇ રહ્યું છે! આજે એક વર્ષની અંદર ૬૦ હજાર કરોડ રૂપિયાના વિકાસનું બજેટ લઇને આવ્યા. મારે આ સરકારને પૂછવું છે કે, તમે સમગ્ર ભારતમાં ફરો એનો વાંધો નથી પણ ગુજરાતનો વહીવટ બરાબર થાય એ જોવું જોઇએ. આજે ગુજરાતમાં આ વિકાસના પૈસા રૂ.૪૪,૦૦૦/- કરોડ આજે વિકાસ વગર પડ્યા રહ્યા છે. આજે ગુજરાતની છ કરોડની જનતાને એક કરોડ રૂપિયાના હિસાબે ગણીએ તો રોજનું રૂ.૪૦૦૦/- વ્યાજ થાય. ગુજરાત સરકારે ગુજરાતની જનતાને રોજનું રૂ.૨૦/- લાખનું નુકસાન કરાવ્યું છે. અહીંયાં ગમે તે કારણે આજે ગુજરાતની શું સ્થિતિ છે એ મારે કહેવું છે.

ગુજરાતની સ્થિતિ એવી છે કે, ગુજરાતમાં બાર વર્ષથી મોટા મોટા ઉત્સવો થયા, એમાં મોટી મોટી પ્રસિદ્ધિઓ થાય. આપણને એમ થાય કે ગુજરાત નંબર વન બન્યું છે, ગુજરાતી તરીકે મને પણ ગૌરવ થાય. પરંતુ હકીકતમાં આપણો માનવ વિકાસમાં નંબર ક્યો? તો મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આપણો નંબર અગિયારમો છે. ગુજરાત અને ગુજરાતી કેટલો મહાન. આજે સમગ્ર ભારતમાં માનવ વિકાસ કેટલો? તો ૨૦ ટકા અને ગુજરાતનો માત્ર ૧૧ ટકા. આ શું ગુજરાતનો વિકાસ છે? મારે એ પૂછવું છે આપણે માનવ વૃદ્ધિ દરમાં આજે ગુજરાત કયાં છે? તો આજે સાતમા ક્રમે ગુજરાતનો નંબર છે. આજે આપણને એમ થાય કે માનવ વિકાસમાં માસિક વ્યકિતદીઠ ખર્ચમાં ગુજરાતનો નંબર કયો? પંદરમો. આ ગુજરાતની દસ વર્ષની અંદર એવી સ્થિતિ થઇ છે કે બીજા બધા રાજયો દિનપ્રતિદિન પ્રગતિ કરવા માંડયા છે આજે ગુજરાત...

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સાહેબ એ આંકડા આપે છે એ કયા સોર્સના છે એ આપે તો અમે જરા ચકાસીએ. કયા વર્ષના છે અને કયા સોર્સના છે. એ આંકડા મારે જોઇએ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ તપાસી લેજો. આમાં એક પણ આકડો..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તપાસી લેજો નહીં. તમે સોર્સ બોલો. બલવંતસિંહભાઇ તમે કોનું લખેલું વાંચો છો એ મને કહો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કોઇનું લખેલું નહીં, આ ગુજરાત સરકારનું લખેલું અને ભારત સરકારનું વાંચુ છું.

અધ્યક્ષશ્રી : બલવંતસિંહભાઇ, આ આંકડા છે એ સેન્ટ્રલ ગવર્નમેન્ટ કે સ્ટેટ ગવર્નમેન્ટના હોય એ રેકર્ડ ઉપર મૂકજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી,આ ગુજરાત સરકારની બુકો અને ભારત સરકારની બુકોમાંથી લીધેલા આંકડા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મને સોર્સ કહો. આ રીતે ત્યાંથી બતાવે એ ના ચાલે મને સોર્સ કહો..

અધ્યક્ષશ્રી : તમારા આ જે આંકડા છે, એ તમે શેમાંથી આંકડા લીધા છે ?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ જ ગુજરાત સરકારના બજેટમાંથી, રાજયપાલશ્રીના પ્રવચનમાંથી અને હિન્દુસ્તાનના જે આંકડાઓ છે એમાંથી આંકડા લીધેલા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ ટેબલ ઉપર મૂકજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હા, હું ટેબલ ઉપર મૂકીશ.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ મૂકે સાહેબ, તો અમારે જવાબ અપાય ને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બિલકુલ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના સરકારી આંકડા છે એટલે સાચા જ હશે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પતી ગયો પોઇન્ટ ઓફ ઓર્ડર..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નીતિનભાઇ સાહેબને કદાચ સાંભળવું નહીં ગમે. એટલા માટે ના ગમે કે બધું સારું સારું જ સાંભળવાનું નંબર–વન નંબર–વન, આ કેટલા નંબરમાં છીએ એ હું ગણાવી રહ્યો છું. નીતિનભાઇ સાહેબ જે વિભાગના મંત્રી છે ભલે એ છાતી ઠોકીને કહે આજે ગુજરાતમાં કયા નંબરે છીએ તો આજે ભારતમાં આરોગ્યમાં બારમા નંબરે છીએ. એમના આત્માને પૂછો, આ રીઆલીટીની વાત કરુ છું. એનાથી આગળ વધીને કહુ છું. ગ્રામ્ય વિસ્તારમાં બેકારીમાં ગુજરાતનો નવમો નંબર છે, આજે આ ગુજરાતમાં પરિસ્થિતિ છે. રીઆલીટી કહુ છું. તમે ગુજરાતમાં ડંકો વગાડો છો કે ગુજરાત કયાં છે, મારે એ બતાવવું છે કે વાસ્તવિક ગુજરાત કયાં છે? એ હું આજે કહી રહ્યો છું. બાલમૃત્યુમાં ગુજરાતનો કયો ક્રમ છે? ચોવીસમો ક્રમ છે. મારે એ કહેવું છે કે ગુજરાતની માથાદીઠ આવક પણ નવમાં ક્રમે છે. આ બધા આંકડા છે એની સ્થિતિમાં મારે માત્ર એટલું કહેવું છે કે ગુજરાતનો વિકાસ થાય,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,મારો ફરી પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હજુ પણ ગુજરાતનો માથાદીઠ આવકમાં નવમો નંબર છે એ માનનીય સભ્યશ્રી બિલકુલ •(xxxxxx) બોલી રહ્યાં છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એના પુરાવા આપજો તમે.

અધ્યક્ષશ્રી : તો એને સાચું નથી એમ કહેવાય. (xxxxxx) એમ ના કહેવાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર મૂકવું પડે ને સાહેબ. એ પોતાના મનમાં આવે એવા આંકડા આપે છે એ કેવી રીતે ચાલે? આ ગૃહને ગેરમાર્ગે દોરે છે.

અધ્યક્ષશ્રી : તમારી પાસે જે નંબર છે એ ઓથેન્ટીક હોય તો ટેબલ ઉપર મૂકજો. અને ટેબલ ઉપર નહીં મૂકો તો એ શબ્દો કાઢી નાખવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બીજું સાહેબ, મારી આપને વિનંતી છે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, તમે કેમ ઊભા થાવ છો? આમને બોલવા દો ને. આ ઓછા છે? એમને કોઇની જરૂર નથી. બોલો તમે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી છે કે હું જે બોલતો હોવ, આજે કદાચ એમને જવાબ આપવો હોય તો એમની પાસે ઓથોરીટી હોય તો જવાબ આપે પણ ડીસ્ટર્બ કરે, એક નેતાશ્રીને ડીસ્ટર્બ કરે, અમે બિલકુલ પ્રમાણિકપણે એ બોલતા હોઇએ ત્યારે મંત્રીશ્રી આ રીતે ડીસ્ટર્બ કરે ..

અધ્યક્ષશ્રી : ડીસ્ટર્બ નહીં. પોઇન્ટ ઓફ ઓર્ડર તો ઉઠાવે, આંકડા હોય એ કયાંથી છે એ કહેજોને.

શ્રી નિરંજન પટેલ : એમના આંકડા સાચા અને અમારા આંકડા ખોટા?

અધ્યક્ષશ્રી : એમણે કયાં આંકડા જ આપ્યા છે? એમાં તો શું છે અહીંથી ઓછા થઇને ત્યાં વધે છે એ જ આંકડા સિવાય બીજા કોઇ આંકડાની એમને ખબર નથી. એમને એક જ આકડો જોઇએ છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આગળ બેઠેલા પચાસ જણા એવા હશે જેમનું ગોત્ર કોંગ્રેસનું હશે.

અધ્યક્ષશ્રી : અરે એકલા હોય તો ય બસ છે. એમને પચાસની જરૂર નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે કૃષિ દરની અંદર વાત કરવી છે. ગુજરાત હંમેશાં આગળ જતું હોય તો આપણને એમ થાય કે કૃષિદરની અંદર ગુજરાતની શું સિસ્ટમ છે, આજે મારે એ જાણવું છે કે ગુજરાતમાં આપણે એમ કહીએ કે આખે આખી મારૂતિ ઠેઠ પેલા એમાં થઇને બહાર નીકળે છે અને અમારો ખેડૂત એ મારૂતિવાળો છે. આખા ભારતમાં આવી ક્યાંય પરિસ્થિતિ નથી એવી વાતો કરતા હોઇએ છીએ. મારે દર ગણાવવો છે. સૌથી વધારે કૃષિમાં પોંડિચેરીમાં ૧૦.૪ છે. મેઘાલયમાં ૧૦૩૯, મણીપુરમાં ૧૨.૩૪ અને આસામમાં ૧૨.૩૪ છે. બિહાર જેવામાં ૧૭.૧૬ છે અને ગુજરાતની અંદર આપણે ૭મા નંબરે છીએ. નીતિનભાઇ એમાં વાંધો લે તો મને વાંધો નથી. આજે વાસ્તવિક ગુજરાતમાં કૃષિની હકીકત આ છે. લોકો સુખી અને સાધન–સંપન્ન થાય એ માટે નર્મદાની વાત થઇ. મારે યાદ દેવડાવવું છે કે ૨૦૦૫માં નર્મદા પૂરી કરીશું અને ૧૮ લાખ હેકટરને પાણી પૂરું પાડીશું, દરવાજાની ગમે તે વાતો કરતા હોઇએ પણ મેં સરકારમાં હમણા પ્રશ્ન પૂછ્યો હતો અને પૂછ્યું હતું કે બે વર્ષમાં કેટલા લોકોના પુનઃવસનના કામ કર્યા અને કેટલા બાકી છે? બે દિવસ પહેલાં જવાબ આપ્યો છે કે ૩૩ જણના ડિસેમ્બર સુધીમાં પૂરા કર્યા છે. જ્યાં સુધી આ કામો પૂરા ન થાય ત્યાં સુધી દરવાજા કોઇ દિવસ લાગે નહીં. ગમે તે વાત હોય, દરવાજા ઉપર કોઇનું પણ નામ લગાવે, પણ અમે એમ કહીએ છીએ કે નર્મદાનું કામ પૂરું કરો. જેની તકતીઓ લગાવવી હોય એ લગાવજો. ૨૦૦૫ થી ૨૦૧૩ સુધીના આઠ વર્ષમાં ગુજરાતના ખેડૂતોને અન્યાય કર્યો છે. જે રીતે ગુજરાતની ભૂમિને અન્યાય કર્યો છે અને આઠ આઠ વર્ષ જતા રહ્યાં છતાં ૭૦ ટકા જેટલી કેનાલોના કામો આજે પણ બાકી છે. અમે તમારી સાથે છીએ. અમે એમ કહીએ છીએ કે તમે નર્મદાના કામો સારી રીતે કરો. ગુજરાતી તરીકે મને ફાયદો થાય એમાં અમે તમારી સાથે રહેવાના છીએ. માત્ર વાતો કરવાથી કાંઇ પ્રશ્નોનું નિવારણ થવાનું નથી. આજે સમગ્ર ભારતમાં મૂડીરોકાણોની વાત જોઇએ તો ૨૦૦૫ થી લઇને અત્યાર સુધીમાં ૬ જેટલી વાયબ્રન્ટ થઇ. સરકારે એના આંકડા આપ્યા અને વાયબ્રન્ટમાં જે એમ.ઓ.યુ. થયા એ લાખો કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને એની મોટી જાહેરાતો પણ થઇ. હકીકતમાં વાયબ્રન્ટની પરિસ્થિતિ એવી છે કે માત્ર ૧.૯૫ એટલે કે બે ટકા જેટલું જ રોકાણ થયું છે. વાસ્તવિકતા આ છે. મોટી મોટી જાહેરાતો થાય અને ઉદ્યોગો આવે. ઉદ્યોગોના નામે કેવી રીતે જમીનો અપાઇ જાય, કેટલી સસ્તી જમીનો અપાઇ જાય? એક ઉદ્યોગપતિ તરીકે વિચારું છું કે નાના ઉદ્યોગો આજે ગુજરાતમાં બંધ થઇ રહ્યા છે. ૫૦ ટકાથી વધારે નાના ઉદ્યોગો આજે બંધ થઇ રહ્યા છે. મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓ આવતી હોય ત્યારે નાના ઉદ્યોગો તરફ કોઇ જોતું નથી. ઉદ્યોગો ખાલી નામ માટે ગુજરાત આવે છે એની જાહેરાત માટે. આજે વાસ્તવિકતા એ છે કે ૩૩ હજાર કરોડ રૂપિયા અને ૨ હજાર કરોડ રૂપિયાના પ્રોજેકટો જુદા જુદા સ્ટેજે ગણવામાં આવે અને આટલો મોટો ફાયદો આપી શકતા હોય તો પછી ગુજરાતમાં બેકારીનો પ્રશ્ન ન રહે.

હમણાં તલાટીની ભરતી આપણે જોઇ. માત્ર ૧૫૦૦ જગ્યાઓ માટે ૧૦ થી ૧૨ લાખ લોકો અરજીઓ કરે એ ગુજરાતની બેકારીની વાસ્તવિકતા છે. આ બેકારી પણ કેવા પ્રકારની છે, પેપરોના માધ્યમથી આપણે વાંચીએ છીએ કે એક તલાટીની મહિને પાંચ હજારની કમાણી માટે ૧૦ લાખ રૂપિયા લાંચ આપવા માટે તૈયાર થાય એ ગુજરાતની વાસ્તવિકતા બતાવે છે. એના ઉપર ચિંતા કરવાનો સમય પાકી ગયો છે. આપણને દુઃખ થાય કે ગુજરાત એ પહેલાનું ગુજરાત અને આજે ગુજરાતની શું પરિસ્થિતિ છે? મારે દેવુસિંહને યાદ કરાવવું છે કે ગુજરાતની અંદર કેવા ગુજરાતી થાય અને બધું કરી દે તો અમને આનંદ થશે. અમે તમારી સાથે રહીશું. પણ જે રીતે વાતો થાય છે. જે રીતે પરિસ્થિતિનું નિર્માણ થાય છે, જે રીતે આ પદ્ધતિથી કરવામાં આવે છે એ માત્ર વાતો ઉપરની છે એટલે આ સરકાર એમાં સુધારો લાવે એવી મારી વિનંતી છે.

શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી દેવુસિંહ લઇને આવ્યાં છે તેમના આભાર પ્રસ્તાવમાં સૂર પૂરાવું છું અને મારો મત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિપક્ષના દંડકશ્રી બલવંતસિંહજીએ બહુ જોરજોરથી અને મોટી–મોટી વાતો કરી, દેશ અને દુનિયામાં ખોટું બોલાય છે એની ચર્ચાઓ કરી પણ મને વિપક્ષના નેતાએ ગુજરાત, દેશ અને દુનિયાની વાત કરી. દંડકશ્રીએ દેશ અને દુનિયાની વાત કરી છે ત્યારે મારે એમને યાદ કરાવું છે કે, અમેરિકાના એક કાર્યક્રમને યાદ કરો કે અમેરિકામાં ચંપલોથી માર ખાવો પડ્યો એ દેશ અને દુનિયાએ જોયું હતું ત્યારે દેશ અને દુનિયાને ખબર છે કે ગુજરાત શું છે? હજુ પણ મુદ્દા અને સાચી વાત ઉપર આવી જાવ થોડાક પણ રહ્યાં છો અને નહિતર એ પણ નહિ રહી શકો મિત્રો.

બહુ વાતો કરી અને નર્મદાની પણ વાત કરી. નર્મદા માતા પ્રત્યે આટલો પ્રેમ હોય અને ખેડૂતો પ્રત્યે આટલી લાગણી હોયને તો નર્મદા ઓથોરિટીની મિટિંગ છેલ્લે ક્યારે મળી હતી એ વિચારી લેજો? અને ઉપર ઉપજતું હોયને તો તાત્કાલિક નર્મદા ઓથોરિટીની મિટિંગ બોલાવો અને દરવાજાની વાત કરજો. મને ખ્યાલ છે કે ૨૦૧૪નું વર્ષ ગુજરાતના માટે આનંદના સમાચાર છે અને તમારા માટે સમસ્યાના સમાચાર છે. ૨૦૧૪નું વર્ષ દેશ અને દુનિયાએ જોયું કે, ગુજરાતે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ અને ગુજરાતના યુવાનોએ જે સુંદર કાર્યક્રમો કર્યા હતા ત્યારે દેશ અને દુનિયાને સ્વામી વિવેકાનંદ શું હતા એ આ ગુજરાતે બતાવ્યું છે. સરદાર વલ્લભભાઇ પટેલની વાત કરી. સરદારશ્રીનું ૨૦૧૪નું વર્ષ ૧૩૮મી જન્મજયંતિ અને ગુજરાત સહિત સમગ્ર દેશ અને દુનિયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના કાર્યક્રમો કર્યા. મને દુઃખ થાય છે કે, જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સુંદર કાર્યક્રમો ચાલતા હતાં ત્યારે ગુજરાતના વિરોધપક્ષના નેતા જે દેશની અને પ્રાંતોની પ્રજા એ સન્માનનીય સરદારના સ્ટેચ્યુ બને એના માટે લોખંડ આપવા તૈયાર અને તત્પર હોય ત્યારે એ લોખંડને ભંગાર જેવા શબ્દો સાથે જોડીને એ માનસિક વિકૃતિ હતી એ આ દેશની પ્રજાને બતાવી આપી છે. ભંગાર ઉઘરાવવાની વાત કરતા હતા. તમને આમંત્રણ આપ્યું હતું છતાં તમે આવ્યા નહોતા. સરદાર પ્રત્યે આટલી લાગણી હતી તો જોડાવું હતુંને અમારી સાથે? આ દેશ અને દુનિયાને ગુજરાત શું છે એ બતાવ્યું છે. (અંતરાય) મેં જ કહી દીધું છે કે એમની માનસિકતા શું છે? એટલે એમને ભંગાર જ દેખાય છે. એકતા અને અખંડિતતા માટે જાણીતા સરદાર માટે આવા શબ્દો પ્રયોજવા અમને એવું લાગે છે કે એ વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાતની વાત થાય છે ત્યારે ગુજરાત એક ચાર અક્ષરનો શબ્દ છે અને આજે વિશ્વના નકશામાં કાંઇક અલગ ભાત પાડી છે. ગુજરાતનો વિકાસ, ગુજરાતની શ્રેષ્ઠતા, ગુજરાતની ગરિમા એની આગવી પહેચાન બની ગઇ છે. છેલ્લા દસકામાં ગુજરાતે સામર્થ્ય અને પુરુષાર્થની અનુભૂતિ કરાવીને એના અનોખા મિજાજનો પરિચય બતાવ્યો છે એ સમગ્ર દેશ અને દુનિયાએ જોયો છે.

માનનીય અધ્યક્ષ મહોદય, હું આ રાજ્યપાલના આભાર પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવતા કહું છું કે ભારત વર્ષના વિકાસને ધ્યાનમાં રાખીને ૨૧મી સદીને અનુરૂપ આધુનિકતમ વિકાસના સીમાચિન્હો પ્રસ્થાપિત કરવા હશે તો આ થનગનતા ગુજરાતના પુરુષાર્થપૂર્ણ પરિણામલક્ષી રાજનીતિ અને જે ગરીબોના હિતને પ્રાથમિકતા આપી સન્માનનીય મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં જે ગુજરાતે અદ્ભૂત પ્રગતિ કરી છે એ ૨૧મી સદીના સામર્થ્યવાન તરફ આગળ જવાના પગરણમાં પ્રેરકબળ પૂરું પાડે છે. આઝાદી પછી કદાચ હિન્દુસ્તાનમાં ગુજરાત જ એક એવો પ્રાંન્ત હશે કે જેણે છેલ્લા દસકામાં જે પ્રગતિ કરી છે અને અકલ્પનીય વિકાસ કર્યો છે એને દેશ અને દુનિયાએ જોયો છે. આ માત્ર વિકાસની વાત નથી. સરકાર અને જનતા વચ્ચેનું એક અંતર પણ એણે દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. એના માટેના રચનાત્મક પગલાં પણ લીધાં છે. આઝાદી પછી જેમણે ચાળીસ વર્ષ રાજ કર્યું છે એમણે ગુજરાતની કોઇ ચિંતા કરી હોત ને, તો આ પરિસ્થિતિ ના આવી હોત. ચિંતા માત્ર એક પરિવારની જ હતી. એક પરિવાર આગળ વધે, સુકાન સંભાળે એ ચિંતામાં આ ગુજરાતની છ કરોડની જનતાને ભૂલી ગયા અને એમાંથી બહાર આવે તો ગુજરાતની પ્રજાની ચિંતા કરે ને, પણ ગુજરાતની શાણી પ્રજાએ તેમને તેમનો રસ્તો બતાવી દીધો છે. પોકળ વચનો અને ભ્રષ્ટાચારોના ભોરીંગે સમગ્ર દેશને ઉધઇની માફક જયારે કોરી ખાધા છે ત્યારે ખાનારા લોકોને ગુજરાતની

પ્રજાએ છેલ્લાં કેટલાય વર્ષોથી એમને રસ્તો બતાવી દીધો છે અને ઘરે બેસાડી દીધા છે અને આવનાર દિવસોમાં આ ભારતભરમાંથી ઘરે જઇ રહ્યા છે એવા સર્વેક્ષણો એમણે પણ સ્વીકારી લીધાં છે. હમણાં ચાર રાજ્યોની ચૂંટણી થઇ હતી એમાં જે રાજ્યોમાં સત્તા પોતાની પાસે હતી એ સત્તાના એવા સ્થાનો ઉપર એક આંકડામાં જયારે સીમિત થયા ત્યારે આવનારી લોકસભાની ચૂંટણીમાં હમણાં બે આંકડામાં સીમિત થઇને રહી જનારા લોકો છે.

હું જયારે સરકાર અને તેના વિકાસની વાતો કરું છું એમાં સરકારે જે વિકાસ કર્યો છે એમાં વિવિધ યોજનાઓના અમલીકરણના હેતુથી એમાં નાણાંની ફાળવણી તથા તેનો ઉપયોગ એ સૌથી મહત્વનું હોય છે અને ઉપયોગ થાય એ જરૂરિયાતમંદ લાભાર્થીઓને એના હાથ સુધી એ લાભ પહોંચે. હું જરૂરિયાતમંદ લાભાર્થીનો શબ્દનો પ્રયોગ એટલા માટે કરું છું કે, હું લાભાર્થી કહું છું, હું દલાલો નથી કહેતો કે, ભૂતકાળમાં વચેટિયા અને દલાલો જ લાભ લઇ જતા હતા એ એમના તરફથી જ મળેલી વાત હતી કે, જયારે અમે રૂપિયો મૂકતા હતા તો પંદર પૈસા પણ નહોતા પહોંચતા. કહેવાનો આશય આ સરકારે જરૂરિયાતમંદ લાભાર્થી અને સાચા લાભાર્થીને શોધ્યા છે અને ગરીબ કલ્યાણ મેળા જેવા માધ્યમથી સમગ્ર દેશ અને દુનિયા જોઇ શકે એવા જાહેરમાં લાભાર્થીઓને એ યોજનાનો લાભ આપીને એને મોટા કર્યા છે. સરકાર જયારે આ (અંતરાય) કરમશીભાઇ, તમને ખબર છે,(અંતરાય) આપણે જિલ્લા (અંતરાય) કરમશીભાઇ હું આવું છું એક–બે દિવસમાં રૂબરૂ મળવા, ઉતાવળ ના કરો, આવી જઇશું ધીમે ધીમે, હું આવું છું બે દિવસમાં મળવા.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે સરકારે તેની યોજનાઓનું સંકલન, નક્કર આયોજન અને નાણાંના પૂરા વળતરની જે મેં વાત કરીને એ આ વિવિધ યોજનાઓનો અભ્યાસ કરવા આ પ્રાંત જ નહીં પણ સમગ્ર દેશના અને પ્રાંતના અધિકારીઓ આપણે ત્યાં યોજના અને એના અમલીકરણના અભ્યાસ કરવા માટે આવે છે. ગામડાં સમૃદ્ધ બનશે તો પ્રદેશ સમૃદ્ધ બનશે, અને પ્રદેશ સમૃદ્ધ બનશે તો દેશ સમૃદ્ધ બનશે એ મહાત્મા ગાંધીજીના વિચારોને કેન્દ્રમાં રાખીને ગુજરાતે ગામડાંઓના વિકાસની એક નવી પરિભાષા અંકિત કરી છે. છેલ્લાં ઘણાં વર્ષોથી જે નિરાશાજનક વાતાવરણ હતું ( સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક રીતે રાજ્ય અને દેશના ગ્રોથ એન્જીન તરીકે જે રીતે ગુજરાત પ્રસ્થાપિત થઇ ચૂક્યું છે ત્યારે માનનીય હમણાં સભ્યશ્રી વાત કરતા હતા, ઉદ્યોગ ક્ષેત્રે ૧૩ ટકાના દરે અને કૃષિ ક્ષેત્રે ૧૦.૭ ટકાના દરે વિકસી રહ્યું છે અને માથાદીઠ આવક એ ૧૩.૮ ટકાના દરે વધવા પામી છે અને દેશની નિકાસમાં ગુજરાતનો હિસ્સો જયારે ૨૨ ટકા સુધી પહોંચી ગયો છે. ગુજરાતનો વિકાસ એ માત્ર નકશા કે ગ્રાફમાં નથી. સૌ કોઇ ગુજરાતના વિકાસની નજરો નજર અનુભૂતિ કરે છે. આજે કોઇ દેશનો વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ કોણ હશે એ કોઇને ખબર નહીં હોય પણ ગુજરાતના સન્નમાનીય મુખ્યમંત્રી અને દેશના ભાવિ વડાપ્રધાન કોણ છે તો એ દેશ અને દુનિયામાં પૂછશો તો એક જ નામ આવશે કે, શ્રી નરેન્દ્રભાઇ મોદી છે.

મિત્રો આ ત્યારે જ શક્ય બન્યું છે કે, સ્વયં શ્રી નરેન્દ્રભાઇ કહે છે કે, "હું પડકારો ઝીલનારો માણસ છું, હું તેજ ઉછીનું લઉં નહીં, હું જાતે બળતું ફાનસ છું". મિત્રો જાતને ઘસાવવી પડે છે, જાતને, તો આ પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે અને એ સમગ્ર દેશ અને દુનિયાએ જોયું છે. વાયબ્રન્ટની પણ વાત કરી, ઉદ્યોગોની વાત કરી, હું બળવંતસિંહજીને કહેવા માગુ છું કે, I .M.P ., ઇન્મ્પ્લીમેન્ટેટ પ્રોજેકટ એટલે કમિશન્ડ પ્રોજેકટ, ગુજરાત સ્ટેટ ફર્સ્ટ ઇન ઇન્ડિયા માનનીય મંત્રીશ્રીએ પૂછ્યું હતું ને, હું એક વેબ સાઇટ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાની એના અવતરણને ટાંકીને કહું છું કે, જે ઉદ્યોગ સાહસિક, ગુજરાત એ પહેલો નંબર છે કે, જેનું ઉત્પાદન ૧૯૯૨ થી ૨૦૧૩માં પ્રથમ ક્રમે અને ઉદ્યોગ ક્ષેત્ર સૌથી પ્રથમ આવ્યું હતું.એ પછી મહારાષ્ટ્ર આવશે. એ પછી આંધ્રપ્રદેશ, વેસ્ટ બેંગાલ અને ઉત્તર પ્રદેશ અને તામિલનાડુ જેવા રાજયો પાછળ આવે છે. અંતમાં મારે એટલું જ કહેવું છે કે ઇતિહાસ સાક્ષી પૂરે છે કે જયારે જયારે આ રાષ્ટ્રની અસ્મિતા સામે પડકાર ઊભો થાય છે અને ઘનઘોર તમસ છવાયું હોય ત્યારે પ્રકાશનું પહેલું કિરણ જેમ દેવુસિંહે કીધું હતું કે ભારતના પશ્ચિમ કિનારે આવેલા ગુજરાતમાંથી પ્રગટ થયું. કૌરવોની કુટિલતા સામે ભગવાન કૃષ્ણ પણ જયારે બહાર નીકળ્યા હતા અને હવે તો યુદ્ધ એ જ કલ્યાણની ગર્જના હતી ત્યારે આગામી ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં પ્રજા ભ્રષ્ટાચારના મહેલના ખંડેરને, કોંગ્રેસને પરાસ્ત કરી, કોંગ્રેસમુકત ભારત બનાવી

ભારતની આ અસ્મિતાને ઉજાગર કરવા સન્માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન બનશે એ જ અભ્યર્થના. ભારત માતા કી જય.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી ભાઇશ્રી દેવુસિંહભાઇ રાજ્યપાલનો જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. બલવંતસિંહભાઇ આજે જે વાત કરતા હતા મને એમ થયું કે જેને ઘરે જાન આવી હોય ત્યારે •(xxxxxx) દે ખરેખર એને વરરાજા સારો લાગતો હોય છતાં (xxxxxx) દે. હમણા બલવંતસિંહભાઇ અને અમે એક દિવસ બેઠા હતા બલવંતસિંહભાઇ કહે, મોહનભાઇ પહેલા હું કચ્છમાં મારી ફેકટરીએ જતો, તો મને સાત કલાક થતા, અત્યારે ચાર કલાકે હું પહોંચી જાઉં છું.

અધ્યક્ષશ્રી : મોહનભાઇ, એ (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ. કોઇપણ સભ્ય બોલે એ (xxxxxx) જેવું બોલે છે એવું ન હોય. તમારું બોલોને, આપણા (xxxxxx) હમણા ચાલુ થઇ જશે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે હમણા સરદાર સાહેબની વાત ચાલતી હતી. મને યાદ સો ટકા છે કે આદરણીય શ્રી શંકરસિંહજી બાપુ એક વાર ભાષણની અંદર બોલતા હતા કે આ કોંગ્રેસે હંમેશાં સરદાર સાહેબને અન્યાય કર્યો છે. દિલ્હીની અંદર એમણે પ્રતિમા મૂકવામાં પણ અન્યાય કર્યો છે ત્યારે ભારતીય જનતા પાર્ટીમાં આ બાપુ હતા ત્યારે સેન્ટ્રલ હોલની અંદર સરદાર સાહેબની પ્રતિમા આ ભારતીય જનતા પાર્ટીએ મૂકી હતી. હમણા આપણે એમ કહીએ છીએ કે અખંડ ભારતના શિલ્પી નહીં, ૫૬૫ રજવાડાને એક કર્યા હતા તમે ૬૦ તો સાચવી શકો, એ ચ પાંચ આવી ગયા એને તો સાચવો, આ ગુજરાતની અંદર જો ખરા અર્થમાં રાજય અને રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો ગામડાંનો વિકાસ થાય તો જ રાષ્ટ્રનો વિકાસ થાય. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પહેલા ગામડાંથી શરૂ કર્યું કે સો ટકા ગામડાંની અંદર ૨૪ કલાક વીજળી મળવી જોઇએ. એના કારણે ગામડાંની અંદર વિકાસ થયો. ગામડાંની અંદર પાણીની પાઇપલાઇન હોય, ગામડાંમાં ભુગર્ભ ગટર યોજના હોય, ગામડાંમાં પૂરા શાળાના ઓરડા હોય, ગામડાંમાં બાલમંદિર હોય, ગામની અંદર તમામ સુવિધા પૂર્ણ થાય તો જ ગામડાંનો વિકાસ થાય.

હજી બે દિવસ પહેલાની વાત કરું અમારા પ્રભારી મંત્રીશ્રી સૌરભભાઇ એક ઉદ્ઘાટનમાં આવ્યા હતા. એક જ દિવસમાં ૧૩૬ કરોડ રૂપિયાના કામના ઉદ્ઘાટન થાય. ગામડાંની અંદર નવ નવ કરોડ રૂપિયાની પાઇપલાઇન એક એક ગામની અંદર કલ્પના નહોતી કરી કોઇ દિવસ. અમે ગામડાંની અંદર પહેલા નાના હતા ત્યારે અમારા વડીલો એમ કહેતા કે જંગલની અંદર ધ્યાન રાખજો એક કીડીખાઉ આવ્યું છે. અમે નાના હતા ત્યારે ખબર હતી કે કીડી ખાઉ હોય પણ કોલસાખાઉ અને લાકડાખાઉ હવે સાંભળવા મળ્યું કે આ કોલસાખાઉ પણ હોય અને લાકડાખાઉ પણ હોય (અંતરાય) એ કોણ ખાઉ એ હમણા ખબર પડી જશે મે મહિનામાં. ગઇકાલે હું કચ્છમાં ગયો હતો. નખત્રાણાની અંદર એક કાર્યક્રમ હતો કે પૂરું ગોત્ર કાલે ભા.જ.પ.માં ભળ્યુ. એમાં જી.પી.પી. આવી ગયું અને કોંગ્રેસ આવી ગયું બધા નેતાએ ભાષણ કર્યા જે ભળ્યા એણે. એણે ભાષણમાં કીધું કે આજ સુધી અમને ખબર નહોતી કે આ લોકો કેટલી હદ સુધી જશે આ ભ્રષ્ટાચારમાં અને આજે જયારે આખા દેશની અંદર ગુજરાતની વ્યકિત માનનીય નરેન્દ્રભાઇ જયારે વડાપ્રધાન થવા જઇ રહ્યાં છે, ત્યારે એક ગુજરાતી તરીકે અમારી ફરજ છે એટલા માટે અમે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છીએ. ખાસ કરીને ગામડાંની અંદર જે આપણે વિકાસ જોઇ રહ્યાં છીએ. દરેક ગામડાંની અંદર સખી મંડળ, આ તમને કોઇ દિવસ સુઝયું નહોતું. ગામડાંની અંદર બહેનોને પગભર કરવા માટે આ ભારતીય જનતા પાર્ટીએ એક કંપનીની સ્થાપના કરી. એની અંદર બહેનોએ સખીમંડળ બનાવ્યું. આ ગુજરાતમાં ૨ લાખ કરતા વધારે સખી મંડળો ચાલે છે. એમાં ઓછામાં ઓછા ૨૫ લાખ બહેનોની સભ્યસંખ્યા છે. ૨,૫૦૦ કરોડ રૂપિયાનો વહીવટ કરે છે. જે ખાસ કરીને ગુજરાતની અંદર વિકાસ થઇ રહ્યો છે. આ બધા મિત્રો સમજે છે. મને યાદ છે. ૧૯૯૫ માં હું ધારાસભામાં ચૂંટાયો. મને યાદ છે કે ત્યારે મારા મત વિસ્તારમાં ૧૭૨ ગામો આવે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

એમાં ૨૧ ગામો આ ૪૫ વર્ષની અંદર ડામર રોડથી જોડાયેલા હતા. આ આનો વિકાસ. આજે ૧૦૦ ટકા જોડાયેલા છે. તો પણ આ લોકો બૂમો પાડ્યા કરે છે કે ગુજરાતને પાછળ રાખી દીધું છે. નટવરસિંહ દેકારો કરે. હું નટવરસિંહના ગામમાં એક કાર્યક્રમમાં ગયો હતો. ત્યાં આગળ ઝાંપાથી ગામની અંદર ગાડુ ચડાવવું હોયો તો બળદિયા પાછા પડે તેવી સ્થિતિ આજે છે. એ તો કરો. (અંતરાય) એ કેવી રીતે કરાય એ શીખવાડું. આપણા તાલુકા પંચાયતની અંદર આખા તાલુકાની અંદર આખા ગામડાંની આયોજનની ગ્રાન્ટ ૧૦ થી ૧૨ લાખ રૂપિયા હોય. પરમ દિવસે આયોજનની મીટિંગ હતી. એક તાલુકાની અંદર ૫-૫ કરોડ રૂપિયાનું દર વર્ષે આયોજન થાય. એકે એક ગ્રામ પંચાયતને ૫-૫ લાખ રૂપિયા આપવામાં આવે અને ૨૫ હજારના ઢાળિયા નથી કરી શકતા. ૩૦ વર્ષ થયાં. શરમ થવી જોઇએ મિત્રોને. આજે આ ગુજરાતની અંદર જે રીતનો ઝડપથી વિકાસ થઇ રહ્યો છે. હમણા વાતો કરતા હતા નર્મદાની. આ સૌની યોજના છે અને સૌની યોજના તમને સાફ કરી નાખવાની છે. આ પૂરી થવા દો. તમારું •(xxxxxx) રહેવાનું. એકે ય બેઠા નથી રહેવાના આ લખી રાખજો. આ સૌની યોજના મારફત ૧૧૫ ડેમો ભરાશે, ત્યારે આ ખાલી થઇ જવાના છો. માર્ચ સુધીમાં ખાલી થઇ જવાના છો. લાઇનમાં ઘણા છે. તમારા મિત્રો કાનમાં કહી જાય છે અમે આવી જવાના છીએ. તમારે ત્યાંથી આવી ગયા. આ બાવકુલાલ અમારા ઘરે આવ્યા. તમે જાળવી રાખજો. આમાંથી એક તો ખેરવો.

અધ્યક્ષશ્રી : મોહનભાઇ એક મિનિટ છે. અંદરો અંદર વાત કરી લો, એટલે પૂરું થઇ જાય.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : જ્યારે ખરા અર્થમાં આ ગુજરાતનો વિકાસ આપણે સૌ દેખી શક્યા છીએ. ભારતની અંદર જે અત્યારે રેલીઓનું આયોજન કરવામાં આવે છે. એનાથી ભયભીત થઇ ગયા છે. આ તો આખા ભારતની અંદર અને પેલું આખું કુટુંબ જાય તો પણ ત્યાં માણસો નથી થતા. આ એક જ વ્યક્તિથી લાખો માણસો ભેગા થઇ જાય છે. એને કાન સોહરવી તો વઇ ગઇ છે. થોડા દિવસ મજા કરી લ્યો. આપણો સફાયો તો થવાનો જ છે. સાચી વાત કરશો તો હજુ લોકો સ્વીકારશે, નહિતર અમથા ઘરભેગા કરાવાના છે. જે દેવુસિંહભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું અને ટેકો આપું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

આ સરકારના મંત્રીઓ અને ધારાસભ્યો ૨૦૦૩ માં જે ખેડૂતોને મોટા મોટા હોર્ડિંગ્સ બતાવીને હાથતાળી બતાવતા હતા. આજે આ જ ખેડૂતોના નામે કહે છે કે વિકાસદર વધ્યો છે. ખેડૂતોના નામે. આજે ૧૦.૭ કૃષિ ક્ષેત્રમાં વિકાસ દર વધ્યો છે, તેવું કહે છે. મારે એમની પાસેથી જાણવું છે કે ૨૦૦૩ માં જે ૯૦૦૦ કરોડનું ઉત્પાદન હતુ અને આજે ૧,૧૨,૦૦૦ કરોડનું ઉત્પાદન વધ્યું છે તો એમાં આપનો ફાળો શું? કોઇ રાજયમાં ખાતર ઉપર વેટ નથી. તમે ખાતર ઉપર વેટ નાખ્યો છે. આ રાજયમાં કૃષિનું ઉત્પાદન વધ્યું છે એમ કહે છે અને પાકિસ્તાનમાં વીજળી વેચવાની વાત કરી છે, ત્યારે મારે એમની પાસેથી જાણવું છે કે આટલી બધી વીજળી વધી હોય તો ચૂંટણી ઢંઢેરામાં ૧૪ કલાક વીજળીની વાત કરતા હતા. આ ખેડૂતોને ૮ કલાકથી ૧૪ કલાક વીજળી કેમ આપી શકતા નથી? એમને જે વીજળી કોંગ્રેસના શાસનમાં વીજળી આપતા હતા તે હોર્સ પાવરથી મળતી હતી અને ૨૨ પૈસા યુનિટે મળતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ વીજળી ખેડૂતોને ૫૦ પૈસે યુનિટ મળે છે. આજે હોર્સ પાવર કાઢી નાંખ્યો અને મીટરો નાંખ્યા. ખેડૂતોને છેતર્યા. ખેડૂતોને એમ કહ્યું હતું કે અમે આ મીટરો નહીં આવવા દઇએ. એ ખેડૂતોને છેતરીને પાછલા બારણે મીટરો દાખલ કરી દીધા છે. આજે પરિસ્થિતિ એ થઇ છે કે ૨૦૦૧-૦૨માં ખેડૂતોને ૧૫૬૯૫ મિલીયન યુનિટ વીજળી મળતી હતી. આજે એ વીજળી ઘટતી ઘટતી ૧૩ હજાર મિલીયન યુનિટ થઇ છે. માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ તેના માટે વાત કરશે. મારે એ જાણવું છે કે કૃષિ વિકાસદર વધ્યો છે અને આ લોકો વાતો કરે છે તો શાના માટે તમે ખેડૂતોને ઓછી વીજળી આપો છો? આ સરકાર વેપારી સરકાર છે એટલા માટે ખેડૂતોને વીજળી નથી આપતી. કારણ કે ખેડૂતો જોડેથી એક યુનિટના ૫૦ પૈસા જ મળે છે જયારે આ જ વીજળી ઘરે આપો, દુકાને આપો કે ઉદ્યોગોને આપો તો વધુ પૈસા મળે છે. ત્યાં ૩ રૂપિયા, ૧૨ રૂપિયા અને ૨૦ રૂપિયા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મળે છે. એટલે સરકાર જયાં વધુ પૈસા મળે છે ત્યાં વધુ વીજળી આપે છે. ૨૦૦૧માં આ જ ઉદ્યોગોને ૯૮૦૦ મિલીયન યુનિટ વીજળી મળતી હતી. આજે આ જે ઉદ્યોગો છે તેને વીજળી ૨૭,૫૦૦ મિલીયન યુનિટ મળે છે. આપ વિચાર કરી શકો છો કે આ સરકાર કોની છે? ખેડૂતોની છે કે પછી આ ઉદ્યોગોની સરકાર છે? સૌથી વધુ ફાયદો થતો હોય તો ઉદ્યોગોને થઇ રહ્યો છે એમ લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડીક શિક્ષણની વાત કરું તો આજે આભાર પ્રસ્તાવમાં એક બાબત આવી છે, ધોરણ-૧ થી ૫માં ડ્રોપ આઉટ રેટ ૨૫.૫૦ ટકાથી ઘટીને ૨.૦૭ ટકા આવ્યો છે. મારે એમ કહેવું છે કે ૧ થી ૫ ધોરણમાં ડ્રોપ આઉટ રેટ કેવી રીતે હોઇ શકે? ૧ થી ૫ ધોરણમાં કેવી રીતે હોઇ શકે. હજુ તમે ૧૦ મા ધોરણ પછી કે ૧૨મા ધોરણ પછી ડ્રોપ આઉટ રેટની વાત કરો તો તે બરાબર છે. પ્રાથમિક શાળામાં અને પાંચમા ધોરણની વાત કરો છો. આપના જ પ્રવચનમાં આપેલું છે એટલે મારે કહેવું પડે છે. ડ્રોપ આઉટ રેટ ૧૦મા ધોરણ કે ૧૨મા ધોરણ પછીનો જ હોય તો તે બરાબર છે. પ્રાથમિક શાળામાં આપણે બાળકને મોકલતા જ હોઇએ છીએ. શાળા પ્રવેશોત્સવ કરવાથી શિક્ષણ સુધરી જવાનું નથી. છેલ્લે ૨૦૦૯થી ૨૦૧૩ સુધી જે આઠમું ધોરણ અપર પ્રાઇમરીમાં ગયું  ત્યાં છેલ્લા ત્રણ વર્ષથી તમે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો નથી ભરી શકયા. તેના લીધે આઠમા ધોરણનું છોકરું વગર શિક્ષકે નવમા ધોરણમાં ગયું છે. આ પરિસ્થિતિ આ સરકારે લાવીને મૂકી છે. પરિસ્થિતિ એ છે કે જે રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ છે ૫૫૦ સ્કૂલો છે ત્યાં આજની તારીખમાં એકપણ શિક્ષક કાયમી નથી. કયાંકથી લાવીને ટેમ્પરરી લાવી શિક્ષકોનું ભાવિ બગાડવામાં આવી રહ્યું છે.

તેનાથી આગળ જઇએ તો આદિવાસી વિસ્તારમાં એકલવ્ય રેસીડેન્સી સ્કૂલો ચાલે છે, મૉડેલ સ્કૂલો અને છોકરીઓની સ્કૂલો ચાલે છે ત્યાં એકપણ કાયમી શિક્ષક નથી. બધા જ ટેમ્પરરી છે. સારી તક મળતાં આ શિક્ષકો જતા રહે છે અને તેના લીધે શિક્ષણ બગડી રહ્યું છે, કથળી રહ્યું છે. સરકાર કહે છે કે એન્જિનિયરીંગ અને મેડિકલ કોલેજો માટે કોચીંગ કલાસ કરીને આપણે છોકરાઓને સારુ એડમીશન મળી શકે તેવા પ્રયત્નો કરીશું. મારે કહેવું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ૭૦૭ છોકરાઓને મેડિકલમાં એડમીશન નથી મળ્યું. આ શિક્ષણની હાલત છે. આટલી બધી જગ્યાઓ ખાલી રહે ત્યારે આપણે કેવી રીતે કહીએ કે શિક્ષણ સારુ છે, સુધર્યુ છે?

તેનાથી વિશેષ જે એન્જિનિયરીંગ અને મેડિકલ કોલેજો છે તેમાં પ્રોફેસરોની જગ્યાઓ ઘણી ખાલી છે. અમારા વિસ્તારમાં જયાં ભાજપના સંસદસભ્ય છે તેના ઘરની પાસે સી.એચ.સી. છે, મેડાસણ સી.એચ.સી. છે ત્યાં એકપણ ડોકટર નથી, તો દવાખાનું કેવી રીતે ચાલતું હશે. સરકાર તપાસ કરે. સી.એચ.સી. જેવા દવાખાનામાં ડોકટર ન હોય તો દર્દીઓ કયાં જતા હશે. મારી પોતાની ૯૫ બેડની હોસ્પિટલ છે ત્યાં પણ એક જ મેડિકલ ઓફિસર છે. આટલી બધી ખરાબ પરિસ્થિતિ ગામડાંઓમાં છે. ગામડાંઓના દર્દીઓને બેહાલ કરી મૂક્યા છે.

તેના સિવાય સરકારે ૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી. લોકો ખુશ થઇ ગયા કે આટલા બધા પૈસા મળશે. પણ પરિસ્થિતિ શું થઇ? જે પૈસા આવ્યા તે પૈસા કયાં ગયા અને તેનો રિપોર્ટ જયારે સરકારે કર્યો અને કહ્યું કે અમે ૧૫ હજાર કરોડ કહ્યું હતું પણ અમે ૧૭૮૩૭ કરોડ રૂપિયા વાપર્યા છે. આજની પરિસ્થિતિમાં ગામડાંઓમાં રસ્તા જૂઓ. હમણાં મોહનભાઇ રસ્તાની વાત કરતા હતા. કયારે રસ્તાઓ થયા એ  એમને ખબર નહીં હોય, રેકર્ડ ઉપર છે, ૨૦૦૧-૦૨માં  ૭૪૦૧૮ કિલોમીટરના રસ્તાઓ હતા, એ ગઇ સાલ સુધી  ૭૪૧૧૭ કિલોમીટર છે, એટલે તમે બહુ ઝાઝુ કરી નાખ્યું છે એવું નથી અને હયાત રસ્તાઓમાં આજે પણ સરકાર ડામર નથી કરી શકી. વીસ વીસ વર્ષ થઇ ગયા છે, છતાં પણ એ રસ્તાઓ ડામરના કરવા માટે સરકાર પાસે પૈસા નથી.

એ જ રીતે સિંચાઇની સગવડો,  સિંચાઇ માટે પણ સરકારે આદિવાસી વિસ્તારમાં ૨૫૦૦ કરોડની યોજના જાહેર કરી છે, પણ આજે પણ કોઇ તળાવ ભર્યુ નથી, કોઇ ચેકડેમ ભર્યો નથી, અને ઉપરથી જે આદિવાસી વિસ્તારમાં જે તળાવો હતાં એ તળાવોનું પાણી પણ ડાઉન વિસ્તારમાં લઇ જઇ અને  એ વિસ્તારમાં પાણી ન મળે એવા પ્રયત્નો સરકારે કર્યા હોય એવું દેખાઇ રહ્યું છે, ત્યારે છેલ્લે મારે એટલું જ કહેવું

છે કે, આ રાજયમાં સૌથી વધુ શિક્ષિત બેકારો છે, જે હમણાં જ વાત કરી, ૧૨-૧૨ લાખ માણસો ખાલી બારમું ધોરણ પાસ છે અને એ જો પરીક્ષા આપવા માટે આવતા હોય તો સાહેબ સરકારની હાલત શું છે? આ ગુજરાતમાં બેકારી કેટલી બધી વધી ગઇ છે? ખાલી સ્વર્ણિમ ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત કરવાથી કોઇ દિવસ વિકાસ થવાનો નથી. આટલી બધી બેકારી છે.

આજે જે બધી જ જગ્યાઓ છે એ બધી ચાર્જમાં ચાલતી હોય છે. એક એક જગ્યા ચાર્જમાં ચાલે છે. હું મારા મેઘરજ તાલુકાની વાત કરું તો ટીડીઓની જગ્યા ખાલી છે, બીટ નિરીક્ષકની જગ્યા ખાલી, કેળવણી નિરીક્ષકની જગ્યા ખાલી, બીટ નિરીક્ષકનો ચાર જગ્યાનો ચાર્જ, પાછો ટીડીઓની ચાર્જ, કેળવણી નિરીક્ષકનો ચાર્જ, તો વિકાસની વાત કરવી, વિકાસ.. વિકાસ.. જગ્યાઓ જ તમે નથી ભરતા, તો ગામડાંમાં વિકાસ કેવી રીતે થતો હશે? આ હાલત ગુજરાતની છે. ત્યારે આ પ્રસ્તાવ ઉપર હું સહમત થઇ શકતો નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ (ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને સભ્યશ્રી દેવુસિંહભાઇ આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અને દેશમાં, સારીયે જગ્યાએ મોદી વિચારનો જોરશોરથી પ્રચાર અને મોદી વિચાર એટલે શું? તો મોદી વિચાર ગુજરાતનો વિકાસ – ગુજરાતનો સુવર્ણ કાળ એમ અત્યારે કહેવામાં આવી રહ્યું છે. મારે કહેવું છે કે, ભાગવતમાં કહેવાયું છે કે જેના માથા ઉપર સુવર્ણ સવાર થાય ત્યારે એ ન કરવાનું બધું કરે, અને કરવાનું કાંઇ ન કરે, આ હું નથી કહેતો પણ ભાગવતમાં કહેવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સુવર્ણ જેના માથે સવાર થાય એ ધર્મને અધર્મમાં, સત્યને અસત્યમાં, અસત્યને સત્યમાં ફેરવી શકે એ પ્રકારનું વાતાવરણ આજે ગુજરાતમાં છેલ્લા બાર વર્ષથી ચાલે છે અને એ હવે દેશમાં જઇ રહ્યું છે.

માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં કહેવાયું છે કે વંચિતોના વિકાસમાં (અંતરાય) આવનારા દિવસોમાં ઘણું બધું સ્વીકારશે, ઘણું બધું સ્વીકાર્યું છે, માનનીય નીતિનભાઇ, એમ પણ કહેવાય છે કે, આ દેશના કોઇપણ નેતામાં એવી શકિત કે હિંમત નથી કે જે ગુજરાતના નાથમાં છે. એવું પણ કહેવાય છે, તો માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું જોઇએ કે,(અંતરાય) માનનીય નીતિનભાઇ મને ડીસ્ટર્બ કરે છે. ૨૦૦૨માં ગુજરાત ભડકે બળતું હતું, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભડકે બળતું હતું અને નરોડા પાટિયા હત્યાકાંડમાં નાના ભૂલકાઓને જીવતા ભૂંજી નાખવામાં આવતા હતા અને એવે વખતે સી.એમ. હાઉસની અંદર બેસીને ટીવી સામે જોવાની જો કોઇનામાં હિંમત હોય તો એ માત્રને માત્ર આ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીમાં છે દેશના બીજા કોઇ નેતામાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ હકીકત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે ત્રણ બાબતની વાત કરવી છે જે રાજ્યપાલના પ્રવચનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહિલા અને બાળ વિકાસની અંદર રાજ્યપાલના પ્રવચનમાં કહેવામાં આવ્યું છે કે રાજયની અંદર આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાન માટે આંગણવાડી કેન્દ્ર દીઠ કરવામાં આવતી જોગવાઇ વધારીને તેમાં વધારો કરવામાં આવ્યો છે અને દર વર્ષે ૫૦ હજાર આંગણવાડીઓ માટે ૨૭૫ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે એવું જણાવવામાં આવ્યું છે. ત્યારે મારે વર્ષ ૧૧-૧૨ના ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે જે અહેવાલ રજૂ કર્યો છે, કેગે, એમાં મહિલા અને બાળ વિકાસ માટે આ રાજ્ય સરકાર જે વાત કરે છે ભારત સરકારે રાજ્ય સરકારને સુધારેલા વસતિના માપદંડ પ્રમાણે વધારાના પ્રોજેકટની દરખાસ્ત મૂકવાની નવેમ્બર ૨૦૦૮માં સૂચનાઓ આપવા છતાં રાજ્ય સરકારે કોઇ દરખાસ્ત મોકલેલ હતી નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આ આંગણવાડીની વાતો કરે છે ! (અંતરાય)

અધ્યક્ષશ્રી : પણ એ વર્ષ ૧૧-૧૨ની વાત છે, તમે આ વર્ષ ૧૩-૧૪ ની વાત કરોને,

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આજે પણ એ સ્થિતિ છે.

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ૨૦૧૩-૧૪ની વાત કરવાની હોય, વર્ષ ૧૧-૧૨ની ન ચાલે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : રાજ્યપાલશ્રીના પ્રવચનમાં જે આંગણવાડીઓ વધારાની વાત કરે છે એના સંદર્ભે હું આ વાત કરું છું. પસંદ કરેલા ૮ જિલ્લાઓમાં ૧૨૩ પ્રોજેકટ પૈકી ૯ થી ૪૦ ટકા આંગણવાડીઓમાં મૂળભૂત સવલતો જોવા મળી હતી નહીં.

અઘ્યક્ષશ્રી : એ વર્ષ ૧૧-૧૨ની વાત છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટની લોન થકી ૩૩૩૩ આંગણવાડી કેન્દ્રો બાંધવાની દરખાસ્ત સામે માત્રને માત્ર ૧૯૭૯ આંગણવાડી બાંધવામાં આવ્યા છે. માનનીય અઘ્યક્ષશ્રી, રાજ્યપાલના પ્રવચનમાં એમ કહ્યું છે કે અમે વધારો કર્યો છે. જો વધારો કરવામાં આવ્યો હોય તો વાસ્તવિકતા શું? એનાથી આગળ વધીને વધારો કરવામાં આવ્યો છે, જિલ્લા વિકાસ અધિકારીઓને નાણાં આપવા છતાં તેના દ્વારા આરોગ્યની કીટો ખરીદવામાં આવેલ નથી. (અંતરાય)

અઘ્યક્ષશ્રી : એ ક્યા વર્ષનો રિપોર્ટ તમે વાંચો છો? વર્ષ ૧૩-૧૪નો હોય તો તમે કહો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અઘ્યક્ષશ્રી, વર્ષ ૧૩-૧૪નો તો હજુ આવ્યો જ નથી તો ક્યાંથી વાંચીએ? (અંતરાય)

અઘ્યક્ષશ્રી : તો પછી જૂનો વંચાય નહીં. તો રાજ્યપાલશ્રીના પ્રવચનમાંથી કહો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અઘ્યક્ષશ્રી, આ સરકાર જે વિકાસની વાતો કરે છે એના સંદર્ભે હું મારી વાત કરું છું. (અંતરાય)

અઘ્યક્ષશ્રી : એ વર્ષ ૧૧-૧૨ની નહીં હોય, વર્ષ ૧૩-૧૪ની કહોને, રાજ્યપાલશ્રીનું પ્રવચન વર્ષ ૧૩-૧૪નું હોય, વર્ષ ૧૧-૧૨નું ન હોય કે વર્ષ ૦૯-૧૦નું ન હોય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આજે પણ રાજ્યમાં દર ત્રીજું બાળક કૂપોષણનો ભોગ બને છે અને સરકાર દાવો કરે છે કે કૂપોષણ ઓછું થયું છે. એનાથી આગળ વધીને ઉદ્યોગ અંગેની રાજ્યપાલના પ્રવચનમાં જે વાત કરવામાં આવી છે એમાં ઉદ્યોગમાં ગુજરાતમાં બે વર્ષની અંદર ૭૪૭૩ નાના મોટા ઔદ્યોગિક એકમો બંધ પડ્યા છે. જે નાના ઉદ્યોગોને બદલે મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટેની રાજ્ય સરકાર જેટલી વાતો કરે છે અથવા પ્રોત્સાહન આપે છે ત્યારે જે નાના ઉદ્યોગકારો છે અને નાના ઉદ્યોગો છે, એ દિન-પ્રતિદિન બંધ થતા જાય છે. ગુજરાતની અંદર વેટ એમ કહેવાય છે કે ગુજરાતીઓની પરસેવાની કમાણી વેટમાં લૂંટાણી. આજે પણ ઘર વપરાશના વીજ ગ્રાહકો ઉપર સમગ્ર દેશમાં ૧૪ રાજયમાં વેટ શૂન્ય છે જ્યારે ગુજરાતમાં વીજળીના યુનિટ દીઠ ૩.૬૫ પૈસા ગ્રાહકો પાસેથી ઉઘરાવવામાં આવે છે ત્યારે ૧૫ ટકા પેટ્રોલ અને ડિઝલ ઉપર વેટ ઉઘરાવવામાં આવે, સી.એન.જી. ઉપર વેટ ઉઘરાવવામાં આવે અને વધારેમાં વધારે અને વધુમાં વધુ જો આખા દેશમાં કોઇ ઉપર વેટ હોય તો ૧૫ ટકા એ ગુજરાતની અંદર છે. રાજ્યના મુખ્યમંત્રી છાશવારે કહે છે અને ગુજરાતના નામે કહે છે, બીજા રાજ્યોની વાત કરે છે ત્યારે આ વેટ ઘટાડવા માટે અને ગુજરાતની પ્રજાને સસ્તુ મળે એના માટે પ્રયત્નો શા માટે નથી કરતા?

અઘ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે સભાગૃહ ૧૧-૦૦ વાગે ફરી મળશે.

**( વિ રા મ ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**ઉપાઘ્યક્ષશ્રી અઘ્યક્ષસ્થાને**

**ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ)** : માનનીય અઘ્યક્ષશ્રી, આજે મારા સાથી સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ રાજ્યપાલશ્રીના પ્રવચન પર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવવા માટે ઉપસ્થિત થઇ છું.

રાજયપાલશ્રીનું પ્રવચન જ્યારે શરૂ થયું ત્યારે જે રીતનું વાતાવરણ આ ગૃહની અંદર હતું આ બાજુના મિત્રો જે રીતે શોરબકોર કરી અને રાજયપાલશ્રીનું પ્રવચન સાંભળવા તૈયાર નહોતા અને કોઇ સાંભળે એના માટે પણ તૈયાર નહોતા. એના ઉપરથી એવું પ્રદર્શિત થયું કે આ મિત્રો ગુજરાતને થતાં અન્યાયમાં તો કોઇ મદદ કરવા નથી માંગતા, પરંતુ ગુજરાતના વિકાસની વાત પણ સાંભળવા તૈયાર નથી એવું ઠસોઠસ ઝેર આ

લોકોને ગુજરાત માટે ભરાઇ ગયું હોય એવું પ્રદર્શિત થતું હતું અને એ વાતનું આ ગૃહની અંદર મને ખરેખર દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બીજું જોયું મેં, સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાતમાં, જે સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ગુજરાતે સમગ્ર વિશ્વની અંદર ગૌરવ પ્રાપ્ત કર્યું છે, સમગ્ર દેશની અંદર એક રાષ્ટ્રવાદ અને એકતાના ભાવની લહેર પેદા થઇ છે અને ખેડૂતો ગામે ગામ આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના અભિયાનની અંદર ખૂબ ભાવ અને શ્રદ્ધાથી જોડાયા એવા આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના કાર્યક્રમને ભંગાર સાથે સરખાવવામાં આવ્યો, ખરેખર આનાથી બીજી કોઇ દુર્ભાવના હોઇ શકે નહિ.

અહીંયા પાણીની વાત પણ થઇ, પાણીનો હિસાબ થતો હતો, મારે અહીંયા ગૃહની અંદર કહેવું છે કે પાણી માટે જે વોટરગ્રીડ ઊભું કરવામાં આવ્યું છે એની હું વાત કરવા માગું છું. અગિયાર હજારથી પણ વધારે ગામોને પાઇપલાઇન દ્વારા આપણે પીવાનું પાણી પૂરું પાડી શક્યા છીએ. ૧૩૧ શહેરોને પાણી પૂરું પાડ્યું છે, દસ વરસ પહેલાંની હાલતના દર્શન તો કરો કે કઇ હાલત હતી? લોકો પાણી વગર તરફડતા હતા. ક્યાંક ક્યાંક બબ્બે–બબ્બે–ચાર – ચાર કિલોમીટર સુધી બહેનો પાણી માટે ટળવળતા હતા અને એમને દૂર દૂર સુધી પાણી લેવા માટે જવું પડતું હતું અને એમનો અરધો ટાઇમ પાણી લેવા જવા માટે જતો હતો. ટેન્કરોની જે અવરજવર કરવી પડતી હતી અને જે ઝઘડાઓ થતાં હતાં ગામમાં અને એકબીજાના માથા ફોડતી હતી બહેનો એવું વરવું વાતાવરણ પાણીને માટે જ્યારે હતું રાજ્યની અંદર ત્યારે આજે ૧૧૦૦૦ થી વધુ ગામો અને ૧૩૧ શહેરોને આપણે પાઇપલાઇનથી પાણી પૂરું પાડી શકાય છે અને હું આના આંકડા પણ આપવા માગું છું. પીવાના પાણી માટે ૨૭૦૦ કિલોમીટરની પાણીની મુખ્ય પાઇપલાઇન, ૧ લાખ ૨૧ હજારની ડિસ્ટ્રીબ્યુશન પાઇપલાઇન, આવું રેકર્ડ બ્રેક કામ અહીંયા થયું છે અને એનું પરિણામ મળ્યું છે અને ગામે ગામ લોકો ખૂબ સુખી અને સંપન્ન બન્યા છે.

અહીંયા નર્મદાની વાત થતી હતી. હું કચ્છમાં છું અને મેં કચ્છની હાલત જોઇ છે. બબ્બે અને ત્રણ ત્રણ વરસે દુષ્કાળ પડતો હોય એવા આ કચ્છની અંદર પાણી વગર લોકો તરફડતા હતા ત્યારે આ કચ્છને નર્મદામાંથી પાઇપલાઇન દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને છેક લખપત, નારાયણ સરોવર સુધી આ પાણી પહોંચે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે નર્મદાનું જે કામ થઇ રહ્યું છે તે અમે રોજ નજરો નજર જોઇએ છીએ અને અહીંયા એમ કહેવામાં આવતું હોય કે નર્મદાનું કામ જરાય કર્યુ જ નથી, કર્યુ જ નથી, કશું થતું જ નથી આવી •(xxxxxx) જે રીતે અહીંયા પ્રચાર, સત્યથી વેગળી વાતો અહીંયા ગૃહની અંદર કરવામાં આવે છે લોકો આ બધુ જુએ છે, સમજે છે અને આ બધી વસ્તુના ફળ પણ લોકોએ ચાખ્યાં છે. ત્યારે આવી સત્યથી વેગળી વાતો જે અહીંયા થાય છે તેને લીધે ખરેખર કહું તો કિંમત ઘટતી જાય છે અને દિવસે અને દિવસે આ કિંમત ઝીરો થતી જાય છે.

નર્મદાની અંદર જે રીતે કેનાલનું કામ ચાલે છે તેમાં મારે કહેવું છે કે ૨૩ કિલોમીટરની લાઇન નાંખવા માટેનું જે અભ્યારણ્ય ત્યાં આવે છે તે અભ્યારણ્યની મંજૂરી કેન્દ્ર સરકારમાંથી લગભગ એમ કહી શકું કે ૨૦૦૪ની અંદર બધું આયોજન કરીને મૂકેલી છે પણ આજદિન સુધી તેમની પરમિશન નથી મળી. કેનાલનું કામ લગભગ પૂર્ણ થઇ ગયું છે. માત્ર ૧૦૦ કિલોમીટરની કેનાલ કચ્છમાં બાકી છે. બધું જ કેનાલનું કામ કમ્પલીટ થઇ ગયું છે, પમ્પીંગ સ્ટેશનોના કામ તડામાર ચાલી રહ્યાં છે. તમામ તૈયારીઓ થઇ ગઇ છે, ત્યારે આ ૨૩ કિલોમીટરની પરમિશન નથી મળતી, તેના અભાવે આ બધી કેનાલો તૈયાર પડી છે અને તળાવ પણ તરસ્યાં રહે તેમ કચ્છના લોકો આ સિંચાઇના પાણીથી વંચિત થઇ રહ્યાં છે. તેનું મુખ્ય કારણ જો કોઇ હોય તો એ આ ૨૩ કિલોમીટરની પરમિશન નથી આપી તે એક જ માત્ર કારણ છે અને મારે કહેવું છે કે ખરેખર તમે ગુજરાતનું ભલુ ઇચ્છતા હો અને નર્મદાની આટલી ચિંતા કરતાં હો તો જઇને પહેલું કામ છે તે ૨૩ કિલોમીટરની પરમિશન લાવવાનું કરો. તેમણે જે કંઇ કન્ડીશનો મૂકેલી તે બધી આપણે પરિપૂર્ણ કરી છે. જમીનના બદલે આપણે ડબલ જમીન આપવા તૈયાર થયા છીએ, છતાં પણ તેમાં કંઇ અને કંઇ નુસ્ખા કાઢીને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગુજરાતનો વિકાસ કેમ રૂંધાય, ગુજરાતની યોજનાઓ કેમ ખોરંભે પડે તે એક જ પ્રવૃત્તિ તે કેન્દ્ર સરકારમાંથી થઇ રહી છે ત્યારે મારે અહીંયા ખાસ કહેવું છે...

ઉપાધ્યક્ષશ્રી : આપની એક મિનિટ બાકી છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, મારે અહીંયા ખાસ કહેવું છે કે, જમીન સંપાદનની જે પ્રક્રિયા હતી આપણાં મંત્રીશ્રી આનંદીબહેને જયારથી આ ચાર્જ સંભાળ્યો ત્યારથી તેમણે ૨૦૧૦થી જમીન સંપાદનની પ્રક્રિયાની અંદર જે કંઇ પ્રશ્નો હતા તે બધા માટે જે પોલિસી ડિસિસન લેવું પડે તે લઇ, લોકોની માગણી સંતોષી અને આજે હું કહી શકું છું કે જે ૫૭ હજારની જમીન સંપાદનની પરમિશન લેવાની હતી તેમાંથી આપણે ૫૩ હજાર જમીન સંપાદન પૂરું કર્યુ છે એટલે કે ૯૪ ટકા જમીન સંપાદનની કામગીરી આપણે પૂરી કરી છે. ખેડૂતોમાં ખૂબ સંતોષ છે, જંત્રીના ભાવે ચૂકવેલી છે અને ખેડૂતોની નાનામાં નાની ફરિયાદ હોય તો તેને સાંભળી અને ન્યાય આપ્યો છે ત્યારે હું આ તબક્કે આનંદીબેનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આ કાર્યની અંદર સૌથી મોટું યોગદાન એ એમનું રહેલું છે. અને બીજા અભિનંદન માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની કામગીરીમાં હું અધિકારીઓને આપું છું કે ચોવીસ કલાક, ટાઢ–તડકો જોયા વગર ધૂળની અંદર નર્મદાનું કામ કરવા માટે જે લોકો દોડી રહ્યાં છે અને કામ કરી રહ્યાં છે તે ખરેખર ગુજરાત માટેનું એ લોકોનું ડિવોસન છે અને તેના પરિણામે એ આટલું સરસ કામ એ નર્મદાનું કરી રહ્યાં છે. એક જ મિનિટ. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું જે વન મિલિયન એકર ફીટ પાણી..

ઉપાધ્યક્ષશ્રી : બહેન, હવે પૂરું કરો.

ડો. નીમાબેન બી. આચાર્ય : જે સૌરાષ્ટ્રને અને કચ્છને આપવાની વાત છે એનું પણ આયોજન થઇ ગયું છે અને તેના માટેના એસ્ટીમેટ પણ મૂકાઇ ગયા છે. જેવી આ ૨૩ કિલોમીટરની મંજૂરી મળશે એવા મારા કચ્છના બન્ની વિસ્તાર કે જયાં બિલકુલ પાણી નથી તેને ૩૦૧ કરોડના ખર્ચે લીંકથી જોડવા માટેનું અને જળાશયો બનાવવાનું તમામ આયોજનની વહીવટી મંજૂરી માટે મૂકાઇ ગયું છે. આજે જે પ્રસ્તાવ અહીંયા આવ્યો છે અને રાજયપાલશ્રીએ જે રીતે અહીંયા શુભેચ્છા વ્યકત કરી છે. હું નામદાર રાજયપાલશ્રીનો ખરેખર ખૂબ આભાર માનું છું. તેઓએ કહ્યું છે કે સૌનો સાથ, સૌનો વિકાસ. એક જ મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, મંત્ર દ્વારા પથદર્શક બને તેમજ વિકાસ માર્ગે સમગ્ર દેશને નેતૃત્વ પૂરું પાડી શકે એવું દિશાસૂચન અને એવી અભિલાષા વ્યકત કરી છે અને ખૂબ શુભકામના પાઠવી છે ત્યારે હું આભાર પ્રસ્તાવને મારો ટેકો આપું છું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇશ્રી દેવુસિંહભાઇ મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભી થઇ છું. સાથે સાથે એ પણ કહેવા માગું છું કે આ જે આખું ગૃહ છે એમાં એક મહિલા રાજયપાલશ્રી, વયોવૃદ્ધ મહિલા રાજયપાલશ્રી બોલતા હોય ત્યારે એમને સન્માન આપવાના બદલે એક મહિલા રાજયપાલશ્રીનું અપમાન કરનાર આ કોંગ્રેસના લોકો, સામી પાટલીના લોકોની મહિલા વિરોધી નીતિ દેખાઇ આવે છે. વયોવૃદ્ધ મહિલા વિરોધી નીતિ દેખાઇ આવે છે.

માનનીય રાજયપાલશ્રીએ બજેટમાં જે વાત કરી છે તેમાં બે સંદર્ભમાં વાત કરી છે. એક રાષ્ટ્રીય સંદર્ભમાં વાત કરી છે અને એક ગુજરાતના સંદર્ભમાં વાત કરી છે. રાષ્ટ્રીય સંદર્ભમાં આપણે જોઇએ તો રાજયએ અભિનંદનને પાત્ર કામ કર્યું છે અને ગુજરાતે સર્વોપરીતા સાબિત કરી છે. કૃષિ વિકાસની વાત હોય કે ઘરેલુ ઉત્પાદનમાં માથાદીઠ આવકની વાત હોય, માથાદીઠ વીજ વપરાશની વાત હોય, પાકા રસ્તાઓની વાત હોય કે હેન્ડપંપના લાભાર્થીઓની વાત હોય, તમામ ક્ષેત્રે રાષ્ટ્ર સ્તરે પણ પોતાના ઉંચા મુલ્યાંકનો પ્રસ્થાપિત કરી અને ગુજરાતે સર્વોપરીતા સાબિત કરી છે.

આવી જ રીતે ગુજરાતના પરીપ્રેક્ષ્યમાં મહામહિમ રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં જે કહ્યું કે ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં ગયા ચાર દાયકા, એટલે કે ૪૦ વર્ષ, અને આ છેલ્લા દસ વર્ષ એટલે કે છેલ્લો એક દાયકો, તેનું જો કમ્પેરીઝન કરીએ તો પણ ખૂબ ઉંચા સ્તર સુધી પહોંચી શકયા છીએ. નર્મદા યોજના પેટે કરેલ ખર્ચની વાત હોય, એકંદરે સિંચાઇ વિસ્તારની વાત હોય, છ માર્ગી કે ચાર માર્ગી રસ્તાની વાત હોય કે

વીજ ક્ષમતાની વાત હોય, પાણીના વિતરણની વાત હોય કે ગરીબોની યોજનાની વાત હોય, આ ૪૦ વર્ષ એટલે કે ચાર દાયકાની સામે માત્ર અમારો એક દાયકો ભારે પડયો છે, માનનીય અધ્યક્ષશ્રી, ભારે પડયો છે. ચાલીસ ચાલીસ વર્ષ સુધી એમના હાથમાં શાસન હતું ત્યારે એમણે કંઇ કર્યું નહીં,

''માના કિ અંધેરા બહોત ઘના થા,
હાં, હાં, માના કિ અંધેરા બહોત ઘના થા,
લેકિન દિયા જલાના કહાં મના થા?''

ઐસા હી એક દિયા દસ સાલ પહેલે ગુજરાતમે જલા, આજ ઉસકી રોશની પૂરે દેશમે દીખાઇ દે રહી હૈ, ઔર આને વાલે તીન મહિને કે બાદ દેશમેં દીયા જલને વાલા હૈ ઔર દેશમેં જો દીયા જલેગા ઉસકી રોશની પૂરે વિશ્વમે ફૈલને વાલી હૈ, માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વસ્તુ ખાસ કહેવી પડે છે કે એક બાબતમાં ગુજરાત ઘણું બધું પાછળ રહ્યું છે, એ રાષ્ટ્રીય ક્ષેત્રની વાત હોય કે ૪૦ વર્ષની વાત હોય, ગુજરાત એમાં પછાત રહ્યું છે, પાછળ રહ્યું છે. સો ટકા અને ઝીરો ટકાની બાબત છે. એ બાબત છે ભ્રષ્ટાચાર, ગુજરાતમાં ભ્રષ્ટાચાર નીલ, અને રાષ્ટ્રની અંદર ભ્રષ્ટાચાર, એ બી સી ડી અને હવે તો ટી સુધી આવી ગયો, ટ્રી, વૃક્ષોનો પણ ભ્રષ્ટાચાર થયો છે. ટી સુધી પહોંચી ગયા છે, એ ટુ ઝેડમાં ટી નો પણ વધારો થયો છે. આ દસ વર્ષની અંદર રાષ્ટ્રીય લેવલે ગુજરાતની અંદર ભ્રષ્ટાચાર ઝીરો, રાષ્ટ્રીય લેવલે ભ્રષ્ટાચાર સો ટકા, ચાલીસ વર્ષમાં અગાઉના ચાલીસ વર્ષનો ભ્રષ્ટાચાર સો ટકા, અને ગુજરાતના છેલ્લા દાયકાનો ભ્રષ્ટાચાર ઝીરો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે શિક્ષણની, મારે શિક્ષણની વાત કરવી છે શિક્ષણ ક્ષેત્રે એ લોકોએ કંઇ કર્યું હોત તો અમારે આ બધું કરવાની જરૂરિયાત જ ન ઉભી થઇ હોત, ચાલીસ વર્ષ અને દસ વર્ષની ફરી વખત મારે વાત કરવી પડે છે. એટલા માટે કે અહીં મારા વિરોધપક્ષના સભ્યશ્રીએ ડ્રોપ આઉટ રેશિયાની વાત કરી અને એક અને પાંચ ધોરણની વાત કરી, હા હું એ જ ડ્રોપ આઉટ રેશિયોની વાત કરું છું, પહેલા ચાલીસ વર્ષ દરિમયાન જે ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫૦ ટકા હતો તે આજે નીચે ઉતરી અને ૨.૦૪ ટકા સુધી પહોંચાડયો છે.

સાક્ષરતાની વાત કરીએ તો સાક્ષરતાની અંદર છેલ્લા ચાલીસ વર્ષમાં, ચાલીસ એટલે ૨૦૦૧ સુધી સાક્ષરતા દર ૬૯.૧૪ ટકા હતો જે આજે ૭૮.૩ ટકા સુધી પહોંચ્યો છે અને મહિલા સાક્ષરતા અને મહિલા શિક્ષણની વાત કરીએ તો જે મહિલા શિક્ષણ માટે મુખ્યમંત્રીએ મહિલા કેળવણી નિધિ કરી છે, એ મહિલા શિક્ષણની વાત કરીએ તો મહિલા શિક્ષણમાં પણ ચાલીસ વર્ષ દરમિયાન મહિલા શિક્ષણ દર ૫૭.૮૦ ટકા હતો, તે મહિલા સાક્ષરતા દર આજે ૬૦.૭૮ ટકા સુધી વધારી શકયા છીએ અને તેને વધારવામાં આખી ગુજરાત સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ અને તમામ શિક્ષણમંત્રીશ્રીઓ, એ વખતના આનંદીબેન, રમણભાઇ અને અત્યારના ભૂપેન્દ્રસિંહ અને વસુબેનથી માંડીને તમામના પ્રયત્નો ખૂબ સહભાગી રહ્યા છે. માધ્યમિક શાળાઓની અંદર છેલ્લા દસ વર્ષમાં ૬૧૦ નવી શાળાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. એ જ રીતે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૩૬૬ નવી બનાવી છે. એક પણ તાલુકો સાયન્સની શાળા વગરનો બાકી નથી રહેતો. એવી સારી વ્યવસ્થા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવી છે. વિશિષ્ટ સ્કૂલો, ગ્રીન સ્કૂલ, સ્પોર્ટસ સ્કૂલ અને મોર્ડન સ્કૂલો પણ શરૂ કરવામાં આવી છે. મારી અગાઉના સભ્યશ્રીઓએ કહ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે પ્રોફેસરોની વાત કરી હતી. હું હાયર એજયુકેશનની વાત કરુ તો અગાઉ ૪૦ વર્ષ દરમિયાન ૧૧ યુનિવર્સિટીઓ હતી. આજે ૪૮ યુનિવર્સિટીઓ થઇ છે. આ યુનિવર્સિટીઓમાં દેશભરમાં કયાંય ન હોય તેવી ગુજરાતમાં છે. રક્ષાશકિત યુનિવર્સિટી, સ્પોર્ટસ, ફોરેન્સિક સાયન્સ, લો, ચીલ્ડ્રન યુનિવર્સિટી વગેરે ગુજરાતની અંદર અત્યારે કાર્યરત છે. શિક્ષકો શિક્ષણની સાથે સાથે અંગ્રેજીનું નોલેજ વધે એના માટે સ્કોપ અને કોમ્પ્યુટરનું નોલેજ વધે એના માટે એમ્પાવરની પણ શરૂઆત કરી છે અને સફળ રહ્યા છીએ.

હાયર એજયુકેશનની અંદર અગાઉ ૪૦ વર્ષની અંદર એમ.ટેકની ૮૦ સીટો હતી અને છેલ્લા દસ વર્ષમાં ૫૯૧૭ સીટો વધારી છે. પહેલા બી.ઇ. ની ૨૪ સંસ્થાઓ હતી અને ૮૫૦૧ સીટો હતી, એમાં અત્યારે ૧૨૧ સંસ્થાઓ અને ૬૨૯૦૧ સીટોનો વધારો કરવામાં આવ્યો છે. હાયર એજયુકેશનની અંદર અકલ્પનીય

સીટો, અકલ્પનીય સંસ્થાઓ અને અકલ્પનીય રીતે વધારે સારુ શિક્ષણ મળે એના માટે પ્રયત્નો કર્યા છે. મારે એ કહેવું છે કે–

‘‘જૈસે સમંદર કે પાની કો કોઇ સુખા નહિ સકતા,
જૈસે હિમાલય કો કોઇ હિલા યા હટા નહિ સકતા,
જૈસે સૂરજ કી કિરનો કો કોઇ મીટા નહિ સકતા,
વૈસે હી હાં, વૈસે હી, હાં, હાં, વૈસે હી નરેન્દ્ર મોદી કી
પી.એમ. બનને કી ઉન્કી તાકાત કોઇ દબા નહિ સકતા.’’

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : હું આદરણીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

‘‘ મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે,
કુલડા ડૂબી જાય છે ને પથરા તરી જાય છે.
બી.પી.એલ. લાભાર્થીમાં બિલ્ડરો આવે છે અને
ગરીબ બિચારી વિધવા બહેનો રહી જાય છે.
•(xxxxxx) નામે તપાસો કેમ છૂપાવાય છે.
ગૌ વંશની રક્ષા થવી જોઇએ, ત્યાં ગાયોની કતલ કેમ થાય છે.
હિન્દુત્વની વાતો કરનારા ગુજરાતમાં હજારો મંદિરો કેમ લૂંટાય છે,
પૂજારીઓની હત્યાઓ કેમ થાય છે.’’

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર બોલો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું એના ઉપર જ બોલું છું.

‘‘ પવિત્ર ગુજરાતમાં ભગવાનની જેમ પૂજાતા સાધુઓ શેતાન કેમ બની જાય છે,
મા દિકરીઓ જે સાધુઓને પૂજે છે, એ વાસનાના શિકારી કેમ બની જાય છે.
ગુજરાતની બહાર જઇ મહિલાઓની સુરક્ષાની વાતો થાય છે અને
ગાંધી અને સરદારના ગુજરાતમાં, છ કરોડની જનતાનું માથું ઝૂકી જાય છે,

ક્રાઇમ બ્રાન્ચ, આઇ.બી. એટીએસનો દુરપયોગ થતો હોય, (xxxxxx) માટે કરવામાં આવતો હોય. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ શાયરી ઉપરથી માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આવો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : એની (xxxxxx) કેમ કરાય છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) સબજયુડીશ છે. એ રેકર્ડ ઉપરથી રદ કરું છું.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### નોટિફિકેશન દ્વારા નીમાયેલા પંચોનો ઉલ્લેખ કરવા બાબત

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી દ્વારા અહીંયા ઉલ્લેખ કરવામાં આવ્યો, એ નવા સભ્યશ્રી છે. એમને વિધાનસભાના નીતિ નિયમો અને પરંપરાઓનો ખ્યાલ નહિ હોય, જે પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નોટિફિકેશન કરીને જુદા જુદા કમિશનો અને પંચોની નિમણૂક કરવામાં આવી હોય અને એ કમિશનોના પછીના સંદર્ભમાં તેઓ પોતે કોઇ એનો ઉલ્લેખ ન કરી શકે. એમણે કરેલા આ ઉલ્લેખો આજના પ્રવચનમાંથી રદ કરવામાં આવે તેવી મારા પોઇન્ટ ઓફ ઓર્ડર દ્વારા આપશ્રીને વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : રેકર્ડ જોઇને પછી નિર્ણય કરીશ.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલું છું..

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપે જ્યારે રૂલિંગ આપી દીધું છે પછી કોઇ ચર્ચા ન હોઇ શકે...

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ. રેકર્ડ જોઇને પછી નિર્ણય કરીશ એમ મેં રૂલિંગ આપી દીધું છે. આપ બેસી જાઓ..

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)

ઉપાધ્યક્ષશ્રી : એ માનનીય રાજ્યપાલશ્રીનો હક્ક છે એ કરવું પડે, તમે એવું ન બોલી શકો. એ વાક્ય હું રેકર્ડ ઉપરથી રદ કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓ સરસ્વતીનું ધામ છે, ત્યાં દિકરીઓનું ચીરહરણ કેમ થાય છે? ઇવન •(xxxxxx) છતાંય ગુજરાતની મહિલાઓની ચિંતાની વાતો કેમ થાય છે?

ઉપાધ્યક્ષશ્રી : તમે મને ચેમ્બરમાં આવીને રૂબરૂ મળજો. તમે માનનીય રાજ્યપાલશ્રીના ભાષણ ઉપર આ પ્રકારનું નહીં બોલી શકો. પ્લીઝ તમે રાજ્યપાલશ્રીના ભાષણ ઉપર આવો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની યોજનાઓને રાજ્યની યોજનાઓનું લેબલ લગાવી માર્કેટીંગ કેમ થાય છે?..

ઉપાધ્યક્ષશ્રી : તમારો સમય બગડશે, પછી આગળ બોલવા નહીં દઉં. તમે માનનીય રાજ્યપાલશ્રીના ભાષણ ઉપર જ આવો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રન ફોર યુનિટીના નામે બાળકોને ફરજિયાત કેમ દોડાવાય છે અને ગેરહાજર હોય તેવા બાળકોને રૂ.૧૦૦/-નો દંડ અને પરિક્ષામાં ન બેસવા દેવા તેવી દાદાગીરી કેમ કરવામાં આવે છે?

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની અંદર કેટલું બોલવું અને કેવું બોલવું? એનો ખ્યાલ રાખવો જ પડે. હું આખું ભાષણ રદ કરવાની વિનંતી કરું છું. આ પ્રકારની ભાષા ગૃહમાં ન વાપરી શકાય.

ઉપાધ્યક્ષશ્રી : તમે માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જ બોલો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માત્ર રાત્રે જ ચોરીઓ થતી હતી હવે તો ધોળે દિવસે ચોરી, લૂંટ, ધાડ, ખૂન અને અપહરણ કેમ થાય છે? પહેલાં કોંગ્રેસના રાજમાં નહેરો ખોદાતી, આજે સાબરમતી જેલમાં ૨૧૬ ફૂટ ઊંડી ચાર કરોડ રૂપિયાના ઇંડા ખાઇને સુરંગો કેમ ખોદાય છે? ભાલના ૯૦૦ કિ.મી.ના વિસ્તારમાં ૨૬૫ ગામડાંઓ છે અને ૨૫૦૦૦ ખેડૂતો છે, કપાસ, ચણા, ઘઉં મુખ્ય છે, ભાલીયા ઘઉં જે મુખ્ય છે એ ઓર્ગેનિક છે અને જે ખેડૂતોએ સપના જોયા છે, એવા ૫.૫ લાખથી વધુ વિસ્તારના વેપાર માટે, ઉદ્યોગ માટે, ગોલ્ફ માટે આનંદ પ્રમોદના ઝોનમાં ફેરવી નાખવા માટે ધોલેરા સર કેમ જાહેર થાય છે? અમદાવાદમાં ૧૪૭૦ જેટલા ઝાડ કપાયા છે. સીમેન્ટ કોંક્રિટના જંગલો માટે જંગલો કેમ કપાય છે? વિચારધારાનું ખૂન કરીને નીતિમત્તાનું ધોરણ નેવે મૂકીને પ્રજાનો વિચાર કરવાના બદલે બેઠકો આંચકી લેવાની અને પી.એમ. બનવાની ફક્ત (xxxxxx) માટે પક્ષપલટા કેમ કરાવાય છે? અમદાવાદ જિલ્લામાં ૧૫૪ જેટલી શાળાઓમાં ફકત એક જ ઓરડામાં સ્કૂલ ચાલે છે. ગુજરાતમાં નિરક્ષરતાનું પ્રમાણ ૨૦ ટકા ..

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર. પી.એમ. પદ માટેની (xxxxxx) શબ્દ વાપર્યો છે એ (xxxxxx) શબ્દ કાઢી નાખવામાં આવે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : કાઢી નાખ્યો.

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખુ છું.

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : નેશનલ સેમ્પલ સરવે ઓર્ગેનાઇઝેશનના લેટેસ્ટ રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૪.૨૦ લાખ બાળકો ઉંમર ભણવાની હોવાના બદલે મજૂરી કરવી પડે છે. ગુજરાત સરકાર દ્વારા ૩૭૧૬ રોજગાર મેળાનું આયોજન થયું છતાં ૩૦ લાખ યુવાનો અને ૧૦ લાખ શિક્ષિત યુવાનો જયારે બેરોજગાર કેમ છે? આર.ટી.આઇ. એકટની માહિતી પ્રમાણે .. માહિતી પ્રમાણે જ કહુ છું.

શ્રી વસુબેન ન. ત્રિવેદી : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય) બેસી જાવ. કોઇ ખોટી રીતે નથી. શું કામ ન કહેવું? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહમાં શાંતિથી બેઠી હતી. સવારથી જોઉ છું કે કેટલાક આંકડાઓ (અંતરાય) સાંભળવું પડે, સવારથી લઇને..

ઉપાધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે કેમ તે કહો?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે કોઇ આંકડાની રજૂઆતો ..

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આ નેશનલ સેન્સસ સર્વે ઓર્ગેનાઇઝેશનના આંકડા છે.

ઉપાધ્યક્ષશ્રી : બેસો, બધા. એમના પોઇન્ટ ઓફ ઓર્ડર પર મારે સાંભળવું પડે. બેન તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હા, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે કોઇ આંકડાની વિગતો અહીંયા આપવામાં આવે છે, તો એના પુરાવા અહીંયા રજૂ કરવામાં આવે. સવારથી લઇને અત્યાર સુધીના પુરાવા બતાવો. (અંતરાય) શેના આટલા ચાર લાખ બાળકો મજૂરી કરે છે? કયા આધારે કહો છો ચાર લાખ બાળકો મજૂરી કરે છે? સાહેબ એના પુરાવા આપે, નહીં તો આ ગૃહમાં આવી વસ્તુ ચલાવી નહીં લેવાય.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય તેજશ્રીબેન તમારો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી જેઠાભાઇ સોલંકી . બેન તમારો સમય પૂરો થાય છે. ત્રણ મિનિટ વધારે આપી છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે આપને, પોઇન્ટ ઓફ ઓર્ડર પર ચર્ચા કરી છે, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર એમણે બે શબ્દો કીધા છે એ રીતે અમને પણ સાંભળો, પછી આપને જે યોગ્ય લાગે તે નિર્ણય કરજો.

ઉપાધ્યક્ષશ્રી : એ કયા પુરાવાના આધારે બોલે છે એટલી જ વાત ટેબલ ઉપર મૂકે એટલું જ કહ્યું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો જે ભાવાર્થ છે એ તો સાંભળો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ત્યાં એ બાજુ સાંભળવાનું. આ બાજુ નહીં સાંભળવાનું?

ઉપાધ્યક્ષશ્રી : આ બાજુ પણ પૂરું સાંભળવાનું. ત્રણ મિનિટ વધારે આપી છે. એવી રીતે વાત નહીં કરો. પ્લીઝ.. બલવંતસિંહ. તમે બોલો. બીજા બધા બેસો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : અમારો કહેવાનો અધિકાર છે.

ઉપાધ્યક્ષશ્રી : તમારા નેતા બોલે છે, પ્લીઝ બોલો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સવારથી જોઇ રહ્યો છું, માનનીય મંત્રીશ્રી, અમારા નેતાશ્રી બોલતા હતા તોય પ્રથમ બેંચ ઉપર બેસીને, ટ્રેઝરી બેંચ થઇને ડીસ્ટર્બ કરતા હતા. અને છતાંય એમને કીધું કે પુરાવા માટે તો મેં માનનીય નીતિનભાઇ સાહેબને અને માનનીય અધ્યક્ષશ્રીને તમામ પુરાવા આપી દીધા કે માનવવૃદ્ધિ માનવ વિકાસ અહેવાલમાં છે. ઉદ્યોગ ૧૪ હજાર જે બોલ્યા એ ગુજરાતના બજેટ ઉપર બોલ્યા, કૃષિ પ્લાનીંગ કમિશનમાં હતું.

ઉપાધ્યક્ષશ્રી : તમે કહી દીધું છે. ટેબલ ઉપર મૂકવાની વાત થઇ ગઇ છે. બલવંતસિંહજી, હવે પૂરું થાય છે. તમે તે વખતે કહી દીધું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારો કહેવાનો ભાવાર્થ એ છે કે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બેનશ્રી જે બોલે છે. એમણે જે વાકયો કહ્યા છે. રાજયપાલના પ્રવચન ઉપરની વાત છે. માત્ર એમણે જે વાત કીધી છે ટૂંકમાં જ કીધી છે. બેન કોઇ ફીગર નથી બોલ્યા. ફીગરની વાત કરે છે, બિલકુલ ખોટી છે.

ઉપાધ્યક્ષશ્રી : એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે તે બાબતમાં મારું જજમેન્ટ છે કે એ પુરાવો હોય એ પુરાવો ટેબલ ઉપર મૂકે વાત પૂરી થાય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** એ આંકડા બોલ્યા જ નથી. ટાઇમ બગાડે છે.

**ઉપાધ્યક્ષશ્રી :** હું રેકર્ડ જોઇ લઇશ.

**શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર વ્યક્ત કરવા માટે માનનીય ચૌહાણ સાહેબ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મને કહેતા આનંદ થાય છે કે એક બહેન રાજ્યપાલ હોય અને એમના નિવેદન ઉપર કોઇ બહેન કોઇ અપમાનિત બાબત અંગે આ ગૃહમાં વાત કરે કે આ •(xxxxxx) એ કેટલું યોગ્ય છે એ દુઃખ સાથે કહેવું પડે છે. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે આ રાજ્યમાં મહિલાઓના સશક્તિકરણની વાત લઇને આવ્યા છે અને મહિલાઓના સશક્તિકરણ માટે અનેકવિધ યોજનાઓ કરી છે, મહિલા મંડળો બનાવ્યા છે, ૫૦ ટકા મહિલા અનામત દાખલ કરી છે ત્યારે સામે બેઠેલા બહેનશ્રીઓ અને સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તમે એને કેમ અનુમોદન આપતા નથી? આજે રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી, એમનામાં એક અલૌકિક શક્તિ કામ કરે છે એ વાત વિશ્વના અનેક લોકોએ સ્વીકારી લીધી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને સામે બેઠેલા લોકો સ્વીકારે અને આપણા ગુજરાતનું ગૌરવ જાળવે એવી વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કહેવી છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી ગરીબ આવાસ યોજના, સરદાર આવાસ યોજના, પંડિત દીનદયાળ યોજના આવી અનેકવિધ યોજનાઓ કરી છે. તમારો પહેલાનો ભૂતકાળ તમે તપાસો કે જે મકાનો બનાવ્યા છે એ આજની તારીખે એમાં કૂતરાં પણ રહી શકે એવી સ્થિતિમાં નથી. જ્યારે આજની તારીખે સરદાર આવાસ યોજના બનાવી છે એમાં મને કહેતા આનંદ થાય છે કે હું બી.પી.એલ.માં આવું છું અને બી.પી.એલ.ના વાલ્મિકી સમાજના કોડીનાર તાલુકાના અરણેજ ગામે એક વાલ્મિકી ભાઇએ મકાન બનાવ્યું છે. એ પૂર્ણ થયું ત્યારે વાલ્મિકી સમાજના ભાઇને પૂછ્યું તો કહે કે આ બોર્ડ સરદાર આવાસ યોજનાનું માર્યું છે ત્યારે મારે આ મકાનને રાજધાનીનું બોર્ડ લગાવવું છે. સરદાર આવાસ યોજનાનું નક્કર કામ જો કોઇએ કર્યું હોય તો ભારતીય જનતા પક્ષની આદરણીય શ્રી નરેન્દ્ર મોદીની સરકારે કર્યું છે. આ ગૃહમાં કહેતા દુઃખ થાય છે કે ભારતીય જનતા પક્ષની સરકારે જે આવાસોના કામો કર્યા છે એને ઉખેળીને આર.ટી.આઇ.ના પ્રશ્નો જો કોઇએ ઊભા કર્યા હોય તો સામેના મિત્રોએ. તમે આત્મખોજ કરો કે અમારી યોજનાઓને નુકસાન પહોંચાડવાની કામગીરી સામે બેઠેલા મિત્રોએ કરી છે. કોઇપણ પ્રકારના કામો, આદરણીય શ્રી નરેન્દ્ર મોદીની સરકારમાં જ્યારે રસ્તાઓના કામો થતા હોય ત્યાં અવરોધ પહોંચાડીને એમાં ખંડણીઓ ઉઘરાવી છે એનો દાખલો, મુદ્દાઓ અને ગુનેગારો અંગેની નોંધ પણ થઇ છે.

મને કહેતા આનંદ થાય છે કે સરદાર આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજનાની વાતો પણ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કરી છે. સમરસતા, સમાનતા અને સદ્ભાવનાનો કાર્યક્રમ જો કોઇ લાવ્યું હોય તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી લાવ્યા છે. બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરનું સૂત્ર છે કે સમરસતા, સમાનતા અને સદ્ભાવના અને એ કામ જો કોઇએ પૂર્ણ કર્યું હોય તો આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. હું એમને લાખ લાખ અભિનંદન અને ધન્યવાદ આપું છું. તેઓશ્રી સમરસતાની વાત લઇને આવ્યા છે ત્યારે આ લોકો અવરોધો ઊભા કરે છે. આ ગૃહમાં એવી વાત કરે છે કે ભંગાર ઉઘરાવે છે. આ ગૃહને કહેતા આનંદ થાય છે કે આ સદ્ભાવનાનું કામ કર્યું છે, સમાનતાનું કામ કર્યું છે અને ગૌરવથી અખંડિત ભારતના શિલ્પીકાર સરદાર વલ્લભભાઇ પટેલની યાદગીરી રૂપે કામ કર્યું હોય તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ઇ–ગ્રામ યોજના થકી ગામડાંને વિશ્વ સાથે જોડીને ગામડાંનો માણસ પણ દુનિયામાં શું ચાલે છે એ ગૌરવથી જાણી શકે છે. ઇ–ગ્રામ યોજના જોડીને આજે ગુજરાતને અને કોડિનાર તાલુકાનો મારો છેવાડાનો માણસ હોય, આજે એના પ્રતિનિધિ જેઠાભાઇ સોલંકી બોલે છે કે વર્ષો પહેલા મારા બાપ કાંઇ હતું નહિ. આ વાત લઇને ગુજરાતના મુખ્યમંત્રી કરે છે. જ્યારે સારું કામ કર્યુ છે એને આપણે બધા સ્વીકારીએ કે ના સ્વીકારીએ મિત્રો, પણ આ વિશ્વના લોકોએ સ્વીકારી લીધા છે એ આવતા દિવસોના દેશના વડાપ્રધાન છે અને જેમ ગુજરાતની કાયાપલટ કરી છે એમ સમગ્ર દેશની કાયાપલટ કરવામાં જો કોઇ સૂત્રધાર હશે તો એ નરેન્દ્રભાઇ મોદી છે. એ વાતને આપ સ્વીકારો કે ના સ્વીકારો. અનેકવિધ યોજનાઓમાં અનેક જગ્યાએ કામો કર્યા છે (સમય સૂચક ઘંટડી) એ બધાને અને આ પ્રસ્તાવ લઇને આવ્યાં છે એને મારું સમર્થન છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા મિત્રોએ ઘણા બધા સૂઝાવો કીધાં. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની અંદર ૬ કરોડ ગુજરાતીઓના લીધે આ ગુજરાત ગૌરવંતુ બન્યું છે એ ગૌરવવાળી વાત સમગ્ર રાજ્યમાં જ્યારે ફરીને કરી ત્યારે લોકોએ લોકલાગણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીને મત આપ્યાં. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આજે એ રાજ્યમાંથી મુખ્યમંત્રીશ્રી એ ઓરિસ્સામાં જાય, એ ઉત્તર પ્રદેશમાં જાય, એ મધ્યપ્રદેશ જાય કે બિહાર જાય ત્યાં પોતાના પ્રવચનમાં એમ કહે કે, મારા ગુજરાતના વિકાસની અંદર આ ઓરિસ્સાનો હાથ છે, આ મધ્યપ્રદેશનો હાથ છે, ઉત્તરપ્રદેશનો પણ હાથ છે. આ ગુજરાતના ૬ કરોડ ગુજરાતીઓનું અપમાન છે. ગુજરાતના મુખ્યમંત્રી બન્યાં હતા ત્યારે આ ગુજરાતના ૬ કરોડ પ્રજાનો વિશ્વાસ સંપાદન કરીને વડાપ્રધાનનું સ્વપ્ન જોનારા આપણા મુખ્યમંત્રીએ ગુજરાતને એક રીતે જે વચન આપ્યું હતું, ગુજરાતની લાગણી સાથે જે લાગણી બાંધી હતી એ લાગણી સાથે ચેડાં કરવાનું કામ કર્યુ છે. સાચી વાત કરી રહ્યો છું. (અંતરાય) બેન કહે છે કે સાચી વાત બોલજો. સાચું બોલવા ઊભો થયો છું. જે રીતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આ ગુજરાતની અંદર સરદારના નામે જે •(xxxxxx) તો નહિ કહેવાય સાહેબ, કારણ કે એ અસંસદીય શબ્દ છે. જે ઉપવાસો કર્યા, જે કોંગ્રેસ પાર્ટી માયનોરિટીની વાત માટે, મુસ્લિમોની વાત માટે કોંગ્રેસ પાર્ટી માટે જે શબ્દો ભારતીય જનતા પાર્ટી ઉચ્ચારતી આવી હતી. અમે તો આજે પણ કહીએ છીએ કે કોંગ્રેસ પાર્ટી દરેક ધર્મના લોકોને સાથે લઇને ચાલવા માગે છે. એ શીખ હોય, મુસ્લિમ હોય, હિન્દુ હોય કે કોઇપણ હોય અને આ જે ઉપવાસ થયા અને ઉપવાસની અંદર મુસ્લિમ કોમ્યુનિટીને જે બોલવામાં આવ્યું હતું કે બુરખા અને (xxxxxx) .. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે પ્રવચનની અંદર આવો. (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ. તમે તમામ સમાજને ભેગા લઇને કોંગ્રેસ ચાલે છે અને આ નથી ચાલતા એટલો ભાવાર્થ સાથે વાત કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યપાલના પ્રવચનની બહાર વાત નથી કરતો.

અધ્યક્ષશ્રી : રાજ્યપાલના પ્રવચનમાં (xxxxxx) છે? એવો કોઇ સવાલ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું કે, સમગ્ર રાજ્યમાં ફરીને એવી જાહેરાતો કરી હતી. એ ઉપવાસની અંદર ૪૦,૦૦૦ કરોડના પેકેજની અલગ અલગ જિલ્લાની અંદર જાહેરાતો કરી હતી એનો રાજ્યપાલના પ્રવચનની અંદર એ જોગવાઇઓનો કોઇ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી એ અપમાન ગુજરાતની પ્રજાનું અપમાન છે. સત્યની વાત કરતા હોય તો આ સત્યનું મુખ્યમંત્રીશ્રીએ દરેક જિલ્લાઓમાં જઇને જાહેરાત કરી હતી એ નથી કરી શકયા, એના પૈસા નથી આપી શક્યા. બીજું માનનીય અધ્યક્ષશ્રી, એની પાછળ ૮.૫ કરોડ કરતાં પણ વધારે એસ.ટી.ના ભાડાઓ ચૂકવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત ઉપર આવીશ, જે રીતે શિક્ષણની વાત થાય છે, આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ રાજ્યના બાર જિલ્લાઓમાં ૭૩ શાળાઓમાં લાઇટની સુવિધા નથી, ધોરણ ૧ થી ૫ની અંદર ૧,૬૯૨ શિક્ષકો નથી, ધોરણ ૬ થી ૮ની અંદર સાડા એકવીસ હજાર કરતાં પણ વધારે શિક્ષકો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

નથી, સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં બે હજાર કરતાં પણ વધારે શિક્ષકો નથી, આર્ટસ, કોમર્સ અને સાયન્સની કોલેજોમાં ૧,૨૮૭ જેટલા અલગ અલગ પ્રોફેસરોથી માંડીને સ્ટાફ નથી. જે રીતે શિક્ષણની વાત કરીને એમ કહે છે કે, આ રાજયના બાળકોની સાથે આજે પણ આ રાજયની અંદર દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓ નથી, ૨૩,૨૦૯ એવી શાળાઓ છે કે, જયાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ નથી. શિક્ષણ વિભાગના તાબા હેઠળના ૬,૮૦૦ કરતાં પણ વધારે જગ્યાઓ ખાલી છે અને કન્યા કેળવણી અને પ્રવેશ મહોત્સવો પાછળ ૧૧,૦૦૦ કરતાં પણ વધારે ખર્ચો કરવામાં આવ્યો છે. અહીંયા વાત થઇ રહી હતી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જે અત્યારે જીવીત નથી અને લોકાયુક્તના ચુકાદાની બાબતમાં એવી ચર્ચા થઇ રહી હતી, મારે આ સભાગૃહને કહેવું છે કે, આ સભાગૃહની અંદર જો સરકાર સાચી હોય અને સરકાર જો નિષ્પક્ષ વાત કરતી હોય તો એવા તો કાંઇક અહેવાલો છે કે, જે અહેવાલો આ ગુજરાત વિધાનસભાના ફ્લોર ઉપર મૂકવામાં આવ્યા નથી. સુજલામ–સુફલામમાં એવું તો શું થયું હતું? ૧,૨૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો હતો, એનો રિપોર્ટ આ વિધાનસભા ગૃહમાં મૂકવામાં આવતો નથી. એવા તો કાંઇક રિપોર્ટો છે કે જે રિપોર્ટો આ હાઉસની અંદર મૂકવામાં આવતા નથી, સરકાર ચર્ચાથી દૂર ભાગે છે. આ દિપેશ–અભિષેકનો રિપોર્ટ હોય, કોંગ્રેસ પાર્ટીએ એક લાખ કરોડના ભ્રષ્ટાચારના પુરાવા સાથે આપેલા હતા એનું કમિશન નિમાયું એનો પણ રિપોર્ટ આ સભાગૃહની અંદર રજૂ કરવામાં આવતો નથી.

અધ્યક્ષશ્રી : હવે તો લોકાયુક્ત આવી ગયા છે, ત્યાં અપીલ દાખલ કરી દો ને.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સો ટકા, આપ કહો છો કરીશું પણ આ અહેવાલ કોણે રજૂ કરવાના ? સુજલામ સુફલામનો વિરોધ..

અધ્યક્ષશ્રી : વિરોધ કરવાવાળા જ અરજી દાખલ કરે ને વિરોધમાં. ખાલી અરજી આપો અને ફરિયાદ દાખલ ન કરો એ બે ડિસ્ટીંગ્વીશ છે. (અંતરાય) ત્રણ મિનિટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગુજરાતની વાત કરી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી રાજ્ય બહાર જઇને એમ કહે છે કે, દિલ્હી એ બળાત્કારનું કેપીટલ થઇ ગયું છે. ૨૦૦૧ થી ૨૦૧૨ સુધી આ રાજયની અંદર ૪,૫૦૦ કરતાં પણ વધારે બહેનો ઉપર બળાત્કારો થયા છે અને આ બળાત્કારના રેશિયા મુજબ ઉત્તરપ્રદેશમાં ૯૩.૪, બિહારમાં (અંતરાય)

શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું છે બોલો ?

શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી : સાહેબ, દિલ્હીમાં દસ વર્ષથી શીલાબેન દિક્ષિતની સરકારમાં અસંખ્ય બળાત્કાર થઈને દેશમાં પહેલો ક્રમ હતો એ વાત સાચી.

અધ્યક્ષશ્રી : એમાં તમે કહેજો. પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.(અંતરાય) કયાં આવે? ગવર્નરનું પ્રવચન એક વર્ષનું છે અને તમે બાર વર્ષનો હિસાબ કાઢો છો. (અંતરાય) નથી એમાં, હોય જ નહીં કોઇ દિવસ. ગવર્નરનું પ્રવચન ૨૦૧૩ અને ૨૦૧૪ માં મારી સરકારે કરેલી કામગીરી એટલું જ હોય (અંતરાય) ૨૦૦૧થી શરૂઆત કરો, મને વાંધો નથી ૧૯૬૦થી કરોને.

શ્રી શૈલેષ મ. પરમાર : જે રીતે દિલ્હીને બળાત્કારનું કેપીટલ કહેવામાં આવે છે, એવી જ રીતે મેં જે વાત કરી ઉત્તર પ્રદેશ, બિહાર અને ગુજરાતમાં ૯૬.૯ ટકા રેશિયો નોંધાયો છે. જો આ રીતે વાત કરતા હોય, દિલ્હી કેપીટલ હોય બળાત્કારનું તો આપણે કહી શકાય કે ગુજરાત રાજય પણ બળાત્કારનું હબ બની ગયું છે. જે રીતે ગુજરાતના મુખ્યમંત્રી અને આ રાજયના પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી અમરસિંહભાઇ ચૌધરી ઉપર જે રીતે •(xxxxxx) ત્યારે આદિવાસીની આટલી જ જો ચિંતા(અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (xxxxxx) એ સંસદીય શબ્દો નથી.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : નહીં, નહીં, માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં એવું કહ્યું કે સરકાર દ્વારા (xxxxxx) પ્રયાસ થઇ રહ્યો છે. મારું એટલું કહેવાનું છે એમાં સરકારનો કોઇ રોલ નથી. ૧૯૮૩ થી ૧૯૮૫માં થયેલા વૃક્ષ છેદનના સંદર્ભમાં લોકાયુકતે આપેલો રિપોર્ટ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલો છે એટલે એ શબ્દો પાછા ખેંચી લેવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ પાછા ખેંચી લે કે ન લે હું એ શબ્દો રદ કરું છું. એક મિનિટ તમને વધુ આપુ છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આ ગુજરાતમાં આદિવાસીઓની ચિંતાને લઇને વાત કરે છે ૨૦૦૮-૦૯ થી ૨૦૧૩ સુધીમાં વ્યકિતગત વન અધિકાર નિયમ અનુસાર જે દાવાઓ રજૂ થયા હતા, ૧૮૨૮૬૯ દાવાઓ આદિવાસી સમાજે વ્યકિતગત રજૂ કર્યા હતા પોતાની જમીનના હકક માટે, એની સામે સરકારે ફકત ૫૪૦૦૦ દાવાઓ મંજૂર કર્યા છે. સામૂહિક દાવાઓની વાત કરીએ તો ૬૪૯૦ દાવાઓ પાંચ વર્ષમાં આદિવાસી સમાજ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા અને ફકત ૧૮૩૧ દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે. આ બતાવે છે કે આદિવાસીની વાત કરનારા લોકો આદિવાસી માટે કેટલા ચિંતિત છે એ આ વાત ઉપરથી ફલિત થાય છે. એ જ રીતે ૨૬ જિલ્લાના ૬૪૩૭૨૧.૬૦ લાખ રૂપિયા જેટલી રકમ આદિવાસી વિસ્તારોની અંદર ફાળવવામાં આવી છે. આ રીતે અનેક મુદ્દાઓ છે એ મુદ્દાઓ અનુસાર સરકાર આદિવાસી સમાજ અને અન્ય સમાજ સાથે અન્યાય કરી રહી છે. હું મારી વાત પૂરી કરું છું. (અંતરાય)

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્ય માનનીય દેવુભાઇ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના અનુમોદનમાં હું મારા વિચારો વ્યકત કરું છું. રાજયની જમીનોનો વહીવટ મહેસૂલ વિભાગનું પ્રથમ કાર્ય છે. છેલ્લા દશકામાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્પષ્ટ દિશાસૂચન તથા માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલ દ્વારા ત્વરિત અમલીકરણના પરિણામે મહેસૂલ વિભાગની કામગીરી પ્રજાલક્ષી અને ખેડૂતલક્ષી બની છે.માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ બાબતે ગૌરવશાળી છે. છેલ્લાં ૧૦ વર્ષના શાસનમાં મહેસૂલની વહીવટની તમામ નીતિઓમાં જે ક્રાંતિકારી ફેરફારો લાવીને છેવાડાના માનવી સુધી વિકાસના ફળની તૃપ્તી આ સરકારે કરાવી છે. સમગ્ર વહીવટને નવી દ્રષ્ટિ આપીને પ્રગતિના નવા સોપાન વર્તમાન સરકારે હાંસલ કર્યા છે. પછી તે જનસેવા કેન્દ્ર હોય, એકબારી પદ્ધતિ હોય, ઇ-ગ્રામ હોય કે ઇગવર્નન્સ હોય કે ઓન લાઇન રેકર્ડ ઓફ રાઇટ હોય કે બીનખેતી પદ્ધતિમાં ઓપન હાઉસ જેવા નવા આયામો પૂરા પાડીને વર્તમાન શાસને લોકોની સુખ સુવિધાની જવાબદારીઓ નિભાવવાના સંનિષ્ઠ પ્રયાસો આ રાજય સરકારે કર્યા છે.

મારે હમણા કોંગ્રેસના સભ્ય શ્રી તેજશ્રીબેને જે કોઇએ લખી આપેલી કહેવતનું પઠન કર્યુ. તેજશ્રીબેનની વાત સાચી છે. એ ભૂલી ગયા કે જે લખી આપ્યું તે કેન્દ્ર સરકારને લાગુ પડતું હતું, ગુજરાત સરકારને નહીં. એટલે આ તેજશ્રીબેને ભૂલ કરી છે. કેન્દ્ર સરકાર માટે કોઇએ કવિતા લખી આપી અને ગુજરાત સરકાર માટે પઠન કર્યુ.

અધ્યક્ષશ્રી : પેપર બદલાઇ ગયુ ને.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : તેજશ્રીબેનને ખબર નથી કે અત્યારે આખા દેશમાં ચા વાળાની ચર્ચા ચાલે છે. આ ચા વાળાને આગામી સમયમાં સમગ્ર દેશ ઝંખી રહ્યો છે. ઇ.વી.એમ. મશીનમાં બટન દબાવવાની તક મળે અને નરેન્દ્રભાઇ દિલ્હીના શાસનમાં બેસે, એટલી આ દેશની પ્રજા રાહ જોઇ રહી છે, ત્યારે તેજશ્રીબેનને ખબર નહિ હોય કે આ દેશની અંદર કૌભાંડોનો સીલસીલો ગણે ગણાય નહિ એટલા કૌભાંડો. ભ્રષ્ટાચાર, લૂંટફાટના બનાવો આ દેશની અંદર દિલ્હીમાં નિત્યક્રમ બની ગયો છે અને પરિણામે આગામી વિધાનસભાની અંદર આગામી સત્રમાં માનનીય નરેન્દ્રભાઇ ગુજરાતમાં નહિ હોય, પણ દિલ્હીની અંદર શાસન કરતા હશે. દિલ્હીની અંદર શૈલેષભાઇએ કહ્યુ હતું વાત કરવી છે, પણ શૈલેષભાઇ સાંભળવા નથી રહ્યા. ૬ કરોડની પ્રજાએ મત આપ્યા અને હવે પરિસ્થિતિ બદલાઇ છે. એવું શૈલેષભાઇનું કહેવું હતું. પરંતુ આગામી લોકસભાના પરિણામો દીવાલ ઉપર લખાઇ ગયા છે અને પરિણામે ભારતીય જનતા પાર્ટીમાં આવવાની હોડ લાગી ગઇ છે. દરરોજ કોઇને કોઇ દિવાલ ઠેકીને ભાજપમાં આવી રહ્યા છે. આજના તાજા

સમાચાર છબીલભાઇ ..

અધ્યક્ષશ્રી : પૂનમભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બાબુભાઇ.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પૂનમભાઇ વાત કરતા હતા. તે વાત પૂરી થઇ નથી. કોંગ્રેસ મૂક્ત કચ્છ. આ કોંગ્રેસના ત્રાસથી, કોંગ્રેસના ભ્રષ્ટાચારથી આ કોંગ્રેસના ભ્રષ્ટાચારથી માણસ હલબલી ગયો. હવે કોઇ આરો નથી. આજે નવા સમાચાર છે. ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. અમે એમને આવકારીએ છીએ. તૈયારી રાખજો. હજુ કેટલાય આવવાના છે. તૈયારમાં છે.(અંતરાય) એક લઇ જાવ. નટવરસિંહભાઇ..

આપણો દેશ એ ઋષિ અને કૃષિની સંસ્કૃતિવાળો દેશ છે. અને કૃષિ આ જગતના તાતની કોઇએ ચિંતા કરી હોય તો માત્ર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એમની વાત કરવી છે કે દસ વર્ષની અંદર ગુજરાતનો કૃષિ વિકાસદર ૧૦ ટકા વધ્યો છે. આ જ વિકાસદર કોંગ્રેસની સરકારની ૧૯૮૫થી પાર્લામેન્ટ એમની હતી. જો એમણે નક્કી કર્યુ હોય કે અમારે નર્મદા ડેમ બનાવવો છે તો ૨૫ વર્ષ પહેલાં આ નર્મદા ડેમ બન્યો હોત. પરંતુ એમની કોઇ નીતિ હતી જ નહીં, એ ખેડૂત વિરોધી નીતિવાળા રહ્યા છે, માટે કયારેય પણ ખેડૂત તરફી કામ નહીં કરે.

બીજી વાત એ કરવી છે કે ખેડૂત વિરોધી નીતિ માટે હમણાં આપણા વિરોધપક્ષના નેતા શંકરસિંહ બાપુ બોલી ગયા. સાહેબ બાપુ હોય એટલે ગમે તેમ બોલવાની છૂટ? આવું હોય સાહેબ, બાપુ ગમે તેમ બોલે. સાહેબ ખેડૂતના ઓજારની મજાક કરી. આખા દેશની અંદર જે ઓજારો ઉઘરાવી રહ્યા હતા અને આ જેનું સ્ટેચ્યુ ઓફ યુનિટી બનવાનું છે કિસાનપુત્ર હતા. તે સરદાર વલ્લભભાઇનું અપમાન છે. આ ગુજરાતના અને દેશના ખેડૂતનું અપમાન છે. બીજી વિકાસની વાત કરું તો કુલ ખાદ્ય અનાજના ઉત્પાદન અને ઉત્પાદકતા મેળવવા બદલ આ ગુજરાતની રાજય સરકારને કૃષિ કર્મણ પુરસ્કાર એનાયત થયો છે. જે રાષ્ટ્રપતિના વરદહસ્તે રાજય સરકારને આ એવોર્ડ અપાયો છે. આ કૃષિ ઉત્પાદન દેખાય છે તેના પાયામાં કોઇ હોય તો કૃષિમેળો અને જે કૃષિરથ ભારતીય જનતા પાર્ટીએ બનાવ્યો તે છે. ૨૦૦૫ થી ૨૦૧૩ સુધીમાં આ રથ ફરી ગામડે ગામડે જઇ સાયન્ટીસ્ટોએ ખેડૂતોને અભ્યાસ કરાવ્યો. ખેડૂતોને આધુનિક ટેકનોલોજીથી કઇ રીતે ખેતી થાય તેનું માર્ગદર્શન આપ્યું. તેવી એક સમજ આપી. આજે કપાસના પાકની વાત કરીએ તો દેશમાંથી ત્રીજા નંબરનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ૩૦ ટકા જેટલું ઉત્પાદન મગફળીનું થાય છે. સાહેબ મને કહેતાં આનંદ થાય છે કે દેશની અંદર ૮૪ ટકા દિવેલાનું ઉત્પાદન થાય છે. ખેડૂત વિરોધી આ નીતિના લીધે, કોંગ્રેસની નીતિ તો જૂઓ, ખેડૂત કપાસ લઇ જાય ત્યારે નિકાસબંધી કરવાની. કપાસ ખેડૂતનો પૂરો થઇ જાય ત્યારે પ્રતિબંધ ઉઠાવી લેવાનો. ખેડૂતની વાત કરીએ તો આ ખેડૂતોનો કપાસ માર્કેટમાં જાય ત્યારે નિકાસબંધી કરવાની. આ નિકાસબંધી તો ઠીક છે તમને શરમ આવવી જોઇએ કે મટન માંસ માટે સબસિડી આપવાની. આ કોંગ્રેસ ઉપર મારો આરોપ છે કે પશુધનનો નાશ થતો હોય તો આ કોંગ્રેસની સરકારથી થાય છે. પશુધનનો આ લોકોએ માંસ ઉપર સબસિડી આપવાથી તેનો નાશ થાય છે. બીજી વાત કરવી છે કે માનનીય મુખ્યમંત્રીએ કૃષિક્ષેત્રની અંદર પોતાની આગવી કોઠાસૂઝથી, આવડતથી ખેતી કરી છે એવા સૂઝબૂઝવાળા ૨૮૪ યુવાન ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું.

બીજી વાત કરીએ તો વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ એગ્રીકલ્ચરલ સમિટ, ૨૦૧૩ની ૯મી સપ્ટેમ્બરના રોજ ગરિમાપૂર્વક ઉજવણી કરી. આ ઉજવણીની અંદર ૨૯ થી વધુ રાજયોએ ભાગ લીધો. કેન્દ્રશાસિત રાજયોએ પણ ભાગ લીધો. દેશમાંથી ૫૪૩થી વધુ જિલ્લાઓના પ્રગતિશીલ ખેડૂતોએ ભાગ લીધો. ૧૨ દેશોમાંથી કૃષિ પશુપાલકો આવ્યા. ૪૪૫ પ્રગતિશીલ ખેડૂતોનું ગુજરાત સરકારે શાલ ઓઢાડી અને ૫૧ હજાર રૂપિયા આપી તેનું સન્માન કર્યુ. આ દેશની અંદર એક એવા આપણા મુખ્યમંત્રીએ દેશ અને દુનિયા ગુજરાતના દ્વારે લાવ્યા છે. આ પ્રદર્શનમાં વિદેશની ૨૫૦ કંપનીઓએ ભાગ લીધો. પ્રદર્શનમાં ૩ લાખથી વધુ મુલાકાતીઓએ ભાગ લીધો. ૧૦૦ પ્રગતિશીલ ખેડૂતોએ પોતાની બેસ્ટ પ્રેકટીસનું પ્રદર્શન કરાવ્યું. મને કહેતાં આનંદ થાય છે કે દેશના ૫૪૩ જિલ્લાઓમાંથી ૬૦૦૦થી પણ વધુ કિસાનો અને તેમના પ્રતિનિધિ મંડળોએ અને ૧૨ દેશોએ તથા ૩૦ વિદેશી ડેલિગેશનોએ આ સંમેલનમાં ભાગ લીધો.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર ગૃહના માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગરવી ગુજરાત એ એક વખત મહાત્મા ગાંધીનું ગુજરાત કહેવાતું હતું. જયાં હંમેશાં સત્ય અને અહિંસાની પૂજા થતી હતી. આજે તો દિવસ ઉગે અને દશ વખત સત્યથી વેગળી વાતો જો ન બોલાય તો અમુક લોકોને રાત્રે નીંદર નથી આવતી. જયાં અહિંસાની પૂજા થતી હતી ત્યાં સત્તાના જોરે સરકારી તંત્રનો દુર ઉપયોગ કરી અને ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવે અને ગુજરાતીઓને ગુલામ બનાવવાનો હીન પ્રયાસ આ ગુજરાતમાં થતો હોય એવું માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની અંદર આભાર પ્રસ્તાવમાં ચર્ચાથી સાબિત થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ લોખંડી પુરુષ સરદારનું ગુજરાત જેણે પ્રેમના તાંતણે અસંખ્ય રજવાડાઓને જોડી અખંડિત ભારતનું નિર્માણ કર્યું. આજ કાલ જાતિ, ધર્મ, ભાષા, પ્રાંતને સતત તોડવાનું કામ કરનારા અમુક લોકો હવે ભંગારના ટૂકડાઓથી લોખંડી વિચારધારાને પૂતળામાં કેદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજકાલ રાજયની અંદર વિકાસ નામના શબ્દની બહુ ચર્ચા થાય છે, મને લાગે છે કે ગુજરાતમાં વિકાસ નામનો શબ્દ એને ફેશન તરીકે અમુક લોકો ઉપયોગ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ આ ગુજરાતનું અંગ છું. ગુજરાતના ગામડાંઓની અંદર સામાન્ય માણસને જયારે એના દુઃખદર્દ પૂછવા જાઉં છું તો જવાબ મળે છે કે, ગુજરાતીઓને વિકાસ માત્ર સાંભળી શકાય છે, વિકાસ નામનો શબ્દ એ માત્ર સાંભળવા માટે છે. ગુજરાતીઓને વિકાસની અનુભૂતિ નથી થતી. આ રાજયનો સરકારી વિકાસ એ રાતના અંધારામાં બંધ આંખોએ દેખાડેલા સ્વપ્ન બરાબર છે. મારે કહેવું છે માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમથી કે, જયારે પણ આંખો ખૂલે ત્યારે હમેશાં સ્વપ્નાઓ તૂટી જતા હોય છે, અને આજે ગરવા ગુજરાતની અંદર મારો યુવાન, માતા, ખેડૂત, ગરીબ મજદૂર એમનાં સ્વપ્નાઓ હવે તૂટી રહ્યા છે. એમની આંખો ખૂલી રહી છે, અને આજે ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનથી કયાંક વિપરિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રીના માધ્યમથી પૂછવું છે કે, આ રાજયની અંદર ત્રીજા વર્ગના કર્મચારીની ૧૫૦૦ જેટલી જગ્યાઓ માટે ૧૫ લાખ શિક્ષિત યુવાનોએ અરજી કરવી પડે, અરજી નહીં કરી હોય એવા કેટલાય લાખો યુવાનો હજુ બાકી અને જે અર્ધશિક્ષિત છે, જેને શિક્ષણનું જ્ઞાન નથી આવા કેટલાય નવયુવાનો જેને પરસેવો પાડવો છે દરદર ભટકે છે, કયાંય એને રોજગારની તક પ્રાપ્ત નથી થતી. આ ગુજરાતમાં પરસેવાની કમાણી કરી અને ખેડૂતો એક લાખ બાર હજાર કરોડનું ઉત્પાદન કરે એનું સરકાર ગૌરવ લે, સરકાર ગૌરવ લે એમાં મને વાંધો નથી પણ હું ખેડૂતનો દીકરો છું. મારે પૂછવું છે કે, ખેડૂત પરસેવાની કમાણીથી એક લાખ બાર હજાર કરોડ આ રાજયની તિજોરીમાં જમા કરાવે અને એને પરસેવાની કમાણીનો પાક જયારે બજારમાં આવે તો એને ટેકાનો ભાવ ન મળે, કપાસ સૌથી વધુ પકવે, મગફળી સૌથી વધુ પકવે તો મગફળીના ૬૦૦ રૂપિયા મણનો ભાવ આ રાજય સરકાર જો ખેડૂતોની ચિંતા હોય તો કપાસ અને મગફળી ટેકાના ભાવે ખરીદવા જોઇતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ખેતરમાં (અંતરાય) ખેડૂતો વીજળીના કનેક્શનની રાહમાં બેઠા હોય, ખેડૂતો પરસેવે રળે પણ સરકાર એને સિંચાઇના પાણીની વ્યવસ્થા ન કરાવે. આટલેથી નથી અટકતું પણ ગયા વર્ષે દુષ્કાળ પડ્યો, કુદરત રૂઠ્યો અને ખેડૂતોના હકના પાક વીમા માટે લડાઇ લડતો હતો ત્યારે આ સરકાર પાક વીમાની ખેડૂતોની જે હકની રકમ હતી એ ના આપે અને પાક વીમા માટે ખેડૂતોએ ભીખ માગવી પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઇ એનું ચિત્રણ ક્યાંય માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષમાં માત્ર ૨૦ જિલ્લા અને એક શહેરના આંકડા મુજબ આ રાજયની અંદર ૩૭૭૨૫ લોકોએ આત્મહત્યા કરી, આત્મહત્યાનો પ્રયાસ કર્યો કે અપમૃત્યુ નોંધાયા, એના માટે મજબૂર થવું પડયું. માનનીય અધ્યક્ષશ્રી, હજુ ૨૦ જિલ્લા અને ૩ શહેરના આંકડા બાકી, ૩૦–૯–૨૦૦૮ થી ૩૦–૯–૨૦૧૩ સુધીમાં અંદાજિત ૫૬૫૮૭ લોકો..(અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

ખેડૂતોની આત્મહત્યા અંગે

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહ, શું પોઇન્ટ ઓર્ડર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે એમણે જે આંકડા કહ્યા ૩૭૦૦૦ જેટલા ખેડૂતોના આત્મહત્યાના આંકડા આપ્યા એ સત્યથી વેગળા છે અને સભાગૃહને ગેરમાર્ગે દોરનારા છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આ આંકડા શેમાંથી કાઢ્યા તમે? (અંતરાય) એક મિનિટ આપણા સરકારી રેકર્ડ હોય, કેન્દ્ર સરકારનું રેકર્ડ હોય તો કહો.

શ્રી પરેશ ધાનાણી :માનનીય પ્રદિપસિંહભાઇની ચિંતા હશે, હું સરકારી આંકડાઓના આધારે કહું છું કે, ૩૦–૯–૨૦૦૮થી ૩૦–૯–૨૦૧૩ સુધીમાં આ ગુજરાતના કુલ જિલ્લાઓ પૈકી માત્ર ૨૦ જિલ્લાના આંકડા છે ૩૭૭૨૫ લોકોએ આત્મહત્યા કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, એ આંકડા શેમાંથી કાઢ્યા?

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકારના પોલીસ તંત્રએ આપેલા આંકડા છે અને હજુ ૧૦ જિલ્લા અને ૩ શહેરના આંકડા બાકી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, જે હોય તે. એ સાઇટેશન મને ટેબલ ઉપર મૂકજો. એક મિનિટ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડાઓનો આધાર આપવા માટે થઇને હું પૂરો સક્ષમ છું.

અધ્યક્ષશ્રી : બસ, આધાર આપજો. આધાર આપજો.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્ય સરકારને ચેલેન્જ કરું છું કે, જો આંકડાઓ ખોટા હોય તો હું આ ગૃહમાંથી રાજીનામુ આપી દઇશ, નહીં તો આ નિષ્ફળ સરકાર આ વિધાનસભામાંથી રાજીનામુ આપી દે.

અધ્યક્ષશ્રી : એ જે આંકડાઓ તમે બોલો છો એ મને ટેબલ ઉપર આપજો.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ, હું આપને રેકર્ડ રજૂ કરીશ.

અધ્યક્ષશ્રી : જેણે આત્મહત્યા કરી છે એમાંથી પ્રેરણા લઇને તમારે કાંઇ પગલાં લેવાની જરૂર નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોએ આત્મહત્યા કરી છે એ આંકડા ખોટા છે.

અધ્યક્ષશ્રી : આ ખેડૂતોના જ આંકડા છે કે ટોટલ?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી સ્પષ્ટ વાત છે કે છેલ્લા પાંચ વર્ષમાં ૨૦ થી વધુ જિલ્લાની અંદર મારું સાહેબ, રેકર્ડ તપાસી લો અને એમાં ખેડૂત પણ છે, યુવાન પણ છે, સ્ત્રીઓ પણ છે, બાળક પણ છે, વૃદ્ધો પણ છે. આ ગુજરાતના લોકોએ આત્મહત્યા કરવી પડી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એમણે ખેડૂતના જ આંકડા છે એમ કહ્યું હશે તો હું એ રેકર્ડ જોઇને શબ્દો કાઢી નાંખીશ. ચાલો તમે આગળ ચાલો.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, આ પાંચ વર્ષની અંદર અંદાજીત ૫૬૫૮૭ એટલે કે દર મહિને ૯૪૩ લોકોએ આત્મહત્યા કરવા તરફ આગળ વધવું પડે. •(xxxxxx) રાજકોટ મહાનગરમાં એક ગરીબ એની ઝૂંપડી બાંધીને રહેતો હોય એની ઝૂંપડી ઉપર સરકારી બૂલડોઝર ચાલે અને ન્યાય માટે એ પરિવાર દર દર ભટકે..(અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એમાં સરકારે કાંઇ બૂલડોઝર ચલાવ્યું નથી. સરકારને અને કોર્પોરેશનને લાગેવળગે નહીં. તમે બીજી વાત કરો.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કચેરીમાં ધોળે દિવસે શરીર ઉપર કેરોસીન છાંટીને અગ્નિદાહ દેવો પડે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આપનો શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓર્ડર એ છે કે, આ સન્માનીય સભાગૃહના નિયમ છે કે ક્યારેય કોઇપણ સભ્યશ્રી (xxxxxx) કોઇપણ વસ્તુનું ઉદાહરણ ન આપી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નિયમો છે. એટલે માનનીય સભ્યશ્રી, (xxxxxx) એને ઉલ્લેખીને એ પ્રમાણેના ઉલ્લેખો એમણે ન કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ જોઇને એ કાઢી નાંખીશું. તમારું આગળ વધારો.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય બલવંતસિંહ શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે, સાહેબ, બધા બોલે છે એને કારણે બહુ ખલેલ પહોંચે છે અને ટાઇમ અમારો કપાય છે. અમે કોઇ દિવસ વારેઘડીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા નથી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કોઇપણ આંકડા બોલોને તો શેમાંથી છે એ ઓથેન્ટીક કહેજો, છાપામાંથી વાંચેલા આંકડા ન ચાલે, રાજય સરકારના કે કેન્દ્ર સરકારના જે એનું સાહિત્ય પ્રિન્ટેડ હોય એના જ આંકડા બોલજો તમે. ચલાવો આગળ તમે.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર છેલ્લા પાંચ વર્ષની અંદર બળાત્કાર અને છેડતીના નોંધાયેલા કેસો ૩૧૯૫ જેટલા છે. અરે, મારા મત વિસ્તાર અમરેલીમાં હમણા એક ૮૫ વર્ષની વૃદ્ધા ઉપર નોંધાયેલો બળાત્કારનો કેસ! ૮૫ વર્ષની મહિલા ઉપર ધોળા દિવસે બળાત્કાર. ૮૫ વરસની મહિલા ઉપર ધોળા દિવસે બળાત્કાર, આટલેથી અટકતું નથી, આ રાજયની અંદર મંત્રી મહોદય પણ ફોન ઉપર વાત કરતા ગભરાય. કારણ કે એમના પણ ફોન રેકોર્ડ થતાં હોય. શું આ ગુજરાતનું વિકાસ મોડેલ છે? આ રાજયની અંદર આમ આદમીને

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, અરધી મિનિટ જ છે તમારી,

શ્રી પરેશ ધાનાણીઃ સાહેબ, મારી ૧૦ મિનિટ છે.

અધ્યક્ષશ્રી : મેં બે મિનિટ તમને વધુ આપી છે. દસના બદલે બાર કરી છે,

શ્રી પરેશ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર આમ આદમીને નથી મળતું ઘરનું ઘર કે મફત પ્લોટ અને ગરીબને નથી મળતો ૧ રૂપિયે મીટર કફનનો ટૂકડો અને આ રાજ્યની અંદર પુંજીપતિઓને મફતના ભાવે સરકારી જમીન લૂંટાવાય છે, આનો ક્યાંય રાજ્યપાલના પ્રવચનમાં ઉલ્લેખ નથી. માનનીય અધ્યક્ષશ્રી, સસ્તા અનાજની દુકાને ગરીબોને નથી મળતું રાશન અને ભૂખથી કુપોષિત થાય છે ગુજરાત. શું આ ગુજરાતનું ડેવલપમેન્ટ મોડેલ છે? અહીંયા થાય છે પુંજીપતિઓની પુજા અને ગરીબોની આબરુના લીરાં ઉડાવાય છે, શું આ ગુજરાતનું વિકાસ મોડેલ છે? જ્યારથી પોલીસ રક્ષકો ગયા છે જેલમાં ત્યારથી ત્રાસવાદી ભક્ષકો રજા પર ઉતરી ગયા છે, શું આ ગુજરાતનું વિકાસ મોડેલ છે? આ રાજયની અંદર ભ્રષ્ટાચારની ગંગોત્રીમાં ગળાડૂબ લોકો આજકાલ ભ્રષ્ટાચાર વિરુદ્ધની વાત કરે છે. આપના મારફત પુછવું છે કે, આ ગરવા ગુજરાતીએ દસ દસ વરસ સુધી લોકાયુક્તની નિમણૂક માટે લડાઇ લડવી પડે. શું આ છે ગુજરાતનું વિકાસ મોડેલ છે? હમણાં આ સભાગૃહમાં વાત થતી હતી, કોંગ્રેસમુક્ત ભારત, ગાંધીજીની છેલ્લી ઇચ્છા પૂરી કરવાની આજકાલ વાત થઇ રહી છે. છેલ્લી વાત કહું છું. ગાંધીજીની આખરી ઇચ્છા પૂરી કરવાની વાત થાય છે એ વાત સાથે હું સંમત છું, ગાંધીજીની આખરી ઇચ્છા હતી કે કોંગ્રેસનું વિસર્જન કરવામાં આવે, પણ અમે કોંગ્રેસના કાર્યકર્તાઓએ ગાંધીજીની પહેલાં આ ઇચ્છાપૂર્તિમાં લાગ્યા છીએ અને ગાંધીજીની પહેલી

ઇચ્છાપૂર્તિ હતી કે આ દેશની અંદર સાંપ્રદાયિક તાકાતોને જમીનમાં ભંડારી દો, જ્યાંસુધી સાંપ્રદાયિક તાકાતોને ભૂ માં નહિ ભંડારીએ ત્યાંસુધી ગાંધીજીની ઇચ્છા પૂરી નહિ થઇ શકે. એટલા માટે હું આ આભાર પ્રસ્તાવને મારો ટેકો આપતો નથી.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : Respected Speaker, Sir, I am here to discuss Hon. Her Highness Governor's speech favoured by Shri Devusinh Chauhan, and shall focus on issues related to health.

Sir, being a female and above all a Doctor, what to talk, whom to talk and where to talk; there should be proper manners, ways and rules. I strongly oppose the allegation made by my colleague and is a really shameful event. Sir, everybody has agreed that women are most unsafe in Delhi where women cannot move out after 6.00 p.m., but in Gujarat woman is most safe and can move alone even at midnight. So Congress ruled States are hub for rape, crime against women even if their Chief Minister is female.

Before I proceed further, I shall like to tell August Members of this House that the State Government has received a total of 311 awards during last 12 years. Among these, many are in the field of health. Gujarat became polio free in 2007, well before our country was declared polio free in 2013. Thanks to 24 hours electricity supply which helps maintaining efficacy of vaccines. I wish to bring to the notice of this House that in a recent survey of all Metro Cities of India, Civil Hospital, Ahmedabad got best teaching hospital award.

To achieve such heights, you have to fight constantly against adversities.

मुश्किलो से भाग जाना, आसान होता है ।
हर पहलू पर जिंदगी का इम्तिहान होता है ।
डरनेवालों को कुछ नहीं मिलता जिंदगी में
और लडने वालों के कदमों में जहान होता है ।

Through an extensive network of health centres and hospitals, which has increased tremendously during last one decade, Government is committed to provide health services all levels to tribal, village, urban poor and urban population. Medical education seats have doubled and para-medical education seats have become 7.5 times in last one decade. Gujarat is developing fast as a medical tourism hub, which attracts patients from all over the world.

Respected Speaker, sir, Few days back our country saw a Chief Minister made by support of party sitting here in Opposition. On one hand, there was a Chief Minister who did 48 •(xxxxxx) in 48 days and created (xxxxxx) and on the other hand, we have got a Chief Minister Shri Narendrabhai Modi who tries to give output of 48 hours in a day and believes in mantra of :

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**સ્વસ્થ ગુજરાત, સબળ ગુજરાત**

**સ્વસ્થ ગુજરાત, સમૃધ્ધ ગુજરાત**

About him I can say

जुनून है ऐसा,कुछ कर दिखाने का
न है कोई कमी,न डर जमाने का
रास्ते के पत्थरों को जो,सीढियॉ बना डाले ।
ए जमाने मुझमे कहॉ दमहै , उसे आजमाने का

To achieve this, health budget which was Rs.1652.47 crores in 2008-09 has been increased to more than 3 times to Rs.5554.32 crores in 2013-14 i.e., in a short span of 5 years. Our beloved Chief Minister Shri Narendrabhai Modi has always considered health at centre of Human Development Index. Under his constant guidance and inspiration "Team Health" has launched so many schemes of public health interest which has helped to improve the health of 'poorest of poor' and 'farthest of distant' living Gujarati. Gujarat is now receiving fruits of journey of "Team Health" who work tirelessly day and night to achieve "Health for all".

The MMR which was 202 during 2001, which has reduced to 122 in 2012 i.e., 80 points reduction.

Similarly, the IMR which was 57 per 1000 in 2003 which has reduced to 38 in 2012 i.e., 19 points reduction. This figure is expected to fall further to 29 by 2015.

I shall like to emphasize that not only MMR & IMR are decreasing, but if we look at graphical trend over the last one decade, we find that slope of graph is increasing. To simplify, IMR and MMR are decreasing at a faster rate.

Many schemes are introduced by the Government of Gujarat. Mukhyamantri Amrutam Yojana (MA) is a boon for BPL families who were otherwise forced to get into clutches of debt to get treatment of serious illnesses. A poor person from BPL family can get cashless treatment for 544 procedures at tertiary care hospitals. An amount of 41.73 crores has been paid to 1,19,517 beneficiaries. When I met one of these beneficiaries, he told :

मंजिल दूर,और सफर बहुत है ।
छोटीसी जिंदगी ,और फिकर बहुत है ।
मार डालती ये बिमारियॉ ,कब की हमें
लेकिन मा की ताकत में ,असर बहुत है ।

અધ્યક્ષશ્રી : પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે ?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે કોંગ્રેસના સભ્યો બોલતાં હોય ત્યારે જ રેકર્ડ મૂકવાની વાત થાય છે તો એ તરફથી પણ જયારે કોઇ આંકડાકીય માહિતી આપવામાં આવે ત્યારે રેકર્ડ માંગવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : તમે ચાલુ રાખો.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી :

मंजिल दूर , और सफर बहुत है ।
छोटीसी जिंदगी ,और फिकर बहुत है ।
मार डालती ये बिमारियॉं, कब कर हमें
लेकिन मा की ताकत में, असर बहुत है ।

Chiranjeevi Yojna is an innovative programme for safe deliveries particularly for underprivileged. Till January, 2014, approximately 9,20,000 deliveries have benefitted from this scheme. Due to this scheme, institutional delivery rate has increased to 95%.

Some spread poison in this country and some spread smile. Our Chief Minister has spread smile by introducing "Khilkhilat Gaadi" which takes new born and mother back to home happily.

The 108 ambulance service has covered approximately 42 lakh emergency situations, effectively providing immediate critical treatment. Among these, approximately 14.2 lakh pregnant women are benefitted. The service has played a key role in saving about more than 3 lakh lives.

I conclude by saying that this Government is doing very nice work and every possible effort to improve health of six and half crore people of Gujarat.

At last हमें चायवाला मंजूर है पर आधा हिन्दुस्तानी नहीं and this time sun rise will not be there from East, but from West.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા (જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ મારા સાથી સભ્ય ભાઇ શ્રી દેવુસિંહ ચૌહાણ લઇને આવ્યા છે ત્યારે તેમને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અછત અને અર્ધ અછત વાળું રાજ્ય રહ્યું છે. અપુરતા વરસાદ છતાં ઉત્તમ જળ વ્યવસ્થાપન અને જળ સંચય અને સુદ્રઢ આયોજન થકી ઉપલબ્ધ જળસ્ત્રોતના કાર્યક્ષમ ઉપયોગથી પાણીની સમસ્યા ઉકેલવાનો માર્ગ અપનાવ્યો છે. સાતત્ય પૂર્ણ અને વિશ્વસનીય સિંચાઇ સવલતો એ આધારરૂપી માળખાના વિકાસનો ભાગ બન્યો છે. જેનો રાજ્યના અર્થતંત્ર ઉપર પ્રેરક પ્રભાવ પડયો છે. ત્યારે હમણાં જ મારા મિત્ર વિપક્ષના પરેશભાઇ ધાનાણી ટેકાના ભાવની વાત કરતા હતા, પણ ટેકાના ભાવ નકકી કરવાનો અધિકાર કેન્દ્ર સરકારને છે. ચાલુ વર્ષે મગફળીનું વિપુલ ઉત્પાદન થયું છે, ટેકાના ભાવ કરતા નીચા ભાવ જાય ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ખરીદી કરવાની હોય છે, પણ કેન્દ્ર સરકાર દ્વારા પૂરતી ખરીદી કરવામાં આવી નથી. ખેડૂતોને જઇને પૂછે તો અનુભવ થશે. ભૂતકાળની અંદર જયારે ખેડૂતોને કપાસના ભાવ ખૂબ સારા મળતા હતા, ૧૨૦૦ રૂપિયા જેવા ભાવ મળતા હતા, એવા સમયની અંદર વિશ્વના જુદા જુદા દેશોની અંદર ગુજરાતના ગુણવત્તાવાળા કપાસની ખૂબ સારી માંગ હતી અને ૧૨૦૦ રૂપિયા જેવો ભાવ ખેડૂતોને મળતો હતો તેવા સમયે કેન્દ્રની સરકારે નિકાસ ઉપર પ્રતિબંધ મૂકયો અને તેના પરિણામે ભારતીય જનતા પર્ટીના પ્રદેશ અધ્યક્ષને ગુજરાતના ખેડૂતોમાં જનજાગૃતિ આવે તે માટે પ્રતિબંધ ઉઠાવવા માટે આંદોલન કરવું પડે તેવી નોબત ભારતીય જનતા પર્ટીના અધ્યક્ષને આવી પડી હતી તેના આપણે સૌ સાક્ષી છીએ.

એ જ રીતે વિપક્ષના નેતા હમણાં જ કાયદો અને વ્યવસ્થાની વાત કરતા હતા, મારે વિપક્ષના નેતાશ્રીને યાદ દેવડાવવું છે કે અમદાવાદમાં વારંવાર દંગા અને હુલ્લડો, સ્ટેબીંગ અને વારંવાર કરફ્યુ જેવા દિવસો એમના સમયમાં હતા, આજે હું કહીશ કે છેલ્લા ૧૨ વર્ષની અંદર એક પણ દિવસ ગુજરાતની અંદર કરફ્યુ લાદવામાં આવ્યો નથી. કદાચ નાના બાળકો કરફ્યુ કોને કહેવાય એ પણ એમને સમજમાં ન આવે એવું વાતાવરણ ઊભું થયું હોય તો એ માત્ર અને માત્ર નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળ ચાલતી સરકારમાં થયું છે. વિપક્ષના નેતા બાપુ કહેતા હતા કે યોજનાઓની •(xxxxxx) ત્યારે મારે વિપક્ષના નેતાને અને વિપક્ષના લોકોને કહેવું છે કે વિકાસ કોને કહેવાય તેની સમજ નહીં હોય, ભૂતકાળની અંદર વિધાનસભાના ફલોર ઉપર સૌરાષ્ટ્રના અર્ધ અછત વાળા વિસ્તારોમાં કાયમી ધોરણે પીવાના પાણી ની મુશ્કેલી હોય તેવા વિસ્તારોમાં નર્મદાના પાણી પહોંચાડવા માટેની પાઇપ લાઇનની યોજના મંજૂર કરવામાં આવી ત્યારે વિપક્ષના મિત્રો એમ કહેતા હતા કે સૌરાષ્ટ્રના દરિયા કિનારાના દ્વારકા કે પોરબંદરમાં પાણી પહોંચવાનું નથી, માત્ર હવા પહોંચવાની છે. પણ એમને ખબર નથી કે ગયા વર્ષે દુષ્કાળમાં નર્મદાની પાણીની પાઇપલાઇન દ્વારા ગામડે ગામડે પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે અને ગુજરાતની છ કરોડની પ્રજાએ કોંગ્રેસની (xxxxxx) છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) તે શબ્દ હું કાર્યવાહીમાંથી દૂર કરું છું.

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિપક્ષના મિત્રો કહેતા હોય છે એટલે મારે જવાબ આપવો પડે. એ જ મિત્રો હમણાં વિકાસની વાત કરતા હતા, વિકાસ તો ગુજરાતની અંદર થઇ રહ્યો છે અને સમગ્ર દેશ અને દુનિયા આ ગુજરાતના વિકાસને સ્વીકારી રહી છે ત્યારે વિપક્ષના મિત્રોને એ વિકાસ દેખાતો નથી. એ જ રીતે ભૂતકાળની અંદર ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી ત્યારે આ જ ફલોર ઉપર વિપક્ષના મિત્રો કહેતા હતા કે તમે છ કલાક વીજળી આપી શકતા નથી અને તમે ૨૪ કલાક વીજળી આપવાની વાત કરી અને ગુજરાતની પ્રજાને ગુમરાહ કરો છો. આજે ગૌરવપૂર્વક કહીશ કે આખા દેશમાં એક માત્ર ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ૨૪ કલાક વીજળી ગુજરાત સરકાર દ્વારા ઘર વપરાશ માટે ઉપલબ્ધ કરાવી છે.

ગુજરાતની અંદર જળ સંચય ક્ષેત્રે ખૂબ સારી કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. હજારોની સંખ્યામાં ચેકડેમો બનાવવામાં આવ્યા છે, ખેત તલાવડીઓ બનાવવામાં આવી છે. બોરી બંધો કરવામાં આવ્યા છે, તળાવો ઉંડા કરવામાં આવ્યા છે, જૂની કેનાલોની મરામત કરવામાં આવી છે અને સાથે સાથે આધુનિક પદ્ધતિનો ઉપયોગ, ટપક અને સ્પ્રીંકલર પદ્ધતિ દ્વારા સિંચાઇ તથા સુજલામ સુફલામ યોજના દ્વારા ક્ષાર નિયંત્રણ વગેરે દ્વારા નોંધપાત્ર પરિણામો મળ્યા છે. જળ સંચય અભિયાનના લીધે ગુજરાતમાં પાણીના તળ ઉંચા આવ્યા છે એટલું જ નહિ ગત વર્ષ દુષ્કાળ હતો એવા સમયે તળાવો તથા ડેમો ખાલી હતા તેવા વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આફતને અવસરમાં ફેરવવા માટે આ તળાવો તથા ડેમોને ઉંડા કરવાનો નિર્ણય લીધો અને એ પ્રમાણે કરવામાં આવ્યું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

રાજ્ય સરકારની જવાબદારી રાજયના કમાન્ડ વિસ્તારને સમતુલિત કરવાની હોય છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી બનાસકાંઠા જિલ્લાના વિકાસમાં અન્યાય થઇ રહ્યો છે એ વાત હું દાખલા સાથે કહેવા માગું છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કોંગ્રેસની સરકારે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. આ સરકાર આવ્યા પછી યુનિવર્સિટીની જુદી જુદી ફેકલ્ટીઓ આણંદ, નવસારી, જુનાગઢ ખાતે કરી. દાંતીવાડા હતી એમાંથી વિભાજન કર્યું. વિભાજન કરવામાં આવ્યું એની સામે અમને વાંધો નથી. પરંતુ બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓ અહીંયા અભ્યાસ કરતા હતા, આ જિલ્લામાં પછાત, બક્ષીપંચ, એસ.ટી. એસ.સી. ની વસતિ આવેલી છે. આ જાતિના વિકાસ માટે થઇને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની સ્થાપના થઇ હતી. છેલ્લા ઘણા વરસોથી આ ફેકલ્ટીઓમાં જુદી જુદી જગ્યાઓ ખાલી છે, એના માટે લાગતા વળગતા મંત્રીશ્રીને, માનનીય મુખ્યમંત્રીશ્રીને તથા રાજ્યપાલશ્રીને પણ મેં રજૂઆત કરેલી, છતાં પણ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને મૃતઃપ્રાય કરવાનું સરકારનું •(xxxxxx) હોય એમ દેખાય છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ હું કાઢી નાખુ છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : બનાસકાંઠા જિલ્લાના વિકાસ માટે સરકારે જે પગલાં લેવા જોઇએ, એ લીધા નથી. અહીંના મોટા ભાગના લોકો ખેતી ઉપર આધારિત છે. આ જિલ્લામાં દસ તાલુકા આવેલા છે. જમીનમાં પાણી નથી. પાણીના તળ ઉંડા ગયા. નવસોથી હજાર ફૂટે પાણી મળે છે. એ પાણી ખેંચવા માટે મોંઘી વીજળી ખર્ચવી પડે છે. વિદ્યુત બોર્ડના અધિકારીઓ લોડ વધારો આપે છે, એક એક લાખ રૂપિયા દંડ ફટકારે છે. મારે આપની મારફત સરકારશ્રીને વિનંતી છે, માનનીય વીજળી મંત્રીશ્રીને વિનંતી છે કે આપે જે ખેડૂતોની સાથે વ્યવહાર કર્યો છે, વીજળી વાપરનાર ખેડૂતોની દશા કેવી છે એનો આપ જાત અનુભવ કરો કારણ કે તેઓ પારાવાર મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે. વીજળી તંત્રમાં અંધેર ચાલે છે અમે રજૂઆત કરીએ તો પણ અમારુ કોઇ સાંભળતું નથી, ધારાસભ્યો અને સંસદસભ્યશ્રીઓની દર ત્રણ મહિને બેઠક બોલાવવાની હોય છે એ પણ અધિકારીઓ બલાવતા નથી. અત્યારે ધારાસભ્યશ્રીઓ કે લોક પ્રતિનિધિઓનો અવાજ સાંભળવામાં આવતો નથી.

શિક્ષણ ક્ષેત્રની વાત કરું તો બનાસકાંઠા જિલ્લામાં એક જ સાયન્સ કોલેજ આવેલી છે. રાજયની સરખામણીમાં જોઇએ તો આ મોટામાં મોટો જિલ્લો હોવા છતાં ફકત એક જ સાયન્સ કોલેજ આવેલી છે, તો આ જિલ્લાનો વિકાસ કેવી રીતે થશે? સરકારની જવાબદારી છે. એણે પ્રાથમિક અને માધ્યમિક તથા ગુણવત્તાસભર ઉચ્ચત્તર શિક્ષણ પૂરું પાડવું જોઇએ. સાયન્સના ધોરણ ૧૧ અને ૧૨ના વર્ગો સરકારે મંજૂર કર્યા છે, પરંતુ એમાં એકપણ શિક્ષક સરકારે ભર્યો નથી. જેના કારણે લોકોનું ભણતર બગડી રહ્યું છે. પ્રાથમિક શિક્ષણની વાત કરું તો બનાસકાંઠા જિલ્લાની અંદર અને આખા દેશની અંદર પ્રાથમિક શિક્ષણમાં મારી પાસે માહિતી છે એ પ્રમાણે આપણો ૧૪મો ક્રમ છે. પ્રાથમિક શિક્ષણ એ પાયો છે અને એ શિક્ષણને મજબૂત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. શિક્ષકોની ઘટ છે એ પૂરી કરવી જોઇએ અને શિક્ષકોની ઉપલબ્ધિ કરાવવી જોઇએ. બીજા જિલ્લાઓની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લાની અંદર ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ ઘણી ઓછી છે. જેના કારણે આજ દિન સુધી જિલ્લાનો વિકાસ થયો નથી. મારી સરકારશ્રી પાસે સ્પષ્ટ માગણી છે કે, બીજા જિલ્લાઓની અંદર ૧૦૦ ટકા ગ્રાન્ટવાળી શાળાઓ છે એવી શાળાઓ બનાસકાંઠા જિલ્લાને આપવી જોઇએ. સરકારશ્રીને મારી વિનંતી છે કે બનાસકાંઠા જિલ્લાને વિશેષ દરજ્જો આપવામાં આવે તો જ તેનો વિકાસ થશે. માટે એ પ્રમાણેના પગલાં ભરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની તકલીફ છે, પીવાનું પાણી મળે નહીં અને રાજ્ય સરકાર એમ કહે છે કે, અમે પીવાનું પાણી પૂરું પાડીએ છીએ. મારા વિસ્તારની અંદર ધાનેરા તાલુકાનું માંડલ ગામ છે. એના માટે છેલ્લા છ મહિનામાં સંકલન સમિતિમાં પાણીના અધિકારીઓને એમની ઓફિસમાં જઇને, લેખિતમાં, મૌખિકમાં મેં અનેકવાર રજૂઆતો કરી છે. પરંતુ આજ સુધી આ ગામને સરકારે પીવાનું પાણી પૂરું પાડ્યું નથી. બોર ફેઇલ થઇ ગયો છે. નવો બોર કરવા માટે વારંવાર વિનંતી કરી છે. પણ સરકારના (xxxxxx) મારી વિનંતી સંભળાતી નથી.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : જિલ્લાની અંદર ટી.બી.નું પ્રમાણ, કિડનીના રોગો અને બાકીના દમના રોગો છે. જેના માટે ડોક્ટરો નથી. મારા ખુદના ગામમાં ડોક્ટરો નથી. માનનીય મંત્રીશ્રીને ૩ વખત કરગરીને આવ્યો છું, રૂબરૂ મળીને કાગળો આપ્યા છે છતાં પણ ડોક્ટરો મૂક્યા નથી. તમે પાલનપુરની સિવિલ હોસ્પિટલની હાલત જૂઓ, ત્યાં ડોક્ટરો નથી. મારા ગામની અંદર ધાનેરા નગરપાલિકાના પ્રમુખના ૫ વર્ષના દિકરાને ગુંડાઓ ઉપાડી ગયા, જે આજ સુધી પાછો મળ્યો નથી. સરકાર એ છોકરાને એક વર્ષથી શોધવામાં નિષ્ફળ ગઇ છે. આદિવાસીઓ અને હરિજનોની આ વિસ્તારમાં વધુ વસ્તી છે. એમનો વિકાસ થાય એ માટે જે વસ્તુ કરવાની થાય એ કામ કરવામાં સરકાર નિષ્ફળ ગઇ છે.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ માટે આ સભાગૃહના આદરણીય સભ્યશ્રી દેવુસિંહજી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને સમર્થન કરું છું અને એના સમર્થનમાં મારે બે-ચાર બાબતો આપશ્રીના ધ્યાન ઉપર મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આભાર પ્રસ્તાવની શરૂઆત કરતાં વિરોધપક્ષના આદરણીય નેતાશ્રીએ એવું કહ્યું કે, ૨૦૧૩-૧૪માં જે મુદ્દાઓ હતા એ જ મુદ્દાઓ એમણે લીધા છે. બજેટમાં પણ એ જ મુદ્દાઓ છે. મારે માત્ર એટલું જ કહેવું છે કે, ૨૦૧૩માં એમનું જે ભાષણ હતું એટલું જ અને એવું એમનું ભાષણ હતું. એનો અર્થ એ થયો કે, અમારા મુદ્દાઓ છે એ બરાબર છે અને એટલે એમના ભાષણમાં કોઇ ફરક પડ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી છે સ્ટેચ્યુ ઓફ યુનિટીની. આપણે બધા જાણીએ છીએ કે, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની મહામહિમ રાજ્યપાલશ્રીએ એમના પ્રસ્તાવમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત કરી છે. આદરણી વિરોધપક્ષના નેતાશ્રીનું સૂચન એવું હતું કે, આટલા વર્ષો પછી સરદાર વલ્લભભાઇ પટેલ કેમ યાદ આવ્યા? શાના માટે આ કર્યુ, મારે આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવું છે ૨૦૧૦ના સ્વર્ણિમ્ વર્ષ નિમિત્તે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર વિશ્વનું ઉંચામાં ઉચું ૧૮૨ મિટરનું સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવાની ૨૦૧૦માં જાહેરાત કરેલી હતી, ત્યાં સુધી તો કોઇને બહુ વાંધો નહોતો, પંરતુ સરદાર સાહેબના ૬૩મા નિર્વાણ દિને જયારે એનું ભૂમિપૂજન થયું આદરણીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે અને એ વખતે સ્ટેચ્યુ ઓફ યુનિટી માટેનો ગરમાવો સમગ્ર દેશમાં થયો. જયારે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાતો કરવામાં આવે છે ત્યારે અમે મોડુ કર્યુ છે, એવી જયારે વાત કરવામાં આવે છે ત્યારે કોંગ્રેસના મિત્રોને મારે પૂછવું છે, કે દિલ્હી આખા દેશની રાજધાની છે. તમામ મહાપુરુષોના સ્ટેચ્યુ ત્યાં મૂકવામાં આવ્યા છે. સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ દિલ્હીની રાજધાનીમાં તેત્રીસમા ક્રમે મૂકાયું અને તે પણ ૨૦૦૩માં માનનીય અટલબિહારી બાજપાઇજીની સરકારમાં સરદાર સાહેબનું સ્ટેચ્યુ મૂકવામાં આવ્યું. મારો સીધેસીધો પ્રશ્ન છે કે સરદાર વલ્લભભાઇ પટેલ લોખંડી પુરૂષનું પૂતળું, એમનું સ્ટેચ્યુ તેત્રીસમા ક્રમે મૂકાવા પાછળનું કારણ શું? એટલા માટે કે કોંગ્રેસ ઇચ્છતી હતી કે સરદાર સાહેબનું નામ મોટું ના થાય. સરદાર સાહેબને •(xxxxxx) (અંતરાય) મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર.. એમની પાસે કોઇ પુરાવો છે? રેકર્ડ ઉપર પુરાવો છે? (xxxxxx) અમને જે પ્રમાણે કહે છે એમ. (xxxxxx) એનો કોઇ પુરાવો છે? (અંતરાય)

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ હું બોલી રહ્યો છું. દિલ્હીના પાર્લામેન્ટ હાઉસની સામે તેત્રીસમા ક્રમે સરદાર સાહેબનું સ્ટેચ્યુ મૂકવામાં આવ્યું છે. આ રેકર્ડ ઉપર છે.

અધ્યક્ષશ્રી: (xxxxxx) એ અહીં વિધાનસભામાં ન બોલાય. જાહેરસભામાં બોલજો. તમને છૂટ છે. એ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી રમણલાલ વોરા : આ દેશમાં સારું કામ કરનાર તમામ સન્માનનીય રાજપુરૂષોને શ્રેષ્ઠ ખિતાબ એટલે કે ભારત રત્નનો ખિતાબ આપવામાં આવે છે. જેને પણ આપવામાં આવ્યા છે એ બધા અભિનંદનને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પાત્ર છે, આપવો પણ જોઇએ. મારો સીધો સવાલ છે કે બધા જ લોકોને જો ભારતરત્નનો ઇલકાબ આપવામાં આવ્યો તો સરદાર વલ્લભભાઇ પટેલને કેમ નહીં? સરદાર વલ્લભભાઇ પટેલને ખિતાબ આપવામાં આવ્યો ૧૯૯૨માં. આ દેશનો ઈતિહાસ કહે છે કે અત્યાર સુધીમાં ૩૬ જેટલા મહાનુભાવોને ભારતરત્ન ઈલકાબ આપવામાં આવ્યો છે. ત્રણ મહાપુરુષો એવા છે કે જેમને મરણોત્તર ભારતરત્નનો ઈલકાબ આપવામાં આવ્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર અને મૌલાના આઝાદ. મિત્રો ત્રણે ત્રણ મહાનુભાવો દેશની સ્વતંત્રતાની લડત સાથે જોડાયેલા મહાનુભાવો. ૧૯૯૨ સુધી હયાત હતા ત્યારે ભારત રત્નનો ઈલકાબ આપવાનો હતો. ૧૯૯૨ સુધી એમને ઈલકાબ આપવામાં આવ્યો નથી. તમામ મહાપુરૂષો માટેના સ્મારક બનાવવામાં આવે છે. મારે આ સભાગૃહના માધ્યમથી કહેવું છે કે આ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતના પનોતાપુત્ર દિલ્હી ખાતે અથવા દેશમાં પણ કયાંય સરદાર સાહેબનું રાષ્ટ્રીય સ્મારક આજદિન સુધી બન્યું નથી. મારો સવાલ છે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : પહેલા પ્રશ્ન સાંભળી લો, ચાર પાંચ પ્રશ્ન કહે એમાંથી એક બેના જવાબ દેજો. બધા પ્રશ્નો કંઈ ફરજીયાત નથી.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ ખાતે મહામહિમ રાજયપાલશ્રીનું નિવાસસ્થાન હતું. એ નિવાસ્થાનમાં એક રૂપિયા ટોકન સાથે એક ટ્રસ્ટને સોંપવામાં આવ્યું છે. મારો સીધો પ્રશ્ન છે, આ ગૃહ કે પેલા સભ્યોનો સવાલ નથી, સરદાર સાહેબનો સવાલ છે. આ લોખંડી પુરૂષનો સવાલ છે. ગુજરાતના પનોતા પુત્રનો સવાલ છે. આ ગૃહ ઇચ્છે છે કે સરદાર પટેલનું રાષ્ટ્રીય સ્મારક દિલ્હી ખાતે રાષ્ટ્રનું ધ્યાન ખેંચે એ દિશામાં થવું જોઇએ કે નહીં? મારો માત્ર પ્રશ્ન આટલો છે. J N R U M યોજનાની અંદર દેશની રાજધાનીઓ હોય છે. એ રાજધાનીઓને એનો સમાવેશ કરવામાં આવે છે. ગુજરાત સરકારે બે નામો વધારાના આપ્યા. પોરબંદર, મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ અને કર્મભૂમિ. અને બીજું કરમસદ, સરદાર વલ્લભભાઇ પટેલની જન્મભૂમિ. અત્યાર સુધીમાં ગાંધીનગર, ગુજરાતની રાજધાની, પોરબંદર અને કરમસદ આ ત્રણ નામો આપવામાં આવ્યાં. એમાં માત્ર પોરબંદર એકનો સમાવેશ થયો છે. ગાંધીનગરનો રાજધાની હોવા છતાં સમાવેશ ન થવાનું કારણ શું? કરમસદનો સમાવેશ ન થવાનું કારણ શું? કોઇપણ સરકાર આવે તો મહાનુભાવોના નામે કોઇને કોઇ યોજના મૂકતી હોય છે. સમગ્ર દેશ ખાતે સરદાર સાહેબના નામની યોજના ખરી? સરદાર આવાસ યોજના ભારતીય જનતા પક્ષની દેન છે. એટલું પૂરતું નથી, સરદાર સરોવર ડેમની સામે સરદાર સરોવર નર્મદા નિગમ, આની પહેલા પણ કહેવાયું, વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ કહ્યું કે ૧૯૬૦માં આનું ભૂમિપૂજન થયું. ૨૦૧૪ સુધીમાં ૫૪ વર્ષના વાણા વાયા હોય અને સરદાર સરોવર ડેમ હજુ પૂરો થયો નથી. કારણ કે એની સાથે સરદાર વલ્લભભાઇ પટેલનું નામ જોડાયેલું છે. માત્ર એક પરિવારના નામે જો અનેક યોજનાઓ થતી હોય તો સરદાર વલ્લભભાઇ પટેલના નામે કેમ નહીં?

જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત કરતા હોય ત્યારે ૫૬૫ કરતાં વધારે રજવાડાઓને, તમારા અને મારા ખેતરના શેઢેથી જતા હોય તો બે–ત્રણ દિવસ જાય પછી ચોથા દિવસે ઊભો રાખી કહીએ કે જો ભાઇ, આ તારો રસ્તો નથી. એક સમયે ૫૬૫ રજવાડાઓએ ઘડીના છઠ્ઠા ભાગમાં એક ખેડૂત પુત્ર, કિસાન પુત્ર સરદાર પટેલના ચરણે આ દેશની એકતા અને અખંડિતતા માટે ચરણે ધરી દીધા, એ બધા લોકો અભિનંદન અને ધન્યવાદને પાત્ર છે. આ ૫૬૫ રજવાડા માટે કામ કરનારા સરદાર વલ્લભભાઇ પટેલનું ૧૮૨ મિટરનું વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યુ થાય તો એના માટે આનંદ ન થાય, ગૌરવ ન થાય તો કોઇ વાંધો નહીં, એટલિસ્ટ એની ટીકા તો ન કરીએ. સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે એવું પણ કહેવામાં આવ્યું કે ભંગાર ભેગો કરવામાં આવ્યો. મારે આ સભાગૃહના તમામ સભ્યોને કહેવું છે. (અંતરાય) •(xxxxxx) એવું કહેવાય.

જ્યારે એરપોર્ટની વાત થઇ છે ત્યારે મારે ફરીથી શબ્દપ્રયોગ કરવો છે. એરપોર્ટને સરદાર વલ્લભભાઇ પટેલના નામ માટે આટલું મોડું શા માટે? કારણ શું હતું? ત્યાં જે લોકોએ કર્યું એમનો સીધેસીધો મતલબ હતો કે સરદાર વલ્લભભાઇ પટેલના નામ સાથે એમનું સ્ટેચ્યું મૂકાતું હોય તો યોગ્ય જગ્યાએ મૂકાવું જોઇએ. ત્યાંથી

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

૫ કિલોમિટર દૂર નહીં. આ વિષય હતો અને આ વિષયને ધ્યાનમાં રાખીને જે તે લોકોએ એ વખતે વાત કરી હતી. આદરણીય વિરોધ પક્ષના નેતાશ્રીએ એ પણ કહ્યું કે, ભાઇ, આ બધાની વાત સાથે કલ્યાણસિંહનો ભ્રષ્ટાચાર પણ છે. વાંકાનેરમાં જન્મેલા ભિલોડા તાલુકાના કલ્યાણસિંહની વાત થઈ. મારે મિત્રોને પૂછવું છે કે જ્યારે કોંગ્રેસની સરકારે રા.જ.પા.નું સમર્થન પાછું ખેંચ્યું ત્યારે મહામહીમ રાજ્યપાલશ્રીને ભ્રષ્ટાચારના ૧૮ મુદ્દાઓનું આવેદનપત્ર આપેલ હતું. આજે પણ રાજભવનમાં આ ૧૮ મુદ્દાઓનું આવેદનપત્ર હયાત છે. એના માટે કોંગ્રેસના મિત્રો અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કંઇ કહેવાનું થતું નથી? ૧૮ મુદ્દાઓનું આવેદનપત્ર કોંગ્રેસે આપ્યું ત્યારે એ વખતે ચૂપ કેમ હતા? એમણે એ પણ વાત કરી દીધી એક વાક્યમાં કે સુરંગ પ્રકરણ થયું હતું. સુરંગ પ્રકરણ થયું હતું પરંતુ એ યાદ ન આવ્યું કે કોંગ્રેસના શાસનમાં પોરબંદરની જેલ બંધ કરવી પડી હતી. પોરબંદરની જેલ બંધ કરવાનો ઐતિહાસિક બનાવ ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ હતો. એટલા માટે ભ્રષ્ટાચાર અંગેની અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વાત કરવાની જરૂરિયાત મને લાગતી નથી. સરદાર સરોવર ડેમ એની ઊંચાઇ ૧૧૦ મિટર હતી. ૧૨૧ મિટર બંધની ઊંચાઇ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીએ ૭૨ કલાકના ઉપવાસ કરવા પડે અને ૭૨ કલાકના ઉપવાસ પૂર્ણ થાય એ પહેલા તમે •(xxxxxx) એમણે મંજૂરી આપી. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) શબ્દ કાઢી નાંખો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (xxxxxx) શબ્દ કાઢી નાંખુ છું. (અંતરાય) આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોય, એ શબ્દ કાઢી નાંખું છું એનો કોઇ જવાબ ના હોય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ નર્મદા યોજનાની વાત થાય છે ત્યારે આજદિન સુધી અમે સરકાર સાથે રહીને વધુમાં વધુ નર્મદાના કામ કરવાની કોશિશ કરી છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૧ મિટર બંધની ઊંચાઇ થાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બંધની ઊંચાઇ ૧૧૦ થી ૧૨૧ મિટર કરવા માટે થઇને કેન્દ્રએ ના પાડી એના કારણે સી.એમ.ને ઉપવાસ કરવા પડ્યા એ વાત છે. કેન્દ્ર સામે વાંધો છે તમારી સામે કોઇ વાંધો નહતો. (અંતરાય) બેસો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૧ મિટર બંધની ઊંચાઇ થઇ ત્યારે કમિટીએ બધા જ, આદરણીય બલવંતસિંહ, કહ્યું કે, અમારું પણ સમર્થન છે એને સ્વીકારીએ છીએ, એને આવકાર આપીએ છીએ. મારી નાની સરખી વિનંતી છે કે, આખા દેશમાં આઠ જેટલા બંધોને રાષ્ટ્રીય યોજના તરીકે કેન્દ્ર સરકારે ઘોષિત કરી છે. સરદાર સરોવર ડેમ યોજના, નર્મદા ડેમ યોજનાને રાષ્ટ્રીય યોજના ઘોષિત કેમ કરાતી નથી? જરા વિનંતી કરીને આ યોજનાને પણ રાષ્ટ્રીય યોજના ઘોષિત કરાવી દો. એટલું પુરતું નથી આજે નર્મદાનું પાણી કચ્છની ધરતી પર પહોંચ્યું છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : રમણભાઇ, કોઇક કામ તો તમારે માટે રાખે ને. બધું એ કરી દેશે તો તમે શું કરશો?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર ડેમનું પાણી કચ્છથી રાજસ્થાનની ધરતી સુધી પહોંચ્યું અને જ્યારે આજે ત્યાં પહોંચ્યું છે ત્યારે બંધની ઊંચાઇ ૧૨૧ મિટર છે. દરવાજા મૂકવાથી ૧૩૮ મિટર બંધની ઊંચાઇ થાય. ૧૫ ફૂટ ઊંચાઇ વધારવામાં શું કરવાને વાર થાય છે? કયું રાજકારણ ચાલે છે? અને મારે તમને જણાવવું છે કે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની અંદર પુનર્વસનનું સર્વશ્રેષ્ઠ ૧૦૦% કામ પૂર્ણ થયું છે એ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં વાતો આપેલી છે એને જરા ધ્યાનથી સાંભળવાની તકલીફ લેજો. એથીય આગળ વિરોધપક્ષના નેતાશ્રીએ શું કહ્યું, કે નર્મદાનું સિંચાઇનું આટલું આટલું પાણી આપવામાં આવ્યું તો આટલું પાણી ક્યાં ગયું? એવી પણ એમણે વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, આ સરકારે નર્મદા યોજનાના કારણે અન્ય યોજનાઓને જોડીને ૨૧ નદીઓ જે સૂકીભઠ્ઠ નદીઓ હતી એ નદીઓના એકીકરણ કરવાનું, જોડવાનું કામ કર્યું. સિંચાઇ માટેનું પાણી આપવામાં આવ્યું હતું. બાકીનું પાણી કયાં ગયું? બાકીનું પાણી ૨૧ નદીઓના જોડાણમાં ગયું. સરસ્વતી નદી અને સાબરમતી નદીમાં ગયું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સાબરમતી નદીમાં માત્ર સરકસો આવતા હતા. છોકરાઓને નિબંધ લખવાની ખબર નહોતી અને એ જ યોજનાને કેન્દ્ર સરકારે એવોર્ડ આપ્યો છે, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ એવોર્ડ આપ્યો છે.

વિરોધપક્ષના નેતાશ્રીએ એવું કહ્યું કે, ૬ લાખ ખેડૂતોનું વીજળીકરણ કરવાનું બાકી છે. આ વિધાનસભામાં ૧૯૯૫માં પહેલી વખત હું ધારાસભ્ય બન્યો. પહેલી વખત ઊર્જા વિભાગનો મંત્રી બન્યો અને એ વખતે ગુજરાતમાં ખેડૂતોને જે વીજળી આપવાના ૩૦ લાખ જોડાણો બાકી હતા, આ રાજ્ય સરકારના જવાબદાર આંકડા છે. ૧૯૯૫માં ૩૦ લાખ પૈકી ૨૪ લાખ જોડાણો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યાં એની તમે ક્યારેય વાત નહિ કરો. માત્ર ૬ લાખ જોડાણો બાકી છે. ૧૯૯૫માં ગુજરાત સરકારની અંદર માત્ર ૬,૨૩૮ મેગાવોટ વીજળી ઉત્પન્ન થતી હતી. રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આજે ૨૨,૨૫૭ મેગાવોટ વીજળી આ ગુજરાત સરકારે મિત્રો પેદા કરી છે. ચાર ગણી વીજળી આટલા સમયગાળા દરમિયાન કરી છે અને એથી આગળ વધીને જયારે વીજળીની વાત થઇ છે ત્યારે એ વખતે કોંગ્રેસના આગેવાનોએ ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ રા.જ.પા.ની સરકારે વીજળી વિભાગની અનેકવિધ ભ્રષ્ટાચારો કર્યા છે, એ સામૂહિક આક્ષેપ કર્યો હતો અને એ વાત તત્કાલીન મુખ્યમંત્રી, આજના વિરોધપક્ષના નેતાશ્રીએ એ વાત એવી કરી હતી કે, તમે અમારે ત્યાં ચોપડા જોવા માટે આવજો, ચોપડા જોવા માટેનું આમંત્રણ આપ્યું હતું એનો સીધો મતલબ એવો થયો કે, રા.જ.પા.માં સૌથી વધારે વીજળીની અંદર ભ્રષ્ટાચાર થયો હતો અને વિરોધપક્ષના નેતાએ, મિત્રોએ એ સ્વીકારવું જોઇએ. (અંતરાય) (આ તકે કોંગ્રેસના સભ્યશ્રી નટવરસિંહ ઠાકોર બેઠા બેઠા કાંઇક બોલતાં) બાપુ, આપણે તો બે દિવસ પહેલાં જ વાત થઇ ગઇ છે, આપ શાંતિ રાખોને, મારે મોવડીમંડળને વાત કરવી પડે કે નહીં ? બે દિવસ પહેલાં આપણે વિધિસર વાત થઇ ગઇ છે, આપના સુપુત્ર સાથે, મારે કોઇકને પૂછવું તો પડશે ને, શાંતિ રાખોને હવે એકાદ–બે દિવસ, આપણે બધી ઘરની વાતો અહીં નહીં કરાય, બધી ઘરની વાતો અહીં કરો એ બરાબર નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની અંદર જયારે એવું કહેવામાં આવ્યું છે ત્યારે એ વખતના માનનીય મંત્રીશ્રી મંગુભાઇ પટેલ અને આદરણીય અત્યારે આદિજાતિ અને વન મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા છે. વન અને પર્યાવરણની વિભાગની વાતમાં મહામહિમ રાજ્યપાલશ્રીએ એવું કહ્યું છે કે, રાજ્યમાં વૃક્ષોની સંખ્યા વધીને  ૩૦ કરોડ અને ૧૦ લાખ જેટલી થઇ છે. સમગ્ર દેશમાં વન બહારના વૃક્ષોના વાવેતરમાં સમગ્ર દેશમાં ગુજરાત બીજા ક્રમે છે. જયારે આ મહામહિમ રાજ્યપાલશ્રીએ કહ્યું છે ત્યારે મારે માનનીય વિરોધપક્ષના નેતાનું એક બાબતે ધ્યાન દોરવું છે, હમણાં જ વિધાનસભાની અંદર રિપોર્ટ રજૂ થયો, મારા જિલ્લાના અને મારા સૌના આદરણીય અને સન્માનનીય સ્વ. અમરસિંહભાઇ ચૌધરી માટેનું, મારે માત્ર એટલું જ ધ્યાન દોરવું છે આપનું, ૨૮–૫–૯૬ના રોજ જાહેરનામું બહાર પડયું અને એ વખતના નિવૃત્ત ન્યાયધીશ શ્રી જે.પી. દેસાઇના અધ્યક્ષપણા નીચે એક સભ્યનું તપાસ પંચ નિમવામાં આવ્યું, જેની મુદત છ માસની હતી. આ છ મહિનાની મુદત પૂરી થાય અને અહેવાલ રજૂ થાય એ વખતે આદરણીય વિરોધપક્ષના નેતાજી માનનીય મુખ્યમંત્રી તરીકે બિરાજમાન હતા. એમના વડપણ નીચે સરકારે પંચની મુદતના વધારાનો નિર્ણય ૩૦–૧૧, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અહીંના સભાના સભ્ય છે(અંતરાય) આ સભાના સભ્ય છે એમને નિયમની ખબર પડવી જોઇએ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ બધું આની બહાર જ ચાલે છે છતાંય એનું કોઇ અપમાન થાય એવું હશેને મૃત્યું પામેલ કે ચાલુ સભ્યનું તો તરત જ રોકીશું.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરનું છે, આપને મારી વિનંતી એટલી જ છે કે, અમે કાંઇક કહેતા હોઇએ તો રાજયપાલનું પ્રવચન, આ રાજયપાલના પ્રવચન ઉપરનું કયાં છે? અહેવાલ આવી ગયો છે માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : જે લખેલું છે, પણ કયાં આમાં બધા બોલ્યા છે એમાં રાજયપાલશ્રીના પ્રવચનનું કેટલું બોલ્યા છે, પોલિટીકલી જ ચર્ચા થઇ છે.

શ્રી રમણલાલ ઇ. વોરા :  માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગની તમને વાત કરી છે, વૃક્ષોમાં વધારો થયો છે એવી વાત કરી છે, ગુજરાત બીજા ક્રમે સમગ્ર દેશમાં છે આ વાત કરી છે. એ વાત કર્યા

પછી હું આ રિપોર્ટની વાત કરી રહ્યો છું કે, ૩૦-૧૧-૧૯૯૬ના દિવસે જે આ પંચની મુદત વધારવાની હતી એ પંચની મુદત સમાપ્ત કરી દીધી હતી. હમણાં બહેનશ્રીએ એવું કહ્યું હતું કે, ૧,૩૭૦ વૃક્ષો કપાયા. અહીં તો બે લાખ તેર હજાર કરતાં વધારે વૃક્ષો કપાયા અને એટલા માટે આ અંગેની વાત જયારે પણ આપણે કરીએ ત્યારે એના માટેની વાત કરવી જોઇએ. માનનીય બલવંતસિંહજીએ પણ બે -ત્રણ વાત કરી, એમની માત્ર એક જ હું તમને કરું, એમણે એવું કહ્યું, ભાઇ તમારામાંથી ઘણા બધાનું ગોત્ર પણ કોંગ્રેસનું છે.

અધ્યક્ષશ્રી : રમણભાઇ પાંચ મિનિટ બાકી છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : જી, કોંગ્રેસનું ગોત્ર છે. માનનીય વિરોધપક્ષના નેતાજીને જ પૂછી લેજો ને, તમારું ગોત્ર કયું છે ? મારે લાંબી કંઇ વાત કરવી નથી. દસ અને બારમા ધોરણમાં હમણાં ઘણા બધાએ કહ્યું કે, કોઇકે આઠ લાખ કહ્યા, કોઇકે દસ લાખ કહ્યા, કોઇકે તેર લાખ કહ્યા. તલાટીની પરીક્ષા હતી અને આટલા બધા લોકોએ પરીક્ષાના ફોર્મ ભર્યા.આ બધાની જાણકારી માટે હું કહું છું કે ધોરણ-૧૦ અને ૧૨ના દર વર્ષે ૧૩લાખ વિદ્યાર્થીઓ પાસ થાય છે તો એ પરીક્ષામાં બાર લાખ કે પંદર લાખ લોકો બેઠા તો દર વર્ષે જેટલા તેર લાખ પાસ થાય છે આખા દેશમાં કયારેય કોઇ દિવસ આટલી રોજગારી મળી હતી? માત્રને માત્ર જો એની માટે વાત કરવી હોય તો એ ઠીક નથી.

અમારા જોષીયારા સાહેબે વાત કરી હતી. જોષીયારા સાહેબ મારા જિલ્લાના છે એટલે મારે એમની વાત કરવી પડે. એમણે કહ્યું કે કોલેજો છે પણ ડોકટરો નથી. જોઇતાભાઇએ પણ કહ્યું. રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવના ભાષણની વાત મારે તમારી સમક્ષ કરવી છે. ૨૦૦૧-૦૨માં દસ મેડિકલ કોલેજો અને ૧૨૭૫ બેઠકો હતી. છ કરોડ ગુજરાતીઓ અને ૧૨૭૫ બેઠકો. કેવી રીતે તમને ડોકટરો મળે? ફરીથી તમને કહું ૨૦૦૧-૦૨માં દસ મેડીકલ કોલેજ ૧૨૭૫ બેઠકો એટલે દર વર્ષે ૧૨૭૫ ડોકટરો બહાર પડતા હતા. આજે નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ૨૦૧૩-૧૪માં ૧૯ મેડીકલ કોલેજો ૨૯૩૦ ડોકટરો, ૩૦૦૦ ડોકટરો દર વખતે બહાર પડે છે. અહીંયા નરોડા પાટીયાની પણ વાત થઇ. એસ.આઇ.ટી.નો રિપોર્ટ આવી ગયો, મેજીસ્ટ્રેટે કલીનચીટ આપી છતાંય નરોડા પાટીયાની વાત થાય. દસ હજાર કરતા વધારે શીખોનો નરસંહાર ૧૯૮૪માં (અંતરાય)

અધ્યક્ષશ્રી : જે જયુડીશીયરી હોય એ રહેવા દો. એ સિવાયની વાત કરો.

શ્રી રમણલાલ ઇ. વોરા : પુંજાભાઇ વંશ બોલ્યા હતા. પુંજાભાઇ વંશ કરે છે નરોડા પાટીયાની વાત અને એટલા માટે હું એમનો પ્રત્યુત્તર આપી રહ્યો છું. રેકર્ડ પણ જોઇ લેજો. દસ હજાર શિક્ષકોની પણ વાત થવી જોઇએ. હમણા પરેશભાઇએ કહ્યું કે ટેકાના ભાવ મળતા નથી. અરે પરેશભાઇ, ટેકાના ભાવ કેન્દ્ર સરકારે નકકી કરવાના છે, ગુજરાત સરકારે નહીં. ટેકાના ભાવ કેન્દ્ર સરકાર નકકી કરે અને ટેકાના ભાવે ખરીદી કરવી જોઇએ. કૃષિમંત્રીશ્રી અહીંયા બેઠા છે. મગફળીના જે ટેકાના ભાવ છે એ પ્રમાણે ખરીદી કરાતી નથી.(અંતરાય) પરેશભાઇ, મટન પર સબસિડી અને કપાસની નિકાસ પર પાબંદી. મારે છેલ્લી વાત કરવી છે. ચાર રાજયોની ચુંટણી થઇ. ચાર રાજયોની ચુંટણીમાં મારે પણ રાજસ્થાન જવાનું થયું હતું. (અંતરાય)

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ટેકાના ભાવની વાત કરે છે. માનનીય મંત્રીશ્રી જે બોલ્યા, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર. એનો જવાબ આપો કે કેન્દ્ર સરકારે ટેકાના ભાવ જે ડાંગરના અને એના નકકી કર્યા હતા.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર થતો નથી. તમારું ચલાવો. (અંતરાય) તમે ત્યાંથી શું કરવા અંદરોઅંદર વાત કરો છો?

શ્રી રમણલાલ ઇ. વોરા : ચાર રાજયોની ચુંટણીમાં હું રાજસ્થાન ગયો હતો. રાજસ્થાનના ચુંટણી પ્રચારમાં જયારે હું ફરતો હતો ત્યારે સૂત્ર શું બોલાતા હતા? હર હર મોદી . રાજસ્થાનનું સૂત્ર "હર હર મોદી, ઘર ઘર મોદી". "વિકાસવીર માનવી, ગરીબોંકા સન્માનભી" આ વાત રાજસ્થાનની ચાર રાજયોની ચુંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઇ ગયા. ૨૦૧૪માં ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાન બને એના માટેની આ રાજય સરકાર જે વાત લઇને આવી છે એના સમર્થન સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : આજની પ્રથમ બેઠકનું કામકાજ પૂરું થાય છે. બીજી બેઠક બપોરના ૨–૩૦ વાગે ફરીથી મળશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧–૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ કલાકે મળ્યું**
**ઉપાધ્યક્ષ શ્રી મંગુભાઇ પટેલ અધ્યક્ષસ્થાને**

**ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર.**

## તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ શહેર તથા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ**

* ૭૬૧૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેન્દ્રવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,<br>(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત *પત્રક-અ માં તથા અમદાવાદ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગતો *પત્રક-૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કેન્દ્રવાર મહેકમની વિગતો *પત્રક-૨માં દર્શાવ્યા મુજબની છે.<br>ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી ડિસ્પેન્સરી, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગતો *પત્રક-બ, *પત્રક-ક અને *પત્રક-ડ માં દર્શાવ્યા મુજબની છે. |
| (૩) આવી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) સા.આ. કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ-૧ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ. કેન્દ્રોમાં મેડીકલ ઓફિસર, વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.<br>જ્યારે વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ-૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ-૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા પૂછવા માગું છું કે અમદાવાદ જિલ્લા તેમજ ગાંધીનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને જિલ્લા આરોગ્ય કેન્દ્રમાં ૧૦૦ કરતા વધારે જગ્યાઓ ઘણા સમયથી ખાલી છે. એક તરફ ૧૫૦૦ નોકરીઓ હોય એના માટે ૧૫ લાખ અરજદારો અરજી કરતા હોય આ રીતે

ગુજરાતની અંદર બેકારી હોય. આવા આરોગ્ય કેન્દ્રમાં ૧૦૦ કરતા વધારે જગ્યાઓ ઘણા સમયથી ખાલી છે, તે જગ્યાઓ ભરાતી ન હોય તે ઘણી બધી ગંભીર બાબત કહેવાય. આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગો છો? બીજો પ્રશ્ન નામદાર હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા જે હુકમો કરવામાં આવ્યા છે. જે ફિક્સ પગારવાળા લોકો છે, એમને કાયમી નોકરી આપવી જોઇએ, તો શું રાજ્ય સરકાર કાયમી નોકરી આપી એ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ જગ્યાની વાત કરી. એમણે પત્રક જોયું હશે. અમદાવાદની અંદર જે સી.એચ.સી. એમાં માત્ર ૧૦ મેડિકલ ઓફિસરની જગ્યા ખાલી છે. ગાંધીનગરમાં સી.એચ.સી. માં ૨૪ માંથી ૨ અને પી.એચ.સી. માં ૨૫ માંથી માત્ર ૧ જગ્યા ખાલી છે. અમદાવાદમાં જે ૩૭ મેડિકલ ઓફસરો છે, એમાંથી ૧૦ જગ્યા પી.એચ.સી. માં ખાલી છે. ભરતી પ્રક્રિયાની વાત કરી. જેમાં રાજય સરકાર કામ કરે છે. એ લગભગ જ્યારથી મુખ્યમંત્રીશ્રી આવ્યા ત્યારથી જગ્યાની વાત છેક ૧૯૬૦ માં ગુજરાત જુદું પડ્યું ત્યારે ૨૮૦ મેડિકલની બેઠકો હતી, તે આ દશકામાં ૨,૯૩૦ બેઠકો એમાં ૧૮૦૫ બેઠકોનો વધારો માત્ર આ દશકામાં થયો. આગળના ૪૦ વર્ષમાં માત્ર ૮૪૫ બેઠકો વધી હતી. જે ખાલી જગ્યાઓ ભરવાની વાત છે. રાજય સરકારે તજજ્ઞ વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરીને ઉમેદવારોની ફાળવણી કરવામાં આવે છે. આરોગ્ય સેવાઓને માઠી અસર ન પડે એટલે તજજ્ઞ વર્ગ–૧ ની જગ્યા માટે દર સોમવારે અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યા માટે દર મંગળવારે વોક–ઇન ઇન્ટર્વ્યૂ લઇને ૧૧ માસના કરારના ધોરણે એડહોક ધોરણે નિમણૂક આપીને સેવાઓ લેવામાં આવે છે. તબીબી સ્નાતક, અનુસ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કરનાર ઉમેદાવારોને બોર્ડની શરતો અનુસાર ખાલી જગ્યાઓ ઉપર નિમણૂકો આપીને સેવાઓ લેવામાં આવે છે. તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નિયમિત જગ્યાઓ માટે મેડિકલ ઓફિસરની કુલ ૧૪૩૩ ખાલી જગ્યાઓ માટે જાહેરાત આપી હાલ ભરતી પ્રક્રિયા ચાલુ કરેલ છે. આ ઉપરાંત સી.એમ.સેતુ યોજના અંતર્ગત પણ જગ્યાઓ ભરવામાં આવે છે. સી.એમ.સેતુ યોજનામાં ૧૨ જગ્યાઓ અમદાવાદમાં ભરેલી છે અને જે કાંઇ છે એમાં સભ્યશ્રીની લાગણી છે. જગ્યાઓ ભરવાની રાજય સરકારની હિમાયત અને જ્યાં ગ્રામ વિસ્તારમાં ડોક્ટરો મળતા નથી અને અહીં મળે છે. જે રીતે ભરવામાં આવે છે. આ રીતે જગ્યાઓ ભરવાનો પ્રયત્ન રાજય સરકારે કરેલ છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદમાં અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓ.પી.ડી. અને ઇન્ડોર દર્દીની વિગતો શું છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા માટે જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓ.પી.ડી. અને ઇન્ડોરની વાત કરી છે. અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કુલ ૩,૩૧,૧૭૨ ઓ.પી.ડી. કેસ તથા ૧૮૦૫૦ ઇન–ડોર કેસમાં સારવાર આપી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કુલ ૨,૨૯૭૯૦ ઓ.પી.ડી. તથા ૩૬૨૯૦ ઇન–ડોર કેસમાં સારવાર આપી છે. ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કુલ ૨,૦૪,૯૨૭ ઓ.પી.ડી. કેસ તથા ૪૮૨૬ ઇન–ડોર કેસમાં સારવાર આપી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કુલ ૧,૭૫,૮૯૬ ઓ.પી.ડી.કેસ તથા ૩૦૮૪૨ ઇન–ડોર કેસમાં સારવાર આપવામાં આવી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સભ્યશ્રીની લાગણી છે અને આપે ૧૯૬૦ થી વાત કરી એટલે ચોકકસ સમય નકકી કરે કે આટલી જગ્યાઓ જે ખાલી છે અને માનનીય મંત્રીશ્રીએ બતાવી તે માટેનો એક ચોકકસ સમય મંત્રીશ્રી બતાવે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર આ બધી જ જગ્યાઓ ભરવા માટે કટિબદ્ધ છે. એટલા માટે તો દર સોમવારે અને મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુ વીધાઉટ જાહેરાત દર સોમવારે અને મંગળવારે રાખવામાં આવે છે. બોન્ડેડ કેન્ડીડેટ જે આવે તેને આપણે હાથોહાથ તે જયાં કહે તે રીતે મૂકીએ પણ છીએ. હું તો સભ્યશ્રીને કહું કે કયાંય આવા ઉમેદવાર તમારા ધ્યાનમાં હોય અને ઇન્ટીરીયર વિસ્તારમાં જવા માગતા હોય તો કહેજો. અમે તૈયાર છીએ.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ૨૦૧૧ની વસ્તી મુજબ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પી.એચ.સી. સેન્ટર અને સી.એચ.સી. સેન્ટરની કેટલી જરૂરિયાત છે અને તેની સામે કેટલા મંજૂર થયેલ કેન્દ્ર છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૧ની વસ્તી પ્રમાણે અમદાવાદ જિલ્લામાં ૩૫ પી.એચ.સી. સામે ૩૭ પી.એચ.સી. અત્યારે કાર્યરત છે. ૯ સી.એચ.સી.ની જરૂરિયાત છે તેની સામે ૧૦ સી.એચ.સી. અત્યારે અમદાવાદમાં કાર્યરત છે. ગાંધીનગરમાં ૨૭ પી.એચ.સી.ની સામે ૨૫ પી.એચ.સી. છે અને ૭ સી.એચ.સી.ની સામે ૭ સી.એચ.સી. કાર્યરત છે.

**મહેસાણા જિલ્લાની વાણિજિયક વેરાની આવક**

* ૭૦૦૨ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન તા.૩૦–૧૧–૨૦૧૩ સુધીમાં મહેસાણા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, | (૧) રૂ. ૨૮૨.૮૧ કરોડ. |
| (૨) આ સમયગાળા દરમ્યાન વાણિજિયક વેરાની કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂ. ૬.૬૨ કરોડ (તા. ૩૦–૧૧–૨૦૧૩ અંતિત) |
| (૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધાં ? | (૩) બાકી વસુલાત વાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની તિજોરી ૨૦ ટકાના વૃદ્ધિ દર સાથે સમૃદ્ધ થઇ રહી છે ત્યારે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા જિલ્લાની જાન્યુઆરી ૨૦૧૪ સુધીની વેટની તાલુકાવાર આવક કેટલી છે? મહેસાણા જિલ્લાની ૨૦૦૯–૧૦ અને ૨૦૧૨–૧૩ના સમયની વેટની વર્ષવાર કુલ આવક કેટલી થયેલ છે અને વર્ષ ૨૦૧૩–૧૪માં જાન્યુઆરી ૨૦૧૪ સુધી કુલ કેટલી વેટની આવક થયેલ છે તથા વર્ષવાર કેટલી વૃદ્ધિ થયેલ છે અને બાકી રકમ વસૂલવાની બાકી છે તે એકમો કયા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાની અંદર વેટની કુલ આવક ૨૮૨.૮૧ કરોડ જે વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ૩૦–૧૧–૨૦૧૩ સુધીની છે. બીજો માનનીય ઋષિકેશભાઇએ પ્રશ્ન પૂછયો તે પ્રમાણે રાજયમાં ઉદ્યોગ, વેપાર, ધંધા, વાણિજયક, ખેતી, સેવા સેકટર અનેકગણું વધતું હોય ત્યારે મહેસાણા જિલ્લામાં તેમાં વધારો થતો જાય છે. મહેસાણા જિલ્લામાં વેટની આવકમાં વધારો થાય છે. માનનીય સભ્યશ્રીએ પહેલો જે પ્રશ્ન પૂછયો છે કે કયા તાલુકામાં કેટલી આવક છે તો તેમાં મહેસાણા તાલુકામાં વર્ષ ૨૦૧૪ જાન્યુઆરી સુધી ૧૭૩ કરોડ ૮૯ લાખ રૂપિયા, બેચરાજી તાલુકામાં ૧ કરોડ ૦૯ લાખ રૂપિયા, વિસનગર તાલુકામાં ૨૮ કરોડ ૯૦ લાખ રૂપિયા, ખેરાલુ તાલુકો કે જયાં ફકત ખેતી વધારે છે તે તાલુકામાં ૪૯ લાખ રૂપિયા, વડનગર તાલુકામાં ૧૮ લાખ રૂપિયા, સતલાસણા તાલુકો ૧૬ લાખ રૂપિયા, વિજાપુર તાલુકામાં ૩૬ કરોડ ૬૩ લાખ રૂપિયા, કડી તાલુકામાં ૧૦૨ કરોડ ૩૯ લાખ રૂપિયા અને ઉંઝામાં ૨૦ કરોડ ૧૯ લાખ રૂપિયા આવક થઇ છે. બીજુ, ઉંઝામાં હવે આવક એટલા માટે ઓછી થાય છે કે, ગયા વર્ષે જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોની લાગણીને ધ્યાનમાં રાખીને, રજૂઆતને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં કૃષિ ઉત્પાદનને પ્રોત્સાહન મળે, માર્કેટ કમિટીઓના વેપાર ધંધાને પ્રોત્સાહન મળે એ માટે જીરૂ– વળીયારી ઉપરનો ટેકસ નાબૂદ કર્યો, એટલે એશિયાનું જે આખું મોટોમાં મોટું ઉંઝા એપીએમસી અને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માર્કેટ યાર્ડોમાં જે મોટી આવક મસાલા ઉપર થતી હતી. એ આવક હવે માફ કરવાના કારણે બંધ થઇ છે, એટલે વીસ લાખ રૂપિયા ઉંઝાની આવક છે. બીજુ, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે, એમાં કેટલી આવકો વધતી જાય છે, તો લગભગ દર વર્ષે પાંચ ટકાથી માંડીને ૩૭ ટકા સુધી જે પ્રમાણે ધંધાની સીઝન એ પ્રમાણે આવકો રાજયની વેટની આવકમાં મહેસાણા જિલ્લામાં વધારો થાય છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વર્ષ ૨૦૧૩-૧૪માં મહેસાણા જિલ્લામાં વેટ કાયદા મુજબ સૌથી વધુ વેરો ભરતા પાંચ એકમો કયા કયા છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, જિલ્લામાં વેટની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઝ કઇ કઇ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લો ઉદ્યોગ અને ખેતી ધરાવતો જિલ્લો છે. એમાં માનનીય ભરતસિંહજીએ જે પ્રશ્ન પૂછ્યો કે સૌથી વધુ આવક આપતા પાંચ કયા ઉદ્યોગ ધંધા છે? તો એમાં મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘની આવક ૩૫ કરોડ ૧૬ લાખ રૂપિયા છે, સ્ટારલાઇટ કાર પ્રાઇવેટ લિમિટેડ જે મોટરકાર અને ટ્રેકટરની ડીલરશીપ છે, એની આવક ૧૩ કરોડ ૫ર લાખ રૂપિયા છે. વીમલ ઓઇલ એન્ડ ફૂડ કંપની જે ખાનગી કંપની છે એની આવક ૧૩ કરોડ ૧૦ લાખ રૂપિયા છે, હીટાચી હોમ એન્ડ લાઇફ સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડ કે જે જાપાનની મૂળ કંપની છે અને કડી તાલુકામાં એસી વગેરેનું ઔદ્યોગિક એકમ ધરાવે છે એની આવક ૯ કરોડ ૫૫ લાખ રૂપિયા છે, બીજી એક ઓટોમોબાઇલ કંપની ઉમિયા ઓટોમોબાઇલની આવક ૬ કરોડ ૭૯ લાખ રૂપિયા છે અને માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો એમાં સૌથી વધુ આવક કોમોડીટીઝ કઇ કઇ ચીજોમાં વધુ ટેક્સ આવે છે? તો કોટન ઇન્ડસ્ટ્રીઝ જે કડીમાં મોટા પાયે વીજાપુરમાં છે, એમાં ૫૭ કરોડ ૯૬ લાખ રૂપિયા આવે છે. ઓટોમોબાઇલ્સમાં ૫૧ કરોડ ૪૧ લાખ રૂપિયા આવે છે. ડેરી પ્રોડક્ટસમાં ૨૫ કરોડ ૭૮ લાખ રૂપિયા આવે છે, એગ્રીકલ્ચર પ્રોડક્શનમાં ૨૧ કરોડ ૨૫ લાખ રૂપિયા આવે છે, અને તેલીબિયાંની જે આવક છે એ પણ ૧૮ કરોડ ૫૪ લાખ રૂપિયા આવે છે, આ પાંચ મુખ્ય કોમોડીટીઝ અને અન્ય નાનીમોટી વેપાર ધંધાની આવક ઘણી મોટી આવે છે. આમ તો દંડકશ્રી બલવંતસિંહભાઇ પણ બહુ મોટા ઉદ્યોગપતિ છે અમારા ઉત્તર ગુજરાતના, પણ ગમે તે કારણસર આમાં એમની કંપનીનું નામ કેમ આવ્યું નથી એ મારે જાણવું પડશે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં વેટની આવક મળી એમાં જે રાસાયણિક ખાતરો વેચાયા ખેડૂતો માટે, એ રાસાયણિક ફર્ટીલાઇઝર ખાતરોમાંથી વેટની આવક સરકારશ્રીને કેટલી મળી? એ હું જાણવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીનો ખૂબ આભાર માનવો છે કે ઘણા વખતથી એ પક્ષ દ્વારા એવો સતત અપપ્રચાર ચાલે છે ખેડૂતોમાં અને આજે પણ એ પક્ષની રેલી હતી ગાંધીનગરમાં, એમાં મુખ્ય મુદ્દો એ હતો કે ફક્ત ગુજરાત રાજયમાં જ ખાતર ઉપર વેટ લેવાય છે, એટલે મને ખબર હતી કે આ માહિતી મને ઉપયોગી થશે એટલે મેં હમણાં જ બીજા રાજ્યોની વેબસાઇટ ઉપરથી માહિતી મેળવી છે, હું ગુજરાતની જ વાત કરું છું. દેશમાં ગુજરાતમાં ખાતર ઉપરનો ટેક્સ ચાર ટકા છે, મહારાષ્ટ્રમાં જ્યાં વર્ષોથી (અંતરાય) હવે તમારા અપપ્રચારનો પરપોટો ફૂટી જાય છે, એટલે પ્રશ્નને દબાવવા જાઓ છો. તમારા આ અપપ્રચારનો પરપોટો મારે ફોડવો છે એ ફૂટતો તમે જૂઓ. તમારો જ પ્રશ્ન છે, તમે જે મોટી રેલીઓ કરો છો, જાહેર સભાઓ કરો છો, જાહેરખબરો આપો છો કે ફક્ત ગુજરાતમાં જ વેરો છે. ગુજરાતમાં ૪ ટકા જ છે પણ મહારાષ્ટ્રમાં કે જ્યાં વર્ષોથી તમારી કોંગ્રેસની સરકાર છે ત્યાં ૫ ટકા વેરો છે, રાજસ્થાનમાં ૫ ટકા વેરો છે, મધ્યપ્રદેશમાં ૫ ટકા, આસામમાં ૫ ટકા, પશ્ચિમ બંગાળમાં ૫ ટકા, કર્ણાટકમાં ૫ ટકા, આંધ્રપ્રદેશ કે જ્યાં વર્ષોથી તમારી સરકારો છે, હવે તો બધું રમણભમણ થઇ ગયું ત્યાં ૫ ટકા, બિહારમાં ૫ ટકા, ઓરિસ્સામાં ૫ ટકા, યુ.પી.માં ૫ ટકા, ઉત્તરાખંડમાં ૫ ટકા આમ દેશના બધા જ રાજ્યોમાં મોટાભાગે આ ખાતર ઉપર ટેક્સ લેવાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના નેતાઓ ગુજરાતના ભોળા નિર્દોષ ખેડૂતોને વર્ષોથી જે અપપ્રચાર કરી રહ્યા છે એનો આ ખુલાસો છે મારો.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, પહેલા તો બજાર સંઘના ચેરમેન તરીકે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનુ છું કે, કૃષિમાં એમણે ટેક્સ માફ કર્યો અને આ મહેસાણા જિલ્લામાં કાયદા આધારિત કેટલા વેપારીઓ વેટના કાયદા આધારિત નોંધાયા? એમાં તાલુકાવાઇસ કેટલા વેટમાં નોંધાયા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં જે નોંધાયેલા વેપારીઓ છે એની વિગત આ પ્રમાણે છે. મહેસાણા તાલુકામાં ૫૨૯૨, બહેચરાજી તાલુકામાં ૯૦, વિસનગર તાલુકામાં ૨૦૪૮,

વડનગર તાલુકામાં ૨૭૪, ખેરાલુ તાલુકામાં ૩૭૧, સતલાસા તાલુકામાં ૨૫૪, વિજાપુર તાલુકામાં ૧૭૦૧, કડી તાલુકામાં ૧૮૯૭ અને ઉંઝામાં ૩૪૪૯૦ આમ મહેસાણામાં ૧૫૪૧૭ નોંધાયેલા રજિસ્ટર્ડ વેપારી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સીધો જ હતો કે મહેસાણા જિલ્લામાં જે રાસાયણિક ખાતરો વેચાયા એમાં સરકારને વેટની કેટલી આવક થઇ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોમોડીટીવાઇસ મારી પાસે નથી. કારણ કે, સેંકડો ચીજ વસ્તુઓ ઉપર કરવેરા લાગતા હોય તો તમે જેનો પ્રશ્ન પૂછશો એની માહિતી મળશે.

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગૌચરની જમીન પર થયેલ દબાણ**

* ૭૮૨૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગૌચરની જમીન ઉપર દબાણ થયેલ છે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ કુલ કેટલી ગૌચર જમીન ઉપર દબાણ થયેલ છે, | (૨) અમરેલી જિલ્લામાં–૩૫,૯૫,૫૧૩ ચો.મી.<br>ભાવનગર જિલ્લામાં–૫,૦૫,૪૦૯ ચો.મી. |
| (૩) આ દબાણો દૂર કરવા સરકારે શાં પગલાં ભરેલ છે, અને | (૩) દબાણદારોને નોટિસો આપવામાં આવેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતોને અનઅધિકૃત દબાણો દૂર કરવાના અધિકારો કાયદાથી સુપ્રત કરવામાં આવેલા છે. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૧૦૫ ની પેટા કલમ–૭ની જોગવાઈ અનુસાર કોઈ પણ નડતર અથવા દબાણ અથવા ગૌચર જમીન ઉપર અન અધિકૃત રીતે ઉગાડેલો કોઈ પાક દૂર કરવાનું પંચાયતને મુશ્કેલ લાગે તો તે દૂર કરાવવાની તાલુકા વિકાસ અધિકારીશ્રીને કાયદાથી સત્તા આપવામાં આવેલી છે.<br>જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક મીટીંગમાં દબાણ દૂર કરાવવા સંબંધે નિયમિત સમીક્ષા કરવામાં આવે છે. સરકારશ્રી કક્ષાએથી પણ આ અંગે પરિપત્ર દ્વારા દબાણ દૂર કરવા સૂચના આપવામાં આવે છે. |
| (૪) ઉકત સ્થિતિએ આ દબાણો દૂર ન થવાના શાં કારણો છે ? | (૪) કેટલાક કેસોમાં કોર્ટ કેસ ચાલુ હોવાથી તેમજ કેટલાક કેસોમાં ડી.આઈ.એલ.આર. દ્વારા માપણી બાકી હોવાથી. |

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આપેલા જવાબ મુજબ માત્ર અમરેલી અને ભાવનગર જિલ્લાની અંદર ૧૦૦ એકર કરતા વધુ ગૌચરની જમીનમાં વર્ષોથી દબાણ છે અને વર્ષોથી હટાવવાની પ્રક્રિયા ચાલે છે પણ હજુ દબાણ હટ્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગૌ સંસ્કૃતિને વરેલું આ ગુજરાત એમાં છેલ્લા વર્ષોની અંદર ગૌચરની જે આ રીઝર્વ જમીનો છે એ અન્ય હેતુઓ માટે તબદીલ કરવાની પરંપરા શરૂ થઇ એના કારણે ગૌચર ન મળતા ગાયો પ્લાસ્ટીકની કોથળીઓ, કચરો આવું બધું ખાય અને આવા ન પચાવી શકાય એવા ખોરાકના કારણે અસંખ્ય ગૌવંશનું મૃત્યુ થયું. (અંતરાય) કોઇ રાજકીય મારો સવાલ નથી મારે તો બાપુસાહેબને વિનંતી કરવી છે કે, નીતિ વિષયક વાત છે કે, આ ગૌચરના દબાણના કારણે હદ નિશાન માપણીની અનિશ્ચિતતાના કારણે વારંવાર માલધારીઓ અને ખેડૂતો વચ્ચે ઝગડા થાય છે. ગૌચરના દબાણ હટાવવાની જવાબદારી ગ્રામ પંચાયતને આપણે કાયદાથી સોંપી છે, પણ ગ્રામ પંચાયતો દબાણ હટાવવા માટે સક્ષમ અને અને હદ નિશાન માપણી કરાવવા માટે ગ્રામ પંચાયતો પાસે ભરવાના થતા નાણાંનો સ્ત્રોત પણ નથી. એટલે મારો સીધો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને એટલો છે કે, રાજ્યમાં ગામવાઇસ માલઢોરની સંખ્યા મુજબ જે ગૌચર રીઝર્વ રાખવાનું આપણે કરેલું છે, એ ગૌચરની હદ માપણી સરકારી ખર્ચે કરાવવા માગીએ છીએ કે કેમ?

બીજો મારો નાનો પ્રશ્ન છે કે, ગુજરાત પંચાયત અધિનિયમમાં આપણે જોગવાઇ કરી છે કે પંચાયતોએ દબાણ હટાવવું. જો પંચાયત દબાણ હટાવવામાં સક્ષમ ન નિવડે તો એ પંચાયતને ડીસક્વોલીફાઇ કરવી અને પછી તાલુકા વિકાસ અધિકારી દબાણ જિલ્લા કક્ષાએ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (દબાણ)નું પદ છે, એમાં મારી એટલી વિનંતી છે કે આ કાયદામાં ક્યાંય જવાબદારીઓ પંચાયતોથી લઇ અને સીધી તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીનું નક્કી કરીએ તો આખા રાજ્યની અંદર આ પ્રશ્નનું સમાધાન થાય. તો આ માટે આવો કોઇ સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી ચોખવટ પરેશભાઇ એ કરું કે ગૌચરની જમીન અન્ય ઉપયોગ માટે ગુજરાતમાં લેવાતી નથી. દબાણ ખસેડવાની પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે અને એના ભાગરૂપે અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ આ પ્રક્રિયા ચાલુ છે, જો સરપંચ આ પ્રક્રિયા ન કરે તો સરપંચને દૂર કરવાની કાર્યવાહી પણ અમરેલી જિલ્લામાં કરવામાં આવી છે. એવી રીતે સરપંચ કામ ન કરે તો ભાવનગર જિલ્લામાં પણ એમને દૂર કર્યા છે, તમારા સવાલમાં જે મોણપુર ગામ છે એ સરપંચે કાર્યવાહી ન કરી અને એમણે રાજીનામુ આપ્યું, ત્યાં ચૂંટણી થઇ અને અત્યારે પ્રક્રિયા ચાલુ છે, સિવિલ કોર્ટમાં કેસ પેન્ડિંગ છે, આ કામ ઝડપથી અને સારું થાય એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને હદ નિશાન, સરવે નંબર તથા દબાણનું માપ આ બધું જ નક્કી કરવા માટે તેમજ ક્ષેત્રફળ નક્કી કરવા માટે ડીઝીટલ ગ્લોબલ પોઝીશન સિસ્ટમ ડી.જી.પી.એસ. દ્વારા દરેક સરવે નંબરનો અદ્યતન, ચોક્કસ અને કમ્પ્યુટરાઇઝ્ડ રેકર્ડનો નકશો આ યોજનાના કારણે ઉપલબ્ધ થશે, અમરેલી જિલ્લામાં પણ કુલ અગિયાર તાલુકાઓમાં આ કામગીરી ચાલુ છે અને એ કામના ભાગરૂપે ૨૫ ગામોમાં આ કામગીરી પૂર્ણ પણ કરવામાં આવી છે. આ કામગીરી પૂર્ણ થાય તે દરમ્યાન જો કોઇ અરજન્સી આવે તો કલેકટર પાસે ડિસ્ક્રિશનરી પાવર છે કે મેન્યુઅલી પણ એ માપણી કરાવી શકે છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે, અમરેલી જિલ્લામાં છેલ્લાં બે વરસમાં તાલુકાવાર થયેલ દબાણોની સંખ્યા કેટલી અને દૂર કરેલ દબાણોની સંખ્યા કેટલી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨માં અમરેલી તાલુકામાં ૪, બાબરામાં ૧, ધારીમાં ૪૦, લીલીયામાં ૫, સાવરકુંડલામાં ૧ એમ ૨૦૧૨માં ૫૧ અને ૨૦૧૩માં અમરેલીમાં ૩, ધારીમાં ૧૨૨ એમ કુલ મળીને ૧૨૫ અને એ રીતે ૨૦૧૨ અને ૨૦૧૩માં થઇને અમરેલી જિલ્લામાં જ ૧૭૬ દબાણો દૂર કર્યા છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરના દબાણોનો પ્રશ્ન સમગ્ર ગુજરાતનો છે, મારી એક વાત સરકારના ધ્યાન પર લાવીને પૂછવા માગું છું કે, ગૌચરની જમીનો પરના દબાણો દૂર કરવા માટેની જે પ્રક્રિયા હોય છે પંચાયત એકટ પ્રમાણે અને કાયદા પ્રમાણે અને પંચાયત એ કામગીરી કરવા માટે તત્પરતા બતાવીને કામ કરતી હોય છે પણ જેનું દબાણ દૂર કરવા જવાનું હોય ત્યારે એમને પોલીસ પ્રોટેકશનની જરૂર પડે છે, મારી પાસે થોડીક વિગતો છે કે પોલીસ પ્રોટેકશન પંચાયતને આપવું ઘટે અને એ આપવામાં વિલંબ થતો હોય, એક તારીખ આપી કેન્સલ કર્યું, બીજી તારીખ આપી કેન્સલ કર્યું, ત્રીજી તારીખ આપી કેન્સલ કર્યું અને પોલીસ વિના જો કાર્યવાહી કરવા જાય તો ખુનખરાબા થતાં હોય છે, એટલે ખુનખરાબા પણ ન થાય અને યોગ્ય સમયમાં આ પોલીસ પ્રોટેકશન મળે એના માટેની કોઇ ચોક્કસ ગાઇડલાઇન નથી, ધારે તો બે દિવસમાં પણ આપી શકે અને ધારે તો ત્રણ મહિને પણ આપે, તો એમાં કંઇક સૂચના આપીને એમને તાત્કાલિક પોલીસ પ્રોટેકશન મળે, જે કેસનો નિકાલ થઇ ગયેલ હોય એની હું વાત કરું છું કોર્ટ મેટરની વાત નથી કરતો પણ ઉકેલ આવી ગયેલ હોય તેમાં તો એવું કંઇ સરકાર કરવા માંગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આમ સામાન્ય કિસ્સામાં તો જ્યારે માંગે ત્યારે આપવામાં આવે જ છે, પણ કોઇ બંદોબસ્તમાં પોલીસ હોય કે વાર તહેવાર હોય કે કોઇ પ્રસંગ હોય અને માની લો કે ના થયું હોય તો મોડું થતું હોય છે, બાકી તો નિયમિત રીતે જ્યારે પણ માગણી કરવામાં આવે ત્યારે પોલીસ બંદોબસ્ત આપવામાં આવે જ છે. કોઇ ખાસ કિસ્સામાં દબાણ દૂર કરવાનું નક્કી થયું હોય, કોર્ટે કહ્યું હોય અને છતાંય જો પોલીસ બંદોબસ્ત ના મળ્યો હોય તો માનનીય સભ્યશ્રી ધ્યાન પર લાવશે તો ગૃહ ખાતાને કહીને યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

શ્રી જીતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, મારા ભાવનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ગૌચરની જમીનના દબાણો દૂર કરાયા છે કે કેમ ? અને જો હા, તો તાલુકાવાર કેટલાં દબાણો દૂર કરવામાં આવ્યા છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આ બાબતમાં બહુ જ સક્રિય છે અને ગૌચર ઉપરના દબાણો તો તાત્કાલિક ધ્યાન ઉપર આવે અને તરતજ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે ભાવનગર જિલ્લામાં પણ જેમ મેં અમરેલી જિલ્લામાં કહ્યું એ પ્રમાણે પણ ૨૦૧૨–૧૩માં ૪૧૦ દબાણો દૂર કર્યા છે. તાલુકાવાર ૨૦૧૨માં ઘોઘામાં–૩, તળાજામાં ૨૪૧, ગઢડામાં ૩, બોટાદમાં ૨૯, પાલીતાણામાં ૩, ૨૦૧૩માં તળાજામાં ૨૬, ગઢડામાં ૧૦, બોટાદમાં ૧૨૮, મહુવામાં ૪૬, વલ્લભીપુરમાં ૨૧, ૨૦૧૨માં ૨૫૯ અને ૨૦૧૩માં ૧૩૧ એમ કુલ મળીને ૪૧૦ દબાણો ભાવનગર જિલ્લામાં દૂર કરવામાં આવ્યાં છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી ખાલી એટલી જ વિનંતી છે કે, ગ્રામ પંચાયતો નાના ગામડાંઓ છે આંતરિક વ્યવહારો છે અને તેના કારણે એક બીજા નાના મતના રાજકારણમાં આ દબાણો પાછળ તેને કયાંક અને કયાંક આંખ મિંચામણાં કરવા પડે છે. આવી આખા રાજયની પરિસ્થિતિ છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, આમાં નીતિ ફેરફાર કરી અને ગ્રામ પંચાયતોની જગ્યાએ આપણી પાસે તાલુકા કક્ષાએ અને જિલ્લાકક્ષાએ વ્યવસ્થા છે. તો આ દબાણો હટાવવાની સીધી જવાબદારી તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા કક્ષાએ નાયબ જિલ્લા વિકાસ અધિકારીની નક્કી કરીએ તો ગ્રામ પંચાયત તો સહકાર આપવાની છે અને આપણો આ દબાણનો પ્રશ્ન સોલ્વ થાય અને ખેડૂતો અને માલધારીઓ વચ્ચેના સંઘર્ષનું કાયમી નિરાકરણ આવે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બધીજ ગ્રામ પંચાયતો આમાં સક્રિય છેજ અને માની લો કે એ સક્રિય ના હોય તો નોટિસ આપીને પછી તેને બરતરફ પણ કરવામાં આવે છે અને ના કરે તો તાલુકા પંચાયત એટલે ટી.ડી.ઓ. પણ આ કાર્યવાહી કરે છે. એટલે આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડાને કારણે રાજ્ય સરકારને થયેલ નુકશાન**

* ૬૯૯૬ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦–૨૦૧૧, ૨૦૧૧–૨૦૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા વેચાણવેરાના દરમાં ઘટાડાના કારણે રાજ્ય સરકારને વર્ષવાર કેટલું નુકશાન થયેલ છે,

(૨) કેન્દ્ર સરકારે ઉકત નુકશાન સામે કેટલી રકમ ચૂકવેલ છે, અને

(૩) કેન્દ્રીય વેચાણવેરાના નુકશાન પેટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૪૨૮.૨૫ |
| ૨૦૧૧–૧૨ | ૧૫૬૪.૧૪ |
| ૨૦૧૨–૧૩ | ૮૦૮.૦૧ |

**વર્ષ**
(૨) ૨૦૧૦–૧૧
૨૦૧૧–૧૨ કેન્દ્ર સરકારે કોઈ રકમ ચૂકવેલ નથી.
૨૦૧૨–૧૩

(૩) રૂ. ૫૭૬૪.૪૭ કરોડ.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું છું અને મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે, છેલ્લાં ત્રણ વર્ષમાં એક પણ રકમ કેન્દ્ર સરકારે ચૂકવી નથી. રકમનો જો સરવાળો કરવા જઇએ તો લેણાં ૫૭૬૪.૪૭ કરોડ છે. જયારે આટલી માતબર રકમ બાકી હોય અને ગુજરાતને એક વધુ પડતો અન્યાય થતો હોય તો મને નથી લાગતું કે હમણાં જે મહેસાણાની છ કરોડની આવક બાકી હતી અને જે કકળાટ થયો તો આ ૫૭૦૦ કરોડ માટે દિલ્હીમાં જો સામૂહિક પ્રયત્ન હાઉસ કરે તો ખૂબ મોટી રકમ આપણને આવી શકે છે. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, કેન્દ્રીય વેચાણ વેરો જે ૪ ટકાથી ૩ ટકા કર્યો અને ૩ ટકાથી ૨ ટકા કર્યો તો એ કયારથી અમલમાં આવ્યો હતો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની આમ તો દેશવ્યાપી અનેક નિષ્ફળતાઓ છે. એની જો વાત કરીએ તો એનો કોઇ પાર આવે તેમ નથી. પણ સાહેબ રાજયોને અન્યાય કર્તા, દેશના રાજયોને બંધારણીય પદ્ધતિ પ્રમાણે સંઘીય માળખા પ્રમાણે ભારત સરકારે પોતે જે વચન આપેલું કે સમગ્ર દેશના બધાજ રાજયો આ પ્રથામાં ફેરફાર કરી જી.એસ.ટી.લાવવાનો નિર્ધાર કરે. ત્યારે ભારત સરકારે પોતે ...

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

નક્કી કર્યુ કે દેશની અંદર જી.આઇ.ટી.કાયદો અમલમાં લાવવો. બધાજ રાજયોએ જૂના કાયદાને ત્યજી અને નવા કાયદાને સ્વીકારે અને તેના માટે ભારત સરકારે એક એમ્પાવર કમિટી નામની રાજયોના નાણા મંત્રીશ્રીઓની એક કમિટી બનાવી. માનનીય અધ્યક્ષશ્રી, એ કમીટીએ જે તે વખતે ભારત સરકારે પોતે તે વખતના તત્કાલિન ભારત સરકારના નાણામંત્રીશ્રી પ્રણવ મુખરજી અને ત્યારબાદ અત્યારના નાણામંત્રીશ્રી ચિદમ્બરમે બધા રાજયોને વચન આપેલું કે તમે આ કાયદો બદલો, સી.એસ.ટી.માં સુધારો કરો, ૪ ટકાના ૩ ટકા અને ૩ ટકાના ૨ ટકા, અને આવું કરવાથી જયાં સુધી જી.એસ.ટી.નો કાયદો અમલમાં ન આવે ત્યાં સુધી રાજયોને જે નુકસાન પડશે તે નુકસાનની રકમ ભારત સરકાર ભરપાઇ કરી આપશે. આ દેશને મોટામાં મોટું વચન રાજયોને નાણા આપવા માટેનું કેન્દ્ર સરકારે આપેલું જેનો હજુ સુધી અમલ કરતા નથી. ૫૭૦૦ કરોડ રૂપિયા તમારી કેન્દ્ર સરકાર પાસેથી લેવાના છે, અહીં વાત કરો છો તો જઇને અપાવી દો ને, કંઇ ચાલતું નથી કોઇનું, ૫૭૦૦ કરોડ લેવાના બાકી છે, મેં કહ્યું તેમ બે મંત્રીશ્રીએ આખા દેશના રાજયોને વચન આપેલું, પાલાર્મેન્ટમાં પણ વાત કરેલી, પત્ર વ્યવહાર પણ થયો છે. પણ કમનસીબે ભારત સરકાર એ નાણાં આપતી નથી, એ પછી વારંવાર ભારત સરકારને બધા રાજયોએ વિનંતી કરી છે, એમ્પાવર કમિટી રાજયોના નાણા મંત્રીશ્રીઓની છે તેમણે વારંવાર વિનંતી કરી, કોંગ્રેસના બીજા રાજયોના નાણા મંત્રીઓ એ એના ચેરમેન હોય છે તેમણે પણ વિનંતી કરી, અને ગઇ સાલ કેન્દ્ર સરકારે ૯૦૦૦ કરોડ રૂપિયાની રાજયોને વળતર આપવાની શરૂઆત કરવા માટે બજેટમાં જોગવાઇ કરી, મને કહેતા દુઃખ થાય છે કે આ જોગવાઇ કરેલી રકમમાંથી કેન્દ્રએ એક રૂપિયો પણ કોઇ રાજયને આજ સુધી આપ્યો નથી. ૯૦૦૦ કરોડ રૂપિયા, અને સાહેબ બીજી દુઃખદ વાત કહું, કે રાજયોને જે વળતર ચૂકવવાનું છે, હમણાં તમારી કેન્દ્ર સરકારે જે વોટ ઓન એકાઉન્ટ રજૂ કર્યું તેમાં કેટલી જોગવાઇ કરી ખબર છે? કહેતા શરમ આવે છે પણ કહેવું પડે છે, ૧ લાખ રૂપિયા, આખા દેશના રાજયોને વળતર ચૂકવવા માટે ૪૦ કે ૫૦ હજાર કરોડ ચૂકવવાના છે, તેની સામે જોગવાઇ કેટલી કરી? ૧ લાખ રૂપિયા, આવા શરમજનક તમારા જે કૃત્યો છે તેના કારણે ગુજરાતને જે અનેક અન્યાયો કેન્દ્રની સરકારે આર્થિક રીતે, રાજકીય રીતે સામાજિક રીતે કર્યા છે એમ આ મોટામાં મોટો અન્યાય ૫૭૬૪ કરોડ રૂપિયા માટે કર્યો છે, આજે ખરેખર તો મોટી સરકાર પાસે નાની સરકાર માગતી હોય છે, પણ આ તો એનાથી અવળું છે અમે લેણદાર છીએ અને તમારી કેન્દ્ર સરકાર દેવાદાર છે.

**સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ કેન્દ્ર તથા રાજ્યના હિસ્સાની રકમ**

* ૬૯૬૯ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં કેન્દ્ર તથા રાજ્યના હિસ્સા તરીકે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં કેન્દ્ર તથા રાજ્યના હિસ્સા તરીકે જોગવાઈ કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | નાણાકીય વર્ષ | કેન્દ્ર સરકારની જોગવાઈ | રાજ્ય સરકારની જોગવાઈ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૧–૧૨ | ૧૫૬૧૭.૦૦ | ૧૭૩૬.૦૦ | ૧૭૩૫૩.૦૦ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૩૩૨૨૨.૦૦ | ૨૬૨૪.૫૯ | ૩૫૮૪૬.૫૯ |

(૨) તે પૈકી વર્ષવાર ખર્ચની માહિતી નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | નાણાંકીય વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૧૧–૧૨ | ૬૪૩૩.૭૧ |

| ૨ | ૨૦૧૨-૧૩ | ૧૫૬૪૬.૩૪ |
|---|---|---|

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો મને એમના પ્રશ્નના જવાબથી સંતોષ એટલા માટે થાય છે કે ગ્રામ્ય વિકાસમાં બે વર્ષમાં ૨૨ હજાર કરોડ કરતા પણ વધારે ખર્ચ કર્યો છે આ સરકારે, ત્યારે મારે એ જાણવું છે કે આ યોજના અંતર્ગત કેવા પ્રકારના કામો લઇ શકાય છે અને તેમાં કેટલી ભૌતિક સિદ્ધિઓ મેળવી છે?

અધ્યક્ષશ્રી : માનનીય નરોત્તમભાઇ, તમે જાણતા હશો, જવાબ આપી દો ને, તમારો જ વિભાગ હતો.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સિનિયર સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એમાં ચેકડેમ મરામત કરવામાં આવ્યા ૭૦૨, ભૌતિક લક્ષ્યાંક ૭૦૨, નવા ચેક ડેમ બનાવવામાં આવ્યા ૧૫૨૯, નાના ચેક ડેમ બનાવવામાં આવ્યા ૧૮૪૪, ચેક ડેમ કમ કોઝવે ૮૩૪, વેસ્ટ વીયર બનાવવામાં આવ્યા ૧૧૭૫, તળાવ ઉંડા કરવામાં આવ્યા ૧૪૯૦, ગામ તલાવડી ૪૭૮ બનાવવામાં આવી. ખેત તલાવડી બનાવવામાં આવી ૮૮૦, આડ બંધ બાંધવામાં આવ્યા ૮૬૧૧, ટેરેસ તલાવડી બનાવવામાં આવી ૨૯૪૮, ખેત પાળા વેસ્ટ વીયર બાંધવામાં આવ્યા ૫૯૮૫, વનીકરણના ૧૩૪૪૬, ખેતરપાળા બાંધવામાં આવ્યા ૨૩૫૪, પત્થર પાળા બાંધવામાં આવ્યા ૧૮૪૯૨. પશુ કેમ્પ માટે ૧૨૬૦, પશુ હવાડા ૧૩૮૦ બાંધવામાં આવ્યા, પીવાના પાણીની વ્યવસ્થા માટે ૫૧૦૯, ગટર લાઇન ૧૬૭૩, કૃષિ પ્રવૃતિ માટે ૧૨૭૦, ડેરી વિકાસના કામ માટે ૧૮૮૪ જયારે અન્ય કામગીરી ૫૮૦૩. આવી કામગીરી ૩૮૯૬ ગામોમાં કરવામાં આવી છે. એના લીધે ખેડૂતોને ૨૭ લાખ હેકટરમાં લાભ મળ્યો છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીના સુશાસનથી દેશ અને દુનિયાની નજર જયારે ગુજરાત ઉપર છે ત્યારે ગુજરાતને મોડેલ રૂપ સ્વીકારીને કેટલા રાજયોએ ગુજરાતની મુલાકાત લીધી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : મને કહેતા ગૌરવ થાય ય છે કે આઇ.ડબલ્યુ.એમ.પી. ની આ કામગીરી ગુજરાતમાં ચાલી રહી છે અને ગુજરાતની એ કામગીરીને કેન્દ્ર સરકાર તો વખાણે છે પણ કેન્દ્ર સરકારે ભારતના અન્ય રાજયોને ગુજરાતની આ કામગીરી જોવા માટે આહવાન કર્યું છે એટલા માટે અહીંયા આંધ્ર પ્રદેશ, તામીલનાડુ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, ત્રિપુરા અને મહારાષ્ટ્ર વગેરે રાજયોએ આ કામગીરી જોવા માટે ગુજરાતની મુલાકાત લીધી હતી.

શ્રી પરેશ ધાનાણી : ગુજરાતે ઘણું બધું કામ કર્યું છે. કેન્દ્ર સરકારે છેલ્લાં ત્રણ વર્ષમાં ૪૮૮૩૯ કરોડ રૂપિયા આપ્યા છે એની સામે રાજય સરકારનો હિસ્સો માત્ર ૪૩૬૦ કરોડ રૂપિયા હતો. આટલા બધા રૂપિયાની ઉપલબ્ધિ હોવા છતાં ૩૦૪૯૦ કરોડ રૂપિયા આજે વણવપરાયેલા છે. તમે વાપરી નથી શકતા એટલા પૈસા અમે દઇએ છીએ. કેન્દ્ર સરકાર પૈસા આપે છે. હવે આ ૩૦ હજાર કરોડ વણવપરાયેલા પડ્યા છે એના કારણો આપો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય સભ્યશ્રી પરેશભાઇએ ફિગર આપેલ છે એમાં માત્રને માત્ર ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ની માહિતી પૂછાયેલી છે. બે વર્ષની અંદર ૨૦૧૧માં ૧૫૬ કરોડ આપેલ છે અને ૨૦૧૨-૧૩માં ૩૩૨ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે જેની સામે રાજય સરકારનો દસ ટકા હિસ્સો કાયદેસર આપવામાં આવેલ છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ યોજનામાં સુધારો કરવા માટે કોઇ સૂચન કરેલ છે કે કેમ, અને જો સૂચન કરેલ છે તો આ સૂચનના આધારે ગાઇડ લાઇનમાં કોઇ સુધારો કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ વોટર શેડ યોજનામાં વન વિસ્તારને સમાવિષ્ટ ટોચથી ખીણ સુધીના માવજત માટેની પદ્ધતિ બનાવવા માટે ભારત સરકારને ભલામણ કરેલ. ૨૦૧૦માં નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રજૂઆત કરેલ છે. જે રજૂઆતના આધારે ભારત સરકારે અને ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ આ સૂચન સ્વીકાર્યું અને તમામ રાજયોને અમલવારી કરવાનું સૂચન કરવામાં આવેલ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હમણાં માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે કેન્દ્ર સરકારના પૈસા હોય કે રાજય સરકારના પૈસા હોય મારે માત્ર એટલું જ પૂછવું છે કે આ કાર્યક્રમનો કેટલો લક્ષ્યાંક હતો અને કેટલો સિદ્ધ થયો છે, સો ટકા સિદ્ધ કર્યો છે ખરો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ એક વર્ષથી પાંચ વર્ષનો કાર્યક્રમ છે. અને આના જે પ્રોજેકટો નક્કી કરવામાં આવે છે એ પ્રોજેકટોના આધારે કામગીરી અને ફંડ આપવાનું છે ખરેખર મારે આ ગૃહને કહેવું છે કે આમાં પૈસા આપવાની પદ્ધતિમાં સુધારો કર્યો છે પહેલા પ્રોજેકટ વાઇઝ આપવામાં આવતા હતા છેલ્લે પ્રોજેટ વાઇઝ પૈસા આપવાના બંધ કરી દીધા છે છેલ્લા બે વર્ષમાં છ ટકા જ આની કામગીરી કરવાની હોય છે અને ત્યાર પછીના વર્ષની અંદર આ કામગીરી કરવાની હોય છે. આખા રાજ્યનો લક્ષ્યાંક ગણીએ તો ૫૦ ટકા લક્ષ્યાંક પૂરો કર્યો છે એને આની સાથે સંબંધ નથી. કારણ કે, આ પાંચ વર્ષમાં આ કામગીરી કરવાની હોય છે. ભારત સરકારમાંથી પૈસા મોડા આવે તો આ કામગીરીમાં મોડું થતું હોય છે.

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાનો અભાવ**

* ૭૫૨૬ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવે છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવ્યા હોય તેની વિગત દર્શાવતું **પત્રક–૧** આ સાથે સામેલ છે.

**પત્રક–૧**

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાના અભાવે એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના બાળકો બેસતા હોય તેવી શાળાની સંખ્યા**

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૮ |
| ૨ | જુનાગઢ | ૨૫ |
| ૩ | કેશોદ | ૨૩ |
| ૪ | માળીયા | ૨૪ |
| ૫ | માણાવદર | ૨૬ |
| ૬ | માંગરોળ | ૨૫ |
| ૭ | મેંદરડા | ૧૩ |
| ૮ | વંથલી | ૧૪ |
| ૯ | વિસાવદર | ૩૩ |
| | **કુલ** | **૧૯૧** |

**ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાના અભાવે એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના બાળકો બેસતા હોય તેવી શાળાની સંખ્યા**

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | કોડીનાર | ૧૮ |
| ૨ | સુત્રાપાડા | ૯ |
| ૩ | તાલાળા | ૨૦ |
| ૪ | ઉના | ૪૪ |
| ૫ | વેરાવળ | ૨૩ |
| | **કુલ** | **૧૧૪** |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર આવા કેટલા ઓરડાઓ બાંધવામાં આવ્યા જેના પરિણામે એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બેસતા બાળકોને જુદા–જુદા વર્ગખંડમાં બેસાડી શકાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર બાંધવામાં આવેલા ઓરડાઓના પરીણામે એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બેસતા બાળકોને જુદા–જુદા વર્ગખંડમાં બેસાડી શકાયા, હોય તેની વિગતો દર્શાવતું **પત્રક–૨** આ સાથે સામેલ છે.

**પત્રક–૨**

**જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બાંધવામાં આવેલ ઓરડાની સંખ્યા**

| **અ. નં.** | **તાલુકો** | **વર્ષ ૨૦૧૧–૧૨માં બાંધવામાં આવેલ ઓરડાની** | **વર્ષ ૨૦૧૨–૧૩ માં બાંધવામાં આવેલ ઓરડાની** | **છેલ્લા બે વર્ષમાં કુલ બાંધવામાં આવેલ ઓરડાની** |
|---|---|---|---|---|

| | | **સંખ્યા** | **સંખ્યા** | **સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૨૧ | ૧૮ | ૩૯ |
| ૨ | જુનાગઢ | ૩૨ | ૪૫ | ૭૭ |
| ૩ | કેશોદ | ૫૨ | ૪૫ | ૯૭ |
| ૪ | માળીયા | ૬૨ | ૫૬ | ૧૧૮ |
| ૫ | માણાવદર | ૩૦ | ૪૫ | ૭૫ |
| ૬ | માંગરોળ | ૩૪ | ૪૫ | ૭૯ |
| ૭ | મેંદરડા | ૯ | ૧૦ | ૧૯ |
| ૮ | વંથલી | ૧૦ | ૨૨ | ૩૨ |
| ૯ | વિસાવદર | ૧૪ | ૧૧ | ૨૫ |
| | **કુલ** | **૨૬૪** | **૨૯૭** | **૫૬૧** |

**ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બાંધવામાં આવેલ ઓરડાની સંખ્યા**

| **અ. નં.** | **તાલુકો** | **વર્ષ ૨૦૧૧-૧૨માં બાંધવામાં આવેલ ઓરડાની સંખ્યા** | **વર્ષ ૨૦૧૨-૧૩ માં બાંધવામાં આવેલ ઓરડાની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં કુલ બાંધવામાં આવેલ ઓરડાની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | કોડીનાર | ૧૦૬ | ૧૨૧ | ૨૨૭ |
| ૨ | સુત્રાપાડા | ૭૮ | ૯૨ | ૧૭૦ |
| ૩ | તાલાળા | ૨૬ | ૨૫ | ૫૧ |
| ૪ | ઉના | ૧૩૧ | ૧૮૩ | ૩૧૪ |
| ૫ | વેરાવળ | ૭૬ | ૭૮ | ૧૫૪ |
| | **કુલ** | **૪૧૭** | **૪૯૯** | **૯૧૬** |

(૩) બાળકોને ભણતરમાં અડચણ ના થાય તે માટે બધા વર્ગના બાળકો અલગ-અલગ વર્ગખંડમાં બેસી શકે તે માટે પુરતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી બનાવવામાં આવશે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જાહેરાત કરી છે અને પોતે ભૂલી ગઇ છે. આ જે પહેલું પત્રક છે એમાં અમારા બન્ને જિલ્લા માટે આખો તાલુકો ખવાઇ ગવાઇ ગયો છે. દસ તાલુકાના બદલે ૯ તાલુકા લખેલા છે અને ગીર સોમનાથમાં છના બદલે ૫ લખ્યા છે.

અધ્યક્ષશ્રી : આમાં બાકી હોય એ જ લખ્યું હોય. જે તાલુકામાં શૂન્ય હોય એ ન લખ્યું હોય.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી એમ કહે કે, ભૂલ નથી. નવા તાલુકા બન્યા છે પણ સરકાર ભૂલી ગઇ છે. નવા તાલુકા બની ગયા છે એમાં ગીર ગઢડા, ઉનાનો અને જૂનાગઢ શહેર આ બે તાલુકા લખવાનું ભૂલી ગઇ છે.

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન શું છે? ૧૯૧ માનીને ચાલોને!

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને જિલ્લાના બધા તાલુકાના થઇને ૩૦૫ ઓરડાઓ ઓછા છે. એના કારણે પ્રાઇવેટ સ્કૂલો ચાલુ થઇ ગઇ છે. દર ત્રીજા ગામે પ્રાઇવેટ સ્કૂલ ખૂલી ગઇ છે. ભવિષ્યમાં આ ઓરડાઓ વધશે પણ ઘટશે નહીં એવી પરિસ્થિતિમાં અમે આવી ગયા છીએ. આ ઓરડાઓ ઓછા હતા એના કારણે પ્રાથમિક શાળાઓ ચાલવા માંડી છે.

અધ્યક્ષશ્રી : તમે જ પ્રશ્ન પૂછો છો અને તમે જ જવાબ આપો છો. તો પછી મંત્રીનું કામ નથી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઓરડાઓની ઘટ થઇ છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે અને બીજા પ્રશ્નના જવાબમાં નાણાંના અભાવે લખ્યું છે. તો પ્રવેશોત્સવ ઉજવીએ છીએ એના માટે આપણે નાણા ખર્ચીએ છીએ તો એના બદલે આમાં ફેરવીએ તો આ ઓરડાઓ વહેલા બંધાઇ જાય એવી વિનંતી છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન એકદમ પર્ટીક્યુલર હતો કે, એક શાળાના ઓરડાની અંદર બે વર્ગ બેસતા હોય એવા ઓરડાઓની સંખ્યા માગી છે. સભ્યશ્રીએ બીજી ચિંતા શાળાઓમાં ઓરડાઓની ઘટ છે એની વ્યક્ત કરી છે. એમનો બીજો પ્રશ્ન છે એ બાબતમાં મારે આ સન્માનનીય ગૃહને એ જણાવવું છે કે, જે તાલુકાઓનો આમાં ઉલ્લેખ નથી. એ બાબતને હું વળગી રહું છું. ત્રીજો એમનો પ્રશ્ન હતો કે, પ્રાથમિક શાળાઓની જે ઘટ છે એને પૂરા કરવાની રાજ્ય સરકાર ચિંતા કરે છે. પણ મારે સાથી પક્ષના સભ્યશ્રીઓને એ કહેવું છે કે, તેઓ પાર્ટીના સભ્યોની ઘટ થાય છે એની ચિંતા વધારે કરે તો વધારે સારું. એમનો બીજો પ્રશ્ન હતો એનો જવાબ આપું છું કે, આમાં જે તાલુકાઓનો ઉલ્લેખ થયો છે

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે, આ ૧૧ તાલુકા હતા, એમાં આ બે તાલુકાનું નામ નથી. જૂનાગઢ શહેરનું ક્યાંય નામ નથી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : એમનો બીજો પ્રશ્ન હતો અને જે જવાબ આપ્યો છે એ છાપ્યા મુજબ છે હું એને વળગી રહુ છું. ત્રીજો એમનો પ્રશ્ન હતો કે આ ઘટ કયારે પૂરી કરવામાં આવશે. મને જણાવતા દુઃખ થાય છે કે વર્ષ ૨૦૧૩-૧૪માં કેન્દ્ર સરકારને ૮૫૪ ઓરડાની જે દરખાસ્ત મોકલી હતી, ગુજરાત સરકારે જુનાગઢ જિલ્લાના ઓરડાની પૂર્તતા કરવા માટે પણ મારે દુઃખ સાથે જણાવવું છે કે ૮૫૪માંથી માત્ર ૭૮ જ મંજૂર કર્યા છે. કેન્દ્ર સરકાર બિલકુલ એમાં પૈસા આપતી નથી જયારે છેલ્લા પાંચ વર્ષની અંદર રાજય સરકારે એના સંપૂર્ણ સ્વભંડોળમાંથી ૫૫૭ ઓરડા બનાવ્યા છે અને ૫૫૭ ઓરડા છેલ્રા પાંચ વર્ષમાં રાજય સરકારે પોતાના સંપૂર્ણ સ્વભંડોળમાંથી બનાવ્યા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તે જૂનાગઢ જિલ્લો અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે એક ઓરડામાં એક કરતા વધારે ધોરણ બેસતા હોય એની સંખ્યા માગી છે. અને એ બન્ને જિલ્લાઓનો સરવાળો થાય છે ૩૦૫. એમાં ગીર-સોમનાથમાં ઉના તાલુકાની અંદર ૪૪ બતાવ્યા છે. રાજય સરકારે ગીર-ગઢડા નવરચિત તાલુકાની રચના પણ કરી દીધી છે. એમનું અમલીકરણ પણ કરી દીધું છે. જાહેરનામું પ્રસિદ્ધ કરી દીધું છે. ત્યારે આ ૪૪ ઓરડાઓની જે ઘટ છે એમાં ગીર-ગઢડા તાલુકાના કોઇ ઓરડાનો સમાવેશ થાય છે કે કેમ આ એક વાત અને બીજુ, મારે એ કહેવું છે કે રચના થઇ ગયા પછી તાલુકાવાર માગ્યું છે. જો ના હોય તો ગીર ગઢડા તાલુકામાં શૂન્ય બતાવે. પણ આમાં બતાવવામાં આવ્યું નથી એટલે આ ગૃહને ગેરમાર્ગે દોરવાનું કામ પણ થઇ શકયું છે.

અધ્યક્ષશ્રી : એવું કંઇ નથી, ગેરમાર્ગે દોરે એવું. જો ભાઇ આ સમજદારીનો સવાલ છે, સમજી જાવ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સમજદારી નહીં માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : જેમાં ઝીરો હોય એમાં કંઇ લખવાની જરૂર નહીં એટલે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : રાજય સરકારે ગીર-ગઢડા તાલુકાનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દીધું છે.

અધ્યક્ષશ્રી : પેલામાં નવ લખ્યા છે અને બીજામાં પાંચ લખ્યા છે તો એમાં શું સમજવું? તમારો સવાલ પૂછોને.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ગીર-સોમનાથના તાલુકાઓ કેટલા? એમાં ગીર ગઢડા તાલુકો આવી જાય છે એટલે સરકારે ગીર ગઢડા તાલુકાનો જવાબ આપવો જોઇએ.

અધ્યક્ષશ્રી :તમારો સવાલ જ પૂછો. તમે જે ઉના તાલુકાના ૪૪ ઓરડા છે એમાં તમે શું કહેવા માગો છો એક તાલુકાના બે ભાગ થયા તો એનું ડીસ્ટીંગવીશ કરવું જોઇએ ને. આ જૂના તાલુકા છે કે નવો તાલુકો જે એમાંથી થયો એની સંખ્યા આમાં આવી જાય છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ઉના જે જૂનો તાલુકો છે એ પ્રમાણેની જ સંખ્યા આમાં આવી જાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મને જવાબ તો આપવો જોઇએને. જાહેરનામું આપી દીધું છે. મામલતદારની નિમણૂક કરી દીધી છે. નવો તાલુકો જાહેર કરી કર્યો છે.

અધ્યક્ષશ્રી : આંકડા છે એ જૂના તાલુકા પ્રમાણે છે. એમાં બેય તાલુકા આવી જાય છે. એવી કોઇ અગત્યની વાત નથી આ. જિલ્લામાં કુલ ૧૪૪ જગ્યા એવી છે કે જેમાં એક કલાસમાં બે ધોરણ બેસે છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નની સ્થિતિ છે ૩૧–૧૨ની. અને ૩૧–૧૨ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ૧૯૧ શાળા છે. ઓરડા નહીં અને ગીર–સોમનાથમાં ૧૧૪ શાળા. પત્રક –૨માં બતાવ્યા પ્રમાણે ઓરડાનું બાંધકામ કર્યુ, મારો સીધો સવાલ એ છે કે ૩૧–૧૨ની સ્થિતિએ ગીર–સોમનાથ જિલ્લો અને જુનાગઢ જિલ્લાની અંદર કુલ કેટલા ઓરડાની ઘટ છે? જે અત્યારે તમારો આંકડો છે એ શાળાનો છે. નિશાળો બતાવી છે તમે. શાળાની સંખ્યા ૧૯૧ અને શાળાની સંખ્યા ૧૧૪. તો ૧૧૪ અને ૧૯૧માં કુલ ઓરડાની જરૂરિયાત કેટલી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો સવાલ બહુ જ સીધો એટલો જ હતો કે એક શાળાની અંદર એક કરતા વધારે વર્ગ બેસતા હોય એવી શાળાની સંખ્યા મારી પાસે માગી છે. ઓરડાની સંખ્યા અમારી પાસે પ્રશ્નમાં નથી. જો સભ્યશ્રી વધારાનો પ્રશ્ન પૂછશે તો એનો જવાબ હું આપીશ.

**અધ્યક્ષશ્રી :** તમે એ માહિતી ટેબલ ઉપર મૂકી દેજો, હશે જ. તા. ૩૧–૧૨–૨૦૧૩ની અંદર જૂનાગઢનું વિભાજન થયું કે પછી થયું હતું? માનનીય જશુભાઇ, આપે કહ્યું આટલી શાળા પણ એક શાળામાં ૨ ઓરડામાં બેસતી હોય, ક્યાંક ૩ માં, ક્યાંક ૧માં બેસતા હોય. એ જે સંખ્યા છે એ ટેબલ ઉપર મૂકવાનું કહ્યું છે.

**જૂનાગઢ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ બાંધવામાં આવેલ શૌચાલય**

* ૬૯૬૪ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ તાલુકાવાર કેટલા શૌચાલય બાંધવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ ૬૨૪૪ શૌચાલય બાંધવામાં આવ્યા જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ બનાવેલ વ્યક્તિગત શૌચાલય |
|---|---|---|
| ૧. | ભેંસાણ | ૨૧૮ |
| ૨. | જુનાગઢ | ૧૬૯ |
| ૩. | કેશોદ | ૩૨૪ |
| ૪. | કોડીનાર | ૨૮૮ |
| ૫. | માળીયા | ૨૧૬ |
| ૬. | માણાવદર | ૪૬૦ |
| ૭. | માંગરોળ | ૧૦૯૯ |
| ૮. | મેંદરડા | ૧૫૫ |
| ૯. | સુત્રાપાડા | ૧૨૫૩ |
| ૧૦. | તલાલા | ૩૪૧ |
| ૧૧. | ઉના | ૫૯૯ |
| ૧૨. | વંથલી | ૩૩૬ |
| ૧૩. | વેરાવળ | ૫૭૯ |
| ૧૪. | વિસાવદર | ૨૦૭ |
| | **કુલ** | **૬૨૪૪** |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨ | ૪૪.૩૩ |
| ૨૦૧૩ | ૨૩૮.૦૫ |

**શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલયની વિગતો મળી છે તેના અનુસંધાને માનનીય મંત્રીશ્રીને વિનંતી કે તાલુકાવાર કેટલી શાળાઓ અને કેટલી આંગણવાડીઓમાં નિર્મળ ભારત અંતર્ગત શૌચાલયો બાંધવામાં આવેલ છે?

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** જૂનાગઢ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયની સાથોસાથ શાળા શૌચાલય

અને આંગણવાડી શૌચાલયની કામગીરી થઇ છે. શાળા શૌચાલયની કામગીરી ૧૦૦ ટકા થઇ છે. ૧૪૨૪ ના લક્ષ્યાંક સામે ૧૪૨૪ની સિદ્ધિ મળેલ છે. આંગણવાડીમાં પણ ૫૧૫ના લક્ષ્યાંક સામે ૫૧૫ની સિદ્ધિ મળી છે.

**શ્રી જેઠાભાઇ દા. સોલંકી :** હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અત્યાર સુધીમાં કેટલા ગામોને નિર્મળ ગ્રામ પુરસ્કાર મળ્યા છે અને તે પેટે કેટલી રકમના પુરસ્કાર થાય છે?

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** જૂનાગઢ જિલ્લામાં ભેસાણમાં ૧ ગામ જેને ૫૦ હજાર મળેલ છે. જૂનાગઢમાં ૪ ગામ જેને ૪ લાખ રૂપિયા મળેલ છે. કેશોદમાં ૮, કોડીનારમાં ૨, માળિયામાં ૫, માણાવદરમાં ૬, માંગરોળમાં ૧, મેંદરડામાં ૧૩, વેરાવળમાં ૨, સૂત્રાપાડામાં ૧, તલાળામાં ૧, ઉનામાં ૧૦,વંથલીમાં ૩ અને વિસાવદરમાં ૨ એમ કુલ મળીને આ પુરસ્કાર મેળવનાર ગામોની સંખ્યા ૫૯ છે અને પુરસ્કારની રકમ ૫૭.૫૦ લાખ રૂપિયા છે.

**ડો. ભારતીબેન ધી. શ્યાળ :** આપના માધ્યમથી હું જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ જે કુટુંબો આવરી નથી શકાયા એવા કુટુંબો માટે રાજ્ય સરકાર શૌચાલય બાંધવા માગે છે કે કેમ? બીજી કોઇ યોજના દ્વારા ગત વર્ષોમાં રાજ્ય સરકારે રાજ્યમાં શૌચાલયો બાંધ્યા છે કે કેમ? અને બાંધ્યા હોય તો કેટલા બાંધ્યા છે?

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** નિર્મળ ભારત અભિયાન હેઠળ જે લોકો નથી આવતા એમાં ૨૦૦૭થી આ યોજના શરૂ થઇ, જે તે વખતે આ યોજનામાં નહોતા આવતા એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં નિર્મળ ગુજરાત યોજના શરૂ કરી અને તે યોજના હેઠળ પ્રત્યેક શૌચાલય દીઠ પ્રોત્સાહક ૨ હજાર રૂપિયા આપવાની શરૂઆત કરી. જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ આવા ૩૩૪૫૬ શૌચાલયો બનાવવામાં આવ્યા છે.

**શ્રી જશુભાઇ ધા. બારડ :** વ્યક્તિગત શૌચાલયનો પ્રશ્ન છે. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે વ્યક્તિગત શૌચાલય બનાવવાનો ખર્ચ નક્કી છે કે આટલા પૈસા. અમારી દરિયાઇ પટ્ટીમાં એક પ્રોબ્લેમ છે. જેમ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં નીચે ખોદવામાં આવે તો માટી મળે, અમારે ત્યાં ઉપરથી અડધા ફૂટ પછી પત્થર હોય છે એના કારણે ઘણી બધી જગ્યાએ આનો અમલ કરવામાં મુશ્કેલી પડે છે. ખાડો ખોદવો હોય તો એક જગ્યાએ ૧૦૦૦ રૂપિયા થાય, દરિયાકાંઠે ૫–૬ હજારનો ખર્ચ થાય છે ત્યારે માંડ ખાડો પડતો હોય છે એવા સંજોગોમાં જ્યારે સખત પત્થર નીચે આવતો હોય તેવા સંજોગોમાં વ્યક્તિગત લાભ ગરીબ વર્ગનો માણસ લઇ શકતો ના હોય તો એમાં કાંઇ કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૩ મહિના પછી અમે સૂચન કરીશું અને એનો અમલ કરીશું.

### સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. કચેરીની આવક

* ૬૯૮૪ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એ.આર.ટી.ઓ. કચેરી સુરેન્દ્રનગરને સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં તા.૩૦–૧૧–૨૦૧૩ સુધીમાં કેટલી આવક થઈ, | (૧) રૂ. ૨૫.૧૪ કરોડની આવક થઈ. |
| (૨) તેમાં ગત વર્ષના સંદર્ભમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) રૂ. ૧.૩૧ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે આપના મારફત જાણવા માગુ છું કે, એ.આર.ટી.ઓ. કચેરી સુરેન્દ્રનગરમાં સને ૨૦૧૨–૧૩ અને સને ૨૦૧૩–૧૪ના નવેમ્બર ૨૦૧૩ના ગાળામાં ક્યા ક્યા પ્રકારના કેટલા વાહનોની નોંધણી થઇ તેમજ આ ગાળા દરમ્યાન કયા કયા પ્રકારના વાહનોને પસંદગીના નંબર માટેની અરજીઓ અન્વયે પસંદગીના નંબર આપવામાં આવ્યાં અને તેમાંથી કેટલી આવક થઇ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં એ.આર.ટી.ઓ. કચેરી સુરેન્દ્રનગરમાં સને ૨૦૧૨–૧૩ અને સને ૨૦૧૩–૧૪ના ગાળામાં પ્રકારવાર નીચે મુજબના વાહનોની નોંધણી થયેલ છે.

| | | |
|---|---|---|
| ટુ વ્હીલર | ૨૦૧૨–૧૩ માં | ૧૩૨૨૮ |
| | ૨૦૧૩–૧૪ માં | ૧૩૯૩૬ |
| ફોર વ્હીલર વાહનો ખાનગી | ૨૦૧૨–૧૩ માં | ૧૫૧૨ |
| | ૨૦૧૩–૧૪ માં | ૧૩૭૧ |
| ટ્રેકટર તથા ટેઇલર | ૨૦૧૨–૧૩ માં | ૨૦૮૯ |
| | ૨૦૧૩–૧૪ માં | ૧૭૪૦ |
| કુલ વાહનો | ૨૦૧૨–૧૩ માં | ૧૮૫૪૧ |
| | ૨૦૧૩–૧૪ માં | ૧૮૫૫૭ |

એમણે માગ્યું છે કે, બીજો પ્રશ્ન એમણે એ પૂછ્યો છે કે, પસંદગીના નંબરની આવક એમાં સુરેન્દ્રનગરમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : તાલુકાવાર નહિ, ટોટલ કહો. સુરેન્દ્રનગરનો સવાલ હોય તો એક જ કહો.

શ્રી પરબતભાઇ સ. પટેલ : સાહેબ, આમાં તાલુકાવાર છે નહિ. સુરેન્દ્રનગરમાં જુદા જુદા પ્રકારના વાહનોમાં ૨૦૧૨–૧૩માં ૯૬૯ વાહનો માટે પસંદગીના નંબરોની માગણી કરી અને એમાં ૯૮ લાખ ૯૦ હજાર રૂપિયાની આવક થઇ અને ૨૦૧૩–૧૪માં ૬૨૮૮ વાહનોની પસંદગીના નંબર માગ્યા અને ૧,૦૩,૯૫,૦૦૦/– આવક થઇ.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, વાહનો ઉપર લેવામાં આવતો ઉચ્ચક વેરો કયા કયા વાહનો માટે લેવામાં આવે છે અને તેના દર શું છે?

અધ્યક્ષશ્રી : અરે ભાઇ, મોટર વ્હીકલ માટે ન હોય. બીજો કોઇ પ્રશ્ન હોય તો પૂછો. નથી પ્રશ્ન, પ્રશ્ન ક્રમાંક:૧૦.

**તાપી જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં મેડીકલ ઓફીસર અને પેરા મેડીકલ સ્ટાફની મંજૂર થયેલ જગ્યાઓ**

* ૬૯૧૫ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧૫–૧–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાનાઓમાં મેડીકલ ઓફીસર અને પેરા મેડીકલ સ્ટાફની મંજૂર થયેલ જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા. ૧૫–૧–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જીલ્લામાં જનરલ હોસ્પિટલ–વ્યારા, સામુહીક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ અને કેટલા સમયથી ખાલી છે તેની વિગતો આ સાથેના ***પત્રક–અ, બ, અને ક** મુજબ છે. |
| (૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ? | (૨) વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે સીધી પસંદગીથી, એડહોક ધોરણે કરાર આધારિત નિમણુંકો આપીને તેમજ તબીબી સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ પુર્ણ કરનાર ઉમેદવારોને બોન્ડની શરતો અનુસાર નિમણુંક આપીને ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની પેરામેડીકલ જગ્યાઓ વિભાગીય પસંદગી સમિતિઓ મારફતે તથા આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૫–૧–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં વ્યારા જનરલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની જગ્યા પાછળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કયા કયા પ્રકારની જાહેરાતો આપવામાં આવી અને એ અંગે શું શું પગલાં લેવામાં

આવ્યાં? પ્રશ્ન ક્રમાંક:૨, વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યા ઉપર સક્ષમ અધિકારી મળ્યાં હોય તો તે અંગે શું શું પગલા લેવામાં આવ્યાં છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જનરલ હોસ્પિટલ વ્યારા અને બીજી હોસ્પિટલો માટે આમાં વાત કરી કે જનરલ હોસ્પિટલમાં ૧૧ જગ્યા કલાસ–૧ ની છે એમાં પાંચે પાંચ જગ્યા કાયદેસર ભરેલી છે અને ૬ જગ્યા સી.એમ. સેતુ અંતર્ગત એટલે ૧૧–૧૧ જગ્યાઓ આજની તારીખે ભરેલી છે. એક પણ જગ્યા ખાલી નથી. માનનીય અધ્યક્ષશ્રી, બીજી જગ્યાઓ ભરવા માટે સરકારના પ્રયત્નો છે એમાં તબીબી અધિકારી વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરીને ઉમેદવારોની ફાળવણી કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, નેકસ્ટ.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર, પણ શેના માટેનો? બોલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીની બૂકમાં મારા ત્રણ સવાલો છે અને એ ત્રણેય સવાલોની અંદર જુનાગઢ જિલ્લો અને ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર મેં પ્રશ્નો પૂછ્યા છે. તો તાલુકાવાર જે પ્રશ્નો પૂછ્યા છે તો ગીર–સોમનાથ જિલ્લામાં, ગીર–ગઢડા તાલુકાનું અસ્તિત્વ આવી ગયું છે, મારા ત્રણેય સવાલોની અંદર ગીર ગઢડા તાલુકાનો કોઇ જવાબ આ પ્રશ્નોત્તરીની બૂકમાં જવાબમાં આપવામાં આવ્યો નથી. આ અંગે આ રાજ્ય સરકાર આ તાલુકો અસ્તિત્વમાં છે કે કેમ એની સ્પષ્ટતા કરે અથવા જવાબ શા માટે ના આપવામાં આવ્યો તો એની પણ સ્પષ્ટતા થવી જરૂરી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ સ્પષ્ટતાની અંદર એટલું જ જોવાનું હતું કે, આટલી સ્કૂલની અંદર કેટલા રૂમો છે? એ મેં કહ્યું કે, રૂમોનું લિસ્ટ તમે ટેબલ ઉપર મૂકજો એટલે હવે કોઇ તમારો પ્રશ્ન રહેતો નથી. નેકસ્ટ (અંતરાય) નહીં, એકવાર રૂલીંગ આપી દીધું, મેં સમજીને જ ત્યારે કહ્યું હતું. (અંતરાય) જે કાંઇ હોય એ. અત્યારે એમાંથી પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. સવાલ માટેની વિશેષ માહિતી હોય તો આપણા નિયમમાં જોગવાઇ છે, એ પ્રમાણે કાર્યવાહી કરજો.(અંતરાય) પણ નથી હવે, પૂંજાભાઇ એ જ વખતે આપ્યું હતું. (અંતરાય) જો ભાઇ, આવી રીતે રાખો તો દરેક સવાલ પૂછવા વાળા, તમારો તો સવાલ હતો જ નહીં. સવાલ જવાહરભાઇનો હતો, કોઇ પણ માણસ કહે કે, મેં આ સવાલ પૂછ્યો અને પેટામાં મને આ જવાબ ન મળ્યો. તો સાંજના પાંચ વાગ્યા સુધી, અગિયારથી એજ કામ ચાલે. ફક્ત એક રૂમમાં બે કલાસ ચાલતા હોય એની સંખ્યા કેટલી ? એનો જે આશય હતો, તમને તાલુકાવાર શાળાની સંખ્યા કહી. મેં એમને એમ કહ્યું કે, એ તાલુકાવાર હવે તમે કલાસની સંખ્યા આપજો અને એમણે હા પાડી ટેબલ ઉપર મૂકવાની, પછી કાંઇ રહેતું જ નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી એટલી જ છે કે, સરકારે જયારે તાલુકા અને જિલ્લા જુદા કર્યા છે, પ્રશ્નોત્તરીમાં તાલુકા–વાઇઝ પૂછાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે એમ કહેવું જોઇએ કે, હવે ખરેખર આ પ્રશ્નોના જવાબમાં આપવું જોઇએ.

અધ્યક્ષશ્રી : એમાં બલવંતસિંહભાઇ, હજી આ તાલુકાની રચના થઇ છે. તાલુકાની કામગીરીનું વિભાજન હજી થઇ રહ્યું છે. પૂરેપૂરું સેટ અપ હજી નક્કી નથી થયું, એ સેટ અપ નક્કી થતાં એને ચારથી છ મહિના લાગે, એમ ને એમ તરત જ ના થઇ જાય. એક જિલ્લામાંથી બે ભાગ પડે ને તો પણ અહીંનું સેટ અપ અહીંયા, એના આખે આખા રેકર્ડ છે એ રેકર્ડ ટ્રાન્સફર કરતાં પણ વાર લાગે. હજી થોડો સમય જાય અને એવો કોઇ અગત્યનો જવાબ ન મળ્યો હોય તો હું પણ કહું કે, આ પ્રશ્ન મુલતવી રાખો અને અગત્યનો જવાબ આપો, એવું ન હતું. પ્રશ્નનો આશય એવો હતો કે, એક જ કલાસની અંદર બે વર્ગ ચાલતા હોય એવી શાળા કેટલી? શાળાના નામ આપ્યા પણ એવા રૂમ કેટલા, જેમ જશુભાઇએ પૂછયું? મેં કહ્યું કે, એ ટેબલ ઉપર મૂકજો. આ સિવાય આ પ્રશ્નની અંદર કોઇ એનું હાર્દ હતું જ નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં, સાહેબ ચોપડીમાં એમના ત્રણ પ્રશ્નો... (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, એટલે જ હું (અંતરાય) ના હોય. ચાલો ભાઇ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં વિનંતી કરી હતી, ઝીરો અવર્સમાં પ્રશ્ન ઉઠાવવાની..

અધ્યક્ષશ્રી : એક મિનિટ. બેસો આપ. સવારે વાત થઇ હતી, ઝીરો અવર્સની કાયદામાં કયાંય જોગવાઇ નથી, છતાં આપણે ત્યાં પ્રોસિજર છે કે ઝીરો અવર્સ માટે તમારે જે તે મંત્રીશ્રીની મંજૂરી લેવાની, મંત્રીશ્રી હા પાડે, પછી તમારે અધ્યક્ષશ્રી પાસે મંજૂરી લેવાની અને અધ્યક્ષશ્રી હા પાડે તો જ તમે કરી શકો. તમે પ્રશ્ન પૂછો એટલે મંત્રીશ્રી પણ એને હા પાડવા બંધાયેલા નથી અને અધ્યક્ષશ્રી પણ એને હા પાડવા બંધાયેલ નથી. તમે નથી મંત્રીશ્રીની મંજૂરી લીધી, નથી અધ્યક્ષશ્રીની મંજૂરી લીધી. તમે બંનેને જાણ કરી છે એ હકીકત છે. જાણ કરવી એ વસ્તુ જુદી છે અને મંજૂરી લેવી એ વસ્તુ જુદી છે એટલે આપનો એ કોઇ ઝીરો અવર્સનો પ્રશ્ન રહેતો નથી. અને બીજુ પણ તમને કહું કે, જે વસ્તુની ચર્ચા થઇ ગઇ હોય એ વસ્તુ ફરીથી બીજીવાર ૧૧૬માં પણ ના આવે અને ઝીરો અવર્સમાં પણ ના આવે. રિપીટિશન ના થાય. આગલા દિવસે ૧૧૬ની નોટિસમાં આ પ્રશ્નની ચર્ચા થઇ ગઇ છે, એટલે એ ન તો ઝીરો અવર્સમાં આવે અથવા ન તો ફરીથી ૧૧૬ની નોટીસમાં આવે, એટલે આમાં કાંઇ રહેતું નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપને અને માનનીય મંત્રીશ્રી બંનેને ટાઇમસર પહોંચાડયું છે. માનનીય મંત્રીશ્રી તરફથી હજી સુધી કોઇ એવો મેસેજ નથી આવ્યો કે તમારી મંજૂર કરતા નથી કે નથી રાખતા.

અધ્યક્ષશ્રી : મારે તો એટલું જ કહેવું છે કે કોઇપણ તમે સરકારમાં લાયસન્સની અરજી કરો અને મંજૂરી ન મળે તો તમે એમ માનો કે મને નથી મળી એટલે મારો હકક ઉત્પન્ન થાય છે? હું સ્પષ્ટ કહું છું મંત્રીશ્રીએ મંજૂરી આપી હોય ત્યારપછી અધ્યક્ષશ્રીએ મંજૂરી આપી હોય એમને યોગ્ય લાગે. જવાબ દેવા બંધાયેલા નથી. એમને એમ હોય કે આનો અમારે જવાબ નથી દેવો તો ના પાડી દે અને એમણે મને જાણ કરી છે કે આ પ્રમાણે મારી પાસે આવી હતી અને મેં એને મંજૂરી આપી નથી.(અંતરાય) ના, એ કહેવાનું કમ્પલ્સરી ત્યારે થાય કે આપણા નિયમમાં જોગવાઇ હોય તો એ સભ્યનો અધિકાર બને છે. એમણે હા ન પાડી તો કાંઇ નહીં, પણ તમારે ના તો પાડવી જ જોઇએ પણ જે કાયદામાં જ જોગવાઇ નથી એમાં એને જવાબ આપવાની પણ જરૂર નહીં.

## અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### બનાસકાંઠા જિલ્લામાં બારકોડ રેશનકાર્ડ આપવા બાબત

* ૭૬૩૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બારકોડ રેશનકાર્ડ આપવાના કેટલા બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૩૯૮૧ બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી છે. જેની તાલુકાવાર વિગતો **પત્રક–૧** માં સાદર છે.

**પત્રક–૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બારકોડ રેશનકાર્ડ આપવાના બાકી છે તે સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૩૧ |
| ૨ | વડગામ | ૮૪૮ |
| ૩ | દાંતા | ૦ |
| ૪ | અમીરગઢ | ૦ |
| ૫ | દાંતીવાડા | ૫૮ |
| ૬ | ડીસા | ૧૧૬૮ |
| ૭ | ધાનેરા | ૦ |
| ૮ | કાંકરેજ | ૦ |

| | | |
|---|---|---|
| ૯ | થરાદ | ૫૨૩ |
| ૧૦ | વાવ | ૦ |
| ૧૧ | દિયોદર | ૨૫ |
| ૧૨ | ભાભર | ૮૨૮ |
| | **કુલ** | **૩૯૮૧** |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. કાર્ડમાંથી એ.પી.એલ. કાર્ડ તરીકે કેટલા કાર્ડ તબદીલ ર્ક્યા અને એ.પી.એલ. માંથી બી.પી.એલ. કાર્ડમાં કેટલા તબદીલ ર્ક્યા ?

(૨) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડમાંથી એ.પી.એલ. રેશનકાર્ડ તરીકે ૨૬ રેશનકાર્ડ અને એ.પી.એલ. રેશનકાર્ડમાંથી બી.પી.એલ. રેશનકાર્ડમાં ૨૩૯૨૪ રેશનકાર્ડ તબદીલ કર્યા. જેની તાલુકાવાર વિગતો **પત્રક–૨** માં સાદર છે.

**પત્રક–૨**

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડમાંથી એ.પી.એલ. રેશનકાર્ડ તબદીલ કરેલ કાર્ડની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં એ.પી.એલ. રેશનકાર્ડમાંથી બી.પી.એલ.રેશનકાર્ડ તબદીલ કરેલ કાર્ડની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૫ | ૨૮૬૭ |
| ૨ | વડગામ | ૪ | ૨૫૮૦ |
| ૩ | દાંતા | ૨ | ૨૯૯૪ |
| ૪ | અમીરગઢ | ૦ | ૧૫૬ |
| ૫ | દાંતીવાડા | ૧ | ૧૯૫૪ |
| ૬ | ડીસા | ૧ | ૨૬૪૦ |
| ૭ | ધાનેરા | ૦ | ૭૪૭ |
| ૮ | કાંકરેજ | ૦ | ૧૦૩૨ |
| ૯ | થરાદ | ૩ | ૫૦૪૨ |
| ૧૦ | વાવ | ૦ | ૧૫૪ |
| ૧૧ | દિયોદર | ૦ | ૨૧૨૪ |
| ૧૨ | ભાભર | ૦ | ૧૬૩૪ |
| | **કુલ** | **૨૬** | **૨૩૯૨૪** |

---------

**સ્કાઉટ ગાઈડીંગ માટે રકમની જોગવાઈ બાબત**

* ૬૯૨૪ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં સ્કાઉટ ગાઈડીંગ માટે કેટલી રકમ બજેટમાં મંજૂર કરી, અને

(૧) સને ૨૦૧૩–૧૪ના નોન પ્લાન બજેટમાં બજેટ સદર ૨૨૦૪–૦૦–૧૦૧–૦૧ હેઠળ કુલ ì ૨,૨૪,૬૦,૦૦૦/–ની જોગવાઈ થયેલ છે જેમાં સ્કાઉટ ગાઈડ સંઘ માટેની ì ૩૦,૦૦,૦૦૦/–ની જોગવાઈનો સમાવેશ થાય છે.

(૨) તે અન્વયે રાજ્ય સ્કાઉટ ગાઈડ સંઘમાં કોણ સભ્યો છે અને છેલ્લા એક વર્ષમાં તેની કેટલી બેઠકો મળી ?

(૨) ગુજરાત ભારત સ્કાઉટ ગાઈડ સંઘના કારોબારી સભ્યોની યાદીનું * **પત્રક** આ સાથે સામેલ છે. છેલ્લાં એક વર્ષમાં કુલ ૦૯ બેઠકો મળી

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૬૯૮૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) આર.ટી.ઓ. કચેરી રાજકોટને સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં તા.૩૦–૧૧–૨૦૧૩ સુધીમાં કેટલી આવક થઈ,

(૧) રૂ. ૧૧૦.૧૭ કરોડની આવક થઈ.

(૨) તેમાં ગત વર્ષના સંદર્ભમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને

(૨) રૂ. ૪.૩૦ કરોડનો વધારો થયો.

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## માધ્યમિક શિક્ષણ બોર્ડમાં લેવાતી પરીક્ષાઓમાં ચોરીઓ રોકવા બાબત

* ૭૬૮૦ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં થતી ચોરીઓ રોકવા અને તે દ્વારા શિક્ષણનું સ્તર સુધારવા સરકારે ક્યા પગલાં લીધા?

**જવાબ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ (ચોરીઓ) રોકવા માટે વખતો વખત અનેકવિધ પગલાં લેવામાં આવ્યાં છે.

(૧) જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ પરીક્ષા સમિતિ દ્વારા સંવેદનશીલ કેન્દ્રો કે જયાં ગેરરીતિની શકયતા હોય ત્યાં વધુ સ્કવોડ અને આવશ્યક પોલીસ બંદોબસ્ત રાખવામાં આવે છે.

(૨) જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઓબ્ઝર્વર નીમવામાં આવે છે. તેમજ ગુજરાત મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા ફ્લાઇંગ સ્કવોડ રચવામાં આવે છે. અને પરીક્ષા સમયે જે કોઈ ફરીયાદો (ગેરરીતિ સંબંધી) કંટ્રોલરૂમને મળે છે તે સંબંધે જરૂરી પગલાં બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે છે.

(૩) પરીક્ષાર્થીઓના પરીક્ષા ખંડમાં પ્રવેશ વખતે સ્કવોડ અને સુપરવાઇઝર દ્વારા ચકાસણી કરવામાં આવે છે.

(૪) પરીક્ષા દરમ્યાન અધિકૃત કર્મચારી/અધિકારી દ્વારા કરવામાં આવતા ગેરરીતિ કેસ અંગે પરીક્ષા સમિતિ નિર્ણય કરે છે.

(૫) વાલી મંડળો, સંચાલક મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને જિલ્લા વહીવટી તંત્રની મદદથી તેમજ જાહેર માધ્યમો મારફતે સામુહિક ચોરીનું ઘટાડવા પ્રચાર અને પ્રસાર કરવામાં આવે છે.

---------

## રાજ્યમાં એન.એ.બી.એલ. સર્ટીફીકેટ ધરાવતી ખોરાક પ્રયોગશાળાઓ

* ૭૦૬૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યની કેટલી ખોરાક પ્રયોગશાળા એન.એ.બી.એલ. સર્ટીફીકેટ ધરાવે છે, અને

(૨) જો કોઈ પ્રયોગશાળાનું એન.એ.બી.એલ. સર્ટીફીકેટ મેળવવાનું બાકી હોય તો તે ક્યારે મેળવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ૨(બે) ખોરાક પ્રયોગશાળાઓ એન.એ.બી.એલ. સર્ટીફીકેટ ધરાવે છે.

(૨) રાજકોટ ખાતેની ખોરાક પ્રયોગશાળા તા. ૧૫–૧૨–૨૦૧૩થી આધુનિક મકાનમાં કાર્યરત કરવામાં આવેલ છે. જેના માટે એન.એ.બી.એલ. સર્ટીફીકેટ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**સ્કાઉટીંગ ગાઈડીંગ માટે ફાળવેલ ગ્રાન્ટ**

* ૭૬૦૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય સરકારે સ્કાઉટીંગ ગાઈડીંગ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૧) ગુજરાત ભારત સ્કાઉટ ગાઈડ સંઘને છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | રૂા. ૧૨,૦૦,૦૦૦/- |
| ૨૦૧૨-૧૩ | રૂા. ૩૨,૫૦,૦૦૦/- |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે ગુજરાત સ્કાઉટ ગાઈડ સંઘમાં સભ્યો કોણ કોણ છે ? | (૨) ગુજરાત ભારત સ્કાઉટ ગાઈડ સંઘના કારોબારી સભ્યોની યાદીનું ***પત્રક** આ સાથે સામેલ છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લામાં પેન્શનના પડતર કેસો**

* ૬૯૯૩ **શ્રી જગદીશભાઈ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાની પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, અને | (૧) ૬૪ |
| (૨) ઉકત પડતર પેન્શન કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) તા. ૫-૨-૨૦૧૪ની સ્થિતિએ એકપણ કેસ પડતર નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં ઝુંપડા અને કાચા મકાનોની ગણતરી/સર્વે**

* ૬૯૩૮ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ઝુંપડા અને કાચા મકાનો કેટલા છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ |

| ક્રમ | તાલુકાનું નામ | કાચા મકાનો/ ઝુંપડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૨૬૮૭૩ |
| ૨ | કાલોલ | ૧૭૭૫૩ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કાચા મકાનો/ ઝુંપડાની સંખ્યા** |
| ૩ | હાલોલ | ૩૨૯૩ |
| ૪ | જાંબુઘોડા | ૧૨૯૫ |
| ૫ | ઘોઘંબા | ૧૫૧૦૮ |
| ૬ | મોરવાહડફ | ૯૮૭૩ |
| ૭ | શહેરા | ૧૮૭૧૩ |
| ૮ | લુણાવાડા | ૩૫૨૮૧ |
| ૯ | ખાનપુર | ૬૯૯૦ |
| ૧૦ | કડાણા | ૯૧૮૬ |
| ૧૧ | સંતરામપુર | ૧૦૭૬૧ |
| | **કુલ** | ૧૫૫૧૨૬ |

| | |
|---|---|
| (૨) આ ગણતરી/સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવ્યો, અને | (૨) માર્ચ-૨૦૧૩ સુધીમાં |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા ઝુંપડા અને કાચા મકાનોને પાકા કરવામાં આવ્યા ? | (૩) સરદાર આવાસ યોજના—૨માં સમાવેશ કરેલ છે. |

---------

**સુરત જિલ્લાની વાણિજિયક વેરાની આવક**

* ૭૦૦૬ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન તા.૩૦-૧૧-૨૦૧૩ સુધીમાં સુરત જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, | (૧) રૂ. ૨૮૯૫.૯૯ કરોડ |
| (૨) આ સમયગાળા દરમ્યાન વાણિજિયક વેરાની કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂ. ૩૦૪.૩૧ કરોડ (તા. ૩૦-૧૧-૨૦૧૩ અંતિત) |
| (૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધા ? | (૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદના નવીનીકરણની યોજના**

* ૭૦૧૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદના નવીનીકરણ-વિસ્તરણની કોઈ યોજના છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે? | (૨) આ યોજના માટે તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ રૂ઼ા. ૪૬/-કરોડ ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

---------

**પારડી અને ઉંમરગામ તાલુકામાં એન.જી.ઓ. દ્વારા બાળકોને મધ્યાહન ભોજન યોજના**

* ૬૯૦૨ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના પારડી અને ઉમરગામ તાલુકામાં કઈ કઈ એન.જી.ઓ. દ્વારા બાળકોને મધ્યાહન ભોજન યોજના હેઠળ નાસ્તો/ભોજન આપવામાં આવે છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના પારડી અને ઉમરગામ તાલુકામાં સ્ત્રી શકિત સંસ્થા દ્વારા બાળકોને ભોજન આપવામાં આવે છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ એન.જી.ઓ. દ્વારા વાસી ખોરાક પૂરો પડાય છે તેવી કેટલી ફરીયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા? | (૨) આવી ફરીયાદ મળેલ નથી. તેથી પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ચાલતા મનરેગા યોજનાના કામોમાં ખરીદી બાબત**

* ૭૯૧૩ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તમામ ગ્રામ પંચાયતોમાં ચાલતા મનરેગા યોજના હેઠળના કામોમાં સીમેન્ટ તથા અન્ય મટીરીયલ્સની ખરીદી સરકારની | (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તમામ ગ્રામ પંચાયતોમાં ચાલતા મનરેગા યોજના હેઠળના કામોમાં સીમેન્ટ તથા અન્ય મટીરીયલ્સની ખરીદી સરકારની |

ગાઈડલાઈન મુજબ થતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

ગાઈડ લાઈન મુજબ થાય છે.

(૨) જો હા, તો આ કામોમાં સ્થાનિક કક્ષાએથી જ ખરીદી થાય અને બીજા જિલ્લામાંથી ખરીદી ન થાય તે માટે સરકારે શાં પગલાં લીધા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

* ૬૯૭૨ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરવા માટે સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

કેન્દ્રિયકૃત ભરતી યોજના અંતર્ગત જાહેરાત આપી ૩૦૮ શિક્ષણ સહાયકોની (મદદનીશ શિક્ષકોની) ભરતી કરવામાં આવેલ છે. બાકી ખાલી જગ્યાઓ સત્વરે ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

---------

**ગુજરાત વકફ બોર્ડને ફાળવેલ ગ્રાન્ટ**

* ૭૫૬૭ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત વકફ બોર્ડને રાજ્ય સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) જો ગ્રાન્ટ ફાળવવામાં ન આવી હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) વકફ અધિનિયમ–૧૯૯૫ની કલમ–૭૭(૪) મુજબ વકફ બોર્ડ તેના તમામ પ્રકારના ખર્ચ માટે વકફ ફંડનો ઉપયોગ કરી શકે, તેવી જોગવાઈ હોઈ, ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ**

* ૭૩૦૯ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નવરચિત અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતો પૈકી નવીન ગ્રામ પંચાયતો કેટલી છે,

(૨) વિભાજીત થઈ નવીન અસ્તિત્વમાં આવેલ ગ્રામ પંચાયતમાં તલાટી–કમ–મંત્રીનું મહેકમ મંજૂર કરવામાં ન આવ્યું હોય તેવી કેટલી ગ્રામ પંચાયતો છે, અને

(૩) આવી નવીન ગ્રામ પંચાયતોમાં તલાટી–કમ–મંત્રીનું મહેકમ મંજૂર ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૨ (બાર)

(૨) ૧૨ (બાર)

(૩) તલાટી–કમ–મંત્રી મહેકમ સેજા આધારિત હોય છે.

---------

**જામનગર જિલ્લામાં પેન્શનરોના પડતર કેસો**

* ૭૦૦૯ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, અને

(૨) ઉકત પડતર પેન્શન કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ –૧૨

(૨) તા. ૫–૨–૨૦૧૪ ની સ્થિતિએ એકપણ કેસ પડતર નથી.

**ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ દ્વારા દર્દીઓને આપેલ તબીબી સેવાઓ**

* ૭૦૪૧ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે.

| વર્ષ | દર્દીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨ | ૩,૫૪,૧૬૭ |
| ૨૦૧૩ | ૩,૭૧,૫૪૮ |
| કુલ | ૭,૨૫,૭૧૫ |

(૨) તે પૈકી નીચે મુજબના આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| વિગત | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|
| નવા કેસ | ૨૭,૮૨૨ | ૨૮,૮૧૩ |
| આઉટડોર | ૨,૮૫,૦૪૨ | ૨,૯૯,૩૯૩ |
| ઈન્ડોર | ૨૧,૧૦૪ | ૨૦,૪૦૨ |
| મેજર ઓપરેશન | ૪,૯૦૫ | ૪,૯૪૨ |
| માઈનોર ઓપરેશન | ૧૫,૨૯૪ | ૧૭,૯૯૮ |
| **કુલ** | **૩,૫૪,૧૬૭** | **૩,૭૧,૫૪૮** |

---------

**નવસારી જિલ્લામાં તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યા**

* ૭૨૮૮ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર તલાટી–કમ–મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ખાલી જગ્યાનો સમયગાળો** | | |
|---|---|---|---|---|
| | | ૧ વર્ષથી નીચેની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષથી વધુ |
| નવસારી | ૨૨ | ૬ | ૮ | ૮ |
| જલાલપોર | ૨૭ | ૭ | ૧૪ | ૬ |
| ગણદેવી | ૨૮ | ૯ | ૧૪ | ૫ |
| ચીખલી | ૧૯ | ૧૧ | ૫ | ૩ |
| વાંસદા | ૧૪ | ૭ | ૬ | ૧ |
| **કુલ** | **૧૧૦** | **૪૦** | **૪૭** | **૨૩** |

(૨) બનતી ત્વરાએ

---------

**તાપી જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ**

* ૭૦૪૭ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૧) ૩૨,૪૮૮

(૨) તે પૈકી કેટલાની જીંદગી બચાવવામાં આવી ?

(૨) દર્દીઓને જરૂરી સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા, જેમાંથી ઘણાની જીંદગી યોગ્ય સારવાર સમયસર મળવાને કારણે બચાવી શકાઈ છે.

---------

**રાજ્યમાં થેલેસેમીયાના દર્દીઓ માટે સરકાર દ્વારા કરેલ વ્યવસ્થા**

* ૭૦૪૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં થેલેસેમીયાના દર્દીઓ માટે તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને

(૧)
(૧) થેલેસેમીયાના દર્દીઓને રાજ્યની સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર તથા દવાઓ આપવામાં આવે છે.
(૨) થેલેસેમીયાના દર્દીઓને જરૂર પડ્યે નિઃશુલ્ક લોહી પરીક્ષણ તેમજ ટ્રાન્સફ્યુઝનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.
(૩) થેલેસેમીયાના દર્દીઓને હૃદયની સોનોગ્રાફી તથા એક્સ-રેની તપાસણી તથા અન્ય કાઉન્સેલીન્ગ નિઃશુલ્ક કરવામાં આવે છે.
(૪) દર્દીઓની સંપૂર્ણ માહિતી રાખતું કાર્ડ રાખવામાં આવે છે તથા દર્દીઓને નિયમિતપણે જરૂરિયાત મુજબ રસી આપવામાં આવે છે.
(૫) Bone marrow Transplant માહિતી આપવામાં આવે છે. જરૂરિયાત મુજબ Spleenatony ની સર્જરી કરવામાં આવે છે.

(૨) થેલેસેમીયાના દર્દીઓને મોંઘી દવા બહારથી ખરીદવી ન પડે એ માટે સરકારનું કોઈ આયોજન છે ?

(૨) રાજ્ય સરકાર દ્વારા થેલેસેમિયાના તમામ દર્દીઓની સારવાર માટેની જરૂરી એવી તમામ દવાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. આ માટે જરૂરી અનુદાન ફાળવવામાં આવે છે. જે પેટે ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે રૂ઼ા. ૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

---------

**દહેગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

* ૭૯૫૧ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ દહેગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે,

(૧)

| શિક્ષકની ઘટ | | કુલ |
|---|---|---|
| પ્રાથમિક | ઉચ્ચ પ્રાથમિક | |
| ૨૧ | ૧૧૪ | ૧૩૫ |

(૨) તે ઘટ કઈ કઈ પ્રાથમિક શાળાઓમાં છે, અને

(૨) આ વિગતો સામેલ **પત્રક-અ**માં આપેલ છે.

(૩) કેટલા સમયમાં આ ઘટ પુરવામાં આવશે ?

(૩) સને ૨૦૧૩-૧૪ માં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ગણિત-વિજ્ઞાનની ૭૩ જગ્યાઓ ભરવામાં આવેલ છે. બાકીની જગ્યાઓ જેમ બને તેમ જલદીથી

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ રજીસ્ટર થયેલ હોસ્પિટલો**

* ૭૦૨૯ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કુલ કેટલી હોસ્પિટલો રજીસ્ટર થયેલ છે, | (૧) કુલ – ૨૨ (બાવીસ) હોસ્પિટલો રજીસ્ટર થયેલ છે. |
| (૨) તે પૈકી ખાનગી હોસ્પિટલો કેટલી અને સરકારી હોસ્પિટલો કેટલી, અને | (૨) ખાનગી હોસ્પિટલો – ૧૭<br>સરકારી હોસ્પિટલો – ૦૫ |
| (૩) ઉકત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ઼ા. ૬,૪૯,૩૮,૮૦૨/–નો ખર્ચ થયેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ**

* ૭૦૪૮ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને | (૧) ૪૨,૫૧૪ |
| (૨) તે પૈકી કેટલાની જીંદગી બચાવવામાં આવી ? | (૨) દર્દીઓને જરૂરી સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા, જેમાંથી ઘણાની જીંદગી યોગ્ય સારવાર સમયસર મળવાને કારણે બચાવી શકાઈ છે. |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ**

* ૭૯૩૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી અને કઈ જગ્યાઓ ખાલી છે અથવા તો ચાર્જમાં ચાલે છે, | (૧) (૧) સાબરકાંઠા જિલ્લાની તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઈડરની એક જગ્યા.<br>(૨) અરવલ્લી જિલ્લાની કુલ ચાર જગ્યા. જે નીચે મુજબ છે.<br>અ.નં. જગ્યાનું નામ<br>૧ મોડાસા<br>૨ માલપુર<br>૩ મેઘરજ<br>૪ ભિલોડા |
| (૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી અથવા તો ચાર્જમાં ચાલે છે, | (૨) આ જગ્યાઓ ખાલી થયાની અથવા ચાર્જની વિગત નીચે મુજબ છે. |

| અ. નં. | જગ્યાનું નામ | ખાલી થયા તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ઈડર | ૧–૧૧–૧૩ | ત્રણ માસ |
| ૨ | મોડાસા | ૮–૫–૧૩ | ૯ માસ |
| ૩ | માલપુર | ૨–૧૧–૧૩ | ત્રણ માસ |
| ૪ | મેઘરજ | ૧–૧૧–૧૩ | ત્રણ માસ |
| ૫ | ભિલોડા | ૧૩–૯–૧૨ | ૧ વર્ષ ચાર માસ |

(૩) સરકારશ્રી આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગે છે, અને

(૩) તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોડાસા તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભિલોડાની જગ્યા વિકાસ કમિશ્નરશ્રીના તા. ૧૩-૨-૧૪ના હુકમથી ભરવામાં આવેલ છે. બાકીની જગ્યાઓ આ સંવર્ગના અધિકારીઓ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

(૪) જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે ?

(૪) આ સંવર્ગના અધિકારીઓ ઉપલબ્ધ ન થવાને કારણે જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

---------

**રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ સુપર સ્પેશીયાલીસ્ટ હોસ્પિટલોમાં રાહત દરની સારવારની યોજના**

* ૭૦૨૧ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલોમાં રાહત દરની સારવારની યોજના છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો રાજ્યમાં આ યોજના ક્યારે શરૂ કરવામાં આવી,

(૨) રાજ્યમાં આ યોજના વર્ષ ૨૦૧૨-૧૩માં શરૂ કરવામાં આવેલ છે.

(૩) તે માટે તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી,

(૩) તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નાણાકીય જોગવાઈ કરવામાં આવી.
વર્ષ ૨૦૧૨-રૂા. ૯.૦૦ કરોડ
વર્ષ ૨૦૧૩-રૂા. ૯.૦૦ કરોડ

(૪) ઉકત સ્થિતિએ વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો, અને

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયો.
વર્ષ ૨૦૧૨-રૂા. ૯.૦૦ કરોડ
વર્ષ ૨૦૧૩-રૂા. ૯.૦૦ કરોડ

(૫) આ યોજના થકી તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કેટલા દર્દીઓએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લાભ લીધો ?

(૫) આ યોજના થકી તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ નીચે મુજબના દર્દીઓએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લાભ લીધો.

| વર્ષ | કેન્સર | કાર્ડીયોલોજી | કીડની | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૧૨ | ૫૪૬ | ૨૭૯૨ | ૮૫૮૪ | ૧૧૯૨૨ |
| ૨૦૧૩ | ૧૧૬૧ | ૫૭૨૮ | ૨૧૪૨૮ | ૨૮૩૧૭ |
| કુલ | ૧૭૦૭ | ૮૫૨૦ | ૩૦૦૧૨ | ૪૯૨૩૯ |

---------

**વડોદરા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા સંસ્થાકીય પ્રસુતિના રીફર કરેલ કેસો**

* ૭૦૫૬ **શ્રી જયંતિભાઈ સ. રાઠવા(જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ સેવાઓ દ્વારા પ્રસુતિના કેટલા કેસો રીફર કરવામાં આવ્યા,અને

(૧) ૪૭,૪૦૮

(૨) તે પૈકી કેટલી સંસ્થાકીય પ્રસુતિ થયેલ છે ?

(૨) ૪૭,૪૦૮

**એન.આર.એચ.એમ. હેઠળ કરાર આધારિત ડૉક્ટરોની ભરતીમાં અનામત રાખવા બાબત**

* ૭૯૦૬ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧–૨૦૧૪ની સ્થિતિએ જાન્યુઆરી–૨૦૧૪ માં રાજ્ય સરકારે એનઆરએચએમ હેઠળ હોમિયોપેથી અને આયુર્વેદિક ડૉક્ટરોની ફીકસ પગારની ભરતી કરેલ છે તેમાં એસટી–એસસી–ઓબીસીના ઉમેદવારો માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેન્દ્ર સરકારની અનામત રાખવાની સૂચનાઓ હોવા છતાં આ જગ્યાઓમાં અનામત ન રાખવાના કારણો શા છે, અને | (૨) કેન્દ્ર સરકારની આવી કોઈ સૂચનાઓ નથી. |
| (૩) સરકાર એસટી–એસસી–ઓબીસી ઉમેદવારો માટે અનામત રાખીને તેઓને નિમણૂંક આપવા માંગે છે કે કેમ ? | (૩) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન નં. ૬૨૮/૨૦૧૪ ના આખરી ચુકાદા પ્રમાણે કાર્યવાહી કરવાની થશે. |

---------

**તાલાલામાં ન્યાયિક અધિકારીઓ માટે આવાસના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૦૮૦ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના તાલાલા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂા. ૩૯,૪૮,૯૦૦/– |

---------

**અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં હિમોફીલીયાના નોંધાયેલ દર્દીઓ**

* ૭૦૪૪ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હિમોફીલીયાના દર્દીઓની સંખ્યા કેટલી નોંધાઈ, અને

(૨) સરકાર દ્વારા આ દર્દીઓને સારવાર પૂરી પાડવા શી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| અમદાવાદ જિલ્લો | ૪૨૪ |
| રાજકોટ જિલ્લો | ૧૪૦ |

(૨) સીવીલ હોસ્પિટલ, અમદાવાદ જનરલ હોસ્પિટલ સોલા, તેમજ પી.ડી.યુ. હોસ્પિટલ રાજકોટ ખાતે હિમોફીલીયાના દર્દીઓને વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. તથા સારવારના ભાગ રૂપે

(૧) ક્રાયોપ્રેસીપીટિટ (cryoprecipitate)

(૨) ફ્રેશ ફ્રોઝન પ્લાઝમા (FFP)

(૩) હોલ બ્લડ (Whole Blood)

(૪) Recombinant

Factor –VIII આપવામાં આવે છે ભવિષ્યની પેઢીને આ રોગમાંથી મુક્ત રાખી શકાય તે માટે જીનેટીક ઈન્હેરીટન્સ (Genetic Inheritance) માટે મેડીકલ કાઉન્સેલીંગ કરવામાં આવે છે. હિમોફીલીયાના દર્દીઓને સમયસર સઘન તબીબી સારવાર મળી રહે તે માટે સરકાર દ્વારા જરૂરી અનુદાન ફાળવવામાં આવે છે.

---------

**ખેડા જિલ્લામાં બાકી બારકોડેડ રેશનકાર્ડો**

* ૭૮૮૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા બારકોડ રેશનકાર્ડો આપવાના બાકી છે,

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબના કુલ–૫૫૬૦ રેશનકાર્ડ આપવાના બાકી છે.

| નં. | તાલુકાનું નામ | આપવાના બાકી રેશનકાર્ડ |
|---|---|---|
| ૧ | નડીયાદ (શ) | ૧૭૮૪ |
| ૨ | નડીયાદ (ગ્રા) | ૨૦૭૩ |
| ૩ | માતર | ૦ |
| ૪ | ખેડા | ૪૬૬ |
| **નં.** | **તાલુકાનું નામ** | **આપવાના બાકી રેશનકાર્ડ** |
| ૫ | મહેમદાવાદ | ૦ |
| ૬ | મહુધા | ૦ |
| ૭ | કઠલાલ | ૨૯૧ |
| ૮ | કપડવંજ | ૬૦ |
| ૯ | ઠાસરા | ૦ |
| ૧૦ | બાલાસિનોર | ૮૮૬ |
| ૧૧ | વિરપુર | ૦ |
| | **કુલ :–** | **૫૫૬૦** |

(૨) આ બારકોડ રેશનકાર્ડમાં ફીંગર પ્રીન્ટ લેવામાં તકલીફો થતી હોય સરકારે તે નિવારવા શા પગલાં લીધા, અને

(૨) ૧. બારકોડેડ રેશનકાર્ડમાં ફીંગર પ્રીન્ટ લેવામાં તકલીફો નિવારવા સરકારશ્રી દ્વારા ઓનલાઇન આઈ.સી. (વર્ઝન) ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે.

૨. ઉંમરલાયક, વૃધ્ધ વ્યક્તિઓના અંગુઠા મેચ ન થતા કુપન નિકળતી ન હતી જેથી તે રેશનકાર્ડ ધારકના કુટુંબના ૧૫ વર્ષથી વધુ ઉંમરના તમામ સભ્યના અંગુઠા લેવાની કામગીરી ચાલુમાં છે.

(૩) બાકી રહેતા આ કાર્ડો કેટલા સમયમાં ફાળવવામાં આવશે ?

(૩) બાકી રહેલા રેશનકાર્ડ ધારકોને અંગુઠાની છાપ આપી જવા જાણ કરી છે. અંગુઠાની છાપ આપ્યેથી તુરત જ.

---------

**રન ફોર યુનીટીમાં ભાગ ન લેનાર શાળાના બાળકોને દંડ કરવાના હુકમો**

* ૭૫૫૩ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રન ફોર યુનીટીમાં ભાગ ન લેનાર શાળાના બાળકોને દંડ કરવાના કોઈ હુકમો વિભાગ દ્વારા કે તેની તાબા હેઠળની કચેરીઓ દ્વારા થયેલ છે કે કેમ,

(૧) આવા કોઈ હુકમો વિભાગ દ્વારા કે રમતગમત વિભાગ દ્વારા કરવામાં આવેલ નથી.

| | |
|---|---|
| (૨) જો હા તો, કેટલો દંડ કરવાના હુકમો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે થયા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પૈકી કેટલો દંડ વસુલવામાં આવેલ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ યોજનામાં થયેલ ખર્ચ**

* ૭૯૦૮ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ યોજનામાં વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને | (૧) માન. મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજનાનું આખરીકરણ થયેથી ખર્ચ કરવામાં આવશે. |
| (૨) આ ખર્ચ બજેટના ક્યા ક્યા હેડે ઉધારવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૬૯૯૭ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૩ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૫૯૯૭ |
| (૨) તે પૈકી કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૨) ૧૫૯૯૭ |
| (૩) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૩) શૂન્ય |

---------

**બોડેલી તાલુકામાં કોર્ટનું મકાન બનાવવા બાબત**

* ૭૩૨૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં આવેલ કોટેજ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલું મહેકમ ભરાયેલ છે અને કેટલું મહેકમ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં આવેલ કોટેજ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ અને તે પૈકીની ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો **પત્રક–૧માં** દર્શાવ્યા મુજબની છે.

(૩) સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રોમાં મેડીકલ ઓફિસર, વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે.તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–૧**

**કોટેજ હોસ્પિટલ, ભિલોડા**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી હોય તો કઈ તારીખથી |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | તા. ૧૯–૩–૧૩ |
| ૩ | ફુલ ટાઈમ સર્જન | ૧ | ૦ | ૧ | તા. ૮–૬–૧૧ |
| ૪ | ફિઝીશ્યન | ૧ | ૦ | ૧ | તા.૯–૮–૦૪ |
| ૫ | સ્ત્રી નિષ્ણાંત | ૧ | ૧ | ૦ | |
| ૬ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૦ | ૧ | તા.૨૬–૯–૧૧ |
| ૭ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | તા. ૨૧–૬–૧૦ |
| ૮ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૯ | ઓર્થોપેડીક | ૧ | ૦ | ૧ | તા. ૨૧–૬–૧૦ |
| ૧૦ | આંખના સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૧ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૨૧–૬–૧૦ |
| | **વર્ગ–૧ કુલઃ–** | **૧૧** | **૦૪** | **૦૭** | |
| ૧૨ | તબીબી અધિકારી | ૩ | ૨ | ૧ | તા. |
| ૧૩ | ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| | **વર્ગ–૨ કુલઃ–** | **૪** | **૩** | **૧** | |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી હોય તો કઈ તારીખથી |
|---|---|---|---|---|---|
| ૧૪ | હેડ નર્સ | ૨ | ૨ | ૦ | |
| ૧૫ | સ્ટાફ નર્સ | ૧૫ | ૧૪ | ૧ | તા.૪–૩–૧૩ |
| ૧૬ | હેડ કલાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૧૭ | સીનીયર કલાર્ક | ૨ | ૦ | ૦ | તા.૩૧–૧૨–૧૧ અને તા. ૮–૬–૧૨ |
| ૧૮ | જુનીયર કલાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૧૯ | કેશ રાઈટર | ૧ | ૦ | ૧ | તા.૨૬–૨–૦૯ |
| ૨૦ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૯–૨–૧૦ |
| ૨૧ | જુનીયર ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૦ | |
| ૨૨ | ડ્રાઈવર | ૨ | ૧ | ૧ | તા. ૩૧–૫–૧૩ |
| ૨૩ | એક્સ–રે ટેકનીશીયન | ૧ | ૦ | ૧ | તા. ૨૧–૮–૦૮ |
| ૨૪ | લેબોરેટરી ટેકનીશીયન | ૨ | ૧ | ૧ | તા. ૩૧–૩–૦૨ |
| ૨૫ | ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૨૬ | નર્સિંગ ટ્યુટર | ૨ | ૧ | ૧ | તા. |
| ૨૭ | પી.એચ.એન. | ૨ | ૨ | ૦ | |
| ૨૮ | એલ.એચ.વી. | ૧ | ૦ | ૧ | તા. ૩૧–૧–૦૭ |
| ૨૯ | એ.એન.એમ. | ૧ | ૦ | ૧ | તા. ૩૧–૧૨–૧૧ |
| | **વર્ગ–૩ કુલઃ–** | **૩૭** | **૨૬** | **૧૧** | |
| ૩૦ | પટાવાળા | ૧ | ૧ | ૦ | |
| ૩૧ | વોર્ડ સર્વન્ટ | ૯ | ૭ | ૨ | તા. ૦૧–૭–૦૯ અને તા. ૩૧–૮–૧૦ |
| ૩૨ | સ્વીપર | ૬ | ૪ | ૨ | તા. ૩૧–૬–૦૯ અને તા. ૧–૭–૧૦ |
| ૩૩૩ | રસોયા | ૧ | ૧ | ૦ | |
| ૩૪ | ડીસ્પેન્સરી સરવન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૩૫ | સ્ટેચર બેરર | ૧ | ૦ | ૧ | તા. ૩૧–૧૨–૧૦ |
| ૩૬ | ચોકીદાર | ૧ | ૧ | ૦ | |
| | **વર્ગ–૪ કુલઃ–** | **૨૦** | **૧૫** | **૫** | |
| | **વર્ગ–૧ થી ૪ કુલઃ–** | **૭૨** | **૪૮** | **૨૪** | |

**સામૂહિક આરોગ્ય કેન્દ્ર, મેઘરજ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ખાલી હોય તો કઈ તારીખથી |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | તા. ૧૪–૨–૨૦૦૨ |
| ૪ | ફિઝીશ્યન | ૧ | ૦ | ૧ | તા. ૮–૫–૨૦૧૨ મંજુર થઈ ત્યારથી ખાલી |
| ૫ | સ્ત્રી નિષ્ણાંત | ૧ | ૦ | ૧ | તા. ૮–૫–૨૦૧૨ મંજુર થઈ ત્યારથી ખાલી |
| ૬ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૦ | ૧ | તા. ૮–૫–૨૦૧૨ મંજુર થઈ ત્યારથી ખાલી |
| ૭ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | તા. ૮–૫–૨૦૧૨ મંજુર થઈ ત્યારથી ખાલી |
| | **વર્ગ–૧ કુલઃ–** | **૫** | **૦** | **૫** | |
| ૮ | હેડ નર્સ | ૧ | ૧ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | સ્ટાફ નર્સ | ૧૦ | ૯ | ૧ | |

- સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા. ૪-૬-૧૩ના ઠરાવથી સી.એમ.સેતુ યોજના જાહેર કરવામાં આવેલ છે તે અંતર્ગત ફીઝીશીયનની સેવા તા. ૨૬-૮-૧૩ અને જનરલ સર્જનની સેવા તા. ૨૫-૮-૧૩ થી લેવામાં આવે છે.

---------

**રાજયમાં સરકારી ફીઝિયોથેરાપી કોલેજોમાં ઉપલબ્ધ બેઠકો**

* ૭૦૧૯ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજયમાં કેટલી સરકારી ફીઝિયોથેરાપી કોલેજોમાં અનુસ્નાતકનો અભ્યાસક્રમ ચાલે છે,

(૨) કયા-કયા વિષયોમાં અનુસ્નાતક કોર્ષ ચાલે છે, અને

(૩) તેમાં કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજયમાં ૨ (બે) સરકારી ફીઝિયોથેરાપી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસ ક્રમ ચાલે છે.

(૨) સરકારી ફીઝિયોથેરાપી કોલેજોમાં નીચે મુજબના વિષયોમાં અનુસ્નાતક કોર્ષ ચાલુ છે.

૧. રીહેબીલીટિશન
૨. ન્યુરોમસ્કયુલર ડીસઓર્ડર
૩. મસ્કયુલોસ્કેલેટલ કન્ડીશન્સ
૪. કાર્ડિયો પલ્મોનરી કન્ડીશન્સ
૫. સ્પોર્ટસ

(૩) તેમાં કુલ ૨૪ બેઠકો ઉપલબ્ધ છે.

---------

**રન ફોર યુનીટીમાં ભાગ ન લેનાર શાળાના બાળકોને દંડ કરવાના હુકમો**

* ૭૬૨૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રન ફોર યુનિટીમાં ભાગ ન લેનાર શાળાના બાળકોને દંડ કરવાના કોઈ હુકમો વિભાગ દ્વારા કે તેની તાબા હેઠળની કચેરીઓ દ્વારા થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલો દંડ કરવાના હુકમો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે થયા, અને

(૩) તે પૈકી કેટલો દંડ વસુલવામાં આવેલ ?

**જવાબ**

(૧) આવા કોઈ હુકમો વિભાગ દ્વારા કે રમતગમત વિભાગ દ્વારા કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં ૧૦૦ ચો. વારના પ્લોટ ફાળવવા બાબત**

* ૭૮૩૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં ૧૦૦ ચો.વાર મકાન માટે પ્લોટ ફાળવવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ઈસમોને ૧૦૦ ચો. વાર પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) હા.

(૨)

| તાલુકાનું નામ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ (તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ) |
|---|---|---|

| | | |
|---|---|---|
| અમરેલી | ૧૪૬ | ૬૯ |
| લાઠી | ૨૦ | ૭૬ |
| લીલીયા | ૨૧ | ૧૯ |
| બાબરા | ૨૦૧ | ૯૭ |
| કૂકાવાવ | ૮૯ | ૧૫૭ |
| બગસરા | ૨૫ | ૩૫ |
| ધારી | ૩૭ | ૪૧ |
| ખાંભા | ૦ | ૧૨૭ |
| સાવરકુંડલા | ૦ | ૫૫ |
| રાજુલા | ૦ | ૮૯ |
| જાફરાબાદ | ૦ | ૦ |
| **કુલઃ–** | **૫૩૯** | **૭૬૫** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ ક્યારથી પડતર છે, તેના નિકાલ ક્યારે કરવામાં આવશે ?

(૩) અરજીઓ પડતર ન હોઈ પ્રશ્ન નથી.

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં ગ્રીન–સ્માર્ટ સ્કુલ અને ઈગ્લીંશ સ્કૂલ બનાવવા માટેની જાહેરાત**

* ૭૬૪૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગ્રીન સ્કુલ સ્માર્ટ સ્કુલ અને ઈગ્લીંસ સ્કૂલ બનાવવા માટે તા.૩૧મી માર્ચ–૨૦૧૩ માં રૂા.૩૪૯ કરોડની જાહેરાત કરેલ છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે સાબરકાંઠા અને બનાસકાંઠા, જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલી શાળાઓ બનાવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં ગ્રીન સ્કુલ માટે રૂ. ૯.૧૩ કરોડ અને સ્માર્ટ સ્કુલ માટે રૂ. ૨૦.૦૬ કરોડ તેમજ ૪૮ ઈગ્લીંસ માધ્યમની સ્કૂલો માટે રૂા. ૯૮.૯૭ લાખની બજેટ જોગવાઈ રાજ્ય સરકારે કરેલ છે.

(૨) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં ગ્રીન સ્કુલના પ્રારંભિક સર્વેક્ષણની કાર્યવાહી પૂર્ણ કરી રૂ. ૫૬,૮૬૪/–નો ખર્ચ કરવામાં આવેલ છે. સાબરકાંઠા અને બનાસકાંઠા બન્ને જિલ્લામાં બબ્બે અંગ્રેજી માધ્યમની શાળાઓ મંજૂર કરવામાં આવેલ પણ વિદ્યાર્થીઓ ન મળતાં ત્રણ શાળાઓ શરૂ થઈ શકી નથી, પરંતુ સાબરકાંઠા જિલ્લામાં એક શાળા શરૂ કરેલ છે.

(૩) સાબરકાંઠા જિલ્લામાં પાઈલોટ બેઝ પર ૧(એક) સ્માર્ટ સ્કુલની સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ૩(ત્રણ) અને બનાસકાંઠા જિલ્લામાં ૩(ત્રણ) ગ્રીન સ્કુલ માટે પ્રારંભિક સર્વેક્ષણની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**તાપી જિલ્લામાં પ્રાથમિક શાળામાં નવા ઓરડાઓ બનાવવા બાબત**

* ૬૯૧૭ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાઓ નવા બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં બનાવવામાં આવેલ ઓરડાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નીઝર | ૭૬ |

| | | |
|---|---|---|
| ૨ | સોનગઢ | ૭૧ |
| ૩ | ઉચ્છલ | ૧૮ |
| ૪ | વાલોડ | ૧૮ |
| ૫ | વ્યારા | ૪૩ |
| | **કુલઃ–** | **૨૨૬** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ઓરડાઓની ઘટ છે ?

(૨) ૭૩

---------

## ખેડા જિલ્લામાં ઝુંપડા અને કાચા મકાનોને પાકા બનાવવા બાબત

* ૬૯૨૬ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ઝુંપડા અને કેટલા કાચા મકાનો છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ઝુંપડા અને કાચા મકાનો

| ક્રમ | તાલુકાનું નામ | ઝુંપડા/કાચા મકાનો |
|---|---|---|
| ૧ | નડીઆદ | ૫૮૩૧ |
| ૨ | મહુધા | ૬૫૪૯ |
| ૩ | માતર | ૨૦૧૯ |
| ૪ | ખેડા | ૯૭૫ |
| ૫ | બાલાશિનોર | ૨૨૪૦ |
| ૬ | કઠલાલ | ૫૪૨૩ |
| ૭ | કપડવંજ | ૭૪૦૬ |
| ૮ | મહેમદાવાદ | ૪૮૮૫ |
| ૯ | ઠાસરા | ૬૦૩૦ |
| ૧૦ | વિરપુર | ૫૫૪ |
| | **કુલઃ–** | **૪૧૯૧૨** |

(૨) આ ગણતરી સર્વે ક્યારે કરવામાં આવ્યો, અને

(૨) માર્ચ–૧૩ સુધીમાં

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઝુંપડા અને કાચા મકાનોને પાકા કરવામાં આવ્યા ?

(૩) ૩૫૪૫૭

---------

## વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા તાલુકામાં નરેગા અને મનરેગા યોજના હેઠળના કામો/ખર્ચ

* ૭૬૮૨ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નરેગા અને મનરેગા યોજના હેઠળ ગીર, સોમનાથ જિલ્લાના વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા તાલુકામાં ગ્રામ કક્ષાએ કેટલા કામો અને તાલુકા કક્ષાએ કેટલા કામો અને ખર્ચ કરવાની રકમ કેટલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નરેગા અને મનરેગા યોજના હેઠળ ગીર, સોમનાથ જિલ્લાના વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા તાલુકામાં કરવાના કામોની અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨ (૧–૧–૧૨ થી ૩૧–૧૨–૧૨) | | વર્ષ ૨૦૧૩ (૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩) | |
|---|---|---|---|---|---|
| | | કામોની સંખ્યા | ખર્ચ (રૂ઼઼. લાખમાં) | કામોની સંખ્યા | ખર્ચ (રૂ઼઼. લાખમાં) |
| ૧ | સૂત્રાપાડા | ૨૨૫ | ૨૧૮.૭૬ | ૧૭૫ | ૧૩૩.૯૬ |
| ૨ | તાલાલા | ૮૯ | ૨૨૦.૫૫ | ૧૧૧ | ૧૧૭.૫૬ |
| ૩ | વેરાવળ | ૩૫૯ | ૬૮૮.૧૮ | ૨૩૫ | ૨૬૧.૪૧ |

| | કુલઃ- | ૬૭૩ | ૧૧૨૭.૪૯ | ૫૨૧ | ૫૧૨.૯૩ |
|---|---|---|---|---|---|

(૨) તે પૈકી કેટલા કામો થયા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) વર્ષવાર થયેલ કામો અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨ (૧-૧-૧૨ થી ૩૧-૧૨-૧૨) | | વર્ષ ૨૦૧૩ (૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩) | |
|---|---|---|---|---|---|
| | | કામોની સંખ્યા | ખર્ચ (રૂ઼ા. લાખમાં) | કામોની સંખ્યા | ખર્ચ (રૂ઼ા. લાખમાં) |
| ૧ | સૂત્રાપાડા | ૮૬ | ૧૭૨.૩૪ | ૩૯ | ૧૩૩.૪૭ |
| ૨ | તાલાલા | ૩૬ | ૮૮.૭૨ | ૨૦ | ૮૦.૫૧ |
| ૩ | વેરાવળ | ૧૧૪ | ૩૯૬.૭૨ | ૩૦ | ૨૫૭.૦૧ |
| | **કુલઃ-** | **૨૩૬** | **૬૫૭.૭૯** | **૮૯** | **૪૭૦.૯૯** |

(૩) કરવામાં આવેલ કામો પૈકી નાણાકીય ગેરરીતિની કેટલી ફરીયાદો મળી, મળેલ ફરીયાદો અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) કરવામાં આવેલ કામો પૈકી નાણાકીય ગેરરીતિની મળેલ ફરીયાદોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨ | વર્ષ ૨૦૧૩ |
|---|---|---|---|
| ૧ | સૂત્રાપાડા | ૧ | ૧ |
| ૨ | તાલાલા | ૩ | ૦ |
| ૩ | વેરાવળ | ૨૬ | ૪ |
| | **કુલઃ-** | **૩૦** | **૫** |

---------

## આણંદ જિલ્લામાં વાહન વ્યવહાર નિયંત્રક દ્વારા દંડની વસુલાત

* ૭૬૧૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૨૦-૦૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં વાહન વ્યવહાર નિયંત્રક દ્વારા કેટલા વાહનોને કયા કયા પ્રકારના દંડની વસુલાત કેટલી થઈ ?

**જવાબ**

તા. ૨૦-૦૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં વાહન વ્યવહાર નિયંત્રક દ્વારા કુલ ૯૯૮૫ વાહનોને મોટર વાહન કાયદા/નિયમોની જુદી જુદી જોગવાઈઓના ભંગ બદલ દંડ પેટે કુલ રૂ. ૧૦૭.૨૩ લાખની વસુલાત થઈ.

---------

## વલસાડ જિલ્લામાં કાર્યરત ટ્રોમા સેન્ટરો

* ૬૯૦૪ **શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ટ્રોમા સેન્ટરો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ધરમપુર તાલુકામાં ટ્રોમા સેન્ટર બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) એક

(૨) આ અંગેની કોઈ દરખાસ્ત પડતર નથી.

---------

## અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયતને નવા જિલ્લા પંચાયતોનું અસ્તિત્વ

* ૭૩૦૭ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ નવરચીત અરવલ્લી જિલ્લામાં હયાત જિલ્લાની જિલ્લા પંચાયતને નવીન જિલ્લા પંચાયત કચેરી કયાં સુધીમાં અસ્તિત્વમાં આવશે ?

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, હેઠળ અરવલ્લી જિલ્લા પંચાયતની રચના અંગેની વૈધાનિક કાર્યવાહી હાથ ધરાયેલ છે, જે પૂર્ણ થયેથી.

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં ભૃણ હત્યાના બનાવો**

* ૭૮૯૫ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં ભૃણ હત્યાના કેટલા બનાવો નોંધાયા, અને | (૧) છેલ્લા બે વર્ષમાં ભૃણ હત્યાનો એક પણ કેસ નોંધાયો નથી. |
| (૨) ભૃણ હત્યા રોકવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લાની કોર્ટમાં કર્મચારીઓને એક કરતા વધારે કોર્ટમાં ફરજ સોપવા બાબત**

* ૭૫૫૫ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય કાયદો અને ન્યાય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોર્ટોમાં કોઈ કર્મચારી/અધિકારીઓને એક કરતાં વધારે કોર્ટમાં વારા-ફરતી ફરજ સોંપવામાં આવી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, કયાં સંવર્ગના કેટલા અધિકારીઓ/કર્મચારીઓને કઈ કોર્ટમાં વારા-ફરતી ફરજ કેટલા સમય માટે સોંપવામાં આવેલ હતી, અને | (૨) *પત્રક-''અ'' મુજબ |
| (૩)એક કરતાં વધારે કોર્ટોમાં ફરજ સોંપવાના કારણો શા છે અને કર્મચારીઓને એક જ કોર્ટમાં ફરજ ક્યાં સુધીમાં સોંપવાનું આયોજન છે? | (૩) *પત્રક-''બ'' મુજબ |

**પત્રક-''અ''**

| ક્રમ | ન્યાયિક અધિકારી/કર્મચારીના સંવર્ગનું નામ અને અદાલતનું નામ | સંખ્યા | સોંપાયેલ કોર્ટનું નામ અને ફરજનો સમયગાળો |
|---|---|---|---|
| ૧ | **ડીસ્ટ્રીકટ કોર્ટ અમદાવાદ (ગ્રામ્ય)** | | |
| | (૧) ન્યાયિક અધિકારી<br>(૩જા વધારાના સીનીયર સીવીલ જજ અમદાવાદ (ગ્રામ્ય, અમદાવાદ) | ૧ | ➢ નામદાર વડીઅદાલત તરફથી મળેલ માર્ગદર્શન મુજબ.<br>લીંક કોર્ટ, ધોળકા-૧૫ દિવસ માટે |
| | (૨) ગુજરાતી સ્ટેનોગ્રાફર-૨ | ૨ | ➢ અઠવાડીયાના ત્રણ દિવસ |
| | (૩) ગુજરાતી સ્ટેનોગ્રાફર-૨ | ૧ | ➢ અઠવાડીયાના ત્રણ દિવસ |
| | (૪) ગુજરાતી સ્ટેનોગ્રાફર-૨ | ૧ | ➢ ફુલ ટાઇમ છઠ્ઠા વધારાના સીવીલ જજ |
| ૨ | **ફેમીલી કોર્ટ, અમદાવાદ** | | |

| | | | |
|---|---|---|---|
| | (૧) ગુજરાત સ્ટેનોગ્રાફર–૧<br>(૨) અંગ્રેજી સ્ટેનોગ્રાફર–૧<br>(૩) રજીસ્ટ્રાર | ૨<br>૨<br>૧ | ફેમીલી કોર્ટ અમદાવાદ<br>(સને ૨૦૦૦ થી)<br>➢ તા.૩૧–૦૧–૨૦૧૪ થી |
| ૩ | **મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ**<br>(૧) પર્સનલ આસીસ્ટન્ટ | ૯ | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ<br>➢ છેલ્લા ત્રણ વર્ષથી |
| | **કુલઃ** | **૧૯** | |

**પત્રક–''બ''**

| ક્રમ | એક કરતા વધારે કોર્ટોમાં ફરજ સોંપવાનાં કારણો | કર્મચારીઓને એક જ કોર્ટમાં ફરજ ક્યાં સુધી સોંપવાનું આયોજન છે ? |
|---|---|---|
| ૧ | ➢ નામદાર વડીઅદાલત દ્વારા ભરતી કરવામાં આવેલ ન હોઈ.<br>➢ મંજુર થયેલ મહેકમ કરતાં કોર્ટોની સંખ્યા વધુ હોવાથી.<br>➢ ૧૫ દિવસ માટે ધોળકા ખાતે લીંક કોર્ટની કામગીરી હોવાથી<br>➢ ફીક્ષ પે માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થતા ન હોઈ. | નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ**

* ૭૩૨૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ અને પૈકીની ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો ***પત્રક–અ** અને ***પત્રક–બ** માં દર્શાવ્યા મુજબની છે.

(૨) સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા. આ. કેન્દ્રોમાં મેડીકલ ઓફિસર, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર

જરૂરીયાત મુજબ આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં નોન-ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડમાં ફેરવવા બાબત**

* ૭૭૦૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સન ૨૦૧૨ અને ૨૦૧૩માં કેટલી નોન-ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ શાળામાં ફેરવવાની માગણીઓ આવી,

(૨) વર્ષવાર તે પૈકી કેટલી શાળાઓને ગ્રાન્ટેડમાં ફેરવવામાં આવી, અને

(૩)બાકી રહેલી શાળાઓને ક્યાં સુધી ગ્રાન્ટેડ કરવા માગે છે?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | આવેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨ | ૮૯ |
| ૨ | ૨૦૧૩ | ૨૦૬ |

(૨) એક પણ નહીં.

(૩) પુરતા પ્રમાણમાં ગ્રાન્ટેડ શાળાઓ જણાય છે. તેમ છતાં આ વિભાગના તારીખ ૨૩-૧-૨૦૧૪ ના ઠરાવથી નિયત કરેલ ધોરણો મુજબ સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવાનું નક્કી કરેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં મનરેગા યોજનાના મંજૂર કરેલ કામો**

* ૭૫૮૯ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત ગ્રામસભામાં ઠરાવ કર્યા મુજબના કેટલા કામો તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામો ક્યારે શરૂ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત ગ્રામસભામાં ઠરાવ મુજબના તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ કામોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા.૧.૧.૧૨ થી તા.૩૧.૧૨.૧૨ | તા.૧.૧.૧૩ થી તા.૩૧.૧૨.૧૩ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૦૧૫ | ૭૧૮ |
| ૨ | ગરબાડા | ૮૭૮ | ૧૫૩૫ |
| ૩ | ઝાલોદ | ૧૪૭૭ | ૧૧૬૩ |
| ૪ | ફતેપુરા | ૭૬૨ | ૮૩૯ |
| ૫ | લીમખેડા | ૨૦૩૬ | ૧૧૩૩ |
| ૬ | ધાનપુર | ૧૦૪૨ | ૬૩૮ |
| ૭ | દેવગઢ બારીયા | ૭૯૧ | ૧૦૧૩ |
| | **કુલઃ** | **૮૦૦૧** | **૭૦૩૯** |

(૨) મનરેગા યોજના માંગ આધારિત હોઈ, ઉકત સ્થિતિએ આ કામો શ્રમિકોની કામની માંગણી થયે શરૂ કરવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

* ૭૦૮૨ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) પત્રક ૧ અને ૨ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા? | (૨) પત્રક – ૩ મુજબ |

**પત્રક–૧**
**જનરલ હોસ્પિટલ, દાહોદ**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **મંજુર** | **ખાલી** |
|---|---|---|---|
| ૧ | મુ.જિ.ત.અ.સહ સિ.સ. | ૧ | ૦ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૨ | ૧ |
| ૩ | ફુલ ટાઇમ સર્જન | ૨ | ૧ |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ |
| ૫ | ફિઝીશીયન | ૨ | ૧ |
| ૬ | ઓપ્થલ્મિક સર્જન | ૧ | ૦ |
| ૭ | પેથોલોજીસ્ટ | ૧ | ૦ |
| ૮ | બાળરોગ નિષ્ણાંત | ૨ | ૨ |
| ૯ | સ્ત્રી રોગ નિષ્ણાંત | ૪ | ૩ |
| ૧૦ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ |
| ૧૧ | એનેસ્થેટીસ્ટ | ૨ | ૧ |
| ૧૨ | કાન, નાક, ગળાના સર્જન | ૨ | ૨ |
| ૧૩ | ડરમેટોલોજીસ્ટ | ૧ | ૦ |
| ૧૪ | માઇક્રોબાયોલોજીસ્ટ | ૨ | ૨ |
| ૧૫ | ડેન્ટલ સર્જન (M.D.) | ૧ | ૦ |
| ૧૬ | મનોરોગ ચિકિત્સક | ૧ | ૦ |
| | **વર્ગ–૧ કુલઃ–** | **૨૬** | **૧૩** |
| ૧૭ | તબીબી અધિકારી | ૧૦ | ૨ |
| ૧૮ | ડેન્ટલ સર્જન | ૧ | ૦ |
| ૧૯ | વહીવટી અધિકારી | ૧ | ૦ |
| ૨૦ | ફોરેન્સીક એક્ષપર્ટ | ૧ | ૧ |
| ૨૧ | બાયોકેમીસ્ટ | ૧ | ૧ |
| ૨૨ | કલીનીકલ કાર્ડીયોલોજીસ્ટ | ૧ | ૧ |
| ૨૩ | પ્રિન્સીપાલ નર્સિંગ ઓફીસર | ૨ | ૧ |
| | **વર્ગ–૨ કુલઃ–** | **૧૭** | **૦૬** |
| ૨૪ | આસીસ્ટંટ નર્સિંગ પ્રિન્સિ. | ૧ | ૧ |
| ૨૫ | હેડનર્સ | ૩ | ૦ |
| ૨૬ | સ્ટાફ નર્સ | ૨૩ | ૬ |
| ૨૭ | એ.એન.એમ. | ૧ | ૦ |
| ૨૮ | એલ.એલ.વી. | ૧ | ૧ |
| ૨૯ | હેડ કલાર્ક | ૧ | ૦ |

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર | ખાલી |
|---|---|---|---|
| ૩૦ | સીનીયર કલાર્ક | ૨ | ૧ |
| ૩૧ | જુનિયર કલાર્ક | ૨ | ૦ |
| ૩૨ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ |
| ૩૩ | જુનીયર ફાર્માસીસ્ટ | ૩ | ૨ |
| ૩૪ | ડ્રાઈવર | ૨ | ૧ |
| ૩૫ | એકસ–રે ટેકનીશીયન | ૧ | ૧ |
| ૩૬ | લેબોરેટરી ટેકનીશીયન | ૨ | ૧ |
| ૩૭ | ઓપ્થલ્મિક આસીસ્ટન્ટ | ૨ | ૧ |
| | **વર્ગ–૩ કુલઃ–** | **૪૫** | **૧૫** |
| ૩૮ | પટાવાળા | ૧ | ૦ |
| ૩૯ | વોર્ડ સર્વન્ટ | ૬ | ૪ |
| ૪૦ | સ્વીપર | ૪ | ૧ |
| ૪૧ | રસોયા | ૨ | ૦ |
| ૪૨ | કુકમેટ | ૧ | ૧ |
| ૪૩ | ઓ.ટી.આસી./એટેન્ડન્ટ | ૧ | ૦ |
| ૪૪ | લેબો. એટેન્ડન્ટ | ૧ | ૦ |
| ૪૫ | આયા | ૫ | ૨ |
| ૪૬ | ડીસ્પેન્સરી સર્વન્ટ | ૧ | ૦ |
| ૪૭ | સ્ટેચર બેરર | ૧ | ૧ |
| ૪૮ | ચોકીદાર | ૧ | ૧ |
| | **વર્ગ–૪ કુલઃ–** | **૨૪** | **૧૦** |
| | **વર્ગ–૧ થી ૪ કુલઃ–** | **૧૧૨** | **૪૪** |

- સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા. ૪–૬–૧૩ના ઠરાવથી સી.એમ.સેતુ યોજના જાહેર કરવામાં આવેલ છે તે અંતર્ગત ઈ.એન.ટી. સર્જન અને બાળરોગ નિષ્ણાતની સેવાઓ લેવામાં આવે છે.

**પત્રક–૨**

**જનરલ હોસ્પિટલ, દેવગઢબારીયા**

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર | ખાલી |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | ૧ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ |
| ૩ | ફુલ ટાઈમ સર્જન | ૧ | ૦ |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૧ |
| ૫ | ફિઝીશીયન | ૧ | ૧ |
| ૬ | ઓપ્થલ્મિક સર્જન | ૧ | ૦ |
| ૭ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૧ |
| ૮ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ |
| ૯ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૧ |
| ૧૦ | સ્ત્રી રોગ નિષ્ણાંત | ૧ | ૦ |
| ૧૧ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૧ |
| | **વર્ગ–૧ કુલઃ–** | **૧૧** | **૦૭** |
| ૧૨ | તબીબી અધિકારી | ૫ | ૧ |
| ૧૩ | ડેન્ટલ સર્જન | ૧ | ૦ |
| ૧૪ | વહીવટી અધિકારી | ૧ | ૦ |
| ૧૫ | પ્રિન્સીપાલ નર્સિંગ ઓફીસર | ૧ | ૧ |

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર | ખાલી |
|---|---|---|---|
| | **વર્ગ–૨ કુલઃ–** | **૮** | **૨** |
| ૧૬ | હેડ કલાર્ક | ૧ | ૦ |
| ૧૭ | સીનીયર કલાર્ક | ૨ | ૨ |
| ૧૮ | જુનિયર કલાર્ક | ૧ | ૦ |
| ૧૯ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૧ |
| ૨૦ | જુનીયર ફાર્માસીસ્ટ | ૩ | ૧ |
| ૨૧ | મેટ્રન | ૧ | ૧ |
| ૨૨ | હેડનર્સ | ૨ | ૧ |
| ૨૩ | સ્ટાફ નર્સ | ૧૫ | ૫ |
| ૨૪ | એકસ–રે ટેકનીશીયન | ૧ | ૦ |
| ૨૫ | લેબોરેટરી ટેકનીશીયન | ૨ | ૧ |
| ૨૬ | ડ્રાઈવર | ૨ | ૧ |
| ૨૭ | ઓપ્થલ્મિક આસીસ્ટન્ટ | ૧ | ૧ |
| ૨૮ | નર્સિંગ ટયુટર | ૧ | ૧ |
| ૨૯ | પી.એચ.એન. | ૩ | ૧ |
| ૩૦ | ફી.હે.વ./એ.એન.એમ. | ૧ | ૦ |
| ૩૧ | ફી.હે. સુપરવાઈઝર | ૧ | ૧ |
| ૩૨ | ફિલ્ડ વર્કર | ૧ | ૧ |
| | **વર્ગ–૩ કુલઃ–** | **૩૯** | **૧૮** |
| ૩૩ | ડ્રેસર | ૧ | ૧ |
| ૩૪ | રસોયા | ૧ | ૧ |
| ૩૫ | ઓ.ટી.આસીસ્ટંટ | ૧ | ૧ |
| ૩૬ | પટાવાળા | ૨ | ૦ |
| ૩૭ | વોર્ડ સર્વન્ટ | ૮ | ૦ |
| ૩૮ | સ્વીપર | ૮ | ૧ |
| ૩૯ | માળી | ૧ | ૧ |
| ૪૦ | લેબ. એટેન્ડન્ટ | ૧ | ૦ |
| ૪૧ | આયા | ૨ | ૧ |
| ૪૨ | ડીસ્પેન્સરી સર્વન્ટ | ૧ | ૦ |
| ૪૩ | વર્ગ–૪ (સ્કૂલ) | ૪ | ૨ |
| ૪૪ | સ્ટેચર બેરર | ૨ | ૦ |
| ૪૫ | વોટર બેરર | ૧ | ૧ |
| ૪૬ | ચોકીદાર | ૧ | ૦ |
| | **વર્ગ–૪ કુલઃ–** | **૩૪** | **૦૯** |
| | **વર્ગ–૧ થી ૪ કુલઃ–** | **૯૨** | **૩૬** |

- સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા. ૪–૬–૧૩ના ઠરાવથી સી.એમ.સેતુ યોજના જાહેર કરવામાં આવેલ છે તે અંતર્ગત ઈ.એન.ટી. સર્જન અને બાળરોગ નિષ્ણાતની સેવાઓ લેવામાં આવે છે.

**પત્રક–૩**

(૧) વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ ભરવા માટે આ કચેરી ખાતે દર સોમવારે વોક ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે.

(૨) તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ ભરવા માટે આ કચેરી તરફથી છેલ્લે તા.૧૬–૬–૨૦૧૩ ના રોજ દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે.

(૩) રાજ્યની જુદી જુદી સરકારી મેડીકલ કોલેજ તરફથી પી.જી.બોન્ડેડ ઉમેદવારોની યાદી સરકારશ્રીને મળતાં સરકારશ્રી તરફથી પી.જી.બોન્ડેડ ઉમેદવારોને નિમણુંક આપવામાં આવે છે.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૪–૬–૧૩ ના ઠરાવથી સી.એમ.સેતુ યોજના અંતર્ગત નિષ્ણાંત તબીબોની ખાલી જગ્યાઓ સામે ખાનગી હોસ્પીટલ/કલીનીક ધરાવતા સ્પેશ્યાલીસ્ટની સેવાઓ સરકારી હોસ્પીટલો/ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં લેવામાં આવે છે.

(૫) વર્ગ–૩ ની પેરા મેડીકલ, નર્સિંગ કેડરની જગ્યાઓની ભરતી અંગે જાહેરાત આવેલ છે, તથા

(૬) વર્ગ–૪ ની જગ્યાઓ સામે આઉટ સોર્સીંગથી સેવાઓ મેળવવામાં આવે છે.

---------

**અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

* ૭૯૭૬ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના તાલુકાવાર ગામોમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ કેટલા સમયથી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | | શિક્ષક ઘટ | | |
|---|---|---|---|---|
| | | **તાલુકાનું નામ** | **પ્રાથમિક** | **ઉચ્ચ પ્રાથમિક** |
| ૧ | સીટી | સીટી | ૦ | ૪૩ |
| ૨ | દસક્રોઈ | દસક્રોઈ | ૬ | ૧૫૧ |
| ૩ | સાણંદ | સાણંદ | ૦ | ૭૩ |
| ૪ | બાવળા | બાવળા | ૨ | ૫૩ |
| ૫ | ધોળકા | ધોળકા | ૦ | ૬૩ |
| ૬ | વિરમગામ | વિરમગામ | ૦ | ૫૯ |
| ૭ | દેત્રોજ | દેત્રોજ | ૦ | ૬૨ |
| ૮ | માંડલ | માંડલ | ૦ | ૪૫ |
| ૯ | ધંધુકા | ધંધુકા | ૨૬ | ૫૭ |
| ૧૦ | રાણપુર | રાણપુર | ૧૪ | ૪૭ |
| ૧૧ | બરવાળા | બરવાળા | ૩૫ | ૫૪ |
| | **કુલઃ** | | **૮૩** | **૭૦૭** |

(૨) આ ઘટ સમયસર નહી ભરવાના શા કારણો છે, અને

(૨) વર્ષ–૨૦૧૩–૧૪ માં ૨૬૭ અનુ.જનજાતિની જગ્યાઓની જાહેરાત આપવામાં આવેલી હતી. અનુ.જન.જાતિના પૂરતા ઉમેદવારો ન મળતા ૨૬૭ પૈકી ફક્ત ૦૯ જગ્યાઓ ભરવામાં આવી છે.

(૩)કેટલા સમયમાં આ ઘટ પૂરી કરવામાં આવશે?

(૩) જેન બને તેમ જલદી.

---------

**કાંકરેજ તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓ બનાવવા બાબત**

* ૭૬૬૪ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૨–૨૦૧૪ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં કેટલા નવા ઓરડાઓ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૧–૧૨ માં ૭૨ અને ૨૦૧૨–૧૩ માં ૧૧૧ એમ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૩ નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ઓરડાઓની ઘટ છે?

(૨) ઉક્ત સ્થિતિએ કાંકરેજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ૧૫૩ ઓરડાઓની ઘટ છે.

---------

## અબડાસા–લખપત અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓનું મંજૂર મહેકમ

* ૭૮૪૯ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અબડાસા–લખપત અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં મંજૂર મહેકમ અને હાજર મહેકમ કેટલું છે, અને કેટલી ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) આ જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેવાના કારણો શા છે, અને

(૩)કેટલા સમયમાં જગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ધોરણ – ૧ થી ૫ (પ્રાથમિક)

| તાલુકાનું નામ | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| અબડાસા | ૫૨૦ | ૪૨૭ | ૯૩ |
| લખપત | ૩૦૭ | ૨૨૪ | ૮૩ |
| નખત્રાણા | ૫૬૬ | ૫૨૨ | ૪૪ |
| **કુલઃ** | **૧૩૯૩** | **૧૧૭૩** | **૨૨૦** |

ધોરણ – ૬ થી ૮

| તાલુકાનું નામ | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| અબડાસા | ૪૪૫ | ૧૦૯ | ૩૩૬ |
| લખપત | ૨૫૮ | ૫૬ | ૨૦૨ |
| નખત્રાણા | ૪૮૬ | ૨૦૭ | ૨૭૯ |
| **કુલઃ** | **૧૧૮૯** | **૩૭૨** | **૮૧૭** |

તા. ૩૧–૮–૧૩ ની સ્થિતિએ જગ્યાઓ ખાલી છે.

(૨) રાઈટ ટુ એજ્યુકેશન એકટ અમલમાં આવતાં વિદ્યાર્થીઓની સંખ્યા સામે શિક્ષકો મંજુર કરવાના ધોરણો સુધારવાના કારણે તેમજ વય નિવૃત્તિ, બદલી, રાજીનામું અને નવી ધોરણ–૮ ની શાળાઓ શરૂ થવાના કારણોસર જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૩) અબડાસા તાલુકામાં ૩૧ અને લખપત તાલુકામાં ૪૭ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

## પાદરામાં ન્યાયિક અધિકારીઓ માટે આવાસોના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ

* ૮૦૮૩ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના પાદરા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૩૧,૫૫,૪૦૦/–

---------

તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**કરજણમાં ન્યાયિક અધિકારીઓ માટે આવાસના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૦૮૧ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના કરજણ ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂા. ૩૫,૧૬,૫૫૦/- |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કાચા મકાનો અને ઝુંપડાઓ પાકા બનાવવા બાબત**

* ૭૨૯૯ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પરિવારો કાચા મકાનો/ઝુંપડાઓમાં રહે છે,

(૨) કાચા મકાનો/ઝુંપડાઓમાં રહેતા પરિવારોને સરકાર પાકા મકાનો બનાવી આપવા માંગે છે, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ

| જિલ્લો | તાલુકાનું નામ | કાચા મકાનો/ઝૂંપડાઓમાં રહેતા પરિવારો |
|---|---|---|
| પંચમહાલ | ગોધરા | ૨૬૮૭૩ |
| | કાલોલ | ૧૭૭૫૩ |
| | હાલોલ | ૩૨૯૩ |
| | જાંબુઘોડા | ૧૨૯૫ |
| | ઘોઘંબા | ૧૫૧૦૮ |
| | મોરવાહડફ | ૯૮૭૩ |
| | શહેરા | ૧૮૭૧૩ |
| મહિસાગર | લુણાવાડા | ૩૫૨૮૧ |
| | ખાનપુર | ૬૯૯૦ |
| | કડાણા | ૯૧૮૬ |
| | સંતરામપુર | ૧૦૭૬૧ |
| | બાલાશિનોર | ૨૨૪૦ |
| | વિરપુર | ૫૫૪ |
| | **કુલ** | **૧૫૭૯૨૦** |

(૨) બાબત વિચારણા હેઠળ છે.

(૩) નીતિ વિષયક બાબત છે.

---------

**રાજ્યમાં કર્મચારીઓની વય નિવૃત્તિ મર્યાદા વધારવા બાબત**

* ૭૬૪૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૨૦-૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષથી વધારી ૬૦ વર્ષની કરવા માટે છેલ્લા એક વર્ષમાં કોના કોના તરફથી કેટલી માગણીઓ સરકારને મળી, અને | (૧) નાણા વિભાગને કુલ-૦૭ રજુઆતો મળેલ છે. જેમાં- માન. મુખ્યમંત્રીશ્રી કાર્યાલય તરફથી, માન. સંસદ સભ્યશ્રીઓ, એસોસીએશન અને |

અન્ય અરજદારો તરફથી મળેલ રજુઆતોનો સમાવેશ થાય છે.

(૨) સરકારી કચેરીઓમાં વ્યાપક ખાલી જગ્યાઓને ધ્યાને લઈ સરકાર નિવૃત્તિ વય મર્યાદા વધારવા માંગે છે કે કેમ?

(૨) સરકારી અધિકારી/કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા વધારવા બાબતે વિવિધ પાસાઓ ધ્યાને લઇ યોગ્ય સમયે આ બાબત વિચારણા કરવાની રહે છે.

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ઝુંપડાઓ અને કાચા મકાનોની સર્વે**

* ૭૩૯૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લા અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ઝુંપડા અને કાચા મકાનોનો સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવ્યો,

(૧) માર્ચ–૨૦૧૩ સુધીમાં.

(૨) તે અન્વયે કેટલા ઝુંપડા અને કેટલા કાચા મકાનોની સંખ્યા છે, અને

(૨)

| જિલ્લો | ઝૂંપડા | કાચા મકાનો |
|---|---|---|
| ગીરસોમનાથ | ૦ | ૨૫૪૮૦ |
| જુનાગઢ | ૦ | ૧૮૧૮૬ |
| કુલ | ૦ | ૪૩૬૬૬ |

(૩) ઉકત સ્થિતિએ કેટલા ઝુંપડા અને કેટલા કાચા મકાનોને પાકા કરવામાં આવ્યા ?

(૩)

| જિલ્લો | કાચા મકાનોને પાકા કરવામાં આવ્યા |
|---|---|
| ગીરસોમનાથ | ૭૧ |
| જુનાગઢ | ૧૬૨ |
| કુલ | ૨૩૩ |

---------

**અંબાજી, અમીરગઢ અને પાથાવાડા આર.ટી.ઓ. ચેક પોસ્ટ પર બંધ સી.સી.ટી.વી. કેમેરા ચાલુ કરવા બાબત**

* ૭૬૯૬ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની અંબાજી, અમીરગઢ અને પાથાવાડા આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર સી.સી.ટી.વી. કેમેરા બંધ હાલતમાં રહ્યા છે, તે હકીકત સાચી છે,

(૧) બનાસકાંઠા જિલ્લાની અંબાજી, અમીરગઢ તથા પાથાવાડા આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર સી.સી.ટી.વી. કેમેરા અંશતઃ બંધ હાલતમાં રહ્યા છે.

(૨) જો હા, તો આ કેમેરાઓ બંધ ન રહે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે, અને

(૨) આ કેમેરાઓ સતત ચાલુ રહે તે માટે આ કામગીરીનું મેઇન્ટેનન્સ કરતી કંપનીને સુચના આપવામાં આવેલ છે. વધુમાં સમગ્ર વ્યવસ્થા નવેસરથી ગોઠવવા માટે ટેન્ડરની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.

(૩) ઉકત સ્થિતિએ તે અન્વયે તપાસણી માટે કોને જવાબદારી સોંપવામાં આવી છે ?

(૩) ઉક્ત સ્થિતિએ તપાસણી માટે દરેક ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીને તેમજ સબંધિત જિલ્લાના આરટીઓશ્રીને જવાબદારી સોંપવામાં આવેલ છે.

---------

તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**હિંમતનગરમાં ન્યાયિક અધિકારીઓ માટે આવાસના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૦૯૨ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૨) રૂા. ૯૨,૯૨,૦૦૦/- |

---------

**એન.આર.એચ.એમ. હેઠળ કરાર આધારિત ડૉકટરોની ભરતીમાં અનામત રાખવા બાબત**

* ૭૬૭૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૩ માં પ્રસિદ્ધ કરેલ જાહેરાત અન્વયે એન.આર.એચ.એમ. હેઠળ ૧૧ માસના કરાર આધારિત ભરવાના હોમિયોપેથિક અને આયુર્વેદિક ડૉકટરોની કુલ ૧૯૮૪ જગ્યા પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ઉમેદવારો માટે કેટ કેટલી જગ્યાઓ અનામત રાખવામાં આવેલ છે, | (૧) જગ્યાઓ અનામત રાખવામાં આવેલ નથી. |
| (૨) જો જગ્યાઓ અનામત રાખવામાં ન આવી હોય તો તેના શા કારણો છે, | (૨) આ જગ્યા ૧૧ માસ માટે તદન હંગામી ધોરણે કરાર આધારીત નિમણૂંક આપવાની હોવાથી |
| (૩) જગ્યાઓ અનામત રાખવામાં ન આવી હોય તો તે અંગેની કેટલી ફરીયાદો તા.૨૯-૧-૧૪ સુધીમાં સરકારને મળી છે, અને | (૩) કુલ-૭(સાત) ફરીયાદો મેળલ છે. |
| (૪) મળેલ ફરીયાદો અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન નં. ૬૨૮/૨૦૧૪ના આખરી ચુકાદા પ્રમાણે કાર્યવાહી કરવાની થશે. |

---------

**રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ આયુર્વેદિક અને હોમિયોપેથી ડૉકટરોની મંજૂર થેયલ જગ્યાઓ બાબત**

* ૭૯૧૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રિય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (R B S K) હેઠળ આયુર્વેદિક અને હોમિયોપેથિક ડૉકટરોની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૧) કુલ ૧૯૮૪ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યા ભરવામાં આવેલ છે, અને | (૨) અને (૩) નામદાર હાઇકોર્ટમાં આ અંગે સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન નં. ૬૨૮/૨૦૧૪ દાખલ થયેલ હોઇ એક પણ જગ્યા ભરવામાં આવેલ નથી. |
| (૩) ભરેલ જગ્યા પૈકી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે ? | |

---------

**ગાંધીનગર જિલ્લાની વાણિજિયક વેરાની આવક**

* ૮૦૫૮ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ગાંધીનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, | (૧) રૂા. ૪૯૧.૬૭ (કરોડમાં) |
| (૨) આ સમયગાળા દરમ્યાન કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂા. ૧.૬૬(કરોડમાં) |
| (૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધા ? | (૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**વાવ, ભાભર અને સુઇગામ તાલુકામાં તલાટી કમ મંત્રીઓની ખાલી જગ્યાઓ**

* ૭૩૭૫ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના વાવ, ભાભર અને સુઇગામ તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મંજૂર મહેકમના સંદર્ભમાં તલાટી કમ મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) જવાબ

| તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષ ઉપરની |
| વાવ | ૭૧ | ૪૬ | ૧૮ | ૧૫ | ૧૩ |
| ભાભર | ૩૧ | ૧૦ | ૧ | ૪ | ૫ |
| સુઇગામ | ૦ | ૦ | ૦ | ૦ | |

(૨) સીધી ભરતીની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

---------

**પેટલાદ સીવીલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

* ૭૦૭૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦/૦૧/૨૦૧૪ની સ્થિતિએ પેટલાદ સીવીલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા.૨૦–૦૧–૨૦૧૪ ની સ્થિતિએ મંજૂર, ભરેલી અને ખાલી મહેકમની માહિતી દર્શાવતું **પત્રક–૧** આ સાથે સામેલ છે. |
| (૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શા પગલાં લીધા ? | (૨) ખાલી જગ્યાઓ નવી નિમણૂંક/બઢતી અને બદલીથી ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

**પત્રક–૧**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ખાલી | ખાલી હોય તો કઇ તારીખથી |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન | ૧ | ૧ | તા.૨૩–૬–૨૦૧૧ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | તા.૧–૬–૨૦૧૩ |
| ૩ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૧ | તા.૨૦–૫–૨૦૦૮ |
| ૪ | પેથોલોજસ્ટ | ૧ | ૦ | – |
| ૫ | એનેસ્થેસ્ટીસ્ટ | ૧ | ૦ | – |
| ૬ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૧ | તા.૮–૨–૨૦૦૩ |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ખાલી | ખાલી હોય તો કઇ તારીખથી |
|---|---|---|---|---|
| ૭ | ઓપ્થલમિક સર્જન | ૧ | ૦ | – |
| ૮ | ફિઝીશયન | ૧ | ૧ | તા.૨૨–૭–૨૦૦૪ |
| ૯ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૧ | તા.૧૦–૯–૨૦૦૮ |
| ૧૦ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૧ | તા.૩૦–૮–૨૦૧૩ |
| ૧૧ | સ્ત્રી રોગ નિષ્ણાત | ૧ | ૦ | – |
| ૧૨ | કાન, નાક, ગળાના સર્જન | ૧ | ૧ | તા.૧૧–૫–૨૦૧૦ |
| ૧૩ | મનોચિકિત્સક | ૧ | ૧ | તા.૧૧–૫–૨૦૧૦ |
| ૧૪ | માઇક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૦ | – |
| ૧૫ | ડેન્ટલ સર્જન | ૧ | ૦ | – |
| ૧૬ | ક્લીનીકલ સાયકોલોજીસ્ટ | ૧ | ૧ | તા.૧૧–૫–૨૦૧૦ |
| ૧૭ | તબીબી અધિકારી | ૪ | ૦ | – |
| ૧૮ | તબીબી અધિકારી | ૨ | ૨ | તા.૩૦–૮–૨૦૧૩ |
| ૧૯ | નર્સીંગ પ્રિન્સીપાલ | ૧ | ૧ | તા.૧–૧૧–૨૦૧૨ |
| ૨૦ | વહીવટી અધિકારી | ૧ | ૦ | – |
| ૨૧ | કચેરી અધીક્ષક | ૧ | ૦ | – |
| ૨૨ | હેડ ક્લાર્ક | ૨ | ૧ | તા.૨–૧–૨૦૧૪ |
| ૨૩ | સીનીયર ક્લાર્ક | ૨ | ૨ | તા.૨૬–૯–૨૦૧૨, તા.૧૬–૧–૨૦૧૩ |
| ૨૪ | જુનીયર કલાર્ક | ૨ | ૨ | તા.૧૬–૯–૨૦૧૩, તા.૨૯–૧૦–૨૦૧૩ |
| ૨૫ | સીનીયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | – |
| ૨૬ | જુનીયર ફાર્માસીસ્ટ | ૪ | ૧ | તા.૧૭–૬–૨૦૧૦ |
| ૨૭ | લેબો. ટેકનીશીયન | ૨ | ૧ | તા.૬–૮–૨૦૧૦ |
| ૨૮ | લેબો. આસીસ્ટન્ટ | ૧ | ૧ | તા.૧૨–૬–૨૦૦૮ |
| ૨૯ | એક્સ–રે ટેકનીશીયન | ૧ | ૦ | – |
| ૩૦ | એક્સ–રે આસીસ્ટન્ટ | ૧ | ૧ | તા.૨૦–૬–૨૦૧૦ |
| ૩૧ | ડ્રાઈવર | ૨ | ૨ | તા.૧–૧૧–૨૦૦૭, તા.૧૦–૮–૨૦૧૨ |
| ૩૨ | પંપમેન કમ વાયરમેન | ૧ | ૦ | – |
| ૩૩ | ઓપ્થલમિક આસીસ્ટન્ટ | ૧ | ૦ | – |
| ૩૪ | આસી. નર્સીંગ સુપ્રિટેન્ડન્ટ | ૧ | ૧ | તા.૪–૭–૨૦૧૩ |
| ૩૫ | હેડનર્સ | ૫ | ૨ | તા.૨૫–૫–૨૦૧૨, તા.૧–૯–૨૦૧૨ |
| ૩૬ | સ્ટાફનર્સ | ૨૨ | ૫ | (૪) તા.૧૦–૫–૨૦૧૩,<br>(૧) તા.૧૬–૫–૨૦૧૩ |
| ૩૭ | સ્ટાફનર્સ | ૬ | ૬ | (૬) તા.૩૦–૮–૨૦૧૩ |
| ૩૮ | એ.એન.એમ. | ૧ | ૧ | તા.૧–૩–૨૦૦૪ |
| ૩૯ | હેલ્થ વીઝીટર | ૧ | ૧ | તા.૧–૪–૨૦૧૦ |
| ૪૦ | નર્સીંગ ટ્યુટર/પીએચએન | ૫ | ૦ | – |
| ૪૧ | વર્ગ–૪ સરવાળો | ૩૬ | ૧૭ | એપ્રિલ–૨૦૦૬ અને ત્યારબાદ નિવૃત થવાથી ખાલી |
| | **કુલઃ** | **૧૨૨** | **૫૭** | |

–––––––––

**છોટા ઉદેપુર જિલ્લામાં ઓક્ઝીલરી નર્સ મીડવાઈફ અને જનરલ નર્સીંગ મીડવાઈફ સ્કૂલ શરૂ કરવા મળેલ દરખાસ્તો**

* ૭૨૭૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં ઓક્ઝીલરી નર્સ, મીડવાઈફ અને જનરલ નર્સીંગ મીડવાઈફ સ્કૂલ શરૂ કરવા માટેની દરખાસ્તો તાલુકાવાર ક્યારે આવી,

(૨) તે પૈકી જેતપુર પાવી તાલુકાની દરખાસ્ત કયા તબક્કામાં ક્યાં છે, અને

(૩) આ સ્કૂલો કેટલા સમયમાં શરૂ થશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૩ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં ઓકઝીલરી નર્સ મીડવાઈફ અને જનરલ નર્સીંગ મીડવાઈફ સ્કૂલ શરૂ કરવા માટે જેતપુર પાવી તાલુકાની એક દરખાસ્ત તા.૧૬–૦૪–૨૦૧૩ થી મળેલ છે. જ્યારે જનરલ નર્સીંગ મીડવાઈફ સ્કૂલ શરૂ કરવા માટેની કોઈ દરખાસ્ત મળેલ નથી.

(૨) જેતપુર પાવી તાલુકાની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

(૩) સ્કૂલો શરૂ કરવા માટે રાજ્ય સરકારનું એસેન્સીયાલીટી સર્ટીફીકેટ મળ્યેથી અને ત્યારબાદ ગુજરાત નર્સીંગ કાઉન્સીલ અને ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલની માન્યતા મળ્યેથી શરૂ કરી શકાશે.

---------

## આણંદ જિલ્લામાં ઈન્દિરા અને સરદાર આવાસ યોજનાનો લાભ આપવા બાબત

* ૭૬૩૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ૦ થી ૨૦ બી.પી.એલ. સ્કોર ધરાવતા લાભાર્થીઓ પૈકી કેટલા લોકોને ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજનાનો લાભ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ૦ થી ૨૦ બી.પી.એલ. યાદી મુજબના કેટલા લાભાર્થીઓને ઉક્ત આવાસ યોજનાના લાભો આપવાના બાકી છે, અને

(૩) કેટલા સમયમાં લાભ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ૦ થી ૨૦ બી.પી.એલ. સ્કોર ધરાવતા લાભાર્થીઓને નીચે મુજબ ઇન્દિરા આવાસ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સરદાર આવાસ | ઈન્દિરા આવાસ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૩૪૪૭ | ૧૭૭ |
| ૨ | ઉમરેઠ | ૩૧૨૮ | ૯૦ |
| ૩ | બોરસદ | ૯૧૭૮ | ૪૨૧ |
| ૪ | આંકલાવ | ૨૯૨૫ | ૧૫૬ |
| ૫ | પેટલાદ | ૩૭૯૦ | ૨૫૪ |
| ૬ | સોજીત્રા | ૩૩૫૫ | ૮૪ |
| ૭ | ખંભાત | ૨૭૬૭ | ૭૯ |
| ૮ | તારાપુર | ૧૩૮૨ | ૨૫૮ |
| | **કુલઃ** | **૨૯૯૭૨** | **૧૫૧૯** |

(૨) ઉક્ત સ્થિતિએ ૦ થી ૨૦ બી.પી.એલ. યાદી મુજબના ૬૫૫૨ લાભાર્થીઓને ઉક્ત આવાસ યોજનાના લાભ આપવાના બાકી છે.

(૩) કેન્દ્ર સરકાર દ્વારા લક્ષ્યાંકની ફાળવણી કરવામાં આવેથી ઉક્ત લાભાર્થીઓને લાભ આપવામાં આવશે.

---------

તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં ડોક્ટરોની ઘટ**

*૭૧૭૮ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં સરકારી ડોક્ટરોની ઘટ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ડોક્ટરોની ખાલી જગ્યાઓ ભરવાનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા નીચે મુજબ વિસ્તૃત અને સઘન આયોજન કરવામાં આવેલ છે.

(અ) વર્ગ–૧ ના તબીબો/તજજ્ઞોની જગ્યાઓ કરારથી ભરવા દર સોમવારે તથા વર્ગ–૨ ના તબીબી અધિકારીની જગ્યાઓ કરારથી ભરવા દર મંગળવારે કમિશ્નરશ્રી(આ.)ની કચેરી ગાંધીનગર ખાતે વોક–ઈન–ઈન્ટરવ્યુ યોજાય છે.

(બ) સરકારી મેડીકલ કોલેજમાંથી તબીબી સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કરનાર ઉમેદવારોને બોન્ડની શરત મુજબ બોન્ડેડ તબીબી અધિકારી તરીકે ત્રણ વર્ષ માટે નિમણૂક આપવામાં આવે છે.

(ક) તબીબી અધિકારી વર્ગ–૨ ની કુલ–૧૪૩૩ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૨૬–૧૧–૧૩ ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને આયોગ દ્વારા કરાનારી ભલામણ અન્વયે તબીબોની નિમણૂક કરવામાં આવે છે, તથા

(ડ) ખાનગી ડોક્ટરોની સેવાઓ મેળવવા સી.એમ. સેતુ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

---------

**રાજ્યનું જાહેર દેવું**

* ૭૨૧૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના જાહેર દેવાં અને વ્યાજમાં કેટલો વધારો થયો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલું જાહેર દેવું છે ?

**જવાબ**

(૧) **(રૂ. કરોડમાં)**

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં ચોખ્ખો વધારો | વ્યાજમાં વધારો |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૫૩૨ | ૧૨૭૮ |
| ૨૦૧૨–૧૩ | ૧૨૯૬૧ | ૧૦૪૩ |

(૨) **(રૂ. કરોડમાં)**

| નાણાકીય વર્ષ | જાહેર દેવું |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૩૪૦૬ |
| ૨૦૧૨–૧૩ | ૧૩૬૩૬૭ |

---------

**ખેડા જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

* ૬૯૫૩ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના/હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અને તે પૈકીની ખાલી જગ્યાઓ તથા જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો ***પત્રક–અ** અને ***પત્રક–બ** માં દર્શાવ્યા મુજબની છે.<br>ખેડા જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલ, ખેડા અને જનરલ હોસ્પિટલ, નડિયાદની વિગતો **પત્રક–૧** મુજબની છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) સા.આ. કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ. કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.<br>જ્યારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાઈવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

## જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ – ૪૪)

દૈનિક લઘુત્તમ વેતન દરોમાં સુધારા કરવા અંગે.

શ્રી સૌરભ પટેલ ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૪૪ અન્વયે નીચે જણાવેલી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરું છું.

રાજય સરકાર દ્વારા માહે ફેબ્રુઆરી–૨૦૦૯માં રાજયના લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ જુદા જુદા વ્યવસાયોના શ્રમયોગીઓ માટે લઘુત્તમ વેતન દરોમાં સુધારો કરવામાં આવેલ. લઘુત્તમ વેતન અધિનિયમની કલમ–૩ અનુસાર પાંચ વર્ષ બાદ લઘુત્તમ વેતનમાં સુધારો કરવા માટે રાજય સરકાર દ્વારા ઘટતું કરવામાં આવે છે. જે મુજબ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની સમાજના પાયારૂપ શ્રમયોગીવર્ગના ઉત્થાન માટેની કલ્યાણકારી નીતિના ભાગરૂપે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નિયમ–૪૪ નીચેનું નિવેદન હોય, નિવેદન વાંચે ત્યારે બજેટની જેમ બધે કોપીઓ ઇસ્યુ થતી નથી. નિયમ–૪૪ નું જે નિવેદન વાંચે એ આપણે અહીં વાંચવાનું શરૂ કરે અને ત્યાં એમના ખાનામાં નાખવાનું શરૂ કરે આ વર્ષોથી પ્રોસીઝર છે. હાઉસમાં વંહેચવાની કોઇ પ્રોસીજર જ નથી.

શ્રી સૌરભ પટેલ : ઉત્થાન માટેની કલ્યાણકારી નીતિના ભાગરૂપે ચૂંટણી ઢંઢેરામાં દરેક વર્ગના શ્રમયોગીઓ માટેના લઘુત્તમ વેતન ધારાના ધોરણોમાં વધારો કરવાની બાબતનો સંકલ્પ તેમજ વિવિધ શ્રમ સંગઠનોએ પણ લઘુત્તમ વેતનમાં વધારો કરવાની રજૂઆતને ધ્યાને લઇ હાલની આકરી મોંઘવારીમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવોમાં થયેલા કમરતોડ વધારા સામે તેઓને રક્ષણ આપવા માટે રાજય સરકારે લઘુત્તમ વેતનના દરમાં પુનઃવિચારણા કરીને સદર અધિનિયમની કલમ–૫ હેઠળ નવેસરથી દૈનિક લઘુત્તમ વેતન દર નકકી કરવા માટેનું મુસદ્ધા જાહેરનામુ પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે. હાલમાં અલગ અલગ વ્યવસાય, શહેરીકરણ અને વસ્તીને ધ્યાને રાખી વિસ્તાર દીઠ અલગ અલગ લઘુત્તમ વેતન દરો ત્રણ વિસ્તારો માટે અમલમાં છે. જેને પરિણામે અમલીકરણ કરાવનાર તંત્ર, શ્રમયોગીઓ અને ઉદ્યોગપતિઓને મુશ્કેલી પડતી હતી. આ પરિસ્થિતિ નિવારવા પ્રવર્તમાન અલગ અલગ વ્યવસાય દીઠ અલગ અલગ લઘુત્તમ વેતન દરોને એક જ લઘુત્તમ વેતન દર ત્રણ વિસ્તારોને બદલે બે વિસ્તારો માટે ઠરાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. હવે લઘુત્તમ વેતનદરો નીચે મુજબ રહેશે.

| અ.નં. | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક લઘુત્તમ વેતન દર | |
|---|---|---|---|
| | | ઝોન–૧ | ઝોન–૨ |
| ૧ | કુશળ | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | અર્ધકુશળ | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | બીન કુશળ | ૨૭૬ | ૨૬૮ |

આમ, ગુજરાત સરકાર દ્વારા જુદા જુદા ૪૬ વ્યવસાયોની સાથે સંકળાયેલા શ્રમયોગીઓના પ્રવર્તમાન દૈનિક લઘુત્તમ દરોમાં આશરે ૨૭ ટકાથી ૩૦ ટકા જેટલો એટલે કે દૈનિક સરેરાશ રૂ. ૬૦ થી રૂ. ૬૫નો વધારો કરવાનો કલયાણકારી સૈદ્ધાંતિક નિર્ણય સરકારશ્રીએ આજરોજ કર્યો છે.
આ વધારા પૂર્વે શ્રમયોગીઓનું સરેરાશ દૈનિક વેતન રૂપિયા ૨૧૫ હતું, જે વધારીને સરેરાશ દૈનિક વેતન રૂપિયા ૨૭૫ થી ૨૮૦ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. વધુમાં ગુજરાત સરકાર દ્વારા શેરડીની કાપણી તથા ભરણી સાથે સંકળાયેલ શ્રમયોગીની જોડી( બે વ્યકિત) દીઠ ૧ ટન શેરડીની કાપણી અને ભરણીની કામગીરી માટેનો દર રૂપિયા ૧૭૦/– થી વધારીને રૂપિયા ૩૦૦/– કરવાનો કલ્યાણકારી સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે.

રાજય દ્વારા જુદા જુદા વ્યવસાયોના શ્રમયોગીના વિશાળ હિતને ધ્યાને રાખી નિયત સમય–મર્યાદામાં લઘુત્તમ વેતનના દરોમાં સુધારો જાહેર કરીને રાજય સરકારે સમાજના પાયા રૂપ શ્રમયોગી વર્ગના ઉત્થાન અંગેનો પ્રયાસ હાથ ધરી શ્રમયોગીઓના આર્થિક રક્ષણ માટેનો રાહ સમગ્ર રાષ્ટ્રને ચીંધ્યો છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### વિરોધ પક્ષના નેતાશ્રી અને સભ્યશ્રીની ધરપકડ અને છૂટકારા અંગે અને સભ્યશ્રીના રાજીનામા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે બે જાહેરાતો કરવાની છે. એક એ છે કે પોલીસ અધિક્ષક ગાંધીનગરે મને તેમના તા. ૨૪–૨–૧૪ ના ફેક્સ મેસેજથી જાણ કરેલ છે કે આજરોજ ગાંધીનગર ખાતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવા બદલ ગુજરાત વિધાનસભાના માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ ધારાસભ્યશ્રી અમીતભાઇ ચૌધરી, શ્રીમતી કામીનીબા રાઠોડ તથા શ્રી બળદેવજી ઠાકોરની ગુજરાત પોલીસ એકટની કલમ–૬૮ અન્વયે ૧૩–૪૫ કલાકે અટકાયત કરવામાં આવેલ છે અને તેઓ સર્વેને ગુજરાત પોલીસ એકટની કલમ–૬૯ અન્વયે ૧૪–૧૫ કલાકે મુકત કરવામાં આવેલ છે.

બીજી જાહેરાત છે કે ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી છબિલભાઇ પટેલ–૧ અબડાસા તથા પ્રભુભાઇ વસાવા– ૧૫૭ માંડવી એ આજરોજ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું મને આપેલ છે, જેને મેં સ્વીકારેલ છે. નેકસ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત રાજય મૂડી રોકાણ લિ.નો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ લિ.નો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

### સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિ.નો સન ૨૦૧૨–૨૦૧૩ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિ.ના અહેવાલો.

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિ.નો સન ૨૦૦૮–૨૦૦૯ તથા સન ૨૦૦૯–૨૦૧૦ ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

**શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, નિવેદન તથા ટિપ્પણ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, નિવેદન તથા ટિપ્પણ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત માહિતી આયોગનો અહેવાલ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સુધારેલ અંદાજપત્ર તથા ૨૦૧૪–૧૫ના વર્ષનું અંદાજપત્ર**

**શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર અને ૨૦૧૪–૧૫ ના વર્ષનું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો અહેવાલ**

**શ્રી ગણપતભાઇ વે. વસાવા ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો અહેવાલ**

**શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણમંત્રીશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૯–૧૦નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**નવસારી કૃષિ યુનિવર્સિટીનો અહેવાલ**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ.**

**શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની

(૧) તા. ૧–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–(૧૮)–જીઆઇડી–૧૦૨૦૦૯–૯૬૦–જી.

(૨) તા. ૧–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–(૧૯)–જીઆઇડી–૧૦૨૦૧૨–૯૮૧–જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો અને છેલ્લો દિવસ )

અધ્યક્ષશ્રી : રાજયપાલશ્રીના સંબોધન માટે તા.૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઇ પટેલે અનુમોદન આપ્યું છે, તે આ પ્રમાણે છે.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવોઃ–

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના સત્રમાં વિપક્ષના મિત્રોએ અવાસ્તવિક ચિત્ર ઊભું કરવા માટેનો પ્રયત્ન કર્યો. મારે કોઇ પોલિટીકલ અવલોકન કરવાની જરૂર ન હતી પરંતુ બેનશ્રી તેજશ્રીબેન અને બીજા મિત્રોએ જે ગાથા રજૂ કરી તે અમને બોલવા માટે વિહ્વળ કરે છે. મારે એમનું ઘ્યાન દોરવું છે અને હમણાં જ આપણને સમાચાર મળ્યા કે છબિલભાઇ પટેલ અને ભાઇશ્રી પ્રભુભાઇ વસાવા ફરી પાછા હમણાંજ આજની પળોમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ ગયા છે. આ બતાવે છે. મિત્રો, મારે આપનું એ ઘ્યાન દોરવું છે કે, આ બતાવે છે કે તમારી જૂની ઇમારતના આ ધરતી કંપ જયારે આવી રહ્યો છે ત્યારે જૂનો કાટમાળ ઉપરથી ટૂકડા થઇને પડી રહયો છે, એના કાંકરા વીણવાનો સમય તમારો થઇ ગયો છે. મારી તો આપ સૌને અપીલ છે કે, આપને પણ સમય ચેતીને આ ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા માટે આપને આહવાન છે પરંતુ આ સમરસ આપણું શાસન ચાલે (અંતરાય) મિત્રો, શરત એટલી છે કે, ભારતીય જનતા પાર્ટીના અનુશાસનમાં તમારે સહયોગ કરવો પડે. અહીંયા આવીને કોઇ બાબતો ઉભી કરવા માટે કોઇ અવકાશ નથી અને એટલા માટે હું આપનું ઘ્યાન દોરું છું. કેટલીક વખતે તમને એમ થતું હશે કે, આ બધું શું થઇ રહ્યું છે પણ એ તો યુગે યુગે અને સમયાંતરે આ એકવીસમી શતાબ્દી ચાલે છે, એની અંદર પણ પરિવર્તનો આવી રહ્યાં છે. કૃષ્ણના વખતમાં કૃષ્ણની રીતે પરિવર્તનો આવ્યાં હતાં, ઇસુખ્રિસ્તના વખતે એ વખતે એવાં પરિવર્તનો આવ્યાં હતાં. ૨૧મી સદીમાં આ પરિવર્તન આવી રહ્યું છે અને એટલા માટે મને યાદ આવે છે, હું આખી બધી વાત તો તમને નથી કહેવાનો, પણ પરિત્રાણાય સાધુનામ્ વિનાશાયચ દુષ્કૃતામ્ ધર્મ સંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે. આ ૨૧મી સદીનો યુગ શરૂ થયો છે, ભારત દેશે માર્ગદર્શન આખી દુનિયાને આપ્યું છે, સમયાંતરે હજાર બે હજાર વર્ષની અંદર આપણે ઘણું બધું ગુમાવી દીધું છે, આ જ સમયમાં ફરીવાર અત્યારે જે યુગ ચાલે છે. જે સમય ચાલે છે, એ પરિવર્તનનો સમય છે.

મારે આપનું ઘ્યાન દોરવું છે કે, આ ગુજરાતે દેશને માર્ગદર્શન આપવા માટે ગાંધી બાપુ આપ્યા, સમગ્ર બધા રાજયોનું એકત્રીકરણ કરવા માટે એક શકિતશાળી સરદાર પટેલ આપ્યા અને એ વચ્ચે અનેક નેતાઓ થયા, સારા નેતાઓ પણ થયા, પરંતુ જે પરિવર્તન આ દેશને જરૂરી છે એ પરિવર્તન કરવા માટે માનનીય નરેન્દ્ર મોદીનો યુગ આવ્યો છે, અને આ પરિવર્તન સમગ્ર દેશમાં આપ જોઇ રહ્યાં છો રેલીઓ દ્વારા ૫–૫ લાખ લોકો એકઠા થઇને બે હાથ લાંબા કરીને અપેક્ષા રાખી રહ્યાં છે કે આપણા દેશમાં પરિવર્તન આવે અને મિત્રો, ટૂંક સમયમાં આપ જોઇ શકશો કે આ પરિવર્તન આવી જવાનું છે.

મારે થોડીક બાબતોનું મારા અનુભવનું ઘ્યાન દોરવું છે કે, કોંગ્રેસે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી, એમણે એમ કહ્યું કે દરેક નાગરિકને પીવાનું પાણી મળતું નથી અને ગામડાંઓમાં ટેન્કરો ફરે છે ત્યારે મારે મારા અનુભવનું આપને ઘ્યાન દોરવું છે કે, ગુજરાતમાં પીવાના પાણીની સમસ્યા વર્ષોથી હતી. આ અમારું ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું એ પહેલાં એ સમસ્યા હતી જ અને એની સાંધાસુઝ તમારા પક્ષને ૪૦ વર્ષના શાસનમાં ન હતી. તમને ખ્યાલ પણ નહતો કે આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે કરવો. ઉર્જાની બાબતમાં પણ તમને ખ્યાલ નહતો કે ઉર્જા શકિત કેવી રીતે ગુજરાતના ગામોગામ પહોંચાડવી. આ બે

શક્તિઓનો જે વિકાસ કર્યો, અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ ભાઇ મોદીએ, અને એ બે ચક્રો દ્વારા ગઇ ચૂંટણીઓની અંદર જે તમારો સફાયો થયો છે એ તમારે યાદ કરવો જોઇએ. પહેલાં કેટલાક લોકો એમની પહેલી હરોળમાંથી બોલતા હતા કૂદી કૂદીને, ખૂબ મોટો અવાજ કરતા હતા. આજે લોકોએ એમનું સ્થાન બતાવી દીધું છે, અને હજુ પણ જે લોકો લાંબા હાથ કરે છે એને બહાર બેઠેલી પ્રજા આવતા સમયમાં સ્થાન બતાવી દેવાની છે.

મિત્રો, ગુજરાતમાં પીવાના પાણી માટે અમારા ઉપર આરોપ કરો છો? ગુજરાતમાં પાણી નથી મળતું એમ કહો છો? હું જયારે પ્રથમ વખતે પાણી પુરવઠા મંત્રી બન્યો, ત્યારે તમારું શાસન અમને કરિયાવરમાં આપ્યું હતું. ૪૦૫૪ ગામોમાં ટેન્કરો ફરતાં હતાં. આજે તમે અમને બતાવો ક્યાં ટેન્કરો ફરે છે? તમે ચોક્કસપણે તમારા હૃદય ઉપર હાથ મૂકીને કહો કે તમે જે આરોપ કર્યો છે અવિશ્વાસની દરખાસ્તમાં કે ગામડાંઓમાં ટેન્કરો ફરે છે આ વાત સાચી છે? અમુક જગ્યાએ ટેન્કરો ફરતા હશે કે જ્યાં આગળ વીજળી નહીં હોય, જ્યાં પહાડો હશે, ખૂણે ખાચરે જઇને ૨૦૦-૩૦૦ ગામડાંઓમાં કે પરાંઓમાં પાણી ટેન્કરો દ્વારા આપવું પડ્યું હશે અને પાણી આપીએ જ છીએ પણ એનો અર્થ એવો નથી કે આખા ગુજરાતને ટેન્કરો દ્વારા પાણીનો સપ્લાય કરવામાં આવે છે. કોઇ અછતગ્રસ્ત વિસ્તારો હશે, ડુંગરાળ વિસ્તારો છે તમે ન કરી શક્યા એ અમે કર્યું છે. અને કેટલું કર્યું છે એનો પણ મારી પાસે હિસાબ છે. ૨૭૦૦ કી.મી. લાંબી ટ્રંક લાઇનો નાંખી અને સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મોટી મોટી પાઇપ લાઇનો અમે પાથરી છે અને લગભગ ૨૯૫ કરોડ લિટર પાણી અમે પમ્પીંગ કરીએ છીએ. ક્યાં જાય છે એ પાણી? લોકો પીએ છે, તમે પીઓ છો, તમારા ગામડાંઓમાં પાણી આવે છે, પણ જ્યાં ન આવે ત્યાંનું અહીંયા પ્રદર્શન કરવાની જરૂર નથી. જ્યાં આગળ પાણી ન મળ્યું હોય એના લીધે તમે આખી સરકારને બદનામ કરી ન શકો, પણ તમે કરી રહ્યાં છો. અરે, અવિશ્વાસની દરખાસ્તમાં એનો ઉલ્લેખ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એમનું ધ્યાન દોરવું છે કે ૧,૨૦,૮૦૦ કી.મી.ની પાઇપ લાઇનો બીછાવી દીધી છે ત્યારે પાણી પહોંચે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૧,૫૪૫ ગામોમાં પાણીની લાઇનો પહોંચી ગઇ છે. તમે જુઓ તો આદિવાસી વિસ્તારોમાં પણ આ પાણીની લાઇનો પહોંચી ગઇ છે. કોઇક જગ્યાએ રહી ગઇ હશે તો એનો અર્થ એવો નથી કે આ અમારી સરકારનો ઈરાદો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવું છે કે, એમનું બજેટ હતું ૪૫ કરોડ રૂપિયા વર્ષે, એની જગ્યાએ આજે ૪૦૦૦ કરોડ રૂપિયાનું પાણીનું બજેટ બને છે ત્યારે એવા વખતે તમે અમારા ઉપર આરોપ કરો છો કે પાણી આ સરકાર આપતી નથી. તમને લખતા એવું નહીં થયું કે અમે શરમ કરીએ, તમને એવું લખતા સંકોચ નથી થતો કે વીજળી નથી મળતી. તમે હતા ત્યારે ૬૮૦૦ મેગાવોટ પાવર ઉત્પન્ન થતો હતો એની જગ્યાએ આજે ગુજરાતમાં ૨૨૦૦૦ મેગાવોટ કરતા પણ વધારે પાવર મળતો હોય ત્યારે તમે આરોપ કરો કે ગુજરાતમાં વીજળી નથી. અમારી ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ પરફેક્ટ છે, અમે આગળ વધી રહ્યાં છીએ ત્યારે મિત્રો તમારે આવા આરોપ નહીં કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એમના વખતમાં ૪૦ લિટર પાણી લોકોને મળતું હતું એ પણ માંડ ભાગ્યે જ. એમનો રેટ હતો રેટ પર કેપીટા ૪૦ લિટર એમાંથી અમે ૭૦ કર્યું. ૭૦ લિટર પર કેપીટા અત્યારે ૧૦૦ લિટર પર કેપીટા આપણે પાણી આપીએ છીએ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ પર હું મારા વિચારો આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના રાજ્યપાલ એક મહિલા હોવાના નાતે આપણા જ આ ગૃહના સન્માનનીય સભ્ય બહેન શ્રી વિભાવરીબેન દવેએ ખૂબ ચિંતા વ્યક્ત કરી. વાત સાચી છે કે, આ રાજયના રાજ્યપાલ મહિલા હોય ત્યારે બહેને ચિંતા વ્યક્ત કરવી જોઇએ. પણ, બહેનને હું એ યાદ કરાવું છું કે જ્યારે આપણા બંધારણીય વડા હોવાના નાતે આ મહામહિમ રાજ્યપાલે જ્યારે લોકાયુક્તની નિમણૂક કરી ત્યારે એ લોકાયુક્તની નિમણૂક પર ત્યારે રાજય સરકારે હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી અપીલ કરી ત્યારે વિભાવરીબેને એક જો પત્ર માનનીય મુખ્યમંત્રીશ્રીને લખ્યો હોત કે આ એક મહિલાનું તમે અપમાન કરો છો તો વિભાવરીબેનને હું ખૂબ ખૂબ અભિનંદન આપત. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, એમાં કાયદાની બાબત હતી, સબજ્યુડિશ હતી અને એ એમ કહે છે કે મહિલા હતા તો શાંતિથી સાંભળવું હતું તમે એમને અડધું ભાષણ મૂકાવીને કાઢી મૂક્યા એમ નહોતું કરવું. એમ જ કહેવું હતુંને તમારું વિભાવરીબેન? હા, તો સરખું બોલોને. ચાલો તમે આગળ ચલાવો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક મારા જિલ્લાની વાત કરું તો આ વરસે મહામહિમ રાજ્યપાલશ્રી સાબરકાંઠા જિલ્લામાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા આવેલા ત્યારે અમારા સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં એક વાતાવરણ ઊભું થયેલું અને સાબરકાંઠાની પ્રજા પણ ગૌરવ અનુભવતી હતી કે ૧૦ વરસમાં પ્રજાસત્તાક દિન અને સ્વતંત્ર પર્વની બીજી વખત ઉજવણી કરવા મળી રહી છે, બહુ આનંદની વાત હતી પણ આખા સમગ્ર જિલ્લાની પ્રજાને શોક અને આઘાત ત્યારે થયો કે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં ૨૬મી જાન્યુઆરીના બે દિવસ અગાઉ ચારેય બાજુ રોડ રસ્તા ઉપર ભારતીય જનતા પાર્ટીના કમળના સિક્કાવાળા બેનર લાગ્યા અને માનનીય મુખ્યમંત્રીશ્રીના ફોટાવાળા મોટા મોટા હોર્ડીંગ્સ લાગ્યા કે મુખ્યમંત્રીશ્રી જ આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાના છે, •(xxxxxx)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની ચર્ચા કરતી વખતે એના ઉપર અસર પાડવા માટે આપણે મહામહિમ રાજ્યપાલશ્રીના નામનો કોઇ જગ્યાએ આપણે ઉલ્લેખ કરતા નથી.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાંખીએ છીએ, તમે રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આવો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : બધાએ એ જ વાત કરી છે. ગુજરાત રાજયમાં એક વાત ચાલે છે કે તમામ ખેડૂતોને જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજળી મળે છે. તમામ ખેડૂતોને કનેકશન મળે છે, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનમાં જણાવ્યું છે કે, સરકાર દ્વારા ૨૨૨૫૭ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવામાં આવી, માનનીય ઉર્જા મંત્રી હોત તો એ સાંભળતા હોત, પણ એ નીકળી ગયા છે, મારે એ વાત કરવી છે કે, સરકારે એક પરિપત્ર કર્યો કે એક સરવે નંબર કે બ્લોક નંબરમાં એક કનેકશન હોય તો એ ખેડૂતને બીજુ કનેકશન મળશે નહિ, છેલ્લાં ૨૦૦૬થી ખેડૂતો પોતાના વીજ કનેકશન માટે રાહ જોઇને બેઠાં હતા પણ આ સરકારના એકજ પરિપત્રથી મારા તલોદ તાલુકાના ૭૦૦ કનેકશનોનો સરવે થયેલો એમાંથી ૨૩૨ કનેકશનો રદ થયાં છે, આ તમામ ખેડૂતોએ પોતાના બોરવેલ બનાવ્યા છે, મોંઘો ખર્ચ કરીને બોરવેલ બનાવેલ છે, ત્યારે આ ખેડૂતોના તમામ કનેકશનો રદ કરી દેવામાં આવ્યાં છે. તો આ ૨૨૨૫૭ મેગાવોટ વીજળી ગઇ ક્યાં? હું આ ગૃહમાં જણાવવા માગું છું કે, ટાટા, અદાણી કે નેનોવાળા જો હોય તો એમના માટે કોઇ દિવસ આવો પરિપત્ર કર્યો કે એક સરવે નંબર કે બ્લોક હોય તો તેમાં બીજુ કનેકશન નહિ મળે. એમના માટે કોઇવાર એવી જાહેરાત કરી કે તમારા એક યુનિટમાં તમને બીજુ પાવરનું કનેકશન નહિ મળે. તો ખેડૂતો માટે કેમ? આજે જો સરદાર સાહેબ હોત, રન ફોર યુનિટીની વાત ચાલે છે, સરદાર સાહેબ ખેડૂતોના હિમાયતી હતા, આ સરદાર સાહેબને ત્યાં સ્વર્ગમાં બેઠાં બેઠાં આંખોમાં આંસુ આવતા હશે કે આ સરકાર ખેડૂતો માટે શું કરવા બેઠી છે. સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે છે કે ખેડૂતોને ૧૪-૧૪ કલાક વીજળી આપવામાં આવશે, પણ વીજળી ક્યારે આપવામાં આવે છે, રાત્રે, ખેડૂતો જંગલી જાનવરોની વચ્ચે જઇને લાઇટ આપવામાં આવે ત્યારે ખેતી કરતાં હોય છે ત્યારે ઉદ્યોગપતિઓને સવારના ૮ થી દિવસના ૫ વાગ્યા સુધી વીજળી આપવામાં આવે છે, તો ખેડૂતોને કેમ આ સમયે વીજળી આપવામાં આવતી નથી? હમણાં જ ઋષિકેશભાઇ વાત કરતા હતા કે બાર વરસમાં ૩૮૦૦૦ કનેકશનો આપ્યા, બહુ આનંદની વાત છે, હમણાં જ અમારા રમણલાલ જે અમારા જિલ્લાના છે એ પણ વાત કરતા હતા કે અમે ૨૪ લાખ કનેકશન આપ્યા, તો ૬ લાખ ક્યાંથી પેન્ડિંગ રહ્યા? મારી દ્દષ્ટિએ કુલ આપણા ૨૪૯ તાલુકાઓ છે અને એકજ તાલુકામાંથી ૨૩૨ કનેકશનો સરકારના એકજ પરિપત્રથી રદ થાય તો સમગ્ર રાજ્યમાં મારી દ્દષ્ટિએ ૫૭૭૬૮ એવરેજ કનેકશન રદ થાય. સરકારે આવી નીતિ કેમ બનાવી?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મારે બીજી વાત માર્ગ અને મકાનની કરવી છે, મારા મત વિસ્તારના પ્રાંતિજ અને હિંમતનગર તાલુકાને જોડતો એક રસ્તો છે એમાં મને સન્માનનીય ગૃહમાંથી જવાબ મળ્યો છે કે ૨૩ વરસથી આ રસ્તો પેવર નથી થયો. એકબાજુ વાત થાય છે વિકાસની, વિકાસની વાત થાય છે, પણ ૨૩ – ૨૩ વરસથી રસ્તો બનતો નથી. બીજી વાત આપના ધ્યાન પર મૂકું કે આ રસ્તા ઉપર ગુજરાત સરકારમાં ગાજેલી માનનીય મુખ્યમંત્રીશ્રીએ જેનું ઓપનીંગ કરેલું તે પશુ હોસ્ટેલ આવેલી છે, તેમ છતાં ૨૩ વરસથી આ રસ્તાને પેવર કરવામાં આવતો નથી. હું પણ જાણું છું કે, મુખ્યમંત્રીશ્રી હેલીકોપ્ટરમાં ઉડતા હોય એટલે એમને એ રસ્તો દેખાય નહિ. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ એક વાત થતી હતી કે, અમારા સાબરકાંઠા જિલ્લામાં જયારે સરકારી કોઇ કાર્યક્રમ નક્કી થાય ત્યારે એ વાત નક્કી છે અમારા વિદ્યાર્થીઓ એવી વાત કરે છે કે, જયારે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે કે ૨૦ તારીખે મુખ્યમંત્રીશ્રી આવવાના છે કે મંત્રીશ્રી આવવાના છે તો બે દિવસ અગાઉ વિદ્યાર્થીઓને ખબર પડી જાય કે આપણે એ દિવસે રજા છે. તો મેં કહ્યું કે કેમ આવી વાત કરો છો ભાઇ? તો કહે કે એ દિવસે બસો નહીં આવે કારણ કે મુખ્યમંત્રીશ્રી આવવાના હોય એટલે બધી બસો એમની સેવામાં જતી રહે છે. એટલે શિક્ષણનું સ્તર પણ છેલ્લી હદે જઇ રહ્યું છે.

બીજી વાત કરું તો પેટા પરાઓ આજે હમણાં જ નરોત્તમકાકા પણ જયોતિ ગ્રામ વીજળીની વાત કરતાં હતા. વાત સાચી છે. કારણ કે જયોતિ ગ્રામ વીજળી તે ગામડાંઓમાં આપવામાં આવે છે. જયાં જયાં ગામડાંઓમાં આપવામાં આવતી હતી પણ અત્યારે હાલ ગામડાંઓમાં ગામતળ ખલાસ થઇ ગયા છે. ગામતળ ના હોવાના કારણે તમામ ગામના જે ખેડૂતો હોય કે ગામના પ્રજાજનો હોય એ પોતાના સમૂહનું જૂથ બનાવી અને ખેતરોમાં પોતાના મકાનો બનાવે છે. તો સરકારે એક પરિપત્ર કર્યો કે જયોતિ ગ્રામ વીજળી જો ખેડૂત જે પ્રજાજનો સમૂહમાં જૂથ બનાવી અને ગામ બહાર રહેતાં હોય એમને જયોતિ ગ્રામ વીજળી આપવામાં આવશે નહીં. તો મારે એ કહેવું છે કે, તમે વાતો કરો છો, મોટી મોટી જાહેરાતો આપો છો. ૨૬મી જાન્યુઆરીના પેપરમાં ૧૪ હજાર ગામડાંઓ અને સાત હજાર પેટા પરાંઓને વીજળી આપેલી એવી મોટી જાહેરાત આવેલી. તો તમે આવી ખોટી જાહેરાતો કેમ કરો છો?

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ (ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર વિધાનસભાના મારા સાથી મિત્ર દેવુસિંહ ચૌહાણ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ આભાર પ્રસ્તાવની સાથે સલામત અને સુરક્ષિત ગુજરાત માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો, ગૃહ વિભાગના માનનીય મંત્રીશ્રીનો, ગૃહ વિભાગના તમામ અધિકારીશ્રીઓનો અને ગુજરાત પોલીસનો જેટલો આભાર માનુ અને અભિનંદન પાઠવું એટલા ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત સલામત ગુજરાત જેનો મંત્ર સેવા, સુરક્ષા અને શાંતિ છે. ગુજરાત પોલીસ એ રાજયની સલામતી અને સુરક્ષા માટે સદાય તત્પર અને લોકસેવાના લક્ષ્યોને સફળતાપૂર્વક કરતી આવી છે. રાજયનો વિકાસ અને વહીવટી વ્યવસ્થા એને વેગવંતુ રાખવામાં રક્ષાશકિતનો મહત્વનો ફાળો છે. રાજયએ છેલ્લાં દસ વર્ષની અંદર જે વિકાસ સાધ્યો છે અને તે તમામ ક્ષેત્રની અંદર જયારે વિકાસ કર્યો છે. ગુજરાતે એક model State of India, Growth engine of India, best governed State of India નું બિરુદ જયારે પ્રાપ્ત કર્યુ છે ત્યારે ગુજરાતે એ પણ ખ્યાલ રાખ્યો છે કે, લોકોની સલામતી, કાયદો –વ્યવસ્થા, શાંતિનું વાતાવરણ, ગુન્હાખોરીમાં ઘટાડો, s e n i o r c i t i z e n , બાળકો, મહિલાઓ પ્રત્યે વિશેષ ધ્યાન આ ગૃહ વિભાગનું મિશન રહ્યું છે. ગૃહ વિભાગે વહીવટી તંત્રને કર્મયોગીની કક્ષાએ લઇ જઇને વિકાસને ગતિ આપી છે અને પોલીસ તંત્રને મહત્વની જે પાંચ શકિતઓ પૈકીની રક્ષા શકિત તરીકે ઓળખાવી છે. આ તમામ યશ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. તેમની દીર્ઘ દ્રષ્ટિ, સબળ નેતૃત્વ, સતત કંઇ અને કંઇ નવું કરવું, પ્રોત્સાહન અને માર્ગદર્શનને જાય છે. મોદી એટલે MODI, Man Of Development in India, અને આખો દેશ જયારે આજે ઝંખના કરે છે ત્યારે કોઇકે ખૂબ સારું લખ્યું છે કે,

**''સારા હિન્દુસ્તાન ઝૂક જાયેંગા, નમો તેરે સન્માન કો,**

**બસ એકબાર ગુજરાત બના દો, પૂરે મેરે હિન્દુસ્તાન કો.''**

માનનીય અધ્યક્ષશ્રી, મને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી યાદ આવે છે અને ટી.વી.ઉપર જાહેરાત કરતી પેલી બહેન દિશા–દશા બતાવતી હતી. અને અનેક જૂઠ્ઠાણું એ સમયનું અત્યારે યાદ આવે છે. હજારો બાળકો ગુજરાતમાંથી ગુમ થયા છે એવું અનેક જૂઠ્ઠાણું તે વખતે ટી.વી.દ્વારા ફેલાવવામાં આવ્યું છે. મારી પાસે ડેટા છે અને એમાં ગુજરાત રાજયે વર્ષ ૨૦૧૨–૧૩ની અંદર ૦ થી ૧૪ વર્ષના જે ૧૪૮૩ બાળકો ગુમ થયા હતા તેમાંથી ૧૨૮૦ તો પરત મળી ગયા છે. તેથી આગળ વધીને ૧૫ વર્ષથી ૧૮ વર્ષના યુવાન–યુવતિઓ જે ૨૫૭૦ ગુમ થયા હતા તેમાંથી ૨૩૦૬ પરત મળી ગયા છે. અને આ પૈકી ના ઝીરોથી ૧૪ વર્ષની વયની ૫૧૮ બાળકીઓ અને ૧૫ થી ૧૮ વર્ષની ૧૭૦૯ યુવતિઓ શોધી કાઢવામાં મહત્વનો ફાળો રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ધ્યાને લઇ અને વર્ષ ૨૦૧૩, ૧૪ અને ૧૫ના એવોર્ડ ઓફ એપ્રિસિએશન આ સરકારને આપવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી ૨૦૧૩ વિશાખાપટ્ટનમ ખાતે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. દરેક પોલીસ સ્ટેશનની અંદર www.tracethemissingchild.gov.in નામની વેબસાઇટ આજે પણ ચાલુ છે, અને હજુ પણ એ બાળકો જે ગુમ થયા છે એને માટે સરકારની અગ્રીમતા રહી છે.

સોર્સ ક્રાઇમ ઇન ઇન્ડીયા ૨૦૧૨ નો રિપોર્ટ મારા હાથમાં છે. એમાં કહ્યું છે કે રાજયમાં ગંભીર ગુનાઓમાં સતત ઘટાડો થયો છે અને ખૂનના ગુનામાં ગુજરાતનો ક્રમ દેશમાં ૨૨ મો છે અને ઓલ ઇન્ડીયા ક્રાઇમ રેટ ૨.૮ છે, તેની સામે ગુજરાતનો ક્રાઇમ રેટ ૧.૯ છે. ખૂનની કોશિશમાં ગુજરાતનો ક્રમ ૩૦ મો છે, ઓલ ઇન્ડીયાનો ક્રાઇમ રેટ ૨.૯ છે જયારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૦.૯ છે, બળાત્કારના ગુના માટે માનનીય સભ્યશ્રી ખૂબ લાંબુ બોલી ગયા, જે પ્રકારના એમની પાસે આંકડા હતા તેમને રદીયો આપતા હું વાત કરું છું કે બળાત્કારના ગુનામાં ગુજરાતનો ૨૬મો ક્રમ છે અને ઓલ ઇન્ડીયા ક્રાઇમ રેટ ૨.૧ છે ત્યારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૦.૮ છે, એનાથી આગળ જઇએ તો અપહરણના ગુનામાં ગુજરાતનો ક્રમ સોળમો છે, જયારે ઓલ ઇન્ડીયા ક્રાઇમરેટ ૩.૬ છે એની સામે ગુજરાતનો ક્રાઇમ રેટ ૨.૯ છે, ધાડના ગુના હોય, હુલ્લડના ગુના હોય, માનનીય અધ્યક્ષશ્રી અનેક ગુનાઓમાં ઘટાડો આવ્યો છે, આજે એક સભ્યશ્રી કહેતા હતા કે કરફયુ હવે ભૂલાઇ ચૂકયો છે.

ગુજરાત રાજયની અંદર એક મહત્વની બાબત એ છે કે એક પણ માફીયા ગેંગ સક્રીય નથી, મને કોંગ્રેસના દિવસો યાદ છે. અમદાવાદમાં લતીફ, વડોદરાના રાજુ રીસાલદાર અને કચ્છમાં ઇભલા શેઠનું રાજ પણ યાદ છે, ઓર્ગેનાઇઝ ક્રાઇમ જેને કહી શકાય તે ઓર્ગેનાઇઝ ક્રાઇમનો ઝડમૂળથી નાશ કરાયો છે. છેલ્લા કેટલાયે વર્ષોથી તમે જોશો તો કોમ્યુનલ રાયોટ્સ ગુજરાતમાં થયા નથી, વિદ્યાર્થીઓનું એક પણ આંદોલન ગુજરાતમાં થયું નથી, ઇન્ડસ્ટ્રીયલ યુનિયન કે ઇન્ડસ્ટ્રીયલ સ્ટ્રાઇક આ રાજયમાં થઇ નથી. રાજયના તમામ પોલીસ સ્ટેશન કોમ્પ્યુટરાઇઝડ કરાવી દીધા છે અને સમગ્ર પોલીસ વિભાગ અને ગૃહ વિભાગ ઇ ગવર્નન્સથી અમલી છે, દેશમાં મહિલાઓની સલામતીમાં આપણું ગુજરાત અવ્વલ નંબરે આવે છે. મહિલાના બળાત્કારની રાષ્ટ્રીય દરની સરખામણીએ ગુજરાત રાજય દેશભરમાં સૌથી નીચે છે. ગુજરાતની સુરક્ષાની શૃંખલા ભવિષ્યમાં અકબંધ રહે તેવી દેશની પ્રથમ એક માત્ર રક્ષા શકિત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે અને ભવિષ્યની અંદર જવાનો અર્ધ લશ્કરી ટ્રેઇન થઇ શકે છે, રકતરંજીત શબ્દ હવે ભૂતકાળ બની ગયો છે. વસતિ અને વિકાસની સાથે સલામતી અને ગુનાખોરી ઘટે તેવું એક માત્ર રાજય ગુજરાત છે. દેશનો સૌથી લાંબો દરિયાકાંઠો ગુજરાતમાં છે અને એ દરિયાકાંઠાનો પડકાર પણ આ સરકાર ઝીલે છે. આમ સરહદો ઉપર જઇ અને સલામતીની મહોર લગાવે છે ગુજરાત, એક માત્ર દેશનું સૌ પ્રથમ આકર્ષણ એ અતિ આધુનિક ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી છે, જેની અંદર બહુ ચર્ચીત કેસો, આરુષી કેસ, નીઠારી હત્યાકાંડ, ભંવરી કેસ અને એન.ડી. તિવારી જેવા કેસના જે કૌભાંડો છે એવા ગુનેગારોને જેલના સળિયા પાછળ ગોઠવી દેવામાં આવ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઇ ગુજરાત કોર્પ ને અમલમાં મૂકવામાં આવ્યું છે, રાજયમાં બનતા ગુના અને ગુનાખોરીને ડેટા બેઇઝ કરવા માટે ગુણવત્તાયુકત સેવાઓ પૂરી પાડવા માટે ઇ– ગુજરાત જેવી સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. માનનીય સભ્ય શ્રીમતી તેજશ્રી બહેને ખૂબ સારી કવિતા કહી એને હું સાંભળતો હતો એના જવાબમાં એક કવિએ ખૂબ સરસ લખ્યું છે.

'' જીક્ર ભી કરતાં હું મોદીજીકા, તો ખાતા હું ગાલીયા,
અબ મિત્રો, આપ હી બતાઓ. ઇસ જલતી કલમસે મેં કયા લીખું?
કોયલે કી ખાણ લીખું કે •(xxxxxx) લીખું,
ભ્રષ્ટમ સરકાર લીખું કે પ્રશાસન બેકાર લીખું.
મહેંગાઇ કી માર લીખું યા ગરીબી કા બૂરા હાલ લીખું,
ભૂખા ઇન્સાન લીખું યા બિકતા ઇમાન લીખું?
આત્મહત્યા કરતાં કિસાન લીખું યા શીશ કટે જવાન લીખું,
વિધવા કા વિલાપ લીખું યા અબલા કા ચિત્કાર લીખું,
દહેજ, હત્યા, શોષણ, બલાત્કાર લીખું કિ યે તૂટે હુએ મંદિર કા હાલ લીખું?
જાતિ ઔર સુબો મે બટાં દેશ લીખું યા ૨૦ દલોવાલી લંગડી સરકાર લીખું?
યા આપ હી બતાઓ યે પી.એમ. કી કુર્સી પર કયા મેં મોદીજી કા નામ લીખું?''

આ સાથે માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, એને હું મારું સમર્થન આપી વિરમું છું.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીના મંદિર સમાન આ વિધાનસભા ગૃહના સભ્ય આદરણીય દેવુસિંહભાઇ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

આજે ગુજરાત રાજય અને ગુજરાત રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રજા લક્ષી અને લોક કલ્યાણને વરેલી આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ચાલતી સરકાર છેલ્લા બાર વર્ષથી સત્તા નહિ પણ સેવાના ભાવથી કામ કરી રહી છે. ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા યુવાનોના પ્રણેતા અને ખેડૂતોના હિમાયતી એવા આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સૌરાષ્ટ્રની ધરતીને લીલીછમ્મ અને હરિયાળી બનાવવા માટે ૧૧૫ ડેમ નર્મદાના પાણીથી ભરી દેવાની યોજના એટલે મહત્વકાંક્ષી યોજનાનું ખાતમૂહુર્ત કર્યું છે, એના બદલ સૌરાષ્ટ્રના પ્રજાજનો વતી માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આભાર એટલા માટે કે સામે પક્ષે આ સૌની યોજનાની ચર્ચા થતી હતી પરંતુ જયારથી ગુજરાતની રચના થઇ ત્યારથી અત્યાર સુધી સૌરાષ્ટ્રના ખેડૂતો માટે થઇને સિંચાઇના પાણીનો કાયમી નિકાલ થાય એવી યોજના બનાવવાની ખેવના અત્યાર સુધી કોઇએ કરી નહોતી અને માત્રને માત્ર નરેન્દ્રભાઇ મોદીએ કરી છે. અત્યારે ખેડૂતો છે એ પોતાના ખેતરમાં જે ખેત ઉત્પાદન લઇ રહ્યા છે એમને પૂરતું પાણી મળી રહે તો અત્યારે ખેત ઉત્પાદન કરે છે એ બમણું થાય એમાં બે મત નથી.

છેવાડાનો માનવી હોય, પોતાના કોઇ પ્રશ્નો હોય એ પ્રશ્નોની રજૂઆત એનું નિરાકરણ એને કરવું હોય પરંતુ ઘણી વખતે સીધે સીધો કોઇ કચેરી સુધી નથી પહોંચી શકતો ત્યારે આજે સમગ્ર દેશમાં ગુજરાત રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા અમલમાં મૂકાયેલા ઓન લાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ એટલે સ્વાગત કાર્યક્રમ દ્વારા રાજયનો કોઇપણ માણસ આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સુધી પહોંચી પોતાની વાત, સમસ્યા રજૂ કરી શકે છે, પોતાનો પ્રશ્ન રજૂ કરી શકે છે અને એમાં ન્યાય મેળવી શકે છે. એમાં એમને ઝડપથી ન્યાય મળી શકે તેવી પ્રક્રિયા ગુજરાતમાં થઇ રહી છે અને એ પ્રક્રિયામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. કહેતા ખૂબજ ગૌરવ થાય છે કે આ ઓન લાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ છે એ છેલ્લા બાર વર્ષથી સફળતા પૂર્વક થઇ રહેલ છે. ટૂંક સમય પહેલા ઘણા લોકોએ જોયું હશે કે નવી નવી પાર્ટી બનાવી સરકાર બનાવીને આવા લોક ફરિયાદના કાર્યક્રમો કરતાં પાર્ટી ભેગી કરીને ઘર ભેગા થઇ ગયેલા અને આ કાર્યક્રમ કરતા, ત્યારે અધવચ્ચેથી કાર્યક્રમ છોડીને જતા રહેવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે અને દેશમાં અનેક કાર્યક્રમો કરતા. પરંતુ જે પ્રમાણે ગુજરાતમાં સફળ થઇ રહ્યા છે એ પ્રમાણે ક્યાંય સફળ થતા નથી. જેવી રીતે આ સ્વાગત કાર્યક્રમ રાજ્ય કક્ષાએ ચાલે છે તેવી રીતે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અને ગ્રામ્ય કક્ષાએ પણ આ કાર્યક્રમ ખૂબ સરસ રીતે ચાલે છે. આ સ્વાગત ઓન લાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાએ કુલ ૧૪૧૯ ફરિયાદો મળી. એમાંથી ૯૨ ટકા ફરિયાદોનું નિરાકરણ થયું છે. જિલ્લા કક્ષાએ ૬૩૫૧૬ ફરિયાદો મળે એમાંથી ૯૯ ટકા ફરિયાદોનો નિકાલ થયેલ છે. તાલુકા કક્ષાએ ૧,૬૯,૫૯૧ ફરિયાદો મળે તેમાંથી ૭૯ ટકા ફરિયાદોનું નિવારણ થયેલ છે. આ સ્વાગત ઓન લાઇન કાર્યક્રમને ઇન્ટરનેશનલ યુ.એન. એવોર્ડ પણ મળેલ છે. આજે ગુજરાતની જનતાએ પ્રખર વિદ્વાન, રાષ્ટ્રભક્તિથી તરબતર, પારદર્શક વહીવટકર્તા, યુવાનોના પ્રણેતા, લોક હૃદય સમ્રાટ, કર્મવીર, નીડર, દ્દઢ મનોબળ ધરાવતા તેમજ સામાજિક સમરસતાના હિમાયતી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને પૂરા માન–સન્માન અને આત્મવિશ્વાસથી સતત ચોથી વખત વિજેતા બનાવ્યા છે અને આ રાજ્યના મુખ્યમંત્રી બનાવ્યા છે. આઝાદી વખતે દેશમાં એક પ્રકારનું ઝનૂન હતું, લોકોમાં એક ખુમારી હતી. એ જ પ્રકારનું ઝનૂન અને ખુમારી આજે આખા દેશમાં જોવા મળે છે.

અધ્યક્ષશ્રી : ગવર્નરશ્રીના પ્રવચન ઉપર આવો. તમને ગમતું હશે પણ આ વિષય બહાર જાય છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : આપણા સૌનું સ્વપ્ન છે કે આ ભારત માતાને પરમ વૈભવના શિખરે પહોંચાડવાનું એ સ્વપ્ન ટૂંક સમયમાં સાકાર થશે. માનનીય દેવુસિંહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેચ્યુ ઓફ યુનિટી લાવ્યા છે. સારી વાત છે. જે વિચારધારા મહાત્મા ગાંધીજીની હતી, સરદાર વલ્લભભાઇ પટેલની હતી. ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલની જેવી વિચારધારા હતી એવી આજે નથી. એમણે અંગ્રેજોને લોહી રેડ્યા વગર અહીંથી કાઢ્યા ભાઇ! •(xxxxxx) તમે જુઓ. મહાભારત વાંચો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી (xxxxxx) એ શબ્દો બરાબર નથી.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાંખું છું. (xxxxxx) એવું ન બોલો.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : હા, હા, એ કાઢી નાંખો. સરદાર પટેલ અને ગાંધીબાપુ ઓલ ઇન્ડિયામાં પ્રખ્યાત છે. એમની કોપી કરવા જઇએ તો ન ચાલે. જે ગુરૂ ઉપર વિશ્વાસઘાત કરે એ બીજાને શું ન કરે ભાઇ! ગુરૂ એટલે ગુરૂ. કોઇ દિવસ ગુરૂનો વિશ્વાસઘાત ન કરાય. હું મારા ગુરૂ ઉપર વિશ્વાસઘાત કરું તો મારા ઉપર કોણ વિશ્વાસ કરશે ભાઇ! વિચાર કરો ભાઇ, અમારા બધા તમારી બાજુ આવે છે, આવન–જાવનવાળા પરંતુ એમને પછી ખબર પડશે. પેલા ઉદેસિંહ ગયા છે એમની શી દશા થશે! અમારા પેલા શંકરસિંહ આવ્યા છે એમની શી દશા થશે, પેલા નરોત્તમ કાકા બેઠા છે. સિનિયર છે એમને પાછળ બેસવાનો વારો આવ્યો છે. આવું ન હોય. સિનિયર એટલે સિનિયર. આ કરી દઇશું, પેલું કરી દઇશું. તમે જૂઓ કોઇપણ વિભાગમાં. શિક્ષણમાં તમે જૂઓ તો શિક્ષણમાં બધું સેલ્ફ ફાયનાન્સ. નાના અને સીમાંત ખેડૂતનો દીકરો ગરીબ માણસનો દીકરો નહીં ભણી શકે. તમે જૂઓ. કેટલી તમારી સરકારી હાઇસ્કૂલો, સરકારી નિશાળો બંધ છે? અને સેલ્ફ ફાયનાન્સ ચાલે છે. કેટલું એડવાન્સ લેવાનું, તો કહે કે કરોડ રૂપિયા જોઇએ, એન્જીનીયર થવું હોય, ડોકટર થવું હોય તો એ કેટલા રૂપિયા ખર્ચે તો એ ભણી શકે? માધવસિંહની સરકારમાં બહેનો, દીકરીઓ માટે જયાં સુધી ભણવું હોય ત્યાં સુધી મફત ભણવાનું હતું. અત્યારે અમારી દીકરીઓને ભણાવવી હોય તો કેટલા રૂપિયા ખર્ચવા પડે? લાખો રૂપિયા. હમણાં અમારા એક ધારાસભ્ય છે, એ ધારાસભ્યને દીકરા માટે મેડીકલમાં એડમિશન જોઇતું હતું તો એક કરોડ અને વીસ લાખ માગ્યા, પેલાએ એંસી લાખ કર્યા, થોડા બાકી હતા તો ના લીધા. આ તમારું રાજ, આવું રાજ કઇ રીતે ચાલે? કોને તમે સપોર્ટ કરો છો? મૂડીવાદીઓને. નહીં કે ગરીબ માણસોને. તમારી મોટી મોટી વાતો છે પણ ગરીબો માટે કંઇ નથી. ગરીબોને વધુ ગરીબ બનાવવા માગો છો, મજૂરી કરાવવા માગો છો, તમે કહો છો રોજગારી આપી તો તમે કેટલું મહેકમ ગુજરાતમાં ખાલી છે? ૫૦ ટકા તો શિક્ષણમાં ખાલી છે. તમે કહો છો ડોકટરો નથી મળતા તો ડોકટરો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કયાંથી આવે? કયો આવે? અગિયાર મહિના માટે કોણ આવે? અગિયાર મહિને છૂટો તો કયાંથી આવે ડોકટરો? અને કહે કે ડોકટરો નથી. પાછા એની વિધિમાં ત્રણ-ચાર મહિના કાઢી નાખો લેવામાં. તમે જુઓ, બે વસ્તુ અગત્યની છે. શિક્ષણ અને આરોગ્ય. એમાં કરકસર કે કંજૂસાઇ ના ચાલે. એમાં તો વ્યવસ્થિત જ ચાલે. લોકો મરવા પડે. રોગ થાય છે. બિચારાને ખાનગી ડોકટરો ચીરી કાઢે છે. ચીરી કાઢે એટલે પૈસા વધુ લે છે.

અમારી સિવિલ હોસ્પિટલ નડીયાદમાં ફીઝીશીયન નથી. દસ તાલુકાનો જિલ્લો છે. બે કલાક માટે આવે તો શું અર્થ? મેં નીતિનભાઇને કેટલીએ વખત કીધું તો કહે કે ડોકટર નથી મળતા. ખેડૂતની વાત કરું, આઠ કલાક વીજળી, મેં સૌરભભાઇને કહ્યું કે નાના અને સીમાંત ખેડૂતને બે રૂપિયે આપો, પશુપાલન કરીને જીવે. તમે જુઓ અમારા ડો. કુરીયને શું કર્યું? ડેરી કરી. તમે કરી ભાઇ? તમે એક તો કરો. શાકભાજીનું કરે, ખેડૂતો ના લૂંટાય, એક તો કરી જુઓ ખબર પડે કે કેટલું થાય છે. અને તમે કહો છો અમારા પી.એમ. સાહેબ થવાના છે. આખા હિન્દુસ્તાનના. થાય પણ એમાં લાગે આ કંઇ બધું સહેલું નથી. આ તો પેલા એના જેવી વાત છે. એટલે બહુ શકય નથી એટલે બહુ એવી આશા રાખશો નહીં.

અધ્યક્ષશ્રી : આપને બે મિનિટ છે હજી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : બે મિનિટ વધુ આપજો.

અધ્યક્ષશ્રી : રીસેસ પડે છે ને એટલે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : એટલે તમારી કોઇપણ વસ્તુ જુઓ, કાગળ ઉપર છે. કોઇપણ વિભાગમાં જુઓ કેટલું બધું મહેકમ ખાલી છે. પચાસ ટકા રોજગારી ઓછી છે મહેકમ પૂરો તોય. એક એક વિભાગમાં મહેકમ ખાલી છે, કેવી રીતે વહીવટ કરવાનો. મહેકમ ખાલી તો વહીવટ કેવી રીતે કરવાના. ઓફિસરો, ડોકટરો, નાના કર્મચારીઓ બધામાં મહેકમ ખાલી છે. મહેકમ પૂરો તો પચાસ ટકા રોજગારી ઓછી થઇ જાય પણ નથી પૂરતા. લોકોને બતાવવું કે સો એ દસ ટકા પૂરવાની. પૂરી પૂરો તો ખબર પડે. પગાર પાછો કેવો? અગિયાર મહિના રાખવાના. એની જવાબદારી શું અગિયાર મહિનાવાળાની? અમારા કોંગ્રેસના રાજયમાં આવું નહોતું. કોંગ્રેસના રાજયમાં પૂરતી નોકરી આપતા હતા. અને ભણેલા ગણેલા હોય એની કદર કરતા હતા. આ રાજયમાં કદર છે ખરી? કોઇ કદર નથી. જુઓને તમે આઇ.પી.એસ. અધિકારી જેલમાં પેસી ગયા. વિચાર કરો, શાની પેઠા? કોના ભોગે પેઠા? એમના ભોગે નહીં. બિચારાની એમની શી દશા? એટલે આ રાજય આવી રીતે ના ચલાવાય. રાજય કરવું હોય તો નીતિનિયમ જોઇએ. નીતિનિયમ વિના ના ચાલે.

અધ્યક્ષશ્રી : નટવરસિંહભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરીથી ૫-૦૦ વાગે મળશે.

**વિરામઃ ૪-૩૦ થી ૫-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) :** માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ પ્રવચનની બુક મેં વાંચી છે અને એમાં માનનીય રાજ્યપાલશ્રીએ કહ્યું છે કે આ સરકારે સુંદર કાર્યો કર્યા છે. આ સરકારે જ્યારે સુંદર કાર્યો કર્યા હોય ત્યારે સ્વભાવિક રીતે આપણે બધા જાણીએ છીએ કે અત્યાર સુધીની સરકારોમાં રાજ્યની અંદર આંતરરાષ્ટ્રીય ૧૮૭ જેટલા એવોર્ડો વિવિધ વિભાગોને આપ્યા છે. આપણા ૫૫ જેટલા વિભાગો છે એ વિભાગોની સારામાં સારી કામગીરી હોય તો જ એવોર્ડ મળતો હોય છે. એટલા માટે એ સરકારના વડા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને, મંત્રીમંડળને અને તમામ વિભાગોને સારી કામગીરી કરવા બદલ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં પાના નં. ૨૧ ઉપર વન અને પર્યાવરણની વિગતો છે એ બાબતે હું મારા વિચારો રજૂ કરવાની એક તક લઉં છું. વન અને પર્યાવરણ એટલે

વૃક્ષ, એ માનવ જીવન સાથે એક જીવન જરૂરિયાતની વસ્તુ જેવી સાંકળ બંધાયેલી છે. આપણે જાણીએ છીએ કે વૃક્ષો એ પર્યાવરણને સમતોલ બનાવવા માટે, જીવનને ચલાવવા માટે અને આપણા માટે મહત્વની બાબતો ખોરાક, પાણી અને હવા એમાં ઓક્સિજન આપવાનું કામ વૃક્ષો કરે છે. સ્વભાવિક રીતે આ વૃક્ષોનું વધારે વાવેતર કરવા માટે સૌની એ જરૂરિયાત છે, સૌની એ જવાબદારી છે અને આ જવાબદારીમાં આપણી સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નાણાકીય વ્યવસ્થા કરી છે એના આંકડા હું આપવા માગું છું. વર્ષ ૨૦૧૨–૧૩માં ૫૩૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી, ૨૦૧૩–૧૪માં ૬૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી અને ૨૦૧૪–૧૫માં ચાલુ વર્ષે ૬૯૨ કરોડની જોગવાઇ વિવિધ વિભાગો માટે એટલે કે વૃક્ષોના વાવેતર, વૃક્ષોના જતન કરવા અને એના રક્ષણ કરવા માટે આ સરકારે એની ચિંતા કરીને આયોજન કર્યું છે. આ આયોજન કર્યા બાદ વૃક્ષો કઇ કઇ બાબતે આપણે વાવી શકીએ છીએ અને એનું જતન કરી શકીએ છીએ એમાં ખાસ કરીને વૃક્ષોનો વધારો કરવો એ પ્રથમ છે. આજે આપણે જાણીએ છીએ કે સાયન્ટિસ્ટો કહે છે કે પૃથ્વી પર કેટલા ટકા જંગલ જોઇએ તો ૩૩ ટકા વૃક્ષો જોઇએ. પણ આજે સરકારના પ્રયત્નો છે, સારા પ્રયત્નો છે, ભૂતકાળ કરતાં અત્યારે સારું વાવેતર થયું છે તેમ છતાં વન વિસ્તાર ૭ ટકા અને વન વિસ્તારની બહારનો વિસ્તાર ૪ ટકા એ મળીને ૧૧ થી ૧૨ ટકા વાવેતર થયું છે. એનો મતલબ એવો થયો કે હજી પણ આપણે વાવેતર વધારવું જોઇએ અને એ વધારવાનો પ્રયત્ન સરકાર દ્વારા ખૂબ જ ગંભીરતાથી ચાલે છે. એમાં સમૂહવન, સામાજિક વનીકરણ યોજના, ખાનગી અને વન વિસ્તારની જગ્યાઓ છે એમાં દર વર્ષે જે આપણી રેવન્યુ આવે છે એમાંથી ૪ ટકા રકમ આ વાવેતર માટે આપણે ખર્ચીએ છીએ. એમાંથી વૃક્ષારોપણ કરીએ છીએ. એમ કરવાના કારણે જન જાગૃતિ વધી છે. શાળા અને ગ્રામ્ય કક્ષાએ ગોચર અને પડતર જમીન, ખાનગી ખેડૂતોની જમીન હોય એમાં વૃક્ષોનું વાવેતર આપણે દર વર્ષે કરતા રહીએ છીએ અને પરિણામે આજે સફળતાપૂર્વક વૃક્ષોનું વાવેતર વધવાના કારણે એક નવું પરિવર્તન આપણે જોઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અંબાજીથી ઉંમરગામ સુધી પૂર્વપટીની અંદર જે પહાડી વિસ્તાર છે એની મારે વાત કરવી છે. ભૂતકાળની અંદર ઉંમરગામની અંદર જે ઝાડ હતા એમાં ભૂતકાળની અંદર ઝાડ જે હતા એનું જતન ના થવાના કારણે એ ઝાડ કપાઇ ગયા છે અને અમારે ત્યાં ૪–૫ મોટા પહાડો છે એક પહાડ કહેવામાં આવે છે જેના પર કાજુનું પ્લાન્ટેશન છે અમારે ત્યાં કમસેકમ કાજુના પ્લાન્ટ થયેલા છે. અમારે ત્યાં બીજા જે પહાડો છે એ લાકડિયા પહાડ તરીકે ગણવામાં આવે છે. એમ કહે છે કે મોટા મોટા ઝાડ અમારા વિસ્તારમાં ઊભા થયેલા છે પરિણામે રાષ્ટ્રીય પક્ષી મોર અને ચિતા જોઇ શકીએ છીએ. વનની અંદર જતન અને બજેટની અંદર ફાળવવામાં આવ્યા છે એનાથી જે અમને લાભ મળ્યો છે એ આજે અમે પ્રત્યક્ષ જોઇ રહ્યાં છીએ. ભૂતકાળની અંદર પણ આ હાઉસની અંદર એક ચિંતા થઇ હતી કે રોઝ કરીને જે નીલગાય પાકને ખૂબજ નુકસાન કરતી હતી એના માટે સરકારે શું કર્યુ? એના માટે સરકારે ૩૫૭૩ સરપંચો સાથે બેઠકો કરી આ રોઝ જે પાકને નુકસાન કરે છે તેનું સ્થળાંતર કરીને સેઇફ જગ્યા ઉપર રાખવા અને એના માટે ટેકનિકલ ગૃપ જોડી એને વધારે નુકસાન ના થાય અને પ્રાણી અને પાકનો બચાવ થાય એવી પદ્ધતિ કરી એના ઉપર કાબુ લેવામાં આવ્યો છે, એના માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ માં ૮૫ લાખની જોગવાઇ કરવામાં આવી અને ૨૦૧૪–૧૫ ની અંદર ૯૦ લાખ ૪૦ હજાર રૂપિયાની પણ જોગવાઇ સરકારે કરી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ અમારા યુવા નેતા માનનીય દેવુસિંહભાઇ લઇને આવ્યાં છે એમાં હું મારો સૂર પુરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર પાટનગર ગુજરાતનું એક પ્રતિબિંબ છે. ગુજરાત કેવું સુંદર અને કેટલું આદર્શ છે તેનું પ્રતિબિંબ એટલે ગાંધીનગર અને આ પાટનગરમાં ભારતના ભાવિ વડાપ્રધાન અહીંયા વસે છે અને રહે છે એટલે જ સ્વાભાવિકપણે ગુજરાત ગૌરવશાળી ગુજરાતના આ ગાંધીનગર એ ગૌરવશાળી કહેવાય છે. અનેક સરકારો આવી અને ગઇ, ગાંધીનગરમાં અનેક મુખ્યમંત્રીઓ અહીંયા રહે છે પણ કોઇએ ગાંધીનગરની ચિંતા ના કરી અને આ મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરની ચિંતા કરીને એની કાયાપલટ કરી. હું એવું ચોક્કસપણે કહીશ કે ગાંધીનગરમાં પાટનગર યોજના દ્વારા આ ગાંધીનગરની કાયાપલટ કરવામાં આપણા

પાટનગર યોજના મંત્રીશ્રી આનંદીબેને પણ આ ગુજરાત સરકારમાંથી ૨.૧૧ કરોડ જેટલી અમૂલ્ય રકમ આપી કાયાપલટ કરવાનું કામ પણ આ સરકારે કર્યુ છે. ગાંધીનગરની અંદર મારે એક વાત ચોક્કસપણે આજે કહેવી છે કે ગુજરાત નહિ પણ દેશની આઝાદીની ચળવળમાં મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા મહાપુરુષોએ સિંહ ફાળો આપી ગુજરાત નહિ પણ આખા દેશને ગુલામીમાંથી મુક્ત કરાવ્યાં. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર રહી. કોઈપણ કોંગ્રેસના નેતાએ ગુજરાતના આ સુપુત્રોની ચિંતા ના કરી અને આ મહાત્મા મંદિર માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ મહાત્મા મંદિર બનાવ્યું અને મહાત્મા મંદિર બનાવ્યું એની સાથે સાથે રોડ, રસ્તા, ગટર, પાણીનું પણ સુઆયોજન કર્યું. સાથે સાથે મારે એ પણ કહેવું છે કે જ્યારે સરદાર પટેલનું સ્મારક બનાવવાની વાત આપણા મુખ્યમંત્રીશ્રીએ કરી અને એનું ખાતમુહૂર્ત પણ કર્યુ. એ દિવસ દૂર નથી કે જે ખાતમુહૂર્ત થયું છે એના સ્મારકનું લોકાર્પણ પણ આજ મુખ્યમંત્રી વડાપ્રધાન થઇને કરવા જઇ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ ચોક્કસપણે કહીશ કે માનનીય આપણા વિરોધપક્ષના નેતા આદરણીય શંકરસિંહભાઇએ ભંગાર શબ્દ કહ્યો. ખરેખર તો એમણે ગુજરાતની અંદર ગૌરવ અપાવે એવું સરદાર પટેલ સાહેબ માટે સ્મારક બનતું હોય તો આવો સાથે મળીને એનું સ્મારક બનાવીએ. આવો અભિગમ અપનાવ્યો હોત તો મને ચોક્કસપણે આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, હવે બીજી એક વાત પણ કરું, પાણીની વાત. પાણી વેડફાય છે એવી પણ વાત શ્રી શંકરસિંહજી માનનીય ગૃહના વિપક્ષના નેતાએ કરી તો ચોક્કસપણે એક વાત ઉપર હું ધ્યાન દોરું છું. ગાંધીનગરમાં ગટરનું પાણી, એનો ૧૦ એમ.એલ.ડી.નો પ્લાન્ટ એનું શુદ્ધિકરણ કરી અને પાણીની શું કિંમત છે એ આ સરકારે બતાવ્યું છે. શુદ્ધિકરણ થયેલું પાણી ગાંધીનગરના બાગ-બગીચાઓમાં આપવા માટે આ સરકાર કટિબદ્ધ થઇ છે. એનો પ્લાન્ટ પણ ગાંધીનગરમાં શરૂ થઇ ગયો છે. વિપક્ષના નેતાને હું વિનંતી કરું છું કે, આ પાણીનું મૂલ્ય સરકાર સમજે છે. એ પ્લાન્ટ જોવો હોય તો આપ જોઇ આવજો.

માનનીય અધ્યક્ષશ્રી, ગટરની વાત હોય તો એ પાણીનું શુદ્ધિકરણ થયું અને પીવાના પાણીની પણ સમસ્યા ગાંધીનગર જ્યારે થયું ત્યારે ૩૦ લાખ લીટરની પાણીની એક ટાંકી હતી. એ વધતી જતી વસ્તીના કારણે એની સમસ્યાના ઉકેલ માટે ૧૨૦ લાખ લીટર જેટલી પાણીની ટાંકીઓ આ સરકાર દ્વારા ત્રણ તબક્કામાં બની ચૂકી છે અને એનું પાણી પણ આ પાટનગર યોજના દ્વારા ગાંધીનગરને અપાઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક અગત્યની વાત આપના ધ્યાને મૂકવા માગુ છું કે, ૨૦૧૨માં સત્તાની લાલસામાં ઘરનું ઘર એવા ફોર્મ બહાર પાડ્યા, એનો આભાર પણ માનું છું કે, એ ફોર્મનો ઉપયોગ અત્યારે થઇ રહ્યો છે. એ ફોર્મ આજની તારીખમાં સુખડિયાની દુકાનમાં ખમણ ખાવા માટે લોકો ઉપયોગ કરી રહ્યા છે. એમણે ન કર્યું પણ આ સરકાર એ સેવા-વસ્તીના લોકો માટે ( સમયસૂચક ઘંટડી) સેવા-વસ્તીને સારું ઘર મળે એના માટે ગાંધીનગરમાં જે કિંમત અત્યારે ગાંધીનગરની જમીનની લાખ્ખોમાં અંકાય એવી જમીનમાં ૮૦૦ જેટલા આવાસો તૈયાર કરી દીધા છે અને આ સેવા-વસ્તીના મારા ભાઇ-બહેનોને જ્યારે લોકાર્પણ થવા જઇ રહ્યા છે, એ પણ ટૂંક સમયમાં આ સરકાર આપવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ વાત કરવી છે કે, ગાંધીનગરની અંદર રાજ્યકક્ષાની અલગ અલગ કચેરીઓ માટે ગાંધીનગરની અંદર ખૂબ જ સુંદર અત્યારે આવાસો ઉભા થઇ રહ્યા છે. એમાં જિલ્લા કક્ષાની કચેરીઓ હોય, રાજ્ય કક્ષાની હોય એ પણ મિત્રોને હું વિનંતી કરું છું કે, જોઇ આવજો. આ સરકાર ખૂબ જ પ્રામાણિક અને ખૂબ જ સુઆયોજીત રીતે નવી નવી કચેરીઓનું પણ લોકાર્પણ કરી રહી છે.

અધ્યક્ષશ્રી : અશોકભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી પુનાભાઇ.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત (વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ લઇને સભ્યશ્રી દેવુસિંહભાઇ આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર એમ ઇચ્છે છે અને અત્યારે એમના સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ એમ કહેતા હતા કે, અમે છેવાડાના માનવી સુધી સુખાકારીનું કાર્ય પૂર્ણ કરી દીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત યાદ દેવડાવવા માગુ છું કે, ગત માર્ચમાં મેં પ્રશ્ન પૂછ્યો હતો, એ ખેડૂતોને લાગતો વળગતો પ્રશ્ન હતો, માનનીય મંત્રીશ્રી પણ મારી સામે જ બેઠા છે, જે યોજના ઉકાઇ કાકરાપારમાંથી હાઇ

લેવલનું ખોદકામ ચાલી રહ્યું છે અને એ ૨૦૦૭માં પૂર્ણ થઇ જવાનું હતું પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આજે જે રીતે વાતો કરે છે માનનીય સભ્યશ્રીઓ, એ મારે નહીં બોલવું જોઇતું હતું પરંતુ માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો હતો કે ૩૦ જૂને, ૨૦૧૩માં આ કામ પૂર્ણ થઇ જવાનું છે. મારા અધિકારીશ્રીએ કીધું છે. એ કામ પૂર્ણ થયું નથી. પ્રાયોરીટી પર પ્રશ્ન આવેલો છે. એ પ્રશ્નોત્તરીની બુક પણ મેં સાચવી રાખી છે. આજે પણ ૨૦ ટકા કામગીરી અધુરી છે. ઉકાઇ ડેમમાંથી જે પાણી મળવાનું છે એ કયારે મળવાનું છે એ તો અમારા મત વિસ્તારના લોકો અને ખેડૂતો આજે સપના જુએ છે. એટલે મિત્રો, જયારે યોજના બનાવી હોય ત્યારે આપણા જ ખેડૂત મિત્રોને વિકાસ થાય એ દિશામાં વિચારીને જયારે કર્યો હોય ત્યારે સમયસર કાર્ય પૂર્ણ થવું જોઇએ. આજે છ વર્ષ થઇ ગયા છે. પૂર્ણ નથી થયું. છ વર્ષ વધારાના થઇ ગયા છે એટલે મારી માનનીય મંત્રીશ્રીને અધ્યક્ષશ્રી મારફત ખાસ વિનંતી છે કે વહેલામાં વહેલી તકે એવા જે કામો છે, ખેડૂતલક્ષી કામો છે એ ખેડૂતોનું જો હિત જોતા હોય તો વેળાસર પૂરા કરવા જોઇએ અને ખેડૂતોને એનો લાભ મળવો જોઇએ. સામે બેઠેલા ઇશ્વરભાઇ અને એ બધા સુખી અને સમૃદ્ધ માણસ છે, ગણપતભાઇ અને એ બધા મારા મિત્રો છે. મોહનભાઇને તો ઉકાઇ ડેમમાંથી પાણી સરસ મળે છે એટલે ખેતી કરે છે પણ મારા ગામ આવીને વસી જુએ ત્યારે ખબર પડે કે મુશ્કેલીમાંથી જે માણસ પસાર થાય છે એની જો રાજય સરકાર ચિંતા કરતી હોય તો એમ માનું છું કે આ રાજય સરકાર ખૂબ સારી કામગીરી બજાવી રહી છે.

કેટલાક આજે એવા પ્રાણ પ્રશ્નો છે કે શિક્ષિત બેરોજગારો આ રાજયમાં ઘણાબધા છે. વર્ષો દરમિયાન એમની વયમર્યાદા પણ પૂરી થતી જાય છે એટલે શિક્ષિત બેરોજગારો માટે પણ આ રાજય સરકારે ચિંતા કરવી જોઇએ અને બધાને રોજગારી મળે એ દિશામાં કાર્ય કરવું જોઇએ. એ જ રીતે નર્મદા અને ઉકાઇ ડેમના ડુબમાં ગયેલા ગામો જે પુનર્વસન કરાયેલા છે એમને જે જગ્યાએ વસાવ્યા છે એ જગ્યા પર પુરતી આજે લાઇટની સગવડતા નથી, રસ્તાની સગવડતા નથી. એમને જીવવા માટે એમને પુરતી જમીન પણ મળી નથી એવા પણ કેટલાક કિસ્સાઓ છે ત્યારે સામે બેઠેલા મારા તમામ મિત્રોને ખાસ વિનંતી છે કે એ લોકોને પણ સુખ જોઇએ છે. મુશ્કેલીઓમાંથી જે માણસ પસાર થાય છે એને ખબર પડે છે ગુજરાત રાજયના છેવાડાના તમામ લોકોની વિકાસ ગાથાની જે આજે વાહ વાહ કરવામાં આવે છે એ ગાથાને તપાસી જુએ કે હજી પણ કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાની પણ મુશ્કેલી છે. મારા મત વિસ્તારની વાત કરું તો મેં જયારે પ્રશ્ન પૂછયો હતો ૨૦૦૮માં ત્યારે જે રસ્તો છે વ્યારા–ધામણદેવી–સરાકેવડીનો રસ્તો હજી ૧૦ કિલોમીટર બાકી છે. અડધો થયો છે અને અડધો બાકી છે. ત્યારે આવા રસ્તાઓ પણ ગુજરાત રાજયના છેવાડામાં, ગુજરાત રાજયમાં વસતા લોકોને આજે મુશ્કેલી છે અને એ મુશ્કેલી દુર કરવા માટે આ રાજય સરકારે ચિંતા કરવી જોઇએ અને એમાંથી લોકોને બહાર કાઢવા જોઇએ અને એમને સુવિધા અને સગવડ પ્રાપ્ત થવી જોઇએ એવી આશા રાખીને જયારે લોકો બેઠા છે ત્યારે આપણે કોઇકની વાહ વાહ કરતા પહેલા આપણે આપણા લોકોના આ રાજયમાં વસતા તમામ પ્રજાજનને સગવડતા પૂરી પાડવી જોઇએ એ દિશામાં કામ કરવું જોઇએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનને આદર આપતો અને ટેકો કરતો માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ જે પ્રસ્તાવ લાવ્યા છે, તેને મારો સંપૂર્ણ ટેકો છે.

મારો વિષય ગંભીર છે. કાયદો અને ન્યાય મારો વિષય છે. આપ સૌ સંમત થશો. સમગ્ર વિકાસ લોકોનો, સમાજનો, નાગરિકનો, દેશનો એનું તમારે જો પરિમાણ કાઢવું હોય તો કાયદો અને એની ન્યાય વ્યવસ્થા શું છે, એના ઉપરથી નક્કી થઇ શકે અને માટે જ ફિલોસોફર એરિસ્ટ્રોટલે કહેલ કે સર્વે પ્રાણીઓમાં મનુષ્ય ઉત્તમ અને શ્રેષ્ઠ પ્રાણી છે. પછી કહ્યું ચેતવતા. પણ જો કાયદો અને ન્યાયથી એને જુદો પાડવામાં આવે તો એનાથી વર્સ્ટ કોઇ નથી. માટે હું કહું છું કે સમાજની વ્યવસ્થામાં ચકાસણી કરવી હોય ત્યારે સરકાર કઇ રીતે કામગીરી કરી રહી છે એ કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર હોય તો એની ન્યાયની વ્યવસ્થા અને કાયદાની વ્યવસ્થા ઉપર ધ્યાન આપવું જોઇએ. ન્યાય કેવો હોવો જોઇએ. ન્યાય ઝડપી, સસ્તો, સરળ અને ઘરના આંગણે મળતો હોવો જોઇએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ છેલ્લાં ૧૨ વર્ષથી આ અભિગમ ચાલુ રાખેલ છે. કાનૂની શિક્ષણની શિબિરોનો અભ્યાસ કર્યો. ટોટલ જોઇએ તો ૩,૭૬,૯૨૦ શિબિરો કરવામાં આવી એ અન્ય રાજ્યોની કમ્પેરિઝનની અંદર સર્વશ્રેષ્ઠ આપણું ગુજરાત છે. "ના કોઇ હારે કે ના કોઇ જીતે" તે

અભિગમ સાથે લોકઅદાલતો યોજવામાં આવે છે, ત્યારે ૧,૩૩,૦૦૦ લોક અદાલતો આ રાજયમાં કરવામાં આવી. જેમાં ૬૩,૮૨,૦૦૦ કેસોનો નિકાલ થયો. તેમાં ૫,૪૧૭ કરોડ રૂપિયાના એવોર્ડ થયા. આ એક સિદ્ધિ છે. ગરીબો અને શ્રમિકોને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર દેશમાં સૌથી પહેલા સાંધ્ય અદાલત શરૂ કરી, જેથી ગરીબો, શ્રમિકોને દિવસો ન પડે અને એને રોજીરોટી ચાલુ રહે અને એમાં ગુજરાત નંબર–૧ છે. આ બાબતમાં ૮૬ કોર્ટો કાર્યરત થઇ. ૯ લાખ કેસોનો નિકાલ થયો. કલ્પના કરો મિત્રો, એટલું જ નહિ પરંતુ મિડિયેશન સેન્ટરથી સમાધાનથી તકરાર વગર કેસોના નિકાલ માટે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા તમામ સેન્ટરે મિડિયેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યાં. હાઇકોર્ટમાં આજે આની કામગીરી શરૂ છે અને ઘણી સારી રીતે ચાલી રહી છે. એટલું જ નહિ, પરંતુ મને કહેવા દો કે માનનીય મુખ્યમંત્રીશ્રી દીર્ઘદ્રષ્ટિવાળા છે. એ રીતે મુલવીએ તો ઇ–કોર્ટ આજે સાયન્સ અને ટેકનોલોજીનો જમાનો છે. એને સાથે રાખીને ન્યાયની પ્રક્રિયા સરળ કરી. ઇ–ગવર્નન્સ, ઇ–કોર્ટ શરૂ કરવામાં આવી. તમામ જજોને લેપટોપ આપવામાં આવ્યા. લાખોની સંખ્યામાં ચુકાદા હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના છે. એક બાજુ જજના જ્ઞાનને સમૃદ્ધ કર્યુ અને બીજી બાજુ તમામ ગુજરાતના સરકારી વકીલશ્રીઓને લેપટોપ આપવામાં આવ્યા તેમને તેની ટ્રેનિંગ આપવામાં આવી. એટલું જ નહિ માનનીય મુખ્યમંત્રીશ્રી અને કાયદા વિભાગ અને માનનીય મંત્રીશ્રીઓ સરકારી વકીલોથી માંડી તાલુકા મથકે, જિલ્લા મથકે સવા બે કરોડ બાર કાઉન્સિલ મારફતે ફાળવવામાં આવ્યા. દરેક તાલુકાના વકીલો જ્ઞાનમાં સમૃદ્ધ થાય તે માટેના અથાગ પ્રયાસો કરવામાં આવ્યા. માળખાગત સુવિધામા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી જોઇએ તો ૧૦૦ કરોડ રૂપિયા આંતરરાષ્ટ્રીય કક્ષાની આ યુનિવર્સિટીનું કેમ્પસ બનાવવામાં આવ્યું, જેને અન્ય રાજયની સરખામણીમાં નેશનલ લો યુનિવર્સિટીનું નામ આગળ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષમાં ન્યાય એ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીનો ધ્યેય છે અને કેન્દ્ર સરકારે એમ કહ્યું કે ૧૫ વર્ષથી પેન્ડીંગ કેસો હોય તો તેનો ઓછામાં ઓછો ત્રણ વર્ષમાં નિકાલ કરવો જોઇએ. જયારે આપણી સરકારે એવું નકકી કર્યુ કે ૧૫ વર્ષ જૂના કેસોનો નિકાલ એક વર્ષમાં થાય તેના માટે ફાસ્ટ ટ્રેક કોર્ટો કેન્દ્ર સરકારે ચાલુ કરી હતી તેનો ખર્ચો પાછો ખેંચી લીધો. ગુજરાત સરકારે ૫૧ ફાસ્ટ ટ્રેક કોર્ટોનો ખર્ચો પોતાના માથે ઉઠાવી લીધો આ અભિનંદનને પાત્ર છે તે ધ્યાનમાં લેવું જોઇએ. ૨૦૦૧–૨૦૦૨માં માત્ર ૧૦૮ કરોડ રૂપિયાનો ખર્ચ થતો હતો ત્યારે ટીપે ટીપે નહીં પરંતુ ઘડે ઘડે આ સરકારે ન્યાયની પ્રક્રિયા માટે ૨૦૧૩–૧૪માં ૧૧૦૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેના બજેટની અંદર એક હજાર ટકાનો વધારો કર્યો અને મારે અભિનંદન આપવા છે વિપક્ષને કેમકે તેઓ જે સુધારા લાવ્યા છે તેમાં ૩૬ મુદ્દા લીધા પરંતુ કાયદો અને ન્યાય માટે કંઇ મળ્યું નથી તેના માટે તેમને હું અભિનંદન આપું છું અને માનનીય લો મિનિસ્ટરશ્રીઓને પણ હું અભિનંદન આપું છું. ધન્યવાદ.

શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ રાજયપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં કોંગ્રેસની યુપીએની સરકારના મંત્રીઓ જયારે ભ્રષ્ટાચારની જાળમાં એક પછી એક તેમના નામ બહાર પડવા લાગ્યા ત્યારબાદ દેશની જનતામાં અન્નાએ જે આંદોલન કર્યુ.

અધ્યક્ષશ્રી : જીતુભાઇ, આપણા વિષય ઉપર આવો.

શ્રી જીતેન્દ્ર સુખડીયા : હું વિષય ઉપર જ આવું છું.

અધ્યક્ષશ્રી : અન્નાના આંદોલન પછી લાલુ તેની અંદર આવશે અને બીજા આવશે. આપણે વિધાનસભાની વાત કરો. આ બુકમાં જે બોલ્યા છે તેમાં વાત કરો.

શ્રી જીતેન્દ્ર સુખડીયા: માનનીય અધ્યક્ષશ્રી, દેશની જનતા જે ચિંતિત થવા માંડી હતી તેને ગુજરાતમાં જે અવિરત વિકાસ થયો તેનાથી પ્રેરાઇને દેશની જનતાને એમ લાગ્યું કે ગુજરાતમાં જે રીતનો વિકાસ થયો છે, જે રીતે સમાજના તમામ વર્ગોને સાથે લઇને ચાલવામાં આવી રહ્યા છે, સૌનો સાથ સૌનો વિકાસ તે સૂત્રને સાર્થક કરી રહ્યા હોય ત્યારે ગુજરાતનો જે વિકાસ થયો છે તેવો વિકાસ દેશમાં થવો જોઇએ

અને તેવો વિકાસ દેશમાં થાય તેના માટે રાજયના આપણા ગૃહના નેતા માનવંતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપર જે વિશ્વાસ મૂકયો અને આજે નરેન્દ્રભાઇ આખા દેશનું ભ્રમણ કરી રહ્યા છે. તેમાં પૂર્વનું રાજય હોય, પશ્ચિમનું રાજય હોય, કોઇપણ રાજય હોય ત્યાં તેમને જે આવકાર મળી રહ્યો છે તે જોતાં એમ લાગે છે કે ગુજરાતના વિકાસે દેશને પ્રેરણા આપી છે.

હું સરકારના પ્રવાસન વિભાગે પોતાની સુંદર કામગીરી દ્વારા રાજયના પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે જે ઉચ્ચત્તમ શિખરો સર કર્યા છે, તે દેશના અન્ય રાજયોની તુલનામાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેના પર મારા કેટલાક વિચારો મૂકવા માગું છું. અમારી સરકારે યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા જે અભૂતપૂર્વ કામગીરી કરી છે તેના ઉપર ચર્ચા કરવા માગું છું. ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યા ૨.૫૪ કરોડ જેટલી થઇ છે અને જેમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. દેશના પ્રવાસન ક્ષેત્રનો વિકાસદર ૭ ટકા છે જયારે ગુજરાતનો આ દર અકલ્પનીય એવો દર એટલે કે તેનાથી ડબલ ૧૪ ટકા જેટલો થયો છે. પ્રવાસન ક્ષેત્રે ગુજરાત સરકારે જે કામગીરી કરેલ છે તેના માટે મહામહિમ રાષ્ટ્રપતિના વરદહસ્તે વર્ષ ૨૦૧૩માં ગુજરાત સરકારના પ્રવાસન વિભાગને ત્રણ ત્રણ મહત્વના એવોર્ડ પ્રદાન થયા છે. ગુજરાતે દેશને મહાત્મા ગાંધી આપ્યા કે જેમણે દેશને આઝાદી અપાવી. ગુજરાતે દેશને સરદાર પટેલ આપ્યા. જેમણે ૫૬૨ જેટલા રજવાડાઓનું વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યુ. હવે આ જ ગુજરાતે એક એવા દેશભકત શ્રી નરેન્દ્રભાઇ મોદીની ભેટ આપી છે કે જે શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરશે. ગુજરાતના યાત્રાધામોમાં યાત્રિકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. રોજગારીની વિપુલ તકો ગરીબ જનતામાં, ગ્રામીણ જનતામાં પ્રાપ્ત થઇ રહી છે. બેકારીનો જે પ્રશ્ન છે તેમાં પ્રવાસન ક્ષેત્રના માઘ્યમથી રોજગારીની તકોમાં વધારો થયો છે.

માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીની આગવી સૂઝ અને માર્ગદર્શનથી યાત્રાધામોના વિકાસની જબરજસ્ત કામગીરી થઇ રહી છે. આપણા પવિત્ર યાત્રાધામો જે છે એમાં સોમનાથ (પ્રભાસપાટણ), દ્વારકા, અંબાજી, શામળાજી, ડાકોર, પાવાગઢ, ચોટીલા, બહુચરાજી, પાલીતાણા, સિદ્ધપુર અને છેલ્લે જે, શ્રી રામપગદંડી કે જે ડાંગમાં આવેલી છે તથા અન્ય ધાર્મિક સ્થાનોનો વિકાસના કાર્યો ખૂબ જ તેજ ગતિથી આજે ચાલી રહ્યાં છે.

માનનીય અઘ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિમાં જે ૧૨ જયોતિર્લિંગ પૂજય ગણાય છે તે પૈકીનું પ્રથમ શ્રી સોમનાથ જયોતિર્લિંગ પ્રભાસ ક્ષેત્રમાં બિરાજમાન છે.

માનનીય અઘ્યક્ષશ્રી,પ્રભાસ ક્ષેત્રે ભારતીય સંસ્કૃતિની બે દિવ્ય વિભૂતીઓ, ભગવાન શિવ અને ભગવાનશ્રી કૃષ્ણ એ બંનેના આદિતીર્થ તરીકે પ્રાચીન સમયથી જ સુવિખ્યાત છે. પ્રભાસક્ષેત્રે સોમનાથના વિકાસ કાર્યમાં શિવ સૃષ્ટિ હરિહર પથ પ્રોજેકટ, હિરન, કપિલા અને સરસ્વતી નદીનો ત્રિવેણી સંગમ, ત્રિવેણી ગોલકધામનો ૩.૨૫ કિલોમીટરનો લીંકીંગ કોરીડોર, સમુદ્ર રત્નાકરતટ વિકાસ પ્રાયોજના, સોમનાથ ગુફા વિકાસ, સોમનાથ પરિસર, શ્રી કૃષ્ણ દેહોત્સર્ગ ખાતે વિસ્તૃતિકરણની કામગીરી અને દ્વારકા ખાતે ભગવાન શ્રી કૃષ્ણની સોનાની દ્વારિકા કાંઇ કેટલીય સદીઓ સુધી તે પથ્થરની દ્વારિકા બની રહી, પરંતુ દેશ અને દુનિયાના કરોડો હિન્દુઓનું તે શ્રદઘા કેન્દ્ર બની રહી છે. આઝાદીના ૫૦ વર્ષ સુધી આ ક્ષેત્રે દ્વારિકામાં પણ કોઇ કોઇ વિકાસના કાર્યો ન થયા પરંતુ હવે છેલ્લા દશ વર્ષથી તે ફરીથી સોનાની મૂરત ધારણ કરી રહી છે. મંદિર પરિસર, ગોમતીઘાટ સહિતના તમામ વિકાસ કાર્યોથી પ્રભાવિત યાત્રાળુઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે.

માનનીય અઘ્યક્ષશ્રી, શામળાજી ખાતે પણ શામળાજી યાત્રાધામના ૧૦૦ કરોડના નવનિર્માણ કાર્ય પ્રોજેકટના પ્રથમ તબકકાની મંદિર સંકુલની કામગીરી હવે પૂર્ણતાને આરે છે. શામળાજી પાસે દેવની મોરીનો પ્રોજેકટ ભગવાન બુદ્ઘની અસ્થિ જયાં છે ત્યાં સદર પ્રોજેકટ બૌઘ ઘર્મીઓનું એક મહત્વનું આસ્થા કેન્દ્ર બની રહેશે. તેના સંપૂર્ણ વિકાસનો કાર્યક્રમ હાથ ઘરાયેલ છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સિનિયર આગેવાનશ્રી નરોત્તમ બાપા વાત કરતા હતા કે કોંગ્રેસ મુકત ભારત અંગે જે વાત કરતા હતા, પણ એક અમને ફાયદો છે કે, અમારું કોંગ્રેસનું શુદ્ધિકરણ ચાલુ થયું છે અને ભાજપનું કોંગ્રેસકરણ ચાલુ થયું છે. કોંગ્રેસ તો જેમ છે એમ રહેવાની જ છે. અમને પ્રમોશન મળ્યું છે, સામે ડીગ્રેડીંગ ચાલુ થયું છે. આની ઉપરથી મને એક શેર યાદ આવી ગયો કે– બુઝદીલ મુસીબતકે આગે બીખર જાતા હૈ, બુઝદીલ મુસીબતકે આગે બીખર જાતા હૈ, અંધેરો કે આગે સાયા ભી ઠહર જાતા હૈ, હમારે હોંસલે કા ઇમ્તહાન લેનેવાલો આગમે જલકર સોના કાલા નહીં હોતા, ઓર ભી નીખર જાતા હૈ. એમ અમારું શુદ્ધિકરણ જે થાય છે એના કારણે બહુ ચમક અમારામાં આવી જશે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨માં અમારા જુનાગઢમાં એક ભાઇ, બીજેપીના સિનિયર આગેવાન હતા અને કોમામાં આવી ગયા, ૧૧ વર્ષ પછી હમણાં તે પાછા કોમામાંથી બહાર આવ્યા અને જયારે તેઓ બીજેપીની ઓફિસે ગયા ત્યારે એમને કહ્યું કે આ ઓફિસ અમારી બીજેપીની નથી પણ કોંગ્રેસની ઓફિસ થઇ ગઇ છે, આ પરિસ્થિતિ આપની છે. ધીરે ધીરે અમારું વર્ચસ્વ તમારામાં પણ એટલું આવી જવાનું છે. (અંતરાય) સર, કોંગ્રેસ સારી છે, બંને બાજુ અમે ફાવવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દેવુસિંહભાઇ જે વાત વંશની કરી હતી, એના ઉપરથી મને વાત યાદ આવી કે, ૧૯૯૧–૯૨ની વાત છે, કોંગ્રેસ પાર્ટી તરફથી અમને ત્રણ ધારાસભ્યોને કચ્છ અને જામનગર જિલ્લો સોંપવામાં આવ્યો હતો. અછતની કામગીરીની સર્વે કરીને મદદ કરવા માટે, અમે ત્રણ ધારાસભ્યો વારાફરથી કચ્છના ગામડાંમાં જતા હતા, અને જયારે ઓળખાણ આપવામાં આવતી, અને મારી ઓળખાણ આપવામાં આવતી કે, આ પેથલજી બાપાનો દીકરો, એના કારણે બનતું એવું કે, સામેથી કયાંક ચા–પાણી આવતા, કયાંક નાસ્તો આવતો, નાસ્તો આવતો તો જમવાનો આગ્રહ કરતા, ત્યારે મારા ભેગા ધારાસભ્યશ્રીઓ હતા એ મને કહેતા કે તારા બાપાને કારણે તને ફાયદો થાય છે. એ રીતે આખો દિવસ એમ મને કહેતા રહ્યાં અને સાંજે જ્યારે અમે સરકીટ હાઉસ પહોંચ્યા ત્યારે મેં એમને વાત કરી કે આપણા ભારતનું બંધારણ પણ એવું છે, આપણી સામાજિક વ્યવસ્થા પણ એવી છે, આપણી સંસ્કૃતિ પણ એવી છે કે, બાપ જે કરે એ એના દિકરા પાસે જાય છે. પછી તે આર્થિક હોય, સામાજિક હોય કે રાજકીય હોય. એમ મારા બાપાએ કાંઇ કર્યું હોય એ મને મળ્યું છે એ બહુ સારું છે. આ પ્રશ્ન તમે તમારા ઘરમાં જઇને કરો કે તમારા બાપાએ હજુ કેમ કાંઇ નથી કર્યું? વંશનો આનાથી સારો જવાબ હોઇ ન શકે! આપણા બાપાએ કર્યું હોય તો આપણી પાસે એની મેળે આવે છે. અમારો ઇતિહાસ એવો સારો છે અને રાહુલજી કહી શકે એમ છે કે, મારા બાપે બલિદાન આપેલું છે, એની માં એ ૩૬ ગોળીઓ છાતીમાં ખાધી છે ને જેને કારણે અમે કહી શકીએ છીએ. આપની પાસે એવો કોઇ ઇતિહાસ હોય તો આપ કહી શકો છો ભૂતકાળ. પણ, ભૂતકાળમાં નામ લેવું હોય તો તમારે અમારું જ લેવું પડે. સરદાર વલ્લભભાઇ પટેલ, મહાત્મા ગાંધી આ નામો તો બધાય અમારા છે. તમારે મોટું થાવું હોય, ભૂતકાળની વાત કરવી હોય તો પણ અમારી પાસે જ આવવું પડે છે, અત્યારે જે ચાલે છે એ અમારામાંથી જ ચાલે છે. આમાં અમે પહેલા કે પછીમાં પણ અમે ફરજીયાત છીએ. ભારતમાંથી કોંગ્રેસ કદી જઇ શકે એવી સ્થિતિમાં જ નથી કારણ કે, લોહીમાં છે. (અંતરાય) આપ પણ બધા બોલ્યા છો, માનનીય અધ્યક્ષશ્રી, હું તો ઘણો ખુશ થયો છું એકદમ શુદ્ધિકરણ અમારું ચાલે છે. શુદ્ધિકરણમાં અમને ઘણાં..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં ભાઇ, શુદ્ધિકરણની વાત ન થાય, જે બગડેલા હોય એને શુદ્ધ કરવા પડે, એટલે બગડેલા છે એની કબૂલાત કરો છો?

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બાબુભાઇ, આમાં તમામ જગ્યાએ વહીવટ તો અમારો જ આવીને ઊભો રહી ગયો છે. તમે હોય તો પણ ત્યાં અમારો જ ઊભો રહે છે ત્યાં લોકસભામાં

જૂનાગઢમાં હોય કે પોરબંદરમાં હોય. આ અમારા જ છે બધી જગ્યાએ અને બનશે એવું કે ભવિષ્યમાં તમારો વહીવટ અમે જ કરવાના છીએ.

અધ્યક્ષશ્રી : આમાં ભાઇ, અમારા તમારા કરતા આપણા કહોને, કાલે કોણ ક્યાં હશે એ કાંઇ ખબર નથી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : ના, મારું સાહેબ, ફીક્સ છે હો. હું ક્યાં છું એનું મારી પાસે જ્ઞાન છે બીજાની ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે દેવુસિંહભાઇ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં આગળ એટલું જ કહીશ કે ગુજરાતમાં કાયદોને વ્યવસ્થાની જે પરિસ્થિતિ પેદા થઇ છે અને એ થવાનું કારણ એ છે કે આપણા ઓફિસરો જે બીજા કામે લાગી ગયા છે, એણે જે મૂળ કામ કરવાનું હતું કાયદો વ્યવસ્થાનું એને બદલે જાસૂસીમાં લાગી ગયા છે, હું આઇ.બી.ની વાત કરું છું. અને બેય કામમાં લાગવાના કારણે પરિસ્થિતિ આપણી ઘણી નબળી થઇ ગઇ છે. દિન–પ્રતિદિન આપણે ત્યાં રેપના કેસ વધતા જાય છે, છેડતીના અને લૂંટના કેસો વધતા જાય છે, દુકાન તૂટતી હોય અમારા જૂનાગઢની અંદર તો એ નોર્મલ વસ્તુ છે, ચેન ખેંચવાના કેસો નોર્મલ થઇ ગયા છે. કાયદો વ્યવસ્થા તો શુદ્ઘ આપણા એટલા હતા કે મા, બહેન, દિકરી આપણી બહાર ગઇ હોય તો કોઇ આપણને ચિંતા ન રહેતી, પણ છેલ્લા દસ બાર વર્ષમાં સ્થિતિ એવી થઇ ગઇ છે કે, આપણી દિકરી કોઇ ધાર્મિક સ્થળ પર પણ ગઇ હોય તો પણ ટેન્શન રહે છે કે દિકરી પાછી આવશે કે નહીં આવે? એ સહી–સલામત પરત ઘરે પહોંચશે કે નહી પહોંચે?

માનનીય અધ્યક્ષશ્રી, આજે પછાતોની સ્થિતિ પણ એટલી જ ખરાબ છે. અમારે સાહેબ, એક અરજી કરવાની આવે તો ઓફિસમાંથી અમને ફોર્મ મળતું નથી, એ ફોર્મ પણ વેચાતા લેવા પડે છે. એક સમય એવો હતો કે ફોર્મ ભરવા માણસ ઘરે આવતો હતો. અત્યારે કોઇ ગરીબ ગયો હોય તો ઓફિસમાં ફોર્મ ન હોય અને ફોર્મ માગીએ ત્યારે ઝેરોક્ષવાળા પાસે ફોર્મની ઝેરોક્ષ કરાવવા મોકલતા હોય છે. જે મફતમાં આપવાનું ફોર્મ હોય છે ગરીબ માણસને માટેનું કે પછાત માટેનું તેના ૧૦૦ રૂપિયાથી માંડીને ૭૦૦ રૂપિયા સુધી અમે ચૂકવીએ છીએ ત્યારે ફોર્મ મળે છે. આ પરિસ્થિતિ આપણા ગુજરાતની થઇ રહી છે. આટલું કહીને હું બેસી જાઉં છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન પર આભાર પ્રસ્તાવ લઇને અમારા સાથી સભ્યશ્રી દેવુસિંહભાઇ ચૌહાણ આવ્યા છે એને હું સમર્થન કરું છું અને માર્ગ અને મકાન વિભાગમાં જે ટિપ્પણી મહામહિમ રાજ્યપાલશ્રીએ કરી છે જે સારી વાતો કરી છે એમાં મારા વિચારો રજૂ કરવાનું મને જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે માટે હું આભારી છું.

સૌ પ્રથમ તો અમારા વિપક્ષના કોંગ્રેસના સાથીઓને અભિનંદન પાઠવી એમનો આભાર માનું છું કે "કોંગ્રેસમુક્ત ભારત" એ જવાહરભાઇ ચાવડાએ સ્વીકારી લીધું છે, હમણાં જ એમણે કહ્યું કે અમે તો એને આવકારીએ છીએ અને અમારામાં શુદ્ધિકરણ થાય છે. એટલા માટે એમનો હું આભાર માનું છું. હું એવા વખતે આ મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું એવો સંક્રાંતિકાળનો સમય ચાલી રહ્યો છે, સર્વ સભાગૃહનું ધ્યાન હું એ બાબતે ખેંચવા માગું છું, આ સભાગૃહના નેતા, સભ્યશ્રી ભૂતકાળમાં ક્યારેય કોઇ પાર્ટીએ વડાપ્રધાન તરીકેનું નામ જાહેર કર્યું હોય તો એ કોઇપણ નામ હોય તો એ નરેન્દ્રભાઇ મોદીનું છે, અહીંયા સરદાર વલ્લભભાઇ પટેલની વાત થઇ, મોરારજીભાઇ દેસાઇને એક વખત સમય મળેલો, એમને પણ આ લોકોએ ટકવા નહોતા દીધા. સરદાર વલ્લભભાઇ પટેલ એ વડાપ્રધાન થવા જઇ રહ્યા હતા એમને પણ બનવા નહોતા દીધા, આજે કયા મોઢે, એમના મોઢામાં દુર્ગંધ આવે છે. કયા મોઢે આ સરદાર સાહેબની વાત કરે છે, એમને કોઇ અધિકાર નથી, આજે એવો સમય આપણી વચ્ચે આવ્યો છે કે આ સન્માનનીય સભાગૃહના સન્માનનીય નેતા નરેન્દ્રભાઇ મોદી એ આવતીકાલના દેશના વડાપ્રધાન છે આ દિવાલો ઉપર લખેલું સત્ય છે મિત્રો, આ મારી વાત ક્યારેય ખોટી નથી પડવાની, આ સભ્યો લખી લે લખવું હોય તો, જેવી વડાપ્રધાન પદના નામની જાહેરાત થઇ એ ભેગા જ દેશની જનતાએ એમને માથાં ઉપર ચડાવ્યા, લાખ્ખો લાખ્ખોની મેદની આ દેશમાં ભેગી થાય, રાજ્યોમાં ભેગી થાય અને હજી તો ચૂંટણીને ઘણી બધી વાર છે ત્યારે

આ દેશમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી હોય એ પ્રકારની ચર્ચાઓ, એ પ્રકારનું વાતાવરણ એ સ્વીકારેલું છે, અહીંયા કોંગ્રેસના મિત્રોનો પણ હું એ માટે આભાર માનું છું.

એક નવો ઇતિહાસ રચાવા જઇ રહ્યો છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ એ રાજ્યનું ઘરેણું છે, રાજ્ય એનાથી ઓળખાતું હોય છે એ આભૂષણ છે, જેમ બહેનો આભૂષણ પહેરીને નીકળે ત્યારે એમનું સૌંદર્ય વધારે ખીલતું હોય છે એમ માર્ગ અને મકાન વિભાગે ગુજરાત રાજ્યમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે, એના માટે આ રાજ્ય સમગ્ર દેશમાં ખૂબ આગળ વધી રહ્યું છે અને વધી ગયું છે એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને એ વિભાગના મંત્રી આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અહીંથી કોઇ વિપક્ષ સભ્ય વાત કરતા હતા સૌની યોજનાની, મને કહેતા આનંદ થાય છે કે, કોઇપણ યોજનાનું ખાતમુહૂર્ત, એની જાહેરાત અને લોકાર્પણ પણ કોઇ સરકારમાં થયાં હોય તો આ નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં થયાં છે, આજે વિપક્ષની સરકાર હતી ત્યારે એના શ્રીફળ અને પાણાં હજી પણ ગોતવા જવું પડે એવી સ્થિતિ પેદા થઇ છે. ખૂબ જાહેરાતો અને ખાતમુહૂર્તો કર્યા પણ આજે એનું નિર્માણ શક્ય નથી બન્યું. એવા વખતે અહીંયા ગુજરાતમાં માળખાકીય સુવિધાના માર્ગો, મકાનો અને પુલોનું નિર્માણ એમાં છેલ્લાં તેર વરસમાં ૮.૧૮ ટકાનો વધારો થયો છે, ૧૯૮૧ થી ૨૦૦૦ અને ૨૦૦૧માં ૨૨૯૨.૩૬ કરોડનું આયોજન હતું જ્યારે ૨૦૦૧થી ૨૦૧૩-૧૪ની અંદર ૨૫૩૧૦ કરોડ એટલે કે ૧૧ ગણો વધારો આ રાજ્યના માર્ગ અને મકાન વિભાગ માટે થયો છે. ૨૦૦૦-૨૦૦૧માં ૫૩૭.૭૫ કરોડનું વાર્ષિક આયોજન હતું જ્યારે ૨૦૧૩-૧૪માં ૪૪૦૦ કરોડ રૂપિયાનું વાર્ષિક આયોજન એટલે એક દાયકામાં ૮.૧૮ ગણો વધારો થયો. આને કહેવાય વિકાસ. આના માટે હું માર્ગ અને મકાન મંત્રી આનંદીબેન અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને આપ પણ ભૂતકાળમાં આ સરકારના નાણામંત્રીશ્રી રહ્યા છો ત્યારે આપને પણ એ અભિનંદનના યશકારી ગણી અભિનંદન આપું છું.

રાજ્યપાલના પ્રવચનમાં એક ખૂબ સુંદર વાત કરી છે આદિજાતિ વિસ્તારના ૨૫૦થી ઓછી વસતિ ધરાવતાં ગામડાં પેટાપરા હોય પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના વિઝન ડોકયુમેન્ટમાં જણાવ્યા પ્રમાણે કેન્દ્રમાં ૨૦૨૨માં નાણાં મંજૂર કરવામાં આવનાર છે. સાંભળજો મિત્રો, ૨૦૨૨માં આ નાણાં મંજૂર થવાના છે એ વિઝન ડોકયુમેન્ટ એ કયારેય ધરતી ઉપર કેન્દ્રની કોંગ્રેસની સરકારના મિત્રો ઉતર્યા નથી, ત્યારે રાજ્ય સરકારે પોતાના ફંડમાં આવા નાના નાના જે ૨૫૦ની વસતિવાળા ગામો છે તેમાં કામ પણ શરૂ કરી દીધું છે. આને કહેવાય વિકાસ, આને કહેવાય વિઝન, આને કહેવાય વિઝન ડોકયુમેન્ટ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણું રાજ્ય દેશ કરતાં એક દશકો આગળ છે. આ બધું રેકર્ડ ઉપર છે. દેશની જનતાએ એક દશકો એ દુનિયા કરતાં દેશને લઇ જવાનું નક્કી કર્યુ છે અને એટલા માટે નરેન્દ્રભાઇ મોદીને દુનિયા કરતાં એક દશકો ભારત આગળ આવે એના માટે હીરો તેણે વીણી લીધો છે અને તેને વડાપ્રધાન આગામી દિવસોમાં જનતાએ નક્કી કરી નાંખ્યા છે. ધોરી માર્ગો ગુજરાતના અર્થતંત્રનું સબળું પાસુ છે. આગળના ધોરી માર્ગો શા માટે કહેવાય છે એનો હું અનુભવ કહું. જે ધોરી નસ શરીરને સાબૂત રાખે, દોડતું કૂદતું, હસતું, રમતું રાખે તેવી જ રીતે ધોરી માર્ગો રાજ્યના અર્થતંત્રને ધબકતું અને જીવંત રાખે છે. જેમ કે આજે ૩૨૫૯ કિલોમીટરના નેશનલ હાઇવે, ૧૮૪૪૭ કિલોમીટરના રાજ્ય ધોરી માર્ગો, ૨૦૫૬૪ કિલોમીટરના મુખ્ય જિલ્લા માર્ગ, ૭૦,૦૬૧ કિલોમીટરના ગ્રામ્ય અને જિલ્લાના માર્ગ આમ ગુજરાતમાં ૧,૧૨,૩૩૧ કિલોમીટરનું રાજ્યવ્યાપી આ નેટવર્ક ધરાવે છે. આના કારણે પર્યાવરણની બચત થાય છે અને વિકાસની ગતિ વધે છે.

અહીંયા હમણાં વિકાસની વાતો કરતા હતા ત્યારે આ રોડ, આ પૂલો, આ મકાનો કરોડો કરોડો, ખર્વો ખર્વો રૂપિયાના વપરાય છે તેના કારણે માણસોની મિલકતોની કિંમત, જમીનની હોય, મકાનની હોય, રોડ ટચ જમીનની તો ગુજરાતમાં વાત નથી થતી એવી સ્થિતિનું નિર્માણ માર્ગ અને મકાન વિભાગના કારણે તેમાં એક છોગું ઉમેરાયું છે ત્યારે એ માત્ર લાંબા જ નહીં પણ પહોળા રસ્તાનું આયોજન દુરંદેશી એક આયોજનથી કર્યુ છે ત્યારે એ છ માર્ગીય રસ્તાઓ હોય, કે ચાર માર્ગીય રસ્તાઓ હોય, દસ મીટર પહોળા રસ્તા કરવાના હોય, ૭ મીટર કે ૫.૫ મીટરથી પહોળા રસ્તા કરવાના હોય હું આંકડામાં અત્યારે એટલા માટે

નથી પડતો પણ હું કેટલાં ગણો વધારો થયો છે તેની વાત કરવા માંગુ છું. છ માર્ગીય રસ્તાઓ ૨૦૦૧ પહેલાં હતા તેના કરતાં ૩.૫ ગણો વધારો થયો છે. ચાર માર્ગીય રસ્તાઓ જે ૨૦૦૧ પહેલાં હતા તેના કરતાં ૩.૬ ગણો વધારો આ સરકારમાં થયો છે. દસ મીટર પહોળા રસ્તા જે અગાઉ ૨૦૦૧માં હતા તેના કરતાં ૨૭.૫ ગણો વધારો માનનીય અધ્યક્ષશ્રી, ઉડીને આંખે વળગે આપણે જતાં હોઇએ તે રોડ ઉપર તો ખબર પડે એ પ્રકારનો અનુભવ બધા કરી રહ્યાં છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ તો આ બધા રસ્તાઓની વાતો ખૂબ થતી, કરતા પણ ખરાં પણ ૬૦/૪૦ના બિલો બની જતાં. એ વિપક્ષી આગેવાન હોય, તેનો અધિકારી હોય, રોડના રોડ ખવાઇ ગયા એટલા માટે ગુજરાતનો વિકાસ અત્યાર સુધી થઇ શકયો નથી. આ પ્રકારના રોડના રોડો તે ચવાઇ ગયા છે. આ રેકર્ડ ઉપર છે. ૬૦/૪૦ના બિલો આજે બંધ થઇ ગયા છે. પારદર્શક વહીવટ માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ અને આનંદીબહેને ઓન લાઇન ટેન્ડરો કરીને કોઇએ ટેન્ડર ભરવું હોય તો મૂંઝાય છે કે મારે કવોલિફિકેશન પ્રમાણે કામ કરવું પડશે. એમના બદલે જે પ્રકારનું ભંગાર કામ થતું હતુ તેમાંથી ગુજરાત બહાર નીકળ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આમાં એક ડિબેટ ચાલતી હતી. ટી.વી.ઉપર હું બે દિવસ પહેલાં જોતો હતો. તેમાં દેશના નાણામંત્રી ચિદમ્બરમ અને કોઇ એન્કર ટી.વી.ના હતા ત્યારે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું સારી વાત કરું છું. તેમાં સારા અર્થશાસ્ત્રીની વાત થતી હતી ડો.મનમોહનસિંહ અને ચિદમ્બરમજી સારા અર્થશાસ્ત્રી અને ત્રીજાનું નામ હું ભૂલી ગયો છું, ત્યારે એન્કરે એમ કહ્યું કે નરેન્દ્રભાઇ જે પ્રકારે બધે ફરીને, જે પ્રકારે તેની અર્થનીતિની વાત કરે છે ત્યારે તે તમારા બધા ઉપર ભારી પડી જાય છે. મને કહેતા આનંદ થાય છે કે, આવનારા દિવસોમાં વડાપ્રધાન ડો.નરેન્દ્રભાઇ અર્થશાસ્ત્રી તરીકે ઓળખાવાના છે. આ પ્રકારનું તેમનું વિઝન અને મારા જિલ્લામાં પણ અનેક કરોડો કરોડો, ખર્વો રૂપિયાના કામો છેલ્લાં દસ વર્ષની અંદર થયા છે. ૧૯૫૪ કરોડ રૂપિયાના કામો મારા વિસ્તારના, જિલ્લામાં ૪૪૫ કરોડના કામો.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી દેવુસિંહ લઇને આવ્યા છે એમાં મારા સમર્થન સાથે સૂર પૂરાવું છું. સમગ્ર દેશમાં જયારે આ ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસની સાથે સાથે માનવ બળની પણ જરૂરિયાત રહેવાની છે. અને તેના માટે આ શ્રમ અને રોજગાર વિભાગમાં, જેમ સ્વરાજય મળ્યું તયારે 'સત્યમેવ જયતે'નો નારો હતો એમ સુરાજયની સાથે 'શ્રમ એવ જયતે'ના નારા સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને સૌરભભાઇની સાથે ટીમ ગુજરાત કામ કરી રહી છે. અને તેના પરિણામો આજે દેખાઇ રહ્યા છે.

ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતે જે વિકાસ સાધ્યો છે, જે હરણફાળ ભરી છે એમાં આજના સંજોગોમાં કુશળ કારીગરો કેવી રીતે મળે તે ચિંતાનો વિષય હતો દસ વર્ષ પહેલા, અને ગુજરાતમાં જે આઇ.ટી.આઇ. હતી તે બિસ્માર હાલતમાં હતી. બંધ હાલતમાં હતી, મૃત:પાય હાલતમાં હતી, તે આઇ.ટી.આઇ.માં જે કોર્સ ચાલતા હતા તે ટર્નર અને ફીટરના કોર્સ ચાલતા હતા. આજે ગુજરાતમાં ૨૨૦ તાલુકાઓમાં દરેક તાલુકામાં આઇ.ટી.આઇ.ની સ્થાપના કરવામાં આવી છે. અને આજની મહત્તમ જરૂરિયાત પ્રમાણેના કોર્સ ચલાવવાનું કામ આ રાજય સરકારે શરૂ કર્યું છે. અને એમાં જો વાત કરવા જઇએ તો એ કોર્સમાં આજે પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ આવે છે. પહેલા ૮ માં ધોરણ પછી કોઇ વિદ્યાર્થીઓ આવતા નહોતા જયારે આજે પ્રવેશ મેળવવા માટે ઓન લાઇન સિસ્ટમ કરવી પડી છે અને વેઇટીંગ લીસ્ટમાં આવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ થવાને કારણે ગુજરાતે કુશળ કારીગરો પેદા કરવાનું કામ કર્યું છે. તેના કારણે ગુજરાતે જે વિકાસ કર્યો છે તેમાં આ કુશળ કારીગરોનો મહત્વનો ફાળો છે. જે આઇ.ટી.આઇ. બંધ હતી, મૃત:પ્રાય હાલતમાં હતી તે આઇ.ટી.આઇ.માં એપ્રેન્ટીસ તૈયાર થાય છે, ટ્રેઇનિંગ લઇને તૈયાર થાય છે. તેમના માટે ભરતી મેળાઓ યોજવાનું કામ પણ આ રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ મારફત કરવામાં આવે છે.

ગયા વર્ષે સાડા પાંચ લાખ યુવાનો આ શ્રમ અને રોજગાર વિભાગમાં રોજગારીની તક મેળવવા માટે નોંધાયેલા હતા, તેમાંથી અઢી લાખ કરતા વધુ લોકોને રોજગારી આપવાનું કામ આખા દેશમાં જો કોઇએ કર્યું હોય તો આ ગુજરાતે કર્યું છે. એક તરફ આખા દેશમાં જયારે ૨૮ ટકા રોજગારી આપવામાં આવી છે, ત્યારે તેની સામે ગુજરાતે આખા દેશનો આંકડો વટાવી અને ૭૨ ટકા કરતા વધારે રોજગારી આપવાનું કામ પુરું કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ૨૦૦૮ની અંદર ૨,૨૫,૭૧૪, ૨૦૦૯માં ૧,૫૩,૫૦૦, ૨૦૧૦માં ૨,૦૭,૫૮૬, ૨૦૧૧માં ૨,૨૫,૫૫૦ અને ૨૦૧૨માં ૨,૪૫,૯૬૩ લોકોને રોજગારી આપવાનું કામ કોઇએ કર્યું હોય તો એ આ રાજયની નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે અને કરીને બતાવ્યું છે. મારે કહેવું પડે કે નેશનલ સર્વે ઓર્ગેનાઇઝેશન દ્વારા દેશમાં પ્રવર્તમાન રોજગારી અને બેરોજગારી અંગેના ૬૮માં સરવેની અંદર જૂન ૨૦૧૩માં જે રિપોર્ટ બહાર આવ્યો છે, તેમાં દેશની ૧૫ થી ૬૦ વર્ષની ઉમરની અંદર રોજગારી મેળવવામાં આખા ભારત દેશનો ૨૯ મો ક્રમાંક હતો જયારે ગુજરાત એ ૭માં ક્રમાંકે છે. મારે આ રોજગારી બાબતે ઘણું બધું કહેવું છે. આ સરકારે રોજગારી માટે રાજયના વિકાસ માટે ઘણુ બધું કામ કર્યું. દેશ આખો ૧૫૦મી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવી રહ્યો હતો ત્યારે આ રાજય સરકારે સ્વામી વિવેકાનંદ સપ્તાહના નામે ૧૮૦૦ જેટલા રોજગાર ભરતી મેળા કરીને ૨.૫ લાખ કરતાં વધુ લોકોને રોજગારી આપવાનું કામ કર્યું છે.

સાથે સાથે યુવાનોને સ્કીલ ડેવલપમેન્ટ અને સ્કીલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી અને સ્કીલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી કોરપોરશનની રચના આ રાજય સરકારે કરી એનું પરિણામ એ આવ્યું કે સ્કીલ ડેવલપમેન્ટ કૌશલ્ય વર્ધનનો એવોર્ડ વડાપ્રધાને આ રાજય સરકારને આપવો પડે છે.

જે વાત હું કહેતો હતો કે રોજગાર, શ્રમ, રોજગારની બાબતની અંદર આ રાજયની અનેક સમસ્યાઓનો ઉકેલ એ માનનીય નરેન્દ્રભાઇ લાવ્યા છે. એવું કહેવાય કે એક તાળામાં કોઇ પણ ચાવી લાગેને એને માસ્ટર કી કહેવાય. એક તાળામાં કોઇપણ ચાવી લાગે એને માસ્ટર કી કહેવાય. આ માસ્ટર માઇન્ડ મોદીજીએ ગુજરાતની અંદર સૌનો સાથ સૌના વિકાસથી છેલ્લા દસ વર્ષમાં ગુજરાતના વિકાસનો પાયો નાખીને દેશની અંદર લઇ ગયા છે, ત્યારે આવનારા દિવસોની અંદર ગુજરાતનો અને દેશનો યુવાન પણ આજે થનગની રહ્યો છે કે માસ્ટર માઇન્ડ મોદીજી એની માસ્ટર કી થી દેશની અંદર બેકારી, રોજગારી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, મોંઘવારી જેવી સમસ્યાનો નિકાલ આ દેશમાં કોઇ કરી શકે એવું હોય તો એ માસ્ટર માઇન્ડ મોદીજી કરી શકે એમ છે એના માટે થનગની રહેલ છે.

મારે એ વાત કહેવી હતી કે હમણાં સવારે પરેશભાઇ વાત કરતા હતાં. એમણે સારી વાત કરી કે હવે અમે ગાંધીજીનો પહેલો સિદ્ધાંત અપનાવ્યો છે. આઝાદ થયાને ૬૦ વરસ થયા પછી ગાંધીજીનો પહેલો સિદ્ધાંત ૬૦ વરસ સુધી ગાંધીજીની પરિકલ્પનાઓ ન લીધી અને હવે લેવા નીકળ્યા. ગાંધીજીની પરિકલ્પના મુજબનું શાસન કરીને આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ છેલ્લી ઇચ્છા પૂરી કરવા જઇ રહ્યા છે કોંગ્રેસને તાળુ મારવાનું કામ આદરણીય નરેન્દ્રભાઇ કરવા જઇ રહ્યા છે. મારે સાથી પક્ષને કહેવું પડે કે તુમ ચલો નરેન્દ્ર મોદીજી કે લીએ પૂરો દેશ ચાલી પડયો છે એ વાત મારે કહેવી હતી. આદરણીય દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દેવુસિંહભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

રાજયપાલશ્રીનું પ્રવચન ૨૩ પાનાનું છે અને એમાં આખા રાજયના વિકાસની વાત થાય છે ત્યારે થોડું મેં એ વાચ્યું છે. સરદાર સરોવરની વાત થઇ, આદિવાસીના વિકાસની વાત થઇ. એમાં કહેવામાં આવ્યું કે અમે જ આ બધું કર્યું છે. સરદાર સરોવરની શરૂઆતમાં નાંદોદ તાલુકો આવે, નસવાડી આવે, સંખેડા આવે, ડભોઇ આવે એની માઇનોર કેનાલની સ્થિતિ શું છે એ મારા ભાઇઓએ જોઇ નથી. એ લોકો સરદાર સરોવરની મુલાકાતે આવે કે એ પાણી કયાં જાય છે. એની હાલત શું છે એ મારે દુઃખ સાથે કહેવું પડે છે. ખેતરમાં પાણી નથી જતું ઢાળીયા તૂટી ગયા છે, માઇનોર કેનાલ તૂટી ગઇ છે, એને રિપેર કરવાનું સરકારને દેખાતું નથી.

હું એથી આગળ જઇને વાત કરું. ભારત સરકારે સરદાર સરોવર નિગમને રૂ.૮૦૦/– કરોડ આપ્યા એ ક્યાં ગયા? હું એ વિચારું છું કે, વિસ્થાપિતોની જ્યારે વાત આવે છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, એમને જવાનો આજેપણ રસ્તો નથી. એના માટે કોઇ વિચારતું નથી. અહીંયાં ખેડૂતોની ઘણી બધી વાતો થાય છે. હું પણ જાતે ખેડૂત છું, હું પણ ખેતરમાં પાણી લેવા માટે જાઉં છું. મને કેટલા કલાક વીજળી મળે છે એ હું જાણું છું. રેકર્ડ ઉપર આઠ કલાક બોલે છે પણ ખેડૂતો વીજળી લેવા જાય ત્યારે ફક્ત છ કલાક જ મળે છે. ખેડૂતોની પરિસ્થિતિ અને ખેડૂતોની આપ જ્યારે વાત કરો છો ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ પરિસ્થિતિ ખેડૂતોની થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જંગલની જમીનના આટલા હક્ક આપ્યા એવી વાતો થાય છે. અમારા આદિજાતિ મંત્રી આદિવાસી છે. ભારત સરકારે ૨૦૦૬માં કાયદો પસાર કર્યો. આજેપણ જંગલની જમીનના કેટલા હક્ક મળ્યા છે એ મને ખબર છે. આજે ૭/૧૨ અને હક્ક આપી દીધાની જાહેરાત સરકાર કરે છે, પરંતુ હું મંત્રીશ્રીને કહું છું કે, આ હક્ક આપ્યા છે એનાથી સંતોષ નહીં થાય, એના ૭/૧૨ અને ૮–અ મળવા જોઇએ. રૂ.૧૫૦૦૦/– કરોડ, રૂ.૧૭૦૦૦/– કરોડ અને એનાથી આગળ વધીને રૂ.૪૦૦૦૦/– કરોડની વાતો થાય છે. આદિવાસી વિસ્તારના કેટલા તાલુકાઓને પાણી મળે છે? આદિજાતિ મંત્રીશ્રીને ખાસ વિનંતી કરું છું કે, આપ નસવાડી, ક્વાંટ, છોટા ઉદેપુર અને દાહોદમાં જાઓ છો. આદિવાસી વિસ્તારના કેટલા લોકોને સિંચાઇનો લાભ મળે છે એનો સરવે કર્યો છે? મારા વિસ્તારના લોકોને સૌરાષ્ટ્રમાં જવું પડે છે, જેમને મજૂરી નથી મળતી. ખેત મજૂરી માટે વલખાં મારવાં પડે છે અને એ વિસ્તારના લોકોને સિંચાઇનો લાભ મળતો નથી. હું છેલ્લા ૧૫ વર્ષથી કહું છું. અગાઉના માનનીય મંત્રીશ્રી મંગુભાઇ સાહેબને ઘણી રજૂઆતો કરી હતી છતાંય એનો એ જ પ્રશ્ન આજે ચાલ્યા કરે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ગુજરાતના ઘણા બધા વિસ્તારોને ૨૪ કલાક વીજળી મળે છે પરંતુ મારા વિસ્તારના ૧૬ ગામમાં એવી પરિસ્થિતિ છે કે, ત્યાં વીજળી માટે આજેપણ વલખાં મારવાં પડે છે. ચાર દિવસ થાય, પાંચ દિવસ થાય, ફોલ્ટ ન મળે. હલકા પ્રકારનું મટિરિયલ્સ વાપરવામાં આવતું હોય અને બહાર જઇને ગરીબોની વાત કરવામાં આવે છે. મને એનો પણ વાંધો નથી. આ પરિસ્થિતિ ટ્રાયબલ વિસ્તારની છે એ હું દુઃખ સાથે દોહરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાતો થાય છે. પ્રાથમિક શિક્ષણ ઘણું ઊચું આવી ગયું છે. મારા વિસ્તારની વાત કરીએ તો મારો વિસ્તાર ડુંગરાળ છે. ત્યાં સ્કૂલો નથી. પહેલા ધોરણથી ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કરતા બાળકોને કેટલી તકલીફ પડે છે એ હું જાણું છું અને અહીંયાં શિક્ષણની વાતો થાય છે. વિજ્ઞાન પ્રવાહની વાત થઇ. નસવાડીમાં એક સ્કૂલ આપી છે. ધોરણ ૧૧–૧૨ની એક વિજ્ઞાન પ્રવાહની સ્કૂલ આપી છે. ત્યાં એકપણ શિક્ષક નથી. બધા ટેમ્પરરી છે. આ પરિસ્થિતિ ટ્રાયબલ વિસ્તારની છે. હું વિચારું છું કે, શિક્ષણનું સ્તર ઉંચું લાવવાની વાતો થાય છે ત્યારે વિજ્ઞાન પ્રવાહની ૧૧–૧૨ની શાળાઓ છે ત્યાં કાયમી શિક્ષકોની ભરતી થાય તો જ શિક્ષણનું સ્તર ઉંચું આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત વાતો એટલી મોટી થાય છે કે, અમારા વિસ્તારમાં રૂ.૧૫,૦૦૦/– કરોડ આવવાના છે ત્યારે અમારા ભાગે કાંઇક આવશે. અમારા વિસ્તારના ભાઇઓ અમને પૂછે છે કે, અમારા ભાગે શું આવવાનું છે? આજે અમે જોઇએ છીએ કે, પહેલાં જે હતું એ પણ જતું રહ્યું હોય એવી પરિસ્થિતિ થઇ છે. ત્યારે મારે કહેવું પડે છે કે, એક બાજુ આપે છે અને બીજી બાજુ પાછું ખેંચી લેવાનો પ્રયત્ન થાય છે, ત્યારે દુઃખ સાથે આ વાત મારે કહેવી પડે છે. પીવાના પાણી માટેની વાત પણ મારે કહેવી છે. પાણી પુરવઠા યોજના દ્વારા કવાંટ તાલુકામાં છેલ્લા બે વર્ષથી યોજના ચાલે છે. આજે એ પાણી પુરવઠાનું કામ પણ પચાસ ટકા થયું નથી. એવી રીતે નસવાડી તાલુકામાં પણ પીવાના પાણીની દોઢ વર્ષથી યોજના ચાલે છે. આજે પચીસ ટકા કામ થયું છે. તો જયારે આદિવાસી વિસ્તારમાં પાણી પુરવઠાની યોજના જયારે બનાવવાની હોય, એમાં પણ વર્ષો અને વર્ષો જતા રહે અને એટલા માટે અમારો હક છે કે નર્મદા યોજના બનાવવા માટે અમે અમારી જમીનો આપીને વિસ્થાપિતોને વસાવ્યા છે, એટલા માટે અમે માગણી કરીએ છીએ કે ભલે અમને ખેતી માટે પાણી ના આપો તો કોઇ વાંધો નથી પણ અમને પીવાના પાણીનો તો હક્ક ખરો કે નહીં? અહીંયા અમારા મંત્રીશ્રીઓ બેઠા છે અને મંત્રીશ્રીઓને મારી વિનંતી કે આદિવાસી

વિસ્તારમાં આવે ત્યારે તમે આપણા છો એવું માનીને આ વિસ્તારની મુલાકાત લેશો તો સાચી હકીકત માલુમ પડશે કે વસ્તુ શું છે એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આવા જે પ્રશ્નો છે અહીંયા ઘણા બધા મુદ્દા લખ્યા છે એમાં સો ટકા થોડુંક ધ્યાન રાખે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને લઈ જજોને તમારા વિસ્તારમાં. આપ્યા તમને સુવાંગ.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ)): માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજયપાલશ્રીએ વિધાનસભા ગૃહમાં કરેલ સંબોધન બદલ ધારાસભ્યશ્રી દેવુસિંહભાઇ ચૌહાણે રજૂ કરેલ આભાર પ્રસ્તાવને હું મારું અનુમોદન આપુ છું. આદરણીય રાજયપાલશ્રીએ એમના સંબોધનની આ પ્રિન્ટેડ બુકમાં સાચે જ કહ્યું છે કે she has rightly said, “After green revolution in agriculture sector and white revolution in milk sector in the State, Gujarat has achieved saffron revolution in energy sector with foresighted approach of my Government. Energy sector ને saffron revolution મેળવવા માટે માનનીય રાજયપાલશ્રીએ લખ્યું છે, “Gujarat is on path of becoming energy hub of India. Existing power generation capacity is at record level of 22257 MW. Installed capacity બાબતની અંદર ગુજરાત સમગ્ર દેશની અંદર બીજો ક્રમ ધરાવે છે. ૨૦૦૧-૦૨ની અંદર ફક્ત ૮૭૫૬ મેગાવોટ ઈન્સ્ટોલ કેપેસીટી હતી. આજે ૨૦૧૨-૧૩ની અંદર આ ઈન્સ્ટોલ કેપેસીટી ૨૨૨૫૭ મેગાવોટ થયેલી છે. ૧૧ વર્ષના ગાળાની અંદર ૧૩૫૦૧ મેગાવોટ ઈન્સ્ટોલ કેપેસીટીનો વધારો થયો છે. લગભગ બમણા કરતા વધારે. આજે આ ગુજરાતમાં કોંગ્રેસના મિત્રોએ જે કરવાનું હતું તે નહોતું થયું તેના કારણે અમે જે આજે કરીએ છીએ એ અનેકગણું લાગે છે. You should have done this. ૪૦-૪૨ વર્ષની અંદર ખાલી ૮૫૦૦ મેગાવોટ થયા એની જગ્યાએ જો ૧૫ હજાર મેગાવોટ તમે તે વખતે લગાવ્યા હોત તો અમારા ૨૨ હજારમાંથી સાત હજાર મેગાવોટ આવત, પણ જે કરવાનું હતું તે ના કર્યુ એના કારણે આ પરિસ્થિતિ ઊભી થાય છે. ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કારણે ઈન્ડસ્ટ્રીયલ, ડોમેસ્ટીક, એગ્રીકલ્ચર એ સર્વિસ સેકટરમાં હવે પછી જે ઊભી થનારી ડીમાન્ડ છે ઈલેકટ્રીસીટીની તેના માટે પણ ગુજરાત સરકારે ખૂબ આગવું આયોજન કર્યુ છે. અને ૨૦૧૭ના અંતે રાજયની ઈન્સ્ટોલ કેપેસીટી ૩૦હજાર મેગાવોટ થવા જઈ રહી છે. અમે જે આજે કરીએ છીએ એ તમારે તે વખતે કરવાની જરૂર હતી.

આ ગુજરાત એવું રાજ્ય છે કે જ્યાં વીજ વિતરણ, પાવર ડિસ્ટ્રીબ્યુશનમાં કોઈપણ જાતનો કાપ નથી, લોડ શેડીંગ નથી, પાવર કટ નથી. નો પાવર કટ. આખા ગુજરાતમાં ક્યાંય દુકાનની બહાર જનરેટર દેખાશે નહીં. આખા દેશમાં એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં નો પાવર કટ, નો લોડ શેડીંગ. તમે કર્યું કે અમે કરીએ એ મહત્વનું નથી. પ્રશ્ન, જરૂર છે એની પ્રાયોરિટી નક્કી કરીને કયો સર્વિસ એરિયા ડેવલપ કરીએ છીએ એના ઉપર આખો મહેલ ચણાતો હોય છે. પાવર ન હોત તો કારખાના ન હોત, ખેડૂતોને પાણી ન આપી શકતા હોત, પંપ નંખાયા હોત પણ પંપ ચાલી શકતા ન હોત. The priority is always important. ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા દેશની ૩૯ વિતરણ કંપનીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. તે સર્વિસીસ આપે છે તેનું એસેસમેન્ટ કરવામાં આવ્યું. આ ૩૯ માંથી ૪ કંપનીઓ એવી આવી કે જેને એ પ્લસ ગ્રેડ મળ્યો હતો અને મને જણાવતા આનંદ થાય છે કે આ ૪ કંપનીઓ, સમગ્ર દેશની ૩૯ પૈકી ગુજરાતની હતી. ફક્ત અને ફક્ત ગુજરાતની ચાર કંપનીઓ હતી કે જેને એ પ્લસ ગ્રેડ મળ્યો હતો. એફિસિઅન્ટલી પ્રજાને સર્વિસ આપવા માટેની આ રાજ્ય સરકારની નેમ હતી. રાજ્ય સરકારે કરોડો રૂપિયાના મૂડીરોકાણો કરીને ૧૯૦૩૧ જેટલા ગામડાંઓનું સફળતાપૂર્વક વીજળીકરણ કરીને જ્યોતિ-ગ્રામ યોજનાને કાર્યાન્વિત કરી છે. આપણું ગુજરાત રાજ્ય સૌર ઉર્જાથી, સોલાર એનર્જી સૌથી વધુ ૮૫૭ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરતું રાજ્ય છે. દેશનો પ્રથમ કેનાલ હેડ સોલાર પ્રોજેક્ટ કડી તાલુકાના નંદાસણ ખાતે કાર્યરત કરવામાં આવેલ છે. આપણા રાજ્ય માટે ગૌરવની વાત છે કે બિન પરંપરાગત ઉર્જા ઉત્પાદનમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ગુજરાત મેળવે છે. પવન ઉર્જાથી વીજળી ઉત્પાદન ક્ષમતા ૨૦૦૧-૦૨માં, આઝાદીના ૪૨

વર્ષ પછી ૧૦૯ મેગાવોટ હતી એ આદરણીય નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં ૨૦૧૧ના વર્ષમાં ૩૦૯૧ મેગાવોટે લઇ ગયા છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ મારા સાથી ધારાસભ્યશ્રી દેવુસિંહભાઇ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ સરકારની અનેક યોજનાઓ અને બેનમૂન કામગીરી માટે ખૂબ સુંદર વર્ણન કર્યું છે, એમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ વિશે હું વાત રજૂ કરું છું. તંદુરસ્ત સમાજની રચનામાં નારીશક્તિની, મહિલાઓની ભાગીદારીને સમજીને પહેલીવાર ૨૦૦૨માં પ્રજા વત્સલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં મહિલા અને બાળ વિકાસનો સ્વતંત્ર વિભાગ શરૂ થયો. આજે આ વિભાગ ૯૬૧ ટકાથી વધારે બજેટ સાથે ઉત્તમ કામગીરી કરી રહ્યો છે. આ દશકા દરમિયાન અનેક યોજનાઓ મહિલા અને બાળકોના કલ્યાણ માટે થઇ અને એના સુફળ આપણે આજે જોઇ રહ્યા છીએ. સશક્ત નારી તંદુરસ્ત સમાજનું પ્રતિબિંબ છે ત્યારે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે આ રાજ્ય સરકારે નારી ગૌરવ નીતિ અમલમાં મૂકીને નારીને અનુપમ ગૌરવ આપ્યું છે. મહિલા સશક્તિકરણના આ મહાયજ્ઞમાં પોષણ, શિક્ષણ, આર્થિક અને સુરક્ષા જેવી અતિ મહત્વની બાબતોને ખૂબ અગ્રીમતા આપવામાં આવી છે. આંગણવાડી તો પહેલા પણ હતી, પરંતુ આ દશકામાં આ આંગણવાડીઓની કાયાપલટ કરી દેવામાં આવી છે. મારા સાથી ધારાસભ્ય કેગના આંકડા ૨૦૧૧-૧૨ના વાંચતા હતા ત્યારે મારે એમને કહેવું છે કે તમે જે આંકડા વાંચતા હતા એના કરતા અત્યારે તો આ રાજ્ય સરકારે ૩૧૪૪૩ જેટલા નંદઘર બનાવીને આપ્યા છે. આ નાના ભૂલકાઓને સાચવતી મારી આંગણવાડીની બહેનોને રાજ્ય સરકારે યશોદા નામ આપ્યું અને આ યશોદાને પ્રતિ વર્ષ સન્માનિત કરીને રાજ્ય સરકારે એક ઉમદા કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની બહેનો દ્વારા સગર્ભા માતાઓ, ધાત્રીમાતાઓ, કિશોરીઓ તેમજ નાના નાના ભૂલકાઓને પોષણક્ષમ આહાર વિનામૂલ્યે આપવાનું અભિયાન જે શરૂ થયું છે, એમાં રાજ્ય સરકારના સ્તુત્ય પગલાનો આપણને ખૂબ લાભ થયો છે અને સગર્ભા માતાઓ અને નવજાત શિશુઓના મૃત્યુમાં ઘટાડો થયો છે. જેમ શિતળા મુક્ત ભારત, જેમ પોલિયો મુક્ત ભારત તેમ કુપોષણ મુક્ત ભારત બનાવવા ગુજરાતે જબરજસ્ત જંગ છેડ્યો છે. આંગણવાડીમાં આવતા બાળકોમાંથી કુપોષિત બાળકોને શોધીને એની સંભાળ લેવાનું કામ આ રાજ્ય સરકારે યોજનાબદ્ધ કર્યુ છે. મારે આ સન્માનનીય ગૃહને વિનંતી કરવી છે કે કુપોષિત બાળક તમારા વિધાનસભા ક્ષેત્રમાં કેટલા બાળકો છે એની સંભાળ રાખવાનું કામ પણ આપણા પોતાનું છે અને આજથી જ આપણે નક્કી કરીએ કે મારા વિસ્તારમાં આવેલા કુપોષિત બાળકોના હું સાચા અર્થમાં મા-બાપ બનીશ, એના તારણહાર બનવાનું કામ કરીશ. ભરત-ગૂંથણ, પાપડ,અથાણાથી પણ આગળ વધીને સખીમંડળની મારી બહેનો ઉતમ કામગીરી તરફ આગળ વધી છે એની મારે વાત આજે આ ગૃહને કરવી છે.

રાજ્ય સરકારે આખા પ્રદેશમાં બે જિલ્લાઓને પોષણ આહાર પ્રોજેકટ મંજૂર કર્યો છે જેમાં વઢવાણ તાલુકાની પસંદગી થઇ છે ત્યારે વઢવાણ તાલુકાના ૬૫૦ સખી મંડળોની મારી બહેનોને એક અંબ્રેલા નીચે લાવીને આ પ્રોજેકટને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ સાથે એમ.ઓ.યુ. કર્યુ છે. આ કામગીરીની અંદર ૭૯ મે.ટન જેટલા પુરક પોષણયુક્ત આહાર ઉત્પાદન કરીને લગભગ ૨૩૦૦૦ જેટલા બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રીમાતાઓ અને કિશોરીઓને આમાં લાભ થવાનો છે. સાથે સાથે લગભગ ૫૦૦૦ જેટલી મહિલાઓને આ રોજગારીની તક આમાં ઊભી થવાની છે અને એને આજીવિકાનું સાધન મળવાનું છે. આ બાબતથી ખરેખર સાર્થક થાય છે કે મિશન મંગલમ યોજનાએ સખી મંડળને માત્ર આજીવિકાનું સાધન નહિ પણ કુપોષિત જેવા બાળકોને આહાર આપવાનું કામ સરકારે જ્યારે એના હાથમાં લીધું છે ત્યારે સાચા અર્થમાં આ સ્વસહાય જૂથોનો હેતુ સિદ્ધ થાય છે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગની બીજી કોઇ ઉત્તમ કામગીરી હોય તો એ મહિલા આયોગ છે. મહિલા આયોગ દ્વારા ૬૩ જેટલી નારી અદાલતો ચાલી રહી છે અને ૬૩ જેટલી નારી અદાલતોની અંદર મારી

બહેનોને ખાસ કરીને ન્યાય મળી રહ્યો છે. આ ન્યાય આપતી મહિલા કોઠાસૂઝથી પોતે ન્યાય આપતી હોય છે. કોર્ટ–કચેરીના ધક્કા થતા નથી અને ૧૦૦ ટકા આ કામગીરીથી સફળતા મળી છે. સાથે સાથે આ ગુજરાતની મહિલાઓને બચાવવા માટે હમણાંજ ‘‘વન એક વન‘‘ નામની હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી છે. સુરત અને અમદાવાદ જેવા મોટા શહેરોની અંદર મોબાઇલ વાનની શરૂઆત પણ માનનીય આનંદીબેનના નેતૃત્વ નીચે આ વિભાગે શરૂ કરી છે ત્યારે રાજ્યની મહિલાઓ રાજકીય ક્ષેત્રે જાગૃત થઇ છે. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં મહિલા મતદારોનું ૭૦ ટકા જેટલું ઐતિહાસિક મતદાન એનું પ્રમાણ છે ત્યારે મારે આ જાગૃત્તિ એટલે શું? કોંગ્રેસ મુક્ત ભારત બનાવવા મારી બહેનો ખરી ઝનૂનથી મતદાન કરશે તેમાં બેમત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ બનવાના જ છે એમાં બેમત નથી. મહિલા ગૃહિણી હોય કે કામ કરતી આઇ.એ.એસ. અધિકારી મહિલા હોય, મારા જેવી એક ધારાસભ્ય મહિલા હોય પરંતુ પરિશ્રમની યાત્રામાં સરકારની હૂંફ અને સાચા વિશ્વાસે રંગ પૂર્યો છે અને એટલા માટે મહિલા અને બાળ વિભાગને ખૂબ ધન્યવાદ આપું છું અને દેવુંસિંહભાઇના આભાર પ્રસ્તાવને મારું અનુમોદન આપું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામે બેઠેલા કેટલાક મિત્રો અમારી સરકારે વિકાસ કર્યો, વિકાસ કર્યો, વિકાસ કર્યો, મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. આ જે વાતો ચાલે છે તેમાં રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવનો ઠરાવ લાવનાર માનનીય દેવુસિંહ ધારાસભ્યશ્રી મારા સાથી મિત્ર પણ છે અને અમારા પડોશી પણ છે. અમારા મત વિસ્તારના છે. એમનો મત વિસ્તાર તારાપુરથી ત્રણ કિલોમીટર ચીંચીવાડાથી શરૂ થાય તો છેક ખેડા સુધીનો મત વિસ્તાર એમનો લાગે. ઘણીવાર મેં એમને કહ્યું, પણ ચીંચીવાડાથી માતર આવવામાં ત્રણ કલાક લાગે અને માતરથી ગાંધીનગર આવવામાં પોણો કલાક લાગે. આને વિકાસ કહો છો ? પણ તમારી પાર્ટીના ધારાસભ્ય છે, એમને ઘણી વાર મેં વાત કરી કે, સાહેબ આટલો રસ્તો તો કરાવો. તો કહે કે, મેં રજૂઆત કરી છે, રજૂઆત કરી છે, પણ કાંઇ એનું પરિણામ આવતું નથી.

વીજળીની વાતો કરે, ચોવીસ કલાક વીજળી કરી, ચોવીસ કલાક કરી. અસંખ્ય ગુજરાતના ગામડાં અંધારપટની અંદર છે. રાત્રીના સમયમાં કોઇ દિવસ નીકળ્યા છો ભાઇઓ ? તમે ગામડાંની મુલાકાત લો તો તમને ખબર પડે. ચોવીસ કલાક નહીં, પણ સાંજે સ્વીચ જ નથી પડતી, સ્વીચ પડે તો લાઇટ કનેકશન કાપી નાખ્યું હોય છે. પંચાયતો પાસે વીજળીના પૈસા ભરવાની શક્તિ ન હોવાના કારણે એ બિલો ભરાતા નથી અને વીજળી મળતી નથી. માનનીય ગામડાંઓમાં વીજળીના પૈસા નહીં ભરવાના કારણે અંધારપટની અંદર કેટલાય ગામડાંઓ રહે છે, તો પંચાયતના વીજ બિલ માફ કરવાનો કયારેય વિચાર કર્યો છે ખરો અથવા વિચાર કરવા માગો છો ખરા ? હમણાં એક પરિપત્ર ઉર્જા મંત્રીશ્રીએ બહાર પાડ્યો કે, ખેડૂતોને હાઉસ કનેકશન નહીં આપવાનું, સીમમાં રહેતા હોય એને. હવે આખી જિંદગી ખેડૂત સીમમાં જ રહેવાનો છે અને એને વીજ કનેકશન નહીં આપવાનું, આવો  ગાંડો, ખોટો પરિપત્ર બહાર પાડ્યો. આ પરિપત્ર અને બિલના લીધે અમે ધારાસભ્યોએ ભેગા થઇ આવેદનપત્ર આપ્યું, ધરણાં પણ કર્યા અને એ પરિપત્રની હોળી પણ કરી તેમ છતાં અમારા ધારાસભ્ય જેવી વાત પણ એમણે ધ્યાન પર લીધી નથી અને હજી કોઇ પરિપત્રની અંદર કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. એને વિકાસ કહો છો?

અમારા વિસ્તારની અંદર નહેરો આવી એ કોંગ્રેસના શાસનમાં આવી, દરેક ખેતરે ઢાળિયા આવ્યા, એ કોંગ્રેસની સરકારમાં આવ્યા. આપણે દરેક મતવિસ્તારમાંથી અહીંયા ગાંધીનગર પહોંચીએ છીએ, એ રસ્તા શું તમે કર્યા ? એ કોંગ્રેસની સરકારે કરેલા. આપણે  નહીં કરેલા. આપણે તો રિપેરીંગ કરીએ છીએ. તમે નવો શું રસ્તો કર્યો, નવો શું વિકાસ કર્યો ? તમે એવું ગૌરવ કેવી રીતે લઇ શકો? તમે કોઇ સારું કામ કરો આ ગૃહમાં

બેઠા છીએ, ગૃહ કોણે કર્યું? ગાંધીનગરનું નિર્માણ કોણે કર્યું? ખાલી ખાલી વાર્તાઓ કરવાની, •(xxxxxx) હમણાં સ્વ.શ્રી અમરસિંહ ચૌધરીની વાત કરી (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમણે એમ કીધું કે, (xxxxxx) એ રીતે વાત કરે છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બિનસંસદીય શબ્દો કાઢી નાખીશું. ભાઇ પટેલભાઇ જોઇ લેજો. ચલાવો તમારું,

શ્રી પુનમભાઇ મા. પરમાર : અમરસિંહ ચૌધરીની સરકાર ગયે એને પંદર –સત્તર વર્ષ થઇ ગયા, એમને ગુજરી ગયે દસ વર્ષથી વધારે સમય ગયો ત્યારે એમણે પેંતરા કર્યા. અરે, અમરસિંહ ચૌધરીના પેલા કહે કે, ઝાડ કાપ્યા હતા. અરે, ભાઇ કયા ઝાડ કાપ્યા? અને ઝાડ કાપ્યા અને એમણે ભ્રષ્ટચાર કર્યો હતો તો અત્યાર સુધી શા માટે બેસી રહ્યા, એ હતા ત્યાં સુધી કેમ જવાબ ના માગ્યો? માગો ઉપર જઇને જવાબ. આ તો તુષાર ચૌધરીને ભા.જ.પ.માં લઇ જવા માટેના પેંતરા કર્યા છે. આ નાક દબાવ્યું છે તુષાર ચૌધરીનું પણ તુષાર ચૌધરી તમારામાં આવવાના નથી. ( સમયસૂચક ઘંટડી)

ખેડૂતોની ચિંતા કરે, ખેડૂતોની ચિંતા કરવાની વાતો કરવાની, ખેડૂતોને વીજળી આપવાની તો કયારે આપવાની? રાત્રે આપવાની અને ઉદ્યોગોને દિવસે આપવાની. આ ખેડૂતોની ચિંતા કરે છે? હું એ.પી.એમ.સી.નો ચેરમેન હતો ૨૦૦૭માં અને કેન્દ્ર સરકારે ઘઉંના ટેકાના ભાવ જાહેર કર્યા ૨૦૦ રૂપિયા અને અહીંયા ભા.જ.પ.ની સરકાર ચાલે. અમે પત્રો લખીને થાક્યા પણ સાહેબ ખરીદીનું કેન્દ્ર જ ચાલુ ના કર્યું. તો અમારી સેવા સહકારી મંડળીએ અને ગુજકોમાસોલે ખરીદીનું સેન્ટર ચાલુ કર્યું અને ૨૦૦ રૂપિયાના ટેકાના ભાવ અમે ખેડૂતોને અપાવ્યા, ખેડૂતોને પીયાવા વધાર્યા ૮૦૦ગણા વધારા કર્યા, ઓછા નહીં અને ખેડૂતોની વાત કરે ચિંતાની. (અંતરાય) હા, લો હમણાં પેલી બહેનો વાત કરતી હતી, મને બહુ સમજણ ના પડી પણ પછી મોડે મોડે સમજણ પડી કે પેલું ટી.વી., મિડિયામાં પેલા સમાચારમાં બધું આવતું હતું. (xxxxxx) (અંતરાય)

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આ અસંસદીય શબ્દો છે.

અધ્યક્ષશ્રી : અસંસદીય હશે એ કાઢી નાખવામાં આવશે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : વર્ષો પહેલા દુકાળ પડેલો તો અમારી કોંગ્રેસની સરકારે છેક અહીંયાથી સૌરાષ્ટ્ર સુધીના ઢોર લાવી અને કેટલકેમ્પ કરીને એ ઢોરને, પશુધનને બચાવવાનું કામ પણ કોંગ્રેસે કરેલું. આ દેશને આઝાદી અપાવવાનું કામ કોંગ્રેસે કર્યું. મહાત્મા ગાંધીજીએ આઝાદી અપાવી.

શ્રી ગણપતભાઇ વે. વસાવા(વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના આ ગૃહને સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવમાં બંને બેઠકોમાં બંને પક્ષના સભ્યશ્રીઓએ ખૂબ ચર્ચાઓ કરી છે. આજનો દિવસ પણ ખૂબ પવિત્ર દિવસ છે અને ખૂબ સૂચક દિવસ છે. આજે સ્વામી દયાનંદ સરસ્વતિજીની જન્મ તિથિ છે અને જલારામ બાપાની પૂણ્ય તિથિ છે. આ યુગ પુરૂષોએ આપેલ સંદેશા વ્યવસ્થિત લોકશાહી ઢબનું રાજય તંત્ર દંભ, અસત્ય રહિતનું વર્તન, ઉચ્ચતમ વ્યકિતત્વ તેમજ રાષ્ટ્રીય ચારિત્ર્ય અને દીન દુઃખીયારા પીડિતોની સેવા આ યુગપુરૂષોના સંદેશાને દિલમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમના કર કમલોથી ગુજરાતમાં સાકાર કર્યા છે અને મેં નહીં, હમના વિચાર સાથે કામ કરતા આપણા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આપણે ભૂતકાળ યાદ કરીએ તો વસ્તુપાલ અને તેજપાલ કે જેમણે ખૂબ દાન ધર્મ કર્યા પછી ભગવાન પાસે વરદાન માંગ્યુ હતુ કે મારા કોઇ વંશજો રહેવા ન જોઇએ કે જે વંશજો પોતાનું નામ અને કામ વેચી ખાય અને પૂજય મહાત્મા ગાંધીજીએ પણ આઝાદી પછી કોંગ્રેસ પક્ષ વિખેરી નાખવા કહ્યું હતું. દુરંદેશીવાળી આ વાત ન સ્વીકારી અને દેશ આજે સજા ભોગવી રહ્યો છે. મહાત્મા ગાંધીજી આ દેશની ભોળી ભાળી પ્રજાને ખૂબ સારી રીતે ઓળખતા હતા, જાણતા હતા પરિણામે એક પરિવાર પક્ષે દેશને બીજા પાંચ દાયકાઓ સુધી આર્થિક, સામાજિક અને રાજકીય ગુલામીમાં ગોંધી રાખ્યો છે. સમયાંતરે દેશમાં વૈકલ્પિક વિચારધારાનો ઉદય થયો અને નાના નાના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

દિપકો વડે આ સદીઓના અંધેરા ઉલેચવાના પ્રયત્નો થઇ રહ્યાં છે. આ અંધેરા ઉલેચનારા એ સામાન્ય પરિવારમાંથી આવનારા, ગરીબ પરિવારમાંથી આવનારા, ઝૂંપડાઓમાંથી આવનારા નેતાઓ હતા. ટી.વી. મિડીયા, પ્રિન્ટ મિડીયા વગેરે સાથે નકકી કરેલા સમયે કોઇ નિશ્ચિત જગ્યાએ ઝૂંપડામાં જઇને જમવું તેવી બાલીશ ચેષ્ટાઓનો દમ આ નેતાઓ નહોતા કરતા. આ તમામ નેતાઓ માતૃભૂમિ સાથે જોડાયેલા નાના ઝૂંપડાના પહેરવેશમાંથી આવેલા આપણા નેતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ માટે ચાહકનો એક મોટો સમુદ્ર ઘૂંઘવાઇ રહ્યો છે. અને વિપક્ષના મિત્રો તમે આંખ બંધ કરો કે કાન બંધ કરો દેશમાં જબરજસ્ત પરિવર્તનનો પવન ફૂંકાઇ રહ્યો છે અને આવનારા દિવસોમાં આ પરિવર્તનનો પવન સુનામીમાં ફેરવાઇ જઇને સમગ્ર દેશમાં કોંગ્રેસનો સફાયો કરવાનો છે, ત્યારે આપણી કહેવત છે કે ઘૂવડ ગમે એટલી આંખ બંધ રાખે, પણ સૂરજ ઉગે ને ઉગે ને ઉગે જ. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સુવર્ણ કલ્પના મુજબનું એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થશે, તેવો અમને સૌને ચોક્કસ વિશ્વાસ છે. કરોડો દેશવાસીઓનો સંકલ્પ છે કે આવનારા સમયમાં કોંગ્રેસ મુકત ભારત અને આજે એની શરૂઆત આપણા ગુજરાતમાંથી જોઇ રહ્યા છીએ. ઘણા બધા દિવસોથી વિપક્ષના મિત્રો ભારતીય જનતા પાર્ટીમાં આવી રહ્યા છે. આજે સવારે કોંગ્રેસ મુકત કચ્છ બન્યું. બપોરે કોંગ્રેસ મુકત સુરત બન્યું અને આવનારા દિવસોમાં આપણે સૌએ કોંગ્રેસ મુકત ભારત બનાવવાનું છે, •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ શબ્દ કાઢી નાખીએ છીએ. કોઇપણ નિરૂપણ થતું હોય તે રીતે. બીજે બોલાય, પણ આ હાઉસમાં ગવર્નરશ્રીના પ્રવચન ઉપરની વાત છે. જે મારું ધ્યાન જશે તે હું કાઢી નાખીશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રી ૧૦ મિનિટ બોલ્યા, પરંતુ એકેય ગવર્નરશ્રીના પ્રવચન વિષે બોલ્યા નથી. અહીયા અમે બોલતા હોય તો કહો કે ગવર્નરશ્રીના પ્રવચન ઉપર બોલો.

અધ્યક્ષશ્રી : આમાં જનરલ પોલિટિક્સ આવે, પણ એની મર્યાદા રાખો અને મૂળ વાત ઉપર આવો. ચાલો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : એમના પક્ષે જેટલા નેતા બોલ્યા, સભ્યો બોલ્યા ત્યારે ખૂબ શાંતિથી સાંભળીએ છીએ. અમારે જવાબ આપવાનો સમય થયો, ત્યારે આપ સાહેબ અમને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : હું એમ નથી કહેતો કે આમાં પોલિટિકલી ન બોલાય. મહત્તમ ભાગ પ્રવચન ઉપર રાખો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આપણો દેશ એ લોકશાહી પ્રજાસત્તાક દેશ છે. બિનસાંપ્રદાયિક છે. તેનું હાર્દ સામેના મિત્રો સમજી શકતા નથી. હંમેશા એમની લાગણી હોય છે કે આ દેશનું સંચાલન શહજાદા અને રાજકુમાર કરી શકે તેવી એમની માન્યતા છે. એક સામાન્ય માણસ પણ આ દેશનું સંચાલન કરી શકે તેવી કલ્પના માત્ર પણ તેઓ કરી શકતા નથી. આવનારા દિવસોમાં ૨૦૧૪ ની લોકસભાની ચૂંટણીનો જ્યારે ઢંઢેરો વાગી ચૂક્યો છે અને ભારતીય જનતા પાર્ટીએ અને અમારા સૌના આદરણીય અને સમગ્ર દેશના કરોડો લોકોના આશાના કિરણ એવા નરેન્દ્રભાઇ મોદી સાહેબને વડાપ્રધાનના ઉમેદવાર જાહેર કરી ચૂક્યા છીએ. સામેના મિત્રોને મારે કહેવું છે.(અંતરાય) અમારા પક્ષની ચર્ચા કરીએ છીએ. તમારા પક્ષનું નથી બોલતા.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. બલવંતસિંહજી તમારા વિરુદ્ધનું કંઇ નથી બોલતા. વખાણ કરવા દો ને. એમણે અડધો કલાક બોલવાનું છે. પા કલાક પોલિટીકલ વાત અને પા કલાક વાસ્તવિક વાત કરશે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ઉમેદવારનું નામ તો ન લઇ આવ્યા પણ ગેસની બોટલ લઇને પાછા આવ્યા.

અધ્યક્ષશ્રી : ગણપતભાઇ પ્રવચન ઉપર આવો ને.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સાહેબ પણ મને વચ્ચે વચ્ચે ડીસ્ટર્બ કરે છે. એ બોલતા હતા ત્યારે હું એક શબ્દ પણ બોલતો ન હતો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એટલા માટે તમને પોલિટીકલ ન હોય એમ નથી કહેતો પણ પોલિટીકલની મર્યાદા રાખીને બોલો. તમને ગમતું પણ નથી બોલવાનું.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ દેશની પ્રજા એવું ચોકકસ ઇચ્છી રહી હતી કે સામે પક્ષે પણ વડાપ્રધાનના જે કોઇ ઉમેદવાર હોય તેની જાહેરાત થાય અને કાર્યકર્તાઓ હોંશે હોંશે દિલ્હી પણ ગયા હતા કે જાહેરાત થશે...

અધ્યક્ષશ્રી : ગણપતભાઇ હવે આ બધું રહેવા દો. ગવર્નરશ્રી અને ગુજરાત રાજયની રસ્તા, નળ, લાઇટ, ગટર, ખેતી, શ્રમયોગી જે કંઇ હોય તે યોજના ઉપર આવો. ગવર્નરશ્રીએ તેમના મંતવ્યની અંદર આવી કોઇ વાત નથી કરી. છતાં આપણે પા કલાક ચલાવ્યું છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સાહેબ તેના ઉપર જ આવું છું. સવારે વિપક્ષના નેતાશ્રી સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની વાત કરતા હતા. સરદાર સાહેબની વાત કરવાનો અધિકાર કદાચ સામેવાળા મિત્રોને ન હોવો જોઇએ. કારણકે સરદાર સાહેબ તો હતા, પણ આપે કદર નહોતી કરી. કોંગ્રેસના હતા છતાં પણ આપે તેમની હાલત શું કરી છે? સાહેબ, સરદાર સાહેબ એ તો સો ટકા સાચુ સોનું હતા. ઝળહળતો સૂર્ય હતા. તેમને ઢાંકવા માટે લાખ કોશિશો કરવા છતાં તેજસ્વી તારલાને તેઓ ઢાંકી શકયા ન હતા. આથી સરદાર સાહેબના મહાન કામની ઉંચાઇને ઉજાગર કરવા માટે અમારા સૌના લોકલાડીલા આદરણીય નરેન્દ્રભાઇએ આપ સૌએ જે કામ ન કર્યુ તે કામ નર્મદા બંધની બાજુમાં, સાર્દુલ ટેકરી ઉપર વિશ્વની ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો છે. સવારે વિપક્ષના નેતાશ્રીએ સરદાર સાહેબ ઉપર ખૂબ વાતો કરી છે ત્યારે મારે તેમને કહેવું છે કે લોકસભામાં સરદાર સાહેબનું તૈલચિત્ર મૂકવા માટે આપણે લડત ચલાવવી પડી હતી. વાજપાઇજીની સરકારમાં આ તૈલચિત્ર મૂકવાનું કામ થયું. જે પક્ષ સરદાર સાહેબનું તૈલચિત્ર મૂકી શકે તે સરકાર અને ગુજરાતની સરકાર વિશ્વની ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા મૂકવા જઇ રહી છે. નરેન્દ્રભાઇ જેવા વિરાટ માનવો જ વિરાટ સર્જન કરી શકે છે. વામણા અને વાંકાનું કંઇ કામ નથી. સરદાર સાહેબને ભારતરત્ન કઇ સાલમાં આપ્યો? ૧૯૯૧માં આપ્યો. આ તમને વારંવાર આપ સરદાર સાહેબનું નામ લેતા હતા એટલે મારે કહેવું છે. ૪૪ વર્ષ પછી આ લોકોએ ભારતરત્ન આપ્યો. દીનદુઃખીયાના મસીહા એવા આંબેડકરને ભારતરત્ન કયારે આપ્યો? ૧૯૯૦માં આપ્યો. કેટલા વર્ષો પછી આ ભારતરત્ન આપવામાં આવ્યો. ૪૪ વર્ષો બાદ સરદાર સાહેબને ૨૫મા ક્રમે ભારતરત્ન અપાયો. તે પહેલાં જવાહરલાલ નહેરૂજીને છઠ્ઠા ક્રમે, ઇન્દિરા ગાંધીજીને પંદરમા ક્રમે, રાજીવ ગાંધીને ચોવીસમા ક્રમે ભારતરત્ન અપાયો અને તેમાં પણ બે વડાપ્રધાન તો એવા હતા જવાહરલાલ નહેરૂજી અને ઇન્દિરા ગાંધી..

અધ્યક્ષશ્રી : તે ટીકા નથી કરતા.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : તે પોતે વડાપ્રધાન ચાલુ હતા અને તેમને ભારતરત્ન....

અધ્યક્ષશ્રી :એક મિનિટ તમે પ્રવચનના બદલે આમાં આવો ને.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સાહેબ આ વિપક્ષના નેતા સવારે બોલ્યા છે. સાહેબ સવારે આ સમગ્ર બાબતની ચર્ચા થઇ છે.

અધ્યક્ષશ્રી : તેના ઉપર જવાબ રમણભાઇએ ખૂબ ડીટેઇલમાં આપી દીધો છે. એકના એક જવાબનું રીપીટેશન થાય છે.

**(આ તબકકે સભાગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના સૌ સભ્યો સભાત્યાગ કરી ગયા)**

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સાહેબ હું આખો દિવસ બેઠો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં એક જ પરિવાર દેશભકત હોય અન્ય કોઇ દેશભકત પેદા ન થયા હોય એ પ્રકારનો માહોલ સમગ્ર દેશમાં સર્જવાનો મિત્રોએ પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાએ ભારતીય જનતાપાર્ટીને ચાર ચાર વખત અમારા આદરણીય નરેન્દ્રભાઇને માનનીય મુખ્યમંત્રીશ્રીના શપથ અપાવ્યા છે અને ત્રણ વખત લોકસમર્થન પ્રાપ્ત કરીને ગુજરાતની સરકાર બનાવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના અન્ય રાજયોના ઝંઝાવાતી પ્રવાસથી ચાર

રાજયોમાં ભગવો લહેરાવ્યો છે અને દેશની પ્રજાના મુખે એક જ વાત સંભળાય છે કે– ન દર્દ ચાહીએ, ન દવા ચાહીએ, હમે તો સીર્ફ મોદી જૈસા મર્દ ચાહીએ. આ વાત સમગ્ર દેશની પ્રજા આજે કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની ચૂંટણીઓમાં આપણે પરિણામ જોયાં છે, ચાર રાજયોમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઇ ગયાં છે અને આવનારા દિવસોમાં જે લોકસભાની ચૂંટણી આવવાની છે, એમાં સમગ્ર દેશમાંથી કોંગ્રેસના સૂપડાં સાફ થવાનાં છે, ગુજરાતને જયારે જયારે અન્યાય કરવાની વાતો આવે છે ત્યારે વિપક્ષના મિત્રો એમનો બચાવ કરતા હોય છે, ગુજરાત રાજયની પ્રજાને દિલ્હી અને મુંબઇના ભાવે ગેસ મળવો જોઇએ એના માટે આપણે અનેક લડાઇઓ ચલાવી, પરંતુ આપણને કોઇ દાદ આપવામાં નહોતી આવતી. કેન્દ્ર સરકારને હાઇકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો છતાં પણ સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઇ, સુપ્રીમ કોર્ટે પણ આ કેન્દ્ર સરકારને જયારે આદેશ કર્યો ત્યારે આજે ગુજરાતનો ભવ્ય વિજય થયો છે, અને ગુજરાતને પણ મુંબઇ અને દિલ્હીના ભાવે ગેસ પૂરો પાડવાનું કામ શરૂ કર્યું છે. આજે ઓઇલની રોયલ્ટીની વાત કરીએ તો એમાં પણ વર્ષો સુધી અન્યાયો કર્યા, જે રોયલ્ટી ગુજરાતને મળવી જોઇએ એ ના મળી, એના માટે પણ આપણે વર્ષો સુધી લડત ચલાવી ત્યારે આ રોયલ્ટી આપવાનું નકકી થયું અને હવે દર વર્ષે આ રોયલ્ટી પેટે ૨૪૦૦ કરોડ રૂપિયા ગુજરાત રાજયને મળવાના છે.

આજે ગુજરાત રાજયની આપણે વાત કરીએ તો સવારે માનનીય બલવંતસિંહ નર્મદા કેનાલની વાત કરતા હતા. નર્મદા કેનાલ ઝડપથી પૂર્ણ થાય એના માટે ૫૩ હજાર હેકટર જમીનની જરૂર હતી, આ યોજનાનો અમલ ઝડપથી થાય એ હેતુથી સરકારે ઉદાર વલણ અપનાવીને જંત્રી આધારિત કિંમતે સંમતિથી એવોર્ડ સંપાદિત કરવાનું કામ ઉપાડયું આજે કહેતાં ગૌરવ થાય કે ૫૩ હજાર હેકટરની જમીનની જરૂરિયાત હતી તેની સામે ૫૦ હજાર હેકટર જમીન સંપાદનનું કાર્ય પૂરું કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ આગળ વાત કરીએ તો ગુજરાતની આ તરસી ભૂમિ માટે, તરસ્યા માનવી માટે અને પ્રાણીઓ માટે જે પીવાનું પાણી નર્મદા ડેમના આધારે સૌરાષ્ટ્રના લોકોને જે જરૂરિયાત છે એ ડેમ ઉપર દરવાજા મૂકવાની દરખાસ્ત ૨૦૦૬થી કેન્દ્રમાં પડતર હોવા છતાં પણ આપણને આ મંજૂરી આપવામાં આવતી નથી. આદિવાસી સમાજમાં આદિવાસી વિસ્તારોમાં સિંચાઇની વાત કરીએ તો અંબાજીથી ઉમરગામ સુધીનો જે આદિવાસી પટ્ટો છે, ૧૫ જેટલા જિલ્લા છે, ૪૭ જેટલા તાલુકા છે, ૯૦ લાખ જેટલો આદિવાસી સમાજ છે, આ સમાજને પણ સિંચાઇનો લાભ મળે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી અને આજે આપણે જોઇ શકીએ છીએ કે, આદિવાસી ખેડૂતો ફૂલોની ખેતી કરતા થયા છે, કાજુની ખેતી કરતા થયા છે, મશરૂમની ખેતી કરતા થયા છે, આદિવાસી જિલ્લાઓના ફૂલો અને કેરી આજે વિશ્વના બજારોમાં ખૂબ ધૂમધામથી વેચાય છે. આદિવાસી વિસ્તારની સિંચાઇની વાત કરીએ તો ઉકાઇનો ડેમ બન્યા બાદ જે કેનાલો ૭૫ અને ૭૬ના વર્ષોમાં બની હતી ત્યાર બાદ કયારેય પણ મોટા પાયે આ કેનાલોનું રિપેરિંગ કામ થતું ન હતું અને ખેડૂતોના ખરા સમયે ઉનાળામાં કયાંયને કયાંય ભંગાણ પડી જતા હતા ત્યારે અમે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સુરત જિલ્લાના ધારાસભ્યશ્રીઓ અને આગેવાનો મળ્યાં અને અમારા બાબુભાઇ અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ સાહેબને રજૂઆત કરી અને સુરત અને ભરૂચ જિલ્લાના ખેડૂતો માટે ૨૫૬ કરોડ રૂપિયાની તાત્કાલિક મંજૂરી આપી. સાહેબ, મહત્વની બાબત તો એ છે કે ૯૨ કી.મી. લાંબી ૭ તાલુકાને જોડતી ૧.૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળવાનો હતો આ કેનાલ રિપેરીંગનું કામ માત્ર ૭૫ દિવસમાં પૂરું કરવામાં આવ્યું. આજે ભરૂચ અને સુરત જિલ્લાના ખેડૂતો રાજી રાજી થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતની સમૃદ્ધિની વાત કરીએ તો ત્યાંની અમારી જે સમૃદ્ધિ છે, ખેડૂતો જે સમૃદ્ધ છે એનો કોઇ મુખ્ય આધાર હોય તો અમારી સુગર ફેકટરીઓ છે એના ઉપર પણ કેન્દ્રની સરકારે નજર મારી છે અને જે ભાવો ખેડૂતોને ચૂકવાયા છે એ ભાવો કેમ ચૂકવ્યા, વધારાના ભાવો કેમ ચૂકવ્યા? આ ખેડૂતોને પાયમાલ કરવા માટે ઇન્કમટેક્સની નોટિસો આપવામાં આવી છે સુગર ફેકટરીઓને અને એટલી મોટી રકમની નોટિસો આપવામાં આવી છે કે કદાચ આ સુગર ફેકટરીઓનું વેચાણ કરવામાં આવે

અને એની હરાજી કરવામાં આવે તો પણ આ રકમો ભરી ન શકાય એ પ્રકારની ઇન્કમટેકસની નોટિસો અમારી સુગર ફેક્ટરીઓને મળી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં બધાં કોંગ્રેસના મિત્રો વીજળીની બાબતમાં ખેડૂતોની ચિંતા કરતા હતા, મારે આ ગૃહને જણાવવું છે કે, ૨૦૦૧-૨૦૦૨માં ખેડૂતોને કૃષિ ક્ષેત્રમાં ૧૨૩૦ કરોડ યુનિટ વીજળી અપાતી હતી અને ૨૦૧૨-૨૦૧૩ની વાત કરીએ તો અત્યારે ખેડૂતોને ૨૧૨૮ કરોડ યુનિટ વીજળી અપાય છે, અગાઉની સરખામણીમાં ૯૦૦ કરોડ યુનિટ વધારે વીજળી આજે ખેડૂતોને અપાઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે રાજ્ય સરકારનું લક્ષ્યાંક હતું ૧ લાખ ખેડૂતોને વીજ જોડાણો પૂરાં પાડવાના, માનનીય અધ્યક્ષશ્રી, એ કાર્ય પૂર્ણ કર્યું અને ચાલુ વર્ષમાં પણ ૧ લાખ ખેડૂતોને વીજ કનેકશનો આપવાની જે રાજ્ય સરકારની નેમ હતી, એમાં ૭૧ હજાર જેટલા કનેકશનો તો અપાઇ ચૂક્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને મોંઘી વીજળી આપવાના આક્ષેપો અમારી સામેના વિપક્ષના મિત્રો કરે છે. એમને મારે કહેવું છે કે ગુજરાત વીજ નિયમન પંચે હોર્સ પાવર આધારિત ખેડૂતોને એક હોર્સ પાવરનો ચાર્જ ૨૪૦૦ રૂપિયા લગાડવાનું નક્કી કર્યું છે છતાં પણ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સરકારે ૨૪૦૦ રૂપિયા પર યુનિટના બદલે પર હોર્સ ૬૬૫ રૂપિયા જ ચાર્જ લગાડે છે આને કહેવાય ખેડૂતોની સરકાર.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારને વીજ ઉત્પાદનમાં ૫ રૂપિયા અને ૧૮ પૈસા એની પડતર કિંમત છે ત્યારે ખેડૂતો પાસેથી પ્રતિ યુનિટ માત્ર ૬૦ પૈસા આપણે વસૂલ કરીએ છીએ. કેન્દ્ર સરકાર દ્વારા કોલસામાં અને રેલવેમાં અવાર નવાર ભાવ વધારો કરવા છતાં આ રાજ્ય સરકારે એક પણ રૂપિયો ખેડૂતો ઉપર નાંખ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આજે ખેડૂતોની સબસિડીની વાત કરીએ તો ૧૧ વર્ષમાં આ રાજ્ય સરકારે ૨૬ હજાર કરોડ રૂપિયાની સબસિડી ગુજરાતના ખેડૂતોને આપી છે અને આ વર્ષે ૪૨૧૧ કરોડ રૂપિયા સબસિડી આ ગુજરાતની સરકારે ગુજરાતના ખેડૂતોને આપી છે. આદિવાસી વિસ્તારોમાં જો વીજળીની વાત કરીએ તો ૧૯૬૦માં આદિજાતિ વિસ્તારોમાં એક પણ સબસ્ટેશન ન હતું, ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીના ૪૦ વર્ષના ભૂતકાળમાં સરકારોએ ૭૫ સબસ્ટેશનો ઊભા કર્યા હતા, ૨૦૦૦ થી ૨૦૧૨ દરમ્યાન માત્ર ૧૨ વર્ષમાં ૮૦ નવા સબસ્ટેશનો આદિવાસી વિસ્તારમાં ઉભા થયા છે. ભૂતકાળમાં આદિવાસી ખેડૂતોને ૨૦૦૦૦ કૂવાના કનેકશનો આપવામાં આવ્યા હતા, પણ આ નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં ૯૨૦૦૦ કૂવાના કનેકશન આપ્યા છે.

આનાથી પણ આગળ વાત કરીએ તો અમારા શૈલેષભાઇ કે જેમણે જંગલની જમીનોની વાત કરી જંગલની જમીનો આપવાનું કાર્ય સમગ્ર દેશમાં કોઇ કોંગ્રેસની રાજ્ય સરકારોમાં થયું નહોતું, જંગલની જમીનો આપવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની સરકારો જ્યાં હતી એવા રાજ્યોમાં થયું છે, અને ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં ૧૯૯૬ પછી જે ભારતીય જનતા પાર્ટીની સરકારો આવ્યા બાદ આદિવાસીઓને જંગલની જમીનો આપવાની શરૂઆત થઇ વ્યક્તિગત દાવા હોય, સામૂહિક દાવા હોય કે માળખાકીય સુવિધા હોય અત્યારસુધીમાં આપણે લગભગ ૯ લાખ ૨૫ હજાર એકર જમીન આદિવાસી સમાજને આપી છે, આનાથી મોટી સિદ્ધિ કઇ હોઇ શકે? અને એ પણ જંગલોને નુકસાન કર્યા વગર, અત્યારે કોંગ્રેસના મિત્રો એમ કહેતા હતા કે અમરસિંહભાઇ ચૌધરીનું તમે ક્યાંથી શોધી લાવ્યા? અમરસિંહભાઇ ચૌધરીના સમયમાં જે લાકડા કપાયા ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી નહિ અત્યારે જે વિપક્ષના નેતા છે શંકરસિંહ વાઘેલા એમના વખતમાં આ તપાસ લોકાયુક્તને સોંપવામાં આવી હતી અને ગંભીર બાબત તો એ હતી કે બે વરસના ગાળામાં ૨ લાખ ૧૩ હજાર વૃક્ષો કપાયા, અને એમાં પણ માત્ર વ્યારા ડીવીઝનમાં ૧ લાખ ૧૪ હજાર વૃક્ષો ગેરકાયદેસર રીતે કપાયા અને એની એ વખતની કિંમત ૧૪ કરોડ રૂપિયા હતી.

આજે આપણે પીવાના પાણીની વાત કરીએ. ધીરૂભાઇ અમારા તરફ આંગળી ચીંધીને કહેતા હતા કે આદિવાસી વિસ્તારોમાં પીવાનું પાણી નથી, એમને મારે કહેવું છે કે, ગુજરાતમાં ભૂતકાળની કોંગ્રેસની સરકારો હેન્ડપંપથી ક્યારેય પણ આગળ નીકળી શકી નથી અને એમના સમયમાં ખૂબ ઓછી સગવડ આદિવાસી સમાજને પીવાના પાણીની મળતી હતી, આજે આદિવાસી વિસ્તારમાં ૧ લાખ ૫૬ હજાર જેટલા હેન્ડપંપ છે અને ભારત સરકારનું હેન્ડપંપનું ધોરણ ૨૫૦ માણસે એક હેન્ડપંપનું છે, જ્યારે ગુજરાત

સરકારમાં ૪૧ માણસની વસતિએ એક હેન્ડપંપ મૂક્યો છે. ભૂતકાળમાં ૪ ટકા લોકોને પીવાનું પાણી નળથી મળતું હતું, આજે ૫૫ ટકા લોકોને પીવાનું પાણી એ નળથી મળે છે. આદિવાસી સમાજમાં વિદ્યાર્થીને અભ્યાસ કરવા માટે વિદેશમાં ભણવા જવાની ક્યારેય સ્વપનામાં પણ કલ્પના કરી શકતા નહોતા આજે અમારા નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારની મદદથી ૧૧૨ જેટલા આદિવાસી વિદ્યાર્થી વિદેશ પ્રવાસે ગયા છે.

જ્યારે યુદ્ધ થવાનું હોય ત્યારે એના સેનાપતિ ૩૬ની છાતીવાળા હોવા જોઇએ, અને સેનાના જો સેનાપતિ જ ના હોય તો એ સૈનિકોની હાલત કેવી હોય છે એ આપણે બધા સમજી શકીએ છીએ અને એટલા માટે સામે પાટલીએ જે સારા સારા સૈનિકો હતા એ આપણી બાજુ આવી રહ્યા છે. ત્યારે આપણને આ ગુજરાતને મળેલી તક "નઇ સોચ નઇ ઉમ્મીદ" નરેન્દ્રભાઇ મોદીને વડાપ્રધાન બનાવવા માટે સમરસ ગુજરાત આ એકજ સંકલ્પ સાથે આપણે બધા ગુજરાતીઓ આગળ વધીએ આપ સાહેબનો ખૂબ ખૂબ આભાર.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ્ રાજ્યપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યું એ બદલ આભાર પ્રસ્તાવની ચર્ચામાં આ સન્માનનીય ગૃહના સન્માનનીય ૩૮ જેટલા સભ્યશ્રીઓએ આ ચર્ચામાં ભાગ લીધો. માનનીય શ્રી ઋષિકેશભાઇ પટેલે આ પ્રસ્તાવને ટેકો આપ્યો, સાથે સાથે માનનીય સભ્ય શ્રી શંકરસિંહજી વાઘેલા, માનનીય સભ્ય શ્રી આર.એમ. પટેલ, માનનીય સભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત, માનનીય સભ્ય શ્રી રાકેશભાઇ શાહ, માનનીય સભ્ય શ્રી મોહનભાઇ કુંડારિયા, માનનીય સભ્ય શ્રી ડો. અનિલભાઇ જોષીયારા, માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ, માનનીય સભ્યશ્રી ડો.અનિલભાઇ જોષીયારા, માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ, ડો.નીમાબેન આચાર્ય, માનનીય સભ્યશ્રી વિભાવરીબેન દવે, માનનીય સભ્યશ્રી ...

અધ્યક્ષશ્રી : તે બધાય રેકર્ડ ઉપર છે જ. તમે આગળ કહો.

